ગુજરાત

ચૈત્ર ૧૯૮૦ થી ભાદ્રપદ ૧૯૮૦ સુધીના

પુસ્તક પાંચમાની અનુક્રમણિકા

તંત્રી

સાહિત્યસમ્રાટ

રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,

બી એ એલએલ બી એડવોકેટ

પ્રકાશક

શ્રી સાહિત્યપ્રકાશક કંપની લીમીટેડ

૫૩, મેડાઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબાઈ.

ઓફીસ:

"ગુજરાત" કાર્યાલય,

૨૨ એમ્બાસેડર ચેમ્બર્સ, મેડાઝ સ્ટ્રીટ,

ફોર્ટ, મુંબાઈ નં ૧

વિષયોની અનુક્રમણિકા

વિષય.	લેખક	પ્રકાર	માસ	પૃષ્ઠ
અખંડ જ્યોત	રા. અજાત	વાર્તા	શ્રાવણ	૨૬૩
અમરનદિનીતો રાસ	રા. મંજુલાલ જગન્નાથરામ દવે	કાવ્ય	વૈશાખ	૧૮૮
આર્યજીવનની ઉષા	રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી	સાહિત્ય	શ્રાવણ	૨૭૫
એક ઉનાળાની સાંજે નદીતટ પર	રા. રસવિહારી	કાવ્ય	,,	૩૪૨
આંખો	રા. કાસમખાન	,,	આષાઢ	૬૦૬
આંતર રાષ્ટ્રીય સાહિત્યનો સમાગમ	રા. મુશાલ તલકશી શાહ	સાહિત્ય	વૈશાખ	૧૭–૧૬
કાશ્મીરની મારી નોંધપોથી	સૌ. બહેન લીલાવતી	,,	શ્રાવણ	૩૪૫
કોયલને	,,	,,	ભાદરવો	૪૭૮
ખેતર	રા. ઠાકોર મુન્નાણી	કાવ્ય	શ્રાવણ	૩૪૮
ગણેશ ગોપાળ દીક્ષિત	રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ	વાર્તા	વૈશાખ	૬૧
ચોરો વીંધ્યો	રા. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા	ચરિત્ર	,,	૧૩૧
છેલ્લો મેળાપ	રા. શાંતિનાથ કૃપાશંકર મહેતા	પ્રહસન	,,	૧૦૭
જ્યોત્સ્નાનાં ગીત	રા. પાદરાકર	વાર્તા	આષાઢ	૬૮૨
તે મીઠી યાદ	રા. ચંદુલાલ સંપત્	સાહિત્ય	ચૈત્ર	૪૨
તંત્રીસ્થાનેથી	રા. તંત્રી	વાર્તા	જ્યેષ્ઠ	૨૦૭
,,	,,	...	ચૈત્ર	૬૮
,,	,,	...	વૈશાખ	૧૫૯
,,	,,	...	જ્યેષ્ઠ	૨૦૭
સાગ	રા. શાંતિલાલ કૃપાશંકર મહેતા	..	આષાઢ	૩૧૬
,,	રા. દામોદર	વાર્તા	વૈશાખ	૧૬૩
મણ દિવસની સાહિત્યસેવા	રા. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય	,,	ભાદરવો	૪૫૯
		સાહિત્ય	વૈશાખ	૧૪૭

લેખક	લેખ	પ્રકાર	માસ	પૃષ્ઠ
રા. કાશ્મલના	આંખો	કાવ્ય	આષાઢ	૩૦૫
રા. કેશવલાલ ગોપટલાલ વૈદ્ય	હૃદયનો દરીઓ	કાવ્ય	ચૈત્ર	૫૪
રા. કુમાર	નિઃસનેહને	કાવ્ય	શ્રાવણ	૪૦૧
રા. કૃષ્ણદાસ ગોવિંદજી આમર	સેવાનાં સંતાન	કાવ્ય	ચૈત્ર	૪૧
રા. ખુશાલ તલકશી શાહ	આંતર-રાષ્ટ્રીય સાહિત્યનો સમાગમ	સાહિત્ય	વૈશાખ	૭-૧૬
,,	ગોદન-ભાષા	નાટક	ચૈત્ર	૫૭
,,	,,	,,	વૈશાખ	૧૨૦
,,	,,	,,	જ્યેષ્ઠ	૧૮૯
,,	,,	,,	આષાઢ	૩૦૬
,,	,,	,,	શ્રાવણ	૩૮૦
,,	,,	,,	ભાદરવો	૪૪૭
રા. ગિરિજાશંકર ભગવાનજી ત્રિવેદી	ધર્મનો દૃષ્ટિ બિંદુ બદલાયો	સાહિત્ય	જ્યેષ્ઠ	૨૦૩
રા. ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા	પ્રિયતમ દેશસેવક જન્મ	કાવ્ય	વૈશાખ	૧૫૫
રા. ચંદુલાલ ગંપત	તે મીઠી યાદ	વાર્તા	જ્યેષ્ઠ	૨૦૭
રા. જયંતરામ વરજ નિવાસી	પ્રભાત	વાર્તા	આષાઢ	૨૬૫
બહેન જયોત્સના શુકલ	પ્રેમધને	કાવ્ય	શ્રાવણ	૩૪૬
રા. તંત્રી	તંત્રીનોંધ	પ્રાસંગિક	ચૈત્ર	૬૮
,,	,,	,,	વૈશાખ	૧૫૯
,,	,,	,,	જ્યેષ્ઠ	૨૦૧
,,	,,	,,	આષાઢ	૩૧૬
રા. દયાશંકર ગ. ભટ્ટ	નેપોલીયનના પ્રેમપત્રો	સાહિત્ય	શ્રાવણ	૩૮૬
રા. દાખીચ	ભાગ	વાર્તા	ભાદરવો	૪૫૬
ગ. દુર્ગાશંકર ઉમીઆશંકર દવે	બોળાકાકાનો ઝાળો હીરો	વાર્તા	જ્યેષ્ઠ	૧૭૩
રા દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી	ભગવાન્ શ્રીકૃષ્ણનુ યોગીશ્વરપણું	સાહિત્ય	શ્રાવણ	૩૭૨

લેખક	વિષય	પ્રકાર	માસ	પૃષ્ઠ
રા. અરુણ લીલાવતી	કાશ્મીરની મારી તીર્થયાત્રા	સાહિત્ય	,,	૩૪૫
,,	,,	,,	ભાદરવો	૪૭૬
,,	દ્રૌપદી	,,	વૈશાખ	૧૩૬
,,	મોટેકાકી	,,	અષાઢ	૨૬૬
,,	શ્રીકૃષ્ણનાં રમકડાં	,,	શ્રાવણ	૩૬૭
રા. વિજયરાય કલ્યાણરાય વૈદ્ય	ત્રણ દિવસની સાહિત્યસેવા	સાહિત્ય	વૈશાખ	૧૪૭
રા. વિનોદકાંત	વિદ્વાનોને અર્પણ	પ્રસાદન	ભાદરવો	૪૭૦
,,	શરીર બ્રહ્મનું સ્તોત્ર	,,	અષાઢ	૨૫૮
રા. વિનાયક નંદશંકર મહેતા	વિધવાના બે બોલ	વાર્તા	,,	૨૬૫
રા. શંકરપ્રસાદ જગન્નાથ રાવળ	નવું સાહિત્ય	સાહિત્ય	શ્રાવણ	૪૦૬
,,	,,	,,	ભાદરવો	૫૦૭
રા. શાંતિનાથ કૃપાશંકર મહેતા	છેલ્લો મેળાપ	વાર્તા	અષાઢ	૨૮૨
,,	ત્યાગ	,,	વૈશાખ	૧૧૩
રા. સીતારામ જે. શર્મા	મયખાનું આ બીજનું દીસે	કાવ્ય	ચૈત્ર	૫૫
રા. સ્નેહરશ્મિ	પુનર્જન્મ	કાવ્ય	કારતક	૨૩૦
રા. હરિલાલ મુળશંકર મુસાણી	ખેતર	વાર્તા	વૈશાખ	૯૧
રા. હરિલાલ માધવજી ભટ્ટ	પ્રાચીન જુનાગઢ ઉર્ફે ગિરિનગર	સાહિત્ય	ચૈત્ર	૩૧
,,	મધ્યકાલીન જુનાગઢ યાને જીર્ણદુર્ગ	,,	કારતક	૨૧૭

ચિત્રકારોની અનુક્રમણિકા.

શા. ગોરધનભાઈ ઉમેદભાઈ પટેલ

જયદ્રથે કરેલ દ્રૌપદીનું હરણ

શા ગોપાલજી

ચોરે ચોપડી તેમની આમળ પરી — ચૈત્ર
ખુલ્લામા બેગી રડવા કર્યું — આષાઢ

શા છગનલાલ જોશી

વીજમતીના બને હાથ પકડી — જેઠ
પૈસા આથી ઉભા કર્યા? — ,,
મહારાજને સમજ આવી! — આષાઢ

શા દત્તાત્રેય ગોગટેજર

અબે ઉલ્લુ છત્રી બંધ કર
સખી મડળમા ઉભી હતી — શ્રાવણ

શા ધુરંધર

શ્રીકૃષ્ણને અપાએલો અર્ઘ — શ્રાવણ

શ્રીમાન પુરુષોત્તમ

પત્ર લખવામા દત્તોન્મત્ત માલવિકા — ચૈત્ર
ચિરતન ચાતિમા મગ્ન થએલી માલવિકા — ,,
રાજ સભામા દ્રૌપદી — વૈશાખ
અનુચિથી છેડો દાબી રડવા હતી — શ્રાવણ

શા રજપૂત

અહેરીએ પુત્ર ભરાઇ છે — ચૈત્ર

શા રમણલાલ અ દેશાઇ

સખિ સમેતની એક કન્યા સરોવરમાં હતી — શ્રાવણ

૨. રવિશંકર પંડિત.

એક નવયૌવનાની સાથે લલિત લલનાઓનું ટોળું — ભાદ્રપદ.

૨. રાજુપ.

પ્રદર્શનનું.
જ, જ, દંભેશની મારી પાસેથી જ — આષાઢ.
કેવો સુદામણો પુરુષ — ભાદ્રપદ.
અપુરી...ઠ્ય દ્રા ઠ્ઠી પંટ છે — ″

૨. સુશીલ.


ઘરમાં પણ પ્રિયતમા ચોપડીઓના પાનમાં — ભાદ્રપદ.

૨. ત્રિલાલ પ્રેમજી ત્રિવેદી.

બેજાન પોરા પનિની પાસે બેસી — વૈશાખ.

પ્રકીર્ણ ચિત્રો.

આ પેસો જોયો ? — ચૈત્ર.
અગાશીની પાળેર પરબે હાય મુકી — જ્યેષ્ઠ.
લીલાદેવીઓ છેડામાં બોસેલી કટારી બતારી — આષાઢ.
તેણે તેમની પેઠે હાયની મુઠ બેરવી — ભાદ્રપદ.



પુસ્તક ૫] ચૈત્ર ૧૯૮૭ [અંક ૧

ગુજરાતે સંસ્કારનો નવો પુત્ર આપ્યો છે તેની સંસ્કૃતિની મહત્વાકાંક્ષા વધી ગઈ છે તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યું છે

એના પુરુષત્વમાં ત્યાગ છે, ઉત્સાહ છે, ઉદાર વ્યાવહારિકતા ને ઉંચી અભિલાષા છે. એમાં વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે મુત્સદ્દીપણું છે અને નિઃસ્વતા છે, ભાવના શીલતા છે અને સેવાધર્મનો પ્રેમ છે અને ભગીરથ તપથી માનવતા વિકસાવવાની હોંસ છે

એના સ્ત્રીત્વમાં કુલની સુકુમારતા છે, ને છતાં સતીની અડગતા છે એમાં રસિકતા છે ને સંયમ પણ છે કાવ્યમયતા છે ને છતાં વ્યાવહારિક બુદ્ધિ સતેજ છે ધર્માંધતા નથી, છતાં મહાન કૃત્યની શક્તિ છે એમાં પુરુષના સમાન થવાની હોંસ છે, છતાં પુરુષને પડખેજ ઉભા રહેવાનું ડહાપણ છે નવાનવા જ્ઞાન મોહ છે, છતાં દુઃખ સહન કરવાની હીંમત છે અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની જ્યોત જગવા માટી છે

સામેગામમાં નવચેતન પ્રસરી રહ્યું છે—ઘરેઘર નવા સંસ્કારનો સંચાર થાય છે

અજ્ઞેયજ્ઞેય ભાષા ઓ ને અવિભક્ત ગુજરાતના અંત બને છે અને જેમ અંગ્રેજ પ્રજાની અજ્ઞાનતા પરથીજ આપણા પરભાવ છે તેમ ગુજરાતી સંસ્કૃતિના માતાપી અજ્ઞાનની સામે રે છે ગાર્ગીવાર્ય ને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજય ધ્વજ લઇ ઉભી છે અને આર્યત્વના સનાતન તત્ત્વો મહત્વાકાંક્ષા ને વીરતા, સ્વમાન ને સ્વાશ્રય બુદ્ધિ, સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા તપ શક્તિ ને સંયમ, વિશુદ્ધપ્રેમ ને છતાંય રક્ષણશક્તિની સર્વાંગસેવા અને પ્રેમ નિર્ભય ને નિરપરાધ—આ પુરાતન નવ-આર્યાવર્તની પ્રેરણાથી હવે વિસ્તારમાં પ્રસરશે

—ગુજરાત—એક સારસ્વારિક વ્યક્તિ'માંથી



ચુંબન] "તે કોણ છે તે જાણવું છે? આ પેલો જોયો?" [ચૈત્ર ૧૯૮૦

—ચાલચિત્ર —પૃષ્ઠ ૭૧



૮ચી ૮ વાડિમા નવીન



૩૮૨

ઓ મરણના ૧૧ કલ્યાણ ૧૧ કારક

ખી ન

૬૬૬૮૮૮

૪ પત્રિકા

૧

૨૫ જ ૨૬ નવીન
૫૬ ૬૬૬ ૬૬ ૬૬
૬૬૬ ૬૬ ૬૬ ૬
૬૬૬૬૬ ૬૬૬૬ ૬૬૬ નવીન
૬૬૬ ૬૬ જ ૬૬૬

સનાતન જ્યોતિ

રચનાર:
ર. રસાભિક્ષુ

બુલી કેમ બુલાય પ્રિયે! જ અરે!
તવ મૂર્તિ મનોહર જાદુભરી;
મનમોહક શાશ્વત શાંતિભરી,
સુખકર દુઃખહર માધુર્યભરી.

જગના બહુ તાપ અનેક સહી,
ધરવી મન આશ સનાતન ગી!
નહીં અન્ય સખિ! તવ દર્શનબીન,
પ્રગટે ક્રમ અન્ય વીશેજ પ્રીતિ!

સખિ! સ્વપ્ન સમું જગ છે જ ખરે,
પણ દિવ્ય તેજભરી પ્રીત ખરી;
જગમાં હસવું રડવું જ સખ્યું,
કદી હોત ન પ્રીત, જીવન પછી શું!

સખિ! પ્રભુપની બાંધિ અમોક્ષ ખરે,
છુટી એ ન છુટે વિધિએ સરજી;
વધતી જ સદા ઘટતી ન કદી,
પ્રતિદિન પ્રિયે! અતિમિષ્ટ બની.

વિચિત્ર ચોર!

લેખક

શ્રી "લક્ષ્મીકાંત"

ચિત્રકાર

શ્રી સુંદરરાવ ગોરક્ષકર

૧

કહેવાય કહે છે કે માણસની એક ઇંદ્રિયની શક્તિ નાશ પામે ત્યારે બીજી એકાદ ઇંદ્રિયની શક્તિ વધારે તીવ્ર થાય છે અને ખામી પુરી આપે છે વસંતરાયની આંખે પાટો બંધાયો ત્યારે સ્વજન બાંધવો હતો કે પક્ષે પડેલી વસ્તુ પણ જોઇ ન શકાય આ સ્થિતિમાં તેમના કાન વધારે તીવ્ર બનવા જોઇએ છતાં એમના મુખના ઓરડાનું બારણું ખુલ્યું તેની એમને ખબર ન પડી બહાર આવનાર માણસ જ્યારે બોલ્યો ત્યારેજ એમણે જાણ્યું કે ઓરડામાં તે એકલા નથી

વસંતરાય જ્યારે વકીલાત કરતા ત્યારે આખા સુરત શહેરમાં તેમનો કોઇ સમોવડીઓ નહોતો પરંતુ આંખોની બીમારીને લીધે લગભગ એક વર્ષ થયા તેમને એ ધંધામાંથી નિવૃત્ત થવું પડ્યું હતું કમનસીબે તેમનું વતન પંચાવન વર્ષનું હતું બાકીનો બધોયે હોવા ઉપરાંત તે એક સારા લેખક પણ હતા. જ્યારે વકીલાત કરતા ત્યારેજ એમણે સુંદર નવલકથાઓ તેમણે લખી હતી પરંતુ નિવૃત્ત થયા પછી તેમણે લખેલી 'અધોગતિના માર્ગ' નામની નવલકથા દુર સમયમાં પણ ગુજરાતના વાચકવર્ગમાં સારો આદર મેળવી શકી હતી પહેલી આવૃત્તિ તો લગભગ ખલાસ થવા આવી હતી

વકીલાતમાં વસંતરાયે સારી કમાણી કરી હતી-લોકો કહેતા કે એમની પાસે લગભગ લાખેક રૂપીઆનો જથ્થો છે ઉપરાંત શહેરમાં એક સુંદર મકાન અને લાઇસમાં એક નાનકડો બગલો તેમની પોતાની માલીકીનાં હતા

વસંતરાય વિચારે ચઢ્યા: "શું એ ચીઠ્ઠી બનાવટી હશે? લલિતાની નહીં હોય? મારી આંખોની બીમારીનો શું કુંજે આમ ગેરલાભ લીધો? ના, ના. એમ કદી પણ ન બને. કુંજ મને કદી પણ છેતરે નહીં. એનું ચારિત્ર્ય શુદ્ધ છે. હું અમસ્થો શંકા કરું છું."

પણ બીજી જ પળે શંકા તાજી થઈ. "અરેરે! કુંજ! આખરે તેં આજ રસ્તો લીધો? એને ફસાવનાર એ બદમાસ કોણ હશે?" વસંતરાય બબડ્યા.

એમનાં આંગળાં ચળવળી રહ્યાં હતાં—જાણે એ બદમાસની ડોકી મરડી નાંખવાની તૈયારી કરતા હોયની!

ચોરને તેમની આ સ્થિતિ અસહ્ય લાગી. તેણે કહેલી વાત ખોટી છે એમ મનાવવાનો તેણે ફરી પ્રયત્ન કર્યો, પરંતુ પરિણામ ધાર્યું કરતાં ઊલટું જ આવ્યું. વસંતરાય વધારે ચીઢવાયા—તેમના કપાળ પર ગુસ્સાની કરચલીઓ વળી.

"જુઠ્ઠું બોલવાનું માંડી વાળ. હું સમજી શકું છું. જુઠ્ઠું બોલવાથી મારી વ્યથા ઊલટી વધશે, ઘટશે નહીં."

થોડી વારે તે સ્વસ્થ થયા. અજાણ્યા માણસ આગળ પોતાના ઘરનો ભેદ ખુલે એ તેમને ઠીક ન લાગ્યું. વાત ફેરવવાનો તેમણે પ્રયત્ન કર્યો: "ઠીક. એ વાત પડતી મુક. તું શું કામ આવ્યો છે તે કહે. તારે ચોરી કરવી છે?"

"હા. એટલા માટે જ હું આવ્યો છું."

"હું પણ ખરેખરો ભાગ્યશાળી છું. એક તરફથી આ આંખની પીડા, ગયા અઠવાડીએ કોઈ ચોરી કરી ગયું, એ ઓછું હોય તેમ આ છોકરીની ચિંતા વધી અને તું ફરી ચોરી કરવા આવ્યો. હવે કોણ જાણે શું.શું થવું બાકી હશે?"

"તમે "અધોગતિના માર્ગ"ના લેખક શ્રી. વસંતરાય ને?" ચોરે વચમાંજ ન સમજાય એવો સવાલ કર્યો.

"હા."

"મેં છાપામાં એ ચોરીનો અહેવાલ વાંચ્યો હતો. એમાં જણાવ્યું હતું કે ચોર તમારી તીજોરી ફાડી તમારી દીકરીની હીરાની બંગડીઓ, એક મોતીનો હાર અને આશરે બસો રુપીઆની નોટો ઉઠાવી ગયો હતો. ખરી વાત ને?"

"હા." આ બધું પિષ્ટપેષણ શા માટે થાય છે તે સમજ્યા વિના વસંતરાયે જવાબ આપ્યો.

"ઓ અહેવાલમાં વધારામાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે 'સુભાગ્યે ચોરની નજરે તીજોરીમાંનું છુપું ખાનું પડ્યું નહીં. વધારે કીંમતી ઘરેણાં એ ખાનામાં હતાં.' તમે એવી રીતે વાત જાહેર કરવામાં ડહાપણ નથી બતાવ્યું. હું માની લઉં છું કે એ કીંમતી ઘરેણાં હજી છુપા ખાનામાંજ પડ્યાં છે." ચોરે પોતાની નેમ જણાવી.

વસંતરાયને પિષ્ટપેષણનું કારણ હવે સમજાયું. એ ઘરેણાં કોઇ વધારે સુરક્ષિત જગ્યાએ ખસેડવાં જોઇતાં હતાં, પણ હવે શું થાય?

"છાપામાં એ ચોરીની તમારા પર આવી પડેલી આફત માટે તમારા તરફ ખુબ સહાનુભૂતિ બતાવાઇ હતી. તમે પ્રજાના એક માનીતા લેખક છો તેથી લોકલાગણી ચોર-વિરુદ્ધ ઘણી ઉશ્કેરાઇ હતી. મને લાગે છે કે બાકી રહેલાં કીંમતી ઘરેણાં ચોરાઇ જાય



ગુજરાત] [ચૈત્ર ૧૯૮

ચોર ચપટી તેમની અગળ ધરી

—ચિત્ર ચોર —પૃષ્ઠ ૧૨

તોપણ છેવટે તમનેજ ફાયદો છે. તમારા દુર્ભાગ્યની કથની લાખો લોકો જાણશે અને તેમની લાગણી તમારા તરફ ખેંચાશે. પરિણામે તમારાં પુસ્તકોની એક પછી એક આવૃત્તિઓ બહાર પડશે. હું પણ તમારાં પુસ્તકો વાંચવાનો બહુ શોખીન છું. "અધોગતિના માર્ગે" મને સૌથી વધારે ગમે છે. અહીં આવવા નીકળ્યો ત્યારે એ ચોપડી સાથેજ લેતો આવ્યો. જો તમે મારી એક વિનંતિ સ્વીકારો તો હું ચોરી કર્યા વિના ચાલ્યો જાઉં. મારી એ ચોપડીમાં તમારી સહી કરાવવી એવી મને ઇચ્છા થઇ છે. પોતાના માનીતા લેખકની સહીવાળું પુસ્તક મેળવવા માટે બહુ મોટા ચોરો ભાગ્યશાળી થતા હશે!"

"પણ હું સહી કેમ કરી રીતે કરું? મારાથી મુદ્દલ જોઇ શકાતું નથી."

"એમાં જોવાની શી જરૂર છે? હું બતાવું તે જગ્યાએ સહી કરો એટલે બસ."

"બહુ સારું લાવ." ચોરીની આફત માત્ર સહી કરવાથી ટળતી હોય તો એથી વધારે શું? ચોરે ચોપડી તેમની આગળ ધરી. વસંતરાયે ગજવામાંથી ફાઉન્ટન પેન કાઢી અને ચોરે બતાવેલી જગ્યાએ સહી કરી આપી.

"અહા! શું સુંદર અક્ષરો છે?" કદરદાન ચોરે પ્રશંસાના ઉદ્‌ગાર કાઢ્યા. "મને લાગે છે કે દેખતી આંખે પણ તમે આવી સુંદર સહી કદી નહીં કરી હોય. મને તમારે માટે ખરેખર બહુ માન છે. મારા ધંધાના માણસો માટે તમે તમારા પુસ્તકમાં એટલી બધી સહાનુભૂતિ બતાવી છે કે સુશિક્ષિત ચોરોને તમારે માટે જરૂર માન ઉપજે. વારુ, આગલી ચોરી માટે પોલીસ તપાસ તો કરતી હશે?"

"હા."

"કંઈ પત્તો લાગ્યો ખરો?"

"કશોએ નહીં."

"કયાંથી લાગે? પોલીસનાં કામજ એવાં છે. તેમની એ બાહોશીને લીધે તો અમારું કામ વધારે સરળ બને છે. એથી ચોરીનો ધંધો કોઇ ધંધા કરતાં વધારે સલામતીભર્યો બન્યો છે. મને પોલીસ તરફ ખાસ સ્નેહ ને પક્ષપાત છે. સાધારણ માણસોએ મારા કામમાં વારંવાર ખલલ કરી હશે, પરંતુ પોલીસે એવી મુખ્યાઈ કોઇ દિવસ કરી નથી. બીજા માણસોને અત્યંત પ્રતિકૂલ સમયે ઉંઘમાંથી જાગી ઉઠવાની ટેવ પડી હોય છે. કેટલાક તો બીચારા ઉદ્યોગી ચોર મહેનત કરી રહ્યો હોય ત્યારેજ અચાનક આવી લાગે છે અને તેની મહેનત બરબાદ કરે છે. એથી ઘણી વખત ચોરોને નાહક કામ પડતું મુકી ત્યાંથી રુખસદ લેવાની ફરજ પડે છે. પોલીસ એવી અવિચારી કદી નથી થતી. એ ભલા માણસો નીરાંતે ઉંઘાજ કરે છે અને ચોરને સંપૂર્ણ સ્વતંત્રતા પોતાનો ધંધો ખીલવવા માટે આપે છે, હં. એ બધું તો ઠીક. હું નકામો સમય ગુમાવું છું. તમારી દીકરી પાછી કયારે આવશે?"

"લગભગ અધી કલાકમાં પાછા આવવાનું એ કહી ગઇ છે."

"ત્યારે તો મારે હવે રુખસદ લેવી જોઇએ. હું અહીં હોઉં ને એ આવી પહોંચે તો ભયભીત થઇને નકામી ગરબડ મચાવે... ના, સાહેબ! હવે તમારી તીજોરી સામે નજર પણ નહીં કરું" વસંતરાય કંઈ કહેવા જતા હતા તે પહેલાં ચોરે કહ્યું "તમે

કરેલી આ સહીથી મને પુરેપુરો સંતોષ છે પણ જતા પહેલા એક ચીઠી લખી તમારી દીકરી ને થોડીક સલાહ આપવાનો વિચાર થય છે આખે આપણ થયવા જેવા લાચાર પિતને એકલા છોડી બારણુ ઉઘડુ રાખી બહાર જવુ એ ચોરને આમ ત્રણ કરવા બરોબર છે એમ તેણે જાણવુ જોઇએ

આમ કહી ચોર ઓરડાના એક ખુણામા પડેલા ટેબલ પાસે ગયો ત્યા પડેલા એક બ્લોકમાથી કાગળ ફાડી તેણે કેક લખ્યુ કાગળ પર થતો કલમનો ખસારો વસંતરાય સ્પષ્ટ સાભળી શકતા હતા

બ્લોકમાથી કાગળ ફાડી ઘડા વાગીને તે ટેબલ પરજ ચોરે મુકયો પછી તેણે કહ્યું ઠીક સાહેબ! હવે હુ રજા લઇશ હુ ઇચ્છુ છુ કે તમારી બધી ચિંતાઓ ટળી જાય

તે બારણુ ઉઘાડીને બહાર નીકળ્યા અને પાછુ આસ્તેથી વાસી દીધુ આ સમ્ય વસંતરાય બારણુ ઉઘડ બધ થવને અવાજ સ્પષ્ટ સાભળી શકયા

૩

બગલામાથી બહાર નીકળી ચાર માઇલ દૂરના કમલા આશ્રમ ગયો હશે ત્યા કુજ સમેથી પાછી ફરતી દેખાઇ તે ઉભો રહ્યો કુજ પાસે આવી એટલે તેને એણે ઉભી રાખી અજાણ્યાને આમ રાતના બારમા ઉભેલો જોઇ કુજ સહેજ ગભરાઇ જોકર કે મે ધર્યા જેવો હતો પણ અટકી ગયો

કુજ બહેન! હું કમલા તમારા પિતા પાસથી આવ્યો બહુ છુ " ચોરે ખુલાસો કર્યો તેની ઇચ્છા કુજને આગળથી ચેતવણી આપવાની હતી તમારા પિતાના પુસ્તકો મને બહુ ગમે છે મારા પર કૃપા કરી તેમણે મારી આ ચોપડીમા પોતાની સહી પણ કરી આપી છે તેણે સહી કરેલી ચોપડી કુજને બતાવી બાળાની ખાત્રી થઇ કે એ સાચુ બોલે છે

મને લાગે છે કે તમારી છુપી વાત કહીને તમારા પિતાને મે અજાણ્યે ઉશ્કેરી મુકયા છે ચોરે બેદ ખુ કરવા માડયો

કઇ છુપી વાત? કુજે નિર્દોષતાથી પુછયુ

તમે પેલા બગલાના આગણામા રાહ જોઇ ઉભેલા યુવકને જાણવા ગયા હતા તે ચોરે ખુલાસો કર્યો

એમ? પછી શુ થયુ? પિતાજીએ શુ કર્યુ?

તે બહુ ગુસ્સે થયા હોય એમ મને લાગ્યુ

અરે પ્રભુ! તેમના માટે શી શી શકાઓ થઇ હશે! તેમના હૃદયને કેટલી વ્યથા થઇ હશે કુજ બબડી

હુ બહુ દીલગીર છુ બહેન! પણ મારાથી અચાનક કહી દેવાયુ " ચોરે ગળગળા થઇ કહ્યું

એમા તમારો કે કોઇનો દોષ નથી કુજ નહોતી જાણતી તો પછી એમને કહુ શી રીતે? કુજે પોતાનો ગુસ્સો અને મુઝવણ દબાવતા કહ્યું તે બગલે પહોચવા અને પિતાની શકા ટાળવા ઉત્સુક બની વિચાર કરતા ચોરને મુકીને તે ચાલી ગઇ

થોડી વારે તે કોઇક નિશ્ચય પર આવ્યો અને ઉતાવળે પગલા ભરવા લાગ્યો જે બગલા આગળ પેલો યુવાન ઉભેલો એણે જોયો હતો ત્યા આવીને તે પલવાર થોભ્યો અદર જવુ કે નહીં એવો વિચાર એ કરતો હતો ત્યાં એજ યુવાન અને તેની પછળ એક

લગભગ પાંત્રીસ-સાડત્રીસ વર્ષની વયની સ્ત્રી બંગલામાંથી બહાર નીકળ્યાં.

ચોરે યુવાનને ઇશારત કરી પાસે બોલાવ્યો અને કહ્યું: "કુંજને અત્યારે તમારી ખાસ જરૂર છે. તમે હમણાંને હમણાંજ એને બંગલે જાઓ."

"પણ તમે કોણ છો? તમને કોણે કહેવા મોકલ્યા?"

"એ વાત બહુ લાંબી છે, પણ કુંકમાં સમજી જશો. મોડું કરશો તો એ બીચારીને શોધવું પડશે. તમે બંને અહીં મળ્યાં તે મેં દૂરથી જોયું હતું. પછી હું વસંતરાયને મળવા ગયો ત્યાં અચાનક એ વાત કહેવાઇ ગઇ. તે બહુજ ગુસ્સે થયા. તેમને એમ લાગ્યું કે કોઇ બદમાસે પોતાની છોકરીને ફસાવી છે. પણ તમે એવા નથી લાગતા." ચોરે કુંકમાં હકીકત કહી અને અભિપ્રાય દર્શાવ્યો.

"તમે પણ ખરેખરા ગધેડા લાગો છો! પારકી પંચાતમાં પડવાની તમને શી જરૂર? બદમાસ કેવો ને વાત કેવી? તમને ખબર છે મીસ્ટર? કુંજ મારી પત્ની છે!"

એ યુવાન બીજો કોઇજ નહીં પણ વદનરાય હતો. ચોરને અજાયબી પામતો ત્યાંજ રહેવા દઇ તે અને પેલી સ્ત્રી–કુંજની માસી લલિતા–વસંતરાયના બંગલા તરફ ચાલ્યાં ગયાં.

૪

ચોર થોડી વાર તો દિગ્મૂઢ જેવો ત્યાં ઉભોજ રહ્યો. પાછળથી કોઇએ તેના ખભા ઉપર હાથ મુકયો ત્યારેજ એ વિચારનિદ્રામાંથી જાગ્યો. પાછા ફરીને તેણે જોયું તો સુરતના પોલીસખાતાનો જાણીતો ઇન્સ્પેક્ટર મી. સુંદરદાસ તેની સામે ડોળા કાઢી ઉભો રહ્યો હતો.

"કેમ સાહેબ! આજે કયો શીકાર મારવા નીકળ્યા'તા?" સુંદરદાસે ચોંકાવનારો સવાલ કર્યો.

"એટલે? તમે શું કહેવા માંગો છો?" કૃત્રિમ ગુસ્સો બતાવતાં ચોરે કહ્યું.

"હવે સટાઇ જવા દે ને! ચાર દિવસ પર મેં તને જોયો ત્યારથીજ મને લાગ્યું હતું કે તું કોઇ ચીનનો શાહુકાર છે. તારી હીલચાલ મને ભેદભરેલી લાગી. આજ ચાર દિવસથી હું તારી પાછળપાછળ ફરું છું. પેલા બંગલામાં જતાં મેં તને જોયો હતો. આઠ દિવસ પહેલાં ત્યાં ચોરી થઇ તે તારુંજ પરાક્રમ હશે! આજે કંઈ શીકાર મળ્યો કે નહીં?"

"તમે આટલી તપાસ રાખી તો થોડીક વધારે કાળજી બતાવી હોત તો એ બંગલામાં હું શું કામ ગયો હતો તે તમે જાણી શકત. હું એ બંગલાના માલીક મી. વસંતરાયને મળવા ગયો હતો. તેમનાં પુસ્તકો મને ઘણાં ગમે છે. આ ચોપડીમાં મારે તેમની સહી કરાવવી હતી." ચોરે પોતાના કથનની પુષ્ટિમાં ચોપડી અને તેમાંની સહી બતાવી.

પણ ઇન્સ્પેક્ટર કુંજની જેમ સહેલાઇથી માની જાય એમ નહોતું. "મને લાગે છે તેં જરૂર ત્યાંથી કંઈક ચોર્યું છે. મી. વસંતરાયના આંધાપાનો તેં જરૂર લાભ લીધો હશે."

"તમને હજીએ શંકા રહેતી હોય તો મારી જડતી લ્યો."

"એમ તો તું બહુ ડાહ્યો છે, પણ તેમ કરતાં પહેલાં હું તને એ બંગલેજ પાછો લઇ જવા માંગું છું. વસંતરાયની હાજરીમાંજ તારી તપાસ લઇશ."

"અત્યારે ત્યાં જવામાં સાર નથી; એક તો મી. વસંતરાય આંખોના દર્દથી પીડાય

છે ઘણી અમારી વાતચીત દરમીઆન મેં તમને કહેવી એક ખાનગી વાત જાણી એ કૈંક ઉશ્કેરાયા પણ છે વધારામા ત્યાં એમના જમાઇ પણ ગયા છે એમને હેરાન કરવા માટે અત્યારે યોગ્ય સમય નથી " ચોરે પોતાનો વાંધો દર્શાવ્યો

" કે ચિંતા નહીં એ બાબતની જવાબ દારી મારે માથે છે ચાલ " ઇન્સ્પેક્ટરને લાગ્યુ કે ચોર ત્યા જતા ગભરાય છે અને તેથીજ બહાના બતાવે છે તેણે ચોરને હુકમ કર્યો પોતાને માન્યા વિના છુટકો ન હતો

" સીધો સીધો ચાલ, નહીં તો હાથકડી પહેરાવવી પડશે " અને વસંતરાયના બંગલા તરફ ચાલ્યા

૫

' કોણ એ ? " બારણુ આતેથી ખુલ્યુ હતુ, છતા વસંતરાયે પ્રશ્ન કર્યો

' એ તો હુ પિતાજી ! ' કુંજનો મૃદુ પણ ધ્રૂજતો અવાજ આવ્યો

" હજી તુ કયા ગઇ હતી ? " વસંતરાયે જરા કડક થઈ પુછ્યુ

" મારા માસીબાને ત્યા "

" જાહુ ના બોલ છોકરી ! સાચુ કહે, કોને મળવા ગઇ હતી ? "

" પિતાજી ! જરા શાંત થાઓ તો બધી વાત કહુ તમને કોઇએ ખોટી વાત કહી છે તમારી કુંજ તમને શરમાવે એવુ પગલું ભરતા પહેલા તાપીબાતાને શરણે જવાનું વધારે પસંદ કરશે "

" મને કોઇએ વાત કરી એમ તને કોણે કહ્યું ? "

' જોકે તમને વાત કરી તેણેજ હુ પાછી આવતી હતી ત્યાં રસ્તામા એક અજાણ્યો જણાતો માણસ મને મળ્યો તેણે મને એ વાત કહેવા ઉભી રાખી તે કહેતો હતો કે તે તમને મળવા આવ્યો હતો એ વાત તમને કરવા માટે તેણે મારી ક્ષમા માગી ને દીલગીરી બતાવી '

' હાસ્તો શા માટે ન બતાવે ? એક બાપને પોતાની દીકરી સબંધી શરમાવે એવી વાત કહેવી અને પાછુ દીલગીર થવુ ! હુંહ, પણ એ વાત સાચી કે ખોટી ? '

" માનીએ ખરી ને ખોટીએ ખરી

' એટલે ? '

" પિતાજી ! " કુંજ ગળગળી થતા બોલી તમને એમ લાગે છે કે આ દીકરી તમને નામોશી આપશે ? તમારી શંકા ખોટી છે મારા માસીબાની ચીઠ્ઠી સવારે આવી હતી તમને યાદ હશે તેમણે મને બપોરે બોલાવી હતી શા માટે તે હુ પણ જાણતી ન હતી માસીબાના બંગલા પાસે પહોંચી ત્યારે એમની પડોશ જાણી '

" શી પડોશ ? "

' મને કહેતા શરમ આવે છે '

" તો હુ કહુ ! " બારણામાંથી લલિતા માસીનો અવાજ આવ્યો એની પાછળજ વદનરાય પણ અંદર આવ્યો શરમાળ બાળાને બાલે શરમની લાલી છવાઇ

' વસંતરાય ! " લલિતા બોલી 'તમારા જમાઇ તમને મળવા આવ્યા છે'

' કોણ વદનરાય ? અહીં ક્યાંથી ? ક્યારે પાછા આવ્યા ? " વસંતરાયે ત્રણ સવાલો સામટા પુછી નાખ્યા તેમના આશ્ચર્યનો પાર ન હતો

"કઈ જેમખબરી?"

"છેલ્લા આઠ દિવસમાં મુદ્દામાલ સાથે પકડાયા હોત તો તમારો પરોપકારથી જાહેર-ખબર આપવાનો ઉદ્દેશ મુખ્ય બાત ને તમારે જેલ સેવવી પડત!"

"પણ મુદ્દામાલ મારી પાસેથી મળત તો ને?"

"એટલે?"

"જે ઘરમાં હું ચોરી કરું છું ત્યાંથી માલ ખસેડતોજ નથી. ત્યાંજ રાખી જાઉં છું. માત્ર તે મુકવાની જગ્યા હેરફેર કરું છું એટલુંજ. અલીંની તીજોરીમાથી કાઢેલી વસ્તુઓ પણ પેલા સોફાની ગાદીમાં મેં મુકી દીધી હતી. એ વાતને એક અઠવાડીયું જવા દઈ આજે એ વસ્તુઓ કાઢી તેમને ટેકાણે પાછી મુકવા હું આવ્યો હતો. જ્યારે હું વસંતરાય સાથે વાત કરતો હતો ત્યારે સાથે-સાથે સોફાની ગાદીમાંથી બંગડીઓ, હાર ને નોટો કાઢતો હતો." ચોરે ખુલાસો કર્યો.

સુંદરદાસ આ ખુલાસાથી ગુંચવાડામાં પડ્યો. શું કરવું તેની સુઝ ન પડી. ચોરીના આરોપસર પેલાને પકડવો કે નહીં, એ વિચાર તે કરી રહ્યો હતો.

"વસંતરાય! તમને મારી વાત સાચી છે એમ વિશ્વાસ પડે છે?" ચોરે પુછ્યું.

"અક્ષરે અક્ષર સાચી ભલા માણસ! તેં તો મારા પર મોટો ઉપકાર કર્યો છે."

"અને અમારી ઉપર પણ!" વદન ને કુંજ સાથે બોલી ઉઠ્યાં.

"હુંમ!" ઇન્સ્પેક્ટર બબડ્યો. બધો મામલો જોઇ કાંઈક અમલમાં મુકવાનો વિચાર એણે માંડી વાળ્યો. ચોર તરફ ફરીને એણે કહ્યું: "હવે ડાહ્યો હોય તો આવી ઉદારતા કરવી મુકી દેજે, નહીં તો કોઈ વાર સરકારની મહેમાનગીરી ચાખવી પડશે. જા, ચોખારા ગણ."

"તમે મને અટકાવ્યો ત્યારે હું એજ કરતો હતો."

ચોર સહેજ હસ્યો અને બારણામાંથી અદૃશ્ય થયો.



રાજાધિરાજ

'ગુજરાતનો નાથ'નું અનુસંધાન

લેખક

ન. કનૈયાલાલ માણેકલાલ મુનશી,

બી એ, એલએલ બી ઍડવોકેટ

પ્રમુખ સાહિત્યસભા

નોંધ

જેણે મારી "પાટણની પ્રભુતા" કે "ગુજરાતનો નાથ" વાંચી હશે તેને આ વર્તાના પૂર્વાપર પ્રસંગો સમજવા પડશે. જેણે એ વર્તાઓ ન વાંચી હોય તેણે માટે નીચે અપેક્ષી ઓળખાણ બસ છે

જયમિહુદેવ સોલંકી	અણહીલવાડ પાટણનો રાજા અને ગુજરાતનો નાથ
મીનળદેવી	રાજમાતા
મુંજાલ	મહા અમાત્ય
ઉદા	મંત્રી અને ખંભાતનો સત્તાધીશ
દાદાક	મંત્રી * કપડવંજનો સત્તાધીશ
શોભ	મંત્રી
ત્રિભુવનપાલ	રાજાનો ભત્રીજો ને † લાટનો દંડનાયક ‡
ભરમીદેવી	ત્રિભુવનપાલની પત્ની ને મીનળદેવીની ભત્રીજી
દાહ	ત્રિભુવનપાલનો મિત્ર ને ભટરાજ
ભટ્ટણી	તેની પત્ની
સજ્જન	મેરુનો દંડનાયક
પરશુરામ	તેનો પુત્ર
રા'ખેંગાર	જુનાગઢનો રાજા
રાણકદેવી	તેની રાણી

* અમદાવાદ † સાબરમતીથી દમણ સુધીનો પ્રદેશ ‡ મુત્સદ્દી

આગલાં પ્રકરણોનો સાર

વિભાગ પહેલો

જયસિંહદેવે મોકલેલા ફરમાન મુજબ કાક ઉદાના દીકરા આમ્રભટને ભૃગુકચ્છનું દુર્ગપાલત્વ સોંપી પાટણ તરફ જવા નીકળે છે. રાણી લીલાદેવીએ તેમજ રાણુકદેવીએ પણ તેને તેડાવેલો છે. જતાં જતાં તેને જૈન સાધુ હેમચંદ્રસૂરિનો પરિચય થાય છે, અને પોતે તેની પાછળ એક ગુપ્તચર મોકલે છે. અહીં આમ્રભટ મંજરી ઉપર મુગ્ધ થઈને તેની ભાળ કાઢવાની ધેલછામાં પોતાના ભવિષ્યના રાળા અને પાટણે લાટ લેવાથી બળીજળી રહેલા રેવાપાલને કાકની ચેતવણી છતાં છછેડે છે. કાકની ગેરહાજરીમાં બળવો ઉઠાવવાની રેવાપાલ પેરવી રચતો હોય છે એટલામાં કાક જલે આવી કેટલીક રકઝક પછી પોતાનું કુટુંબ તેના રક્ષણમાં સોંપી જાય છે. મંજરીના મોહમાં પડેલા આમ્રભટથી અવગણના પામીને તેમજ મંજરીના પ્રભાવથી અંજાયા પછી હેમચંદ્રસૂરિ ખંભાત જાય છે. આ બાજુ રેવાપાલ ગહના કોકારના વૃદ્ધ નાયક અને કાકમલ્લ દેવાને બોળનો ઠોકર ખાવી કરી આપવાનું તેની પાસે કબુલાવે છે–એવી શરતે કે કાક પાછો આવે તો રેવાપાલ અનાજ ફરી ભરી આપે.

વિભાગ બીજો

ભૃગુકચ્છથી દરીયા વાટે પાટણ તરફ જતાં કાક વચમાં લાટી આગળ ઉતરી પડે છે, અને પોતાનો વેષ વિશ્વાસુ બેમાને પહેરાવે છે. બેમો આજ્ઞાનુસાર વહાણને પ્રભારા આગળ લઈ જઈ દુબાડી દે છે. કીનારે ઉભેલો ઉદાનો દીકરો વાગ્ભટ તેને કાક સમજી "બચાવો" લે છે અને વંથળી લઈ જવાની તૈયારી કરે છે. આ બાજુ કાક કુપી રીતે જુનાગઢ જાય છે અને રા' ના કહેવાથી રાણુકને પાટણ જોડે સંધિ કરવા સમજાવવાના નિષ્ફળ પ્રયાસો કરી પોતે સાંધેલું જોડુ કરી નહીં તુટવા દેવાની મતિજા લઈ પાછો ફરે છે. રસ્તામાં તેને ઉદા મહેતાની તાલબાજી તરફ વહેમ જાય છે, અને આમરાજુતને અનાયાસે તે વશ કરી લે છે. પછી તે પુનરીને વેશે રાજગઢમાં પેસી રાણી લીલાદેવીને મળવા કુત્તોહમંદ પ્રયાસ કરે છે અને જયસિંહનું મન દેવડી તરફ ખેંચાતું અટકાવવાનું વચન આપે છે. એટલામાં જગદેવ પરમાર આવતાં તે સંતાઈ જાય છે. જગદેવને ગભરાયેલી રાણી કાઢી મુકે છે. કાક સટકીને જયદેવ આગળ હાજર થાય છે અને જુનાગઢ લેવાનું વચન આપે છે. એટલામાં જગદેવ આવી લાગતાં તે અંદર જતો રહે છે. પછી પરમાર અને ઉદો ત્યાં આવે છે. ઉદો જુનાગઢ જોડે સંધિ કરવાની પેરવી બતાવે છે એટલામાં કાકને બદલે બેમાને લઈ વાગ્ભટ આવે છે. પણ કાક પાછો દાખલ થઈ ભેદ ફોડી નાખે છે. ઉદો, જયદેવ તથા કાકે વિષ્ટિ માટે જવું બોમ કરે છે. કરમીઆત કાકનું રક્ષણ કરવાનું વચન મુંજાલ લીલાદેવીને આપે છે. મુંજાલ મીનળદેવી જોડે મસલત કરતો હોય છે તેટલામાં કાક આવે છે, અને રાજતંત્રની સ્થિતિથી માહીતગાર થાય છે. વાગ્ભટને બનાવી જવાથી પરશુરામની પુત્રી સમર્થ તેના ઉપર દ્વેષ ભરાય છે. પોતાની રુબ વજર કાકને ઉતારો આપવા માટે રાજ-મહેલનો કર્તાહર્તા પરમાર એક જુના નોકરને કેદ કરી પોતે ખરેખી જગામાં કતરવાની ફરજ પાડવા કાકને મળવા જાય છે. ત્યાં કાક સાથે તેને ચકમક ઝરે છે પણ તુરત સમાધાન થાય છે. કેદ કરેલા નોકરને છોડી દેવાની આજ્ઞા મુંજાલ પરમારને કરે છે ને તે માથે ચઢાવવા જયસિંહદેવ પરમારને સલાહ આપે છે. શોભની વહુ મેમકુંવર ને પહેલાં સંતાયેલા કાકને અજાણતાં છોડાવનાર સમર્થ લીલાદેવીનો ખંડ રણુગારતાં હોય છે ત્યાં કાક રાણીને મળવા આવે છે, અને રાજને વશ કરવાની યુક્તિ સુઝાડે છે. રાણી તે અજમાવવા માંડે છે. વળતે દિવસે પોતાની આજ્ઞાનો ભંગ કરનાર સૈનિકને કાક ચાબખા કરે છે એટલે જયસિંહદેવ તેને કેદ કરાવી, સાથે લઈને પરમાર સાથે ચોકીઓ તપાસવા નીકળે છે. ત્યાંથી કાક રાજને વેષે બીજી ચોકીઓ તરફ જાય છે અને આ બાજુ રાજની ટોળી તથા એભલનાયક અને તેના સૈનિકો વચ્ચે જબરું યુદ્ધ થાય છે

રાજા પરમાર ને એમણે તેમના સખત ઘાયલ થાય છે ત્યા રાણી ઘોડે આવે છે અને બેબાન રાજાને લઈ જાય છે. બંને લડતા પક્ષોને ભારેજ ભોગ દેવાને પડે છે

વિભાગ બીજો

બ્રહ્મપુરમા રેવાપાલ રાજાના સ્વાતંત્ર્યનો ઝંડો ફરાવે છે અને તેજ દિવસે નર્મદાની આરતીના ઉત્સવ વખતે આબરૂ છુપાઈને મજનીને મારવે છે મજની રક્ષણ માટે બેનાની દરકાર ન કરતા આબરૂ વગર સાથે નવાગઢમા જાય છે નેરો ને સોમેશ્વર અનાજ લેવા ગામમા જાય છે પાછા ફરતા વચમા ચાકીદારો મળતા તેમને ઢોલકી નેરો ને તેની બેરી અનાજ લઈ આવે છે, ને સોમેશ્વર નદીમા ઝંપલાવે છે મજની આબરૂ પાસે રાજવિદ્યા શીખે છે એક સાજે મણુની આબરૂ મજની સાથે કાકના ભવિષ્યના વિચાર કરે છે બીજા બાજુ રાજા જયસિદ્ધદેવ યુદ્ધની તૈયારી કરે છે પરમુવાની આશાવાણી સમર્થ દ્વારા કાક જીવે છે એ વાત દરબારગઢમાં પ્રસિદ્ધ થતા રાજા વાહડને બોલાવી ખાત્રી કરી તેને કાકને છોડવવા નુનાગઢ મોકલે છે બીજા બાજુ નુનાગઢમા કેશળદેવ રાજા થવાના વિચારોમા તલ્લીન થઈ દાદુ નાયકને મળવા બે લાવે છે

(હવે આગળ વાંચો)

પ્રકરણ ૨૨ મું

કેશળદેવની ચિંતા

કેશળદેવ જરાક ચિંતાતુર બની આ નવા આવનાર તરફ જોઈ રહ્યા જ્યારે અજીનો વખત આવતો ત્યારે તેમના દેવામાંથી હામ સરી જતી આ કોણ હશે? એના આવ્યાથી શું થશે? એ શું સંદેશો લાવ્યો હશે?

"મહારાજ! આ કાકુ!"

પેલો માણસ પડસે આવ્યો કેશળદેવ મહારાજ! એ તો હું' કહી કાકુની ઓઢણી પેલા માણસે કાઢી

'કેમ વાહડ મહેતા?

"જી હા' કહી વાહડ પાસે જઈ બોલ્યો.

"મહેતા! કાકુની બાંધી લો"

"જેવી આજ્ઞા"

"બોલો શી ખબર લાવ્યા છો?"

' જાસાએ મહારાજને વાત કરી, મહારાજ આપના પર પ્રસન્ન છે, પણ કહે છે કે આપ ત્યા આવો પછી વાત અત્યારે કંઈ વચન તો તે નહીં આપે

કેશળદેવે મુછો કરડી ત્યારે'

"જાસાએ કહ્યાવ્યુ છે કે તમે આવો પછી ભુનાગઢનુ કંઈ થાય તો મહારાજ કશાની ના કહેવાના નથી'

થોડી વાર કેશળદેવ બોલ્યા નહીં

' એટલે મારે જયસિદ્ધદેવ પર વિશ્વાસ મુકવો ને તે મારા પર નહીં મુકે એમ?'

વાહડે જવાબ આપ્યો નહીં

બીજુ કંઈ કહાવ્યુ છે?"

' હા હુ અહીંઆ આવ્યો હતો ત્યારે ઉડતી વાત સાભળી હતી કે કાક ભટરાજને અહીંઆ કેદ રાખ્યા છે"

"કાક ભટરાજ?" વિસ્મય થઇ કેશળ દેવે કહ્યું

"હા"

"ના ના—" હસીને દેશળદેવે કહ્યું. 'એ તો કુમારના સ્વભાવ પહોંચ્યા."

"એ ખોટી વાત છે. એ તમારા રાજગઢમાં કેદ છે. મહારાજે પોતે મને કહ્યું કે ગમે તેમ કરી તમારે એમને લઈ આવવા."

"રાજગઢમાં હોય ને મને ખબર ન હોય એમ કેમ બને?"

"દેશળદેવજી!" દાદુ ગઢવીએ ડોકું ધુણાવી કહ્યું "મહેતાજી કહે છે તે વાત સાચી લાગે છે."

"કેમ?"

"બાપા મુઆ પછી એમની ચોટી પરથી એક ટોળીમાં ધાકી કોઇકને મારો ભાઇ બનેવીનો લઈ આવ્યો તો ખરો."

"કોણ છત્રસાલજી?"

"હા."

દેશળદેવને કપાળે કરચલી પડી. તેણે જોરથી મુઠ્ઠ ચાવવા માંડી. વીશળદેવે કહેલી વાત ને આ વાત વચ્ચે કંઈ સંબંધ તો ન હોય?

"કાકભટ્ટ તો ભુવડમ્બવાળો ને?"

"હા." વાહડે કહ્યું.

"બેંગાર બાપાને રાણકદેવી પણ એણેજ પરણાવી હતી."

"એવી કહેતી છે ખરી." વાહડે કહ્યું.

"હવે હું સમજ્યો."

થોડી વાર દેશળદેવ પડી રહ્યો. જે જોરથી તે મુઠ્ઠો ચાવતો હતો તે તેના વિચારનો વેગ દર્શાવતું હતું. થોડી વારે તે બોલ્યોઃ

"વાહડ મહેતા! તમે અત્યારે પાછા જવા તૈયાર છો?"

"હા. કેમ?"

"તમને અહીંઆ રાખવામાં ધારતી લાગે છે."

"તો હું જાઉં, પણ તમે—"

"જે દેકાણે હું તમારા બાપાને તે દિવસે મળ્યો હતો તે જગ્યા યાદ છે?"

"હા."

"કાલે રાતના ત્યાં આવજો. હું આવી ને તમને મળીશ."

દાદુ ચમકયો, પણ કંઈ બોલ્યો નહીં.

"ત્યારે હું જાઉં?" વાહડે પુછ્યું.

"હા." દેશળદેવે કહ્યું "ગઢવી! એમને કોટ બહાર મુકી આવો. જો જો કોઇ જાણે નહીં. હું હમણાંજ બાપુ પાસે જાઉં છું ને કંઈ પણ તક કે ભડ કરી આવું છું."

"ને મારું શું?" દાદુએ પુછ્યું.

"તમારું? ગભરાઓ છો શું? જ્યાં હું ત્યાં તમે. તમે આમને મુકી આવી દરબારગઢે આવી પહોંચો."

"જી." કહી દાદુ ગઢવીએ ત્યાંથી ચાલવા માંડયું.

"દેશળદેવજી!" વાહડ મહેતાએ જરા ધીમી કહ્યું, "કાક ભટરાજનું શું?"

"તેનું શું?"

"તેમને સાથે લેવા પડશે."

"નહીં તો?"

"નહીં તો મહારાજના ગુસ્સાનો પાર રહેશે નહીં. મને આમ આજ્ઞા કરી છે."

"અરે હા. મારાથી બનતું કરીશ. પણ એના વિના જયસિંહદેવ શું બેસી રહ્યા છે?"

"એ ઘણા માનીતા છે." વાહડે ઉમેર્યું.

"ઠીક." કહી દેશળદેવે ટોકાવતી વાહડને રજા આપી. વાહડે એમ નહોતું ધાર્યું કે દેશળદેવ આમ ઉતાવળથી પોતાને રજા આપશે. પણ અત્યારે તેને કંઈ પણ પુછવું ઠીક લાગ્યું નહીં. તે મુંગે મોંઢે ત્યાંથી ગયો.

દેશળદેવે તરત ઉઠી તરવાર બાંધી ને પાઘડીયુ બાંધ્યુ મુછો કરડતા તે ઘરની બહાર નીકળ્યા અને દરબારગઢ તરફ ગયા તેમની ચાલમા, તેમના શરીરની લચકમા કૈ અજબ ધારણ ક્ષોભ હતો

તે તરતજ દરબારગઢ આવ્યા. જુનાગઢના ઉપરકોટમા જે અત્યારે મસ્જીદ તરીકે ઓળખાય છે તે મકાન અસલ રાંખેંગારને બંધેલ હતો-દુર્જય જુનાગઢનુ પ્રતાપી મખ્યમિદુ હતુ ખેંગાર ને તેની રાણુકદેવી તેમા વસતા અને ત્યાથી ચોરડીઓને હાંક ને ઉત્પાતની સલાહ થતી અને રાજ્યપ્રજા સોરઠીઓને એ પ્રાસાદ માટે દેવમણિ સમો પૂજ્યભાવ હતો

દેશળદેવના મગજમા આવા ભાવનો કૈ અજ નહોતો થયો વખત તે વિચાર કરતા કે એ મહેલ તેનું ઘર કયારે થશે? આવા વિચારોથી તેમનો આ મહેલ તરફ આકર્ષણ થતુ, પણ તેમા ખેંગાર રહે છે તે યાદ આવતા તેમનો જીવ ખાટો થઇ જતો.

"બાપુ છે કે?" તેમણે બારણાની બહાર બેઠેલા સૈનિકને પુછ્યુ

"કોણ દેશળદેવ સરકાર? હા, બાપુ ઉપર બેઠા છે"

"બ્રહ્મ, પુછી આવ કે હું આવુ?"

"અરે બાપુ, તમારે તે કૈ પુછાવવુ પડે બધો ઉતાર અગાશી પર છે"

"શુ કરે છે?"

"ફરતા હશે"

"ઠીક" દેશળદેવ મહેલમા દાખલ થયા અને ઝપાટાબંધ દાદર ચડી ઉપરની અગાશી પર ચડવા ઉપર ચડી તેમણે ચોતરફ જોયું. અગાશીની પૂર્વની બારીએ બે જણ ઉભા હતા તે તેમણે ચંદ્રના આછા તેજમા જોયુ તે ધીમેથી તે તરફ ગયા

અગાશી પરથી દેખાતો ચારે તરફનો દેખાવ જોઇ દેશળદેવના હૃદય પર અજાયાર્યો ભાર પડતો હોય એમ લાગ્યુ તેમનો ક્ષોભ વધ્યો અને તેમણે ચિંતાથી દરેક દિશામા જોવા માડ્યુ

મહેલની પાછળ ગીરનાર અમાનુષી રક્ષક સમો ઉભો હતો શુક્લપક્ષના અડધા ચંદ્રના પ્રકાશમા તેના શૃંગો સુંદર લાગતા હતા. તેની તળેટીમા આવેલા વનોમા મંદ ગંભીર ધીમો ને મીઠો અવાજ કરી રહ્યો હતો. થોડેક દૂરથી સોનરેખનો નાનકડો પટ કોઇકકોઇક ઠેકાણે ચમકતો દેખાતો.

બેબાજુ પર ચોકીઓની ચમકતી શૃંખલા ના મણકાઓ નજરે ચડતા માત્ર મેદરા આવળ થી અવારનવાર શુભરાજ સંભળાતું અને કોઇક વખત દોડતા ઘોડાનો અવાજ કાને પડતો.

આકાશ-દૂર—વનરાજીના દીવાઓ બળી રહ્યા હતા એ દીવાઓના વિસ્તારથી વનરાજી ની સીમા તરત જણાઇ આવતી વનરાજીથી ચોવડીઆનો અવાજ પણ આવતો

જુનાગઢને વનરાજીએ બારોબાર વળી સુંદર વિમલ સાધ્યો હતો ગરવંતગૂંગના નિવાસી ગરવરાજ સરખા ખેંગારે પોતાના દુર્ગમ સ્થાનમા રહ્યારહ્યા તોયે પોતાની હતી વનમા વિચરતા વનરાજ સમા જયમિદુદેવે ચોગાનમાં નીરાતે બેઠાબેઠા ગરવરાજને ગાયો હતો પણ ગિરિનિવાસીના વિહારની સીમા દહાડેદહાડે ઓછી થતી હતી—વનચરનો પ્રતાપ દહાડેદહાડે વધતો હતો

દેશળદેવને ત્યા ઉભડિયા પારણાના વંચતા જતા પ્રતાપનો સચોટ ખ્યાલ આવ્યો.

જુનાગઢના ગળામાં ધીમેધીમે ફાંસી સખત થતી જતી હતી અને એભલની ચોકી હાથમાંથી જવાથી થોડા વખતમાં મૃણમરો શરુ થવાનો. જો આમ ને આમ ચાલે તો થોડા વખતમાં ગીરનારો ગઢ પણ જમીનદોસ્ત થઇ જાય. દેશળદેવના અંતરમાં ચિંતા વધી ગઇ. ખેંગાર તેને ન જવા દે તો? જયદેવ તેને આવકાર ન દે તો? તેમના હૃદયમાં જે કૈં પણ થોડીઘણી હિંમત હતી તે જતી રહી. તેમને અહીંઆંથી નાસી છુટવામાંજ મોક્ષ દેખાયો. તેમને પશ્ચાત્તાપ થયો. અત્યાર સુધી પોતે શા સારુ બેસી રહ્યો? શા માટે પોતે ખેંગારની અત્યાર સુધી પડવા રાખી? તેમને ચારે તરફ પસરતી ચંદ્રિકાએ ગુંગળાવ્યા. તેમને જીવ લઇ અહીંઆંથી નાસી જવાનું મન થયું.

તેમને ખેંગાર કદી વેરી જેવો લાગ્યો અને તેની રાણી તેથી પણ ભયંકર દુશ્મન દેખાઇ. તેમને પોતાની નિર્બળતાનું ભૂત જડ્યું. આ ત્રણકદેવીના જાદુમાં તે પણ ફસ્યા હતા. તે ખરેખર જાદુગરી હતી. તે જુનાગઢને દુર્જય ગણતી ને તેથી બધા ગણતા. તે પાટણ જોડે સમાધાન કરવા દેતી નહીં તેથી સમાધાન કરવું અધમ છે એમ બધા માનતા. તેણે પ્રસારેલા અભિમાનના વાતાવરણમાં કોઇની મગદુર નહોતી કે નમતું આપવાનો કોઇ વિચાર પણ કરે અને તેમાંજ તેમને પણ કૈં રસ્તો સુઝયો નહીં.

તે જરાક કંપ્યો. લોકો આ દેવડીને અંબાભવાનીનો અવતાર માનતા. શું એ ખરી વાત હશે? શું તે બધાંને અપ્સરમાં લેવા આ વિગ્રહ ચાલુ રાખતી હશે? શું પોતે આવા વિચાર કરે છે તે તે જાણતી હશે? શું પોતાને તે શાપ આપી શકશે?

આ વિચારો હૃદય થંભાવે એવા હતા. દેશળદેવને પરસેવો થવા લાગ્યો. આ જગદંબાથી નાસી છુટવું કે એના બખ્પરમાં આવી જવું? આ નાનકડી ને નિર્બળ નારી શું તેનો, તેના ભાઇનો, તેના છોકરાનો પ્રાણ લેશે?

તે ગભરાટમાં, અનિશ્ચતતામાં થોડી વાર ઉભા ને પછી બેસતા બેનું ધ્યાન બેંચવા ખોંખારો કર્યો.

પ્રકરણ ૧૩ મું

જેમાં દેશળદેવને જુનાગઢનું વાતાવરણ અપવિત્ર લાગે છે

ચૂલા બે માણસોમાં એક રા' પોતે હતો. તે શાંત ને સ્વસ્થ ઉભો હતો. તેની દાઢી ધ્યાનથી હોલેલી હતી. તેના ઉઘાડા અંગ પર દેખાતાં આભૂષણો તેના શોખીન સ્વભાવની સાક્ષી આવી વખતે પણ પુરતાં હતાં. માત્ર તેનો ચહેરો ઉદાસી હતો અને તેની આંખો વંથળી તરફ ફરતી ત્યારે તેમાં ખુની તેજ આવતું.

તેની સાથે ઉભેલો માણસ હીંગળો અને ઘણોજ મજબુત હતો. તેના મોટા ડોળા બહાર પડતા હતા. તેની મોટી મુછો મોઢાને ઢાંકી છેક હડપચી સુધી આવતી. તેની દાઢી ગમેતેમ ઉગેલી ને વણસમારેલી હતી. તેનો અવાજ ખોખરો હતો. તે ઘણુંજ માન ને હેતથી રા' તરફ જોતો હતો.

જ્યારે દેશળદેવ આવ્યા ત્યારે રા' શાંત અવાજે વાત કરી રહ્યા.

"છતસાલ! જેવું તને દેખાય છે તેવું મને પણ દેખાય છે. જુનાગઢનું આવી બન્યું છે. એભલ નાયકની ચોકી ગઇ ને સોલંકીઓ

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૭૧]




[૧૮૮૦ ચિત્ર] આત્મા અને બે ગારે દેહ ઉપરનું બાવડું પકડ્યું



ગુજરાત] પત્રલેખનમાં હર્ષાન્વિત માણવિકા. [ચૈત્ર ૧૯૮૦

—પાંચ મત્રો



મુંબઈ સાહિત્યસભા

ચિત્રકાર
શ્રીમાન પુરુષોત્તમ
મુંબઈ સાહિત્યસભા

૦

૧

'તરંગિકા' તું મને લખે છે કે હું તને પ્રેમપત્ર કેમ નથી લખતી? તને કોણ કહ્યું? હરગીજ નહિ. મારું હૃદય છે પીંડ છે અને કંઈક છે. તેનો હુબહુ ચિતાર લખું કે સવારથી માંડી આજ સુધીમાં હું કેટલી વાર હાથ ધોઉં છું તે લખું? પણ ઉપરથી દેખાતી હકીકતો એવી એકસરખી જણાય છે કે એમાંથી તને શું જડે?

આપણે સાથે રહેતાં ત્યારસુધીની તો તું બધી વાત જાણે છે તું મોટી છે અને હું નાની છું તોપણ મારું દરેક સ્વપ્ન તું પીરજપૂર્વક સાંભળતી છે નીશાળના બગીચામાં ફરતાંફરતાં આપણે કેટલી વાત કરતાં? સુંદર અને દેખાવડા પતિમાં તારા બધા સ્વપ્નો પૂરા થતા તને સાથે લઈ બગીચામાં ફરવા જવું, ચાંદની રાતે અગાશીમાં તને લઈ દૂરદૂરના જમનાજમતા સામા મુખમાંમ આપે અને ચાર માણસમાં માન મુનાવ એવો પતિ મળે તો તારા બધા કોડ પુરા થાય એમ તને લાગતું એવા સ્વપ્ના જોતી ત્યારે તું કેવી ભોટ લાગતી?

તું જાણે છે કે મારું મન એવા સ્વપ્ના માં ગયતું નહીં મુખેથી ભલે એના હૃદયની રાખી કહે પણ એના નાના કાર્યોમાંએ મારા અભિપ્રાયની ઓછી કીમત ગણતો હોય એવો વર મરે શા કામનો? એના આદર્શોમાં મારો ભાગ ન ગણતો હોય કે ભાગ આદર્શોમાં જોવે શ્રદ્ધા ન હોય એવો વર પણ મારે શા કામનો? દેવી કહીને દાસી ગણનારાજ વર તો મળે છે જોને મારા મહારાજ પણ કે જે મને વસ્તુ ગણીને નીભાવી લે તેની સાથે રહેવું કેમ સહન થાય?

આવું આવું હું તને કહેતી ત્યારે તું મને ગાંડી કહીને હસતી અને તોએ તું મારા પર

અને એ સ્વરૂપના ખ્યાનમાત્ર એના સંપૂર્ણ ના આવતી કલા મારામા સંપૂર્ણ રૂપે પ્રગટતી ન હતી. કારણ કે મારા હૃદયનુ સિંહાસન અત્યાર સુધી બાપી હતુ કલા દર્શન કેરા મગજે ત્યા આવતી પણ નિર્જન હૃદયના એકતના જોઈ નીસાસા મુકતી ને હુ એને કેહુ કે ફીનકુ તે પહેલા તો એ ઉઠી ભાગી મારા નયના આંગમને એ બોનિ દઈ ગઇ છે અને જોયો ત્યારથી અજિત રૂપે ને અનકવાર કલ્પ આગ દિલ્હા કે બોજા કરવા આવે છે પણ આખા બીજી હું તો પેલા એકજ સ્વરૂપ ન ખાન ધરે છુ

તરલિકાજીનો તુ મારે આવુ ગાઢપણ જોઇને અકળાતી નહીં શોનાગ જેવો સહજ છબ્દાઓ કોય તાએ એની ૨ ન ઝના મન થાક ચ વાતા નથી હજુ તા હુ એન માત્ર ત્રણજ વાર મ ો છુ રસ્તુ અના મુખ પરનો એકેએક ભાવ ને એની અકેએક ગતિ મારી રમગણપોથીમા છપાઇ ગઇ છે મરે મન એના જેવો કોઇ ન પૂણ પુરુ જન્મ્યો નથ અને જેમા એ ન હોય તે જગ (થઇ પડી ભયોસા ચદ્ર જેવુ ને અંધાર જ છે એ ન હોય ત્યા મારા થી હવે છવાય નહીં

મોટો કે નહેતા એ હવ મારા ભાગ્યમા આવવાનો સૃષ્ટિક્રમ રચા ા ત્યારથીજ અમે એક બીજાના અંતરીમા નિમિત્ત થયા છીએ ગાઢ ભેરી એ હવે અલગ નથી થાવુ

તારી હૃદય તીજોરીમા આર આર નો સંચો રાખવા મહેરબાની ક જે નગ નથુનાથની નજરે ન પડે એવો કોઇ પણ ખુણો તારા અંતરમા બાકી હતી કે કેમ એની મને શક છે પણ કોઈ દિવસ એને આશ્ચર્યચકિત કરવ મારે રાખી મુકેલા વિવિધ વસ્તુઓના સમા રથાનમાં નું આને ગોઠવી મુકશે તો ચાલશે એજ

વિ

તારી આવલિકા

૩

તરલિકા વહાલા સખા મારા ઉંઘતો વ્ય વાચતા નું કેટલી અકળાઇ ગઇ હશે! તારી અક્ષરિકા સંપૂર્ણ ગાડી રહી એનુ તને નહાતુ લાગ્યુ ? તને શ્રા વિચારો થયા હશે ? રખને મોઢ ફુલ આવેલિકાના બોગ પણને સમજ બેસા હશે તો ? એના કમ અને કીર્તિનો ઉમેદવાર તો કેમ નહીં આવો હોય ? આવલિકાએ કેવી ' મનુ તારી રહીને છેવટે આડીમાજ ફુલવા માડયુ ?" તારો વસ્તુસર આ બધી શકાઓની આવી આપતો હતો

પ્રિયમખી આ બધી શકાઓને તારા અંતરમાથી કાઢી નાખજે તારી આવલિકા એના હૃદયસ્વામીને ઓળખવામા કદી ભુલ નહીં કે

તરલિકા ! તને કેટલો વખ વખ્યા પછી ત મરા જીવનમા પહેલો કેરફાર થયો છે અક અજાણ્યા મારવાકાળા અને અંધકારોના આવરણમા મારો આત્મા તરફડીઓ મારતો હતો એક જાતના અકથ્ય મુંગા ગામ મૂંઝા મારાથી ઉગાય જવાતુ હતુ આ દુનિઆના બવહાર ગમાડો તે પારકે ગણ્યુ તે હતા પણ મારી નજરમા તો તનાજ નામનો પોકાર પડતો હતો હુ એને એ ાપ્યા મા ખુબ કેમ કરુ ?

પણ તરલા તુ બીતી નહીં મારા અંતર ના નાકને હવે તો જગત સ્વીકે કે એટલા વિધિઓની નહેતી જરુર એને કે નવે તી જરુર મો પણ અમ બને એટલા સુખી થઈએ કે જગતને ઇર્ષાગીર કરવાનું કે એની સાથે રીસાવાનું અમન

ગમ્યું નહીં. ગયા સોમવારેજ અમારા વિવાહ મળ્યા.

તરુબા! ગતવારસુધી સુખ એ ઘણી નજીકની વસ્તુ મને લાગતી. સુખી થવું કે સુખ માનવું એ મારે મન નખળાઈનું ચિન્હ હતું. સુખ હતુંજ ક્યાં? કોણે એને જોયું છે? ઘણું થાય તો માણસ સંતોષ અનુભવે. શી ધૃષ્ટતા! અને હવે મારા રોમેરોમમાં સુખનો ઝણકાર વાગે છે.


પ્રેમ શું તે તો તું જાણે છે. તારી હસતી દગમાંથી ફુટતી પ્રેમની ધારાઓથી તારા નાથને ભીંજવતી મેં તને જોઇ છે. પણ મારો પ્રેમ મને કૈં જુદીજ જાતનો લાગે છે. મારાં નયનો માત્ર જોઇનેજ રાચતાં નથી, પણ મારા દેહાત્માનાં સર્વ પરમાણુઓ એનામાં સમાવા—એનામય થવા તલસે છે. પ્રિયતમનું એક અંગ થઇ રહેવું એ ઘણાં પ્રેમપાત્રોના અંતરની ઉંડી અભિલાષા હોય છે. મારું વ્યક્તિત્વ તો એનામાં અવશેષ મુકવા વિનો લુપ્ત થવામાંજ પ્રેમમુક્તિ અનુભવે છે. એનાથી જુદો પ્રકાશ હું થઇ શકતી નથી. બે વાટમાંથી બળતી એક અખંડ જ્યોત એજ મારા પ્રેમનું અંતિમ ધ્યેય. ચૂંતિગ શાને કહું? હવે આદિ કે અંત જેવું કૈં રહ્યુંજ નથી.

અમે પરસ્પરને પ્રથમ જોયાં ત્યારથીજ અમારા બંને આત્મા પરસ્પરને સરખાજ વેગથી આકર્ષતા હતા. ગુરુત્વાકર્ષણથી ફરતા ગ્રહોના અંતરમાં ફેર પડે ને પાસે આવે તો તેમનો વિનાશ થાય. આત્માનાં ગુરુત્વાકર્ષણ દૂર વસતા આત્માઓને સાથે લાવી બંનેને પરસ્પરમાં સમાવી દે અને અપૂર્ણતા પુરાઇ અપૂર્વતા આવે. આકર્ષણ એક, પણ પ્રકારમાં ભેદ થાય છતાંએ મને, બીક લાગે છે કે રબ્બેને ચેલો નિયમ અહીં તો.. લાગુ નહીં પડે?

ઓ તરલિકા! આ સુખ મારે મન એટલું અકલ્પ્ય અને અજાણ્યું લાગે છે કે તે ખરેખર છે કે નહીં તેની હજુ મને ખાત્રી થતી નથી. એના ભારથી હું એટલી દબાઇ ગઇ છું કે ચકિત અને ભયભીત હરણીની માફક અવિશ્વાસથી ચારે તરફ મારી જાતને ને જગતને જોઉં છું અને ખાત્રી કરવા મારા પ્રિયતમના મુખ પર એક અધીરી દૃષ્ટિ નાંખું છું. મારી આ અધીરાઇ મારો રાજ પરખે છે અને મને આશ્વાસન અને ખાત્રી આપવા અનન્ય ભાવભરી મૃદુ દૃષ્ટિ મારા તરફ ફેંકે છે અને અદ્‌ભુત કોમળતાથી મારી કરાંગુલિ દ્વારા મારા અંતરમાં ખાત્રીનો સંદેશો મોકલાવે છે. મને સંરક્ષવા એ મારી પડખે જીવનમાં ને મૃત્યુમાં ઉભો રહેશે. અને હું.....હું એની. કોની મગદુર છે કે મને એનાથી જુદી પાડે? સાક્ષાત્ યમરાજની પણ નહીં.

"હું એને ચાહું છું" એ શબ્દોમાં રહેલો ભાવજ મને ઘણો ઓછો લાગે છે. "હું એને ચાહું છું", "હું એની છું", "હું એનામય છું", "હું ને એ એકજ છીએ": એ બધાંએ જુદાં-જુદાં પણ અપૂર્ણ વાક્યોજ છે. એમાંથી એક પણ વાક્ય અથવા એ સર્વ વાક્યોનો સમગ્ર અર્થ મારા પ્રેમનો પુરો અર્થ બતાવી શકે એમ નથી. ભાષાની કેવળી અપૂર્ણતા છે! પણ એ અપૂર્ણતા તો ભાષાના ઉત્પાદકોમાં આવી છે. પ્રેમની સંપૂર્ણતાનો જો મેં સાક્ષાત્કાર નહીં કર્યો હોત તો તે વિશ્વમાં વ્યાપી રહેલી મહાશક્તિને પણ હું અપૂર્ણજ કહેત. પણ પ્રેમતત્વમાં સંપૂર્ણતા સરજનારજ એણે પોતાની સંપૂર્ણતાને સાર્થક કરી છે.

[વધુ માટે જુઓ છેલ્લાનાં પાનાં]



ઉપરકોટની જૈન ગુફાના સ્તંભનો નમુનો.

પ્રાચીન જુનાગઢ ઉર્ફે ગિરિનગર

લેખક

રા. હરિલાલ માધવજી ભટ્ટ

બી.એ.

ચિત્રકાર

રા. રવિશંકર શિવશંકર પંડિત


સૌ. લાભશંકર સોરઠ દેશમાં જુનાગઢ એ પુરાણપ્રસિદ્ધ તીર્થસ્થાન તરીકે આખા હીંદુસ્તાનમાં પ્રખ્યાત છે એ શહેર કયારે વસ્યું, કોણે વસાવ્યું અને પ્રથમ કયા નામે વસ્યું એ બધી બાબતો અત્યારે ભૂત કાલના અંધારામાં ઢંકાઈ ગઈ છે મહાભારતના અર્જુનવનવાસ પર્વમાં એમ કહેવામાં આવ્યું છે કે પોતાના વનવાસ દરમીઆન અર્જુન ફરતાફરતા પ્રભાસમાં આવ્યા તે ખબર દ્વારકામાં શ્રીકૃષ્ણને પડતા તેઓ તેમને મળવા પ્રભાસ મળે ત્યાંથી થોડા વખત પછી બંને મિત્રો રૈવતાચલ ઉપર આવ્યા. તે વખતે રૈવતાચલ ઉપર યાદવોનો મોટો મેળો ભરાયો હતો અને યાદવ-નરનારીઓ સુરાપાનથી મસ્ત બની ફરતા હતા તે મેળામાં અર્જુનને સુભદ્રાનો મેળાપ થયો અને પછી બધાં રૈવતાચલની યાત્રા પુરી કરી સુભદ્રા દ્વારકા તરફ પાછી ફરતી હતી ત્યારે રસ્તામાં અર્જુને તેનું હરણ કર્યું આ બધા વર્ણનમાં કયાંય જુનાગઢનું નામ કે વર્ણન આવતું નથી જુનાગઢમાં દામોદરજીના મંદિર પાસે મુચકુંદની ગુફા કહેવાય છે જેમાં મુચકુંદ સુતા હતા અને તમને ઉંઘમાંથી જગાડી ત્યાંથી કાલયવન નાઠો ને બાજુના ઘાંટારના પર્વત ઉપરની ગુફામાં તે બાળી મુકો એવી આખ્યાયિકા ચાલે છે તેજ પ્રમાણે ઉપરકોટનો કીલ્લો યાદવકાળ કૃષ્ણસેને બાંધેલો કહેવામાં છે, પણ આ માટે કંઈ પણ આધારભૂત પ્રમાણો મળી શકતા નથી રેવતાચલ અને ઉજ્જયંત એ બંને નામો ગીરનાર પર્વતને માટે પુરાણોમાં અને પ્રાચીન લેખોમાં પ્રસિદ્ધ છે આમાંથી ઉજ્જયંત નામ તો પર્વતની પ્રદક્ષિણા કરતી નદી ઓઝતમાં આજે પણ કાયમ રહ્યું છે જ્યારે ગીરનાર નામના તો મૂળ પર્વત નહીં પણ જુનાગઢ શહેરનું ગિરિનગર એ નામ મૂળ સ્વરૂપમાં હતું અને બાજી વિદેશના

નિયમ પ્રમાણે ગિરિનગરમાંથી ગિરિનયર અને તે પરથી ગિરિનાર અને ગીરનાર નામ થયું અને પછી એ નામ શહેરનું છે એ વાત બુલાઇ જવાથી પર્વતને લગાડવામાં આવેલું લાગે છે. જે ખડક ઉપર પ્રતાપી અશોક મહારાજનાં આનુશાસનો કોતરવામાં આવેલાં છે તે ખડકની ઉત્તર તરફની બાજુમાં મહાક્ષત્રપ રુદ્રદામનનો લેખ પણ ઉતારવામાં આવેલો છે. એ લેખની શરુઆતમાંજ કહેવામાં આવ્યું છે કે, આ તળાવ ગિરિનગરથી પર્વતની તળેટીમાં રમણીય દેખાય છે વગેરે. આ તળાવ એમ કહીને ત્યાં પ્રખ્યાત સુદર્શન તળાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે લગભગ એક હજાર વર્ષ સુધી રહી પછી અદૃશ્ય થઇ ગયું છે. રુદ્રદામનનો સમય ઇસ્વીસનના બીજા સૈકાનો છે. ક્ષત્રપો પછી પશ્ચિમ હીંદુસ્તાનમા ગુપ્તોનો અમલ જામ્યો અને તે અમલ હજી જામતો જતો હતો તે અરસામાં સ્કંદગુપ્તે એજ ખડક ઉપર ત્રીજો શિલાલેખ કોતર્યો છે અને તેમાં સુદર્શન તળાવની ફરી મરામત કર્યાનું વર્ણન આપેલું છે. આ પરથી તે સમય સુધી જુનાગઢ અથવા ગિરિનગર શહેર કાયમ હતું એમ સ્પષ્ટ થાય છે. ગુપ્તવંશ પછી વલ્લભીપુરનો અમલ આખા સૌરાષ્ટ્રમાં પ્રસર્યો જણાય છે. ઇ. સ. ના સાતમા સૈકામા છેલ્લા શિલાદિત્યના વખતમાં પ્રખ્યાત ચીનો મુસાફર હ્યુએનત્સંગ હીંદમાં આવી બૌદ્ધ ધર્મના અભ્યયન માટે તથા બૌદ્ધ ધર્મનાં તીર્થસ્થાનોની યાત્રા અર્થે આખા હીંદમાં ફર્યો હતો. તેણે પોતાની મુસાફરીનું સવિસ્તર વર્ણન લખ્યું છે તે ઉપરથી જણાય છે કે એ જમાનામાં જુનાગઢ એક મહત્ત્વના બૌદ્ધ તીર્થસ્થાન તરીકે હજી કાયમ હતું. વલ્લભીપુર અને સૌરાષ્ટ્ર વીશે તે મુસાફરના શબ્દો ઉતારી લેવા જેવા છે અને તે આ પ્રમાણે છે:—

"વલ્લભીપુરમાં સો બૌદ્ધ મઠ છે અને તેમાં આશરે છ હજાર સાધુઓ રહે છે.. તે સાધુઓ હીનયાન મતના છે. જ્યાંજ્યાં બુદ્ધ આવ્યા હતા તે તે સ્થલોએ અશોક મહારાજાએ સ્તૂપો બંધાવેલા છે. લોકોનો રાજા ક્ષત્રિય કુલનો છે અને તે કાન્યકુબ્જના રાજા શિલાદિત્ય (હર્ષવર્ધન)નો જમાઈ છે. તેનું નામ ધ્રુવપટ્ટ છે."

* * * વલ્લભીનગરથી તે સાધુ આનંદપુર (વઢવાણ) થઇ સૌરાષ્ટ્રમાં આવ્યા. સૌરાષ્ટ્ર વીશે તે લખે છે કે:—

"આ દેશ સુમારે લગભગ ચાર હજાર લી (૧૩૦૦ માઇલ) વેરાવામાં છે અને તેની રાજધાનીનો વેરાવો ૬૦ લી (૧૦ માઇલ) છે. તેમાં વસ્તી ઘણી છે. સર્વ કુટુંબો આબાદી અને મોજમઝામાં રહે છે. એ પ્રાન્ત વલ્લભી રાજાના તાબામાં છે. તેની જમીન ફારી છે અને ફળફુલ ઘોડાં થાય છે. ત્યાં ઠાઢ અને ઉષ્ણતા સરખી છે પણ વંટોળીયા ઘણા થાય છે. લોકોની આવ બહુ છે તેઓ ગરમ તબીયતના અને હલકા સ્વભાવના છે. વિદ્યા તથા કલાને ચાહતા નથી. તેઓમાં સત્યાનુસારી (બૌદ્ધ મતના) અને પાખંડી (બીજા મતના) ઘણા છે. અહીં સુમારે બસ્સો કોઠી (૫૦) મઠ છે. તેમાં આશરે બાર હજાર સાધુઓ રહે છે. તેઓ બધું કરી મહાયાન મતના અને આર્ય સ્થવિર માર્ગના છે. આ સીવાય બીજા સો દેવાલયો પાખંડમત (અન્ય મત)નાં છે. એ રાજ્ય પશ્ચિમ સમુદ્રના રસ્તા પર છે માટે સર્વ લોકોને તેથી ફાયદો છે. અહીં લોકોનો મુખ્ય ધંધો વેપાર છે. શહેરથી થોડે આંતરે એક પર્વત છે તેને ઉજ્જયંત કહે છે. તે ઉપર એક મઠ છે. તે પહાડની ઘણી સપાટી પર ઈમારતો અને ગોળ ઓટલા બાંધેલા છે. પર્વતને ફરતું ગીચ વન છે અને તે ઉપર પાણીના ઝુલ્લુઝ ઝરાઓ સાંભળવામાં આવે છે. કેટલાક સાધુઓ ત્યાં ફરવા જાય છે અને કેટલાક ત્યાં પોતાનો આશ્રમ પણ કરે છે. મહાસદ્‌ગુણથી પ્રખ્યાત થએલા ઋષિઓ પણ અહીં ટાળોટાળાં આવે છે."



માટીનું કામ

ટેકરીઓને જળાધારીની ઉપમા અપાય છે. કાલમોંઢ પથ્થરમાંથી નીકળતા જલપ્રવાહ પૃથ્વીના ઉંડાણમાંથી આવતા હોવાથી ઘણા ગાઢા અને નિરંતર વહેતા હોય છે અને સ્વાદિષ્ટ-તંદુરસ્તી બક્ષનાર પાણી પુરું પાડે છે. આવાં સ્થાનોને દેવભૂમિ ગણી પવિત્ર માનવામાં આવે છે અને તે પ્રમાણે આપણા પુરાણોમાં આ અદ્‌ભુત સૌંદર્યયુક્ત સ્થાનમાં બધા દેવો આવીને વાસ કરે છે એવી આખ્યાયિકા આપવામાં આવી છે. સૌરાષ્ટ્રના પશ્ચિમ ભાગને પ્રભાસક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે અને તેમાં ગીરનાર અને તેની બાજુના ભાગનું નામ વસ્ત્રાપથ ક્ષેત્ર એનું પાડવામાં આવ્યું છે. એ નામ પાડવાનું કારણ એવું જણાવવામાં આવે છે કે, એક વખત કૈલાસમાં શ્રી ભોળાનાથ-મહાદેવજી તથા પાર્વતીજી વાર્તાલાપ કરતાં બેઠાં હતાં ત્યાં વિષ્ણુ બ્રહ્મા વગેરે દેવતાઓ આવી લાગ્યા અને વાતમાં ને વાતમાં વિષ્ણુએ ફરીયાદ કરી કે શંકર ભગવાન્ ઘણી વાર પોતાના ભકતો પર નજીવી સેવામાં તુષ્યમાન થઈ જઈ તેમને ગમે તેવાં વરદાન આપી દે છે અને તેથી જગતમાં એટલા બધા અનર્થ થાય છે કે જેનો પ્રતીકાર કરવામાં પોતાને-વિષ્ણુ ભગવાનને ઘણી જેહમત ઉઠાવવી પડે છે. આ પરથી શંકરને માઠું લાગ્યું અને તેઓ રીસાઇ ત્યાંથી ચાલ્યા ગયા અને ફરતાંફરતાં સૌરાષ્ટ્રમાં રેવતાચલ આગળ આવ્યા. આ સ્થળની ભવ્ય સુંદરતાથી તેમને એટલો બધો આનંદ થયો કે પોતાનાં બધાં વસ્ત્રો ફેંકી દઇ અદૃશ્ય સ્વરૂપે તેઓ ત્યાં રહેવા લાગ્યા. કૈલાસમાં તો શંકર ભગવાનના ચાલ્યા જવાથી રસભંગ થયો અને બધા દેવતાઓ વીમાસણમાં પડી ગયા કે હવે શું કરવું? એમને ગમે તેમ કરી મનાવવાજ જોઇએ. પછી શ્રીપાર્વતીજીને સાથે લઇ સર્વ દેવો તપાસ કરતાકરતા આ સ્થાનમાં આવી પહોંચ્યા અને અહીંજ શ્રીશંભુ અદૃશ્ય સ્વરૂપે રહે છે એમ લાગવાથી પાર્વતીજીએ ઉર્જયંતના શિખર પર પોતાનું સ્થાન લીધું, વિષ્ણુ ભગવાને રેવતાચલમાં બેઠક લીધી, પાતાલમાંથી શેષ નાગ હાજર થયા, ગંગા વગેરે નદીઓ પણ આવી પહોંચી અને સર્વ દેવતાઓએ પોતપોતાનાં સ્થાનમાં શ્રીપાર્વતીજીની અધ્યક્ષતા નીચે



પરવાળાં, નીલમ, અકરીક, પોખરાજ, માણેક, એકવા મરીન પથ્થર


શ્રી શંકર ભગવાનની સ્તુતિ કરવા માટી આથી પ્રસન્ન થઇ શંકર ભગવાન પ્રગટ થયા અને તેમણે સર્વ દેવતાઓના મન રંજન કર્યાં પછી શ્રી કૈલાસ તરફ પાછા ફરવાની વિનંતિ કરતા શંકર ભગવાને સામી માગણી કરી કે આ રમણીય સ્થાનમાં સર્વ દેવતાઓએ પોતપોતાના અંશ મુકી જવા અને એ રીતે ત્યાં નિરંતર વાસ કરવો. આ પ્રમાણે ઉજ્જયંતના શિખર પર પાર્વતી રૂપે શ્રી અંબાભવાની રૂપે વાસ કર્યો, તળેટીમા શંકર ભગવાન પોતે શ્રી ભવનાથના મંદિરમા બીરાજ્યા, રૈવતાચલ ઉપર શ્રી વિષ્ણુ ભગવાન શ્રીદામોદરરાયજીના નામથી વાસ કરી રહ્યા આ પ્રમાણે શંકર ભગવાને ત્યાં વસ્યો તેથી દેવાયી એનું નામ વસ્તાન પડ્યુ હોય એમ જણાય છે



ત્રાંબાનો ડબ્બો, રૂપાની ડબ્બી, સોનાની ડબ્બી

જુનાગઢની વાયેવરી દરવાજે બહાર નીકળી ગીરનાર તરફ આવતા લક્ષ્મણ ટેકરીની નીચે બે પર્વતમાળની વચમા સાંકડો ખીણનો રસ્તો છે આ રસ્તે થઇ જરા વાંક વળતા ગીરનારની તળેટીનુ અતિ સુંદર દૃશ્ય નજરે પડે છે તેની દક્ષિણ બાજુએ સોનરેખ નદીને સામે કાંઠે બાંધેલા ઉંચા ઓટારા ઉપર આવેલા આ દામોદર રાયજીનુ મંદિર યાત્રાળુઓના દીલને આનંદાશ્ચર્યમા ડુબાડી દે છે મંદિર નદીની સામે પાર આવેલુ હોવાથી જુનાગઢના માજી દીવાન સદ્ગત હરિદાસ વિહારીદાસે પોતાની માતાના પુણ્યાર્થે પાકા કાળા પથ્થરનો ઘાટ બંધાવ્યો છે અને હજારો યાત્રાળુઓનો આશિર્વાદ મેળવ્યો છે

આ બધી તો પુરાણોની વાત થઇ - સામાન્ય રીતે પૌરાણિક સમય તે ઐતિહાસિક સમયની પહેલાનો ગણાય છે અને છતાં ઘણી વાર આવી આખ્યાયિકાઓ ઐતિહાસિક સમયની પછી જોડી કાઢવામા આવી હોય એટલે તેમાનો ઐતિહાસિક અંશ એટલોજ ધારી શકાય કે ઘણા જુના કાળથી આ સ્થાનો પવિત્ર મનાતા આવ્યા છે અને હીંદુ ધર્મના સ્થપાવાની સાથે અસંખ્ય યાત્રાળુઓના જુથ આ સ્થાનની મલાકાત લઇ ગયા છે અને એ યાત્રાળુઓના આવાગમન આજ દહાડા વર્ષ થયા દૃઢ થતુ છે આ રસ્તા ઉપર આવેલા એક ખડક ઉપર પોતાના અનુશાસનો કોતરાવી મહારાજા અશોકે પણ એજ બીનાની પુષ્ટિ કરી છે આ અનિશ્ચિત પૌરાણિક માંથી પરથી જ્યારે આપણે ઐતિહાસિક બીનાઓ પર આવીએ છીએ ત્યારે આપણને જુનામાં જુનુ અને નિશ્ચિત કથનાનુ થઇ શકે એવુ સાધન ઉપર કહેલા અશોકના



પથ્થરનું ઢાંકણ

અનુશાસનો વાળા ખડકમાં મળે છે. એ ખડક જાણે ૯૦૦ વર્ષનો ઇતિહાસ લખતું પથ્થરમાં કોતરેલું પુસ્તકજ છે. તેમાં કોતરવામાં આવેલા સ્કંદગુપ્તના લેખમાં સુદર્શન તળાવના કાંઠા પર બાંધેલા ચક્રભૃત્ (વિષ્ણુ) નું મંદિર ઉર્જયંતાચલ ઉપર પ્રભુત્વ ભોગવે છે એવો ઉલ્લેખ છે. તે ઉપર કહેલા દામોદરજીના મંદિરને લાગુ પડી શકે છે. એ મંદિરની પાસે વૈષ્ણવ સંપ્રદાયની શ્રી મહાપ્રભુજીની બેઠક નામે મકાન છે. તેમાં પશ્ચિમ બાજુની દીવાલમાં એક સંસ્કૃત શ્લોકમાં લખેલો લેખ છે. તે સંવત્ ૧૪૭૩ ની સાલમાં લખવામાં આવ્યો છે અને તેમાં જણાવેલું છે કે, દામોદર નામના કોઇ પટેલે આ મહા પાત્રાળુઓના આરામસ્થાન તરીકે બંધાવેલો છે એ લેખમાં ચુડાસમા વંશના આઠ રાજાઓની વંશાવલિ પણ આપવામાં આવી છે. એ પ્રમાણે જોતાં દામોદરજીનું મંદિર બંધાયે ૫૦૦ વર્ષ થયાં લાગે છે, પણ એ સ્થાન બેશક ઘણું વધારે જુનું છે. પ્રાચીન આખ્યાયિકા પ્રમાણે શ્રી કૃષ્ણપરમાત્માના પૌત્ર વજ્રનાભે એ મંદિર એકસરખાં બંધાવ્યાં કહેવાય છે અને તેમાંનું એક તે આ દામોદરરાયજીનું મંદિર જુનાગઢમાં અને બીજું એવુંજ મંદિર દ્વારકામાં છે.

ગીરીછના અનુશાસનોવાળા, સોરાષ્ટ્રથી પશ્ચિમ ભાગને પ્રભાસક્ષેત્ર તરીકે ઓળખવનાર આવે છે અને તેમાં ગીરનાર અને તેના બીજાના ભાગનું નામ રૈવતાચલ ક્ષેત્ર એવું



પરવાળાં, નીલમ, અગરોપ. પોખરાજ ના એકવા મા એક બોરડીના

ઝાડ નીચે માતાજીએ નિવાસ કરેલો હોવાથી તે બોરડેવી નામે પ્રસિદ્ધ છે.


તે સ્થાનથી લગભગ અર્ધો માઇલ નીચે જતાં ખંડેરો આવે છે જેમાં લાખો કુલાણી રહેતો અને તે પરથી એ સ્થાન લાખામેડી નામથી જાણીતું છે. આ સ્થાન માટે પંડિત ભગવાનલાલ ઇંદ્રજીએ કહ્યું હતું કે જો ખોદકામ કરવામાં આવે તો તેમાંથી બુદ્ધનો સ્વરૂપ મળી આવવો જોઇએ. આ ઉપરથી લાખામેડીનાં ખંડેરો પાસે એક ઉંચો ટીબો હતો તે ખોદવામાં આવ્યો અને ૭૯ ફુટ ઉંડાઇએ ખોદતાં અંદરથી એક મોટી પથ્થરની શિલા મળી આવી જેની વચમાં ખાડો કોતરી તે ઉપર બીજા એક પથ્થરનું ઢાંકણ મુકવામાં આવ્યું હતું. આ ઢાંકણું ઉઘાડતાં તેની અંદરથી એક માટીનો ડબ્બો મળી આવ્યો. આ માટીના ડબ્બામાં એક તાંબાની ડબ્બી હતી, તેની અંદર એક રૂપાની ડબ્બી અને રુપાની ડબ્બીની અંદર સોનાની ડબ્બી મળી આવી. આ સોનાની ડબ્બીમાં પંચ મહારત્નો અને એક નાનો ટુકડો–જે હાડકું હોય કે પછી ઝાડની ડાળીનો કટકો હોય તે નક્કી થઇ શક્યું નથી–એટલી વસ્તુઓ હતી. એ પ્રમાણે ભગવાન બુદ્ધના સ્વરૂપો હીંદમાં બીજે ઠેકાણે મળી આવ્યા છે તેવોજ અહીં પણ આ અત્યારે નિર્જન જણાતા ગાઢ ઝાડીવાળા પ્રદેશમાં પણ મળી આવેલો છે.

પુરાણા જમાનામાં તે પણ વસતીવાળો પ્રદેશ હશે એમ એ સ્થાનમાં ફરતાં જમીનમાંથી નીકળી આવતી સંખ્યાબંધ પાકી ઇંટો ઉપરથી અનુમાન થઇ શકે છે. વલ્લભીપુરનાં ખંડેરમાંથી મળી આવે છે તેવી મોટી ૧૮ ઇંચ લાંબી, ૧૨ ઇંચ પહોળી અને ત્રણ ઇંચ જાડી પાકી લાલ ઇંટ આ પ્રદેશમાં પણ ઘણી મળી

છે તેમને આ ઇમારત જોતાં તરત તે બૌદ્ધવિહાર હોય એમ ખાતરી થાય છે. તેના નીચલા માળમાં એક મોટો સભા-મંડપ અને આસપાસ સાધુઓને બેસવાની વિશાલ ગેલેરી તથા વચમાં હવા અજવાળા માટે મોટો ચોક રાખવામાં આવ્યો છે. આ સભામંડપમાં મોટામોટા ચાર સ્તંભ છે અને તેની ઉપર સુંદર કારીગરીનાં પુતળાં કોતરવામાં આવ્યાં છે જે દરેક કલારસિકને આનંદાશ્ચર્યમાં ગરક કરી નાખે છે. ઉપરના માળમાં પણ ફરતી ગેલેરી અને એક તરફ સાધુઓને માટે પાણીનો મોટો હોજ કોતરી કાઢવામાં આવેલો છે. હ્યુએનત્સંગના કહેવા પ્રમાણે ઇ. સ. ના સાતમા સૈકામાં સૌરાષ્ટ્રમાં બૌદ્ધમતનું જોર હતું અને એ મતના હજારો સાધુઓ અહીં રહેતા એ બીનાની આ મકાન અને આવી બીજી અનેક મુદ્રાઓ જુનાગઢમાં અને કાઠીઆવાડના બીજા ભાગમાં આવેલી છે તે સાક્ષી પુરે છે.

ઉપરકોટ મુકીને બહાર આવતાં વાયવ્ય ખુણા તરફ ગિરિનગરનો વિસ્તાર હોય એવાં ચિન્હો હજી પણ સ્પષ્ટ દેખાય છે. ઉપરકોટના ખડકની નીચેજ આવેલી બહારની બાજુએ બાવા પીપારાના બોંયરાં નામની જગ્યા છે જે આ ગુફાઓને અનુલક્ષીને જ છે. તે ઉપરાંત ખાપરાગઢ દરવાજા તરફ ખાપરાકોડીયાનાં બોંયરાંના નામથી ઓળખાતી ઇમારત તથા માંહી ગટેચીની જગ્યા એ પણ આજ પ્રકારની બૌદ્ધ ગુફાઓ હોવી જોઇએ એમ અનુક્રમ ભાસ થાય છે. આ સ્થાનમાં પણ ખડકમાંથી એક લાંબી ઓરડાઓની હાર કોતરી કાઢેલી છે, તે દરેક ઓરડાની વચમાં મોટો હોજ આવેલો છે, હોજમાં ઉતરવાને પગથીઆં છે અને એક હોજમાંથી બીજા હોજમાં પાણી જવાનો માર્ગ રાખવામાં આવેલો છે. સુદર્શન તળાવની ઉત્તર બાજુએ જે દિશામાં જુદીજુદી પાણીની નીકો કરવામાં આવી હતી એવો ઉલ્લેખ છે, તેવો એક જલમાર્ગ આ ઇમારતમાં દાખલ કરી ફરતોફરતો બધા હોજમાં થઇને મકાનની બીજી બાજુએ નીકળી નદીમાં ભળી જાય એ જાતની ઘણીજ ખુબીદાર ગોઠવણ અહીં કરવામાં આવેલી સ્પષ્ટ જણાય છે. આ મકાનના સ્તંભો ઉપરની કારીગરી ઘસાઇ ગઇ છે પણ જે અવશેષો મોજુદ છે તે ઉપરથી તે કોઇ રાજા મહારાજાનું વિલાસભવન હોય એવાં સ્પષ્ટ ચિન્હો જણાય છે અને પાટલીપુત્રમાં જેમ ઇરાની કારીગરીના મહેલો મૌર્ય-સમયમાં હતા એમ શોધ થઇ છે તેવોજ ઇરાની કારીગરીનો આભાસ આ સ્તંભ જોતાં પણ થાય છે. અને તે સાથે સામે આવેલા ઉપરકોટના કીલ્લાનું દૃશ્ય આ સ્થાનને અતિ ભવ્ય અને રમણીય સ્થાન બનાવે છે. આ સ્થાનથી જરા પૂર્વ તરફ ચઢતી જગ્યામાં એટલે જ્યાંથી પાણીનો માર્ગ જઇ શકે તેવા સ્થાનમાં માંહી ગટેચી નામે એક ત્રીજી જગ્યા આવેલી છે તે પણ કોઇ હીંદુ મંદિર અથવા મહેલ હોવો જોઇએ. પાછળથી મુસલમાનોએ તેની મસીદ કરી નાખી છે. એ મસીદમાં ઉત્તર તરફ જુની કારીગરીની એક બારી હજી મોજુદ છે જે જુના હીંદુસ્થાપત્યનો સુંદર નમુનો રજુ કરે છે. એ મસીદની નીચે પણ પથરામાં કોતરી કાઢેલો ઓશરીનો ભાગ અને તેમાં બૌદ્ધ ગુફાઓના જેવા બે સ્તંભો છે અને પાસે પાણીનો હોજ છે. આ આધારો એ ઉપર કહેલા રાજમહેલને લગતો નાનો સરખો વિશ્રામ-ભાગ હોવો જોઇએ એમ આ બધાં સ્થાનોનો વિગતવાર અભ્યાસ કરનાર બધે સનું અનુમાન છે.

આ પ્રમાણે પ્રાચીન ગિરિનગરના છુટા છવાયા ચિન્હો આજે પણ દૃષ્ટિગોચર થાય છે અને ધારાગઢ દરવાજા અને સુખનાથ ગેટ તરફના ભાગમા ઘણો ભાગ દટાઇ ગયો હોવો જોઇએ એમ જણાય છે પૃથ્વિરાજ મહેનાના ચોરાને નામે જે જગ્યા અત્યારે પ્રસિદ્ધ છે તેની સામે હિમજા માતાનું મંદિર છે તેના ચોકમા આવેલા મકાનોનો મોટો ભાગ દટાઇ ગયો છે અને માત્ર ઉપરનો ભાગ અત્યારે જમીનની સપાટી ઉપર રહ્યો છે એમ જોઇ શકાય છે આઠમી સદીમા હ્યુએનત્સંગના વચન પ્રમાણે ગિરિનગરનો વિસ્તાર ૧૦ માઇલમાં હતો તે પછી આ શહેર બધી બાજુએ ઘણુંજ ફેલાયલું હોવુ જોઇએ અને અત્યારે પણ દક્ષિણ દિશામા ઘણે લાબે સુધી મોટી મોટી વાવો નજરે પડે છે એટલે આ બધો જે અત્યારે ઉજ્જડ અને જંગલથી ભરપૂર ભાગ છે તે તે વખતમા ગીચ વસતીવાળો હોવો જોઇએ એમ અનુમાન થાય છે માણસના જીવનમા જેમ તડકા છાયડા હોય છે તેમજ શહેરોના જીવનમા પણ થતું અહીં આપણે અનુભવીએ છીએ ઇ સ પૂર્વે ત્રીજા સૈકા થી ઇ સ ના આઠમા સૈકા સુધી એક હજાર વર્ષના લાબા ગાળા સુધી આ ગિરિનગર શહેર ગીરનાર પર્વતની બીલ્કુલ સુદર્શન તળાવને કાઠે અનેક દેવોના મંદિરો અને સાધુઓના મઠોથી અતિ કૃત શોભી રહેલુ આપણે કલ્પનાની નજરે જોઇ શકીએ છીએ અને પછી તે કાળના સર્વ ભક્ષી મુખમા અદૃશ્ય થઇ જાય છે અમુક કાળ અદૃશ્ય રહી તે ફરી સજીવન થઇ ઇતિહાસના દર્શન દે છે તે તરફ હવે સમયે આપણે નજર



મહી ચટેરીની મસ્જીદની બારી

સેવાનાં સંતાન!

રચનારઃ

રા. કૃષ્ણદાસ ગોવિંદજી આસર

અમે સૌ સેવાનાં સંતાન!
સદંતર ઓજ અમારી માનઃ
અમે સૌ સેવાનાં સંતાન!

હંમકદ્ધ ત્યાં હંસ તરંતા,
તળાવડે સ્વરજ્ઞાનઃ
નિર્મળ જળ પળપળ ઝળકે
કરી સેવકનાં સન્માનઃ
અમે સૌ સેવાનાં સંતાન!

કરો શુભ ચિંતન સુખકર સ્નાન,
અમે સૌ સેવાનાં સંતાન!

સુગમ પથ ને અનુપમ વાટડી
સેવામંદિર સ્થાન
દિવ્યમંત્ર સેવા સેવા બસ
સેવકના એ તાન
અમે સૌ સેવના સંતાન !

જાગરતા જોગી જરા જયગન
અમે સૌ સેવાના સંતાન

સેવામૃત સુખ વૈભવ સમજી
નિશદિન ત્યા મંતાન
હૃદય નાયત મુખ મલકાતા
પીએ પીએ મધુપાન
અમે સૌ સેવાના સંતાન !

અમે। બમ બનીસના ગુનતાન
અમે સૌ સેવાના સૈનાન !

સદતર એજ અમારી સંત
અમે સૌ સેવાના સંતાન !



જ્યોત્સ્નાગીત !

(એક વિખ્યાત જર્મન ગીતનો ઇતિહાસ)

લેખક:
ર. પાદરાકર

અંતઃસ્ફુર્તિ (Inspiration) એ એક વિલક્ષણ વસ્તુ છે. ચિત્રકલા હો, સંગીત હો, નાટય હો વા રમ્ય કલ્પનાનું મૂર્ત સ્વરૂપ સાક્ષાત્કાર કરનાર બીજી કોઇ પણ લલિત કલા (Fine Art) હો, પણ તેમાં ખરી અંતઃસ્ફુર્તિ શીવાય-અંતઃકરણની અતિ ગૂઢ પ્રવૃત્તિ ઉજ્જ્વા શીવાય કોઇ પણ સર્વોત્તમ કૃતિ બનવી કઠીન છે; અને આવી ઉત્કૃષ્ટ-રમ્ય કલ્પના વિરલ પ્રતિભાશાલી વિભૂતિમાંજ ઉદ્ભવે છે, અને તે પણ તેમનેએ સદા મર્યદા ઉદ્ભવે એ શક્ય નથી. કોઇ વખત દવાજ એવી લાગે છે, પ્રસંગજ એવા ઉપસ્થિત થઇ જાય છે કે જ્યારે અંતઃકરણનાં દ્વાર અચાનક પૂર જોસમાં-તીવ્ર લાગણીના પવનના ઝપાટે એકદમ ખુલી જાય છે; દૃષ્ટિ પરનાં માયાવી પડ ખસી જતાંજ તેમાં દિવ્ય-સ્ફુર પ્રકટે છે અને તે વખતે સાધારણ મનુષ્યને વા ખુદ પ્રતિભાશાલી મનુષ્યમાં બીજી વખતે ન ઉદ્ભવી શકે એવી અલૌકિક રસપૂર્ણ સુંદર કલ્પના હૃદયના ઉંડાણમાં જન્મ પામે છે. ઉત્તમ કાવ્યો, મિત્રકલાના વા શિલ્પકલાના અત્યુત્કૃષ્ટ આદર્શ નમુના, વા તો સંગીતની અપ્રતીમ ચીજો એ સર્વ આવી વિલક્ષણ અંતઃસ્ફુર્તિનાંજ મૂર્ત સ્વરૂપ છે.

વિખ્યાત જર્મન સંગીતશાસ્ત્રજ્ઞ અને ગાનકલાવિશારદ 'બીથોવ્હન'નું અદ્‌ભુત 'જ્યોત્સ્નાગીત' (moonlight sonnet) એ જર્મનીનું અતિ વિખ્યાત અને અલૌકિક સંગીત-ગીત ગણાય છે. અને તે આવીજ અંતઃસ્ફુર્તિના કોઇ વિલક્ષણ અને વિચિત્ર પ્રસંગને પરિણામે જન્મ્યુ અને વિશ્વવિખ્યાત થયું. તેનો ઇતિહાસ સાહિત્ય-સંગીતકલાના વિદ્યાપ્રેમીને રસપ્રદ લાગશે એમ જાણીનેજ સંગીતાચાર્ય બીથોવ્હનના એક પ્રિયમિત્રના શબ્દોમાંજ હું સાદર કરવા કટિબધ્ધ થયો છું. જર્મન ભાષામાં તેનું વર્ણન ઘણુંજ રસ-ભર છે, પણ રસનું પાત્ર ઉંચી બીજા પાત્રમાં રેડતાં સંપૂર્ણતા નથી સચવાતી એ સ્પષ્ટ છે.

આ પ્રસંગ જર્મનીના વૉન શહેરમાં બન્યો હતો. શીઆળાની કડકડતી ઠંડીની એક ચંદની રાત્રિએ હું બીથોવનને ઘેર ગયો, કારણ મારો વિચાર તેને લઈ ફરવા જવાનો અને પાછા ફરતા તેને મારે ત્યાં જમવા રાખી પાડવાનો હતો તે પ્રમાણે હતો અને અમે રળીઆમણી ચંદનીમાં ફરવા નીકળી પડયા. ચાલતા ચાલતા એક ગલીચ અંધારી ગલીમાના એક નાનકડા કંગાલ ઘર પાસે બીથો એકાએક અટકી ઉભો. આ વખતે આ મારા માનીતા મીઠડા બુલબુલે નવા વર્ષમાં કયા નવીન દડુકા કરવા ધાર્યા છે એ સબંધી અમો વચ્ચે ચર્ચા ચાલતી હતી તે નાક પર આંગળી રાખી ડાહ્યો થઈ જતા બોલ્યો—"હું ચુપ ચુપ! સાંભળ અદીબા કોઈ મારીજ ચીજ ગાય છે વાહ! અજબ ગાય છે હો!"

અમે એક ગરીબ કંગાલ મકાન પાસે ઉભા રહી તે ગાયન સાંભળવા લાગ્યા. સંગીત ઉમદા હતું સુર આલાપાતાજ ગયા પણ અરે! ગાનાર અટકી ગયું અને એક દીર્ઘ નિઃશ્વાસ સ્પષ્ટ સંભળાયો. મેં ગાનારનું મુખ જોયું:—"ઓ હો! હવે મારાથી નહીં ગવાય શું સુંદર ચીજ છે. પણ તે જેવી ગવાવી જોઇએ તેવી મારાથી ગાઇ શકાતી નથી પ્રભો! કોઇનાના જલસામાં જો હું જઇ શકતી હોત તો—"

"બહેન!" તેની પાસે બેઠેલી બીજી વ્યક્તિ બોલી, "જે વાત આપણી શક્તિની બહાર છે તે માટે ખેદ કરવાથી શો લાભ! આપણા પરનું બારણું આપણે આપી શકતા નથી તો બીજો બારણાંથી અંદર આપણે કેમ કરી શકીએ!"

"સાચું, બાપુ! સાચું પણ સમસ્ત જીવનમાં એક ઉત્તમ ગાણું સાંભળવાની તક મને માત્ર એકજ મળે તો હે પ્રભુ! પણ લાચાર" બોલતાં બોલતાં તે આંખે એક નિઃશ્વાસ વળી નાખ્યો.

બીથોવનને તુરતજ મારા સામે જોયું અને તે બોલ્યો "ચાય! અંદર જઇએ

"અંદર!" મેં ચમકીને પુછ્યું શા માટે?"

"હું આજ મારું સંગીત તને સંભળાવીશ" બીથો ગદ્‌ગદ કંઠે બોલ્યો. ખરો રસિક ગુણગ્રાહી સંગીતનો રસીઓ શ્રોતા અદીબજ મારા ગાયનનો ખરો મર્મ તેજીજ સમજશે એવી મારી ખાત્રી છે તેથીજ દોસ્ત!"

અને આટલું બોલતાજ મારી હા-ના સાંભળતા પહેલાજ તે બેધડક તે ઘરમાં પેસી ગયો અને હું પણ તેની પાછળ બીજને જોઇ રહ્યો!

પ્રસંગોપાત મોટા અમીરો—અરે કદાચ જર્મન સમ્રાટના આમંત્રણોને ઠોકરે મારનાર આ જર્મન ગાંધર્વ-રાજ એક કંગાલ ઝીંપડીની ગુપડોમાં બેઠો ખરેજ આ લોક બારે કમાલજ! લેખક—કવિ—વક્તા અને મરેયા બધાજ

એકબાજુના ટેબલ પર એક નિસ્તેજ નરમ્ય યુવક શીરનો બેઠો હતો ને તેની પાસે એક જુના પુરાણા પીયાનોને ટેકો એક પંદર સોળ વરસની છોકરી બેઠી હતી તેનો શ્યામ પણ લુખ્ખો કેશગુચ્છ તેના શ્યામ મુખકમલ પર અસ્તવ્યસ્ત વીખરાઇ પડયો હતો. બન્નેનો પોષાક સ્વચ્છ પણ કંગાલીઅત ની સાક્ષી પુરતો હતો. અમે ત્યાં જઇ પહોંચતા જ બને ચમકયાં ને ઉઠવા લાગ્યાં.

"માફ કરો" બીથોવ્હન બોલ્યો, "પણ તમારા સંગીતના આલાપ રસ્તે જતાં મેં સાંભળ્યા અને અંદર આવવાની લાલચ હું ખાળવી ન શક્યો. હું પણ એક ગવૈયો છું."

આ શબ્દો સાંભળતાંજ તે બાલિકાના પ્રશાંત મુખ પર લજ્જાની લાલી પથરાઇ આવી ને તરણુ પણ જરા ગંભીર પણ ચિંતાતુર બન્યો.

"મેં બહારથી તમારી વાતચીત થોડી ઘણી સાંભળી" બીથોવ્હન બોલ્યો, "તમારી સંગીત સાંભળવાની—નહીં, તમને સંગીતનો શોક છે. કોણ તમને એક ગીત ગાઇ સંભળાવું?"

"આપનો મોટો આભાર સાહેબ! પણ—" તે તરણુ અભંકાર બીતાંબીતાં બોલી ઉઠ્યો, "આ પીયાનો તદ્દન બગડી ગએલો છે અને—અને અમને સંગીતનું જ્ઞાન પણ પુષ્કળ જોઇએ તેવું નથી."

"ત્યારે આ બાલા આટલું બધું સુંદર—" બીથો બોલતા બોલતાં અચકાયો અને તેનું મુખ લજ્જાથી આરક્ત બની ગયું. કારણ તેજ ક્ષણે તે બાલિકાનો ચહેરો તેના તરફ પૂરેપુરો વળવાથી તે જોઇ શક્યો કે બીચારી તે બાલા બંને આંખે અંધ હતી.

"મ—મ—માફ કરો." તે અચકાતાં અચકાતા બોલ્યો "મેં બરાબર જોયું ન હતું. ત્યારે તો તમે માત્ર કાનનીજ મદદથી ગાઇ બજાવી શકો છો એમ લાગે છે. પણ જ્યારે તમે ઉત્તમ જલસામાં જઇ શકતાં નથી, નોટોની મદદ નથી, ત્યારે આવું અનુપમ ગાન કઇ રીતે ગાઇ શકો છો બાપુ? તમે કઇ રીતે આ સૌ શીખ્યાં?"

"સાહેબ! પહેલાં અમારી પડોશમાં એક બાઇ ગાતી અને બજાવતી તે સાંભળીને. ચોમાસાના દિવસોમાં તેના ઘરની બારી ખુલ્લીજ રહેતી અને હું આમતેમ ફરતાંફરતાં તેનું ગાન સાંભળતી." બાલિકાએ શરમાતાં શરમાતાં ઉત્તર દીધો. પણ તે બીચારી આ જવાબ દેતાં એટલી બધી મુંઝાઇ—ગભરાઇ કે જરાએ વધું પ્રશ્ન પુછવાના અભ્યાસ કરવામાંજ બીથોએ ડહાપણ માન્યું.

હવે બીથોવ્હન તે પીયાના પાસે જઇ બેઠો ને તેણે બજાવવાનું તથા ગાવાનું શરુ કર્યું. પીયાના પર આંગળાં ફેરવી સુર છોડવાની શરુઆત કરતાંજ મારી તો ખાત્રી થઇ કે આજનો રંગ કૈં ઓરજ છે. આજ રાત્રે આ નામદાર કમાલજ કરશે—બીલી ઉઠ્યોજ.

અને ખરો તર્ક સાચોજ હતો. હું અને બીથો અનેક વર્ષોના સ્નેહીઓ છીએ, પણ તે રાત્રિએ તે બાલિકા અને તેના બાપ સમક્ષ તેણે સંગીતસુધા રેલાવી અને સ્વર્ગીય ગીતલહરિઓ વડે જાણે સ્વર્ગજ પૃથ્વી પર ઉતાર્યું. તેવું સંગીત મેં તેની પાસે કદી પણ સાંભળ્યું ન હતું. તે દિવસના જેવો તે કદી પણ બીથો ન હતો. હૃદયનાં દ્વાર ખુલ્લાં મુકી દઇ—તેની તમામ સંગીતશક્તિ જાણે આજ તે બહાર નાંખવા ન બેઠો હોય? એવાં દિવ્ય સંગીત તેણે રેલાવ્યાં. જર્મનસમ્રાટ્ સમક્ષ પણ તે આટલું અપ્રતિમ ગાન ગાત કે કેમ તેની શંકાજ છે. તેનો કરતલસ્પર્શ થતાંજ તે પાડમાડ પાંચમ પીયાનો પણ જાણે નવું જીવન પામ્યો હોય, અરે! જાણે તેમાં જાદુ ભર્યું હોય એમ સ્વર્ગીય સુર રેલાવવા લાગ્યો.

તે બાઇઅહેન તો આ ગાનલહરિના શ્રવણમાત્રથીજ મંત્રમુગ્ધ બની ગયાં—તેમાં ડુબીજ ગયાં. બાઇએ પોતાનું કામ અધેડી મુકયું અને બહેન તો બંને હાથ હૃદય પર

હાની માયુ પીયાના તરફ ઝુકાવી જોઈ રહ્યાં હતાં. હૃદયનો ધડકાર તે દિવ્ય સંગીતના મધુર પ્રવાહમાં વિક્ષેપકર્તા થવા જેવો બીજું ન લાગતો હોય? અમે બધા કેટલા રમણીય સુખસ્વપ્ન અનુભવી રહ્યા હતા, અમરલોકના સંગીતકલનમાં વિહરી રહ્યા હતા અને આ રમણીય સુખસ્વપ્ન પૂર્ણ થતાજ જાગૃતિ દુઃખમય જાગૃતિ પુનઃ અમને પ્રાપ્ત થવાજ શું થશે? એ એકજ વિચાર વજ્રવજ્ર દુઃખદાયક લાગતો અરેરે! આવા દિવ્ય સંગીતમય સ્વર્ગોદ્યાનમાંથી પાછું મૃત્યુલોકમાં આવવું? કેવો દુઃખદાયક વિચાર?

પણ એટલામાં તો તે મરીલ ધવના એકના એક નીકળતી મોજલની પુરી ધન ગર્જ અને ઘોડો વખત ઉંચો નીચો થતે નીકળ ગુમાઈ ગયો. સર્વત્ર અંધકાર જમાવી ચીયાન આપવામાન અસ્તંગત પણ મે તરવાર ખડગી બોર્ન નાખી અને ગગનના સ્વચ્છ ચંદનીનો પ્રકાશ તે મરીલ ધવન સજ્જ થી રહ્યો. પ્રથમના ગેટરેજ પ્રકાશ ચંદનીઓ દુર્ગો અને બીયો પર તે પ્રકાશ નાચી ઉઠતા. તથાપિ આ આકસ્મિક વિઘ્નને વીર સંયોની હસ્તિમા કરક પડતો જતે હાથ પીયાના પગ્ગર ટેકવી, મધુ નીચે ઝુકી તે કંઈ પણ ગૂઢ વિચારમાં ડુબી ગયો.

આવત બધ પડતાજ મુખ સ્વપ્નમાંથી નષ્ટ થતા તે તરણ ચમકાર ઉઠ્યો અને અત્યંત ઉત્સુકતાથી પણ નમ્રપણે નીચો પાને જરા બોલ્યો "સાહેબ! આપ મારા પણ અલૌકિક વ્યક્તિ છો એ નિઃસંશય છે કહો કહો! આપ કોણ છો?"

મીઠું હાસ્ય હસતો બીયોન્દન બોલ્યો "સાંભળો ત્યારે!" એટલું બોલતાજ જે સ્વરચિત ગીત મનમાં સાંભરી આવ્યો હતો તેજ ગીતના શરૂઆતના સુર ગુંજવાની તેણે શરૂઆત કરી ને તુરતજ તે અટકવી તેને ઓળખી કાઢ્યો.

"ઓહો! આપજ બીયોન્દન" એવો પ્રશ્ન એક વખતે બધાના મુખમાંથી સરી પડ્યો અને તે બધ આશ્ચિક તથા તે તરણ ગ્રીસે બીયોના હાથ પર અનહદ અને કૃતજ્ઞતા હૃદયે ચુંબનોનો વરસાદ વરસાવી મુકયો ને આશ્ચિકાએ તે બીજના હાથ પકડી લીધો અને તે પર અનહદ ચુંબનો વરસાવી તેના બીજાનો મુકયો જમીનના અને તેનો માથા બીયોન્દન આજ મરીલની મુખપ્રભા 'કાંઈને ઘેર કુંવર' પનમાં!

બીયોન્દન હવે બધા ઉઠયો પણ અમે સર્વએ બળી તેને પાછો બેસાડ્યો અને અકુરચા કેટલીક વાતો કરવા તત્પર તે તરુણ ગ્રીસના નષ્ટક મોકાણના બદલી દારા ચકચારી ચુકાના પ્રવર્તાવ્યા. નિઃકુંઠ રીતે અંદર આવી બીયોના નિઃસોચમન શિરોભાગ અને અન્ય શરીર અવયવોની પ્રશંસા કરી રહ્યા બધની જોડારતાએ તેને ઘેરો કરી મુકયો કયા પ્રકારે અને કયા સંજોગમાં તે બીયોન્દન નષ્ટ થયો નથી મુકયો?

બીયો વખત વિચાર કરીને તે બાલકના વદન ચંદ્રમુખ તરફ જોતા તે બોલી ઉઠ્યો "આ રમણીય ચંદ્રજ્યોત્સ્નાના પવિત્ર અને ગીત ઉચ્ચારીએ!" અને એટલું બોલતાં તેનો અંગુલીઓ પીયાના પર વિદ્યુત્ વેગે ફરવા લાગી, મધુ વીણાવિનિંદ્ય સુર રેલવવા લાગ્યું અને તેમાંથી અત્યંત મધુર પણ અનંત એક પ્રકારે ભિન્ન અને પ્રભુત્વપૂર્ણ કરી મુકનાર આલાપ રેલાવા લાગ્યા, રમ્ય ચંદ્રિકા

ના પ્રકાશ પ્રમાણેજ, વાયરવર આખા મકાનમાં પ્રસરી રહ્યો. એક અત્યંત જલદ ગતિએ ગવાતી, અંતઃકરણને ક્ષુબ્ધ અને ચંચળ કરી મુકનાર એક મસ્ત ચીજ તેણે છેડી. તે ગીતમાં આરોહ-અવરોહ-પદલાલિત્ય-તાલ-રચના-મીઠાશ-તાલ સુરની જમાવટ હતી. પોતાના અંતર્ગત કેંક શોક-ખિન્નતાના રસ રેલવતા એ માર્મિક ગાને અવધિ કરી મુકી. અમને એમજ લાગ્યું કે અમે ગાંધર્વગાન અને અપ્સરાનો નાચ સાંભળી રહ્યા છીએ. ગીત નવુંજ રચાતું જતું અને રેલાતું. હવે તેની ગાવાની ગતિ ઉત્તરોત્તર વધુ જલદ થતી ગઇ અને તેમાં ભાવ તો એવા ઉભરાઇ જતા હતા કે ક્ષણમાં આનંદ તો ક્ષણમાં એક પ્રકારની અસ્પષ્ટ અને ગૂઢ એવી ભીતિ, તો બીજીજ ક્ષણે ખિન્નતા તો ક્ષણમાં આશ્ચર્ય એમ ભિન્નભિન્ન પ્રકારની વૃત્તિઓનો અમલ અમારા હૃદય પર જમ્યો. ધીમેધીમે સુર વિરામ પામતા જતા જણાયા અને સુર લય પામતાંજ બીથોવ્હન ઉભો થઇ ગયો અને બોલ્યોઃ—

"પ્રભુ તમારું કલ્યાણ કરો ! હવે હું રજા લઇશ !" અને ખુરશી દૂર ખસેડતાંજ તે બારણા તરફ વળ્યો.

"પણ—પણ—સાહેબ !- આપ કોઇવાર આવશો ને ?" તે ભાઇબહેનો પૂર્ણ ઉત્સુકતા-ભર્યા ભાવવાહી અવાજે વિનંતિ કરી.

"આવીશ ! અવશ્ય આવીશ ! જાઉં છું હોં !" બીથો જરા બોલ્યો અને તે બંધ બારણા તરફ એક વાર સદય-પ્રેમાર્દ્ર-દૃષ્ટિએ જોતાં બોલ્યો ને ચાલવા લાગ્યો.

તે બંને ભાઇબહેન કેં પણ ન બોલતાં અમોને દરવાજા સુધી પહોંચાડવા આવ્યાં અને અમે દેખાયા ત્યાં સુધી દરવાજામાંજ ઉભાં-વાણી કરતાં તેમનો મૂકભાવ તેમના મનના સદ્‌ભાવ સ્પષ્ટપણે વ્યકત કરતો હતો.

"ગરીબ બીચારાં !" તે બોલ્યો "ચાલ જલદી ચાલ-પગ ઉપાડ-ઘેર ચાલ" તે લગભગ દોડતાં બોલવા લાગ્યો "યાદ છે ત્યાં સુધી આ ગીત લખી કાઢવું જોઇએ."

અમે તેમજ કર્યું. બાધાપીધા વિનાજ બીથોવ્હન તે ગીત ધુનીને ધુનીને ગાતો ને તેમાં વચ્ચે વચ્ચે દુરસ્તી કરતો-લખતે સવાર સુધી બેસી રહ્યો.

અને આમ આ વિશ્વવિખ્યાત જર્મનગીત-જ્યોત્સ્નાગીત જન્મ્યું ને વિખ્યાત થયું.





શ્રીયુત સુઘડીઆ

લેખક

રા. મિત્રચતુર

ચિત્રકાર

રા. ડી સી જોષીપુરા

બી. એ.

શ્રી ઈશાના ચરણ ધોયા ધોયા પુણ્ય કેટલા નદી થઈ ગયા.

મારા પરમ વિદ્યામિત્ર શ્રીયુત સુઘડીઆના પુત્ર ભુખા અને કે અર્વાચિકકર બધુબધુ હું જેમ્સજેમ્સ જોયસના ચરિત્રના પરિચયમાં હું આવતો ગયો તેમતેમ એમનું જીવન મહત્ત, લગભગ અગમ્યમાં અને તો લાંબુ મનુષ્યજાતિની ઉત્પત્તિથી અત્યાર સુધીના વિકાસક્રમની જીવંત મતિ જેવા એમનામાં આર્ય અનાર્યની, જગથી સુધરેલાની યુગલતિ સ્પષ્ટ દીપી નીકળતી

રંગે કૃષ્ણકનૈયા જેવા શ્યામલ, માતાના ઉદરમાંથી અવતરતા વેતજ કર્યું દાનેશ્વરી જેવા મનકુકણધારી, દીર્ઘદૃષ્ટા, દેખાવે નાના ઊંચરા બાંધે જોવા મહેંજ જેવા કઠવાળા તથા તદ્દન પ્રતિજાવિહીન આવી એમની મુરત હતી

શ્રીમાન હતા ત્યારે ગોખણપટ્ટી કરી પાસ થવાની એમણે શક્તિ ખમવતા જોવી રીતે મેટ્રીક પાસ થયા પછી મુબાઇની એક કોલેજમાં મારે એમની સાથે પ્રથમ ઓળખાણ થઇ તેઓ હોસ્ટેલમાં રહેતા અને એમની રૂમ મારી રૂમથી બહુ દૂર નહોતી મીનેપામે એઓ મને એમનો દીલોજાન દોસ્ત માનવા લાગ્યા

એક બપોરે મારી રૂમનું બારણું ખોલી તેઓ ચુપચુપ અંદર આવ્યા. કારણ પુછતાં તેમણે જણાવ્યું કે: "મારે સ્લેટ જોઇએ છીએ તે ખરીદવા મારી સાથે બન્દરમાં આવશો?" શકારયુક્ત વાણીથી એમણે વાત કરવા માંડી. દોસ્તોનાન દોસ્ત તરીકે ઘણાની સાથે તેઓ એકવચનનોજ ઉપયોગ કરતા.

એમણે મુંબાઇ બરાબર જોયું નહોતું. અમે બે તૈયાર થઇ બહાર નીકળ્યા. થોડેક દૂર ગયા. રસ્તામાં મદારી ખેલ કરતો હતો તે જોવા મારું મન લલચાયું. શ્રીયુત મારાથી સહેજસાજ આગળ ચાલતા હતા, પણ જોવાની ગંમતમાં એ કયાં ગયા તેનું મને ભાન રહ્યું નહીં.

"શું ડીલાના હયાઓ? અહીં સ્લેટ કેવી ને વાટ કેવા? ટમારા બુચ કેકાને નકી લાગટો." પાસેની દુકાનમાંથી એક પારસીને આંખો ચકળવી ખોલતાં મેં જોયો અને સાથે મારા મિત્રને પણ નિરાશ ચહેરે દુકાનમાંથી બહાર નીકળતાં જોયા.

મેં જોયું તો દુકાન કેમીસ્ટની માલમ પડી એટલે હું ગમ ખાઇ ગયો. બીજે કેકાણેથી સ્લેટ અપાવી અમે બને હોસ્ટેલમાં આવ્યા.

* * *

એક વાર શ્રીયુત પોતાની ઘડીઆળ કંદી વારેવારે બંધતા હતા. એમની માફક ઘણાએ નવી ઘડીઆળ ખરીદનારઓ પહેલે દિવસે તો પચાસેક વાર જોતા હશે. બરોબર એમણે નવી ઘડીઆળજ ખરીદી હતી.

મેં પુછ્યું: "કેમ મી. મુખરીયા! કેં નવીન ખરીદી કરી લાગે છે."

"હા, એ તો એક ઘડીઆળ લાવ્યો છું."

"કયાંથી ખરીદી?"

"ચોકસ કેકાણું તો આપી શકું એમ નથી."

"તોએ?"

"તમે કહો તો વર્ણન આપું. ભુલેશ્વર આગળ આજે એક જાણવા જેવી વાત બની."

"શી?"

"માથે કેસરી કે ગુલાબી આછું કાળીયું બાંધેલા અને ધુંટણ સુધી કચ્છો મારેલા એવા કોઇ પરદેશી માણસોમાં તકરાર થતી મેં જોઇ."

"કેટલાએક માણસો હતા?"

"ટોળું તો નહોતું પણ સોનું બણસોનું જગી ગયું હશે. કેટલાક અંદરેઅંદર ગુંચળાં વળી લાંબા હાથ કરી "લીયેા, દીયેા" કરી લડવા લાગ્યા."

"પછી?"

"મેં તો ધાર્યું કે અહીં ઉભા રહેવામાં સાર નહીં, કદાચ પરદેશીઓમાં આપણે માર્યા જઇએ. હું તો આગળ ચાલ્યો એટલે કંસારાઓની ઝગઝગતી દુકાનો આવી."

મારા મિત્ર ઝવેરીઓની દુકાનોને કંસારાઓની દુકાનો તરીકે ઓળખાવતા હતા.

"શું ત્યાંથી ઘડીઆળ લાવ્યા?"

"ના રે."

"ત્યારે?"

"વચ્ચે એક ઘડીઆળની દુકાન હતી. એને ત્યાંથીજ મેં ઘડીઆળ ખરીદી. ગુંચાઇમાં ઘણુંઘણું ચાલ્યું પણ સારું ઘડીઆળની દુકાનજ ન જડી. આખરે અહીં દુકાન હાથ લાગી. આવો લાગ શા માટે જવા દેવો?"

"શી તમારી બહાદુરી!"

"આપું ગામ ઉંધુ વાળું એવો છું."

આખુ ગામ ઉખુંવાળાને ત્રવેરીનલરમા થા ધડીઆળ ખરીદવાનું કામ શ્રીયુત રીવાપ બીજા કોઇને ન સુઝે

* * *

શ્રીયુતને બીજાનું જોઇ ક્રીકેટ રમવાનો સદ્ગેજ્સાજ ચેપ લાગ્યો હતો અમારી નાનકડી ગોલાયદી ટીમના અમે એમને કેપ્ટન પણ બનાવ્યા હતા આંખ મીંચી દાઢ કચકચાવી જેટલે છેટથી દોડતા આવતા અને રટંપ પાસે બોલ ફેંકવા જેવો હાથ ઉચો કરતા કે એમની આખ બીડાઇ જતી અને બૉલ હવામા અમે તે દિશામા ચાલ્યો જતો ઘણીએ વાર એમના બૉલ છટકીને એમની પાછળ ઉભેલા ફીલ્ડરોને વાગ્યા છે પણ શ્રીયુત વીકેટકીપર તરીકે અડગ હતા એક દિવસ મેચ રમી રહ્યા પછી પોતાની વીકેટકીપર



"અરે ઉંદુ બહી બોય કર આ સુબકુ અચ દખા દેતા તેરા ઈરાદા નહીં હે ક્યા ?"

જગ્યા પરથી ટેકો લઇ બૉલો ફટકો મા રા એ દેવીક વાર હતામાં બેટને ગોળચક્કર એવુ બીજા કે ધ ત્રીજી વાર ઝપે ૨૫ જમીનદોસ્ત થતા એક વાર તો બેટ હાથમાથી છટકયુ ચકે ઊભો પણ બેનેસ બોતાં જમીન પર હણી પડ્યા પણ અમે એમના ન ફ દઈ કર ન થતા બૉલ ફેકવામા સુધડીઆ રટપની પાછળ ચારેક વાર તબીની કનેહના તેમજે મો લોહીવાળા હાથ તથા નીચજાકા વાળા નખ અને દીચણ જતા થા હતા

એક વાર મુબાઇના રમાતી ચતુરગી ક્રીકેટમેચમાં હીંદુ અને પારસી વચ્ચે રમબેર રમત જામી હતી ટુ અને ગો સુધડીઆ બપોરે એક દોડને ટુમારે બોમે જીમખાના આગળ આવી પહોચ્યા બધા

રેટાલ ચીકાર ભરાઈ ગયા હતા. છેવટે અમે એક ખુલ્લા રેટાલમાં આગળ બીજી હારમાં બેઠા. તાપ સખત પડતો હતો.

મી૦ સુધડીઆએ ઝટ દઈને છત્રી ઉઘાડી. અને મને કહ્યું: "જો, સાથે છત્રી લાવ્યો તો મેચ સુખે જોવાશે."

પાછળથી જવાબ મળ્યો:

"અબે ઉઠલુ, છત્રી બંધ કર. એ સબકુ મેચ દેખને દેનેકા તેરા ઇરાદા નહીં હૈ કયા?"

મી. સુધડીઆએ સાભળ્યુ નહીં એમ મને લાગ્યું. તકરાર વેરી લેવાનું મે દુરસ્ત ન ધાર્યું.

અમે જોવામાં તલ્લીન થઇ ગયા હતા એવામાં એમની ઉઘાડી છત્રી હાથમાંથી છટકી ફરરર કરતી નીચે પડી. જોયું તો મોટો ચીરો પડયો હતો. મી. સુધડીઆએ ઉઠી સ્વસ્થતાથી છત્રી લઇ પાછી જેમની તેમ રાખી.

હવે એમની છત્રી પર પાછળથી સીધો પ્રહાર પડયો. મેચ પણ સરસ જામી હતી. તથા સઘળા પ્રેક્ષકો ઉત્સાહ અને ઉમંગમાં આવી હાથુહાથુની બાજી ખેલાઈ રહ્યા હતા. મી. સુધડીઆને લાગ્યું કે હવે પાછા હટયું નહીં.

"વોટ ડુ યુ મીન?" મી. સુધડીઆએ અંગ્રેજીમાં કહેવું માંડયું.

"અબે ઉઠ.. છત્રી બધ કરતા હૈ કે નહીં! અભી તેરી ગોટપીટ સીધી દોનોમેંગી" બાપાભાઇનો મીજાજ ગયો.

પણ બેહાલીએ તકરારમાં વધુ રસ લેતા નહોતા. મી. સુધડીઆના હાથમાંથી મેં ધીમે રહી છત્રી લઇ લીધી અને બધ કરી નહીં તો ધાંધલ વધી જાત. મેં જોયું મી. સુધડીઆએ બારમા ચારેક કલાકનો સન્યાસ લીધો છે એમને ઘણું સાલ્યું.

* * *

કોલેજમાં પ્રતિવર્ષ થતી જુદીજુદી સોસાયટીઓની ચુંટણીમાં આગળ આવવા માંગતા વિદ્યાર્થીઓમાં મોટે ભાગે સો ટકાની ઇચ્છા એ બહાને લેડી રહુડસ ક્લેડ "ગેધરીંગ" માં આવવાની હોય છે. સોસાયટીનું ભાણું હોય ત્યારે લેડી રહુડસને "ઇન્વાઇટ" કરવા જતાં નહીં નહીં તો બેચાર શબ્દો તેમની સાથે બોલવાનો પ્રસંગ પડે; ગેધરીંગમાં આગળ પડતો ભાગ લેવામાં કોઇ વાર "એકઝેન્સ" કરવાનો "ચાન્સ" પણ લાગી જાય. શીયળ આવી ચેષ્ટાઓ પર કોઇકોઇ વાર આંખો વિકસાવી જોઇજ રહેતા. અમારા વર્ગમાં ભીમ રમા કરીને એક સ્ત્રીવિદ્યાર્થિની હતી. રૂપમાં તો ઠીક ઠીક પણ બોલવે ચાલવે તથ નજર ફેંકવામાં એ બહાદુર લેખાતી. આજુ બાજુ બેઠેલી પોતાની સખીઓ સાથે કલાસમાં તે હમેશ વાતો કરતી માલમ પડતી. કોઇ કોઇ વાર ભરતીતોફાન કરતાં પણ ચુકતી નહીં.

મી. સુધડીઆને જોઇ એ ઘણીવાર હસતી. એકવાર તેમણે જતે પણ એને હસતાં જોઇ મેં કહ્યું: "મી. સુધડીઆ! તમારું તો કામ થઇ ગયું."

"હેં! શું?"

"ભીમ રમા....." મેં કહ્યું. પણ એકદમ કહેતાં અટકાયો.

"હા! સાલી આજે મને જોઇને હસી ખરી." મી. સુધડીઆએ ડોળા વિકસાવી હાજરી હલાવતાં કહ્યું.

"પણ મી. સુધડીઆ! એમાં કે જો કોઇ જોઇએ, નહીં તો બીજાને જોઇને કેમ ન હસે!"

"એ શાલી શું મને ચઢાની હશે?"

"બેશક, નહીં તો એવી પ્રેમચેષ્ટા શા માટે કરે?"

મે એમને રસ્તો દેખાડયો આવતે અઠવાડીએ અમારી દીગરરી બોસાયટીની ચુંટણી થવાની હતી મે એમને ઉમેદવાર તરીકે ઉભા રહેવા કહ્યું અને સમજ પાડી કે લેડી સ્ટુડટસમા મીસ રમા આગેવાન જેવી છે માટે એને પકડી બધી લેડી સ્ટુડટસના વોટસ મેળવો એટલે તમે જરુર ચુંટાવાનાજ અને મીસ રમા તમારે માટે એટલુ તો જરુર કરશેજ બીજા બે ચાર મિત્રોએ ટાપશી પણ પુરી અને અમે એમના મનમા એ વાત ખુબ ઠસાવી દીધી

બીજે દિવસે બપોરે મી સુધડીઆએ દુરથી દોડતાં આવી મને કહ્યું કે મીસ રમાએ મને બધા વોટસ અપાવવા પોતાની ખુશી દેખાડી છે હુ અને મિત્રમડળ તે દિવસે આ ફીલ્મો જોવા માટે બાસ વહેલા આવી બારણા પાછળ સતાઇ રહ્યા હતા મી સુધડીઆને આ વાતની અબર નહોતી તે તો વહેલા આવી બારણા આગળ ઉભાઉભા મીસ રમાને આવવાની રાહ જોતા હતા મીસ રમાને ચ્સ્માભેર આવતા જોઇ તેઓ ધીમેધીમે સામે ગયા અને 'સર' કહી વાતની શરુઆત કરી અમે આ બધુ છાનામાના જોયા કરતા હતા લેડી સ્ટુડટસને પોતાના માથીજ એક મેમ્બર મોકલવાનો હક હતો એ વાત મીસ રમા સારી પેઠે જાણતી હોવા છતા મી સુધડીઆનુ નેણે પાણી જોયુ મી. સુધડીઆના ગયા પછી રુમાલનો ડુચો મોઢે ઘાલી ખુબ હસતા અમે તેને જોઇ હતી

* * *

નાતાલની રજામા અમે દશ પદર મિત્રો ઠાર્લાની મશહુર ગુફા, વીસનગઢ, વિજયગઢ વગેરે શિવાજીના કીલ્લા તથા નજદીકમા આવેલા તાતા હાઇ ડ્રો-ઇલેકટ્રીક વર્કસ જોવા જવાના હતા મી સુધડીઆ પણ સાથે આવવાના હતા તાતા કપનીના મેનેજર પર પ્રીન્સીપાલની નોટની અમારે જરુર હતી

બપોરે હુ નોટ લેવા પ્રીન્સીપાલ પાસે ગયો ત્યારે એમણે મને વાત કરી કે સવારે સાતેક વાગે એક જણ નોટ લેવા આવ્યો હતો અમને અગ્રેજ વાકને સાધારણ રીતે મોડા સુધ મોડા ઉઘવાની ટેવ હોય છે કદાચ નોકર નહીં હોય તથી ઘુરકોઘુરકો તે છેક મારી ડોમીટરીમા અમે સુઇએ છીએ ત્યા સુધી આવી પહોચ્યો અને કે "નોટ" નોટ' બોલવા લાગ્યો હુ કાચમાથી સુતો હતો તેવોજ ઉઠી પાછળ દોડયો એટલ એ નાસી ગયો નહીં તો પકડીને ધુલધાયત

મી સુધડીઆ સવારે અમને જણાવ્યા વગર નોટ લેવા ગયા હતા એ વાત પાછળથી અમે તેમને મોઢે સાભળી

* * *

મી સુધડીઆ મુબાઇ મુનીસીપાલીટીની ટ્રેનીગકારમા દાખલ થયા હતા એ પોતે ક્ષત્રિયમાથી ઉતરી આવવાનો દાવો કરતા અને પોતાનામા એવા જુસ્સો છે એમ જણવે અજાણ્યો માનતા એ જુસ્સાને કેળવવાના હેતુથી તથા પોતાના પૂર્વજોની આબરુ પર પાણી ન ફરી વળે એ હેતુથી તેમણે લશ્કરમાં તાલીમ લેવાનુ ઉચિત ધાર્યું હતું એમના પછી હુ પણ ગમત ખાતર ટ્રેનીગકારમા દાખલ થયો હતો

શીઆળાની રજાની શરુઆતમાજ અમારી દુકડી દેવવાણી ઉપડી અમારે માટે મુકરર



તેઓ ધીમેધીમે સામે ગયા અને "સર" કહી વાતની શરુઆત કરી.

કરેલા એક મેદાનમાં અમે બધાએ પોતપોતાના તંબુ ઠોકી દીધા. સદ્‌ભાગ્યે મારે અને સુધડીઆને એકજ તંબુમાં રહેવાનું પ્રાપ્ત થયું. તેઓ તાલીમની ઝીણામાં ઝીણી બાબતમાં રસભર્યો ભાગ લેતા. ઓફીસરો સમક્ષ વારંવાર તેઓ પોતાની લાયકાતનો દાવો રજુ કરતા. આખરે તેમને "લેન્સકોરપોરલ" (લાન્સ કોપરેલ) બનાવવામાં આવ્યા.

ટ્રેનિંગમાં બીજે દિવસે હું ટાઇમસર ઉઠેલો નહીં હોવાથી તે મને ઉઠાડવા આવ્યા. મી. સુધડીઆ મને કંઈ કહેવા ઇચ્છતા હોય એમ જણાયું. આખરે મનની મુંઝવણ ઉકેલતાં માલમ પડયું કે તેઓ લોટે ગયા સંબંધી વાત કરવા માંગતા હતા. મેં એમની પાસે વિગતવાર વાત કઢાવી. કંપની જગ્યા મુખ્યત્વે ગોરા લશ્કર માટે હોવાથી પાયખાનાં વગેરે તેમની ઢબ મુજબ હતાં. આગળ બારણાં તો મળેજ નહીં અને અંદર રહેલ સીસ્ટમ હતી. મી. સુધડીઆના કહેવા મુજબ તેઓ રહેલ પર ચઢી દેશી રીત મુજબ

જોઇ ત્યારે તો રડુકસાથે તેઓ પણ ગમગમવા લાગ્યા પછી સુધરીઆનો એક પગ લપસ્યો, પગલું થવાથી પાછળ ઉભેલો ભગી ચમક્યો અને આગળ આવી કેમ બેમલુ તે પછી સુધરીઆને શીખવાડી ગયો આ બનાવથી તેઓ કેપના કેટલાક વર્ગમાં પ્રિય થઇ પડ્યા હતા

રાત્રે હેલમેટ માથે પહેરવાની અમને મનાઇ હતી સાજ તથા રાતને માટે લાલ ઘરડી ટોપી અમને આપવામા આવી હતી. પણ શ્રી. સુધરીઆ હમેશ અમલદારૂપે રાત્રે પટ્ટીમાં હેલમેટ પહેરી 'રોનમેન' ની પરેડમા આવતા એક દિવસ સાર્જંટ મેજરની નજર પડી ને તેમણે કારણ માગ્યુ

શ્રી. સુધરીઆ પહેલા મકેજ મુંઝવાયા પણ આખરે નીડરપણે જવાબ આપ્યો

સાહેબ, હેલમેટ ન પહેરુ તો મુનરહક આવે !"

' તમે "મુનરહક" (ગાડા) નો પહેનેરી ઉજર " સાર્જંટે ટપાક મારી આખી ટુકડી હસી પડી, પણ શ્રી સુધરીઆ તે સમજી શકયા નહીં.

* * *

અમલદારનો જવાબમુખી હાટપ ત્યારે શ્રી સુધરીઆ સીનીઅર બી ક્લાસમા હતા. અમલદારનો ચેમને પણ ચેપ લાગ્યો પણ દેશનેતાઓને દાઢી રાખતા જોઇ તેમણે પણ દાઢી રાખવા માંડી એકેક મામલા એમની દાઢીરૂપ દાઢી પર ચઢ્યા કરતો હાલ જણાયો.

એક સાજે પરીક્ષા પછી શ્રી સુધરીઆ ની દાઢી તો ઠીક પણ મુછ સુદ્ધા ગુમ થયેલી જોઇ મને અચંબો થયો પુછ્યા જણાયું કે તે દિવસે દાઢી ' ટ્રીમ " કરાવવા શ્રી સુધરીઆ સલુનમા ગયા હતા તેઓ પહેલવહેલાજ સલુનમા ગએલા હોવાથી મે એમની પાસે વિગતવાર વાત કઢાવી

" સલુનવાળાને દાઢી ટ્રીમ કરતા ન આવડી ?"

"ને હુ તને બધી વાત કહુ સલુનમા જઇ પહેલા તો મે દાઢી ટ્રીમ કરવાનો ભાવ પુછ્યો "

' વાહ, શો ભાવ કહ્યો ?'

' આઠ આના પણ મને ભાવ પુછતો જાદ બધા હજામો નવા ધરાકો હમતા હતા કદાચ મને ભાવ વધારે કહ્યો હશે તેથી કેમ ?"

" નહીં, એ તો કાઇ મીજી વાત પર હસતા હશે પછી ?'

' મને એક ખુરશી પર બેસાડ્યો અને એક હજામે દાઢી ટ્રીમ કરવા માંડી, પણ મને ઉંચુ નીચુ નહીં જોવાની તથા નહીં હાલવાની વરદી આપવામા આવી દાઢી કાપ્યા પછી મે સામે અરસામા જોયુ તો જણાયુ કે શાનાએ મીઆજાદ જેવી આકૃતિવાર દાઢી બનાવી દીધી હતી

તેમા શુ થયુ ? એ પણ ફેશન છે કે નીં ?

એ ફેશન આપણને પસંદ નથી મે એન દાઢી બધી મુંડી નાખવા કહ્યુ પણ પહેલા જણાવી દીધુ કે હવે તો આઠને બદલે છ આનાજ આપીશ

પણ આ મુછનુ કેમ ?

શાનાએ મને કહ્યુ કે શાન તુમ હના તો આપી મુછ કટ જાય ઇસમે મેરા કુછ ગુના નહીં હે ' હવે શુ કરવુ ' મે જોયે બધી મુછ કાઢી નાખવા કહ્યુ '

પણ એમને મુછ જરાયે જચી નહીં !"

શાસ્ત્રો કહે કે 'માણસના શરીરમા મુછ કેમ આ' એની વાત તો ખરી લાગી

મેં છ આનામાં એનો દમ કાઢી નાંખ્યો. અરે, મોઢું ઘોવડાવ્યું. શાલો કહે કે આંખો મીંચી દો. મેં કહ્યું કાયકે વાસ્તે. મારો હાથ બીસા પર ગયો, રબેને શાલો બીસું કાતરતો હોય. એટલામાં તો એણે મોઢા પર પચાક-પચાક ઝીણા રેરે પીચકારી લગાવી અને દુવાલ વડે મોઢું સાફ કરવા માંડયું. જતી વખતે મને બધા હુન્નમોઝે "આદબ્બો શેહ" કહી વીદાય આપી."

મી. સુધડીઆ સલુનમાં જવાના છે એ વાતની જો મને પહેલેથી ખબર પડી હોત તો જરૂર દાઢી ન થઇ હોત છતાં તેજ સલુનમાં તેજ વખતે હું જતે. એમ ધારત કે એટલા પૈસા સીનેમામાં ખર્ચ્યા હતા.

* * *

મી. સુધડીઆના જીવનની સાંકળની આ તો થોડીએક કડીઓ છે. ભવિષ્યમાં વિશેષ નવીન અને તરેહવાર કડીઓ ઉમેરાતી જશે ત્યારે વાચક! એનો કૈં ખ્યાલ તને કરાવતો રહીશ. અત્યારે મી. સુધડીઆની મનમોહન મૂર્તિ ક્યાં હશે તે તો માલમ નથી, પણ મારા એક મિત્રે થોડા વખત પર એક પત્રમાં મને જણાવ્યું હતું કે, મી સુધડીઆને મરજા જેવું કૈંક થઇ જવાથી લાહોરના એક સ્પેશ્યાલીસ્ટ પાસે તેઓ દવા માટે જવાનું કહેતા હતા. પણ હમણાંજ મારા બીજા એક મિત્રે ખબર કરી કે તેઓ તદ્દન વિદેશી પોશાકમાં માથે ફેંટો બાંધી ફેંટની દરેક ઓરીસની મુલાકાત લેતા હતા. મહાનુભાવોના ચિત્તને કોણ પારખી શકે?

હૃદયનો હકીમ

રચનાર:

રા. કેશવલાલ પોપટભાઇ વૈદ્ય

ગઝલ.

હકીમ હુશીઆર આલમના, દુઃખી દીલને દવાઇ દે;
પડીને મંત્ર જાદુના, અજબ પુડીઆં તું પાઇ દે. ૧

હમારાં દર્દ ભીતરનાં, હકીમ જો આપ અંતરના;
જલે છે આગ અંતરમાં, મધુર સરબત પીલાવી દે. ૨

જખમ ઉંડા હૃદયના જે, રુઝાવા અર્જ મારી છે;
પડીભર તું વિચારીને, મલમપટ્ટી લગાવી દે. ૩

નજર* તુજ હાથમાં આપી, હવે તો દર્દને માપી;
હમારા વહેમને કાપી, જદીબુટ્ટી બનાવી દે. ૪

કીતાબોમાં દવાના જે ઉપાયો શું નશામા તે;
પ્રતિકૂલ શું થવાના છે? સમજ સાચી જણાવી દે. ૫

અનુકૂલ કાળ ને દેશે, ફરું ધું દર્દીને વેશે;
હૃદયમાં સ્થાન તે લેશે, દુઃખોને જે ભુલાવી દે. ૬

* નજર=નાડી.

મયખાનુ આ ખીનનુ દીન

રચનાર

ના સીતાનાથ જે ગમા

ખિદ

ના ફજમ

સા. શ્રી ખડ ક ત ચ
ભાગના ૭ ૨ ૭૭ ૭૭મને
મળેલીવ ભાગ્ય ખુશ છે
મયખાનુ આ ખીનનુ દીમે

લી ર્ચ ભરેલ શ્રુ ના
નરમલર ી ા ભા ખડ
ી ાારે ા પાન ગ્યો
મયખાનુ આ ખીનનુ ગમે

આરાક ખો મ ુક નખો
રકૂજયુ પરવા શી ધનીર
ર ીસ ના ર ચવી
મયખાનુ આ ખીનનું રીમ

મરશીદ બદ્દી ને બોલીગા,
છે ભરત મરતાના મજા;
દીદાર સૌનાં જો થતાં:
મયખાનું આ બીજું દીસે.

ખુશસુન્ત આ નાજનીના,
ગાલની લાલી ભર્યા –
ઉલ્લા શરાબની ખલ્લાયી:
મયખાનું આ બીજું દીસે.

દિલેશ યારી યારદો,
આવી બડી રબ્બુમ થતી:
નાચી સનમ મોજાત થતાં:
મયખાનુ આ બીજું દીસે.

મદેરીશ ખુશ બરાબ છે,
જ્યમે શીશાજ ઉડી રહ્યા;
માશુક બની દીલડા તાજી:
મયખાનું આ બીજું દીસે.

ચિત્ર ૧૯૧૯ : ભીષ્મ પર્વ અર્જુન કૃષ્ણ
ને ગીતાજ્ઞાન આપે છે

[૧૯૧૯]



૧૦૬	મહિપૂર્ણ	મા ચ	મહિપૂર્ણ
૩૩૬	પ્રેમ	,,	પ્રેમ
૨૨	આશ્વિન	,,	આશ્વિન
૪૪૧	ફાલ્ગુન	સાહિત્ય	ફાલ્ગુન
૨૪૧	પ્રેમ	,,	પ્રેમ
૧૧૬	ફાલ્ગુન	ચાર્યા	ફાલ્ગુન
૨૦૧	મહિપૂર્ણ	રમણલાલ કનૈયાલાલ મહિપૂર્ણ	મહિપૂર્ણ
૬૦	આશ્વિન	રવિ૬ રણછોડરાય અમદાવાદ રમણ રહેસ	આશ્વિન
૨૪૬	આગંતુકીર્ય	ત્રનીમ	આગંતુકીર્ય
૩૬૬	પ્રેમ	,,	પ્રેમ
૪૬૦	માય	,,	માય
૪૪૪	ફાલ્ગુન	,,	ફાલ્ગુન
૬૩	મહિપૂર્ણ	,,	મહિપૂર્ણ

ગ્રાહકોની
ફરિયાદ બાબતો
ફરજિયાત
ગ્રાહકોનો ભાઈ
ત્રીજો
ચમત્કારિક
ગુજરાતી

વારી,
ક્રય-
વાદ

નવો ગ્રાહક

અંબાલાલ ગોહેલનો અમદાવાદ, મધુવનના વતની, ગુજરાત કોલેજમાં રસાયણશાસ્ત્રનો અધ્યાપક

સારાભાઈ .. ..

અંબાલાલ ગોહેલનો એકજ પુત્ર—બાળપણથી પીતાપ્રત વસેલો પ્રથમ અભ્યાસાર્થે, અને તેથી એકાકીપણાનો રંગ એટલો લાગ્યો છે કે નખશિખ લગી યુરોપીઅનજ બની ગયો છે અંબાલાલ શોધ તો તે જ-ખ્યા પહેલાજ તેને સીતીપીઅન બનાવવાનો

મોહન-માયા

[હાસ્યરસપ્રધાન ત્રિઅંકી નાટક]

લેખક

પ્રોફેસર ભુગાન તખકશી શાહુ

બી એ બી એસ સી બેરીસ્ટર-એટ-લો

સભ્ય સાહિત્યમંડલ

ચિત્રકાર

રા. શિવરામ લાડુભ

આ અમ

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અમથાલાલ શેઠ	મુંબાઇના એક ધનાઢ્ય વિદ્વાન વાનપ્રસ્થાશ્રમના ભવધારી ગાંધીધિનછ મા ગરકાવ ને સાબરમતી તીરે વસનાર ગૃહસ્થ-ધનમંપત્તિ મુંબાઇમા મળવી પત્નીના સ્વર્ગવાસ પછી અમદાવાદ મા રીટાયર્ડ થયા છે
નરોત્તમદાસ	અમથાલાલ શેઠનો કમાઉ મધુરીનો વર ગુજરાત કેલેજમાં રસાયણ શાસ્ત્રનો અધ્યક્ષ
લાવાભાઇ	અમથાલાલ શેઠનો એકજ પુત્ર બળપણથી પીતાપુત્ત વસ્તેલો પ્રથમ અભ્યાસાર્થે અને તેથી ઓશડકનો રંગ એટલે લાગેલો છે કે નખશિખ લગી યુરોપીઅનજ બની ગયો છે અમથાલાલ શેઠ તો તે જ્યા પહેલાજ તેને સીવીલીઅન બનાવવાનાં

સ્વમાં જોઈ રહ્યા હતા, પણ પરીક્ષકોના કમનશીબે સારાભા શેઠ આઇ. સી. એસ.ની પરીક્ષા નાપાસ કરી અને બેધડ બૉક્સફર્ડની ત્રીજા વર્ગની પદવી લઈ બારીસ્ટર બન્યા. ચંપાલાલ શેઠ નિરાશ તો થયા; છતાં બારીસ્ટરમાં પણ સ્વપ્નસિદ્ધિને સંભવ જણાયો એટલે નવી આશા ઉત્પન્ન થઈ. તે આશા પણ વિલાસી, સુખપ્રિય સારાભાઇએ કતલ કરી અને ચંપાલાલ શેઠના ગોડીઆ ગોપાળદાસની પારીગની પેઠીમાં તે મોતી વેચના મેનેજર બન્યા. વિધાતાએ બારી આપી–લક્ષ્મીની અણધારી અઢળક મહેર થઇ અને બારીસ્ટર સારાભાઇ–રૂદ્ધ ગએલ રીવીલીઝન–યુરોપના નામાંકિત ઝવેરી ગણાવા લાગ્યા. બેટા પિતા તેમજ અન્ય કુટુંબીજનોને મળવા પુનઃ હીંદુસ્થાન પધાર્યા છે–શીઆળાની મોસમ માટે.

મોહનદાસ ... ... નરોત્તમદાસનો બાળમિત્ર–પૃથ્વીપ્રવાસી, અનેક અનુભવથી ઘડાયલો નરવીર.

જીવરાજ ... ... અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ, નરોત્તમનો રસાયણપ્રયોગમાં સહાધ્યારી.

સરદાર હીરાસિંહ ... પંજાબનો એક અગ્રેસર તાલુકદાર, અસહકારી પુત્રનો પિતા.

શીવાય નાનાલાલ કવિ, રવીંદ્રનાથ ટાગોર, સી. એફ. એન્ડ્રયુઝ, મોહનદાસ ગાંધી, અનુપરાય બોમીઓ.

સ્ત્રીવર્ગ

માયાવતી... ... ... અંબાલાલશેઠની બહેન–આધેડવયની, અર્ધદગ્ધા, કવિકલાધેલી ભામિની.

મધુરી ... ... અંબાલાલશેઠની મોટી દીકરી, નરોત્તમની પત્ની, ટાગોરમાયામાં મગ્ન નવોઢા.

પુષ્પા ... ... તેની નાની બહેન.

નોકર, ચાકર ઇત્યાદિ.

અંક પહેલો

સ્થલ :

અમદાવાદમાં સાબરમતી તીરે અંબાલાલ શેઠના બંગલાનું મુખ્ય દીવાનખાનું.

[અંબાલાલશેઠ ગાંધીજીના અમતીમ ઉપાસક હોવાથી મહાત્માએ પંચવિધ અસહકારવ્રત આરંભ્યું ત્યારથી શેઠજીએ બધો છોડી દીધો હતો, કારણ બધો મીલસ્ટોરનો હતો. મજૂરી ધારણ કરવી આર્થિક

રવિબાબુના પુતળા પાસે છેક પેલે છેડે–કાચના મોટા દરવાજામાંથી બંગલાના બાગનો દેખાવ બતાવાતો હતો, અને નાનાલાલના બરફ પારેના દરવાજામાંથી ઘરના બીજા ભાગમાં જવાનો રસ્તો હતો.

પડદો ઉઘડતાં અનુ ભોમીઓ કેટલાક પ્રવાસીઓને દીવાનખાનું બતાવતો દેખાય છે. પ્રવાસીઓમાં એક પારસી વૃદ્ધ, એક ફીરંગી સાઇકલીસ્ટ, એક અમેરીકન બાનુ અને એક પ્રણયીયુગલ હતાં. પ્રવાસી પ્રેક્ષકો પ્રત્યેક વસ્તુ જુએ છે, સ્પર્શે છે અને ફાવે તેમ પ્રશંસા, ટીકા કે કટાક્ષ કરે છે. વચ્ચગાળે મુકેલી નાની મેજ પર પ્રેક્ષકોને સહી કરવાનું પુસ્તક છે. અનુ ચાલીશેક વર્ષની, બડબુઝીઓ અને આસ્તે, સ્પષ્ટ, પણ એકજ સ્વરે બોલનાર ચાલાક ભોમીઓ છે.]

અનુ

[વૃદ્ધ પારસી પ્રેક્ષકને પુસ્તકમાં સહી કરતો જોઇ] આપનામાંથી કોઇએ પણ હજુ આ રજીસ્ટરમાં સહી કરી ન હોય તો કરી લો. [પ્રેક્ષકને આંગળી ચીંધી પુસ્તક બતાવે છે. અમેરીકન સ્ત્રી સહી કરવા આવે છે] [એક પળ જવા દઇ] ગમે તો કોઇ ઉત્તમ સમયોચિત શ્લોક કે વાક્ય સહી સાથે ઉમેરજો.

[પ્રણયી યુગલ અતિમંદસ્વરે પોતપોતામાં ગુફ્તગુ ચલાવે છે.]

મોતી

મણિ, વહાલી, તારે ગાનવુંજ પડશે.

મણિ

પણ હું શું કરું? મોતી! મારી હીંમત નથી ચાલતી. મને શરમ.....

મોતી

પણ એમાં શરમ કેવી? અને કાલ તો વણી પાંચમ છે.....

અનુ

[તેમની તરફ ધ્યાન ખેંચાવાથી] પ્રદર્શન જોવા પધાર્યા છો સાહેબ?

મોતી

[ઉતાવળો] હા, હાજી.

અનુ

વારુ ત્યારે, આણી મેર પૈસા આવો. [જમણી ગમ નાનાલાલના પુતળાથી પ્રદર્શન બતાવવું શરુ કરે છે. મણિ–મોતી છેક પેલે છેડે રવિબાબુની પ્રતિમાની ઓથ લે છે અને ત્યાં પોતાનીજ પ્રણયકથામાં પ્રદર્શન વિસરી જાય છે.]

પારસી

વારુ આવા, ત્યારે ખરેખર આપ ઘેરમાં મીસ્ટર રવીંદ્રનાથ ટાગોર રહેતા હતા કે?

અનુ

[તેને ઉત્તર આપતા પહેલાં ફીરંગીને એક કોચ પર બેઠેલો જોઇ પ્રદર્શનના પ્રેક્ષણવિધિનો એક નિયમ બતાવે છે.] "પ્રદર્શનના કોઇપણ આસન પર પ્રેક્ષકોને બેસવાની મનાઇ છે."

ફીરંગી

તો ફીર આદમી બયઠે કહાં? ખડે હુવે હુવે તો પાઉં દુખને લગે [નિશ્ચિંત બીડી સીગારેટ પીવી શરુ કરે છે.]

અમેરીકન સ્ત્રી

Oh, my! And so, you say, your great man Gandhi had pitched his camp right here, eh?

અનુ

[મણિ–મોતી તરફ દૃષ્ટિ જવાથી, મણિને રવિ બાબુ પર હાથ ફેરવતી જોઇ પુનઃ પ્રદર્શનના પ્રેક્ષણવિધિનો નિયમ સુચવે છે–મોટેથી] "પ્રદર્શનમાંની કોઇ પણ વસ્તુને હાથ અડકાડવો નહીં."

મોતી

[તેને સાંભળ્યા વગર] પણ મણિ, તારું ખરું કારણ કહેની?

મણિ

[અણીઅળા આખનો એકતીક્ષ્ણ પ્રહાર નાખી] તમારે હમેશ પરદેશ વસવુ મારાથી એકલા કેમ રહેવાય ?

મોતી

[હા અને ક્રોધના સમાન સામટા આવેશમા] ઓહો! મણિ તુ પણ [મણિનો હાથ રવિબાબુની બેથ રહી પકડે છે]

અનુ

[યુગને જવાબ ન આપ્યા એટલે તેમની પાસ આવે છે] તમે સહી કરી કે ભાઇ ?

મોતી

[સહાળો] હે શુ ?

અનુ

[બુજ ભારદાર પ્રત્યેક શબ્દ ક્રૂર સ્પષ્ટતથી ઉચ્ચારે છે] હુ—આપને પુછવુ ધુ કે—આપે પેલા—પ્રબંધપુસ્તકમા—સહી કરી ?

મોતી

સહી કરુ ? શા માટે ? [મોતીને શી વાત ચાલે છે તેનું ભાન કે પરવા ન હોય પણ મણિને ફજેતો કરવા નહોતો. મોતીને પારથી કેમ મારી તે પોતેજ સહી કરવા સમાવે છે મોતી તેની પાછળ ગુરુત્વાકર્ષણથી તણાતો જાય છે]

અનુ

[તેમને વાદ દેવા ભલામણ કરવા પુન શક્તિ કરે છે] હીક લાગે તો સહી સાથે કોઇ સમરોચિત શ્લોક કે વાકય બેલાશક ઉમેરજો

મોતી

વારુ સાહેબ [બને જણ સહી કરે છે, પળભર વિચાર કરે છે અને પછી વિચાર વિશ્વના સર્વોત્તમ સિદ્ધાંત સાપડવાથી તે સત્વર પ્રેમકમળમા અમર કરે છે દરમીઆન અનુબોમીઓ પુન કર્તવ્યસિદ્ધિમા બોધાવ છે]

અનુ

[વકતૃત્વનો ભાસ કરીને] આનુઓ અને ગૃહસ્થો આ રથાને પચીસત્રીશ વર્ષ પર અમદા વાદના કલકટર સાહેબનો બગલો હતો અને ત્યાં જ્યારે મોહનથ ટાગોર કલકટર થઇ આવ્યા હતા ત્યારે તેમની સથે તેમને બાનબધુ એટલે કે નના ભાઇ આજના વિશ્વવિખ્યાત એટલે કે જગપ્રસિદ્ધ ભારતભૂષણ કવિરાજ રવીંદ્રનથ ટાગોર પણ રહેતા હતા ગીતાજ લિ અમરપદ વરેલ આ માણી આવી ચિત્રા કૃતિ રચિકે કર્તાના બાલકાળ અહીંજ વીત્યો હતો અને તે સમયે પણ તમારા સ્મરણમુકુરમા દશ્ય જોશો તો તેમની અપ્રતીમ કવા પારિજાતક પુષ્પ પેઠે બીજની દેખશે [ફીરગીની સીગારેટનો ધુમાડો આવે છે તેથી અમેરીકન બાનુન છીંક આવે છે અનુતાપનું બાવણ રખિત થયું] અહીં ધૂમ્રપાન કરવાની મનાઇ છે [પુન વાકપ્રસાદ શરુ થાય છે] કવિરાજની શી અનુપમ કલ્પના શક્તિ શા અગમ્ય વિચાર! [ફીરગીને] સમજાત નથી ? કહુ છુ કે બ્રધર બીડી પીનેકો મનાઇ હય! બીડી પીવી હોય તો બહાર જા

ફીરગી

અમમા ? અચ્છા સર [ઉઠી ચાલતો થાય છે]

અનુ

[ફીરગી પાસેથી કે પણ અક્ષીમની આશા રખી હોય તો તે નષ્ટ થઇ એટલે બબડે છે] કેવો બેઅદબ! [ભાવણ વળી આગળ વધે છે] કેવી મુખમાથી શી અમૃતધારા ઝરી છે! વાગ્દેવીની પ્રસન્નતાથી કેવા અમર વચનો ઉચ્ચારી છે! [નાનાલાલના પુતળાને હાથ

દઈ ઉભો છે તેના પર અમેરીકન સ્ત્રીનું ધ્યાન ખેંચાય છે.]

અમેરીકન સ્ત્રી

Sure! This gug isn't Tagore as I saw him way back in Salt Lake city in the fall of.

અનુ

[ચોંકે છે. અંગ્રેજી સમજતો નથી, પણ ભૂલ તો તરત માલુમ પડે છે. પણ સમયસૂચક પ્રાણી છે એટલે વાત ફેરવે છે. એક બેન્ચ પાસે જઈ, બાનામાંથી બોરપલ્લની એક કલમ કાઢી બતાવે છે.] જુઓ, આ અમર કલમ—સારસ્વતપ્રેરિત લેખિની. અમર કવિની આ અનન્ય કલમ. રવિબાબુની રાજની, અંબાલાલ શેઠની દીકરીએ અગાધ પ્રેમે સાચવેલી રત્ન.

અમેરીકન સ્ત્રી

Let me see it! [હાથમાં લે છે. બીજા પ્રેક્ષકો સૌ કવિરાજના પુતળા પાસે જવાથી તેમની આમના તરફ પીઠ છે] How much? [હાથમાં રમેલા બટવામાંથી પૈસા કાઢવા લાગે છે.]

અનુ

[હાથ પકડે છે.] નહીં મેમસાબ, યે બેચનેકા નહીં. [બનુ બોલી કલમ મુકી દે છે.]

> બન્નેના હાથને કરચલેથી બાયાવતી મુકવા, નવોઢાને છાજે તેવા લીલાસમાં આવે છે.

બાયાવતી

[પ્રેક્ષકોને જોઈ સંકોચાય છે.] ઓ! પ્રભુ! વળી પણ પ્રેક્ષકો! આ તો હદ થાય છે. [બીજા માર્ગે પડી જાય છે.]

પારસી

[ભોળીઆને] આય હમના પરીની કાની આવી ગુમ હુઇ જનાર બાનુ કેમ ઉઠાં!

અનુ

અરે એ તો આ બંગલાના હાલના માલીક અંબાલાલ શેઠનાં બહેન બાયાવતી. લોકો એને બીસ બાયા કહે તો બાદસાહેબ ખુશ થાય છે. [ટાગોરનું એક ચિત્ર બતાવે છે.] આ જુઓ, ભારતીય કવિરાજની દેવાંશી મુખાકૃતિ. આ ત્રિકાલગામી દૃષ્ટિથી શું છુપાય! અને પછી આ જુઓ, આમ આવો.

ભોળી

[આત્મકથામાંજ મગ્ન રહેલો સાહેબ ઉંચેથી બોલી દે છે] અને તો પછી એનું મુખ જોઈ તું વિયોગવેદના વિસારી શકીશ.

અનુ

હેં! શું? [નાના ખેદ પર કંઈ સ્મિત ફરકે છે.] [પ્રેક્ષકોને] આ જુઓ, ભારતના લાખીર અને અસહકારના મહાદેવી મહાત્મા ગાંધીજીની તસવીર. એ પનોતા, પ્રભાવશાલી પુરુષ માટે હું શું નવીન કહી શકું કે જે તમે સૌ નહીં જાણતા હો! આફ્રીકાથી આવ્યા તમારે અહીં એમનો પ્રથમ મુકામ હતો અને એમના પાદારવિંદથી પવિત્ર બનેલી ભૂમિમાં પોતાના નિવૃત્તિકાળમાં વાસ કરવાના હેતુથી આ બંગલાના સાંપ્રત માલીકે તે ખરીદ્યો છે. મુબાઇના પ્રતિષ્ઠિત, સાહસિક વેપારી અંબાલાલ શેઠને કોણ ન ઓળખતું હોય, તોપણ મહાત્મા ગાંધીજી અને કવિવર્ય રવિબાબુના સહવાસમાં એ પોતે વિશ્વવિખ્યાત બનવાની હોંસ ધરાવે છે. [પ્રેક્ષકો સૌ ગાંધીજીના પુતળાની આસપાસ પીઠાયા છે અને ભોળીઆનું ભાષણ સાંભળ્યા કરે છે. દરમીયાન અંબાલાલ શેઠ પેલે છેડેના બાજને

દરવાજેથી દાખલ થાય છે અને પ્રેક્ષકોને લેખ જાનખાના ઉખાડિયા સાબળે છે] શેઠ સજ્જન પુરુષ છે અને રાજદ્વારમાં આગળ પડતા વિચાર ધરાવે છે મદિરાના ફેલ્પીન, કલાકૌશલના મુરબ્બી છે છે, અને ખુદ ગાદ્યસુખમાં પણ તેની મંજૂરસ્થાન તરીકે નામ લેવા દીધી છે સામે કપીઆ ભરવી તેમણે દીનના આ ભણીતા નરવીરોની રમારક વસ્તુઓ અનેક મુશીબતે એકઠી કરી છે આ બુઓ [જમણી ગમની



બતામા પેન ફેબ્બ બડ તે ન રે છે અને પ્ચ મદ્રોર નજ પર મુકી દે છે

પ્રજાના નેતાઓ માટે, દેશના ઉદ્ધારકો માટે શોખીનોના ઉચ્ચ ભાવના પ્રગટાવવામાં પોતે સર માનતા હોવથી તેમણે અતિશ્ય ઉદાર દૃષ્ટિએ પોતાનું આ ખાનગી આરામગૃહ, પણ એક જાહેર પ્રદર્શનરૂપે લોકોને જોવા ખુલ્લું મુકવું

ભીંત પર મહ માણની છબી ઉપર લટકાવે] અબાબાન શેઠની સોનેરી ખાનગી મદદની યોગ્ય કદની ખાસ તક આગળી કરે છે]

અબાબાન શેઠની તસ્વીર

પારસી

આપ એવન પોટેજ કે? [ચારીબારીને એક પળ જુએ છે] બેજું તો બહુ ઠીકનું નથી. એ તો સાહેબો, ક્રીસમટ સીકંડરની બોલબાલા છે.

અમેરીકન સ્ત્રી

Just like your other great guns of commerce Heavy, brutish, anything but refined, spiritual, artistic! [તેને મુદ્દ કરી સામેની ગાંધીજીની બાદીપટ વાળી તસ્વીર નીહાળે છે. અંબાલાલ શેઠ ઝંખવાણા પડી પુનઃ બાગને દરવાજેથી બહાર જાય છે.]

અનુ

[વાત બદલાવા] આ ફોટા જોયો? [પુતળાની ડાબી બેર ભીંત પાસે પડેલા એક આસનને બતાવી કહે છે] ગાંધીજીનું પ્રિયતમ વિશ્રામાસન. દરરોજ સવારે અંબાલાલ શેઠ આજ આસન પર બેસી નવજીવનનો મંત્ર આરાધે છે. [જમણા હાથે દરવાજો બતાવી] આ તરફથી મારી જોડે આવો તો અંબાલાલ શેઠનું અભ્યાસગૃહ–આગળ બુદ્ધ ગાંધીજીએ વાપરેલું પુસ્તકાલય–બતાવું. એને નવજીવન-મંદિર કહે છે.

પારસી

અને ટાગોરવાલો ઓરડો કાં છે?

અનુ

[ડાબા હાથની ભીંતની પેલી બેર બતાવતો] આ ભીંતની પેલી બેર કવિરાજનું શયનગૃહ છે. હાલ ત્યાં માયાવતી બહેન રહે છે અને તેને "ભાનુભુવન"નું નામ આપ્યું છે. આપણે નવજીવનમંદિર જોઇ બાયા–બહેન કે ભાનુ-ભુવનમાં જઇશું. [ત્રેપકો નાનાલાલના બરટને નીરખતા જમણે દરવાજેથી જાય છે. માત્ર અમેરીકન બાનુ પાછળ રહે છે.]

અમેરીકન સ્ત્રી

[એકાંતનો લાભ સાધી, જે મેજમાં પેન રાખી હતી ત્યાં જઇ, બટવામાંથી સોનામહોરો કાઢી, અનુબોનીઆને લલચાવે છે.] Come! Out with your great man's pen! five gold sovereigns for it!

અનુ

No, lady, pen not sell! [તો પણ બાનું બોલે છે તો ખરો. બાનામાં પેન દેખી બાઇ તે ઝડપે છે અને પાંચ મહોર મેજ પર મુકી દે છે. અનુ ભુલમાં તે પોતાના ગજવામાં સેરવી દે છે. પછી ઉભાય જમણે દરવાજેથી અદૃશ્ય થાય છે.]

મણિ

નહીં વહાલા, નહીં. કોઇ જુએ તો.....

મોતી

જો હવે કોઇ નથી. મણિ, વહાલી! આ છેવટનું ચુંબન છે. કેટલાંક વર્ષો સુધી.... [ચુંબન કરે છે. અનુ પાછો આવે છે.]

અનુ

ઓ હો! હી! હી! હી! [હસતો હસતો પાછો જાય છે.] આ બોમીઆનો ધંધો કેં નાંખી દેવા જેવો નથી. છપ ભી કલમ સેંકડે વેચી અને આજના જેવા બીલ્લુ મળે તો છોકરાને ચાકરી શોધવી નહીં પડે. હા! હા! હા! હા! [અદૃશ્ય મણિ મોતી પણ શરમીંદાં થઇ તેની પુઠે જાય છે.]

બાગબહારથી સારાભાઇ દાખલ થાય છે.

સારાભાઈ

કેવું સ્વાગત થશે? બાપા તો હજુ જેવાને તેવાજ મારા પર ચીઢાયલા લાગે છે. [અંબાલાલ શેઠની છબી પર નજર પડતાં]

આ રહ્યા ડાસાઓમા ફેર બહુ પડયો લાગતો નથી. મારી સાથે કરી તેમ છોકરીઓ સાથ કરવાથી ન કરતા હોય તો સારુ [સારાભાઇ તદ્દન પુરોપીય લીબાસમા છે ઉંચો ને ગોરો અને બીજા બડમુજા નકલી પુરોપીઅનોથી જાણે પોતાને નોખો પાડવા ચહેતો હોય તમ તેણે દાઢી મુછ રાખ્યા છે કાળી ઘાડી દાઢીથી તેના મુખસૌંદર્ય મા ઓર વધારો થયુ છે]

પુષ્પા

[બહુ દૂર વાજેલા હાર્મોનીયમની કોમળ સુરસિંચન લહર આવે છે સારાભાઇને જોઇ બરડા ચાલ્યા છે] ઓ!

સારાભાઇ

[ઓરડામા ફરે છે અને પુષ્પાને જુએ છે] પુષ્પા! અરે બહુ મોટી થઇ ગઇ છે!



સારાભાઇ રેતા બેઠા પુષ્પને ખોળામા લે છે પુષ્પ ચકરાય છે

પુષ્પા

[ઓળખતી નથી પણ સરસ માણસનું સ્મિત કરે છે] પ્રણામ ભેરવા આવ્યા છો! [બારણામા સારાભાઇ દેખાય બહુ પુષ્પાને બાથમા લીધી છે પુષ્પા ચકરાય છે] ઓ! ઓ!! આ શું કરો છો? છોડ છોડ મને! [બહારના ખંડમા મેજ પર [ઢગલો

સારાભાઇ

[ખુબ હસે છે] પુસી આર યુ ડીઅર પુસ! ભાઇને પણ ભુલી ગઇ કે?

પુષ્પા

કોણ સરુ? ભાઇ ભાઇ [જલપાત્ર મેજ પર મુકી તેની સામે નીરખે છે]

સારાભાઇ

બહુ બદલાઇ ગયા કુ હે બેબી?

પુષ્પા

[હવે ઓળખાણ પડે છે] હાસ્તા તુ ગયો ત્યારે કેવો કુમળો પતળો બચ્ચા જેવો હતો

સારાભાઇ

હેં હેં પણ તારા જેવી કાઇ અને હવે [ઉદાસ પડી જાય છે] હવે બચ્ચા બાબો બનો છે સમજી બેબી?

પુષ્પા

કેવી મોટી મુછોની દાઢી! ડાકોરને પણ લજાવે [હેતના ઉભરાઇમા] તે ખરેખર મને બીવરાવી હતી સારુ! હું તો બહુ ડરુ છુ તો! [સારુની કોટે વળગે છે]

સારાભાઇ

તુ બીકણ! બનીબાની હસ્યા ચાલ્યા વિના પુતળી જેમ ઉભી રહી હતી નહીં કે!

પુષ્પા

નહીંતો. મારો આત્મ-બચાવ ન કરું ?

સારાભાઇ

તેં ખરેખર મને ઓળખ્યો નહીં બેબી ?

પુષ્પા

નહીંતો. આ સારાભાઇ ! ઉભો રહે એક પળ. હું બાપાને બોલાવું. [જરા મોડે છે.]

સારાભાઇ

[તેનો હાથ પકડી જતી અટકાવે છે.] નહીં, જરા સબુર. હજુ પણ બાપાજી મારી ભેડે જેવાને તેવા ગુસ્સેજ રહે છે કે ?

પુષ્પા

[એક નાનો નિઃશ્વાસ નાખી] હારે ! તારું નામ સુદ્ધાં પણ લેવા દેતા નથી.

સારાભાઇ

બાપાનો કંજૂસીનો સ્વભાવ ન ગયો, હે ?

પુષ્પા

ના. મધુ કે હું તને કાગળ લખીએ તેની મનાઇ નથી, ફકત તારી જાણે પરવાજ ન હોય તેમ કોઇ વાર પડપુછ કરીજ નથી– ખબરઅંતર પુછીજ નથી.

સારાભાઇ

પણ મારો અપરાધ શો ?

પુષ્પા

અપરાધ ? આટલાં વર્ષ તને વીલાયત વસાવ્યો તે આખરે વેપારીની નોકરી કરવા માટે ? [પુષ્પા હસે છે] મને પોતાને તો એમાં કંઇ ગમ પડતીજ નથી. પણ મધુ અને બાપા તો તું સીવીલ સર્વીસની પરીક્ષામાં નાપાસ થયો એજ તારો મોટો અક્ષમ્ય અપરાધ સમજે છે.

સારાભાઇ

[એ પણ હસે છે.] સીવીલ સર્વીસ નોકરી નહીં કે !

પુષ્પા

હા હા પણ સરકારી, અમલદારી.

સારાભાઇ

પરદેશીની ગુલામગીરી કહેને !

પુષ્પા

હવે તો બાપા પણ એમજ કહે કે પણ આ તો વેપારીની નોકરી લઇ તેં આ વડાઇને ગનબાની હાનિ કરી અને બાપાની હોંસ ધુળમાં રગદોળી.

સારાભાઇ

[સહેજ નાખુશી બતાવી] પણ દરેક પરીક્ષામાં કંઈ દરેક જણ પાસ થાય ? હું નપાસ ન થાત તો બીજા કેમ પાસ થઇ શકત ? આપણે કયાં કંઈ નોકરીની પરવા હતી ? પણ બીજા કોઇને તો તે પેટ ભરવાનું સાધન ! પૈસાદારજ પુત્ર એમ પરીક્ષાઓ પમાર કરે તો ગરીબોના પેટ પર લાત મારી ન કહેવાય !

પુષ્પા

તે આપણે કંઈ ન સમજીએ ભાઇ ! બાપા સાથે માથાકુટ કરી લેજે. પણ સરકારી નોકરી નહીં તો બારીસ્ટર બન્યો ? તેને પણ કેમ રદબાતલ કરે છે ?

સારાભાઇ

મારા કરતાં તો તું બારીસ્ટરપણું હીક બજાવે છે. જોતીં બેબી, મને હવાબારાનાં બહુએ વખો મળ્યાં. હવે કંઈ કામ કરવાનું કોઇ વાર મન થાય છે. તો ન કરું ? બારીસ્ટર બની મુંબાઇમાં દશ વર્ષ લગી માંખ મારવા શીવાય બીજું કામ મળત ખરું કે ?

પુષ્પા

તેં કોઇ વાર પ્રયત્ન કર્યો હતો કે ! [ભાઇબહેન હસે છે.] બાપા તો એમજ માને છે કે તેં ગોપાળદાસના ગુમાસ્તા બની એમનું નાક કાપ્યું છે.

[આ રસિક નાટકનો વિશેષ ભાગ આવતા અંકમાં]

સ્વીકાર

આશ્રમહરિણી કર્તા. અધ્યાપક રા વામન મલ્હાર જોશી, બી એ અનુવાદક અધ્યાપક રા હરિલાલ માધવજી ભટ્ટ એમ એ પ્રકાશક રા રમણભિરામ ગોવર્ધનરામ ત્રિપાઠી. સુરત મૂલ્ય રૂ ૦-૧૨-૦

બાળવિહાર (ગાંડીવ સાહિત્યમાળિકા પુષ્પ ૪-થું સચિત્ર) કર્તા રા ઈશ્વરલાલ દીમાવાળા પ્રકાશક ગાંડીવ સાહિત્યમંદિર સુરત મૂલ્ય રૂ ૦-૧૨-૦

આર્ય ધર્મવિચાર (ભાગ ૧ લો) લેખક રા. રંગનાથ શ્રીનાથ ધારેખાન બી એ પ્રકાશક શ્રી માણેકલાલ અમથારામ ડાકટર વડોદરા મૂલ્ય રૂ ૧-૮-૦

વડોદરારાજ્ય–પ્રજામંડલ (પાટણમા ભરેલી આથી એ વખતે પ્રમુખસ્થાનેથી) રા. મણિભાઇ હ કાંટાવાળાએ (તા ૨૩-૩-૨૪ ને રોજ) આપેલુ ભાષણ

મુનિચારિત્રલતા–સ્તવન અને સાજની (મહત્સા જૈનમ ઐલનમૃત) (ગુજરાતી સાહિત્યમંડલ-પત્રિકા ત્રીજી) પ્રગટ કર્તા ગુજરાતી સાહિત્યમંડલ, સુરત .

કેવાડી-કાનના સવાદો તથા કલાપીના ધર્મવિચારો એ સ્વ મુનસિહજી તથા સ્વ મણિશંકર રત્નજી ભટ્ટ પ્રકાશક રા જીવનલાલ અમરજી મહેતા અમદાવાદ મૂલ્ય રૂ ૦ ૧૨ ૦

શ્રીમદ્ભગવદ્ગીતા—(સસ્ય પ્રથમાવાસ ૧૪) અનુવાદક સ્વામી શ્રીમદ્ વિજ્ઞાનાનંદજી પરિવ્રાજક પ્રકાશક દી જ્ઞાનદીપિકા પબ્લીશીંગ હાઉસ, આગ્રા મૂલ્ય રૂ ૦-૧૨-૦

ઐતિહાસિક વાર્તામાળા—(સોમલતા ૩) ચોજક નાગરદાસ નરભાઇ ચોકસી–અધ્યાપક ભરુચ કેળવણીખાતુ પ્રકાશક શ્રીગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મૂલ્ય રૂ ૦-૧૨-૦

ગીર્વાણ ભાન ઇન્દીય ગ્રોત્ર (વિદ્યાપીઠ શિક્ષણવિષયક પુસ્તક ૨૧ મું) સંપાદક રા. બી જી ઠાકોર અને રા કે બી સીપાઈમલાની પ્રકાશક રા કીશોરીલાલ ઘ મશરુવાલા મૂલ્ય રૂ ૧-૪-૦


હુંડી સ્વરાજ્ય લેખક શ્રી મોહનલાલ કરમચંદ માંધી પ્રકાશક નવજીવનપ્રકાશન મંદિર અમદાવાદ મૂલ્ય રૂ ૧-૧૨-૦

શ્રીશીશ રાજ્યતંત્ર અને આપણી મહા સભા (ગુજરાત વિદ્યાપીઠ પુસ્તક ૨૫ મું) સંપાદક ચરોતર એજ્યુકેશન સેાસાયટી, આણંદ પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ મૂલ્ય રૂ ૦-૧૦-૦

સેરી લાયબ્રેરી પાલણપુર (તા ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૩ સુધી) નો બે વર્ષનો રીપોર્ટ વ્યવસ્થાપકો રા સાલેહભાઇ મુ મહમદઅલી મારફતે પાલણપુર

શ્રીસાહિત્ય ઉત્તેજક સમાજ (શ્રી રતુડસ લાયબ્રેરી) નો ૧૯૨૩ નો રીપોર્ટ. પ્રકાશક રા. રતિલાલ કચરાભાઇ પરીખ, અમદાવાદ.

શ્રીચોરવડ મિત્રમંડલ લાયબ્રેરીનો ૧૯૨૩ નો (ચોદમા વર્ષનો) રીપોર્ટ પ્રસિદ્ધ કર્તા સેક્રેટરીઓ–ચોરવડ મિત્રમંડળ લાયબ્રેરી ચોરવાડ, કાઠીઆવાડ



ગુજરાતનું નવું વર્ષ

બે વર્ષ પુરાં કરી "ગુજરાત" આ અંકથી ત્રીજા વર્ષમાં પ્રવેશ કરે છે. આ બે વર્ષમાં એણે ગુજરાતની શી શી સેવાઓ કરી એનું માપ એ પોતે ન કાઢી શકે; જો કે યથાશક્તિ ગુજરાતને માટે પોતાનું કર્તવ્ય બજાવવાનો સંતોષ એ સગર્વ લઈ શકે એમ છે. ગુજરાતી સંસ્કૃતિની દૃષ્ટિએ એણે એની નજર આગળ આવેલી વસ્તુઓની કીમત આંકવાનો યત્ન કર્યો છે; ગુજરાતી સાહિત્યનો ઉત્કર્ષ સાધવાનો મનોરથ સેવ્યો છે; શુદ્ધ રસિકતા વિકસાવવાની ભાવના રાખી છે; અને કલાના આદર્શો સેવવાનો ધર્મ એણે સ્વીકાર્યો છે.

અમારી ભાવનાઓના પ્રમાણમાં અમારા પ્રયત્નોએ હજુ સફલતા પ્રાપ્ત નથી કરી, કારણકે આપણે ત્યાં કલા અને સાહિત્યમાં થતા ઘણા થોડાજ પ્રયત્નોમાં પ્રૌઢતા આવી છે. આવી રાજકીય અશાંતિના સમયમાં સંસ્કાર વિકસાવવાનું, કલા અને ભાષા વિકસાવવાનું ધૈર્ય બહુ થોડાઓમાં હોય છે. પણ અમારાથી બને તેટલું એ દિશામાં કરવાનો અમે સદાએ પ્રયત્ન કર્યો છે. અમારી ન્યૂનતાઓ અમારા યત્નોની આગીને લીધે નથી રહી એટલું કહેતાં અમને સંતોષ થાય છે.

આ નવા વર્ષમાં ગુજરાતી સાહિત્ય અને સંસ્કારમાં છુટાંછુટાં રહેલાં ઘણાં નવાં બળોને એકત્ર કરવાની અમે ધારણા રાખીએ છીએ. ધ્રુવના તારાના આધારે નાવ જાય તો અમારી દિશા તો ચોક્કસ છે. અમારી એ ઉમેદ પુરી પડે. તેનો આધાર ગુજરાતના સાહિત્યકો, કલાવિદો અને વાચકોના સહકાર પર છે.

સુરત સાર્વજનિક કોલેજ.

સુરતની સાર્વજનિક કોલેજમાં મુખ્ય અધ્યાપક નીમવાનો પ્રશ્ન કેમનો ચર્ચાતો હોય એમ લાગે છે. આ સંસ્થા પુનાની ફર્ગ્યુસન કોલેજની ઢબ પર સ્વયંસેવક અધ્યાપકમંડળ દ્વારા ચાલે છે, આમાં જોડાનારા સ્વયંસેવક અધ્યાપકો વીસ વર્ષ સુધી અમુક નજીવી કરેલા પગારે કામ કરવાને જોડાય છે અને સંસ્થાની કાર્યવ્યવસ્થામાં તેમને સત્તા મળે છે.

આવી સંસ્થાઓમાં સ્વાભાવિક રીતેજ પગારો ઓછા હોય છે અને દક્ષિણીઓની ભાડૂક ગુજરાતીઓને એમાં જોડાવું પાલવતું નથી. ઘણુંખરું ગુજરાતીઓ કરતાં દક્ષિણીઓની જરૂરીઆતો ઘણી ઓછી હોય છે તેથી આવી સંસ્થાઓને ગુજરાતીઓ કરતાં દક્ષિણીઓની સેવાનો લાભ વધારે મળે છે.

પણ ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ભાષાભેદ અને પ્રાંતિક ભેદ હોવાને લીધે સંસ્કૃતિભેદ પણ છે. અને દક્ષિણી ભાઇઓ ગુજરાતમાં વસી થોડુંઘણું ગુજરાતી શીખી લે છે, પણ તેટલાથી ગુજરાતી સંસ્કૃતિને સ્વીકારવાનો સુયોગ એ ભાઇઓને ભાગ્યેજ મળી શકે છે. હીંદના

દરેક પ્રાંતની એકતાનો આધાર પ્રાંતિક સરકારોને ભુસવામાં નથી પણ એ સરકારોને વિકસાવી તેનો પરસ્પર સહકાર કરાવવામાં છે અને એ દૃષ્ટિબિંદુએ ગુજરાતમાં ગુજરાતી અધ્યાપકોનીજ ચુંટણી થવી જોઇએ ગુજરાતી મેનેજ ગુજરાતી સંસ્કૃતિ વિકસાવવા ઉભી થાય છે, માત્ર પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને પાસ કરાવવા નહીં અને આ આદર્શવિરુદ્ધ જનારા કેળવણીના પ્રથમ સિદ્ધાંતનો ભંગ કરે છે એમ કહી શકાય નવા મુખ્ય અધ્યાપકની ચુંટણી સમયે એ સંસ્થાને વેગ આપી શકે એવા બેઠ ગુજરાતી અધ્યાપકની પસંદગી થઇ હોવી જોઇતી અમે આશા રાખીશું

ખીલાફત

દુનીઆભરના મુસલમાનોમા ખલીફાત માટી પગ્યો ઉંડાડી મુસ્લમાનો ઉપર ખુબ ખ૦ ભણાવ કરનારો થઇ પડ્યો . આપ દેશમા પણ ખીલાફતની મહાન્ લડતમા ઝંપલાવનારા યોદ્ધાઓના અંતર આ હકીકતથી ખુબ ઉકળેલાં આપણે જોઇએ છીએ

સદીઓ થયા તુર્કસ્થાનનો સુલતાન દુનીઆમા વસતા બધા મુસલમાનોનો ખલીફ મનાતો હતો આ જોડાણ જ્યારે કરવામા આવ્યુ ત્યારે તો ધાર્મિક અને રાજકીય સત્તાનો વિરોધ ન થાય એ દૃષ્ટિબિંદુ એમાં સમાયુ હતુ

જ્યાં સુધી આવી અનિયંત્રિત સત્તા યોગ્ય પુરુષોના હાથમા હોય ત્યા સુધી તો કેટીબદ્ધ થયેલા એ બધા અંગને લીધે ઘણુ આંતર કલહોમાથી રાષ્ટ્ર બચી શકે છે, પણ આ બંનની સત્તા ચુંટણીદ્વારા યોગ્ય પુરુષને અપાયને બદલે વંશપરંપરાના હક અને વારસાથે મળે છે ત્યારે એની યોગ્યતાનુ ધોરણ બચવાનુ નથી પરિણામે આખી સત્તા જુલમ અધેર અને નિર્બળતા પોષવાનું સાધન થઇ રહે છે

તુર્કસ્થાનમા આવ્યા અવ્યવસ્થા બસ્સો સદીઓ થયા બગડી આવી છે ગયા મહાવિગ્રહ દરમીઆન એની નિર્બળતા ઘણી રીતે ઉઘાડી પડી છે અને યુરોપના રાજ્યોએ એનો લાભ લેવાર તેટલા તેવામા બાકી નથી રાખી આવી કટોકટીના વખતમા સુલતાન જેવી નિર્બળ વ્યક્તિ અને એની આસપાસ રચાયલા સ્વાર્થી મંડળ પાસ આવી સત્તા રહેવા દેવાયજ નહીં એ તુર્કસ્થાનના દરએકેશી રાજ્યદારીઓને સ્પષ્ટ જણાયુ હતુ છે પરિણામે મુસ્તફા કમાલની સરદારી નીચે એમણે નાશની અણી પર ઉભેલા તુર્કસ્થાનને પગભર કર્યુ । બચાવ્યુ સુલતાનને રાજ્યપદ પરથી ભ્રષ્ટ કર્યો ને સત્તા હાથમા લીધી

પણ સુલતાનને સુલતાનપદ પરથી ભ્રષ્ટ કર્યા છતા આખી દુનીઆના ખલીફા તરીકે એની સત્તા અગાધ હતી ધર્મને નામે પ્રાણાર્પણ કરનારા મુસલમાનોની શ્રદ્ધા પર એની સત્તાનો કોટ રચાએલો હતો અને એની સંપત્તિ અ। લાગવગ તુર્કસ્થાનમા નવા રાષ્ટ્ર સંગઠન સામે વિક્ષોભ ઉભો કરવામા વારંવાર કારણ તુર્કસ્થાનને એક રાષ્ટ્ર તરીકે ઉભા રહેવુ હોય તો આ બંધનો કે નીકાલ આવ્યા વિના એને છુટકોજ ન હતો

ઇતિહાસ સ્પષ્ટ રીતે દેખાડે છે કે ધર્મ અને સત્તા જ્યારે જોડાયા છે ત્યારેત્યારે તેમણે સદાએ અનર્થ ઉપજાવ્યો છે યુરોપના સંસ્કારનો ઇતિહાસ અને પોતાની જીવંત કથાઓ આના ઘણા પુરાવાઓ આપી શકે એમ છે ધર્મ જ્યારે રાજકીય પ્રદેશમા આવે છે ત્યારે એ માત્ર ધર્મના સિદ્ધાંતો અને જનકલ્યાણની ભાવનારૂપે નથી રહેતો પણ સત્તાની ભુખ અને વિજયનો ઉન્માદ તેમા ભળે છે ને છેવટે એનો અધઃપાત થાય છે

પ્રજાની ઉન્નતિની દૃષ્ટિએ જોતાં ધર્મને રાજ્યવ્યવસ્થામાં માથું મારવા દેવાયજ નહીં. જ્યાંજ્યાં આવી બે સત્તાઓ સાથેસાથે થાસે છે ત્યાંત્યાં એક બીજાનું સંઘર્ષણ થયા વિના કદી રહ્યું નથી. અને રાષ્ટ્રો માત્ર લશ્કરી પર રચાતાં નથી પણ બુદ્ધિ અને વ્યવસ્થા પર રચાય છે એટલે ઘણી વખત ધર્મના જનુન માટે રાજ્યતંત્રમાં સ્થાન હોતું નથી.

પણ એક બીજો પણ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. ખલીફા એ માત્ર એકલા તુર્કોનોજ નથી, પણ આખી દુનીઆભરના મુસલમાનોનો છે. અને એ પદ રદ કરવાને તો આખી દુનીઆના મુસલમાનોની સંમતિ જોઇએ એમ કહેવાય છે.

ખલીફા આખી દુનીઆના મુસલમાનોનો ખલીફા છે એ વાત ખરી, પણ એની સત્તાની સારી કે ખોટી સીધી અસર તુર્કો સીવાય બીજા કોઇને ભોગવવી પડતી નથી. એ સત્તા રહેવા દેવામાં તુર્કસ્થાન સીવાય બીજા કોઇ પણ દેશને ખાસ નુકશાન થાય એમ નથી તો એ સવાલનો નિર્ણય કરવાનો હક્ક તુર્કોનો ખરો કે નહીં?

ગયા મહાયુદ્ધ દરમીઆન જો સત્તા ડગમગતી હતી ત્યારે એને બચાવવા-ને બીજા મુસલમાની દેશો અને કોમો-એ આંગળીએ ઉંચી કરી નથી અને કેટલેક ઠેકાણે તો એના પ્રતિપક્ષીઓને મદદ કરી છે. થયું થાય તો કેટલાકો થોડી બંદગીઓ કરી અને આંસુ સારી બેસી રહ્યા છે. હવે જ્યારે તુર્કસ્થાન પોતાનાજ બળે ફરી ઉભું થયું છે ત્યારે એના વિજયમાં ભાગ માગવાનો કે એની વ્યવસ્થા નષ્ટી કરવાનો બીજા કોઇનો દાવો એ સ્વીકારી શકે ખરું?

ફ્રેંચ માં પોંકારે ને . રાષ્ટ્રીયતા

માં પોંકારે આજે ફ્રેંચ રાષ્ટ્રીયતાનો અવતાર થઇ પડયા છે. તેમણે રાજીનામું આપ્યું, છતાં તે ફરી નીમાયા. આ ફેરફાર ઘણોજ અર્થસૂચક છે. ફ્રાંસ અત્યારે રાષ્ટ્રીયતાની ભાવનાને વિકૃત કરી રહ્યું છે તેનું એ દૃષ્ટાંત છે.

સદ્‌ગુણ, વ્યવસ્થા કે વિચારનું સૌથી સુંદર અને ઉત્કૃષ્ટ સ્વરૂપ અને તેની વિકૃતિ: એ બેની મર્યાદા વચ્ચે બહુજ ઓછું અંતર હોય છે અને એ અંતર ન પળાય તો તે વસ્તુનો ઉત્કર્ષ જેટલો સુંદર તેટલુંજ તેનું અધઃપતન પણ ભયંકર હોય છે.

રાષ્ટ્રીયતાની ભાવના પણ આવીજ એક સુંદર વસ્તુ છે અને કોઇ પણ પ્રજા એ ભાવનાને ખીલવ્યા વગર પોતાની ઉત્ક્રાંતિ સાધવાને સમર્થ થતી નથી. પણ એ ભાવના જ્યારે મર્યાદા મુકે અને બીજાં રાષ્ટ્રોના ભોગે પોતાનો ઉત્કર્ષ સાધવા પ્રયત્ને ત્યારે તે બહુ અમાનુષી બને છે. માં પોંકારેએ આ વિકૃતિના જ્વલંત સ્વરૂપનું પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપ જગતને પુરું પાડયું છે. પોતાના દેશની આંધળી સ્વદેશભક્તિને નામે જર્મનીને બને તેટલું રીબાવવામાં આ મહાન્ નરે પોતાના જીવનનું સાફલ્ય માન્યું છે, અને જર્મની ફરી સંકટો મુંઝી પગભર ન થઇ શકે એ યોજના પાર ઉતારવામાં અને વેરસાઇના કોલકરારોનો નિર્દય રીતે અમલ કરાવવામાં એણે કોઇ પણ પ્રકારની કૂરતા બતાવતાં પાછી પાની કરી નથી.

બરાબ માણસોથી જગતની જેટલી બરાબી થાય છે તેના કરતાં સારા માણસોના આદર્શો વિકૃત થાય તેનાથી જગતને વધારે સોસવું પડે છે. રાક્ષસ કરતાં બ્રહ્મરાક્ષસનો ત્રાસ જગતે સદાએ વધારે વેઠયો છે.

માસિક રોજનીશી

માર્ચ ૧૯૨૪

તા ૪ થી–વરસ ની મકુનીસીપલ ચુટ ણીમ અત્યા ફીમ ૨૨ રા ઠરાઇ વજાવા સારૂ થયા છે

મુબ ઇમા નીકળના આડર ીક સરીમ ીન " ના તમી રા ડાો બેગરીક ચેમ્બર હેર ના અરોપસર પડ યા.

તા ૭ મી મુબ ઇમા મીલ્હ તાજીજ તેડ ન મણુો ઉપર ગોળીબાર થતા પ ચ મણુમની ખુારી ને ૧૩ જલુ મેને ત્રબીર ઇજ થઈ અલ્લી ૬ ન મીલ્હ ગન ૬ ૬૨ ીઅલ મીલમા અત્ય ાારી ગન બીજ પાચ મા ને પત્ર બેહુધ્ધ્ નુખ્યા ન થયુ

તા ૧૦ મી—મુબ ઇમ મડની પર પુજ્ય ક્સ્તુરબ ને અ ીમદર્શન પુજ્ય મુકયુ

તા. ૧૧ મી—મડ માજ પુનેથી મુબ ઇના પરાર્ત્યા ફગ્રુઅીનરે અનરી પસે જુ ીમા ગેડ નરોત્તમ સ મોરારજના અમલમ વધ ફેર મટે અ ્યા.

તા ૧૨ મા—મુબ ઇની મીલ્હ ત તા સબધી ઉરારે નીમેલી સમિતિનેા હેવાલ મળ્યા ય

અ ઈ ૬ દુવાલ યજિા મુલ્યા.

તા. ૧૪ મી—મુબ ઇના મીલ્હ તારીજ ને ને ન્યાયુધારીનેા પ્રચાર ચુકાવરે ૨૬ મરેા અને એક વર્ષ મીલમાં કામ કરે એ બેદલ ૬૬ કામ કરુ

તા ૧૬ મી અમદાવાદ રહેરના કી ન ની ીવ ન તે ી પ વની ૬૬ન પ્રેમનીમ ચાલના મનની લાગણીને મન અપી સ કારે નામજુર કરી

તા ૨૭ મી—મન ઇની મીલ્હ ત વના સબધ કામ ન પા૨ ચુકવી દેવામા આવ્યા ન ૩૬ મીલ ુ ુ ધ

તા ૨૧ મી—મુબ ઇની ધ૨સભ મ સુરતનાં મુનીસ ાીટી મતને ાછી મે પત્ર ના ઠરાવ પસાર ય૨

તા ૨૨ મા ન મચકય ડનવસ ગી ઝ૬લ્લ મા ૬ કની ખાણી દુ ન અવતા મ સથી ખ૬ કરવા હુકમ કાઢેા.

ના મચકયરે નેખલમ ૬૭ની ફ્રજે ક્ષા અને ચિત્રાનની ૨ ૬ મરે ઈનામેા મહાર પાડવા

તા ૧૭ મી—વરેદર રાજય પ્રેમભ૬ની ચે ી બેઠક પાણ્યુ મુકામ ૨૮ મરૂબાક ૬૨ગેઢવિ૬ ૬ સ કાઢવાજ ના મમુખપદે મળી

તા ૨૪ મી—મહુ મ છએ અવત મ સથી નવજીવન અને વમ ઈનેા તુ તચીપ૬ ૬ યમા લેવ ગેા ઈરાદેા જાહેર કર્યો

તા ૨૫ મી—ન ગોળનરેશ પીત ષત જ્યા મટે પ્રજાપતિનિધિસભાના સભ્યેને રાજ્યવહીવ૬ સોપી ૨ જકેટથી રવાના થયા.

ખાસ સૂચના

હાલમાં વીજળીના દરેક જાતના સામાનના ભાવ ઘણા ઉતરી ગયા છે. અને તમો ભલતી દુકાને દોઢા ભાવ આપી માલ ખરીદ કરવા જાઓ છો તેના કરતાં હમારી દુકાનની એક વાર મુલાકાત લેવા ખાસ ભલામણ કરવામાં આવે છે. માટે નીચલ ઠેકાણે પધારશો.

અબ્બાસભાઈ તાજભાઈ

ભુખનદાસ બીલ્ડીંગ,
મંગલદાસ રોડ—મુંબઇ. ૨.

ટેલીગ્રાફીક એડરેસ.—"બીજલીસ્ટોર."

રહેવાની સાથે જમવાની ઉત્તમ સગવડ.


રાષ્ટ્રીય ફ્રૂડ હોમ

જોવેરી મેનશન ૬:- સેંડહર્સ્ટ રોડ, મુંબઇ ૪.

૪૦ વરસની જુની અને અનુભવી દુકાન

સારાં અને ટકાઉ ઘડીઆળો મેળવવાનું

માનીતું મથક



પધારો અને ખાત્રી કરો.

અમારે ત્યાં હમેશાં દરેક મેકરનાં ખીસાનાં તથા હાથે બાંધવાનાં નીકલ, ચાંદી તથા સોનાના અપ-ટુ-ડેટ ફેશનના જુદા જુદા શેપના કલોકસ તથા ટાઇમપીસ વગેરે પણ ઘણાજ કીફાયત ભાવથી મળશે.

રીપેરીંગ કામ પણ બાહોશ કારીગરોના હાથે

ખુદ અમારી દેખરેખ હેઠળ કરી આપવામાં આવશે.

મોટાં કલોકસ માટે ઓર્ડર સાથે ૨૦ ટકા મોકલવું.

મોહનદાસ કમળશી

મંબાદેવી પોસ્ટની બાજુમાં, મુંબાઈ નં. ૨.

Telephone 5625.
Telegrams Clock Tower

"બાપુ ! શું કરું, પણ મને તો લાગે છે કે આપણું આવી બન્યું છે."



જવાંજતાં તેની આંખમાં ગુસ્સો આવ્યો.

"એનાથી કહું શું ? તમે ને હું કૈં નીરાંતે મરવાના છીએ ? મરીશું તો રણમાંજ."

"એવું શું બોલો છો અન્નદાતા?" બંચાતાં બંચાતાં દેશળદેવે કહ્યું "પણ મારાથી આ જોવાતું નથી"

"શું કરીએ?" મજાકમાં રા' એ કહ્યું "તો કૈં જુનાગઢ પડ્યું જોવાવાનું છે ?"

"જુનાગઢ પડવામાં શું બાકી રહ્યું છે?"

"કેમ ?"

"વધારે શું કહું, પણ મારાથી આમ ને આમ સહેવાતું નથી"

"કેમ ? જુનાગઢ છોડી જવું છે કે શું?" તિરસ્કારથી બેગારે પુછ્યું.

"હા, જો અન્નદાતાની રજા હોય તો."

"શું કહ્યું ?" "જરાક વિરામ પામી નીચા વળી રા'એ પુછ્યું. દેશળદેવ પાછો હઠ્યો.

"બાપુ ! બાપુ ! ગાંડો વિચાર તો તમારી પડખે ઉભા રહી-લઢતાં લઢતાં - મરવાનો હતો."

"તે હવે કેમ બદલાઇ ગયો ?" ફરીથી તિરસ્કારથી રા'એ પુછ્યું.

"જુનાગઢની કીર્તિ ગઇ તેથી."

"જુનાગઢની કીર્તિ ! દેશળદેવજી" ટટ્ટાર થઇ બેગારે કહ્યું "તમે ધરના છો એટલે

બધી છુટ છે, નહીં તો અત્યારે તમારી જીભ એની મદદ"

"બાપુ! એની કાદવની હોય તો ભલે એની કરો, પણ અમારાથી તો આ દેખી અમાણ નથી ગમેગાર માટે શું કહેવાય છે?"

બેગારે થોડી વાર જોયા કર્યું ને પછી તે જરા હસ્યો.

'શું કહેવાય છે?'

'કે—કહુ બાપુ'—શું કરું કહેવું પડે છે પણ બાપુ! બધા કહે છે કે ભુતા મદમા મરદ રાજ્ય તથી કરતો પણ બી રાજ્ય કરે છે'

રા' જરાક વાર મુંગો રહ્યા પણ પછી હમેરાના શાંત અવાજે તેણે કહ્યું 'હા! મારી સતી રાજ્ય કરે છે તેમાજ હું તો મોટાઇ માનું છુ દેશાદેવજી' ભરતમો શરમ લાગે

'બાપુ! બાપુ! વધારે મોનાવશો મા મારાથી કે અજુવટનુ બોલાઈ જશે પણ હુ શુ કરું! સતી હોય તેની આગે તે કોઇ બોલે?" તેણે 'સતી' શબ્દ પર ભાર મુકતા કહ્યું

"શું કહ્યું? બેગારે પોકાર કર્યો તેનો શાંત અવાજ ગાજી ઉઠ્યો તેની આંખો મ્રજ્વલી ઉઠી તેણે અજાણતાજ જમણા હાથની મુઠી વાળી. દેશળદે ગભરાયો તેનાથી બોલતા તો બોલાઇ જવાયુ પણ આ શબ્દોનું શુ પરિણામ આવશે તેનો વિચાર આવતા તે ધ્રુજવા લાગ્યો

"ક્ષમા કરો અન્નદાતા! બાપુ' મામાજી! મે તો લોકવાયકા સાભળી તે કહી કોઇક કહેતુ હતું કે સતી પરપુરુષની છાતીમાંના ચાકરી કરે છે"

રા' મુંઝાઇને ઉભો રહ્યો તેણે થોડી વાર આ નરાધમ સામે જોયા કર્યું

"એમ?" તેણે દાંત પીસી અવાજ કરતા અવાજે કહ્યું

"બાપુ!—"

"દેશળદેવ! મે બહુએ હરામીઓ જોયા, પણ તારી જોડી અને જડી નથી' ઘણીજ શાંતિથી રાએ કહ્યું 'દેવ' ને ગાળી કહી સાભળી છે—કુલટા કહેનાર તો દુજ નીકળ્યો"

બાપુ! બાપુ! કરતા અવાજે દેશળે કહ્યું "અને માફ કરો મો જવા દો'

'હવે કયા જાય? કર્મ એમને આગળ આવ્યો હુ તને બરોબર જ ખુબ ચાલ" કહી રાએ આગળ હાથ ધ

કયા?"

'રણવાસમા દેવડીને '

"બાપુ! દેશળદેવ બે બાપુ—"

"ચાલ કહી બેગારે દે દેવ! બાપડુ પકડયુ

દેશળદેવ નિરાધારીમા ક ક પણ આખરે રા'ના અંતરમા ના ગુસ્સા સાભળી ગભરાઇ ગયો અને આ ા. ચાલવા માડયુ પાછળ બેગાર ચાલ.

તેઓ અગાશીના એક ા આગળ રણવાસ ઉતરવાનો દાદર હતો ા ા ઉતરતા પહેલા દેશળદેવે જરાક ન જોયુ તેણે રા ની વિકરાલ આ ખો. અને જોયા વગર તે દાદર ઉતર્યો ક ચી માડી રહેવી હીમત જતી રહી

તેણે સાથે ચાલતા નેતા ા ખી આખે જોયુ શાંત, સ્વરૂપવાન ક ા વર્ષ ન છટાથી ચાલતો હતો. બા ની કાઠમારી છતા તેણે નહોતી હીમત ખો ન તી દે ખાઇ એને જોયા દેશળદેવના ક ક જેવો

ઉભરો આવ્યો. એને લાગ્યું કે જ્યાં સુધી આ રા' પૃથ્વી ભારે ભારે છે ત્યાં સુધી પોતાનો સોનાનો સુરજ ઉગવાનો નથી. જો પોતાનું ચાલે તો અત્યારે તેને ઉઠાડી મુકી, પોતે જુનાગઢની ગાદી પર ચઢી બેસે; પણ શું કરે ? તેણે મુગે મોઢે ચાલ્યા કર્યું. તેઓ રણવાસમાં આવ્યા.

"સતી ! છો કે ?" ખેંગારે પુછ્યું.

"પધારો" અંદરના ખંડમાંથી અવાજ આવ્યો. અવાજમાં ખિન્નતા હતી, માધુર્ય હતું અને છતાં દયાભરેલા ભાવોની સમૃદ્ધિ દર્શાવતો કંપ હતો. રા'ખેંગારે જરાક ઉત્સાહથી ડગલું ભર્યું; દેશળદેવના હૃદયમાંથી બધી આશા જતી રહી.

તે અંદર ગયા. એક ઝીણો દીવો બળતો હતો. એક પાટલા પર બેઠીબેઠી રાણુકદેવી એક ગોખલામાં સ્થાપેલી અંબાભવાનીની મૂર્તિની પૂજન કરી રહી હતી. તે નાનકડી અપાર્થિવ લાગતી હતી. તેના કાળા લુગડાં તેના શરીરની રેખાઓને રાત્રિના અંધકાર જોડે ભેળવી દેતાં હતાં અને તેનું નાનું ને તેજસ્વી મુખ અંધકારમાં એક અપૂર્વ તેજના ચક્ર જેવું શોભતું હતું.

"સોભણી ! પાટલા લાવ"

"ના, જરૂર નથી. આમે પાટલા પર બેસવા લાયક નથી રહી ! તમારો ભાણેજ તમને મળવા આવ્યો છે. એ કે કૈ ગપાટા લાગ્યો છે."

રાણુકદેવી હસી. તેના મીઠા મંદ હાસ્યમાં તટસ્થ સ્નેહાલતા હતી

"એ કહે છે કે જુનાગઢનું આવી બન્યું છે."

હાસ્યમાં ક્ષમા આવી "મારા રા' જીવતે જુનાગઢને શું થાય ? દેશળદેવજી ! એવી વાત કયાંથી લાવ્યા ?"

દેશળદેવે હૃદયમાં સ્ફુરતી શરમની લાગણીઓ દબાવવાનો પ્રયત્ન કર્યો.

"માસી ! સોકોની જીભે કૈં તાળાં દેવાય છે ?"

"સારે સોકોને જઈને કહો કે જ્યાં સુધી મારા રા' છે ત્યાં સુધી ભલા બહારથી પણ કૈં થવાનું નથી."

"અરે એટલે વાત નથી અટકી." દાંત પીસી ખેંગારે કહ્યું. તે છલંગ મારી અંદરના ઓરડા તરફ ગયો ને કોઈને કહ્યું: "જરા બહાર આવ તો." અને તે પાછો આવ્યો. એનો શાંત ચહેરો ભભુકી ઉઠયો. "સતી ! આ વીરાએ એક નવી વાત શોધી કાઢી છે."

ખેંગારના અવાજે સ્વાભાવિક લાગતું સ્વાસ્થ્ય મુકયું. તેના ધીમા પણ ભયંકર અવાજમાં ખુની રણકાર આવ્યો–તેનો હાથ મુઠ્ઠો.

દેશળદેવ વચ્ચે બોલવા ગયો: "આપુ—"

દાંત પીસી ખેંગારે તેની સામે ત્રાડ પાડી: "ડોશી નાગ ! તને બહુ વર્ષ દુધ પાયું, ઉછેર્યો, સંધર્યો, છતાં તે દગલબાજી કરી દ્રોહ કર્યો. દુશ્મન જોડે વહેવાર રાખ્યો–પણ હું ગારો મર્મ ચુકયો નહીં. પણ આજે મારી સતીની પ્રીતિ કલંકિત કરવા આવ્યો ?"

"શું કહો છો ?" જરાક ખેદયુક્ત અવાજે રાણુકદેવીએ કહ્યું.

"એ તો પવિત્રતાની પુંછડીથી તારા જેવી કલંકીના ગર્ભમાં રહેવાય કેમ ?" ક્રોધાંધ થયેલા રા'એ બરાડ્યું "તું તો પરપુરુષની ચાકરી કરે છે." દેશળદેવ તરફ ફરી ગુરરાથી રા'એ કહ્યું: "તે કોણ છે તે જાણવું છે ? આ પેલો જોયો !" ખેંગારે પાસેના થાંભણા તરફ હાથ કર્યો.

દેશળદેવે બારણા તરફ જોયું તો એક ઉંચો પણ રીઢો માણસ બારણા વચ્ચે ઉભો હતો તેને કપાળે પાગ હતો તેની મુખમુદ્રા સખત હતી—અને છતા તે હસતો હતો દેશળદેવને તે મુદ્રા કંઈક પરિચિત લાગી ને અજાણતા તેનાથી બોલાઈ જવાયું 'ભટરાળ કાક!'

"હા!" બેગારે કહ્યું 'પંદર વર્ષ પર પાટણમા મળ્યો હતો તે યાદ છે? આ મની અને આ જેની તે ચાકરી કરતી હતી તે બાયલા! હવે એ વાત શું કહેવું છે? તારી દુઝા કેમ સીવાઈ ગઇ?

દેશળ કંઈ પણ બોલ્યા નહિ પણ ક્ષોભ અને નિરાશા વચ્ચે તેને કંઈ સૂઝયું નહીં તેણે બેગારના જવનત મુખ તરફ જોયું મલકમા ઉભી રહેલા કાકના મુખ તરફ જોયું બંને યમદૂત જેવા ઉભા હતા

બાપુ મામા મને માફ કરો

તને માફ કરું? હત પામી રા એ કહ્યું અને દેશળની પાસ જઇ તેનો કાન ખેંચી 'કમબખ્ત શું કરું કે મારી બહેનને પેટે અવતાર લીધા છે નહીં તો તારો જીવ લેવા હવે તને જીવતો પુરી રાખું છું

દેશળદેવના મોંહ રીઢા થઇ ગયા બાપુ બાપુ!—" તેણે કાનને થતી વેદના કંઈક ઘટાડવી કરગરવા માંડયું

હવ બાપુ!" બેગારે જરા શાંત થતા કહ્યું તારાથી આ પાપી ગામમા રહેવાય કેમ? ખરું કેની? ગીગનર પર આગ ગઢનું બોલાય છે મા તારાથી રહેવાશે"

શું—મોં—" દેશળદેવના પગ એકેક સાથ અધ્ધર થઇ ગયા

હા તને

"મામી —" દેશળદેવે કહ્યું

બેગારે રાણુકદેવી તરફ જોયું તેના નેત્રો પલવાર દેશળદેવ પર ઠર્યા.

'એને જવા દો'

'શું કહો છો? મની! એ તો કાળી નાગછે

રાણુકદેવી હસી તેના રીઢકા હાસ્યમા મીઠાશ હતી એની શી બગદુર છે કે જુનાગઢના ધણીને ડંખે? પણ એને કેદ કરતા તમને લાંછન લાગશે એ ગમે તેવો પણ ભાણેજ—'

ભાણેજ કોઇ કૃતઘ્ન થયો જોયો છે?

પણ મામા માફ કર તેમાજ વડાઇ છે રાણુકદેવીએ કહ્યું એને એના પીતરા ઇડોમ જવા!

હા હસી પડત રા એ કહ્યું 'એને વઘણી પણ સારુ પડશે! ને પેલા એના ભાઇને પણ કાંઇ જોને બરોબર છે તેણે ટોળામા દેશળદેવ તરફ જોયું ભાણજા મારા સાભળ્યું? જાઓ તમારા બાપના લાં મે સાગમા તમારે માટે હવે જગ્યા નથી

હું કાને—

ચાલે' રાજે તિરસ્કારથી કહ્યું વધારે ગરમડ મચાવવી છે? હમણા ને હમણાં—અનર ધરીએ ચાબો ઉચળા ભરો એકચડી વધારે રહેવુ નથી અને હું હમણા છત્ર સાયને કહું છું ને વિશાદેવો બે વાતી લાવશે

છત્રસાલ છત્રસાલ તેણે ઘુમ મચ્ચ છત્ર મચ્ચ આવીને બારણા આગળ ઉભા 'છત્રસાલ! આ મારા સગાને માણસદાર કાઢવો છે એના ભાઇને પણ જોવાવી મજાવ જો એ બેમાથી એક જણ જરા પણ આનાકાની કરે તો—તને શું મરતા આવડે છેને? ઠીક મીંડાવો"

દેશળદેવે નીચે ખોદે છત્રસાલ જોડે, ચાલવા માંડ્યું.

છત્રસાલ દેશળદેવને લઇ બહાર આવ્યો એટલે દાદુ ગઢની સામે મળ્યો.

"દાદુ !" છત્રસાલે પુછ્યું "તું અહીંઆંજ રહેજે, હું હમણાં આવું છું."

"વારુ" નાનાભાઇએ કહ્યું.

"છત્રસાલ !" પાછળ આવતા રા' નો અવાજ આવ્યો. "જરા ઉભો રહે." રા' બહાર આવ્યા "પેલા સામંત જાદવને પાછો આવતાં બોલાવી લાવજે."

"જી."

એટલામાં આ વાતનો લાભ લઇ દેશળદેવે દાદુને ધીમેથી કહ્યું: "એક બે રાત ગઢ પર રહેજે."

દાદુએ આંખવતી હા કહી.

પ્રકરણ ૧૪ મું

—:o:—

જેમાં બોંગાર સંકલ્પ કરે છે

રા' પાછો રણવાસમાં આવ્યો ત્યારે કાકનુ મોહું ગંભીર થઇ ગયું હતું.

"કેમ ! તને નહીં રુચ્યું ?" બોંગારે પુછ્યું.

"તમે ભુલ કરી. આ હરામખોર અહીંઆંજ સારો હતો."

"એ શું કરવાનો હતો ?" રાણકદેવીએ પુછ્યું.

"અત્યારે તમારે તો જરાય મુશ્કેલી વધારવી ન જોઇએ."

"અરે, ના ના. તું તો એમને ઓળખતો નથી. એમનાથી એક સેકયો પાપડ ભાગે એમ નથી." બોંગારે કહ્યું, પણ તેમના અવાજ પરથી એમ લાગ્યું કે તેમને પસ્તાવો થવા માંડયો હતો.

રાણકદેવી ધીમેથી રા' પાસે આવી. "એ બે ગયા તો નીરાંત થઇ. આપણા ધર્મવિગ્રહમાં એજ કલંક હતા." તેણે જરાક હસીને કહ્યું. તેની આંખો પલવાર રા' પર ફરી. તેમાં શ્રદ્ધા ને અડગતા હતી. બોંગારે પોતાની પત્નીની શ્રદ્ધા જોઇ અને ઉમળકો આવતાં તેના ખભા પર હાથ મુકયો.

"સતી ! ખરી વાત. એવાને સ્પર્શે આપણે દૂષિત થઇએ. કાક !" બોંગારે હસીને કહ્યું. "જુનાગઢના રા' સદામ ધર્મયુદ્ધ કરેછે."

"હું જાણું છું બાપુ ! જાણું છું" જરાક કટાણીને કાકે કહ્યું "પણ હું તો વિજયી થાય તેવા યુદ્ધને ધર્મયુદ્ધ માનું છું."

"કાકભટ્ટજી !" રાણકદેવીએ કહ્યું. "તમારો ટેક હું જાણું છું હોં ! અમે એમ છેતરાઇએ એમ નથી. ચાલો, ઉપર અગાશી પર જઇયું. બહુજ તાપ લાગે છે."

"તમે બે જણો, હું થોડી વારમાં આવી પહોંચું છું."

રાણકદેવીની આંખો રા'ની આંખો સાથે મળી. જે પ્રેમ માનમાં, સંયમમાં ને વિપત્તિમાં અણદીઠો રહેતો તે પલવાર દેખાયો. દેવડી ધીમેથી છટાલયાં ડગ ભરતી આગળ ચાલી. પાછળ બોંગાર ગયો અને કાકની આંખ આ બેલડીની એકતાનંતા જોઇ ભીની થઇ.

તેણે નીસાસો મુકયો. આ બે વિપત્તિમાં પણ સાથે હતાં. તેને તેની મંજરીની સાથે રહેવાનો લહાવો પ્રભુએ આપ્યો નહોતો.

' મજામા આજ્યુને ? દેશળદેવને રજા આપી '

' જીવતા રહો બાગ સોરઠના ધણી ! એની તો એજ વેતે હતી તમારા ધર્મરાજ્યમા એટલોજ પ્રબ હતો "

' અરે આ દાદુ બીજાગે ' બેગારે કહ્યું

" એ તો મારા બાપા તમે ઉ ાર જીવતા નહીં તો આટલા વખ એને વેકત નહીં એમ કહેતા કે દાદુ ગઢવી નશીબદાર નહીં તો એની માત પેઢી બોણાવત

દાદુ બજરંગ ગજરાવો પોતાના બાપની બાકી માયવવા તો પોતાને નહીં બોકવાવે '

" બાપુ ! " આમત થણુદારે કહ્યું પેની જોકી હોવવાઇ તે જોઇ ' '

" હા "

' અન્નદાતા ! આપણે હવે કેં કરવ જોઇએ '

" હુ પણ તેજ વિચાર કરુ છુ આપણા મને તેમ કરી એજાત નાયકની બાકી લેવી જોઇએ "

' જીવતા રહો બાગ બાગ ના ધણી ' વજેસંગે કહ્યું ' જેવુ તારુ ચર તેવા બાગ બોલ બાગ બાપા ! કરે કનક '

" કાકા ! એ ' હીરાણ છુટકો નથી નહીં તો બોજા દિવસમા આપણે બુબે મરવુ પડશે મે તેથીજ બલવંતને બોલાવ્યો '

' બાપુ ! " આમતે કહ્યું ' આપણે કારે મધરાત પછી નીકળીએ ત્યાસુધી સોરઠીઓ તૈયાર કરે છુ "

" સાની ! તમે શુ કહેતા હો ? "

" મારા રા રણે ચઢશે એટલે વિજય કરશે " રાણકદેવીએ કહ્યું

" જીવતા રહો બા ! " વજેસંગે કહ્યું, મારા મીગ બા કહ્યુ છે તે મરીબાત વિજય કર મારા ધણી !

એમ નુજ નહી, પણ મને લાગે છે કે આમ બેસી રજામા કહાયવુ નથી એ બોકી લટ આપવુ મેદરડા પર છાપો મારીએ" બેગારે કહ્યુ ' આપણે એમી નહીએ છીએ ન સવકી મલત થતો બતપ છે "

અરુ કમ માન બાપ ! વજેસંગે કહ્યુ

એ પણ સાગ વિચાર છે બાપુ !" આ મત કહ્યુ ' જેટલા જોદધુ તેટલા માણસા તયર છે

રીટ ત્યાર આમત ! તમે ને છત્રસાલ તૈયારી કરો કાકા તમર ગ. આયવવો છે "

બાપુની મરજી"

એવુ ન બેગારીએ હાર પર હો પીસી ગવ યી બેગારે કહ્યુ કે આ રહી માત પેઢી તરી બાય

ગણકદેવા એક નાન દારવયી ઉતરવત આવી ગ ।

ને દાદુ તુ શુ કરશે ' બોબી વધા જલા તારી હામેત આવશે કે ? ' ગ એ પુછયુ

બાપુ જે આજ્ઞા હશે તે હુ કરવાને તૈયાર છુ

તુ અહીંમા રહી ગઢ માયવજે

ગ બેસતા અકબરી પડ્યા હે ચ તૈયાર જરુર દેડતા આવ્યા હોય એવો અવાજ સભાસો ને એકદમ મોવાહલ થઇ રહ્યો અમારી પગ બોરેલા બધા ઉભા થઇ ગયા

બે ત્રણ જણ જપાટાબંધ ઉપર આવ્યા. આગળ દાદુનો બાપ રાયધણ હાંફતો હાંફતો આવ્યો.

"બાપુ! બાપુ!"

"કેમ?" રાજાએ પુછયું.

"છત્રસાલજી મરાણા"

"હેં!" બધાં સ્તબ્ધ થઈ ગયાં

"શિવાજીદેવજીને રોકવા મોટાભાઈ તેમને ઘેર ગયા ત્યાં મોટાં ભાભીએ જમૈયો મારી ઠાર કર્યા.

[આ વાર્તાનો વિશેષ ભાગ આવતા અંકમાં]





શિવાજીનો સાબુ શા માટે વાપરવો જોઈએ?

કારણ: વિદેશી સાબુઓમાં નરક અને ચરબીનાં તત્વો ભેળેસા રોય છે. ત્યારે શિવાજીનો સાબુ તદન પરિસ નિખાલસ અને દમાડ છે. કપડાંને માટે શિવાજીનો સાબુ ઉત્તમ પુરવાર થયેલો છે.

રીપા—વલી સુલેમાન, નરસિમતર, ચરકર બીલ્ડીંગ, મુંબાઈ નં. ૬

તારનું સરનામું:—"કારમધાઉસ."

પાંચ પત્રો–એક વાર્તા

(અનુસંધાન પૃ૪ ૩૦ થી)

ધર્મ જે વસ્તુ પરાણે શીખવે છે તે પ્રેમને સહજ હોય છે આત્મસમર્પણ ને અગ્નિ શીખવતા ધર્મ કોઈકજ વાર સફળ થાય છે પ્રેમને તે સ્વયં સિદ્ધ હોય છે કેમ સદ્‌ગુરુઓ ને કઈ જાતના સ્વાર્થોથી પ્રેમી પાછા હટ્યા છે? પ્રેમીજનને જગતની વાસના આપે આપજ નથી ઘુટતી શું! પ્રેમધાવથી પલાયવાની હીંમત પરાક્રમીના બલ કરતા વધારે હોય છે જેટલા માણસો પ્રેમે કરાવ્યા છે ને જેટલા અનુયાયીઓ પ્રભુપયગંબરને મળ્યા છે તેટલા મોટા ધર્મ અને કોઈ ગુરુ મેળવવાને સક્તિમાન્ થયા હશે?

તરંગિકા! હું ગાંડી નથી ને મારા મગજના તારુઓ સર ઠેકાણે છે અનિસ્વત્ પલાયનું આ પરિણામ હોય એમ પણ નથી પણ હું કોઈ પણ વસ્તુને અધુરી કે અપૂર્ણ રાખતીજ નથી કયા એવેજ માત્ર જ્યારે મારે ધર્મ હતુ ત્યારે મારા પ્રત્યેક નિર્ણયો કરવાના જ આધારો પડાતા હતા, મે પ્રેમમય મારો આત્મા થયો ત્યારેએ એક સર્વોપરિ આવશ્યકજ હું આતરોત થઈ રહી છું એ કલ્યાણમય જીવન અદ્‌ભુત હતુ પ્રેમમય જીવન અપૂર્ણ છે કલાને પામવી ને પરહરવી પડતી, પ્રેમ મનેજ પડ્યો રાખે ને કલાના ઉદ્‌ભવો હું સાક્ષાત નિરખતી પ્રેમ તો હું કશુ નહીં જોઈ કેમકે મન પ્રભુ બન્યા છે ને મારી દૃષ્ટિમર્યાદાના નાના પ્રદેશો વિસ્તારે છે અ પ્રેમના સાક્ષાત્કારમા અનુકંપા અને કરુણા સહજ છે બુદ્ધભગવાનના વિશ્વપ્રેમ ને કરુણા જગત્ વખાણે છે, પણ એનુ મૂલ યશોધરાના ધમકતા હૃદયમા હતુ એનુ કોણ જાણે છે? કોણ કહી શકે કે જ્યારે એમણે વ્યાધિ, જરા અને મૃત્યુ જોયા ત્યારે એમાથી સૌથી પ્રથમ વહાલી યશોધરાને ઉગારવાનોજ એમનો વિશ્વપ્રેમ નહી પ્રેરાયો હોય? પગ ભરીની હૃદયગુહાઓના તલ તપાસતા મહા બલપૂર્વક સાયરેનુ એકાદ મુખ નહીંજ જડે એની ખાત્રી કેમ આપી શકે તેમ છે? મહાનુ ભવોના હૃદયો ઉડે ને પ્રેમ તો તેઓએ ઉડ્યો એમના કાર્યને પ્રેરનારી ને એમના ચિત્તને દોરનારી એકજ શક્તિના આધાર એમનુ સમર્પણ રચાય છે શ્રીકૃષ્ણ માફક મારીએ શક્તિ હોત તો આ જગત્ ભરીભરી વ્યાપક પ્રેમના દિવ્યદર્શન તને જરૂર કરાવત

સત્ય કરતાંએ પ્રેમ વધારે સનાતન છે સનાતન સત્યો કહેવાય છે તેના મૂળ સ્વરૂપ એને અ છે એમ મનાવી તેનાએ ઘણાખેદ તો કરવા પડે છે પણ પ્રેમનાતો એ એકજ એવુ છે કે દરેક કાલ અને દરેક લોકમા એકજ સરખુ રહે છે આરજ અત કે મધ્યમા એ રૂપ બદલાતો નથી જનતાનો રિથતિને એને અસર કરતો નથી એ પૃથ્વીપાપ નરેશ કે દરિદ્ર ભિક્ષુકના હૃદયમા એકજ રૂપે પ્રકાશે છે કમ સ્વતંત્ર છે છતા બધાંમાંને એ છે એક પણ છે ને અનત પણ છે પરમેશ્વરની વધારે નહીં તો તેના જેટલા વિશેષણો તો જરૂર એને લાગે

તરંગિકા! મા! આ પુરાણથી હું કંટાળી ગઈ નહીં એમ વદાશે! મારા હૃદયનો ભાવ તને કયા શબ્દોમા દર્શાવું? દરેક શબ્દ કહ્યુ

પછી મારે છેલ્લો શબ્દ કહેવાનો તો બાકી રહીજ જાય છે. પણ હવે તો તારી ધીરજ ખુટશે એવી મને બીક લાગે છે. મારા આ પત્રનો અપચો દૂર થાય ત્યાં સુધી હાલ તો રામરામ.

લિ. તારી,

માલવિકા.

૪

પ્રેય તરલિકા!

તને પત્ર લખ્યે કે ઘણોખરો વખત ગયો ને એટલા વખતમાં તો મારા સુખની ીમાએ પૃથ્વીના છેડાનીએ પેલી પાર પહોંચી ઇ છે. હું અનંતમાં ડુબી છું ને સમયનાં સાંકડાં બધનો તો મેં કયારનાંએ તોડી નાંખ્યાં છે. તને કેટલા વખતે પત્ર લખું છું તે યાદ કરતાંએ મને મહેનત પડે છે. એ વિસ્મૃતિમાંથી આજે હું ઝબકીને જાગુ છું. કારણ કે મારો આત્મારામ કૈં કારણસર આજે વિદેશ સીધાવ્યો છે. એક સપ્તાહ જેટલો લાંબો કાલ મારે એના વિના વીતાવવાનો છે. નિસ્તેજ દિશાઓ ને સૂના જગતને ભુલવા આ એક ઉપાય શોધી કાઢયો છે.

તરલિકા! હું તને ભુલી ગઇ છું એવો આક્ષેપ તું કરતી નહીં. મારી નવરાશની પહેલી ક્ષણમાં મને તારોજ વિચાર સૌથી પહેલો આવ્યો. મારા હૃદયરસના ભરેલા મેઘ હું સદા તારા પરજ ઢાલવું છું. તરલા! તને બીજી શી ખાત્રી આપું?

તને ન લખવાનું કારણ તો એટલુંજ કે મારા ઢંગધડા વગરના પત્રોમાં તને રસ પડશે કે કેમ એની મને જરા શંકા હતી. તારી આકૃતિ આખા ગામની નવાજુની હું લખી શકતી નથી. સાધારણ રીતે મને એવી વાતોની ખબરજ હોતી નથી. અને મારી પોતાનીજ વાતોમાં તો મને કહેતાં રસ આવે એટલો તને સાંભળતાં આવશે?

પણ તું મને ખાત્રી આપે છે અને પત્ર લખવામાં મારું આળસ તને સાલે છે એમ તું કહે છે એટલે મને લખતાંએ હવે તો હીંમત આવી છે.

તરલિકા! તારી વાત ઘણી વાર હું મારા રસરાજ સાથે કરું છું. રસરાજ એ મારોજ પાડેલું નામ છે. એવાંએવાં તો મેં એનાં ઘણાંએક નામો પાડયાં છે. ને દરેક વખતે મારા એક એક નામના બદલામાં એ મને શું આપે છે એ તું કલ્પી શકે છે? પણ એ તો ઘણું આનગી છે. તું કલ્પે તો તને એક પૈસો ઇનામ!

પણ મારી મુળ વાત તો હું ભુલી ગઇ. ઘણી વખત હું તારી વાત રસરાજ સાથે કરું છું. આપણાં બાલપણનાં તોફાનો સાંભળતાં એને ઘણોજ રસ પડે છે. અમે પરસ્પરના જીવનની નાનામાં નાની વાતોએ કોણ જાણે કેટલીવાર કરી ચુકયાં, પણ છતાંએ દર વખતે એ તદ્દન નવીજ વાત હોય એટલી આતુરતાથી સાંભળવાનું મન થાય છે. નજીવી નાનામાં નાની ચીજ પણ આટલી બધી અગત્યની મણાતી હશે એનો અનુભવ તો હું દમણાંજ કરી શકું છું. મારે માટે કુલ ચુટતાં કાંટાથી એનો હાથ ઘવાય એ મને જેટલું ભયંકર લાગે છે તેટલો આ યુદ્ધમાં મરતા ગોલાઓના લોહીનો વિચાર મને કંપાવતો નથી. અને બગીચામાં ફરતાં રમેને ભુલમાં વચ્ચે રહી ગએલો કોઇ કંકર મારાં ચરણમાં દબ કરે કે મુખનું ઉડતું પડેલું કિરણ મને તપાવે એ કીકર મારા

નટનાગરને થતી હશે એની આગળ ઇન્દુની આ દુનીઆના દુઃખો દૂર કરવાની ચિંતા વીસાત વગરની છે પણ વળી મે બીજુ નામ તને કહી દીધુ ખરુ ?

ઓ તરંગિકા ! તુ હસતી નહી બીજીજ પળે અમે પણ આ બધામા રહેલી ગાડાઇ જોઇ શકીએ છીએ પણ છતાએ તે પગમા તો બ્રહ્માજીએ હોયએ તેમ એવી ગાડાઇ કર્યા વિના રહેવાતુ નથી અને છતાએ વખત આવે તો પ્રત્યક્ષ યમસદનમાંએ પરસ્પરને માટે જતા એક વિષયનો વિચાર કરવા અમે ચોકવાના નથી

તરંગિકા ! અમે ઘણાઘણા આદર્શો સાથે રમ્યા છે ને ઘણાવધુ સ્વપ્નો સાથે જોયા છે અમારા બધા આદર્શોનો એક અંશ પણ આ જગતમા ઉતારાય તો તરંગિકા ! સ્વર્ગ અહીંઆથી બીજે શોધવા જવુ પડે એમ મને લાગતુ નથી એવુ સુંદર એવુ પવિત્ર ! પણ એનો વિચાર કરુ છુ ત્યારે મને પણ ખાત્રી નથી થતી કે આ સત્ય છે કે સ્વપ્ન આ જો સ્વપ્નજ હોય તો તરંગિકા ! તારી જ્ઞાનવિકાસી આંખોથી જગતા રહેવાતુ નથી

હું એના વિનની હોઉ શકુ એ વિચારજ કેવો અસ્વાભાવિક લાગે છે ? આ એકજ દિવસમા એ અહીંઆ નથી તેટલામાંએ સૂર્યમાથી પ્રકાશ ઓછો થયો કે નિર્જન સ્થાનમા હું વસતી હોઉ એવુજ કંઈ લાગવા કરે છે હાય હાય ! મારા જીવનમા એ ન દે ! તો ? એ વિચારજ અસહ્ય છે પણ ના, જે દિવસ એ મારા જીવનમા નહીં હોય ત્યારે મારામા જીવનજ નહીં હોય

બહાદુર તરંગિકા ! મને વાત અટકવા દે કે પ્રાણ કેમ આ અમુક વિચારે મારી છાતી બેસી જાય છે મારો રાજ મારો ન હોય એવું અનેરુ કેમ ? ના ના હું એવો વિચારજ નહીં કરુ

તને ખબર છે તરંગિકા ! એ મને શું કહે છે તે ? એણે મારા કેટકેટલા તો નામ પાડયા છે પણ હું તને કહી શાને દઉ ? તુ અહીંઆ સાંભળવા આવે તો કેવુ ? સાત નામો અને સાત જુના વિશેષણોએ એના મુખમાથી બહાર પડતા કે નવોજ ચમત્કાર ધારણ કરે છે કાનુડાની વેણુના નાદે ગોપીઓ ઘેલી થતી ને આની શબ્દમોરલીના તાને મારો આત્મા રમણે ચઢે છે આવતી વાર એના વિના હું જીવીજ કેમ શકી તેજ હવે તો મને આશ્ચર્ય લાગે છે

મારી ચિત્રશાળા હમણા તો એનાજ ચિત્રોથી ભરાઇ છે એને નવનવી રીતે ચીતરતા એનામા હું નવનવી સુંદરતા જોઉ છુ હું એના અંતરના ખુણેખુણાથી પરિચિત છુ એમ માનુ છુ છતાએ દર દહાડે એનામા કંઈ નવીનવી શોધ હું કરવેજ લાગું છુ ઓ તરંગિકા ! આવો અપૂર્વ એ મારાજ ભાગ્યમા ક્યાથી જડાયો હશે ?

તરંગિકા ! તને કદાચ ભય લાગશે કે વધારે પરિચય થતા આ દરેક પ્રીતમાંઓ બધા તુચ્છ ઠરશે તરંગિકા ! અમે એકબીજાની અપૂર્ણતાઓ જાણતા નથી એમ નહીં પણ એ અપૂર્ણતાને બાદર તો એ મને વધારે પ્રિય છે ને મૂર્તિમાન્ અપૂર્ણતા જોવી હું, એમને લાવને એમ કોઇ થતો નથી કોઇ વાર તો મને મારી નિર્બલતાઓએ ગમે છે, કારણકે તેથી એના આધારની મારે વધારે જરુર પડે કે એ મને ઘેરે ને બચાવે એનાથી બીજુ શું મહાભાગ્ય હોઇ શકે ?

ને એની અપૂર્ણતાએને હું સમાવી શકું એથી સ્ત્રીહૃદયને બીજો કયો વધારે લહાવો જોઇએ? જગત્ એની સંપૂર્ણતા પર ભલે રાચે. મારે મન તો એની અપૂર્ણતા વધારે કીમતી છે.

તરલિકા! હવે તો મને થાક લાગ્યો છે ને પેલો રાહુ ચંદ્રમા ચોરની માફક છાનોમાનો આવીને પાછળથી હું લખું છું તે વાંચી જાય છે, ને બધુ મારા રાજને પત્ર લખવાનો તો બાકીજ છે.

તરલિકા! તું ને તારા પ્રાણનાથ થોડા દિવસ અહીં નહીં આવી જાઓ? મારાં લગ્ન મારા રાજ આવશે પછી આવતી પૂર્ણિમાએ થશે. વહાલી સખી! તારા વિના મારા સુખમાં ભાગ કોણ પડાવશે!

તારી બે માસની નાની લેખા કેમ છે? મને એને જોવાનું ઘણુંજ મન છે તું બધાંને લઇને જરૂર જરૂર આવજે. તારાં માતુશ્રીને પ્રણામ.

તને મળવાને આતુર

માલવિકા.

ચાર દિવસ પછી માલવિકાની ચિત્રશાલાની અદ્દર્નશ તરફથી આ પત્ર તરલિકાને મળ્યો હતો:—

શ્રી. તરલિકાબહેનની સેવામાં,

માલવિકાબહેનના વિવાહિત પતિ શ્રીયુત મકરંદનું અવસાન પ્રવાસમાં કોઈ આકસ્મિક નડવાથી થયું છે. માલવિકાબહેનની શુદ્ધ આ ખબર સાંભળતાં બની રહી છે, અને એમની સ્થિતિ ભયંકર છે. બને તો તરત આવો.

લિ.

સુધા.

આ પત્ર વાંચતાં તરલિકાએ માલવિકા પાસે તરત જવાની તૈયારી કરી, પણ એની નાની પુત્રી માંદી હોવાથી એને જતાં બે દિવસનો વિલંબ થયો, અને એ ત્યાં પહોંચે તે પહેલાં તો માલવિકાએ પ્રાણ ત્યાગ કર્યો. મરતા પહેલાંનો એનો તરલિકા ઉપર લખેલો પત્ર નીચે આપવામાં આવે છે.

૫

તરલિકા! અંધારા ભવરણમાં ભટકતી તારી માલવિકાને જો! એનું ભાગ્ય ફુટી ગયું! એના નસીબે તાળાં દેવાયાં! એનો રાજ—એનો પ્રાણસમો મકરંદ— આ જગત છોડીને ચાલી ગયો અને આ કારમા જંગલમાં એને એકલી મુકી ગયો.

એ ગયો ત્યારે ન જવાને મેં એને કેટકેટલું વિનવ્યો હતો, પણ મને ભોળીને તરત પાછા આવવાનું બનાવીને એ ગયો. જતાં જતાં એની દૃષ્ટિ છેક સુધી મારામાં પરોવાઇ રહી હતી. હાયહાય! એ દૃષ્ટિ ને એ મુખ ફરી કયારે દેખાશે?

તરલિકા! સૃષ્ટિ આખીએ ભલે જીવ્યા કરે પણ મારે મન તો એ ગરી ગઇ. શા સારું આ સૃષ્ટિમાં મારે વસવું જોઇએ? હું કોઇને અહીં ઓળખતી નથી, તનેએ નહીં. તું કોણ? હું તરલિકાને લખું છું, પણ તરલિકા કોણ છે?

ના ના. હું તને ઓળખું છું. તરલિકા! બહેન! મને માફ કરજે. વિસ્મૃતિનાં વાદળ મને વીંટળાઇ વળતાં હોય એમ લાગે છે. મને કંઈ સુજતું નથી. કોઇ કહે છે તે મારાથી સમજાતું એ નથી. હું માત્ર એકજ ધ્વનિ સાંભળ્યા કરું છું!—"માલવિકા માલવિકા!" તરલિકા! મને મારો રાજ બોલાવે છે. જે!

પાળો એ સુર આપ્યો ' ઓ નાથ ' આવી."

ઓ તરવિયા ! આ પત્રો કુ કેમ લીધ ! મારાથી અહીંઆ રહેવાતું નથી ને ત્યાં જવાતું નથી મે કરી પરણોક માન્યો નથી, પણ આ ક્ષણે તો પરણોક અનંતમાં જે સુખ મળે છે તે જીવનમાં નથી એવી મારા મનને મજબૂતી આપ કુ મળી રહ્યું પુ વખ જાય એટલો કુર મળે કે મન અની પાસ નહીં રહ્યું મન ! એક મહિના પત્રોઓ લેખીના આસુઓ કુ ભીંજવીશ, મારા માબાપો કુર મને એ કેમ રાખી શકે'

મા થી આ નથી સહેવાતું હાય હાય નથી સહેવાતું ! નથી મારાથી જીવતું ! નથી મરાતું ! જીવન જતુ રહ્યું છે ને મરણ મારી મરકરી કરતુ હોય એમ આવતા વર લાગે છે મરા વિના મારો રાજ ત્યા પડીઓ મળતા હશે. મરતા મ તાઓ મારે નામ દખ્ય મળી ગયે વિનયું નથી ને કુ અહીં મહ–જ જેવી જેમ ને અમ જેમી રહી છે મારા પ અહીંઆ ચોપડપેરા મકાવા છે નથી કેમ કરવા હેતુ કે નથી કોઇ અની જમીનએ લેવા હેતુ ' ઓ વહાલુ રે ! આ મુલમમયો કેમ મને તું ઓળખતો નથી ?

"રજ ! તને આ કુ સુજ્યુ ' કયા ભવ આપણા સબધો ને કયા ગાઢ આપ ણી આશા એ ? તે જગત જીવનના ને છે એ આત્મવાના અનુબધો કર્યા. જીવનમાત્ર કરવા તે મને નોતરી ને હવે આમ તુ છેહ દઇને ઉભરી ગયો એ તને શોભે છે ? તુ ભલ પણ કુ તને કેમ જવા દઉ ? તું જ્યાં હશે ત્યા કુ તને શોધવાની"

તરવિયા ભઈલા ! તું ચીંતાની નહીં કુ મારા રાજ માથે જરા વાત કરતી હતી. મને એ દેખાતો નથી, પણ એનો સ્વર તો કુ સાભળી શકુ પુ કુર મનરાજના મનમા એનામાટે નિર્દયતા આવી કે ને મારે આવું માજણીને એનેએ દયા નથી આવતી

પણ મારા પર તો એને નિર્દય થવાનો અ હક છ મારો આત્મા એને અપ્યા ત્યારે અ સ્નેહ માગે એ સરજ્યા મ એને આપ્યો ન હતો પણ અજ જ સ્નેહ આપ્યો તેવો તો કેવર પણ ન આપી શકે પણ હવ એની દયા ખાવી મારે

તરવિયાજ નહ આ બધ તો કુ પણ અવાજથેએ કુ અમ નથી મારા રોમેરોમમા અ સ્નેહનો ખ્યાલ સમજણ કે નથી આવી કુ એને સહાર કા,'

બધા મન સાત્વન આપવા બહોળા અર્થ છે મુખ્ય મા હવ સાત્વનની જરૂર કેવી ' અને તે અ આપતા! મારા સજના મુખ્ય અ બધના કરતા કુ વધારે બાધું પુ અને અ બધા કદ નથી બાધુબાધુ વધારે છે કુ અનુ અનુભવ મે નીહાળ્યુ ? ઓહો! આ બધા હાય હવે નથી ખમાતા ! ને આ વિરહ પણ નથી સહેવાતો'

મારા હૃદયમા અ મરી મરો હોત તો અવા સમજો પા મને નહીં લાગત મારાથી કુર ને એકલા ને મરન મરતાએ મારે નામ રમરનો એ મરો મા પાછીએ અ કુ ખ તો મારા કાલ્પનામાથી કદી વિસરવાનું નથી એના છલ્લા શ્વાસોચ્છવાસને મારા મુખ પર ફીવવાનુ સદ્ભાગ્ય પણ મળ્યુ નહીં હાયહાય ! આવી હાળી બધ છે ને મારુ બની બધ છે દેવાના બધા બધ તુટવા હોય એમ બધુ પ છે ને તોએ આ નકામ જીવ દેહમાથી બહાર નીકળતો નથી.


તરલિકા! એ નિર્દયે મને શાંસાં વચનો આપ્યાં હતાં એ તને ખપ્પર છે? મારા વિના પલવાર પણ એકલું નહીં રહેવાનું એને વ્રત હતું અને છતાં મારા વિના મરતાં એને શરમ નહીં આવી. સ્વર્ગમાં એ મળશે તોએ બે દિવસ એની સાથે હું રીસાવાની.

ના ના. તરલિકા! એની સાથે હું કેમ રીસાઉ? એને જોતાં મને રીસાવાનુ ભાનજ રહેવાનું નથી. મારા વિના એ આટલો વખત રહ્યો એ શિક્ષાજ એને માટે પુરતી નથી?

તરુબા! તને લાગે છે કે એ આમ નામી આવવાને માટે મારી માફી માગશે? તું જાણે છે કે એ વિચારે મને કેટલી શાતા વળે છે? એથી મને ફરી તરત મળવાની ખાતરી આવે છે. જો મારાં આંસુએ સુકાઇ ગયાં અને ફરી એનીજ આંખોમાં હસતી હોય એમ મારી આંખો હસે છે.

આ કાગળ પરના અક્ષરો મને ઉકલતા નથી ને હવે મારાથી લખાતું નથી. મારા રાજ-નો મધુર અને દિવ્ય સ્વર મને કંઈ આજ્ઞા કરે છે. તરુબા! મને જરા સાંભળી લેવા દે

તરુબા! હમણાંજ મારા નાથનાં દિવ્ય દર્શન મને થયાં. ચંદ્રમાનો સદાએ પ્રકાશ રહે એવા એક અદ્‌ભુત ઉપવનમાં એ વસે છે ને મારે માટે ઘણાં સુંદર સ્થાનો ત્યાં એણે રચ્યાં છે. તરલિકા વહાલી! હું જાઉં છું. મને છેલ્લી વાર તને ભેટી લેવા દે. હાશ! શા મૃદુ તારા હસ્ત છે! મને એવી શાંતિ વળે છે! ઓરે! તરુ! રાજ.....ની સાથે.....



ગુજરાતી સાહિત્ય

[ગુજરાતની સંસ્કૃતિના શબ્દરૂપનું દિગ્દર્શન]

ખંડ પહેલો:

સાહિત્ય અને તેનો ઇતિહાસ

પ્રણેતા

ઝવેરચંદ મેઘાણી

પ્રકાશક

શ્રી સાહિત્યપ્રકાશક કંપની, લીમીટેડ

પ્રેમાભાઈ હૉલ, રોડ, મુંબાઈ

૧૯૨૪

પ્રસ્તાવના

સંસદને આ દિગ્દર્શનનું કામ માથે લેતાં ઘણી મુશ્કેલી જણાઇ છે. ગુજરાતી સાહિત્ય એવી દશામાં નથી કે તેનો સંબદ્ધ ને સંપૂર્ણ ઇતિહાસ લખી શકાય. હજુ ગુજરાતના બધા સાહિત્યકોની કૃતિઓ હાથ લાગી નથી. કેટલાય ભંડારોમાં સાહિત્યનો અણુટ અજ્ઞનો અંધકાર સેવે છે. સુવિખ્યાત સાહિત્યકોની બધી કૃતિઓ હજુ છપાઇ બહાર પડી નથી. રાજકીય અને સામાજિક ઇતિહાસ લખાવાના પ્રયત્નો પણ હજુ શરુ થયા નથી. આપણા સાહિત્યની સમાલોચનાના સિદ્ધાંતો પણ વ્યવસ્થિત રીતે બહાર પડ્યા નથી. આવી સ્થિતિમાં બધા સાહિત્યકોની સંબદ્ધ કથા લખવાનું, તેમની કૃતિઓની તુલના કરવાનું કે તેમનું સાહિત્યમાં સ્થાન નક્કી કરવાનું સંભવેજ નહીં; અને તેથી ઇતિહાસને બદલે દિગ્દર્શન તૈયાર કરીને મંસદને સંતોષ પામવો પડે છે.

પણ આવા દિગ્દર્શનની અત્યારે ઘણીજ જરુર છે. અત્યાર સુધી જે આપણું છુટું છવાયું સાહિત્ય પડ્યું છે તે અને આપણા સાહિત્ય વીશે જે જે દૃષ્ટિબિંદુઓ રજુ થયાં છે તે બધાંને એક ઠેકાણે ભેગાં કરવાથી આખા સાહિત્યનો અને તેમાં ચાલી આવેલી વૃત્તિઓનો સમગ્ર ખ્યાલ આવશે; એટલુંજ નહીં પણ તેથી જે કંઈ મણકાઓ તુટેલા લાગશે તેને સાંધવાનો પ્રયાસ આરંભાશે અને આવા પ્રયત્નો કરેજ ભવિષ્યમાં ઇતિહાસ લખવો સહેલ થઇ પડશે.

વળી અત્યારે જુદાજુદા દેશના સાહિત્યકોનો સમાગમ વધતો જાય છે અને સાહિત્યની ભાવનાઓમાં કેટલેક અંશે એકતા આવતી જાય છે, આવે વખતે આપણા સાહિત્યની સમગ્ર રૂપરેખા દોરવાથી અને તેને દુનીઆના સાહિત્યની જુદીજુદી ભાવનાની કસોટી પર ચડાવવાથી આપણા સાહિત્યનો વિકાસ ઝપાટાબંધ થયા વિના રહેવાનો નથી. તેમજ આપણા નવા જમાનાના અને પ્રતિદિન સમૃદ્ધ થતા જતા સાહિત્યના વહેણની દિશા નક્કી કરવાના પ્રયત્નથી એ વિકાસ વધારે સરસ થયા વિના રહેવાનો નથી.

આવા ઉદ્દેશોથી પ્રેરાઇ સંસદે આ પ્રયત્ન આદર્યો છે. એ પ્રયત્ન મોટો ને મુશ્કેલ છે. એમાં કચાશ પણ રહેવાની. પણ આ ઉદ્દેશો કંઈક અંશે પણ જો પુરા થશે તો મંસદ પોતાની મહેનત સફલ થઇ સમજશે.

સાહિત્યનો ઇતિહાસ તે કેવો હોવો જોઇયે?

તેનો ઉપયોગ અને અસર

લેખક
૨ નરસિંહરાવ ભોળાનાથ
૨૬૭૬૬૬—

સાહિત્ય કોને કહેવું ? હમણાં હમણાંમા વાઙ્મય અને સાહિત્ય એમ બેઉ શબ્દોનો પ્રચાર જોવામા આવેછે વાઙ્મય એ શબ્દ વધારે વ્યાપક અને સાહિત્ય એ શબ્દ કાંઇક સંકુચિત અર્થમા સ્વીકારનારા કેટલાક છે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ગ્રન્થોમા જોવા જઇયે તો વાઙ્મય એ શબ્દ કાવ્યમાંહિત્ય માટે પ્રયોજાયલો જણાયછે[૧] એટલા પર જોતા તો સાહિત્ય શબ્દ વ્યાપક અને વાઙ્મય શબ્દ સંકુચિત થવા જશે આથી સહામો પક્ષ જોતા રઘુવંશમા એક સ્થલે વપરાયલા વાઙ્મય શબ્દનો અર્થ મલ્લિનાથે શાસ્ત્રજ્ઞાન કર્યોછે તેથી તો વાઙ્મય શબ્દનો અર્થ વ્યાપક બનશે આપણે આ કલહમા ના ઊતરતા આપણે જૂનો પ્રચારપ્રાપ્ત શબ્દ 'સાહિત્ય' જ વાપરીયે અને તેના અર્થમા કાવ્ય નાટક, કથા ઇતિહાસ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે જ્ઞાનના અમુક પ્રદેશ મા પ્રવર્તતા વાણીવ્યાપારનો સમાવેશ કરીયે પરંતુ આ વ્યાપક સાહિત્યના બે વિભાગ પાડીયે (ક) શુદ્ધ સાહિત્ય અને (ખ) ઉપલક્ષિત સાહિત્ય (ક) મા કાવ્ય, નાટક, કથા દંતકાદિ કલ્પનાવ્યાપારથી ઉત્પન્ન થતું સાહિત્ય આવશે, અને (ખ) મા ઇતિહાસાદિક બુદ્ધિવ્યાપારથી પ્રધાનભાગે ઉત્પન્ન થતું સાહિત્ય આવશે બન્નેમા અપેક્ષા પ્રમાણે તો પ્રસ્તુત ઇતિહાસયોજનામા બહુધા શુદ્ધ સાહિત્યને લક્ષ્ય તરીકે રાખવામા આવશે ઉપલક્ષિત સાહિત્યને ગૌણ સ્થાન ભાગે અપાય

---

૧ તદેતદ્વાઙ્મય ભૂય સંસ્કૃત પ્રાકૃત તથા । કાવ્યાદર્શ—દંડીકૃત ૧-૩૨ આ ઉપર ટીકાકાર વાઙ્મય ને ગદ્યપદ્યમય અને વાક્યસારસ્વત એમ વ્યાખ્યાનમા આપેછે

૨ વિપર્યયાદ્વાઙ્મયવર્ણન વાઙ્મય નદીમુખવનૈવ સમુન્માવિશત્ ॥ સર્ગ ૩, શ્લો ૨૮
× × × × વાઙ્મય શાસ્ત્રજાતમ્ (મલ્લિનાથ)

સકળો, નામદીય જેવા કુટુંબોચ્ચનાદી મુદ્દા પ્રકૃતિના ભિન્ન ભિન્ન સ્વરૂપોને વર્ણનવિષય કરનારા વૈદિક ઋષિ જો સ્વરૂપે કરીને જ શ્રોતૃગણની અપેક્ષા વિના પ્રગટ થયા હતા એ કવિગણને તો:

સર્વે મુજ રમ્ય સુગન્ધ હશુ હું અર આનન્દે
સુગન્ધ મુજ જે તે જ સુખદું મુજ, વહ્યા કરું જગે

એ જ હૃદયવૃત્તિ હતી અને એ વૃત્તિ દ્વારા વહ્યા કાળના અન્ત પણ ઉજ્જ્વળ પ્રકાશથી દીપવાના

દિવ્ય ચિન્તન-જ્યોતિમા
ગઈ રહી કવિ એમ્પે।
ગીતડા આસૂરીનમ્પે।
જાતે। રહે। અ ટકિયે।

કેવા કવિને શ્રોતૃગણને રંજન પમાડવાનું કેવળ જ શૌનુ ? એ કવિના ગીતોથી અનિચ્છાએ, અનરજન થાય તે અને

'સુણી ગીત કવિ કેરા મેં । ના રંજ થયા પણ ચિત્ત

એ પરિણામ થાય અને

'કવિના આરાધ્ય જન ગીત

તો તે મારે કવિનો સ્વૈરવિહારનિત્ત ઘાડી પણ સાધ્ય કેમ ના હોય

આ સ્થિતિ ઊંડા ઊંડા ભૂતકાળમા ગઈ કવિ ઓરખીએ। પ્રકૃતિનો સાધક બનેલ વ્યક્તિને આસકતી ઘેરે એ પણ સત્ય પ્રશ્ન સહાનુભાવી અસ્પૃષ્ટ રહી ઉલ્લાસ પ્રગટ કરનો હતો।

(હજના સમયમા પણ જે વિરલ કોક કવિ ગાનો સાચ આસ્વાદવને ખેલના ગીતો આ લાગણીપૂર્વક જ ગાય ના) પછી કાળક્રમે કવિ બદલ કાવ્યનો નાયક પ્રેમવીર કર્મવીર હોવો જોઈએ। પરન્તુ ત્યારે પણ જનમન રંજનનો હેતુ પ્રવેશ પામ્યો નહોતો વાલ્મીકિય રામાયણ રચ્યુ ત્યારે કુશલવને કુશળવ કરાવ્યુ તે વખતે પણ કવિ નાયક ગમને રંજન પમાડવાનો હેતુ સ્વપ્નામા પણ નહોતો કાવ્ય પછી બહવાયો રાજાઓ કવિના આશ્રયદાતા બન્યા. કાવ્ય કાવ્ય તરીકે ભોજપૂર્વક એમ થઈ કવિના ઉતરમા હેતુ કાવ્ય એ પ્રેમ જ રાજાની સ્તુતિ ને કાવ્યનો વિષય એ આવના કવિનો અભિલાષવિષય બન્યાની સ્થિતિ દશોવતે

नाकस्पाक्षित पितामह यावत दिवसम कलान्तं विश्रमत ।
कवीनामकरिष्यत कोऽपि रसान् सयुज्यति ॥

આ અનોખિમા અન્તમન કવિકુલને આશ્રય આપનાર રાજાનું જ દર્શન કરીને લિખે

આશ્રયદાતા રાજા અને ગુણગાતા કવિ એ સંબન્ધની ઉત્પત્તિ જોવા જતાં અતિ વિસ્તાર થઈ જશે. તેથી તે કાર્ય પડતું મૂકીશું. પરંતુ, આ સંબન્ધ ગુર્જર સાહિત્યમાં અર્વાચીન સમય સુધી દેખા કવચિત્ કવચિત્ દેછે. રાજા નહિં, તો "ઋષિયજ્ઞ કેરો રાજવી અવતરિયો કો અંશ" એમ ગાનાર શામળભટ્ટ આ સંબન્ધની સાક્ષી પૂરેછે. કવિ દલપતરામે પણ

યથા અદાતા સુર્ણોને કવિતા,
તથા છુપે વાદળમાં સવિતા

એ પંક્તિયોમાં કવિતા અને દાન, કવિ અને દાતા, એ પરસ્પર પ્રતિયોગી શબ્દો અને તે પાછળ રહેલી ઘટના પ્રગટ કરીછે. આમ છતાં પ્રેમાનન્દ કવિ જેવા કવિયોએ આશ્રયદાતા રાજા કે ગામપતિની સેવા ઇષ્ટ ગણી નથી. એ કવિના જેવા કવિજનોને જનમંડળ, માણભટ્ટની કથા સાંભળનારું મંડળ, રંજનવિષય બન્યું હતું. આ સ્થિતિ પણ ભૂતકાળમાં લુપ્ત થઈ. હવેના સમયમાં general public સર્વ પ્રજાવર્ગ કવિના, નાટકકારના, વાર્તાકારના આશ્રયદાતાની પદવી લેછે. અને એ સંબંધ આ સાહિત્યકારની રચનાનો પ્રવૃત્તિ નિયામક થાયછે ત્હાં રચનામાં છાયાનો પ્રવેશ થયા વિના રહેતો નથી: સામાન્યવર્ગને રંજન પમાડવા જતાં ખુશામદને પ્રવેશ મળેછે, રચનાની ઉચ્ચ પદવીમાંથી ઊતરીને સાહિત્યકાર પોતાના પૂજ્યવર્ગની કક્ષામાં નીચે પડેછે: હાનો અનિષ્ટ પરિણામ પણ થાયછે.

સાહિત્યનો ઇતિહાસ રચવામાં આ અંગનો પણ પ્રકાશ નાંખીને પરીક્ષા કરવી કર્તવ્યરૂપ છે.

સાહિત્યનો ઇતિહાસ કેવો જોઇયે ?

સાહિત્યના આ ઉપર સૂચવેલા આનુષંગિક લક્ષણનું, તેમ જ માનવજાતિના એક વિલક્ષણ સ્વરૂપનું, મિશ્ર પરિણામ એક એ છે કે પ્રજાજીવન અને સાહિત્યપ્રવૃત્તિ એ બે વચ્ચે અતિનિકટ સંબંધ છે. મનુષ્ય એ સંઘચારી પ્રાણી છે, અને તે સાથે વિચારશક્તિ અને વિચારને સુઘટિતરૂપે પ્રગટ કરવાની વાણીશક્તિ એ બે વિરલ ઈશ્વરદત્ત બક્ષીસો વાળો પ્રાણી માનવ છે. એકલું સંઘચારીપણું બસ નથી: તેમ હોય તો તો અનેક સંઘચારી પશુ પક્ષીઓએ માનવપ્રાણી જેવું સાહિત્ય પ્રગટ કર્યું હોત. અર્થાત્, આ લક્ષણોને પરિણામે માનવવાણી વિચારબદ્ધ સ્વરૂપમાં સાહિત્યરૂપે પ્રગટ થાયછે, તે સાથે જ જનસમાજના વિકાસની અસર કવિની કવિતા, તત્ત્વચિન્તકનાં ચિન્તનો, વાર્તાનાટકાદિના સ્રષ્ટાઓની સૃષ્ટિ, એ સર્વ ઉપર નિગૂઢ અથવા પ્રગટ થયા વિના રહેતી નથી. એકાન્ત વનવાસ સેવતા, ગુફામાં ચિન્તનસમાધિ ધારતા, ઋષિમુનિયો અને સાધુઓ પણ આ સમાજજીવનની અસરથી મુક્ત રહી

સકતા નથી આમ કરીને જ્યારે એ ચિન્તનોને વાણીમા રૂપ એઓએ આપ્યાછે ત્યારે એ સમગ્રજીવનનો રંગ લાગ્યા વિના રહેતા નથી મનુષ્યના મનોવ્યાપારી અને બુદ્ધિવ્યાપારી સ્વરૂપને પરિણામે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, આચાર નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, ઇત્યાદિનો એક પક્ષે ઉદ્ભવ થયોછે, તો બીજે પક્ષે સાહિત્યની ઉત્પત્તિ અને સાહિત્યનો જનસમાજ જોડે સબંધ પણ એ સ્વરૂપભાવી ઇચ્છિત થાયછે મનોવ્યાપારી, વિચારી વાણીવિશિષ્ટ માનવ પ્રાણીનુ પ્રજ્ઞાજીવન તે ઉત્ક્રાન્તિવશ મહાન્ વૃક્ષ છે એ વૃક્ષના કુસુમો અને ફલસમૃદ્ધિ તે જે પ્રજાના સાહિત્યરૂપે દેખા દેછે આ વાત ધ્યાનમા રાખીને સાહિત્યનો ઇતિહાસ કેવો જોઇએ એ પ્રશ્નનો ઉત્તર આપવાનો પ્રયત્ન આપણે કરિયે "ઇન્દુ કુમાર નાટકમા કાન્તિકુમારી પતિ કેવો જોઇયે" એ પ્રશ્નના ઉત્તરમા ભાવનાપતિના લક્ષણોની યાદી આપેછે તેવી યાદી આપુ

સાહિત્યનો ઇતિહાસ કેવો જોઇયે? રાજકીય સામાજિક ધાર્મિક વિકાસના દર્શન કરાવે તેવો પ્રજ્ઞાજીવનને, એ જીવનની ઉત્ક્રાન્તિને, ભૂત વર્તમાન અને ભવિના અસીમ સાગરો આકારાદૃષ્ટિથી બુધે અને દર્શન કરાવે તેવો, ચિર કલામા જે પરમ પ્રજ્ઞાવ અને ઉચિત સ્થાનનિર્માણન તત્વો દૃષ્ટ થયાયછે તે તત્વો કૈસાસથી સાચવીને સાહિત્યના વિકાસનુ આલેખન કરે તેવો પ્રજ્ઞાજીવન પ્રગટ કરીને અન્ય દેશના સાહિત્યો જોડે નિષ્પક્ષ તુલના કરી બતાવે તેવો, વિવેકયુક્ત ન્યાયસંગતિથી સર્વ દેશોના નિર્ણય કરે તેવા સાધનોની પરીક્ષા વિના વ્યવસ્થીત્ર સિદ્ધાન્ત બાંધી ના લે પ્રથમથી નિશ્ચય કરી નાખે નહિ, એક પક્ષ તરફ ઢળી જાય નહિ અત્યુક્તિમા ખેંચ ના પેસે,—જેવો પોતાના વિષયમા ઊંડુ અવગાહન કરી અપૂર્વ સાહિત્યો વાણી બતાવનારો સાગરના તરંગો ઉપર આવ તજ્જવી નૃત્ય કરીને અન્યને આશ્ચર્યમાત્રમા આનન્દ ના આને તેવો વસ્તુનવિશ્વ સમયમા પોતે જીવતો બનતો બતાવે તે સમયના જીવન જોડે તાદાત્મ્યના અનુભવે સહાનુભૂતિ અને રસનાસાગરી તે તે કૃતિની "સાહિત્યકારની કૃતિઓનું દર્શન કરીને કરાવ તેવો અને અથવા સાહિત્યકારના સમયનુ વાતાવરણ એ વાતાવરણની કવિસાહિત્ય કારની કૃતિ ઉપર અસર, એ કવિસાહિત્યમા પોતાના સમયનો પડઘો હતો કે પોતે તે સમયનુ બાળક હતો એ પરીક્ષણ કૃતિની રસદૃષ્ટિએ પરીક્ષા, અન્ય જોડે તુલના કવિનુ જીવન, એ જીવનની કૃતિ સાથે સમન્વય અથવા વિચ્છેદ, જેના પ્રમાણમા એ કૃતિમા હૃદયની સાર્વજનિક ઇન્દ્રિયાનુ અસ્તિત્વ અથવા જોવાના આવે, જેનાથી કૃતિમાના આવે આ

---


* સાહિત્યકાર એ શબ્દપ્રયોગ અહિ કરી પડ્યા છે

"સાહિત્યના એ શબ્દ તો તદ્દન અયોગ્ય અને આપણા નિબંધોનો અભ્યાસપૂર્વક વિષય સમજવો હોય તો તેને કોઇ પણ પ્રકારે ના સ્વીકારે તો કામ ચલાવવા જેવા આપણે છે

સર્વનું દર્શન કરી કરાવે હોવો;-હોવો. સાહિત્યનો ઇતિહાસ જોઇએ. કેટલાક કવિયો સ્વેચ્છાગાયકો હોયછે, વનમાં પ્રમુલ્લભાવે ગાયા કરનારાં પક્ષીઓ જેવા હોયછે; કેટલાક અન્યના આરમ્ભેલા ગાનસ્વર ઊપાડી લઈને ગાનારા હોયછે; કેટલાક mocking bird (નકલ કરનાર પક્ષી) ની પેઠે અનેક પક્ષીઓ વગેરેના ધ્વનિ યથાવત અનુકરણથી પ્રગટ કરનારા હોયછે; આમ કવિ અને સાહિત્યકારોની પરીક્ષા પણ થવી જોઇએ. કવિના પૂજકો અથવા નિન્દકો, એ પૂજા અને નિન્દાની કવિના મન અને કવિની કૃતિ ઉપર અસર, એ પણ પ્રસંગવશાત્ તપાસાય અને નોંધાય એ ઇષ્ટ છે. સાહિત્યનો ઇતિહાસ કાંઈક આ પ્રકારનો જોઇએ એમ હું માનું છું.

આ ગ્રન્થમાં આરમ્ભેલી ઇતિહાસયોજનામાં જુદા જુદા લેખકો લખશે: તે સર્વ લેખમાં અંતર્ગત યોજનાસૂત્ર એક હોય એ ઇષ્ટ છે. પરંતુ એથી લેખકના વ્યક્તિસ્વાતન્ત્ર્યને બાંધી લેવાનો હેતુ નથી. કેમકે ઇતિહાસલેખન એ પણ એક કલા છે, અને કલાકાર કદી પણ અન્યના બન્ધનને તાબે થયો જાણ્યો નથી: કલાના વિકાસ માટે વ્યક્તિસ્વાતન્ત્ર્ય આવશ્યક છે, તેમ છતાં સર્વમાં અનુપ્રાણિત તત્ત્વ એક હોય, સમાન હોય, તો આખી ઘટનામાં સુશ્લિષ્ટતા આવે એ નિર્વિવાદ છે.

આ પ્રકારના સાહિત્યના ઇતિહાસનો ઉપયોગ અને તેની અસર ઊંચાં જ છે. વાચકવર્ગ આગળ અનેક કવિ અને સાહિત્યકારોની કૃતિયોનો સમુદાય પડેલો છે; એ સર્વ સુવ્યવસ્થિત રીતે, પરસ્પર સંબન્ધ, તુલના, ઘટના, વગે સાંકળીને હસ્તામલકવત્ દર્શન થવાથી વાચકને અનેકાનેક લાભ થાય. સંગ્રહસ્થાનમાં અનેક પદાર્થોના મિશ્રણથી જોનારનું મન અતિભારથી, ગૂંચવાડાથી, અનેક અસંબદ્ધ મનમુદ્રાથી ગભરાઈ જાયછે. એ પરિણામ ટાળનારી આ ઇતિહાસઘટના વાચકગણને ઉપયોગી થઈ પડવાની. તે સાથે પ્રજાજીવનના ભૂત, વર્તમાન, અને ભાવિનાં પ્રેરકબલોનું દર્શન કરાવી, નવીન બળ આપનાર, માર્ગદર્શક ઇતિહાસની ઉપયોગિતા સ્વતઃસિદ્ધ છે. એ પ્રકારનો ઇતિહાસ સાહિત્યનો અભ્યાસ કરવાનો માર્ગ ઊઘાડે, અભ્યાસીની દૃષ્ટિ વિશાળ કરે, અને જીવનમાં નવીન ઉલ્લાસ પૂરે એ પરિણામ કેટલું કીમતી તે કહેવાની જરૂર નથી.



પુસ્તક ૫] વૈશાખ ૧૯૮૦ [અંક ૨

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે તેની સંસ્કૃતિની મહત્વાકાંક્ષા વધી ગઈ છે તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યું છે

એના પુરુષત્વમાં ત્યાગ છે ઉલ્લાસ છે ઉદ્યોગ વ્યાવહારિકતા ને ઊંચી અભિલાષા છે એમાં વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે મુત્સદ્દીપણું છે અને નિખાલસતા છે ભાવના શીલતા છે અને સેવાધર્મનો પ્રેમ છે અને બંગીરસ તથી માનવતા વિકસાવવાની હોંસ છે

એના સ્ત્રીત્વમાં કુલની સુકુમારતા છે ને છતાં સતીની અડગતા છે એમાં રસિકતા છે ને સ્વપ્નક્ષતિ છે કાવ્યમયતા છે ને છતાં વ્યાવહારિક બુદ્ધિ સતેજ છે ધર્મોન્મત્તતા નથી, છતાં શ્રદ્ધાળુ હૃદયની શક્તિ છે એમાં પુરુષના સમાન થવાની હોંસ છે, છતાં પુરુષને પડખેજ ઉભા રહેવાનું ઉત્સાપ્ય છે નવાનવા ઉલ્લાસો છે છતાં કુંભ સદન કરવાની દીર્ઘતા છે અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની જ્યોત જગવવા માટે છે

ગામેગામમાં નવયુગનું ચેતન પ્રસરી રહ્યું છે—ઘરેઘર નવા સંસ્કારનો સંચાર થાય છે

અખંડાનંદો બધા એક ને અવિભક્ત ગુજરાતના અંગ બને છે અને જેમ અખંડાનંદની એકાનતા પરખીજ આત્મા પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આત્માની સાખી દે છે કાર્તવીર્ય ને પરશુરામની આ ભૂમિ આર્ષસંસ્કૃતિનો વિજય ધ્વજ લઈ ઉભી છે અને આર્યોનાં સનાતન તત્ત્વો. મહત્વ મમતા ને નીડતા સ્વમાન ને સ્વાશ્રય બુદ્ધિ સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા તપ શક્તિ ને સંયમ વિભૂતિ ને ઇચ્છવા શબ્દબ્રહ્મની મર્યાદાઓ અને પ્રેમ નિર્ભરતા ને નિરંકુશ—આ પુરાણા નવા—આર્યોનાં પ્રેરણાથી હરો દિશામાં પ્રસરશે

—ગુજરાત—એક સાંસ્કારિક વ્યક્તિ ભાંખી

ખેતર

તમારા

મો. ક્રુશ્ચીનાર્ક મગનલાલ મ્યાણી

પમ અસ મી

ચિત્રકાર

ર. કરીવાલ પી ત્રિવેદી

— ૩૩ ૮ —

૧

મોહનને ખેતીવાડીના વ્યવસાયની રાખ તના નાનક મમ પિત મ ૬ ૬રવા જતા કેટના ૬રીવા ખનરો ભોપ તેની અ ખ ૬રીજતી અનિનને રપ૬ પડેના ખેતરોમા ઉજ્જતી તરફેની પ૬પર ૨તના ગે ધાકન ૭૮ નહીં પ૭ પ૬૫૨ન ખતરમા પ૬ મારો ૬યા અને પ ૬ ખના ૬ ૬ેમ નહીં? એ એન વ્યવસાયના ઉત્ત ૨તના ત્રિવા હતા પિતાને પણ અ ન૨૬મા ખતીવાડી વિષયમા નૈસમિક ૬રવા અનુ૬ાની એણે એનામાં એ રમને પ૭૭ કર્યો તેનુ કારણ અને તેટલું સતે ી વધારે અગત્ય હતુ પરિણામ એ થયુ કે મોહને પ૭ વર્ષ મે ૬ને ખેતીવાડીની કેળવણી લેવી અને અને તેટલો ન્યાત અનુભવ-પ્રેકટીકલ જ્ઞાન મેળવી ૬યા સમય તેણે બણી મનનારી [illegible] મેળવી

૨ તમ ૭ અત ખેતીવાડી ખનામા એક ૬ અપવની ખુશી થતવી પણ મે ૬ન ૬ ૧ ૬ન ન માત્ર અધિકારીની ખુરસી પર બસી ૨ ૭ ચીતરવ નહીં એ તો પોતાનો શોખને ૨વય લીધ્યો હતો અને મેળવેલા જ્ઞાનન પ્રત્યક્ષ ૬પયોગ કરવો એજ એની ૬ ૬ હતી બાપની પુજીમાથી એણે એક જમીનનો ટુકડો વેચાતો લઇ લીધો અને નવા જ્ઞાનને ૬પ ૭ મ કરી એ ખેડવુ શરૂ કર્યું

આમ એ પ્રયત્ન શરૂ કર્યો ત્યારે વર્ષ ૬૬ ગયા પણ નસીબે એને મારી ન આપી જમીનજ એવી નીકળી કે એના ઉપર મહેનત કરીકરીને માણસ મરી જાય તોય ૬ળ ન આપે મે ૬ને મહેનત કરવામા-ખેડવામાં-ખાતર પુરવામાં ક્યાય ન રાખી પણ પાકજ ઉતર્યો નહીં જુના ખેડુતો પાસેને રાપાના ખેતર ફાલ્યા પણ મોહનનું

ખેતર ફાવ્યું નહીં. ખર્ચ કરવામાં બાકી ન રાખી. બાપની પુંજી લગભગ બધી ખુટાડી. સાથીઓ નિરાશ બની એને છોડી ગયા. એટલે હાથે ખેતર ખેડવાનું રાખ્યું. કેમકે તેને લાગ્યું કે હાથે કામ કર્યા સીવાય ધારેલી સિદ્ધિ મળશે નહીં. શ્રમ વધ્યો, ખંતની ઊણપ ન હતી; પણ સુકુમાર શરીરને માટે શ્રમ જરા વધારે પડતો હતો એમ સહુ કોઇ કહેતાં. મોહનને પોતાને પણ જણાયા વિના રહ્યું નહીં. પણ મોહનનામાં કૈં પણ અવગુણ હોય તો એ હતું. લીધેલું કામ કદી અધુરું ન મુકવું એ મોહનના સ્વભાવમાં જડાઇ ગયેલું સુત્ર હતું. વિઘ્નો સામે લડવામાં તેને એક પ્રકારની મોજ આવતી. જેમ જેમ મુસીબત વધતી જાય તેમ તેમ તેનો ઉત્સાહ અને ખંત પણ વધ્યે જતાં. તેમાં પણ પેલી ચમેલીના કોડ જેવી, ગુલાબની બીલ્લતી પુલપાંખડી સમાં હસતાં મોં વાળી નાનકડી વહુ ઘરમાં આવી, ત્યારથી તો એનો ઉત્સાહ શતગણો વધી ગયો હતો. પ્રિયતમાને સુખની ટોચે લઇ જવા એનું મન તલપતું હતું. પ્રિયતમાના સાન્નિધ્યમાં મુસીબતોથી ચાહતાં તેના પોકારને દીલું લાગતું હતું. આ વર્ષે મુકરત સામેના યુદ્ધમાં પોતે વિજ્ઞાનના બળે જીત મેળવે તો કેવો આનંદ થાય? ખેતરના સાથીઓ એને છોડી ચાલ્યા ગયા હતા. પણ તેને મળેલી પેલી સંસાર-ની સાથી બીલ્લતી ઉષા સખી રંગે રંગમાં નવું ચેતન અર્પતી તેની નવવધૂ-દરએક પ્રયત્નમાં તેની સાથેની સાથેજ હતી. કદી થાકથી, નિષ્ફળતાથી, લઢેમથી, નાણાંની ચિંતાથી નિરાશાનો રંગ પણ તેના દર અને રિયર હરપને ઘસો તો સરસાનું એક કારણ-એ તેજભર્યાં નયનોનો સહાનુભૂતિ ભર્યા એકજ દૃષ્ટિપાત એનામાં જમાનું ચેતન અર્પવા પુરતો હતો. પરિણામ એ થતું કે જ્યારે જ્યારે પણ નિરાશાનો પ્રસંગ આવે ત્યારે લોકો તેને અમલ્યા અંતથી કામ કરતે જોતા.

લોકોને એ ગાંડો લાગ્યો. એના પૂર્વના સાથીઓ એને હસવા લાગ્યા. કી મૂર્ખતા! સમય શક્તિનો નકામો વ્યય! "ઘોડાં ભણ્યે એમ ખેતર ખેડાતાં હશે? જોજે હવે તમારી સુધરેલી વધા-આંધળી જમીન ખેડતાં તમને ન આવડે." એવાં એવાં અમે વાકબો અનેક વેળા રસ્તે ચાલતાં મોહનને સાંભળવાં પડતાં. પણ ક્ષણ પછી ઘેર આવી પત્નીનું મોં જોતાં એ બુલાઇ જઇ ફરી પાછો શક્તિનો વિદ્યુતપ્રવાહ તેની રગોમાં વહેવા લાગતો.

પણ, અપણે જોઇ ગયા તેમ, મોહનનું શરીર આટલો શ્રમ સહન કરવાને માટે ઘડાયલું ન હતું. તેમ યુનીવર્સીટીનો સાત તરવામાં એ શરીર વધારે ઘસાઇ ગયું હતું. એને આ સતત મહેનતની અસર જણાવા લાગી. સ્નેહીજન કહેવા લાગ્યાં કે હવે બીજામો કરો. એ જમીન પડતર જેવી ખરાબ હોય તો બીજી કરો. પણ હવે એનો પીઢ મુરબ્બી મોહન હસીને એકજ જવાબ વાળતો. "કે જમીન ફેળવી ન શકું તો ભણ્યો શા કામનો?"

એક દિવસ સરલાએ કહ્યું. "આજે તો લાવો મને કામ કરવા દો. તમે જરા બીસામો કરો."

મોહન હસ્યો. પણ એ પ્રીતિ ભર્યા જોતાંજ 'સરલાની ડાળીમાં ચડ્યો પાર્યો મોહનની આંખમાં તેને તાવ જણાયો. મોં સુકાયલું લાગ્યું. આંખ તેજહીન-ઘેરી મુંજતા જણાયા.

"તમને શું થાય છે? મારા સમ ન કહો તો."

' ગાડી નકામી ચિંતા શું કર્યા કરે છે? ન ઘેર જઈ રસોઇ કર જોઇએ હું આજે દેખે અવીશ "

સરલા ગઇ હજી એ એટલી મોટી નહોતી પતિને પોતે સમજતી થઇ થોડીવારે વર્ષાદ વરસવા લાગ્યો પ્રથમ તો ઝરમરઝરમર શરૂ થયો. પણ પછી એકાએક ઝાપા વા જોર ચડી આવ્યા અને ખુબ ધાગળો પડવા લાગી

મોહનને મેઘ પ્રત્યે એક અજાણ્યી દૃષ્ટિ જોયો આ વખતનો એનો શ્રમ સફળ કરવો એ આ મેઘના લાયમા હતુ થોડુ કામ બાકી હતું તે તેણે બીજાને શરીરજ કરી નાખ્યુ

ઉનાળાના તપતા સૂર્ય પછીનો પ્રથમ મેઘ કોને શીતિકર—આકર્ષક નથી લાગતો પણ મોહનનો તાપ તો એથી એ વધુ હતા એનો તાપ મનનો હતો પ્રથમ મેઘ જોતા એની આખમા જળઝાંઝવા ભરાઇ આવ્યા એ પ્રથમ મેઘની ધરાઓમ એ તરબોળ થઇ ગયો ત્યા સુધી નાહ્યો શરીરની અકળવય ત્યા પણ એ ક્ષણે ભુલાઇ ગઇ તાવવાળા શરીરે વરસતે મેઘે કામ કરવાની ખુબ એણે કરી. ખેતરમા ઝુપડીનો પણ અત્યે અશ્રય લીધા નહીં વહેલો ઘેર જવાનો વાયદો કર્યો હતા પણ છેક સાયકાળે એ ઘેર પાછો ફર્યો

સ્વામીને જોતજ સરલા ભયત્રસ્ત થઇ ગઇ એના ભાવ કડા થઇ ગયા અગમી અપના ભાવે એનુ હૃદય ભરૂ થઇ ગયુ મોહનના કપડા પાણીથી તરબોળ હતા તાઢે ને ધ્રુજતો હતો દાંત કકડતા હતા આખો અને મોં લાલ થઇ ગયા હતા તે આવી ચુલા પાસે તાપવા બેસી ગયો સરલાએ મુઝા મુઝા કેરા કપડા લાવી આપ્યા પણ મોહને તે પહેર્યા નહીં એને તાપ પાસથી ઉઠવાનુ મન નરેનું થયું

મને આવાનું દે " તેનો અવાજ બોબરો હતો બોલતા તેને જાણે શ્રમ પડતો હતો, તેથી કે કેમ પણ તેને ઉધરસ આવી

' આહ.

કેમ, શુ થાય છે?

મને અહીં દુ ખે છે મોહને પોતાનુ પડખુ દાબ્યુ ' બેકવાથી ઠીક પડે છે

' બીજા કપડા તો બદલો તમને ઠરડી ચડી છે તાવ લાગે છે જોતા પલળ્યા છો. એક તો શરીર ઘસાયલુ છે તેમા આમ શુ કરો છો? મારા પર તો દયા રાખો "

જેમ તેમ સમજાવી સરલાએ મોહનને ચુલા પાસેથી ખસેડી કપડા બદલાવ્યા

કપડા પહેરતા મોહનનુ શરીર લથડ્યુ

ઓહ

મહા પ્રયત્ને એ પડતે જગ્યે વળી તે ખીલ્લુ દરવાજો ને બોલ્યો તુ ખરુ કહે છે મને મને વીસ માની જરૂર છે મારી બદારી?

ઝટઝટ સરલાએ ખોળાનુ પાથર્યુ ને મોહન તેમા પડ્યો

જરા શ્વાસને બોલાવને કહી તે સુતો.

સરલના વિશે વાત કરવના પ્રયત્નો સર્વ વ્યર્થ ગયા મોહનનુ ભાન ચાલ્યુ ગયુ હતુ

૮

ફાટલ હૃદયે સરલાએ શ્વાસપ્રમાદનો દરવાજો ખટખટાવ્યો કેમ સહ શ્વાસપ્રસાદ બહાર આવ્યો.

કોણ છે અત્યારે?

એ તો હુ "

સરલા બહેન તમે!! શુ થયુ છે?"

સરલાને જોતાંજ શ્વાસપ્રસાદને આંચકો લાગ્યો તુરતજ ઓટલા પર બેસી જઇ આવેલ તુ કારણ પુછવા લાગ્યો

શંભુપ્રસાદ ગામનો પ્રસિદ્ધ વૈદ્ય. આસપાસનાં ગામડાંઓમાં પણ એની પ્રેક્ટીસ સારી હતી. નાની વયનો છતાં એનાં બુદ્ધિબળ, નિદાનશક્તિ, અને આત્મશ્રદ્ધા અજોડ હતાં. રોગીઓનો એનામાં અચલ વિશ્વાસ હતો. તેમાં પણ પૈસા કરતાં રોગીની ચિંતા વિશેષ રાખવાની વૃત્તિને લઈને સ્વાભાવિક રીતેજ એ સૌકોમાં પ્રિય થઈ પડ્યો હતો.

"આવો ને. એમને તાવ આવ્યો છે—ને બેસતાએ—નથી," સરલા કહી પડી.

"મોદનને તાવ આવ્યો છે? ગભરાઓ નહીં હું આ આવ્યો." કપાટાળ્યા ટોપી તથા વેંઢા પેંડરી, હાથમાં ફાનસ તથા દવાની પેટી લઈ વૈદ્યરાજ ત્વરાથી સરલા જોડે આવ્યા.

"હું ધારતોજ તો કે આવખત આવશે પણ જાઓ કોઇનું માને એવા કયાં છે? શંભુપ્રસાદ પટેલનુ બહેન બોડતા-ચાલતા ચાલતાં બોલ્યો.

મોદનના પર એનો સ્નેહ એ કોઇને હોય તો તે શંભુપ્રસાદને. બને બાળમિત્ર, એકજ પોશણમા સાથે ઉછેરા-ખેતીસા-અનેક ગુણોમા સમાન હોવાથી ઉમ્મર વયનાં સ્નેહ પણ દૃઢ થએલો. ગામના બધા જ્યારે મોદનને ગામમા ગણી હસતા ત્યારે ખરા દીલની સહાનુભૂતિ બતાવનાર એક માત્ર શંભુપ્રસાદ. આજે કેટલાંક આવાડીઓથી શંભુપ્રસાદે મોદનને વિસામો લેવાનુ કર્યું હતું; અને ન સલાહનો અનાદર થએલો જોઈ ખિન્ન બન્યો હતો. ત્યારથી એને ખાત્રી થઈ ગઈ કે એક દિવસ માંદા મોદનના સારવાર કરવાનો વખત એને આવવાનો. એટલે આ પ્રસંગને માટે એ એક રીતે તૈયારજ હતો.

દરદીની સ્થિતિ તપાસતાં એનું મુખ ચિંતાગ્રસ્ત થઈ ગયું. તાવ ભયંકર હતો.

"કેવોક તાવ છે?" સરલાએ પ્રશ્ન કર્યો.

"સહેજ. મટી જશે." વૈદ્યે ગંભીર મુખે જુદું સાંત્વન આપ્યું, "વિકોપ છે" એમ કહેવાની એની હીમ્મત ચાલી નહીં.

"ત્યારે બોલતા કેમ નથી?" સરલાએ સરલ પ્રશ્ન કર્યો.

"બોલશે. હમણાં તો સુવા દો જરા. અને બહેન, તમે પણ મુઇ જાઓ હું એની પાસે બેઠા છું."

"તમને કંઈ બેસાડ્યા? તમે દવા આપો. પછી પાસે તો હું બેસીશ."

"મને પારકો ગણ્યો ને?"

"ના ના—એમ નહીં—પણ—તમારે સવારે પાછું દવાખાનાંનું—"

"તે જોઇ લેવાશે. દવા મારી પેટીમાં છે તે આપશે. જરૂર લાગશે તો તમને ઉઠાડીશ."

વત્સલ સરલાને સમજાવી સુવાડી દીધી. તે વૈદ્ય પોતે દરદીની નાડી હાથમાં લઈ બેઠો. આખી રાત આમ ગઈ. સવારે સરલાને સમજાવી દરદીને તથા સરલાને-બહેનને તે પોતાને ત્યાં લઈ ગયો. તેને લાગ્યું કે રાતદિવસ વૈદ્યની હાજરી શીવાય દરદી બચવો મુશ્કેલ છે. વળી કેવળ બાળક જેવી સરલાને માથે એની સારવારનું જોખમ કેમ નાખી દેવાય? એ વિચારોને પરિણામે એણે આમ ગોઠવણ કરી.

૩


આ બધા વખત મોદનને શું થતું હતું? પ્રથમ તો જ્વર જાણે ઉંડા કુવરી જતો હોય, આ સ્થૂલ શરીરનો સંબંધ છોડી જાણે કોઈ અજાણ્યા પ્રદેશમાં-રાત્રિના અંધકાર જેવા અમિત અવકાશમાં-સરી પડતો હોય એમ એને લાગ્યું. દૂર દૂર બહારના અવાજ.

સાગરમા પોતે કયાં વહી ચાલ્યો કોણ એમ એને જણાયુ એના પગ જાણે સ્થૂલ ભૂમિ પરથી ઉઠી ગયા અને જાણે પોતે પડશે કેમ નથી એજ એને નવાઇ લાગી

થોડા વખતમા એનો પગ કદંક સ્થૂલ નીજ પર ર્યો જુવે છે તો પોતે એમ માનતા સફેદ વાદળ પર ઉભો છે ત ક વાદળ

થોડીવારમા એ વાદળા પરથી પણ એનો પગ ઉડયા ઉપર ને ઉપર એ ઉડી ચાલ્યો તારાએના ઝુમખા સાથે રમતો ચદ્રના જે જાને ગબડતો જતો જોઇ ગલગતો સ્વર્ગ માના પ્રવાહમા તરી નીકળ્યો-ખરે અપૂર્વ પ્રદેશમા ને જઇ પહોચ્યો હોય એમ એને ભાન થયુ

અહીં નહોતો સૂર્ય કે નહોતા તારા



બેબાન પ વા પોતના ચરણ પામ બેમ અ ઈશ્વર સમરણ કરવા લ ા.

કલાકના હળવા ગાઢની ઝાડે એને કયાય થમી લઇ જઇ રહ્યુ છે આટલા વગ છતા પવન શાત અને મધુર લાગે છે આકાશમા તારા અને ચદ્રના ચોગથી મિશ્ર એક શાત રૂપેરી પ્રકાશ છવાઇ રહ્યો છે નદી પવત અને ગાનો નકશા માફેના દૃશ્ય ને રેખાઓ જેવા જણાય છે

અને છતા એક પ્રકારને સૌમ્ય પ્રકાશ ચારે દિશામા વિસ્તરી રહ્યો હતો અ શ્રયથી એ ચોતરફ જોવા લાગ્યો

એક હરીફ વહની વચનો બાપ, રજે જલભરેલા મેઘ જેવે ગીતિ ઝરતી માળા નયનવાળો હાથમા એક દોઢ વેતની લાકડી જેવુ કૈ લઇ ગાયો ચરાવી રહ્યો હતો તેના

"કોઇ એસીસ્ટંટ જોઇતો હોય—કોઇ બીજા માણીની જરુર હોય—તો—હું—"

"અહીં કોઇનો બધ નથી."

મોહનને લાગ્યું સૃષ્ટિમાં તેમ અહીં પણ નોકરી મેળવવામાં પંચાત પડતી હશે,"

"હું મુંબાઇ યુનીવર્સીટીનો બી. એ છું.—"

"અહીં કોઇની પણ જરૂર નથી."

"પણ આખર કોઇ બાગબાન તો હશે—ઝાડને પાણી પાવાનાં—બાતરં પુરવાનું કેળવવાનાં, છાંટવાનાં—"

પેલી સ્ત્રી મોહનનો પ્રલાપ સાંભળી હસી પડી. ને પછી પુરુષ સામે જોઇ રહી—એવા ભાવથી કે "આ શું બકે છે?" એમ જાણે પુછતી હોય નહીં!

"ભાઇ—અહીં એ કથાની જરૂર નથી પડતી, ઝાડ પાન ફળ ફુલ બધાં પોતાની મેળેજ ઉગે છે ફાલે છે ને ફળ દે છે ઉગવુ ને મહેકવુ એ તો એનો સ્વભાવજ છે."

"પણ આ રચના—"

"તે પણ પોતાની મેળેજ થાય છે. કોઇની કંઈ કરવુ પડતુ નથી."

"ત્યારે શું, કામ કરી બનાવવાનો અહીં અવકાશજ નથી? શક્તિ અજમાવી વિજય પ્રાપ્ત કરવાની કોઇને તૃષ્ણાજ અહીં શું નથી રહેતી!

"કામ કેવું અહીં? અહી તો સહુ નિષ્કામ છે. 'વિજય' એવો શબ્દ અહીં સાંભળાતો નથી. અહીં તો જેવા તમે તેવોજ આ ગુલાબનો છોડ છે ને તેવુંજ આ પતંગીયું પણ." એક હથેળી જેટલું મોટું અનેક રંગોથી દીપતું પતંગીયું તેના હાથ પર આવી બેઠું. તેને પંપાળતાં તેણે કહ્યું.

"પણ ધારો કે હું અહીં કોઇ કામ કરવા માગતો હોઉં—તો—"

"પણ કામ હોય તો તમે કરો ના? જ્યાં કામજ નથી ત્યાં તમે શું કરવાના છો?

મોહન નિરાશ થઇ ગયો. કામ વિનાનો પ્રદેશ શોધવા નીકળ્યો તો ખરો પણ કર્તવ્યહીન જીવન પ્રત્યક્ષ થતાં તેનો મોહ ઉતરી ગયો. પુરૂષાર્થ વિનાનું જીવન કેવળ શુષ્ક—બ્રહેતુક લાગ્યું. પાછે પગે તે પેલા ગોવાળ બાલક તરફ પાછો ફર્યો.

* * *

છેક તુટતી જતી નાડીમાં વૈદરાજને કંઈક-સહેજ શક્તિનો સંચાર થતો જણાયો. પણ આ ક્ષણે એણે સરલાને જાગૃત કરી નહીં. સરલા હજી પણ ધ્યાનસ્થજ હતી.

૬

કંઇ ખિન્ન, કંઇ વિરકત, કંઇ નિરાશ બની પાછા ફરતા મોહનને કાને થોડેજ દૂર ચાલતાં રંગેરંગમાં નવું ચેતન રેડતો, હૃદયમાં સહસ્ત્ર ગણું બળ અર્પતો, જોસ ભરેલો છતાં કોમળ, વેગવાળો છતાં મૃદુ, ઉત્તેજક છતાં શાંતિ પ્રકટાવતો એક એવો મીઠો સ્વર અથડાયો કે આનંદોત્સાહથી તેની ગતિ અમણા વેગ વાળી થઇ ગઇ. સ્ફુર્તિથી-આકર્ષણથી ખેંચાતો તે આગળ વધ્યો. જાણે પેલો સૂર પોતાને કર્તવ્યપરાયણ રહેવા ફરમાવતો હોય-પ્રેરતો હોય-ઉત્તેજતો હોય એવી અજાયબ અસર એને થઇ. એને લાગ્યું કે એ સૂર માત્ર એકજ મંત્ર—એકજ સંદેશ ફેલાવી રહ્યો છે: કે—"કામ કરો! કર્તવ્ય કરો! પ્રગતિ, ઉન્નતિ સહુ એ દિશામાંજ છે. સુખ એ દિશામાં છે, કલ્યાણ એ દિશામાંજ છે. આશાએશ ન ચહો. કર્તવ્યહીન જીવન શુષ્ક નિરસ—છે—શુષ્ક છે—નાશનું મુળ છે. માટે કામ કરો. બસ કર્તવ્ય કરો!!"

ધૂન વધારે ખેંચાતાં ચાલતાં તેણે

હા. એજ સરલા જેને સંસારની જંજાળમાં એકલી છોડી જવા પોતે ઉત્સુક થઇ રહ્યો હતો એજ એ એની સરલા ઘરમાંથી બહાર નીકળતી એને દેખાણી. એના મોં પર નુર નહતું. નિસ્તેજ ઉંડી, ઉતરી ગયેલી આંખો વડે એનું સુંદર મોં ડોશી જેવું લાગતું હતું. એના હલનચલનમાં એક પ્રકારનું અજબ ગાંભીર્ય છવાઇ રહ્યું હતું. તેને બબ્બે પાવડો અને કોદાળી હતાં. હાથમાં દાતરડું હતું. ઘરમાંથી નીકળી એ મોહનના ખેતર ભણી ચાલી. સાથે સુકો રોટલો હતો. સરલાને માટે અપોરે "ભાત" પહોંચાડનાર ઘેર કોઇ હતું નહીં.

મોહનથી આ જોઇ શકાયું નહીં, તે સમજ્યો. પોતે નઘા તેથી સરલાને એનરે જવું પડે છે!

"અરે અરે એને ઉભી રાખો!"

"કેમ કેમ?"

"અરે એ ફુલ જેવી કોમળ એનાથી એ શ્રમ વેઠાશે નહીં.

"વેઠાય કે ન વેઠાય. તેં કામ છોડી દીધું તેમ બધાંથી કેમ છોડી શકાશે? તું ખેતર નહીં ખેડે તો એને ખેડવું પડશે. ઘરનાં કામ પડ્યાં થોડાં રહેશે?" બાલકે કહ્યું.

"પણ એ એનાથી નહીં સહેવાય, અરે જે કામ મારાથી ન થયું તે એનાથી કેમ થશે?"

"મેં કહ્યું નહીં કે એને એ કર્યા વિના છુટકોજ નથી. તારા ભાગ્યમાં એ ખેતર ખેડવાનું હતું, તેં હારી કામ છોડી દીધું તો હવે સરલા બીચારી એકલે હાથે પુરું કરશે. બીજું શું થાય?"

મોહનની આંખમાં આંસુ આવી ગયાં. શું પોતાના પ્રમાદની શિક્ષા સરલાને મળે? ના, નાં. એકાએક તે બોલી ઉઠ્યોઃ

"મને જવા દો. પાછો જવા દો. ભલે એ ગમે તેવું ખરાબ ખેતર રહ્યું. હું ને સરલા—બંને મળીને એ ખેડશું. મારી સરલાને એકલીને એ કષ્ટ વહેવા નહીં દઉં."

"પણ હવે તો માર્ગ ઘણો વિકટ થઇ ગયો છે. પાછો જઇશ કી રીતે?"

મોહને બીજામાં જોયું. એટલી વારમાં તો બીજુ ખરેખર ઘણી ઉંડીને ભયંકર થઇ ગઇ હતી. તેમાં ઠેર ઠેર કાંટાને જાણે ઝાંખરાં થઇ ગયાં હતાં. મોહનને કમકમાં આવ્યાં. તેણે કહ્યું—બીજો કોઇ માર્ગ નથી?"

"જવું હોય તો માર્ગ આ એકજ છે બીજો નથી. છે હીંમત?" પેલા બાલકે કહ્યું.

એકજ ક્ષણ મોહન અચકાયો. બીજીજ પળે તેની દૃષ્ટિ સામે પારનાં ઘર પર—ખેતર પર—ખેતરમાં કામ કરનારી એક નાનકડી નારી પર ગઇ ને તેનો નિશ્ચય દૃઢ થઇ ગયો. "ગમે તેવો ખરાબ રસ્તો હોય, મારે તો તુર્તજ ગયા વિના છુટકો નથી.

"ભલે ત્યારે. થાઓ આગળ." પેલા બાલકે તેની કસોટી કરવા કહ્યું.

તે અણીઆળા—ખરબચડા પથ્થરોવાળા માર્ગે કાંટાથી ઉઝરડાતો મોહન આગળ વધવા લાગ્યો.

"કાંટા કેવાક વાગે છે?" પાછળથી અવાજ આવ્યો.

"વાગે એ તો મારી ભુલને લઇને વાગે છે ને?"

'સામાન્ય આર્યાવર્તને તમારા જેવા માણસોનોજ ખપ છે કઠકરાજો માર્ગ જોઈ કરી જાય તેવાનો નહીં જાણ્યો, કું આ બસી વગાડીશું એટલે તમને એ વિકટ માર્ગ ઓળંગવામાં મદદ મળશે.'

"બસ્સ બસ્સ એ બસી વહાલા!" મોહનને આનંદથી કંઈ બેસી નવો પ્રાણ નવું ચેતન આપનારી બસીનો સૂર આકારને ઝીલી ચેમેર વિસ્તરવા લાગ્યો

અહા શ્રમ તો હવે જણાતોજ નથી માત્ર પણ સળળ થતો દેખાય છે કાંઈ તો જાણે વાગતાજ નથી! બાકી પણ નાની થતી દેખાય છે આ મારું ઘર ઓહો આવ્યું જણાતું આવી ગયું! મોહને આશ્ચર્યથી જોયું કે જે ઘેર પહોંચવાનો માર્ગ અતિ વિકટ હતો તો આટલ જલદી મ પહોંચી જવાયું? એ પરમ બાલકની બસીને જ પ્રતાપ આભારની નજરથી એણે પાછા વળી જોયું દૂર ગિરિશિખરમાં એક બાલકના તેજનો અનેમા દીપ તેવો તે બાલક પ્રેમયાતા હતો મોહનમાં ઓળઘોળ કે ભાગલી થઈ ગયો તેણે એ બાલકને દંડવત્ પ્રણામ કર્યા

* * *

ઉંદર ગુપ થઈ જતા દીવામાં તેલ પુરાય ને તે પાછા તેજોમય બળવા માંડે તેમ ઉંદર અદ્રશ્ય થએલા મોહનની નાડી એકાએક સુસ્થિર નિયમિત અને સબળ વહેવા લાગી આખી રાતના ઉજાગરા પછી વૈદ્યરાજ આ એકાએક થએલો ફેરફાર જોઈ ચમકયા દીવો પ્રગટ થતા પહેલા મૂર્છા એક તેજ બળે છે એવો આ પ્રસંગ હતો કે શું?

કલાક થયો—બે કલાક થયા પ્રભાત થયું પણ મોહનની નિદ્રા ઉડી નહીં પણ એ નિદ્રા કેવી? શાંત સ્વસ્થ, વિસામાની રોગની પીડાવની નહીં એની નાડીમાં કંઈજ ખામ વિકાર વૈદ્યને દેખાયો નહીં આ અકસ્માતો શુભ ફેરફાર કેમ થયો તે એના ચક્ષુ કે સુશ્રુતને આધારે વૈદ્ય રાખી શક્યા નહીં આજે પણ એ સમય સભારતા એમને તે ગહનગણો છે આમ આયુ વધારે કે મરણનું ધ્યાન વધારે?

બે મહીના પછીની વાત છે મોહન પોતાના ઘરમાં એક ભાગી તુટી ખરાબ ખુરશી પર પડયા છે હજી સુધી વૈદ્યરાજના હુકમને વહને ત બહાર જતા નહીં શરીરપ્રકૃતિનો સખ્ત પ્રતિબંધ હતો કે એણે બે માસ ઘરમાં વિસામો લેવો આજે એ વિસામાની અવધ પુરી થઇ છે એનેર જવા મોહનનું મન અતુર થઇ રહ્યું છે ઝટઝટ મનને એ આપને ચા અનેમ કરી મોહને પગો નીચે મુકયો

ઓરડામાં સુંદર—સાદા પણ સ્વચ્છ કપડાં પહેરી મણ્યા આવી મોહનની માંદગીમાં રોજ એક અટો બેનરે જઈ આવવાનો તેનો નિયમ હતા મોહન કહેતો કે તુજમાં કોઈ નોકર રાખી લે પણ સરલા કહેતી કે મને એમાં મજા પડે છે વળી મારા જેવું ધ્યાન બીજું કોણ રાખે બહુ કે?'

આ વખતે પાક કેવોક થયો છે' મોહન પુછવા ઇચ્છતો પણ એ શબ્દો કદી એના મુખથી બોલી શકાતા નહીં તેને 'બધો બરાબર એવોજ ઉત્તર મળવાનો ડર લાગતો અને તેથી તે મૌન રહેતો પણ આજે એ

પોતાની જીજ્ઞાસા રોકી શક્યો નહીં. તેણે કહ્યું.

"સરલા, આજે તો હું સાથે આવીશ."

"શંભુ ભાઇએ રજા આપી એટલીજ વાર લાગી કે?"

"ઘરમાં ગોંધાઇ રહેવાથી હું કંટાળ્યો છું; સીમની તાજી હવાની મને જરૂર છે."

"ભલે ચાલો. પણ આજે રોકાવાશે નહીં હો!"

"વારૂ વારૂ."

બન્ને ચાલ્યાં. જાણે પ્રગતિમાન વિશ્વની ધુરા વહતી ચેલડી ચાલી! બન્નેમાં ઉત્સાહ હતો. બન્નેની આંખ હસતી હતી. પણ મોહનમાં કૈંક-ઉડો-ડર દેખાતો હતો, ત્યારે સરલાની આંખમાં કૈંક નવું તેજ તોફાન અને હાસ્યની છટાભરેલું દેખાતું હતું.

રસ્તામાં મોહન બોલ્યોઃ "મને નવાઇ લાગેછે કે તારા જેવી સ્ત્રી જેને મળી હોય તેને થાક લાગેજ કેમ? તેનો ઉત્સાહ મંદ પડેજ કેમ? તેનું કાર્ય સફલ થાયજ કેમ નહીં?" સરલા બોલી નહીં. તેણે નીચું જોઇ થોડું હસી લીધું.

તેના મનમાં શું હતું તે તો એજ જાણે. ખેતર પાસે આવ્યું. એકાએક મોહન ઉભો રહ્યો. તેણે પુછયું. "સરલા, આ વર્ષનો પાક કેવો છે?"

"તે જો જો."

"કહે તો ખરી."

"કેમ, ડર લાગે છે?" સરલાનું તોફાન જાગ્યું.

"ના ના. ડરની વાત નથી. હું એક પ્રતિજ્ઞા કરવા માગું છું."

"શી?"

"કે ગમે તેટલો સમય થાય અને શ્રમ પડે તો પણ હું આ મારી સરલાની મહદથી એ ખેતરને ફળદ્રુપ બનાવ્યા વિના નહીં જોઉં. વહાલી, સૃષ્ટીમાં જોડકાં કેમ સરજ્યાં છે તે હવેજ મને સમજાય છે."

"આપણો આર્યોનો યુગલ ધર્મ તો સનાતન છે."

ખેતર આવ્યું.

"આ આપણું ખેતર!!" મોહન ચમક્યો. આટલો પાક આવશે એવી તો એને સ્વપ્નેએ આશા નહોતી.


"હા એજ આપણું ખેતર મારા મોહન!" સરલાએ કહ્યું. "તમારા અથાગ પરિશ્રમનું ફળ છેવટ પ્રભુએ આપ્યું છે!" સરલાની આંખમાં આભારનાં અને હર્ષનાં આંસુ હતાં.

"કર્તવ્યને વળગી રહેનારને કુદરત કદી નિરાશ નથી કરતી." ચેલી ફાટી ઝુંપડીમાંથી નીકળતા વૈદ્યરાજ બોલ્યા.

"શંભુ, તમે અહીં?"

"તમારું ખેતર જોવા આવ્યો હતો. આ વર્ષે બધા કરતાં તમારો પાક સારો છે. બાકી મહેનતનું ફળ જોઇ તમે કદાંચ હર્ષ-ઘેલા ન થઇ જાઓ માટે વૈદ્યની હાજરીની જરૂર હતી." તેણે મર્મમાં કહ્યું.

"શંભુ. તમારી કૃપાથી હું જોવ જીવતો રહ્યોછું."



સંધ્યાસ્મરણ

——:o:——

લેખક:

૨ા. મુનિકુમાર મણિશંકર ભટ્ટ

ચિત્રકાર:

૨ા. ૨૦૪૫


પૃથ્વી

વહી દિન ગયા ઘણુય સુખમાં; જણાયા નહીં
વહી વળી અનેક રાત્રિ ગઇ; કૈક વાતો મહીં
રહી કરત યાદ એક મધુરી સુસંધ્યા તણી
કહીશ પ્રિય હું હરી સ્મરણ તે કથા આપણી. ૧

સખે! સ્મરણ તે રહ્યું સુખદ સાંજનુ કૈં તને?
નહીં વિસરી શું ગયો શરદ તે મનોરમ્યનો
અગાસી પર આપણે ઉભય શાન્ત બેઠાં હતાં
અનન્ત સહચારમાં વધુ સુખે વળી મ્હાલતાં. ૨

વિરાટ વિયતે સુહાસ્ય વિધુનું વિલોકયું મીઠું
સુધા ધવલથી બધું નવલ વિશ્વ, ભાસ્યું, દીઠું
સુહાસ્ય મધુરું વિધુ રસતણું નભેથી ઝરે
કરી સુખદ સુમ્બનો પછી તું હાસ્ય તેવું કરે. ૩

ભલે ગગનચંદ્રને જગત ચન્દ્ર કહેતું અરે!
શશી તું મુજ પ્રાણનો; ઉર ન આ બીજાથી ઠરે
બનું રજની હું થજે શશી સખે! તું મારો સદા
સદા વિહરશું જગે પછી બની પતિપ્રેમદા. ૪



વર્ગ ખ ૧૯૮૦



રા. ઈંદુલાલ બાપાલાલ
કોષાધ્યક્ષ.

રા. માનશંકર પીતાંબરદાસ મહેતા.
મંત્રી.

રા. રમણલાલ કનૈયાલાલ બાક્ષિક.
મંત્રી.

ચોરો વિશે

કંઈક

લેખક

ના. જેનસુખલાલ કુબ્બુલાલ મહેતા

સભ્ય, સાહિત્યમંડળ

વિવેચક

રા. સુદર્શનરાવ ગોખલેકર

સંસારમાં ઉપાધિઓ કેટલી છે અને તેથી હૃદયને કેટલી નાદુરસ્તી ચિંતા થાય છે એ સમજવું મનુષ્યોને સમજાવવાની જરૂર જરૂર નથી—બધા જણે છેજ આમાની ઘણીખરી ઉપાધિઓ અર્થ વિનાની—રહસ્ય વિનાની છે બધા પણ 'ચોરો' એના જેવી બીજી અર્થ વિનાની રહસ્ય વિનાની ઉપાધિ મેં હજી કોઈ નથી જાણી નથી જો કોઈએ કોઈ હોય તો તેમણે કૃપા કરી મને જણાવવી

પ્રભુએ રાત્રિ સામાન્ય થાય છે વિશ્રાંતિ લેવાજ આપણા દિવસના કંટાળ કરી થાકીને લેર આવ્યા હોઈએ, વાગુ કરીને શાંત ચિત્ત ચિંતા બાંધી ચાલો "સુવાની તૈયારી કરીએ તેજ વખતે આ ઉપાધિ આપણા કુમળા હૃદયને ત્રાસ આપવા આપણી સમક્ષ ઉભી હોય છે આપણી સમક્ષ એટલે પુરુષો સમક્ષ એજ કહેવાનો મારો આશય છે આ દેશમાં કે બીજા પરદેશમાં બહેનોને ચડતુ દુઃખ છે એમને સમાન હક્ક નથી, એમને કોઈ કેળવણી લેવા દેતુ નથી (બાળકે કે સામાન્ય કે વખત તરજુમામાંથી નાના છોકરાઓને કેળવણી આપવાના ધંધા આદરે છે તે વખતે કેટલીઓની સ્થિતિ છોકરીઓને માટે અટેખા ૮ ઉપજાવનારી હોય તો) વગેરે વગેરે પ્રયત્ન કરવા એમને માથે ઝઝુમી રહ્યા છે એ કુ બાબુ છુ પણ આ તરફનો ત્રાસ તેમને તો નથીજ એમ હું સ્વાનુભવથી કહી શકું છું

આપણે પુરુષ થયા એટલે કુદરતેજ આપણને સોળ કળાના જેમાં શાસ્ત્રોક્ત બધા અર્જુનના જેવી બાણ વિદ્યા, કોઈ જપાનીઝ જેવી જયુજીટસુની કલા, કારપેંટીઅરના જેવી બોકસીંગની વિદ્યા જરૂરીજ હોય છે એવો ભ્રમ બહુખરા સ્ત્રીઓને હોય છે રાતના સુતી વખતે બીજો આનંદથી એટલું કહે છે "જોને તે

હોં, હમણાં ચોરો બહુ નીકળ્યા છે, તમારી ટેવ પ્રમાણે ઉંઘણશી થઈને પડી નહીં રહેતા; જરાક ખખડાટ થાય કે તરત ઉઠીને એને પકડજો કે નહીં તો એકાદને એવો ખોખરો કરજો કે ફરીથી આપણા ઘરમાં એવા લેફ્ટા પગ મુકેજ નહીં!"

બસ: આટલી નાની આજ્ઞા કે વિનંતી કે ચેતવણી એમના તરફથી કરવામાં આવી એટલે એમનો આ ઉપાધિમાંથી મુકત! એમની જવાબદારી બંધ!

ચોરો આપણા ચાકર નથી તેમજ સ્ટેશન ઉપરના ગરીબ મજુર નથી કે રસ્તાના ઝાડુ મારનારા નથી એ મહાન સત્ય જાણવાની સ્ત્રીઓ તસ્દીજ લેતી નથી. આ વર્ગોમાંના કોઇ આપણી ઉંઘમાં ખલલ કરવા આવતા હોય તો તો જાણે સમજ્યા. બહાર જઇ, હાથમાં ચાર આના મુકી બહુ સખ્ત મીજાસ કરીને આપણે તેમને વિદાય કરી શકીએ-એમાં કોઇપણ જાતનું જોખમ નથી. પણ ચોરો એ વર્ગના નથી એ બીના આપણે હરહમેશ સ્મરણમાં રાખવી જોઇએ છીએ. ચોરોમાં વિનય નથી, વિવેક નથી, અહિંસાત્મક ચિત્તવૃત્તિ નથી, પૂજ્યભાવ નથી, મનુષ્યો પ્રત્યે સ્નેહ નથી. પશુના જેવું ઝનુન એમનામાં હોય છે, જરાજરામાં ઉશ્કેરાઇ જાય એવી પ્રકૃતિ એમણે કેળવેલી હોય છે. 'ગારૂં તારૂં'ના ભેદભાવ એમણે પોતાના હૃદયમાંથી ભુંસી નાખ્યા હોય છે. શારીરિકબલ, કોણ જાણે શાથી, એમનામાં આપણા કરતાં વિશેષ પ્રમાણમાંજ હોય છે. આપણે જેમ હાથમાં કલમ પકડીએ તેમ તેઓ લોઢાંના અણીવાળા સળીયાજ રાખે છે.

આવા મનુષ્યો આપણે ઉંઘમાં હોઇએ, ગાઢ શાંતિમાં હોઇએ તે સમયે આપણને કોઇ પણ રીતે ખબર આપ્યા શીવાય ગૃહમાં પ્રવેશીને આપણા ખરા પરસેવાથી ભેગું કરેલ રાચરચીલું લઇ જવાની નીચ વૃત્તિ રાખે તેમની સામા થવું એ બાળકોનો ખેલ નથી એ વાત સ્ત્રીઓના હૃદયમાં હજી ઉતરી નથી. આપણે ઉઠવાના અખાડા કરીએ, ખખડાટ ઉંદરોએ કર્યો હશે એવાં બહાના બતાવીએ કે તરત "હાય હાય! મરદ થઇને આવા બાયલા કેમ છો? એના કરતાં તો અમે સારાં," ના વગર-વિચારનાં વાકયો સ્ત્રીઓ આપણને સંભળાવે છે. મરદાનગી કાળી રાતે ચોર જેવા સિદ્ધાંત વગરના મનુષ્યો સાથે લાકડીપટાની રમત ખેલવામાંજ આવી જતી હોવી જોઇએ એ ધારણાની સામે મારો સખ્તમાં સખ્ત વાંધો હું આગળ રજુ કરી ચુકયો છું અને આજે પણ કરવાને તૈયાર છું. અખાડામાં કુસ્તીઓ થાય છે પણ એ કુસ્તીઓમાં અમુક નિયમો હોય છે, આપણે હારીએ એટલે સામાવાળો આપણને છોડી દે છે, આર્થિક નુકશાનનો સંભવ નથી હોતો. ચોરોની સાથેની કુસ્તીઓ કોઇ પણ પ્રકારના નિયમથી થતી નથી આ વાત પણ લક્ષમાં રાખવા જેવી છે. તેમજ પ્રમાણે "એના કરતાં તો અમે સારાં" એ વાકયમાં તો કોઇ પણ જાતનો અર્થજ નથી દેખાતો. ચોરો સામે આપણે ઉદ્ધતાઇથી લઢી નહીં શકીએ એથી આપણે સ્ત્રીઓ કરતાં કેવી રીતે ઉતરતા? શું એઓ લઢી શકે? અને એક વખત એમ ધારો પણ ખરા કે તેઓ લઢી શકેછે તોપણ શું? અમુક એક બાબતમાં એઓ આપણા કરતાં ચઢીઆતાં હોય તો તેથી બધીજ બાબતમાં એઓ આપણા કરતાં સારાં એમ કોઇ પણ રીતે પુરવાર થઇ શકતું નથી. એમ તો એક મારા મિત્ર એક દિવસમાં દોઢસો

બીડી પી શકે છે! આ પ્રમાણે દોઢસો બીડી કોઈ સ્ત્રી પી શકશે? એક બીજા મિત્ર એમને વખતે પેગો મણ દૂધપાક અને મલાઈ પુરી ખાઈ શકે છે કોઈ સ્ત્રી આટલું ખાઈ શકવાની તાકાત ધરાવે છે? આવું દુકમા જોઈતુજ કે ચોરો આ કાર્યમા રહેવી જોખમદારી એમના સ્વભાવ પ્રમાણે મજબુત થકની નથી એટલે આ પગલો ઉપહાસ કરવા ના મન આદરે છે

હવે આ ઉપાધિ અંગે છે કે જે આપણા જીવનમા ઉંડી જડ ઘાલીને બેઠેલી છે અને અલ્પ મનથવા તે નાબુદ થઇ એમ માનવાને આપણી પાસે કંઈ પણ આધાર કે કારણ નથી તો પછી આમા પરીતજ આપત્ર અવા કંઈ કપાય જોઇયા જોઇ એ ન જોયી એ ઉદ્ધિ જેમ અને તમ ઓછી દુખકર થાય પણ એ વીગ કોઇ પુરવ જોઇએ તેવ લક્ષ આપતો નથી



આપ્યા જેમ કલમ પકડીએ તેમ ચોરો લઇ હાથમા ઝાલીએ જ ણ છે

માસ જેવ એ વિષયનો અભ્યાસી કોઇ માણ સુધરે તો એ એકદમ પ્રહણ કરવાને બદલે મામો ઉપહાસ કરવાની મુખ્યના સામાન્ય માણસો કરે છે એ બરોબર શોકજનક છે

એક વખત અમારા મામમાજ ચોરોનો ઉપદ્રવ બહુ ફાટી નીકળ્યો સ્ત્રીઓએ રીતિ મુજબ પુરુષોને એ બાબતમા કંઈ ઉપાયો યોજવા માટે ગોદાવ ગોદાવ કરવા માડયા આખરે પુરુષોએ એક સભા મેળવી સૌ મોંએ જુદા જુદા અભિપ્રાયો ઉપાયો સુચવ્યા કોઇએ એમ સુચવ્યુ કે ચોરોની સભા મેળવી તેમને અહિંસાત્મક અસહકારના ઉચ્ચ સિદ્ધાંતો શીખવવા પણ ચોરોના નામ અને શેરીનામા જાણ્યા વિના એમને આમંત્રણપત્રિકા કોને કોણે મોકલવી એ પણ એક પ્રશ્ન થઇ પડયો તેમજ જાહેર આમંત્રણ આપવાથી પણ તે લોકો નહીંજ આવે એમ બધાને લાગ્યુ એટલે એ યોજના

પડતી મેલાઇ. આખરે લગભગ બે ચાર કલાકની તકરાર પછી બે ત્રણ વિરુદ્ધ મતે રાતના રૌન ફરવાની યોજના અમલમાં મેલાઇ. વિરુદ્ધમાં હું હતો. રાતના અગીઆરથી સવારના પાંચ સુધી ચાર ચાર માણસોની ટુકડી રૌન ફરવા નીકળે એટલે ચોરો એની મેળે કાંતો આપોઆપ પકડાઇ જશે, કાંતો કંટાળીને નાશી જશે અને કાંતો ભુખે મરી જશે એમ આ અપૂર્વ યોજના ઘડનારાઓના હૃદયમાં માન્યતા થઇ હતી. હું વિરુદ્ધ હતો એ મેં આગળ જણાવેલું છેજ. મારી વિરુદ્ધતા માટેનાં મારી પાસે સબલ કારણો મોજુદ હતાં પણ એ સાંભળે કોણ?

સામાન્ય રીતે વિચાર કરીએ તો પણ જણાય કે રાતના બહાર ફરવાની આદત પાડવી એમાં ઘણું જોખમ સમાએલું છે. દરેક ધર્મના સિદ્ધાંતો રાતના રખડવાની સામાજ છે તો પછી ચોરોનો ઉપદ્રવ નાશ કરવાના બહાના હેઠળ એ ખરાબ રીતિ શા માટે અમલમાં મુકવી? બીજું: રાતના હડીમાં ફરવાથી ન્યુમોનીઆને આપણે ચોખ્ખું આમંત્રણ આપીએ છીએ તેનું કેમ? ત્રીજું: સાથે લીધેલાં બેત્રણ ઝીણાં બળતાં ફાનસને અજવાળે આપણે ધારી ધારીને ઝાડીઓમાં જોવા ફરીએ અને ચોરો કે દિશામાંથી આવશે અને તે વખતે આપણે કે દિશામાં કેટલી ત્વરાથી પ્રયાણ કરવું એ વીશેના વિચારમાં આપણી આંખ આ ક્રિયાથી કેટલી બગડે છે એનો ખ્યાલ સરખો પણ કોઇને આવે છે? પણ આવાં નાનાં નાનાં કારણો બાજુએ મુકીએ તોપણ સૌથી મોટું નુકશાન આ જાતની રૌન ફરવાથી એ થવાનો સંભવ છે કે એથી આપણા હૃદયમાં હિંસાત્મકવૃત્તિનો આવિર્ભાવ થાય છે. ચોર મળે તો આપણે તેને કુદીજ પાડવો એવું ખરું તો નહીં પણ માત્ર દેખાવને ખાતર પણ, રૌન ફરવા જનારાઓએ વારંવાર કહેવું પડે છે. હવે, વારંવાર એકને એક વાક્ય આપણે બોલ્યા કરીએ તો આપણા હૃદયમાં તે વાક્ય ખુંચી જાય છે. આ મહત્વના વાંધાને લક્ષને પણ હું આ યોજનાની સખ્ત સામા થયો હતો. છતાં પણ હું જાત પણ એટલામાં એક સ્વયંસેવક એક રીવૉલ્વરનો પરવાનો લઇ આવ્યા. આ બનાવ મારા જાણ્યામાં આવ્યો ત્યારથી તો મેં રૌન ફરવા ચોખ્ખીજ ના પાડી દીધી. કારણ ખુલ્લુંજ છે: એ બંદુક રૌન ફરવામાં કામે લગાડાય એટલે ચોરોની જીંદગી કરતાં આપણી જીંદગી વધુ ભયમાં રહેજ એ ચોકકસ છે. આવી રીતે પરવાના લઇ આવીને બંદુક રાખનારાઓ કેવાં પરાક્રમો કરે છે એ જાણતા જેવું છે. પણ અહીં એ વિષયનું વર્ણન કરવું એ જરાક અસ્થાને છે એટલે એ વીશે વળી કોઇક બીજે પ્રસંગે.

ચોરોના ઉપદ્રવ સામે વાપરવા માટે મારી પાસે એક સારો ઉપાય છે એમ હું ધારું છું. અલબત્ત મારે સાચું કહી દેવું જોઇએ કે આ ઉપાય મને અનાયાસેજ પ્રાપ્ત થયો હતો.

અંધારી રાત હતી. સર્વદિશામાં ગાઢ શાંતી પ્રસરી રહી હતી. કોક કોક ઠેકાણેથી કુતરાના રડવાનો અવાજ થતો હતો. હું આખો દિવસના શ્રમથી કંટાળી ધસઘસાટ ઉંઘતો હતો એટલામાં મારી પત્નીએ મને ગોદો મારીને ઉઠાડ્યો. "શું સુઇ રહ્યાછો! નીચે ચોર આવ્યા જણાય છે. જરા ઉઠીને નીચે જઇને એમને પકડોને."

આ વાક્યમાં રહેલી જવાબદારીની તદ્દન ન્યૂનતા વીશે વાદવિવાદ કરવાનો સમય નહતો

એથી મેં કહ્યું "અરે, ચોર તે હોય ! ઉંદરો હશે."

"ઉંદર નથી હોતા"

મેં આખી વીગતો રાજીનેજ જણાવી દીધી

બારીવાટ ઠેકી રહી હું પાછો ઉપરી "બીલાડી હશે"

ગયો ફરીથી પડખામાં ચોરો પડયો બની બારીવાટ શાંતિ ત્યજીને ચોરો પડયો



* ચોરોના મોઢા મોટાભાગે પેલા ચોરની બનાવટ આવતી હોય.

અને અવાજમાં કૈં ઉગ્રતા જણાઇ. "હું તમને હવે ઉંઘવા દેવાની નથી. નીચે ચોરજ આવ્યો છે. નવી તપેલીઓ લઇ આવ્યાને હજી પુરા પંદર દિવસ પણ થયા નથી. એ ચોરાઇ જશે તે મારાથી નહીં ખમાય. પણ જો જો હોં! બીચારાને બહુ મારતા મારતા નહીં. પકડીને બાંધજો અને પછી પોલીસને બોલાવી લાવજો."

બીજો માર્ગ નહતો એટલે હું ઉઠ્યો. દાદર ઉપરથી નીચે ઉતર્યો. રમણા ઉપરથી મેં નીચેના એક ઓરડામાં પેલા ચોરની ભયાનક આકૃતિ જોઇ. એના મોં ઉપર સહ્યગુણનું એકેય ચિહ્ન નહતું. મને એ ચોરના કુટુંબ માટે દયા આવી. જો આ ચોરને હું મારીશ તો એની સ્નેહાળ પત્ની, એનાં કુમળાં બાલકો વગેરેનું ભરણપોષણ કોણ કરશે એ ખ્યાલથી હું ગળગળો થઇ ગયો. હું પાછો ઉપર ગયો. પણ ત્યાં તો પત્નીશ્રી ઉગ્રાતાંજ. "કેમ પાછા આવ્યા?"

"ના ના, હું તો ચશ્મા લેવા આવ્યો હતો. પણ–પણ તું એને મારવાની નાજ કહે છેને?" મેં કહ્યું.

"હા બા, મારતા તો નહીંજ. લ્યો, આ તમારાં ચશ્માં. લાકડી આપું?"

"ના, લાકડીની કૈં જરૂર નથી." લાકડી કૈં કામની હતીજ નહીં એટલે હું ચશ્મા પહેરીને નીચે ઉતર્યો. દાદરથી નીચે ઉતરીને હું ઉભો રહ્યો. આગળ વધવાનું મને ઠીક લાગ્યું. હું ચોરને જોઇ શકતો હતો પણ એ મને જોઇ શકે એવી સ્થિતિમાં હતો નહીં એટલું ઠીક હતું. કારણ કે નહીં તો કદાચ ગભરાઇને એના હૃદયને ઇજાજ થઇ જાત. હું 'શું કરું શું કરું' એવો વિચાર કરતો હતો એટલામાં અંધારાંને લઇને હું એક ખુરશી સાથે અથડાયો. ખુરશી ધડાક્ દઇને ગબડી પડી. મને ઠીંચણમાં બહુ સખત વાગ્યું પણ મારી નજર તો ચોરનેજ જોઇ રહી હતી. ચોર આ અવાજથી એકદમ ગભરાઇ ગયો અને ચોરવાનું પડતું મુકી બારી પાસે ગયો. આથી ધીમે રહીને એક બીજી ખુરશીને ધક્કો માર્યો. ખુરશી ધડામ્ દઇને પડી. ચોર આથી બહોજ ગભરાયો અને છલંગ મારીને બારી-માંથી કુદીને નાઠો. મેં તરત પાછળ જઇને બારી બરાબર બંધ કરી, ઉપરથી પત્નીનો અવાજ આવ્યો. "પકડ્યો?

"ના, સહેજને માટે છટકી ગયો." મેં જવાબ આપ્યો ઉપર જઇને એ પરત્વે ઝાઝું વિવેચન કર્યા શીવાય ચશ્મા ઉતારી હું ઉંઘવા પડ્યો.

હવે જ્યારે જ્યારે ખખડાટ થાય છે ત્યારે મને કશી પણ ચિંતા થતી નથી. માત્ર એકજ કામ કરવાનું મારે માથે આવી પડે છે. નીચે ઉતરી બે ખુરશીઓ થોડે વખતને અંતરે ગબડાવી મુકવી પડશે. અલબત્ત આ માટે મેં બે ખાસ જુની ખુરશીઓ રાખી મુકી છે એટલે ગબડાવતાં ખુરશીઓ ભાંગવાની ફીકર નહીં રહે.

આ ઉપાય કેવો લાગે છે?

ત્યાગ

લેખક
ન. શાન્તિલાલ કૃપાશંકર મહેતા

ચિત્રકાર
૨૫ રમણલાલ એમ દરાણી

સૂર્યાસ્તનો સમય હતો અને ગઢ ઘણાઓ સુગ્રિવ બની ગઇ હતી પર્વતમાળા ઉપરથી પવન અવાજ ગર્જન કરતો હતો. વેણુનાદ મધુર તાનથી ઇશ્વર સ્તવન કરી સંગીતવિશારદોને આમંત્રી રહ્યો હતો સુરેખા વેણીઓ ત્રિવેણી રક્ષને મજબૂત આલિંગી રહી હતી સંધ્યાનું ઝાંખું ઝાંખું તેજ સરોવરમાં પડી તરંગો સાથે હીંચકા ખાતું હતું બીજાતાં કમળો નવયૌવનાના મધુર હાસ્ય સમાન જણાતા હતા સંધ્યાની સભોવડી એક કન્યા સરોવરમાં પોતાની કોમળ પાનીઓ ધોઇ રહી હતી પાનીમાંથી સુવર્ણકિરણો જેવું તેજ ફુટતું હતું

તેના મોઢા ઉપર બાલ્યપણની ભભક હતી, તેજસ્વીતા નિર્મળ જ્યોત્સના જેવી નહીં પણ સૂર્યપ્રભા જેવી હતી બીડાયલા હોઠો હતા બતાવતા હતા છતાં તેના અણીવાળા નયનોમાં પ્રેમનો સાગર ભર્યો હતો

થોડીવારે અશ્વના પગલા સંભળાયા સુંદરીના નયનો આતુર બન્યા, હરીયુક્ત નેત્રો આવના અવાજ તરફ ફર્યા દૂર ભીટ ભાડીને જુએ છે તો તેની આશા ફલીભૂત થતી હતી તેના કમળની પાદડીઓ જેવા હોઠ કંપી રહ્યા નાજુક હાથોએ અન્યોન્યમાં વીંટળાઇ વળાઇ ગયા

અશ્વ ત્વરિત ગતિથી આવતો હતો આવનારના મો ઉપર ચિંતાની રેખાઓ હતી કપાળ ઉપર શ્રમથી પ્રસ્વેદના બિંદુ આવ્યા હતા સૈનિક તરતજ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો ઘોડાને ઝાડ સાથે બાંધી બને જણ સરોવરની પાળે બેઠા

કૃષ્ણસિંહ! કે ચિંતાતુર છો? આટલા દિવસથી આપણો દરરોજ મેળાપ થાય છે તમારી સ્થિતિ પણ નિરપાધિક છે તો તમે શા કારણે ચિંતાતુર છો? મહારાજા ચંદ્રગુપ્તના રાજ્યમાં સુખશાંતિ છે તેમાં વળી તમે તેમના ઉપસેનાપતિ તમારે ચિંતા શી, ઉદ્વેગ શો?'

યુવાનના મો ઉપર ફરીથી કંઇ બોલવા ફરી વળી કરી ઉત્તર ન મળવાથી તેના નેત્રો વસુમતિ તરફ ટગરટગર તાકી રહ્યાં વસુમતિ ના હાથમાં હાથ મુકી સજળ નયને તે જોઇ

રહ્યો. હૃદયભારથી તેનું માથું સુંદરીના ખોળામાં નમ્યું.

"શી વિપત્તિ છે? આપનું વીરહૃદય આજે નાજુક શા માટે બને છે? વજ્ર જેવી છાતીએ મુલાયમ થવું ન ઘટે. હું આપની દાસી, થોડા દિવસમાં સહચરી બનીશ, આપના હૃદય ઉપર સંપૂર્ણ અધિકાર મેળવીશ—તેને તમારી અંતરકથા જાણવાનો પણ અધિકાર નહીં?"

સુંદરી અધિરી બની. તેનું મુખ કૃષ્ણસિંહ તરફ તલસી રહ્યું. કૃષ્ણસિંહ સ્વસ્થ થયો.

"મારી વાત જાણવાનો અધિકાર તારા વિના કોને? પ્રિયતમા! માતા વિનાનો એવો હું વજ્રહૃદયી, તારા પ્રેમભારથી નમ્ર બન્યો છું. થોડા દિવસમાં તારો વિયોગ થશે તે મને સાલશે. એના સ્મરણમાત્રથી મારાં ગાત્ર શિથિલ થાય છે."

વિયોગનું નામ સાંભળી વસુમતિનું મુખારવિંદ શ્યામ બની ગયું. થડકતે હૈયે તે બોલી:

"શાથી આપણો વિયોગ છે? બોલો, શા કારણે આપણા ઉપર આપત્તિ આવવાની છે? શું મહારાજા ચંદ્રગુપ્તનો કોપ તમારા ઉપર ઉતર્યો છે, કે મહાશય ચાણક્યનો ક્રોધાગ્નિ તમારા ઉપર વરસ્યો છે? જો એમ હોય તો તેમને બે હાથ જોડી પ્રાર્થીશ. બોલો, મારું અધીર હૃદય શાંત થાય."

"કોઇનો કોપ મારા ઉપર ઉતર્યો નથી. મહારાજા ચંદ્રગુપ્ત અને મહાશય ચાણક્ય ચરંજીવ થાઓ! પણ એક કાળમુખ ભારત આવે છે. તને સાંભરતું હશે જ, કે એક વખત સીકંદર બાદશાહ અહીં આવ્યો હતો. ભારતેન્દુ પોરસે તેને પોતાનો ક્ષાત્રધર્મ બરાબર બતાવ્યો હતો. તેનો જ સરદાર સેલ્યુકસ અહીં આવે છે. પ્રિયે! જે વખતે આપણી જીવનયાત્રા સુખેથી શરુ થવાની છે તેજ વખતે યુદ્ધની હાક વાગી રહી છે. મારી બધી આશા, મનોરથો સ્વપ્નવત્ બનતાં જાય છે."

કૃષ્ણસિંહનો સ્પર્શ પણ અપવિત્ર હોય તેમ વસુમતિ સકળાઈ ઉઠી થઇ ગઇ. તેની આંખમાંથી તિરસ્કારના અગ્નિકણો વર્ષવા લાગ્યા. રોમરોમમાં ઝાળ લાગી.

"ક્ષત્રિય, શુદ્ધ ક્ષત્રિય! તારાં આ વચનો લજ્જા ઉત્પન્ન કરાવે તેવાં છે."

કૃષ્ણસિંહ સડક બની ગયો, અણધારેલી સ્થિતિ ઉત્પન્ન થવાથી તે ભય પામ્યો.

"શા માટે! શો અપરાધ!"

"મુખ, ભોગ અને જડ તૃષ્ણામાં તું મનુષ્યત્વ ખોવા બેઠો છે. તારા રાષ્ટ્ર ઉપર આવેલી આફત તને સુખપ્રભોગનો ત્યાગ કરવા ફરમાન કરે છે. તે વખતે તું એક હાડ—માંસની પુતળીમાં આસક્તિ રાખી રહ્યો છે?"

"સુંદરી! આ હાથ યુદ્ધને માટે સદા તત્પર છે. પણ તારા સુમધુર હાસ્યે મને ઘેલો કર્યો છે. આ બંને બાહુ તને જોઇને નરમ બની જાય છે, અને આ આયુધો તારા વૃક્ષલતા જેવા દેહ આગળ મુકોમળ બની જાય છે."

"તો રજપુત! મારો સંયોગ નહીં પણ વિયોગજ તને કર્તવ્યમાં પ્રેરશે. સેવકનું માથું માલીકના કબજામાં છે, અને હૃદય પ્રિયતમાના સ્વાધીનમાં છે. આજથી હું તારો ત્યાગ કરું છું. જ્યારે તું મરીશ, અથવા વિજય મેળવી આવીશ ત્યારેજ આ દુઃખી આત્મા તને ભેટશે.

અહીંથી વિદાય થા હે ક્ષત્રિયકુમાર! તારા પથે પગ"

કૃષ્ણસિંહ ઉઠ્યો વસુમતિના ચરણોમા પડ્યો. વસુમતિ તરતજ દૃષ્ટિપાત કર્યા વિના નૂપુરનો ઝકાર કરતી વિદાય થઇ કૃષ્ણસિંહ સ્યામમુખે વિદાય થયો

વસુમતિ પર્ણકુટિમા આવી વાનપ્રસ્થ પિતાની સેવામા લાગી ગઇ વૃદ્ધ અમરસિંહે પુત્રીને મ્લાન વદનવાળી જોઇ શોકથી ઢપકેલા લિદુના ત્રાસેલાગુ મુખ મેઘાચ્છાદિત ચદ્ર જેવુ લાગતું હતુ

"વસુમતિ! આજે આમ કેમ? આપણા વીતરાગમયકોષ જેવી સ્થિતિવાળાને આ શુ?"

વસુમતિ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી ઘણેથી સર્વ બીના તેણે અથેતિ કહી અમરસિંહનુ વૃદ્ધ શરીર આનદિત થયુ પુત્રીના વાસા ઉપર હાથ ફેરવી કહ્યું

'પુત્રી! મારી સેવા પણ આજથી પુરી થઇ ભારતનુ રક્ષણ એજ અત્યારે તારે માટે કર્તવ્ય છે જ્યારે મુનિઓ તપશ્ચર્યા કરતા અને રૂષ તપા પરનો બેદ ભુલીજતા તે વખતે 'રાજ્ય' શબ્દનો જન્મ નહોતો થયો જ્યારથી ફાયાનાળ જેવી લાલસા ચારે તરફ પ્રસરી રહી છે ત્યારથી દેશ, જાતિ વગેરેનો જન્મ થયો છે પણ એમા આપણો હેતુ નથી સ્વરક્ષણ કરવુ એમા પાપ નથી તુ પણ હવે તારા માનેલા પતિની માફક રાષ્ટ્ર સેવા કર"

વસુમતિએ પિતાને નમન કર્યુ બીજે દહાડે તેણે પોતાનો સબરી રાખેલો યુદ્ધનો પોશાક ધારણ કર્યો. વીર અભિમન્યુ જેવુ તેનું શરીર દેદિપ્યમાન લાગતું હતું

મહારાજા ચદ્રગુપ્તે દરબાર ભર્યો હતો સૈનિકો શસ્ત્રાસ્ત્ર સજી આવતા હતા તરતજ પુરુષવેશધારિણી વસુમતિએ પ્રવેશ કર્યો મહારાજા ચદ્રગુપ્ત અને ગુરુ ચાણાક્યને તેણે નમન કર્યું

'બાનકુમાર! તમે કોણ છો! નવા સૈનિક જણાઓ છો."

'મહારાજ, મારુ નામ કૃષ્ણસિંહ રાષ્ટ્રકાર્ય હોવાથી યુદ્ધ માટે તૈયાર થયો છુ મારે બેસવા વાહન નથી એટલે એક પાણીદાર ઘોડી આપો"

તેજસ્વી લલાટવાળી વસુમતિને આખો દરબાર મુગ્ધપણે જોઇ રહ્યો, મહારાજા ચદ્રગુપ્ત અને ગુરુ ચાણાક્ય ચકિત બની ગયા. આવો બહાદુર ક્ષત્રિયકુમાર તેમણે જોયો ન હતો તેના માથા ઉપર હાથ ફેરવી મનમાની ઘોડી લઇ આવા આપી

રણવાદ્યો વાગવા લાગ્યા અને અશ્વોની પદરજ ઉડવા લાગી ત્યા સૈનિકોમા ઘોડી બરાબર થવા લાગી ઉપસેનાપતિ ત્યા ન હતા મહારાજાની રજા લઇ વસુમતિ ત્વરિત ગતિથી ઉપડી શિવમદિર પાસે આવતાં તેના કાનમા શબ્દો અથડાવા લાગ્યા અદર જઇને જુએ છે તો કૃષ્ણસિંહ સજ્જેસા આસુથી સાથે શિવપ્રાર્થના કરતો હતો

'ભોળાનાથ! મને વિજય અપાવજે અથવા તારી પાસે લેજે પ્રિયતમાનો સ્નેહ મને કરુણ બનાવે છે એ કરુણતા તુ આ વખતે હરી લેજે'

વસુમતિનો હર્ષ સમાતો ન હતો તેણે બને હાથ જાની ઉપર મુકયા તરતજ તે સ્વાર થઇ સૈનિકો સાથે ભળી ગઇ કૃષ્ણસિંહ પણ તરતજ આવ્યો સેના સમુદની ઉછળો મારફ મારવા લાગી

શત્રુસેના વાટ જોતી ઉભી હતી. મહાકાય યવનોએ તલવાર ખેંચી. સામસામા અઢેક ખુંખાર ફરી રહ્યા. રજપુતો તલવારને આંખિંગી, તેને છેલ્લું ચુંબન દયાસિંહની માફક તુટી પડ્યા.

મહાભીષણ યુદ્ધનો આરંભ થયો. તલવારો ખણખણવા લાગી. મરણીઆ રજપુતો અને યવનોનાં મસ્તકો ભૂમિશાયી થવા લાગ્યાં. યવનોના મનમાં ચડાઇ કર્યાનો મદ હતો રજપુતોને ક્ષત્રીયટનું અભિમાન હતું. લોહીની નદીઓ વહેવા લાગી અને ખોપરીઓ પગમાં અથડાવા લાગી

કપટી સેહયુકસે અર્ધું લશ્કર સંતાડ્યું હતું. હાર થશે એમ જણાયું એટલે તરતજ રજપુત સેનાની પાછળથી તેને જબ્બર કાઢ્યું. રજપુતો બંને વચ્ચે સપડાઇ ગયા.



રુપા સમોવડી એક કન્યા રણાવરમાં હતી.

તરતજ કૃષ્ણસિંહની નજર ત્યાં ગઇ. તે સ્વસ્થાને ગયા. તરફના અર્ધા ભાગને તેણે સાવચેત થવા ફરમાવ્યું. અચિંત્યા હુમલાથી રજપુતો મોળા પડી ગયા. ધીમે ધીમે પાછા હઠવા લાગ્યા. નિરુત્સાહ એ નિષ્ફળતાની માઠી.

વસુમતિની તીક્ષ્ણ નજર તરતજ કૃષ્ણસિંહ તરફ ફરી. રજપુતોને તેણે પાછા હઠતા જોયા. પોતાની ઘોડી તરતજ તે તરફ વાળી. રણહાક કરતી તે બોલીઃ

"વીરપુત્રો! પાછા હઠો છો? ક્યાં તો મરો અને ક્યાંતો મહારાજા ચંદ્રગુપ્તને વિજયમાળ પહેરાવો."

નાના કુમારનું આવું વચન સાંભળી રજપુતોમાં ઉત્સાહ આવ્યો. મરણીઆ થઇને તેઓ તુટી પડ્યા. યવનોમાં તરતજ નાસભાગ થઇ રહી. સેહયુકસના સર્વ મનોરથો પાણીમાં ગયા. ઉદાસ મુખે તે છાવણીમાં પાછો ફર્યો. સર્વ રજપુતો વિજયનાદ કરતા કરતા

કૃષ્ણસિંહના પરાક્રમથી વસુમતિ પ્રસન્નચિત્ત થઇ આયુધો સહ તે તેને ત્યાં ગઇ તેના મુખમાં હર્ષ માતો ન હતો. કૃષ્ણસિંહ પણ ઉપર પારા બાંધતો હતો તરતજ વસુમતિએ પ્રવેશ કર્યો કૃષ્ણસિંહે આમે જોયું

"કૃષ્ણસિંહ! તમારા પરાક્રમથીજ અમારો વિજય થયો. તમને મારા હાથ નીચેજ જગા આપવીજ એસો, એસો"

વસુમતિના મુખ ઉપર હાસ્ય હતું હજી પોતે ગુપ્ત રહી શકેલ છે જાણી તેના મનને બહુજ ક્ષોભ થયુ

"અને આપનું પરાક્રમ જોઇ મન પણ આપના હાથ નીચે જગા લેવાની ઇચ્છા થઇ છે"

કૃષ્ણસિંહને અવાજ કોઇ પરિચિત જણાયો પણ પોશાક ઉપરથી તે કળી શકયો નહીં

"અને હું એક બીજુ ઇનામ પણ આપ પાસ માગવા આવ્યો છું

"શું?" કૃષ્ણસિંહ ચમકયો

"આપનો ભુજપાસ"

તરતજ માથા ઉપરથી મુકુટ ઉતરી ગયો કૃષ્ણસિંહ હાવરોબાવરો જોઈ પડયો પ્રેમાકુલી, શુદ્ધ હૃદયથી, બનેના શરીર ભેટી પડયા

બને સ્વસ્થ થયાં તરતજ વસુમતિએ વાત ઉપાડી

"હવે સેન્યુકસ શું કરશે?

"કોઇજ કરશે. બહેને આગે તે માટે તેનો માણસ આવ્યો હતો. મહારાજા બનેજ બહીંથી બેકલવાના થાય તે અગે, પણ મહારાજા ચદ્રગુપ્ત સેલ્યુકસની કુવરી પરણશે"

"અને તેવખતે આપણે પણ પરણશું જ"

"બને બુદ્ધાબુદ્ધા શબ્દોમા સુધ્ધ ગયા કૃષ્ણસિંહ વિચારસાગરમા ઝોલા ખાતો હતો વસુમતિ સ્વપરાક્રમથી મહારાણીપદને યોગ્ય છે એમ તેને લાગ્યુ શા માટે તે આવા નીચા સ્થાનમા રહે? હું કોણ? છેવટે એક તુચ્છ મરક ગમે એટલા વિજય થાય, દુશ્મનોને હાથે મરવુ પડે, પણ છેવટનુ ફળ શુ? નાકર્ી વનિતાના કોમળ હસ્તસ્પર્શનો લહાવો પણ સુખે લેવાય નહીં આવુ ક્ષેતજીવન તેને વસમુ લાગ્યુ

બીજા કાળે મહારાજાનો અનુચર આવ્યો તૈયાર થઇ, વસુમતિની રજા લઇ તે દરબારમા જવા નીકળ્યા નમન કરી તે ઉભા રહ્યો મહારાજા બોલ્યા.

"કેમો બાલસૈનિક તારે ત્યાજ છે ચાર! રૂપ નગરચર્યા જોવા નીકળ્યો ત્યાજ અને અટકર પડી

કૃષ્ણસિંહના મો ઉપર લાલી આવી નીચુ મો ઘાલી તે ઉભો રહ્યો

"મારો વિજય તમેજ અપાવ્યો છે આથી તમે બને મારા વિશ્વાસુ છો સેલ્યુ કસનો માણસ સધિ માટે આવ્યો હતો આપણા તરફથી તમે બધો સૌ યુકમે પોતાની કુવરીનુ મારે માટે માગુ મોકલ્યુ છે તે પણ માન્ય રાખતો આવજ"

સાથે આપેલ સબોધો લઇ તે બહાર આવ્યો વિચારતરગોમા ડોલતો ડોલતો ને ઘેર આવ્યો. વસુમતિએ તેની બરદાસ કરી બબધુઓ કોણ તરતજ તે મોકલ્યાર થઇ ચાલી નીકળ્યો

બપોર પછી તે તરતજ પાછો આવ્યો. છાવણી દૂર હોવા છતાં ત્રણ–ચાર કલાકમાંજ પાછો આવ્યો જાણી ચતુર વસુમતિનું મન સંશયી બન્યું.

"ગમે તેમ પણ તમારા ચિત્તમાં બધા છે. એકદમ પાછા કેમ આવ્યા?"

"તને જણાવવાનો અત્યારે સમય નથી. પછી બધું બની રહેશે. મારે રાત્રે પણ કામ પ્રસંગે બહાર જવું પડશે."

રાત્રી પડી. કૃષ્ણસિંહ સ્વાર થયો. વેગથી ઘોડો મારી મુકયો. વસુમતિનું મન અસ્થિર બન્યું હતું. આ કારણે કૃષ્ણસિંહ અત્યારે બહાર જાય? તરતજ તેણે ઘોડીને પલાણી જે તરફ પગલાં સંભળાતાં હતાં તે તરફ ઘોડીને મારી મુકી. તરતજ હોકર વાગવાનો અવાજ તેના કાન ઉપર અથડાયો. પોતે તરતજ ઘોડી ઉપરથી નીચે ઉતરી ઘોડીને ઝાડ સાથે બાંધી ધીમે પગલે તે ચાલવા લાગી. કૃષ્ણસિંહનો પગરવ સ્પષ્ટ સંભળાતો હતો. તરતજ સામેથી બીજા પગ આવતા સંભળાયા. વસુમતિ ત્યાંજ ઉભી રહી. આકાશમાં તારાઓ શીવાય બીજું કશું ન હતું. ધ્રુવડોના શબ્દોથી અને શીયાળાના રોવાથી રાત્રી ભયંકર જણાતી હતી. તરતજ અવાજ સંભળાયા.

"કૃષ્ણસિંહ! ઠીક આવી પહોંચ્યા. અમારા મહારાજા આપની શરતોથી ખુશી થયા છે. તમનેજ અમે રાજ્ય આપીશું. પણ પરમ દિવસે બાપો મારીએ તે વખતે ચુકતા નહીં. લ્યો અમારા મહારાજાનો લખોટો.

તરતજ કૃષ્ણસિંહે હાથમાં લખોટો લીધો.

"અને તમારા મહારાજા વિશ્વાસઘાતી ન થાય."

"જરૂર, જરૂર."

નમન કરી બંને વિદાય થયા. વસુમતિ ત્વરિતતાથી આવી, ઘોડી ઉપર સ્વાર થઇ, ચપળતાથી વિદાય થઇ. જતાં જતાં તેણે છેલ્લું વાકય સાંભળ્યું. 'વસુમતિ! તારા માટેજ' વસુમતિના દાંત તરતજ કચડાયા.

સ્વસ્થાને આવી તે સુઇ ગઇ. શોકથી તેની આંખમાં નીંદ આવતી નહતી. આંસુની નદી વહાવી રાત્રી જેમ તેમ વીતાવી. કૃષ્ણસિંહ પણ છાનોમાનો આવી પોતાની પથારીમાં સુઇ ગયો હતો. લખોટો કબાટમાં મુકયો હતો, વસુમતિએ ધીમેથી જઇ લખોટો છાનોમાનો લઇ લીધો.

પ્રાતઃકાળ થયો; ચાકરને લીધે કૃષ્ણસિંહ ઉઠયો ન હતો વસુમતિ સૈનિકનો પોશાક પહેરી મહારાજા ચંદ્રસુમના દરબારમાં હાજર થઇ. મહારાજા આજે વહેલા ઉઠયા હતા, ઘોડીઓ વાગી રહ્યાં હતાં, મહારાજાએ કહ્યું.

"પધારો પૃથુસિંહ. કેમ આજે વહેલા આવ્યા?"

વસુમતિનું મુખ ઉતરી ગયું હતું. તે તરતજ મહારાજાના પગમાં પડી.

"મારી એક અરજ છે."

મહારાજા આશ્ચર્ય પામ્યા.

"બોલ, શી અરજ છે?"

"મહારાજ, કૃષ્ણસિંહનો જે બાબત ખુનો થયો હોય તે બદલ માફી આપશો?"

"માફી? આવા શુભ દિવસનાં તેણે શી ભુલ કરી છે? તેનાથીજ મને વિજય મળ્યો છે. તેની ભુલ કેવી? તેને માફી કેવી?"

"અને ભુલ થઇ હોય તો માફી આપશો? બોલો પૃથ્વીનાથ! માફી આપશો?

"તેની ભુલ તો થયજ નહીં. અને થઇ હશે તો તારા ઉપરની પ્રસન્નતા ખાતર તેને માફી આપું છું."

આથી વસુમતિને સંતોષ થયો, તેણે ભેટમાં રાખેલ વસ્ત્રોમાં જહાર કાઢવો મહારાજ સમે[illegible] આંબા બની ગયા હતા ? મારે લીધેજ તમે સ્વબાંધવોને રગદોળવા ઉદ્યુક્ત થયા હતા ? નથ ! મારો ત્યાગ કરો આ પાકૃપકમા પડવા કરતા હવે મને મારો



વસુમતિ સભા ઘર્ઈ ગઇ તેની આખમાથી અશ્રુધારા વહેવા લાગ્યા

' વસુમતિ ! બેટા ! તેજ રાજ્યને જયાન્યુ છે "

" અને મહારાજ મેજ મારે સૌભાગ્ય ઝિલમિલ કર્યું છે '

કુમ્ભસિંહને બોલાવવા માણસ મોકલ્યુ કુમ્ભસિંહ આવ્યો વસુમતિ તેના પગમાં પડી નીચળતી આખોએ તે બોલી

' સ્વામિન્ ! મારા માટેજ—આન ક્ષુદ્ર સુખને માટેજ તમે રાજ્યનો નાશ કરવા બેઠા પિતાની ક્રુપડી મારી જ્યાય છે મારે કામ હવે પૂર્ણ થયુ છે '

ફરી વખત પગમા પડી તે ઉની ચટ તરતજ તે અદૃશ્ય થઇ ગઇ કુમ્ભસિંહ હાથ પહોળા કરી, આખો ફાડી દિગ્મૂઢ જેવો ઉભો રહ્યો બાળક પેઠે તે રડતોરડતો જ ગમ ભણી ચાલી નીકળ્યા

આ વાત સાભળી આખી નગરી ચિત્રવત્ બની

મોહન–માયા

[હાસ્યરસપ્રધાન ત્રિઅંકી નાટક]

લેખક:

પ્રોફેસર ખુશાલ તલકશી શાહ

બી. એ. બી. એસ. સી. બારીસ્ટર-એટ-લો,

સભ્ય, સાહિત્યસંસદ.

ચિત્રકાર:

રા. શિવરાવ સજ્જય,

એ. એમ.

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અંબાલાલ શેઠ... ... મુંબાઇના એક ધનાઢ્ય–વિધુર, વાનપ્રસ્થાશ્રમના ભાવધારી, ગાંધીથૈલછામાં ગરકાવ ને સાબરમતી તીરે વસનાર ગૃહસ્થ–ધનસંપત્તિ મુંબાઇમાં ગેળવી, પત્નીના સ્વર્ગવાસ પછી અમદાવાદમાં "રીટાયર્ડ" થયા છે.

નરોત્તમદાસ .... અંબાલાલ શેઠનો જમાઇ, મધુરીનો વર, ગુજરાત કોલેજમાં રસાયણશાસ્ત્રનો અધ્યક્ષ.

ચારાભાઇ ... ... અંબાલાલ શેઠનો એકજ પુત્ર–બાળપણથી વીલાયત વસેલો પ્રથમ અભ્યાસાર્થે, અને તેથી ઓક્ષફર્ડનો રંગ એટલો લાગ્યો છે કે નખશિખ લગી યુરોપીઅનજ બની ગયો છે. અંબાલાલ શેઠ તો તે જન્મ્યા પહેલાંજ તેને સીવીલીઅન બનાવવાનાં

સ્વામી જોઈ રહ્યા હતા પણ પરીક્ષકોના કમનશીબે મારાભાઈ શેઠ આઈ સી એસ ની પરીક્ષા નાપાસ કરી અને મોહનદાસ એ ક્લાસની ત્રીજા વર્ગની પદવી પર બારીસ્ટર બન્યા અબાલાલ શેઠ નિરાશ તો થયા છતા બારીસ્ટર ના પણ સ્વપ્રસિદ્ધિનો મનોરથ જાગ્યો એટલે નવી આશા ઉત્પન્ન થઈ તે આશાને પણ વિકાસી, સુખવિલાસ સાગભાઇએ કનક કરી અને અબાલાલ શેઠના ગોરીઆ ગોપાળદાસની પારીમની પેઢીમા તે મોટી વેપનાર મેનેજર બન્યા વિધાતાએ થરી અપી-લક્ષ્મીની અખુટ્ટરી, અટળક બક્ષેર થઇ અને બારીસ્ટર મોહનભાઇ જેઓ સીવીલીઅન યુરોપના નામાકિત ઝવેરી ગણાતા તે આ એટલે પિતા તેમજ અન્ય કુટુંબીજનોને મળવા પુન હીંદુસ્થાન પધાર્યા છે-શીયાળાની મોસમ માટે

મોહનદાસ	નરોત્તમ શેઠનો મા મિત્ર ઘણીવારની અનેક અનુભવથી ઘડાયેલો નરવીર
જીવરાજ	ચમારડીના સુપ્રસિદ્ધ રઘરાજ નરોત્તમનો બાળપણનો સહ્યોગી
સરદાર હીરાસિંહ	પંજાબનો એક અંગ્રેજ તરફ અસહકારી પુત્રનો પિતા
શીવરામ નાનાભાઇ કવિ	ઝવેરી નાથા દામા ની એક એ પત્ર મોહનદાસ ગાંધી, અનુપરામ અમીચંદ

સ્ત્રીવર્ગ

માયાવતી	અબાલાલશેઠની મોહન-અધડવયની અંતરંગ કવિકલ્પવેલી આમિની
મણી	અબાલાલશેઠની મોટી દીકરી નગીનભાની પત્ની ગંગેરમાપાના મધ્ય નવોઢા
પુષ્પા	તેની નાની બહેન

નોકર ચાકર ઇત્યાદિ

આગળના પ્રવેશોનો ટુંક સાર

ગારીબડા શેઠ અબાલાલના બંગલામા અનુમાનીઓ પ્રમુખ ન ગોપીજી ૬ ૧ અને કવિ નાનાલાલની પ્રતિમાઓ સમક્ષ ચિત્રત બજાવી ગયા છે તેટલામા શેઠનો પુત્ર સારબાઇ જે પારીસમા ઝવેરીની દુકાનમા મેનેજર તરીકે કામ કરે છે તે આવી પહોંચે છે અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વાતો કરી પિતાની પોતાના તરફ કેવી વૃત્તિ છે તે જાણવા પ્રયાસ કરે છે—સારાભા પિતાએ આપેલ રાજીનામું તે મંજુર કરી સીવીલીઅન નથી થઈ શકયો પણ આખરનું બેરીસ્ટરલ થઇ ગયા છે એટલ બોલી કરવા શીવાય પોતાને પહોંચી નથી—તે સ્થિતિ સીવીલીઅન કરતા ઉતરતી નથી-એમ પોતાની સ્થિતિનો બચાવ કરે છે—

(હવે આગળ વાંચો)

અદૃશ્ય રહે તેમાંજ લાભ છે. બાપાજી ઉશ્કેરાય ત્યારે શબ્દકોષ શોધવા મંડે નહીં; અને હું પણ એમનોજ પુત્ર છુંને? [ભાઈબહેન ખિન્નવદને હસે છે.] આવતી કાલે તાર આવવાનો છે, અને બાપાને સ્ટાર ઓફ ઈંડીઆની રીબન સાથે મળું તો કેંક ઉશ્કેરણી ઓછી થશે.

પુષ્પા

ખરેખર?

સારાભાઇ

હા. બેબી! તું શું જાણે તારા ભાઇની પગ કેટલી છે?

પુષ્પા

સ્ટાર ઓફ ઈંડીઆ—ત્યારે તું ખરેખર નાઇટ-સર નાઇટ થશે?

સારાભાઈ

[બેદરકારીથી] ચાહું તો બેરોનેટ!

પુષ્પા

પણ અમને તો આ સંબંધી તેં કંઈ પ્યુંજ નહોતું?

સારાભાઇ

અસહકારીઓને આવી બાતમીમાં કેમ રસ પડે?

પુષ્પા

[સહેજ ગ્લાનવદને] હા, એ વીસરી ગઇ. બાપાજી હવે એથી પણ નહીં સંતોષાય.

સારાભાઇ

એ કહેશો તો આપણે દામને સરકારને એક મોટો કાગળ લખી, રવિબાબુ કે શુક્ર-મણિ આર્યની પેઠે, ખીતાબ અને ચાંદ પાછા મોકલાવીશું—કારણમાં અસહકારી મત.

પુષ્પા

[ગ્લાનવદને] હા, એ ઠીક.

સારાભાઇ

પણ તેથી Legion d'honneur નો Grand Cross અસ્વીકાર કરવાની જરૂર નથી!

પુષ્પા

[પાછી હસે છે.] ના, નહીંસ્તો. પણ કહે તો ખરો, સારુભાઇ! તેં શું કર્યું કે જેથી આટલો મતભેદ મેળવી શકયો?

સારાભાઈ

[દિખાવની મોટાઇથી] એ તું ના સમજે બેબી! મેં આફ્રીકામાંથી કાફી મંગાવી આફ્રીકા-માં ઉગાડવાનો અખતરો કરી બતાવ્યો. અને તેમાં લાખો અંગ્રેજોને તેમજ ફ્રેંચ લોકોને નવું વસવાટનું સ્થાન બતાવ્યું—બદલો સુઝાડયો—તેનો બદલો! [અતુ બોમીઓ પ્રેક્ષકોને લઇ દાખલ થાય છે ને "આણીમેર" કહેતો બાગને દરવાજેથી સૌને લઇ બહાર જાય છે.] પણ આ શું? બંગલામાં હોટેલ કરી છે કે નીશાળ? આ જનાવરો અહીં કેમ આવ્યા!

પુષ્પા

નહીંરે, એ તો પ્રદર્શનના પ્રેક્ષકો છે. બાકી બાપા બંગલો વિદ્યાપીઠને અર્પણ કરી દે તો નવાઇ નથી. અને તો પછી એમાં નીશાળ કે પાંશાળા થાય એ પણ સંભવિત છે. લોકો, જોને, એમની ઉદારતાનો કેવો ગેરલાભ લે છે! પણ એમને ધુન લાગી છે ત્યાં સુધી દામની બીજી બાજુ જોશેજ નહીં. પણ જો તારે જવું હોય તો જા; બાપા દમણાં અહીં આવતા હશે.

સારાભાઇ

વારુ. બહેન, પણ જો કોઇને ચારી વાત કહેતી ના. [સારાભાઇ જાય છે.]

પુષ્પા

[તેની પુંઠે જોઇ રહી છે.] કેટલો મોટો થઇ પડયો છે! અને કેવો મોહક લાગે છે!

તે બાગને રસ્તે બધ છે પલવાર પછી અબદાલ શેઠ આવે છે]

અબદાલ

[સ્વગત] લોકપ્રિય થવા મા પણ મુશ્કેલી તો અનેક છે મારા બગલા અને માનમતાનુ બલિદાન કરી લોકોને તો ખરત જોવા બપુ, અને બદલામા તે મને જન્મપૂર્ણ મારો! [પોતાની તસ્વીર ધારી ધરીને નીહાળે છે પુષ્પા બાગમા થી નવા તાજા ફુલ લઇ આવે છે]

પુષ્પા

[ફુલચનમા ફુલ ભરે છે અને તેમા તાજુ પણુ સીચે છે] જુબી જુઓ છો બાપા!

અબદાલ

હા તને કેવી લાગે છે!

પુષ્પ

ચિત્રકારે તમને બહુજ ખુબસુરત બ નેવ્યા છે

અબદાલ

[ખુશમા] હ!

પુષ્પા

અતિજ ખુબસુરત

અબદાલ

[ખીજવાય છે] એમ કે!

પુષ્પા

સજા કયારે ભરાવાની છે! આપણે કયારે જવુ!

અબદાલ

અહીથા પ્રેક્ષકો વિદાય પછી

પુષ્પા

[નાખુશ અવાજે] ઠરોજ પ્રેક્ષકો!

અબદાલ

[જરા અકળાવથી] હારતો અને આજ તો આ ચીજને ફેકોડો છે એમા એક અમેરીકન બાઇ પણ છે પણ સધારણ રીતે જોવા આવનાર અજ્ઞાન અને અવિચારી હોય છે

પુષ્પા

[હસે છે] કેમ! આજ કે બાબ વાકુ બોલ્યુ છે કે કેમ!

અબદાલ

[છબી સામે બધ] કહે છે કે મારામા બુદ્ધિ કે ભાવ નથી

પુષ્પા

બરોબર!

અબદાલ

હા પણ એમા શી નવાઇ! તુજ કહે છે કે ચિત્રકારે મને અતિજ ! આ બોલ પર બહુજ ભાર દેછ અને અવાજ કરકશ થય છે ખુબસુરત ચીતરી કે

પુષ્પા

[તેની મનસિક્ષ્ય બધા બગડી બધ છે] એ તો બાપ હુ એમ કહેવા બાગતી હતી કે ચીતારાએ તમને દય વધ નના બતાવ્યા છે [એન કોટી કરે છે] તમને બોટુ લાગ્યુ! અબદાલ મધુ મુખાવે છે] આજ પ્રેક્ષક પુસ્તકમા સહી થઇ છે કે!

અબદાલ

હસ્તા

પુષ્પા

આલેા બનાઝ શુ શુ લખ્યુ છે! [પુસ્તક બોલે છે મેજ પાસે ઉભીઉભી વાચવા લાગે છે] વાચવાની બહુ ગમત પડે છે લેા આ મગલાચરણ અબદાલ મોહને મારા સાભાર નમસ્કાર "

અબદાલ

એનામા સબ્બતા તા છે

પુષ્પા

[આગળ વાંચે છે] "સ્થાન રમણીય છે, પણ એક વિશ્રાંતિગૃહની ઓટ છે."

અંબાલાલ

એ લોકો માટે વીશી ખોલું કે શું?

પુષ્પા

[વાંચે છે.] Gertrude Davis, passionate admirer of Rabindra Nath Tagore. આપણી મધુ બહેન જેમ. Oh, if only the walls of this house could speak.

અંબાલાલ

[દર્પમાં] હા, અરે!

પુષ્પા

[વાંચે છે] They would weep, what a fall. From Tagore to Ambalal.

અંબાલાલ

[નિસ્તેજ, હતાશ થઈને] અણધાર્યું આપણે કવિત્વની ખીલવણી કરતા લાગીએ છીએ.

પુષ્પા

[વાંચે છે.] "The best cycle is B. S. A.

અંબાલાલ

પ્રદર્શનના પ્રેક્ષક પુસ્તકમાં જાહેર ખબર!



પુષ્પા જળપાત્ર લઈ નાસી છૂટે છે—

પુષ્પા

[વાંચે છે.] "હું ઝણિંગાગીને જીવન પર્યંત ચાહીશ." "મેં મારું તન મન ધન મોતીચંદને અર્પણ કર્યું છે." આ પણ ઠીક!

અબ્રાવાન્ય

તને નથી લાગતું આ બાનગી આવાસ
અરી પ્રભુશ્રોણીને બળવાન્ સ્થાન બન્યુ ?

માયાવતી

[બાજુથી પીઠમાં આવે છે



—અમેરીકન બાઈ બરતબ એક કપીઅ શેઠ બાણી કૂકે છે

હાથમાં એક કાગળ છે મેા પર ક્રોધની નિશા નીઓ] આ નહીં અમ ય આ તેા હદ થઇ

અબ્રાવાન્ય

કેમ શું છે માયા ? [પુષ્પ જળપાત્ર લઇ ફૂલોને પણી સીંચવા લાગે છે]

માયાવતી

ને તરેા અનુ ભેામીયેા ! પુછેા વિચાર કર્યા વિના અરે ! દુષ્ટ માણસ લઇ મારા બડમા કરા પણ એનવણી આપ્યા વિના ઘસી આ યેા.

અબ્રાવાન્ય

વારુ તેમાં શું થયું ?

માયાવતી

શું થયુ અને શું તેા ! કુલ ડેમીંગ માડિન પહેરી બેઠી હતી અબ્રાવાન ડેસીંગ ગા ઉનમાં આ વ્યેા !

માયાવતી

કેમ ન ગરમી કેવી પડે છે ? આજ આમ ત્રીજી-વાર બન્યુ માણુસ ની ધીરજને પણ હદ હેાય ગમે ને કરેા પણ આ ય મ શ ક્તિ તેા કય ય ખૂટનારજ નથી નીરતે અરે લીધી પણ સમાતી નથી

અબ્રાવાન્ય

લીધી ! નીરત ! શા માટે ?

માયાવતી

હું "નાના નાના . રાસ"ની ઢબે, કૈંક ગાવા માંડતી હતી.

અંબાલાલ

એ તારું કામ નહીં, માયા બહેન! ઘર સંભાળ, નહીં તો ભીંત તુટીને ઓટલો વળશે. પ્રભુ જાણે છે, પુરુષો નહોય તો આ ઘરનું શું થાય?

માયાવતી

મને ઘર-સંભાળનું કામ બીલકુલ ગોઠતું નાલાલ કે સરોજની નાયડુ કૈં ઘર સંભાળતાં હતાં!

અંબાલાલ

શિવ! શિવ! શિવ! તું પોતાને નાયડુ સમજે છે, માયા બહેન, કે તોરુદત્ત? ભુલી જામાં કે આ ઘરમાં તું સૌથી વડીલ સ્ત્રી છે, મારી બહેન, ઘરની મુખી ને માલીક છે.

માયાવતી

તે વહીતરું કરવા?

અંબાલાલ

સતર સેવકોએ વહીતરું! પણ ઘરધણીની સંભાળ—નજર—કરવી તો અવશ્ય જોઇએ. નાનાલાલે તને નચાવી મુકી છે, અને રવિબાબુએ મધુરીને ગાંડી કરી છે. એટલે ઘરનો ભાર સૌ આ ગોબી પર.

પુષ્પા

મારી કાળજી કરશોમાં, બાપા! મને ઘર સંભાળ બહુજ ગમે છે!

માયાવતી

અને મને તેની સુગ છે. સ્વભાવનાં ઓસડ થાય?

અંબાલાલ

પણ તું ગાંધીજીનું વાક્ય વીસરી ગઇ...

માયાવતી

હવે જો કોણ ગાંડું છે, તું કે હું? જ્યાં, ત્યાં મહાત્માજીનું પ્રમાણ!

અંબાલાલ

[રીસમાં] ગાંધીજી તારા ચિત્તહેર નાનાલાલથી હજાર દરજ્જે ચડીયાતા, તેની અવજ્ઞા...

માયાવતી

હું ક્યાં કરું છું? હું તો એટલુંજ માત્ર કહું છે કે પ્રત્યેકને તેના પોતાનાજ પ્રદેશમાં રહેવા દો. ગાંધીજી રાજદ્વારીવિષયમાં એકા, અને ગાંધી—વાક્ય રાજ્યશાસનમાં ભરત વાક્ય. પણ કાવ્યકળામાં...[અનુ પુનઃ પ્રેક્ષકોને લક્ષ આવે છે.)

પુષ્પા

[તેમને જોઇ ગભરાય છે] ઓ! [જળપાત્ર લઇ નાશી છુટે છે.]

માયાવતી

ઓ, વળી એજ બલા! [દ્રઢ બની, મધ્યસ્થ, દીવ્હી—સ્થંભ રૂપ થઇ ઉભે છે; અંબાલાલ શેઠ પ્રત્યેક પ્રેક્ષકને સભ્યતાથી નમન કરે છે]

અનુ

હવે આપણે બાગમાં જઇએ. ત્યાં એક "પ્રેમ મંદિર" બતાવું.

પારસી

ઇ શું હોશે, વારૂ?

અનુ

જોશો ત્યારે જાણશો. મુળતો રવિબાબુએ બાંધ્યું કહેવાય છે, પણ હાલતો ત્યાં અંબાલાલ શેઠના જમાઇ પ્રોફેસર નરોત્તમદાસનું પ્રયોગાલય ગોઠવ્યું છે. ચાલો આવો [બાગવાટે જાય છે. જતાં જતાં અમેરીકન બાઇ અંબાલાલ શેઠ ભણી એક રૂપીઓ ફેંકે છે.]

અંબાલાલ

ઓનારી! માયા બહેન, જોયું કે? પેલી બાઇએ મારા ભણી રૂપીઓ ફેંકયો. તું શું ધારે છે, એ શા માટે હશે?

માયાવતી

બંગલાનો કોઇ નોકર સમજી તને બક્ષીસ આપી હશે!

અબ્બાલાલ

[માનભંગ] એમ? ઉદારવૃત્તિ-લોકપ્રિય થવા જવાના પરિણામ

માયાવતી

[ગુસ્સામાં] એ તો ઓલ્યું છે! તને ગાંધી-ચેપ્રાઝ જેવી લાગી છે ગાંધીનું નામ દેનાર તને એટલા બધા કલાકી જરી કે આપણે અત્યાર પગીમા બાવા બની મહાત્માના આશ્રમઆશ્રિત કેમ નથી થયાં એજ દુકત નવાઈની વાત છે! [બાજમાંથી મોતી-મણિ આવે છે પણ દીવાનખાનામાં લોકોને જોઈ પુન નાશી જાય છે] આ બગના તો ધર્મશાળા કરતા પણ વધારે જાહેર મકાન થઈ પડયુ છે અને મને નવાઈ માત્ર એટલીજ લાગે છે કે આમ આવનાર લોકમાંથી કોઈ જાણભેદુ થઈ આપણને સૌને સુતા હોઈએ ત્યારે દૂર કેમ નથી કરી નાખતા

અબ્બાલાલ

બા, તું એતો તુ વધારીને વાત કરે છે અને બગલા માટે તો હુ વિચાર કરૂ છું કે આપણે એ ફિકાપીડને કેમ અપયશ ના કરીએ

માયાવતી

એ બેટ આપવી હોય તો ઢીલ કરમા નહીંતો કોઈ બારીનો એક કાચ પણ આપે। નહીં રહ્યો હોય આ બે પેલા કોચની ભુલ કોઈએ કાતરી છે! [તે બતાવે છે] ગાંધીજીનું રમારક જોનારનુ કામ હશે! અને કદાચ તો એક પણ આ દીવાનખાનાની ટેબલમા રહેવાજ નથી!

અબ્બાલાલ

હા આતો દુઃખ થાય છે!

[ચાર વટિ નરોત્તમ આવે છે]

નરોત્તમ

[ઉમા, ગોરો ગંભીર લાગતો, ગીરોકવર્ડ નો જુવાન પુરુષ સ્વભાવે આભાન્યત. સરળ અને શાંત છે ને તેની મુખમુદ્રા પરથી વર્તી શકાય અત્યારે મો પર ગરમી તેમજ ગુસ્સા ની કેંક લાગણી દેખાય છે] મને કોઈ કહેશો કે આ પરભાષી પરજનોને કયાં સુધી આમ ઘરમા રખડવા દેવા છે? અહીં તો ઘર નથી પણ રેલવે સ્ટેશન થઈ ગયુ છે

અબ્બાલાલ

પણ નરોત્તમ

નરોત્તમ

હુ તમને સાફ કહી દઉછુ કે મારા પ્રયોગો લવમાં હવે પછી મોહને પગ મુકવા નહીં દઉં આવશે તો ગાદ્યામાફક એવી રીતે ભરી રાખીશ કે એક પગકારામા સપાટ મેદાન!

માયાવતી

હુ મારા ઓરડાને અંદરથી આગળો દઈ દઉં

નરોત્તમ

હુ તમને સાફ કહુ છુ કે આ જાહેરાત તો અમલ થઈ ચુકી છે

માયાવતી

મુગામણી ઓકારી કરાવે એવી છે

અબ્બાલાલ

સૌને સંતોષવા કેવુ મુશ્કેલ કામ છે!

નરોત્તમ

પણ આમ કરવાથી કોઈ સંતોષાતું નથી

અબ્બાલાલ

મને તો ઘણોય સંતોષ થાય છે—

માયાવતી

તે જણ્યું!

અબ્બાલાલ

આ બગલો લીધો ત્યારે મને કેટલો આનંદ થયો હતો! કેટલા વર્ષો પર્યંત મારા એ ભ્રમિત સ્વપ્ન હતું કે મહાપુરુષોના સહવાસ માં આવવું, તેમના રહેઠાણમા રહેવુ, તેમની વાપરેલી વસ્તુ વાપરવી તેમણે બતાવેલો જીવન માર્ગ આદરવો! હુ તો માત્ર સામાન્ય વેપારી— પણ આજ જ્યાં ટાગોર કે ગાંધીજી વસ્યા હતા, ત્યાં તેમનો જાણે વારસ હોઉં તેમ ચમકુછુ, તેઓ સુતા ત્યા સુવન કરુછુ, તેઓ બેસતા ત્યા બેસી વિચાર કરુછુ

નરોત્તમ

શાના ?

અંબાલાલ

તમને પોતાનેજ નથી લાગતું કે આ સ્થાનનું વાતાવરણજ કૈં ઓર છે.

નરોત્તમ

લાગે છે—જુનાં ખંડીએરના વાતાવરણ જેવું.

અંબાલાલ

આ ભીતોમાંથી ક્રાંતિ, મહત્તા, નથી ઝરતાં ?

નરોત્તમ

મારી નજરે ચુનો ઝરતો વધારે વાર જોવામાં આવે છે, અને આ આવણુળવણમાંથી કેટલા-એ ઝેરી જંતુ આવતા હશે તેનું તો પ્રમાણ નથી.

અંબાલાલ

તું ભલે ભવાઈ કર! પણ મને તો એ જંતુમાંથી પ્રત્નપ્રેરક ધર્મોત્પત્તિ દેખાય છે.

નરોત્તમ

Microbesમાંથી ધર્મ ઉપજે તે આજે જાણ્યું. બાકી રોગ ઉપજે એમ તો ઘણા વર્ષ પર શીખ્યો હતો.

અંબાલાલ

[તેને ગણકાર્યા વિના સોફા પર જઈ બેસે છે.] ત્યારે હું એમ ખ્યાલ કરું કે જે કોચ પર હું બેઠો છું ત્યાં એક દિન મહાત્માઓ બેઠા હશે...

નરોત્તમ

તેથી કૈં તમને બેસવું વધારે સુખમય થાય છે ?

અંબાલાલ

કદાચ નહીં! પણ તેનું શું ? મારા અંતરમાં એક મહાનુભાવ ભરાય છે. જાણે હું વિક્ટો-રિયાની ગાદીએ બેઠો.

માયાવતી

[એની અંતરલાગણીમાં મગ્ન છે.] હા, અને જો આ મેજ! અહીં કદાચ કેટલાક નાનાલાલે "ગુણિયલ ગુજરાત"ની એક બે લીટી લખી હશે !

અંબાલાલ

[કટાક્ષ અને ગાંભીર્યનું અજબ મીશ્રણ] હા, જો એ ટેબલ કે જ્યાં કોઈ મહાસિદ્ધિવાન નરે પોતાની અદ્‌ભુત સિદ્ધિ પ્રદર્શિત કરી હશે. એને જોતાંજ કલમ હાથ ધરવાની ઉર્મિ નથી થતી?

નરોત્તમ

ભરતીયાં ભરવા માટે ?

અંબાલાલ

કાવ્યકૃતિ ચીતરવા માટે ! જોને, અત્યારમાં માયા બહેન લખવા પણ લાગી છે.

માયાવતી

[નરોત્તમ કૈં આડો જવાબ દે તે પહેલાં] ના, ભલે, તો આ ઘર રહેવા દે તારે પોતાને માટે—અથવા આપણ સૌને સારુ. આખી દુનીઆને અહીં આમંત્રણ કરવાનું કૈં પ્રયોજન?

અંબાલાલ

પણ જો દુનીઆ ગાઢું સુખ કે વૈભવ જાણે કે જુએ નહીં તો હું પોતે કેમ સુખી થાઉં. સુખ ભોગવવું તે સ્વાર્થીપણાની પરાકાષ્ઠા માનું છું.

માયાવતી

स्नेहाज्जन संविभक्तं दुःखमपि सुखायते, એમ તો કવિ કહી ગયા, પણ सर्वजन संविभक्तं सुखमधिकतरं भवति એ આજ સાંભળ્યું.

અંબાલાલ

[બાગમાંથી ઈશ્વરલાલને આવતો જુએ છે.] આ લો વૈદરાજ આવ્યા. [ઈશ્વરલાલ પ્રવેશે છે.] જય જય, વૈદરાજ.

[આ પ્રસિદ્ધ નાટકનો વિશેષ ભાગ આવતા અંકમાં]

ગણેશ ગોપાળ પંડિત

("સ્મરણમુકુર," લેખાંક ૨૧)

લેખક
રા. નરસિંહરાવ ભોળાનાથ
બી એ, સી એસ

મહારા અભ્યાસના આરંભકાળમાં, હાઇસ્કૂલમાં અનેક ગુરુ ઉપગુરુઓના સંપર્કમાં હું આવ્યો તેમાંના થોડા સાથે જ જીવનપર્યન્ત, અભ્યાસની સંસ્થા છોડ્યા પછી ચાલુ રહી જીવન પર્યન્ત, પરિચય સંબન્ધ રહ્યો તેમાંના એક ગુરુ મિત્ર, બન્ધુ, સ્વ ગણેશ ગોપાળ પંડિત હતા. એટલો અને જેવો સંબન્ધ તો માત્ર એમનો આપેજ થયો, રહ્યો ને નભ્યો તેનું કારણ સ્કૂલ ઉપરાંત મહારા પિતાના કુટુમ્બમાં મિત્ર સ્થાનની પ્રાપ્તિ અને પ્રાર્થના સમાજના કાર્યમાં સહચારિતા બધા શિક્ષકોને એ પ્રસંગ સંભવ્યો નહિ

ઈ સ ૧૮૭૫ માં હું મેટ્રિકની પરીક્ષા આપવા ગયો તે પૂર્વે બેત્રણ વર્ષ ઉપર અમદાવાદ હાઇ સ્કૂલમાં એક નવા, સૌમ્ય પ્રતાપવાળા, શિક્ષકે પ્રવેશ કર્યો, આવતા વાત જ શિષ્યવર્ગમાં અપૂર્વ છાપ પડી એ શિક્ષક દક્ષિણ દેશના હતાં ગુજરાતી બની જવાના હતા, તે અભ્યાસના પ્રસંગથી બીના હૃદયવાળા આ ગણેશ ગોપાળ પંડિત હતા હેમની પાસેથી શાળામાં શિક્ષણનો લાભ મહને થોડો વખત જ મળ્યો હતો, ગણિત અને જણ્યામાં મરકૃત એ બે વિષયો શીખવવાને એ હમારા વર્ગમાં આવતા પરંતુ મહારા બન્ધુ કૃષ્ણરાવને ખાનગી શિક્ષક તરીકે શીખવતા આવવાનો ક્રમ શરૂ થયો એ શિક્ષક તરીકે પંડિતને સ્વીકાર્યા તે વખતથી મહારા હેમની સાથે નિકટ સંપર્ક શરૂ થયો એ સતત પરિચયના પ્રસંગે પંડિતના હૃદયના અસાધારણ ગુણોનું દર્શન હમને સર્વને થયું હમે હમે એ કુટુમ્બના અંગભૂત જેવા બની ગયા નરસિંહરાવ અને કૃષ્ણરાવ એ સંબોધનો તળપદ નનુભાઇ અને મનુભાઇ એજ નામ હેમના મુખમાં રહ્યાં

મહે તથા મહારા બન્ધુએ કોલેજમાં પ્રવેશ કર્યો-જુદે જુદે વખતે-તે પછી પણ પંડિત શિક્ષક મટી કુટુમ્બમાં મિત્રસ્થાન પામી ઘરમાં ભળી ગયા પ્રાર્થનાસમાજના કાર્યમાં ખરા હૃદયથી એઓ શામિલ થયા પ્રાર્થના

મંદિરની વેદિ ઉપરથી હેમણે અનેકવાર સરલ, સુન્દર, વ્યાખ્યાનો આપેલાં સ્મરણમાં આવેછે કાલક્રમે પ્રાર્થનાસમાજના ઉપમંત્રી, ઉપાધ્યક્ષ, થયા. હેમને પુત્રપુત્રીઓનો વિસ્તાર, ઈશ્વરકૃપાથી, મ્હોટો પ્રાપ્ત થયો. તેમાંના જ્યેષ્ઠપુત્ર સખારામને થિયોસોફીનો મોહ લાગતાં, જતે દહાડે, પોતાના પિતાને પણ એ માર્ગમાં દોર્યા. પરિણામ એ આવ્યું કે પ્રાર્થનાસમાજના કાર્યમાં પંડિતની સહકારિતા કાંઈક કાંઈક શિથિલ થતી જણાઇ. હેમના મનની આ ક્રાન્તિના સમયમાં એકવાર હું પંડિતને ઘેર અનેકવાર મળવા કરવા જતો તે રીતે ગયો તે વખતે થિયોસોફીની માન્યતાઓ વગેરે સંબન્ધે હમારા બે વચ્ચે વાદ શરુ થયો. મ્હારા વાંધાઓના ઉત્તર પંડિતથી ના દેવાયા એટલે પોતાના પુત્ર સખારામને કહે છે: "રાજા!– (હેને ઘરમાં 'રાજા' કહેતા;–તેથી કહે, "રાજા"!) તું ચ ઘ્યાંસ ઉત્તર દે, વરૅ". મ્હેં પંડિતની આ સરલ નિર્બલતા જોઈને સ્નેહવૃત્તિથીજ સ્મિત કર્યું. 'રાજા'એ કાંઇ ઉત્તર આપવાનો પ્રયાસ કર્યો નહિં.

અમેરિકા તથા આફ્રિકામાં લાંબો વખત વશીને હિન્દુસ્તાનમાં આવેલા વીરચંદ રાઘવજી ગાંધી, બારિસ્ટર, અમદાવાદમાં આવેલા; એ પ્રસંગ ઈ. સ. ૧૮૯૮–૯૯નો યાદ આવે છે. હું તે વખતે મ્હારો જમણો હાથ, ઘોડા ઉપરથી પડી જવાથી, ભાગેલો તેથી લાંબી રજા ઉપર સિંધથી અમદાવાદ આવીને રહ્યો હતો. વીરચંદ ગાંધીનાં અનેક ભાષણો થવા લાગ્યાં. દરેક ભાષણને અંતે પોતાના દશેક વર્ષના પુત્ર મોહનને મેજ ઉપર ચઢાવીને અંગ્રેજીમાં થોડાંક વાક્યોનું 'ભાષણ' કરાવવાનો ખેલ એઓ કરતા હતા, તે સ્મૃતિ ચિત્ર સ્મરણમાંથી હજી લુપ્ત થયું નથી; બાળક મોહનના વિદેશી ભાષામાં મીઠા મીઠા બોલ, પિતાની મુખચર્યામાં સ્વાભાવિક ગર્વ–પુત્રનાં પરાક્રમ જોઇને વાત્સલ્યયુક્ત ગર્વ–હજી ચિત્રપટ- ઉપર સ્પષ્ટરેખ જોઉંછું.—અસ્તુ. એ વખતે મગનભાઈની વાડીમાં વીરચંદ ગાંધીનો ઉતારો હતો ત્હાં હું, મ્હારા બન્ધુ વગેરે હેમને મળવા ગયા. (મ્હારા બન્ધુના તો વીરચંદ ગાંધી સહાધ્યાયી હતા; હેમની એક રમૂજી વાત મનુભાઈ કહેતા: ગાંધી કદી રાઈ ખાતા નહિં; કારણ, ચાંપડી ઉપર રાઈનું પોલ્ટીસ મૂકિયે છિયે તો ફોલ્લા ઊઠે છે કની? તેમ રાઈ ખાઇયે તો પેટમાં ફોલ્લા ઊઠે!—અસ્તુ.) હમે મળવા ગયા. તે વખતે ગાંધીએ અમેરિકામાંની એક સ્થળની સંસ્થાની વાત કરી, હેનો સાર એ હતો કે હિન્દુસ્તાનથી સ્ત્રીઓને એ સંસ્થામાં શિક્ષણ અમુક વિષયોનું મેળવવા માટે મોકલવી, ખરચ વગેરે એ સંસ્થાનું. ઇત્યાદિ. કોઈ અમદાવાદમાંથી સ્ત્રી ઉમેદવાર નીકળશે? ગાંધીના આ પ્રશ્નના ઉત્તરમાં મ્હેં કહ્યું: પંડિતની પુત્રી, બયાબાઈને માટે વિચારી જોઇશું. (બયાબાઈ તે વખતે ગુજરાત કોલેજમાં અભ્યાસ કરતાં હતાં. ઘણું ખરું કોલેજમાંથી પાછા ફરતે હમારે ઘેર આવીને મ્હારી જોડે, મ્હારા કુટુંમ્બ મંડળ જોડે, કલાકેક ગાળતાં. બિચારાં વૈધવ્ય દુઃખથી દુખી હતાં.–એ દુખ હતું કે કેમ? કારણ, પંડિત પોતે કહેતા: શ્રીપાદ બાબાજી ઠાકુર, આઇ. સી., એસ. જોડે બયાબાઈને લગ્ન કરાવ્યા પછી એ વિલક્ષણ પુરુષે બિચારી બયાબાઈને બહુ કનડી હતી; અષ્ટાધ્યાયીનાં સૂત્રો ગોખાવે, આવડે નહિં તો મારે!–બીજું કાંઇ દુઃખ નહોતો દેતો. આ બયાબાઈ માટે સોધ સારો છે; શિક્ષિકા તરીકે ભવિષ્યમાં સારાં કામ કરી શકે, ઇત્યાદિ વિચારથી પંડિતને પુછવાનું

મળવા આવતા, બેસતા, અનેક ગપાટા વાર્તા થતી. હેવા એક પ્રસંગે મ્હારી પુત્રીના સમોવડની હેના મામાની છોકરી ત્હાં સાથે રહેતી હતી તહેને દીઠી, ને પંડિતે પુછ્યું: "આ કોણ?" સંબન્ધ કહ્યો. "લગ્ન હેનું થયું છે?"...'ના; અને હેના બાપની ઇચ્છા એમ છે કે વીસ વર્ષ પ્હેલાં પરણાવવી નથી." પંડિત મ્હારી પત્નીને કહેઃ "તમે એક કુમારિકા—આશ્રમ કાઢો."—આ કટાક્ષવચન નહોતું. એ પોતે નૈષ્ઠિક સુધારાવાળા હતા. હેમની એક પુત્રી હજી કુંવારી જ છે, અને કુંવારી રહેવાની છે; ડૉક્તર થઇ છે. હાલમાં જર્મનીમાં છે, અભ્યાસને માટે. બ્રાહ્મણનું લક્ષ, પોતે કોંકણસ્થ છતાં, કરાડા જ્ઞાતિના શ્રીપાદ બાપાજી ઠાકુર જોડે, કરાવ્યું હતું; પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ અપાયું હતું; ઇત્યાદિ અનેક કૃતિઓ હેમને કૃતિનિષ્ઠ સુધારક તરીકે રજાયે એમ છે. જ્ઞાતિ રાંસ્થા માટે એ કહેતાઃ "નાત્યબહાર રહેવામાં દુઃખ કે બલિદાન શું હોય તે હું સમઝી સકતો નથી." (હેમનું એક વચન સુધારાના વિષયથી અસંબદ્ધ પણ અત્યારે યાદ આવે છે. એ કહેતા કેઃ વસ્ત્રો પહેરવાં એ મોટી શરમનું જ પરિણામ છે!)

પંડિતનાં પત્ની, નવીન પદ્ધતિની કેળવણીથી અસ્પૃષ્ટ હતાં, છતાં અશિક્ષિત નહોતાં; અને સામાજિક સુધારાના કાર્યમાં પંડિતને સમર્થ ટેકો આપનારાં હતાં. હેમની પુત્રી શારદાને હમેશાં કુંવારી રાખવી; હેની ઇચ્છાવિના પરણાવવી નહિં, એ નિશ્ચય પંડિતનાં પત્નીનો પોતાનો જ હતો. અમદાવાદમાં સ્ત્રીઓના વક્તૃત્વ માટે ઇનામી ભાષણો કરાવવાના મેળાવડામાં તરુણ વયની બાલાઓ સાથે બિરાજ પંડિત—આધેડવયનાં, અનેક તરુણ પુત્રપુત્રીઓનાં મા— સ્પર્ધામાં ઉતર્યાં હતાં, અને વાંચ્યા વિના, નોંધ વિના, કેવળ મુખવાણીથીજ અસરકારક ભાષણ કર્યું હતું, અને ઇનામ મેળવ્યું હતું;—પોતે દક્ષણી છતાં ગુજરાતીમાં ભાષણ કરેલું. હું સાંભળનારામાં હતો.

માત્ર એક રમુજી વાત પંડિત પોતાની પત્ની વિશે કહેતા હતા; કહેઃ "હું ઘર ખરચને હિસાબ રાખવાનું મ્હારી સ્ત્રીને સોંપું છું. પણ હિસાબનો નમૂનો આ પ્રમાણેઃ—ચાર પૈસાની ભાજી આણિલી; ચાર આણ્યાની સાકર આણિલી; રહ્યા પૈસાનું મીઠ આણિલે;—વગેરે પછી બધો ગૂંચવાડો. મહિનાની આખરે લાવીને પંડિતને કહેશેઃ આ બધાનો હરવાળો કરી લેજો!"

પંડિત ગુજરાતી જ બની ગયા હતા. ભાષા પણ શુદ્ધ ગુજરાતી બોલતા. લાગણીઓ-પણ ગુજરાત તરફ. પરંતુ એક વાર અમદાવાદમાં કોઇ સભાસંબંધે પ્રસંગે (કોંગ્રેસ વખત કે—હેવે પ્રસંગે) દક્ષણી મંડળ આવ્યું તે વખતે દક્ષણીએ દક્ષણી હોવા બળી ગયા! પણ આ માત્ર સ્વાભાવિક અને ક્ષણિક. કાયમ સમભાવ પંડિતનો ગુજરાત તરફ જ હતો. સરખેજમાં જમીનો ખરીદીને ખેતર વસાવી; ત્હેમાં હેમના ભોળા સ્વભાવને લીધે લોકોથી ઠગાયા તે નુકસાનમાં પણ આવી ગયા. છતાં તે માટે શોક ના ભેદ; અને નુકસાન કરાવનારા ઠગારા તરફ પણ ઉદાર ક્ષમા!


એક હેમના મધુર, શાન્ત, સમભાવનું દૃષ્ટાન્ત યાદ આવેછે. ઈ. સ. ૧૮૯૯ માં હું કાંઇક બન્ધુમંડળમાં અસહ્ય અને અન્યાયયુક્ત આઘાતો ભળવાથી, શાન્તિ સોધવાને રહવાટમાં સૂર્યોદય પૂર્વે નદી પર દૂધેશ્વર પાસે મનઘાનાં બંગલામાં જઇને બેઠો. કોટની ધારેધારે ભોંય હતી ત્હાં સૂતો સૂતો વાંચતો હતો. દૂધેશ્વરમાં કોઇ શબ બાળવાને આવેલા મંડળમાંથી

ધોતિયા સૂકવવાને આવેલા બેચાર જણા નદી તરફથી ભાગેના ટેકરા ઉપરથી ચઢીને આવ્યા 'અરે! અહિં તો કોક છે!' (મને ભૂત કે બડુ બણ્યો!)—ના ના, જીવતું છે પગનો અંગૂઠો હાલે છે!' ભાઈને એ લોકો ઉઠાડી ગયા!—હું વાચ્યે મળો ઉઠ્યો, બિચારા હેઠા થઈ મને સોંપવાને મિત્રો નીકળ્યા ત્રીજે પહોર થઈ ગયા પછી, હું મારી મેળે શાન્ત મન થયા પછી, ઘીડતો ઘર તરફ વળ્યો સોંપવા નીકળેલામાંથી એક નિમકહલાલ ભેળો સગ થઈને આવેલો મળ્યા મને ભેળાડીને લઈ ગયો

આજે પ્રયત્નસમાજના ઉપાસક થઈ રહ્યા પછી ભાઈ બધા નીકળ્યા ત્યારે રમતામાં પંડિત પોતાને ઘેર જતે જતે પાછા ફર્યા, અને "ભનુભાઈ! આ તમે શું કર્યું?" બધાને ગભરાવી માર્યા! '—આટલાજ મૃદુ, મધુર, કપટના છાંટા કપટના નહિં હોવા શબ્દો મધુર સ્વરથી કહીને ઘેર ચાલ્યા ગયા

આ પંડિત, દક્ષિણમાં હરિપુર નામના ગામડામાં જન્મ પામેલા, કાલબળે અમદા વાદમાં આવી વસ્યા ગુજરાતી અમદાવાદી બન્યા પોતાના સાધુતા ભરેલા સ્વભાવથી બધાના હૃદય હર્યા એ મધુર મૂર્તિ જલ્દી સુધી મારા હૃદયમાં વસશે ત્યાં સુધી કોઈ પણ પ્રકારના કપટ શુદ્ધ દુષ્ટ, ભાવને પ્રવેશ જ નહિં મળે હોવા સાધુઓનો સમાગમ ઈશ્વર તરફથી ધન્ય પ્રસંગે જ મળે એ સમાગમ એ સાધુએ પરબ્રહ્મમાં પ્રયાણ કર્યા છતાં મારા હૃદયને ચિરકાળ રહેજો!





દ્રૌપદી *

લેખક :

શ્રી. બાઉન લીલાવતી,

સભ્ય, સાહિત્યસંસદ.

ચિત્રકાર :

શ્રીમાન્ પુરુષોત્તમ અને રા. ગોરધનભાઈ પટેલ,

સભ્ય, સાહિત્યસંસદ.

ઉજારેા વર્ષો થયાં આર્યાવર્તમાં સ્ત્રીત્વનેા આદર્શ ઘણુંખરું એકજ પ્રકારનેા કલ્પાય છે આર્યાવર્તની આદર્શ સ્ત્રી એટલે જુની અને માન્ય થએલી ઉપમાઓમાં સમાય તેવા સુંદર, ગમે તેવા પતિને દેવ માનનારી પતિવ્રતા, યુગેાથી ચાલી આવેલી માન્યતાઓને સત્કારે તેવી આર્યા, અને તે વિધિઓને સદૈવ આચરવામાં તત્પર એવી ગૃહિણી, દુઃખેા સહવામાં ગર સહચરી અને ભર્તાને પ્રસન્ન કરે તેવી ભાર્યા એટલે કે વસ્ત્ર અંગે આટલાં લક્ષણેા શેાભાવે તે આદર્શસ્ત્રી થઇ શકે છે. આથી વધારે ગુણેાની આવશ્યકતા સ્ત્રીઓને હેાય શકે નહીં એમ માનવામાં આવ્યું હેાય તેથી કે એવી સ્ત્રીઓ તરફ રાંકાની દૃષ્ટિએ જોવાનું હશે તેથી જ્વલંત અને પ્રતાપી સ્ત્રીત્વનાં દૃષ્ટાન્તેા માત્ર અપવાદરૂપેજ પૌરાણિક સાહિત્યમાં દૃષ્ટિએ પડે છે.

દ્રૌપદી એ આવેા એક અપવાદ. સીતા દેવીના દૈવી આત્મામાંથી સર્વસ્વ સમર્પણ કરતી ભક્તિ ઉભરાય છે. શકુંતલાના મૃદુ અંતરમાંથી નમ્રતા અને પ્રેમ ઝરે છે. ઉમાદેવીના બીના હૃદયમાંથી માતૃત્વનેા રસ વહે છે. પણ શક્તિ અને પ્રેરણાની અધિષ્ઠાત્રી તેા દ્રૌપદી એકલીજ છે. સેાળ હજાર પટરાણીઓના સ્વામી શ્રીકૃષ્ણ વાસુદેવના સખીપદને લાયક તેા માત્ર દ્રૌપદીજ છે. મહાભારતના પુરુષને જીતનારી અને પાંડવેાના હૃદયપ્રણની રખેવાળ એ પણ માત્ર દ્રૌપદી એકલીજ છે.

આમે સભી જાજ્વલ્યમાન અને પ્રદિપ્ત આ સ્ત્રીનેા જન્મ અગ્નિકુંડમાંથીજ થયેા એમ મનાય છે. પાંચાલ દેશના પ્રતાપી દ્રુપદરાજાની તે પુત્રી હતી. દ્વારકાના રાજ્યગુરુ દ્રોણને મારવાને નિર્માણ થએલા ધૃષ્ટદ્યુમ્નની તે ભગિનિ હતી. સ્વરૂપે રમણ જ્યાં આબુના

* ભાવનગર ખાતે ભરેલી સાતમી સાહિત્ય પરિષદમાં વાંચવામાં આવેલેા લેખ.

રૂપવતી તે મનાતી કદાચ એનું સ્વરૂપ દૃષ્ટિને આકર્ષે તેવું નહીં પણ દૃષ્ટિને ઠરવા ન દે તેવું હશે

એના સમ જીવનને અદ્‌ભુતતા, સાહસ અને અસામાન્યતાની પરંપરા રૂપેજ વિરોધી શકાય અકસ્માનથી અથવા એ અકસ્માતોને એ પ્રેરનારી હોય તેથી પૌરાણિક સૃષ્ટિમાં એનું સ્થાન અને એનું વ્યક્તિત્વ સૌથી નીરાળું જ પડી આવે છે પ્રાચીન આર્યાવર્તમા એ એકજ સ્ત્રી એવી છે કે જે પોતાના સદ્‌ગુણો કરતાં વ્યક્તિત્વને લીધે વધારે માન્ય થઇ હોય એના ભાગે સદ્‌ગુણો છે તો ખરાજ, પણ સાધારણ સ્ત્રીઓ કરતા એની શક્તિઓને વાપરવાનુ ક્ષેત્ર વિશાલ હ અને તેથી એના સદ્‌ગુણોને પ્રભુવિકાના સાકડા ચીલામા સમાઇ રહેવાનું શકય નહોતુ અને કદાચ સદ્‌ગુણોની વ્યાખ્યા આપણે કરીએ છીએ તેટલી સખત તે સમય મા હતી પણ નહીં.

આપણામાં એક પ્રકારની એવી માન્યતા આવી ગઇ છે કે અસલના વખતમા સદ્‌ગુણો અને સમાજ વ્યવસ્થા બને આપણા કરતા વધારે સુદર અને ચઢીઆતાં હતા અસલની સમાજવ્યવસ્થામા સ્ત્રીઓનુ સ્થાન શું હતુ એના કાલ્પનિક ચિત્રો દોરવા કરતા પુરાવા અને દાખલાઓનો જરાક આધાર લઇએ તો એ ચિત્રો એટલાજ સુદર બની શકે ખરા? માત્ર મહાભારતના અધ્યયનજ શ્રદ્ધા કરતા ઐતિહાસિક દૃષ્ટિએ વધારે વાચવામા આવે, અને એમા આવતી સગત અને વિચિત્ર વાર્તા મા જરાકજ ઉંડી ડુબકી મારવામા આવે તોએ એ દૃષ્ટિપટળ વધારે દાકી શકે ખરા? તે વખતમા સમાજમા નીતિની વ્યાખ્યા આપણા કરતા જુદી હતી એ તો ચોક્કસ પણ જેમ જેમ એ વ્યાખ્યાનું સ્વરૂપ બદલાતું ગયુ તેમ તેમ તેને અનુકૂળ કરવાને એ શાસ્ત્રીય ગ્રંથ પર ઘણા પ્રયોગો કરવામા આવ્યા એમા રહેલી સત્ય હકીકતોને મરડીમરડીને એનું સ્વરૂપ બદલવાનો પ્રયત્ન થયો પરિણામે નથી એનું મુળ સ્વરૂપ રહ્યું કે ન નવુ સ્વરૂપ બન્યુ પ જનાએ એની આસપાસ ઉગેલા નવા વેલાઓને દૂર કરવાની જરાક મહેનત લઇએ તો એના મુળ સ્વરૂપની ઝાંખી થયા વિના રહેતી નથી

દ્રૌપદીના લગ્ન એ આપણા એક વિવાદનો વિષય એક સ્ત્રીને પાચ પતિઓ પરણે છતા એ સતી ગણી શકાય કે કેમ, અને ગણી શકા તો હાલની નૈતિક ભાવના સાથે એનો મેળ રહી શકે ખરો ન રહે તોપણ શાસ્ત્ર કારોએ તો એને સતી ગણેલીજ છે એનો શો ખુલાસો હોઇ શકે? આવી ઘણી પ્રશ્નપરંપરા એ વિષયમા થયા વિના રહેતી નથી.

માત્ર શારીરિક પવિત્રતાના એકજ દૃષ્ટિ બિંદુથી આ પ્રશ્નપરંપરા પુરી થતી નથી આપણામા તો સતીત્વ મનમા, વાચા અને કર્મણા એ ત્રણ પ્રકારે પાળવાનુ હોય છે ભાવ અને લાગણીઓને ભીન્ન ભીન્ન વિષયોમા તીવ્રરૂપે અનુભવનારી આ સ્ત્રીનો અંતરાત્મા હૃદય અને જીવનના આવા ઉત્કૃષ્ટ પ્રશ્નમા નિર્લેપ રહી શકતો હશે? એના હૃદયમા શું એવા જુદા જુદા ખાના પડી ગયા હશે કે જેથી એના જુદા જુદા અનુભવોનું મિશ્રણ એનામા કરીએ નહીં થતુ હોય? મહાબાહુ અર્જુન અને શક્તિશાલી ભીમ સાથે સ્વરૂપવાન નકુળ અને જ્યોતિષી સહદેવ એકજ હારમા ઉભા રહી શકતા હશે? સામર્થ્ય અને શક્તિ ના સર્વ કાર્યો વખતે એને સદા વિજયપતિ ભીમાર્જુનજ સાંભરે છે એ શું માત્ર એક અકસ્માતજ કહી શકાય? માનસશાસ્ત્ર એ

કોયડો એ રીતે ઉકેલવા ના પાડે છે. અને મહાભારતકારે પણ દ્રૌપદીનાં અપક્ષપાતનાં દૃષ્ટાંતો આપવામાં બહુ દરકાર રાખી નથી.

પણ છતાં દ્રૌપદી સતી ગણાય છે એ શાથી? પ્રણાલિકાદ્વારા એ વાત એ રીતે માન્ય છતાં મહાભારતને પણ એનો બચાવ કરવાની જરૂર તો જણાય છે. અને તેથી તપસ્વિની તરીકેના એના પૂર્વજન્મની વાત તથા મહાદેવે એને વર આપ્યો હતો તે વાત એના બચાવ તરીકે એમાં ઉમેરવી પડી છે. પણ તેથી આપણી દૃષ્ટિએ એનું સમાધાન થતું નથી.

એનો ખુલાસો માત્ર એકજ રીતે થઇ શકે. લગ્નની પવિત્રતાનો સ્વીકાર એજ સતીત્વનું લક્ષણ. લગ્ન જેટલાંની અથવા જેની સાથે થયાં હોય તે શીવાય બીજાનો વિચાર ન કરવો એજ પવિત્રતાની મર્યાદા. તે વખતમાં સ્ત્રીઓથી એક કરતાં વધારે પતિઓને પરણી શકાતું હશે એ તો સ્પષ્ટ લાગે છે. હાલ પણ હિમાલયના પ્રદેશમાં અને ટોડા વગેરે કેટલીક જાતિઓમાં આ પ્રથા ચાલુ છે. પતિના જીવતાં અથવા પતિ ન હોય ત્યારે પુત્ર માટે પણ સ્ત્રીઓને કેટલાક પ્રકારની છુટ અપાતી. કુંતિના પુત્રો પાંડવો અને વિચિત્રવીર્યની રાણીઓના પુત્રો ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર આનાં જીવંત ઉદાહરણો છે. મહાભારતના ઘણા મહાન માણસોની ઉત્પત્તિની કથાઓ તે વખતની નીતિનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

દ્રૌપદીને સતી ગણવાનું એક બીજું પણ કારણ છે. આર્યસમાજમાં સ્ત્રીઓની મહત્તા આપવાની સતી શીવાય બીજી એકે પદવી નથી. સતી ન હોય એવી રાણી કે વીરાંગના કે વિદુષીનો હીસાબ હીંદુ જનસમાજે કદી ગણ્યો નથી. અને જે સ્ત્રીને એના સમયના નીતિના ધોરણ પ્રમાણે સતી ગણવામાં બાધ ન નડતો હોય તેના અવગણી ન શકાય એવા વ્યક્તિત્વને ન્યાય આપતાં તે વખતના શાસ્ત્રકારોને સંકોચ નહીં નડ્યો હોય. પણ એને માટે ખુલાસો આપવાનો પ્રયત્ન તો જેમ જેમ નીતિનું ધોરણ બદલાતું ગયું તેમ તેમ પાછળથીજ થતો ગયો લાગે છે. મહાભારતનો ગ્રંથ હાલ જે સ્વરૂપમાં આપણી પાસે છે તે તેનું મુળ સ્વરૂપ ન હતું એમ માનવાને ઘણાં કારણો મળે છે. સમયને અનુસરતા ફેરફારો અને માન્યતાઓ તેમાં દાખલ કરવામાં આવ્યાં હોય તો ના ન કહેવાય.

આ એક અગત્યના પ્રશ્ન વીશે આ રીતે આપણા મનનું સમાધાન કર્યા પછી દ્રૌપદીના શક્તિશાલી વ્યક્તિત્વને વધારે સરળતાથી આપણે પ્રશંસી શકીએ છીએ. એના જીવનના દરેક પ્રસંગમાં એનામાં કૈં ને કૈં નૂતનતા જડ્યા વિના રહેતી નથી. અને એ સર્વ પ્રસંગોમાં શક્તિનાં દર્શન એ એના વ્યક્તિત્વની ખાસ લાક્ષણિકતા છે.

એના સ્ત્રીત્વમાં મોહકતા છે અને બુદ્ધિનાં ઓજસથી એ ઝળહળે છે. સંપત્તિકાળમાં એને પ્રસાદ અને આપત્તિ બંને દેખાડતાં સરસ આવડે છે. ગર્વભરી એ માનિની દુર્યોધનના અજ્ઞાન પર હસી શકે છે પણ કુંતિજીની સેવા કરતાં નમ્રતા એને છોડતી નથી. જુદાજુદા તત્વોનાં પ્રતિનિધિ હોય એવા સર્વ પાંડવોની એ પ્રિયતમા થઇ શકે છે, અને છતાં બંધુઓના ઐક્યમાં એના નિમિત્ત કદીએ વિક્ષેપ નડતો નથી. એ સર્વદા ઉત્સાહ પ્રેરે છે, અને કદી નિરાશ થતી નથી. પણ ઘણીવાર બધાં એની મોહકતા કરતાં શક્તિને વધારે નમતાં હોય એમ લાગે છે.

દ્રૌપદીના વ્યક્તિત્વને જુદાં જુદાં દૃષ્ટિકોણથી જોતાં એનામાં જુદાંજુદાં પ્રકાશનાં કિરણો

દેખાય છે આપણે એ તાને માથે ન જોતાં એક પત્ની એકની તપાસ લઈએ.

સ્થૂળ વયમ બુદ્ધિ અને શક્તિનો પ્રભાવ દેખાતી દ્રૌપદીની રાજસભામાં એને આપણે જોઈએ બુદ્ધિના પ્રભાવ દેખાડી વયમ એ બુનરા વયન કરે છે ન વમાર નિકામી દુ:શાસનની બાજુથી એને સભામાં લઈ આવવા બધ્ય કે તે પ્રસંગ મેળવવાના પ્રયત્ન આ પ્ર કૃતના પ્ર સ ચ્ચ ન આવે ઠ સભાપ નથી ખરું તાનું અવતરણ છે અક્ષયા નથી ૩ ૫

પ્રતિકામી આવે અને 'યુધિષ્ઠિર તમને ઘમમ હારી ગયા ? અને દુર્યોધન તમન કમી નથી પેનાર ક એમ ક છ પારે પાંડવી એને પુછે છે કે

હે પ્રતિકામી આવી રીતે ધમ બોલે ? એવે કોણ રાજાનો પુત્ર છે કે પોતાની સ્ત્રીનું પણ મુકાને જુગટુ રમે ? જુગારના નીશાથી વિવેક વિસરી ગયેલા રાજા યુધિષ્ઠર મન હારી ગયા ત્યારે શું મારા વિના બીજું ક પણ મુકવાનું ન હતું ? પ્રતિકામી જવાબ આ કરે છે કે રાજા યુધિષ્ઠિર પોતાના ભાઈઓ ને અને પોતાની જાતને પણ જુગારમાં મુકી ચુક્યા અને છેવટે કે બાકી ન રહ્યું ત્યારે તમને પણ મુકીને હારી ગયા છે ત્યારે ઉદ્વેગવશથી દ્રૌપદી પોતાનું માનસિક સ્વાસ્થ્ય ન ખોતા કરી કહે છે કે

હે સૂતના છોકરા ! તું સભામાં જઈ યુધિષ્ઠિર રાજાને પુછી આવ કે પ્રથમ તમે તમારા આત્માને હાર્યા છો કે મને ? (સભાપર્વ અ.-૬૭)

દ્રૌપદીના આ પ્રશ્નનો ઉત્તર યુધિષ્ઠિરથી કે અપાતો નથી અને દ્રૌપદીને દુર્યોધન કરીથી સભામાં તેડવા મોકલેજે કરી એનો એજ પ્રશ્ન દ્રૌપદી સભાના મહાત્મા સભાસદો ને પુછાવે છે પણ દુર્યોધનના ભયથી કે ઈ ઉત્તર આપતુ નથી છેવટે દુ:શાસન એને સભામાં અમર્યાદ રીતે ખેંચી આણે છે, ત્યારે એનો ક્રોધ સમાતો નથી દુર્યોધન,

દુ:શાસન કર્ણ અને શકુનિ સીવાય બીજા બધા સભાસદ દ્રૌપદીના આ પ્રશ્નનો ઉત્તર આપી શકયા નથી એમ કહેવાય છે અને આ પ્રસંગ ઉપરથી દ્રૌપદીના આ પ્રશ્નનો ઉત્તર કોણ આપી શકે એ વિષે ચર્ચા કરવામાં આવે છે કે

હે દ્રૌપદી ! સ્વામી દાસ થયા એટલે તની સ્ત્રી દાસી ગણાય, અને યુધિષ્ઠિરનું વશપણું જોઈને તથા પરવશ અને અશક્ત મનોનો સ્વામી બીજાના દ્રવ્યનું પણ મુકવા સમર્થ નથી એ સર્વ જોતા ધર્મની વાત ઘણી સૂક્ષ્મ છે તેથી તારા ખરા પ્રશ્નનો બરાબર ઉત્તર કરી શકતો નથી હે દ્રૌપદી ! સમૃદ્ધિવાળી સઘળી પૃથ્વીને રાજાએ મેલી દીધી પણ પોતે ધર્મને મેલ્યો નહીં અને યુધિષ્ઠિરે હું હારી ગયા એવું કહ્યું માટે પોતે હાર્યો પણ સ્ત્રી હારી એમ ગણાય નહીં, તેથી તારા પ્રશ્નોનો બરાબર ઉત્તર કરી શકાતો નથી

વળી જ્યારે રમવામાં હોંશીયાર શકુનિએ પરાજય કર્યો ત્યારે યુધિષ્ઠિર રાજાએ " બરાબર જાણ્યું નહીં ત્યારે પણ તારા પ્રશ્નનો બરાબર ઉત્તર થઈ શકતો નથી તે સાંભળી દ્રૌપદી બોલ્યા કે જુગટામાં રાજી થનાર જુઠા કામ કરનારા મૂર્ખ, છોકરા જેવા અને દુષ્ટ મનવાળાને બોલાવી અભ્યાસ વગરના મારા સ્વામી સાથે રમાડયા તેથી તે હાર્યા એમ કેમ કહેવાય ? દૈવને અને પાંડવોના મુખ્ય અને જુગટામાં અજાણ્યા રાજાને બધા કપટી અને દુષ્ટ કામ કરનાર જોઈને છળીને જીતી લીધા, પાછળથી કપટ કર્યું માટે તે હાર્યો ન કહેવાય.

આ સભામાં વહુદીકરાવાળા વૃદ્ધ કૌરવો બેઠા છે. તે આવો અન્યાય જોઈ તથા મારાં વાક્યો સાંભળી તેનો ખરેખરો ઉત્તર આપો." (સભાપર્વ અ.–૬૭).

દ્રૌપદીની આ તેજસ્વી વાણીએ આખી સભામાં ખળભળાટ મચાવી મૂક્યો લાગે છે. ભીમસેન પણ દ્રૌપદીની આ વાણીથી એકદમ આવેશમાં આવે છે, અને ધૃતરાષ્ટ્રનો પુત્ર વિકર્ણ દ્રૌપદીનો પક્ષ લઈ આખી સભા પાસેથી ન્યાય માગે છે. અને ફરીફરી દ્રૌપદી જીતાયાં ગણાય કે નહીં, તેમજ યુધિષ્ઠિરને સર્વસ્વ હારી ગયા પછી દ્રૌપદીને હોડમાં મૂકવાનો હક્ક હતો કે નહીં એ સવાલનો જવાબ માગે છે. સભામાં ધોંધાટ થઈ રહે છે. કર્ણ તે વખતે દુર્યોધનની વતી બોલવા ઊઠે છે અને તે વખતે પણ સામી દલીલ એવી લાવે છે કે "ઈશ્વરે સ્ત્રી જાતિને માટે એક પતિ નિર્માણ કરેલો છે, અને આને તો પાંચ પતિ છે. માટે તે...જેવી સ્ત્રીને આ સભામાં લાવવાને હરકત નથી" (સભાપર્વ અ.–૬૮). પાંજરામાં પુરાયેલી સિંહણને આ અપમાન કેટલું સાલ્યું હશે?

પણ જે કાર્ય બુદ્ધિ ન કરી શકી તે દ્રૌપદીના પાછળ રહેલા બળના ખ્યાલે કર્યું. મહાત્મા અને ધર્માત્મા પુરુષોની સભામાં, અબળાના વસ્ત્ર પર હાથ લગાડતાં, કુળધર્મની મર્યાદા, પુરુષત્વનો ખ્યાલ, નિર્બળને રક્ષવાનો ક્ષત્રિયધર્મ, કે નિરાધાર સ્ત્રીના ધર્મ અને માનની રક્ષાનો પુરાણો આચાર, એ કશુંએ કામ નહીં આવ્યું ત્યાં અસહાય જણાતી દ્રુપદની એ પુત્રીની પાછળ યાદવોના નાથ અને આર્યોના સૌથી સમર્થ પુરુષનું સમગ્ર બળ એને બચાવવાને તત્પર હતું. એ ભાને કૃષ્ણના ખેંચાતાં વસ્ત્રો બન્યાં. વસ્ત્રહરણના પ્રસંગમાં ચમત્કાર કરતાં કૃષ્ણને નામે યુદ્ધનું આખ્યાન આપતી પાંચાળીના આત્મબળથીજ એ ભયંકર અપમાનમાંથી એ રક્ષાઈ. જુલમગારોજ સૌથી વધારે કાયરો હોઈ શકે છે.

પણ જે યુગ અને સમાજમાં સ્ત્રી જાતિનું આવું ભયંકર અપમાન શક્ય હોઈ શકે છે તેની નીતિની ભાવના માટે શું કહેવું? દ્રૌપદી જેવી પ્રતાપી અને બળવાન સ્ત્રીની આ દશા જ્યાં થઈ શકે ત્યાં બીજી નિર્બળ સ્ત્રીઓની રક્ષા કેવી રીતે થતી હશે તે વીશે પણ શું ધારવું? સંસ્કારીતાના કેન્દ્રસ્થાન કુરુકુળમાં જે વડીલોને હીંદુઓ આજ સુધી પૂજતા આવ્યા છે તેમની સમક્ષ પાંચાલ દેશના શક્તિશાલી રાજાની પુત્રીનું આ અપમાન, એ એ યુગની સ્ત્રી સન્માનની ભાવનાનું અનેરું ચિત્ર પુરું પાડે છે. અને એ સુવર્ણયુગમ સ્ત્રીજાતિની અતિ ઉત્તમ મનાતી દશાનું ભાન કરાવે છે.

પણ હજી દ્રૌપદીના સભામાં થતાં અપમાનનો અંત આવ્યો નથી. કાયરો ભય પામે ને દબાય ત્યારે પણ સ્વભાવની નીચતા દર્શાવ્યા વિના રહેતા નથી. સભામાં ધોંધાટ ચાલુજ રહે છે, અને સૂર્ય ચંદ્ર પણ જોને જોવાને ભાગ્યશાલી નહોતા થતા એવી દ્રૌપદીને ઘણાઘણા દૃષ્ટિ પાતો અને ઘણાંઘણાં વચનબાણો સહેવાં પડે છે. છેવટે કપટી ધૃતરાષ્ટ્ર ગોબની હંમેશની રીત પ્રમાણે દ્રૌપદીને ભીઠે વચને વરદાનો માગવાનું કહે છે. અને દ્રૌપદી પાંડવોને એ વરદાનોદ્વારા છોડાવે છે. ધૃતરાષ્ટ્ર પાંડવોને રાજ્યપાટ પાછાં આપે છે, પણ ફરી દ્યૂત રમી હારી લેવા માટે. પાંડવોનું ફરી હારી જવું. બાર વર્ષ વનમાં તથા એક વર્ષ ગુપ્તવાસમાં રહેવું એ શરતે સ્વીકારેલો વનવાસ અને દ્રૌપદીનું સાથે

જાય, એ સર્વ કથા તો અત્રે અપ્રાસંગિકજ ગણાય પણ વૃદ્ધ કુતાષ્ટને પણ દ્રૌપદી પાંડવોની આંખે છે એ વિચારે કેવું આશ્વાસન મળતું લાગે છે

દ્રૌપદીના માની સ્વભાવને આ અપમાનનું દુઃખ કેટલું સાલે છે, એ વનપર્વમાં વર્ણવેલા કેટલાક પ્રસંગોમાં બહુ સુંદર રીતે વર્ણવેલું છે દ્રૌપદીના પોતાનાજ શબ્દો એનો બરાબર ખ્યાલ આપી શકશે

શ્રી કૃષ્ણ પાંડવોને વનવાસ ગએલા જાણી ત્યાં એમને મળવા આવે છે ને પ્રસંગે પ્રથમ શ્રી કૃષ્ણની સ્તુતિ કર્યા પછી દ્રૌપદી કહે છે કે હે ઇશ્વર! તમે સર્વ મનુષ્યો તથા સ્વર્ગમાં રહેનાર દેવતાઓરૂપ છો વાસ્તે નમ્રતા થી તમને હું મારા દુઃખ કહું તે સાંભળો હે શ્રી કૃષ્ણ પાંડવોની સ્ત્રી, તમારી સખી અને કૃષ્ણકુમારની હું બહેન છું તેને કાંઇ ખેદની શંકા નહીં પણ કૌરવોની સભામાં રજસ્વલા અવસ્થા પછી પહેરેલી એકવસ્ત્ર અને દુઃખવાળી એવી મને દુઃશાસને ખેંચી વળી રાજાઓના સમજમાં પાંચપુરુષ મનવાળી પૃથ્વીપતિના પુત્રે _ મને જોઇને હસ્યા હે મધુસૂદન પાંચ પાંડવો પુત્રો સહિત પાંચાલ દેશના રાજા દ્રુપદ તથા સર્વ ક્ષત્રીકુળ જીવતા છતા કૌરવો મને દાસીપણામાં ભોગવવાની ઇચ્છા કરવા લાગ્યા અને તેઓએ અનાદરથી ભીષ્મપિતામહ તથા ધૃતરાષ્ટ્રની ધર્મે કરી હું બહુ થાઉં તને દાસી કહી માટે હે જનાર્દન! હું યુદ્ધ કરનાર પુરુષોમાં શ્રેષ્ઠ તથા મહા બળવાન પાંડવોની નિંદા કરું છું કારણ કે તેઓ પતિવ્રતા ધર્મ વાળી અને જગતમાં યશવાળી મને કૌરવોથી દુઃખ પામતી જોઇ રહ્યા હે સહાયકર્તા! ભીમસેન તથા અર્જુને અલ્પ પરાક્રમી કૌરવો એ મને દુઃખ આપ્યું તે સહન કર્યું વાસ્તે ભીમસેનના બાહુને અને અર્જુનના ગાંડીવ ધનુષ્યને ધિક્કાર છે હે શ્રીકૃષ્ણ! આ પાંડવો પોતાને શરણે આવેલા દરેકની રક્ષા કરે છે, બીજા મારી રક્ષા કરવામાં કેમ પણ દયાયુક્ત થયા નહીં હે વાસુદેવ! આ પાંચ પતિથી મને જે પાંચ પુત્રો ઉત્પન્ન થયા છે તેમની ઉપર નજર રાખીને મારી રક્ષા કરવી યોગ્ય હતી વળી હે શ્રીકૃષ્ણ! ધનુષ્ય ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અને યુદ્ધમાં શત્રુથી નહીં ડરતાં જેવા આ પાંડવો બળ વગરના ધૃતરાષ્ટ્રના પુત્રોનો અપરાધ કેમ સહન કરે છે?' આ જાતના ને આવા ઘણા વચનો દ્રૌપદી શ્રીકૃષ્ણને કહે છે અને છેવટે તેમને ઉપાલંભ આપતા કહે છે કે "હે મધુસૂદન પણ પુત્ર મરણ મળ્યાંઓ ભાઇઓ પિતા અને તમે કોઇ મરતા નથી કારણકે જ્યારે અલ્પ પરાક્રમવાળા કૌરવોએ મારો પરાભવ કર્યો ત્યારે શોક વગરના પુરુષ મરણ પામે કે જેએ પણ મારી મદદમાં કર્યો નહીં તે વખતે કહું જે મારે ઉપહાસ કર્યો છે તે દુઃખ તને ક્ષમતું નથી હે કેશવ તમારે મરી રહ્યા સમાન જાણવી અથવા હું અગ્નિના કુંડમાં ઉત્પન્ન થઇ ને મારે વા મરણ પણ થયું અથવા ઇશ્વર ભાવથી કરી હતી (વનપર્વ અ ૨) આ વચનોમાં કેવો ઉગ્ર રોષ રહેલો છે તે બહેજે દેખાઇ આવે છે અને શ્રીકૃષ્ણ આશ્વાસન આપે છે તમો પણ દ્રૌપદી પ્રત્યે રહેતા ઉંડો ભાવ દેખાઇ આવ્યા વિના રહેતો નથી કેવાર તો એમ પણ પ્રશ્ન થાય છે કે શ્રીકૃષ્ણ પાંડવોના વધારે મિત્ર હતા કે દ્રૌપદીના?

પાંડવો કૌરવો સાથે દ્યૂત રમ્યા તે પ્રસંગે શ્રીકૃષ્ણ દ્વારકામાં નહતા, પણ મોટા કાફલા સાથે શાલ્વ રાજાનો નાશ કરવા ગયા હતા, તેથીજ

પાંડવો આવું મૂર્ખ કૃત્ય કરી શકયા. યુદ્ધમાંથી પાછા ફરતાં વાત સાંભળી શ્રી કૃષ્ણ તરતજ હસ્તિનાપુર આવી પહોંચ્યા પણ ત્યારે તો ઘણું મોડું થઇ ચુકયું હતું અને પાંડવો તમાં પણ સીધાવ્યા હતા. શ્રીકૃષ્ણ ત્યાંથી તરતજ પાંડવોને મળવા આવ્યા અને દ્રૌપદી સહ પાંડવોને આશ્વાસન આપ્યું.

વન પર્વમાંનો એક બીજો પ્રસંગ પણ છેક અસ્થાને નહીં ગણાય.

દ્રૌપદીના અભિપ્રાય પ્રમાણે તો બળવાન ક્ષત્રીઓએ આ જાતના અપમાનને સહન કરવું એ નિર્બળતાની નીશાની રૂપજ હતું. અને તેથી એનાથી પરિતાપ કર્યા વિના રહેવાતું નથી. ધર્મરાજાને ઉપાલંભ આપતાં પહેલાની અને હાલની સ્થિતિ એનાથી સરખાવ્યા વિનાએ રહેવાતી નથી. એના જેવી અભિમાની સ્ત્રીને ક્ષણેક્ષણે પોતાની દુરાવસ્થા અને શત્રુઓનો આનંદ સાલે છે. એ તો યુધિષ્ઠિરને ચોખ્ખું કહી સંભળાવે છે કે "હે ભરત કુળમાં શ્રેષ્ઠ! તમને વનવાસનાં દુઃખોયુકત તમારા ભાઇઓ તથા મને જોઇને ક્રોધ ઉત્પન્ન થતો નથી, માટે હું એમ માનું છું કે તમારામાં કૈં પણ ક્રોધનો લેશ નથી. હે રાજન! જે ક્ષત્રીયને ક્રોધ હોતો નથી એને જગતમાં 'આ ક્ષત્રીય છે' એમ કોઇ કહેતું નથી. તેમ આજ હું તમને ક્ષત્રીયપણ વગરના જોઉં છું. હે યુધિષ્ઠિર! ક્ષત્રીય સમય આવે પોતાનું પરાક્રમ ન દેખાડે તો તેનો સર્વ ભૂતપ્રાણી પરાભવ કરે છે, માટે તમારે શત્રુ પર ક્ષમા રાખવી યોગ્ય નથી (વનપર્વ અ–૨૭.)

જ્યારે આ વચનોથી યુધિષ્ઠિર ઉત્તેજીત નથી ત્યારે દ્રૌપદી બુહિવાદમાં ઉતરે છે અને અરઅંતમાં બલિ વૈરોચનનો સંવાદ કહે છે. બલિરાજા પ્રશ્ન પુછે છે કે "હે પિતામહ! મનુષ્યનું કલ્યાણ શાથી થાય? ક્ષમા રાખવાથી કે ક્રોધ કરવાથી? એ વીશે મને સંદેહ થયો છે." ત્યારે પ્રહ્લાદ એનો ઉત્તર આપે છે કે "હે પુત્ર! મનુષ્યનું સદૈવ ક્ષમા રાખવાથી અથવા ક્રોધ કરવાથી કલ્યાણ થતું નથી. વખતસર બેઉ રાખવાથી કલ્યાણ થાય છે. એમ તું જાણ. પછી ક્ષમા અને ક્રોધ કયે પ્રસંગે કરવો એ વીશે ઉપદેશ કરે છે. (વનપર્વ–અ–૨૮) યુધિષ્ઠિર રાજા ક્રોધની સામે જુની પુરાણી દલીલો ઉત્તરમાં કહી સંભળાવે છે. ત્યારે દ્રૌપદી ભંઠેડાઇને કહે છે કે "હે યુધિષ્ઠિર! ઇશ્વર તથા પૂર્વના કર્મ જે તમને મોહ પ્રાપ્ત કરાવે છે તેને હું નમસ્કાર કરું છું. તમારે તો તમારા પિતા અને પિતામહો બળે કરી રાજ્યગ્રહણ કરવા રૂપ ધર્મમાં વર્તતા હતા તેવી રીતે વર્તવું જોઇએ. તેમાં તમને અવળી મતિ પ્રાપ્ત થઇ ગઇછે.... ...તમને જીવવાથી પણ ધર્મ પ્રિય છે. તો તે ધર્મનું પાલન કરવા સારુ મારા સહિત ભીમસેન, અર્જુન, સહદેવ નકુલનો પણ ત્યાગ કરો. હે ભરતવંશમાં શ્રેષ્ઠ! ધર્મ પોતાનું સેવન કરનાર રાજાની રક્ષા કરે છે. એમ મેં મહાપુરૂષોથી સાંભળ્યું છે; પણ તમારી રક્ષા કરતો નથી. તમને ધર્મમાં નિરંતર એકાગ્રબુદ્ધિ રહેલી છે, તેથી તમે તમારા સમોવડીઆ કે તમારાથી ક્રમી પુરૂષોનું અપમાન કરતા નથી. તો તમારાથી શ્રેષ્ઠ પુરૂષનું તો શાનુંજ કરો? કોઇનું અપમાન કરવું એ અભિમાન વગર થતું નથી, અને તે તો તમને રાજ્ય હતું ત્યારે પણ નહોતું.....

પણ તમે સદા ધર્મનુંજ સેવન કર્યું છે ત્યારે તમને અધમ રૂપ દ્યુત રમવાની બુદ્ધિ કેમ પ્રાપ્ત થઇ? જે દ્યુતથી તમે રાજ્ય, દ્રવ્ય

મુખી ન કહેલું કારણ દર્શાવે છે "હે ભરત-કુળમાં ઉત્પન્ન થએલા ભીમસેન! જે પુરુષ સાહસથી પાપરૂપ કામ કરવાનો આરંભ કરેછે તેને તે કામ દુઃખ આપનાર થાય છે, વસ્તે હું કહું તે તું સાંભળ. ભૂરિશ્રવા, શલ્ય, જરાસંધ, ભીષ્મ, દ્રોણ, કર્ણ, અશ્વત્થામા તથા દુર્યોધનાદિ ધૃતરાષ્ટ્રના પુત્રો સૌ અસ્ત્ર-વિદ્યામાં કુશળ અને મોટા ધનુર્ધારીઓ છે. જે રાજાઓને આપણે તાપ પમાડેલા છે તે સૌ કૌરવપક્ષનો આશ્રય કરનાર તથા દુર્યોધન-ના સ્નેહને લીધે તેનું હિત ઇચ્છનાર છે. માટે તેઓ મોટા ધનવાન હોવાને લીધે યુદ્ધમાં ખુબ યત્ન કરશે. તેઓને દુર્યોધન મોટા સન્માનથી અનેક તરેહનાં સાહિત્યો તથા પાનપાનાદિ આપશે. પુત્રો તથા પ્રધાનાદિ સહિત તેઓ યુદ્ધમાં પોતાનો પ્રાણત્યાગ કરશે એમ મને નિશ્ચય છે. વળી ભીષ્મ, દ્રોણ તથા કૃપાચાર્યને આપણામાં તથા કૌરવોમાં સરખી પ્રીતિ છે, તો પણ તેઓ દુર્યોધનનું અન્ન ખાય છે માટે તેનો પક્ષ કરીને યુદ્ધમાં પોતાના પ્રાણનો ત્યાગ કરશે. હે ભીમસેન! તેઓ સર્વ શ્રેષ્ઠ, અસ્ત્રવિદ્યામાં કુશળ, સ્વધર્મપરાયણ અને યુદ્ધમાં દેવતા તથા દૈત્યોથી પણ ન જીતાય એવા છે. વળી તેઓમાં મહારથી, સર્વ અસ્ત્ર-વિદ્યામાં કુશળ, કોઇથી પરાભવ પામે નહીં એવો તથા કોઇથી પણ ન ભેદાય એવું કવચ ધારણ કરનાર કર્ણ આપણી ઉપર નિરંતર દ્વેષ રાખે છે. માટે એ સર્વને જીત્યા વગર તારાથી દુર્યોધનને જીતવો ઘણો મુશ્કેલ છે, એવા વિચારથી મને રાત્રિ દિવસ નિદ્રા પણ પ્રાપ્ત થતી નથી." (વનપર્વ—અ—૩૬) ધર્મ-રાજના હૃદયમાં ધર્મથીએ હદ્દ આવી શંકાઓનું શલ્ય ખુંચતું હશે કે નહીં? આ શંકાઓથી દુઃખી થએલા યુધિષ્ઠિર મહાબાહુ અર્જુનને અજેય્ય જોવા ઇચ્છે છે, અને તેથી તેને ઇંદ્ર પાસે દિવ્યાસ્ત્રો લેવા મોકલેછે. ગાંધીજીની માફક ધર્મરાજાનો ધર્મ પણ એમની વ્યવહારબુદ્ધિને ઠીક મદદરૂપ થતો લાગે છે એવો નાસ્તિક વિચાર કોઇવાર આપણા અંતરમાં આવે તો એ માનુષી નિર્બળતા ક્ષમ્ય કરવા યોગ્ય છે.

દ્રૌપદીની પ્રીતિ અર્જુન પર સૌથી વિશેષ હતી એ તો ઘણે ઠેકાણે દેખાય છે. દ્રૌપદીનાં રસિક અને વીર હૃદયને સંતોષે એવો એ માત્ર અર્જુન એકજ છે, એમ પણ કૈંક લાગ્યા વિના રહેતું નથી. સહદેવ અને નકુળને દ્રૌપદી કદી ભુલતી નથી, પણ કોઇ પણ ઠેકાણે એમની પાસે સીધી યાચના કરતી કે એમના પરાક્રમમાં આસ ગર્વ લેતી કદી એ દેખાતી નથી. ભીમસેનના તરત ઉશ્કેરાય એવા સ્વભાવનો એ પ્રસંગસર ઉપયોગ કરે છે, અને યુધિષ્ઠિરના શાંત હૃદયમાંએ વેગ આણે એવી ચાવી તો એ એકજ છે. એને ધમકાવતાં અને મીઠાશથી સમજાવતાં આવડે છે. જરૂર પડે ત્યારે એ દલીલોમાં ઉતરી શકે છે, એ સ્ત્રી છે પણ સત્તાધારી થવાને એ વધારે યોગ્ય છે. કીચકને બોળવતાં કે ભીષ્મને છેતરી વરદાન લેતાં એ કપટ કરવાની જરૂર પડે તો તે કરતાં પણ તે અચકાતી નથી. અને છતાં સત્યભામાને ઉપદેશ આપતાં સ્ત્રી-ધર્મની પ્રણેતા એ થઇ શકેછે. નમ્રતા એના સ્વભાવમાં નથી પણ તેનોએ ઠેળ કરવો હોય તો તે તેને પુરેપુરો આવડે છે. માનવી વિકારોને વશ થતી નથી પણ એનું પ્રદર્શન એ પોતાને અનુકૂલ વખતે ધ્યેય સાધવાને કરેછે. અર્જુન સુભદ્રાને પરણી આવેછે ત્યારે 'સુભદ્રા પાસે જાઓ' એમ કહેતી આ અપૂર્વ સ્ત્રી માત્ર સ્ત્રીસ્વભાવને સુલભ ઇર્ષ્યા દાખવે છે

કે એ રીતે અર્જુનને વધારે ખેંચે છે એ જોયું કહી શકે ?

પાંડવોનો દ્રૌપદી પ્રત્યેનો ભાવ તો એ એને પૂજ્ય કુલદેવતા માનતા હોય કે પાંચ ઇંદ્રિયો જેવા પાંડવો આત્મામયી દ્રૌપદીને વશવર્તી થઈ ચલતા હોય એવો કૈંક છે દરેક એના પર સ્નેહ રાખે છે અને છતાં દરેક પર એનો તાપ પડતો હોય એવું લાગેછે એનામા કૈંક એવું આકર્ષણ છે કે એની અતિ તેજસ્વીતાનો બૂલમ કોઈક વખત એમને લાગતો હશે તોએ એનથી દૂર ખસવાનું મન મોહને થતું નથી માનની માફક એ એમની સ્વભાગ રાખે છે અને પત્ની થઈ એ એમને રીઝવે છે દ્રૌપદીની મહત્વાકાંક્ષાને ન સંતોષવાની હોત તો પાંડવો આટલા પ્રયત્નો કરત ખરા ?

પણ દ્રૌપદીમા મુકુમારના નથીતી એમ નહીં દુઃખ પડે ત્યારે અશ્રુના પુર એના નયનોમા ભરાય ઊભરાતા, પણ એના અશ્રુનું મૂલ્ય વધું મોંઘુ પડતું એમ જોઈ એનામા કેર એના સૌભાગ્ય દેહને દુઃખ થતુ ત્યારે એ અશ્રુ પડાવતો એ દેહમા વસતો ભગવાન આત્મા ધવાતો ત્યારે તેમાથી નિઃશ્વાસની ઉષ્ણ જ્વાલાઓ નીકળતી આ સ્ત્રીના હાથે તો મિત્ર રહી શકાય કે શત્રુ થઈ શકાય શત્રુ કે મિત્ર એ એમાથી એકે હારમા ન આવે એવી કે ૪ પદવીજ આની સાથેના સબંધમા શક્ય નહોતી

અને તોય આ સ્ત્રી કોડીની હતી પણ સાહસ વિનાના કોઇ એને સતોષતા નહીં સર્વમાદન વનમાથી મહામહેનત કમળ લેવા એ ભીમને મોકલે છે ત્યારે રાક્ષસોથી ભરપુર વનમા ભીમને એકલો મોકલતા એને સ કોચ કે ખમચાવાપણુ થતી નથી ને અરણ્યમાર્ગે એ રાજીનાજ તોરથી રહે છે જયદ્રથે મોકલેલા કોટિકને જવાબ દેતા ને જયદ્રથને સાકાર માટે નિમત્રણ કરતા મોટા ઘરની એ કુલવધૂ એની મોટાઈને ચોગ્યજ જવાબ દે છે ને જયદ્રથનું સ્વાગત કરવાએ સમાજીનું ગૌરવ એને ઓછું નથી

જયદ્રથ દ્રૌપદીનું હરણ કરે છે તે પ્રસગે પણ દ્રૌપદીનો પ્રભાવ દેખાયા વિના રહેતો નથી અબળા અને એકથી જોયો તેનું જોર ન ચાલ્યુ એ ખરુ પણ ગમે અને પ્રતિજ્ઞા તો એની થઈ ગઈ ત્યારે પણ કરે છે એના તિરસ્કારમા એક પ્રકારની ઉંચ જવાળા હોય અને જેના પર એ ઘુટે છે તેને એ બાળ્યા વિના રહેતી નથી

યુધિષ્ઠિરના ધર્મ અને ધીમા સ્વભાવથી કોઇ વાર એ પોતાના સ્વભાવ પરનો કાબુ ખુએ છે પણ અતના મુખી એમના તરફની માનવૃત્તિને જરાએ હાની ન પહોચે એ દેખાડવા એ પ્રયત્ન કરેછે જયદ્રથને ન મારવાનો આદેશ આપે યુધિષ્ઠિર કરેછે ત્યારે આકુળ વ્યાકુળ થએલી દ્રૌપદીથી ' અને તમારે મારું વિષ કરવુ હોય તો જયદ્રથને માર્યા વિના છોડવો નહીં " એવું ભીમાર્જુનને કહ્યા વિના રહેવાતુ નથી પણ જ્યારે એને પકડી લાવેછે અને યુધિષ્ઠિર એને મુકી દેવાનું કહેછે ત્યારે ભીમ કહે છે કે ' આને દ્રૌપદી કહે તો મુકી દઉ " યુધિષ્ઠિર ફરી ભીમને એને મુકી દેવાનું કહેછે અને દ્રૌપદી પણ યુધિષ્ઠિરનો અભિપ્રાય જાણી વગર કહે એજ આજ્ઞા કરેછે આ પ્રસંગમાં ગમે તેટલો ક્રોધ ચઢયો હોય છતા યુધિષ્ઠિરની મહત્તા ન ઘટાડવાની એની ચિંતા દેખાયા વિના રહેતી નથી

ગુપ્તવાસનો સમય દૂર પાસે આવતો જાય છે જાણીને જોયું કે કામ કર્યું નથી એવી દ્રૌપદી કયુ કાર્ય સ્વીકારશે એની પાંડવોને

[વધુ માટે જુઓ છેલ્લા પાનાં]



વાળની સુંદરતા અને વધારો કરવા માટે

કામીનીઆ ઓઈલનો ઉપયોગ કરો

વાળની ખુબસુરતી વધારવામાં, સુંદર, લીસા અને ચળકતા બનાવવામાં, ગમે તેવી ફેશનમાં રાખવામાં, અને વાળનો વધારો કરવામાં કામીનીઆ ઓઈલ બહુજ કાંગતી મદદ આપે છે. મગજને પુરી ઠંડક આપે છે. સુગંધમાં બહુજ મધુર છે એક વખત વાપરી જાત્રી કરી જુવો.

કીંમત બા. ૧ નો રૂ. ૧-૦-૦, ૩ બાટલીના રૂ. ૨-૧૦-૦; પોષ્ટેજ પેકીંગ જુદું.

ખરીદતી વખતે કામીનીઆ ઓઇલજ માંગજો અને લેજો. બીજું લેતા ના.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું. નં. ૧૪૫, જુમામસ્જીદ, ડેરક નં. ૫, મુંબઇ ૨.

વધુ પૈસા ખરચતા પહેલાં નમુનો વાપરી જુવો
તમારું પસંદગી પામેલું પરફ્યુમ

ઓટો દીલ બહાર (રજીસ્ટર્ડ)



મધુર, મનોહર, સ્વીટ અને લાસ્ટીંગ ફક્ત થોડાં ટીપાં (few drops) રુમાલ પર નાંખો અને સોરમ ચંમેલી અને મોગરાનાં ફુલોની સાથે સરખાવી જુવો, પછીજ મોટી શીશી ખરીદજો. તમારા વહાલાઓને પણ ઓટો દીલ બહારનીજ ભેટ કરજો. તેઓ પણ ખુશ થશે.

બીજાં સેંટોમાં પૈસા ખરચતા પહેલાં ઓટો દીલ બહારની ખાત્રી કરજો. બાટલીની કી. રૂ. ૨-૦-૦, ૧-૪-૦, ૦-૧૨-૦ નમુનો બે આના, સુગંધી કાર્ડ એક આનો, પોષ્ટેજ પેકીંગ જુદું.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું.,
નં. ૧૪૫, જુમામસીદ ડેરક નં. ૫, મુંબઇ ૨.

☞ નમુના માટે આ નીચેની કુપન ભરીને મોકલો

નમુના માટે કુપન

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કંપની: નં. ૧૪૫, જુમા મસજીદ ડેરક નં. ૫, મુંબઇ ૨.

જરત એક શીશી નમુનાની ઓટો દીલબહાર (રજીસ્ટર્ડ)ની નીચેને ઠેકાણે મોકલી આપજો. ટપાલ ખર્ચ માટે એક આનાનો સ્ટાંપ બીડેલ છે. (સ્ટાંપ જરૂર બીડવો).

નામ _____

ઠેકાણું _____

[ચિત્રપટ ૧૬૮૦


ઘરમાં ઉપર ને નીચે રમતો

[ચિત્રપટ ૧૬૮૧



રા. ણ. કમલાશંકર પ્રાણશંકર ત્રિવેદી

મમુખ સાતમી સાહિત્યપરિષદ્—ભાવનગર



લેખક

ના. વિજયરાય કલ્યાણરાય

બી. એ. ઉપમંત્રી સાહિત્યસભા



પ્રતિષ્ઠારાનો ભાવભાવ

ગયા ભાદરવા સુદ ૧૪મી સાહિત્ય પરિષદ મંડપ વડવા મામાની પડાશમાં ન્યાયવાની પ્રેરણા મને થઇ તે બહુ આનંદ નથી કરાવ્યું તે પ્રેરણા કરનાર મનુષ્યનું પરિણામ વધુ અરસી હશે એમાં અત્યાર કર્યાનો અપરાધ ધરાવ્યો વિના એમ નિશ્ચય કહી શકાય કે કોઇ પણ પ્રકારના પ્રેરિતજનના દર્શન અહીં દુર્લભ નથી અલભ્ય હતા પણ ભાવનગરના કવિઓમાં સામાન્ય જણાતું

પણ આ ભાવનને નિત્ય નજરે જોઇ શકે તેમ નથી

બસોને આવીશ વર્ષ પરની વન ખરા બપોરનો વખત હતો શીકારની પુઠે પડતા બુતો પડેલો, પરસેવે રેબઝેબ તેહાલી થોડીને પણ ઝાડ પર ઝાડ માનો ક્ષત્રીય કુમાર વડવાને પાવર આવીને આકડો ત્યા જુના શિવાલયના કુંડીઆમા ઝાડને છાયે પડેલા આવા તે ક્ષત્રિયકુમાર આશ્ચર્યવત બને ઉતર્યા જમણો હાથ ભાગેજ મા ખોડાનું સામર્થ્ય વડવા ને કામ હાથ અણુવસાયના રમણીય પ્રદેશ હતો એ પ્રદેશમા શહેર વસાવ્યુ હોય તો આજે જયા વૈભવ વિલસ્યા છે ને આખરા ઉભે છ ત્યા વિષવિક્રેતા માનવીના વાસથી સજીવતા આવી હોય તો આવા વિચારો તને આવ્યા ત્યા તેણે પોતાના નામ પરથી ભાવનગર વસાવ્યુ

જે ઠેકાણે આજે શહેર છે તે પુરાણે ઉપલા ભાગો અનુભવ્યા તેજ પુણ્ય પર કદાચ આજનો મહત્વ બધાયેલ હશે, જે આકાશના ચહેરા નીચે તેણે બેસાડયા મામડીઆના સ્વપ્ન સ્વીકાર્યા ત્યાજ કદાચ તેના વારસોના પ્રતિનિધિ ની મહેમાની ને મોહક ખુશામતો આજે ગુજરાતભરના સાહિત્યરસિકો પામી રહ્યા છે જે

તરુવરની છત્રછાયામાં તેણે નવસૃષ્ટિ સરજવાનાં મનોરમ રાગણાં સેવ્યાં, ત્યાંજ કદાચ, આખા એક જમાના સુધી મનોરથોમાંજ રમનાર જુના સાહિત્યકારોએ એકાદ બે વધુ મનોરથો ઘડીને કૃતિકર્તવ્યતા માની.

માત્ર પરિષદ્ ઐતિહાસિક ભૂમિ પર આવી પડી અને તેટલા પુરતી તો તેની પોતાની ઐતિહાસિકતા આપ મેળેજ ઓળખાઇ આવવી જોઇએ. બાકી તો, આંખ ભરીને અંજાવતા તમાસા તરીકે તે સફળ થઇ, ખરેખરુ અસરકારક કામ કરનાર તરીકે તેણે દશકાથી છે ત્યાંની ત્યાંજ થીરથાવર ઉભી અને અમર થવાની લાયકાતનુ, લક્ષણ તેનામાં શોધનારને અત્યારે તો શોધતોજ મુકાને કાળની અનંત સરિતામાં સમાણી.

એક સાર્થવતી વ્યાખ્યા

"ભાવનગર એટલે મુત્સદ્દીગીરીનું કારખાનું." આવી એક વ્યાખ્યા અપાઇ છે. પ્રતિદિન તેમ આ પ્રસંગે પણ, તે સાર્થવતી થઇ. ઉઘાડી પારપદમાં તેમજ ભીતરના રંગો જાણનારને તુરત જણાઇ આવતું હતું કે મુત્સદ્દીઓનું મહારાજ્ય અહીં વિદ્વન્મંડળી પર પણ વગરસંકોચે પથરાઇ જતું. આના દાખલા ક્રમવાર વર્ણનમાં નોંધાતા જશે; હાલતો એટલુંજ કહીશું કે જરાજરામાં વહનેથી રિમત વેરાય, નમસ્કારો બજારુ ચીજ બને, સમાજ કે રાજકાજમાં ઉંચી પદવી ગમે તેને સારુ સાક્ષરપદ ઝાંખી થઇ, અને રજવાડી મનોદશાને ડાઢમાહેના ટેકા વિના સાહિત્ય-પરિષદ્ સીધી ઉભી કે સરખી ચાલી શકે નહીંઃ આ દૃશ્ય જેટલું વિરલ ને રસભર્યું તેટલુંજ, જીવનનાં વિભિન્ન દેખાતાં અંગો કેવાં એકેક સાથે સુઘટિત રીતે, અભેદભાવે સંકળાયલાં હોય છે એ અદ્ભુત પ્રીતસુપ્રીતા પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપ હતું.

સાક્ષરોનું ચિત્રદર્શન

છતાં, ભગવદ્ભક્તો ને સરસ્વતીના ઉપાસકોને સદાય અચાનક જગી રહેતી રક્ષા અહીં પણ મળતી મંડળની ચારે દિશામાં થાંભલા પર ગુજરાતના વિદેહ સાક્ષરો, વડોદરેથી આયાત કરેલી એક એક સરખા રંગને એક સારખાં ઘરાંની છબીઓમાં, દિલ્હીપાળ સમા શોભતા, અને પોતાના વંશ-વારસોને રાજપુરુષોથી રક્ષવા તથા બની શકતી નવપ્રેરણાઓ પાવા નિરંતર ઉત્સુક દેખાતા હતા.

અને નર્મદ, કલાપી ને ગોવર્ધન-રામના સાહિત્યવંશજો પણ પિતૃઋણ ફેડવા આજે કેટલા આતુર બન્યા હતા, કેવા હોંસીલા ચોપાસ ઘુમતા હતા, કેવા ડાહ્યા ને ગંભીર દેખાતા, મીલ્ટનના ઓલીઅલની જેમ સામ્રાજ્યોનો ભાર ભીમસેની ખભા પર ધરનારનો કેવો ભાસ આંપતા— એ બધું તમને તાદૃશ બતાવવાને તો કોઇ વોટ્સની પીંછી કે વેલ્સની કલમ જોઇએ. તેના અભાવે અહીં એક આછું ચિત્રદર્શન કરાવીને સંતોષ માનવો પડશે.

સાહિત્યપરિષદના મુળ સુકાનીઓમાંના જે ત્રણચાર અહીં નજરે ચઢે છે તેમાં રા. રમણ-ભાઇને પહેલા મુકવા જોઇએ. પરિષદ્નો આજનો અવતાર એમને આભારી છે. એ વહાલા બાળકને મનમાની રીતે ઉછેરવાના એમને કોડ છે અને તેની ઉછેરના અધિકારમાં કોઇ મદદ કરવા આવે તો તુરત તેઓ સાવધાન બને છે. છતાં, એ કાબેલ કાવદાબાજની બુદ્ધિનો ખપ નથી એમ નહીં. નિર્મળ વાંચનારને વખતસર

બોલતો બંધ કરવાની ઘંટડી વગાડવા પ્રમુખ ને વારવાર પ્રેરનાર તરીકે, તેમજ અઢીના શીખાઉ મંત્રીઓ પરિષદના બંધારણનો કાયદો જાણતા નહોતા ત્યારે પરિષદ-સ્મૃતિ સરખા એક આગવા રીપોર્ટમાંથી તે કડકડાટ વાંચી સંભળાવનાર તરીકે એમણે બજાવેલી ફરજો એકદમ ભુલાય તેવી નથી રા. બળવંતરાય ઠાકોર અને રા. કેશવલાલ ધ્રુવ પણ જુના જોગીઓ છે અને પામે પાસે બેઠા છે પણ એની વચ્ચે સરખામણીને અવકાશ નથી એક પરિષદે જાણે અજાણે ચિંતાપ્રસન્ન કરવામાં આગળ પડતો ભાગ લીધો છે, બીજો તેનો અજબ શણગાર ને અદ્વિતીય શિરચ્છત્ર છે

પણ આ બેઠકની મધ્યસ્થ મૂર્તિ તો રા. કનૈયાલાલ કે. પ્રાણજીવન કે ત્રિવેદી મૌજીલાલ ને આપણા એ મુખ પર છે શિક્ષણનો અનુભવ અને તેમાંથી મળે તેવું ડહાપણ પણ ત્યાં દેખાય છે અને સાહિત્યનો સંદેશ વહનાર તરીકે તેઓ આસાવટદ્ધ સર્વની બીકને બદી પાડવામાં સર્વથી વિજયવંત નીવડ્યા એ હકીકત તો એમના ભાષણને પાને પાને પ્રકાશે છે, એટલે વધુ વિસ્તારની જરૂર નથી

મુખ્ય પ્રમુખને જમણે હાથે જરા દૂર એક સોફા પર એકેકથી છેક નીરાળું વ્યક્તિત્વ ધારતા ત્રણ વિભાગી પ્રમુખો દૃષ્ટિએ ચડે છે એમની છબીઓથી જેને ભાગ્યેજ ખ્યાલ આવે તેવી સૂક્ષ્મ વિશિષ્ટતા હરેક વિકસાવી છે મહાકાય ખબરદારનો તેજોમય મુખપ્રભાવ ને રમણીય લોચનો, એમને પડછે સહેજ ઝાંખા પડતા રે કાંતિલાલની પ્રસન્ન ને પરિચિત વદન છબી ખાદીધર પંડિત લાલન ની ચંચળ ને દુર્બળ દેહયષ્ટિ આ સર્વને તમે યથાર્થ કલ્પી શકો તો આપણા સાહિત્ય, વિદ્વાન ને જૈન આલમોના સંચિવોનું કૈંક ભાન થાય

બીજી બાજુ વડોદરા રાજ્યના પ્રતિનિધિઓની ટુકડી બીરાજે છે રા. નટવરલાલ દીક્ષિત સાહિત્યરસિક કરતા અમલદારનું સ્મરણ વધુ કરાવે છે એમના મદદનીશ રા. જેશીપુરા સાહિત્યપરિષદમાં અહોનિશ કાઠીઆવાડીઓનું હિત અપુરી કુનેહે જાળવવા માટે જાણીતા છે પાસજ સાહિત્ય ના ત્રણ ધુરંધર લેખકો મેસર્સ ભાનુસુખરામ ભરતરામ ને મટુભાઈ જોવામાં આવે છે તેમાંના છેલ્લા, વણિક સંસ્કૃતિનો પ્રતિનિધિ સાહિત્યમાં ઉતરે ત્યારે કયા પ્રકારનું કામ કરી શકે તેનો અભ્યાસનીય નમુનો છે તેમણે આ વખતે પણ સેવાદૃષ્ટિમાં આવવા ટેટવુક કરું જોને વીસે વધુ ઉલ્લેખ આગળ કરીશું

પણ આ નામગણનામાં સૌથી પહેલું સ્થાનતો જોને આ મેહક અમર બનાવશે જોઈએ અધુરા અનુભવે પણ અસાધારણ કામ કરી બતાવ્યું જોને કામની જબ્બર જોખમમાં પોશાક સમારવાની કે ગતિમાં ગૌરવ સાચવવાનીએ કુરસદ નથી જોઓ અકળાઈને કોઈ વાર આકરું વેણ અયમત્ત શુદ્ધ હેતુથી બોલી નાખે છે જેમની ટીકા મૈત્રી કરે છે પણ દયા કોઈ આનાર નથી-એવા ગુજરાતના ઉમદા સાક્ષર, નડીઆદની અખંડ ઉડતી ધજાના ભાવિ ધરનાર અને આ પરિષદ જેમના વિના કદાચ અરાજક નીવડી હોત એ રા. રમણલાલ કનૈયાલાલ પાઠકને ભટનું હતું તેમજ આ પણ સ્વીકારવું જોઈએ કે રા. માનશંકર પીતાંબરદાસ ના ગૌઢ માર્ગદર્શન, રા. હીરાલાલ પારેખના અનેક ઉપયોગી અનુભવો અને આજના લોકપ્રિય કવિઓ લલિતજી અને રા. રાવજીના

તેમ હતું; સાહિત્યને જેની સાથે સ્નાન-સુતક નહીં એવા જૈન ધર્મી લેખો પર વખત ઓવામાં વાંધો નહોતો; શુદ્ધ સાહિત્યના શ્રેયને વેચવામાં નાહનમ નહોતી; પ્રેક્ષકોની બક્ષીસના પાત્ર થવાની હીંમત હતી. બધું બની શકે તેમ હતું; ફક્ત, જૈન સાહિત્યને નામે જૈન સંપ્રદાયના પ્રચારકોની હીકમત ને ધૃષ્ટતાની આરપાર જોવાની અક્કલ કે ફુરસદ કોઇને નહોતી.

ગુજરાતની વાચકકલા

વધારે સુખકર ને ઉપયોગી વિષય તરફ હવે વળીએ.

લગભગ વીસ જૈનેતર નિબંધો શનીવારે ને રવિની સવારે પરિષદ્ સંમુખ વંચાયા. આમાંના પુરા પાંચમાં પણ ઉંચી પંક્તિનું સંશોધન કે પ્રૌઢ લખાવટ નહોતાં, એટલે તેનું અવલોકન કર્યા વિના ચાલે તેમ છે. આશ્વાસન માત્ર એટલું લઇ શકાય તેમ હતું કે આગલી પરિષદો કરતાં અહીં ઉતરતી કોટિની વિદ્વત્તા રજુ થઇ નહોતી. આ દશા પ્રગતિનું ચિન્હ છે કે કેમ, અને નિબંધ વાચન નકામું છે એ મતને પોષી શકે કે નહીં એ પ્રશ્નો ચર્ચાકારો માટે રહેવા દઇને, જે પાંચ સાત નિબંધોમાં કંઈ પણ તત્ત્વ જણાયું તેની અને એક બે મુખ્ય ભાષણોની વાચન શૈલી વીશે અમ્હે શબ્દ કહેવા વધુ ઉચિત છે.

ગુજરાતમાં લલિતકળા વિરલ છે; ઉપયોગી કલા ગરત પામતી જાય છે; વકતૃત્વકલાના પણ સાસા છે. આ ફરમાદોમાં, "વાચનકલા તો વિકસીજ નથી" એવો ઉમેરો સાહિત્ય પરિષદ જેવો પ્રસંગ કરાવી શકે તેમ છે. રા. કેશવલાલ ધ્રુવના જવલંત અપવાદ શીવાય, આપણા સૌથી સારા ગણાયલા વિચારકો—મેસર્સ અબરદાર, કાંતિલાલ, રમણભાઇ, મોહનલાલ દવે, બળવંતરાય ઠાકોર, જયેંદ્ર દુર્કળ, ગીરજાશંકર બધેકા—અણકેળવાયલા વક્તા કે શીખાઉ વાચકોનું સ્મરણ વધુ આપતા હતા વિષય વંચાતો જાય તેમ તેમ પ્રતિપક્ષ બદલાતા રસ અને ભાવ સાથે તદ્રુપ થઇને સ્વરના આરોહઅવરોહનું નિયમન કેવી રીતે કરવું, કયાં શબ્દો ઉચ્ચારતાં ભાર મુકવો, કયાં સંયમિત ને કયાં ઉંચો સાદ કાઢવો—આવી આવી ઝીણવટો પર રા. ધ્રુવે જે પ્રભુતા દાખવી તેનો એમના બંધુ સાક્ષરોએ અભ્યાસ કરવા જેવો છે. નામો સાથે સટીક વિવેચન કરવું બીન જરુરી છે, પણ હાવભાવ સહિત ધાંટા પાડવા; સાક્ષરી ગદ્ય એકધારી શૈલીમાં વાંચી જવું; શરમાળ નીશાળીઆની જેમ ઝડપબંધ શબ્દરેલ વહેવરાવવી; રીઢા શિક્ષકની જેમ ચાપલાઇમાંજ ચાતુર્ય સમજવું; અસર ઉપજાવવાના કે સઘળા ભાગોમાં સંભળાવાના કૃત્રિમ પ્રયાસો કરવા; અથવા, સાહિત્યપરિષદ્ ડોસીઓને વહાલું દેવમંદિર હોય તેમ પુરાણી ઘુવાની લોકરંજક પદ્ધતિથી લેખ વાંચવો: આવાજ નમુનાનો માલ જો આપણા વક્તાઓ ને જાહેર વાચકો પુરા પાડી શકે તેમ હોય તો પ્રજાએ તેનો બહિષ્કાર કરીને સવેળા ભાવિ સુધારો લેવું એ અયોગ્ય નથી.

જોડણીનો સનાતન સવાલ

ગુજરાતના ચાર સાક્ષરો જોગા થાય અને જોડણીના સંવાલને ખુલેખુલ્લ પણ વણુકેડયો રહેવા દે એ બનાવને સૃષ્ટિક્રમમાંજ સ્થાન નથી. સભાએ તેને નહીં ઘડવાનો પ્રમાદ કર્યો હોત તો 'વસંત'નાં કેટલાંય પાનાં કોરાં વહેંચવાં પડત; પરિષદના કેટલાય અહેવાલોમાંથી પાંડિત્યનું ગૌરવ પરવરી જાત; વિદ્વાનોનાં કેટલાંય વર્ષોનો ઉપયોગ બીજી કંઈ રીતે કરવો તેની મદ્દા મુશ્કેલી ઉભી થાત.

ખાસ સૂચના

હાલમાં બીજવીના દરેક જાતના સામાનના ભાવ ઘણા ઉતરી ગયા છે. અને તમો ભલંતી દુકાને દોઢા ભાવ આપી માલ ખરીદ કરવા જાઓ છો તેના કરતાં કમારી દુકાનની એક વાર મુલાકાત લેવા ખાસ ભલામણ કરવામાં આવે છે. ગાટે નીચલ ડેકાણે પધારશો.

અબ્બાસભાઈ તાજભાઈ

ટેલીગ્રાફીક એડરેસ.—"બીજલીસ્ટોર."


ભુખનદાસ બીલ્ડીંગ,
મંગલદાસ રોડ—મુંબઇ. ૨.

રહેવાની સાથે જમવાની ઉત્તમ સગવડ.

રાજીય ફુડ લોજ

ઝવેરી મેનશન ડે:- સેંડહર્સ્ટ રોડ, મુંબઇ, ૪.

૪૦ વરસની જુની અને અનુભવી. દુકાન
સારાં અને ટકાઉ ઘડીઆળો મેળવવા
માનીતું મથક



પધારો અને ખાત્રી કરો.

અમારે ત્યાં હમેશ [illegible] ઘરેણાં ખીસાનાં તથા હાથે બાંધવાનાં નીકલ [illegible] તથા સોનાના અપ-ટુ-ડેટ ફેશનના જુદા જુદા જાતના કલોકસ તથા ટાઇમપીસ વગેરે પણ ઘણાજ ઘરાક ને નાથી મળશે.

રીપેરીંગ કામ પણ બાહોશ કારીગરોના હાથે ખુદ અમારી દેખરેખ હેઠળ કરી આપવામાં આવશે.

મોટાં કલોકસ માટે ઓર્ડર સાથે ૨૦ ટકા મોકલવું.

મોહનદાસ કમળશી

મંબાદેવી ચોપ્ટની બાજુમાં, મુંબાઈ નં. ૨.

Telephone 5625.
Telegrams Clock Tower

પ્રિયતમ દેશસેવક બન્યા

રચનાર
ન્હા ગોકુળદાસ કલ્યાણદાસ નથ્થુભા
સભ્ય સાહિત્યમંડળ

પ્રિયતમ દેશસેવક બન્યા' તજી વૈભવ વિલાસને
સાચી સાદ્યુતા સાધીને દીધા આત્મ-ઉત્તમજી
પ્રિયતમ દેશસેવક બન્યા

મેડી મહિલે મહારતા, મહી માનવ કામજી
આજે ઝુપડે ઝુપડે સત્ય સાધતા બનજી
પ્રિયતમ દેશસેવક બન્યા

મખમલ નખમલ પહેરતા મસ્તકમા પડત ભારજી
એ ખાદીચડી ખાદીમા આજે મુલાયમ તા જી
પ્રિયતમ દેશસેવક બન્યા

ખાનુ-પીનુ ખેલવુ ઉઠતનો ચ બ્યવહારજી
આજે ઉલ્ટા ભાવના કયા કયા નેતા નેવારજી
પ્રિયતમ દેશસેવક બન્યા

વિદ્યુત-રથ ન અશ્વની જેને વેગ હતજી
આજે પા પાયક બની યાને વન ને બનજી
પ્રિયતમ દેશસેવક બન્યા

સાગર ને ગિરિ ઉચ ઉતા આકાશજી
આજે અ મ તા ભા મા નેતા નેતા પ્રકાશજી
પ્રિયતમ દેશસેવક બન્યા

દેશીજન કયા દુખરણે નિશદિન ગરીબી ને ગમજી
સાચો નરક ની મહુલશે જ દીન પ્રભુજીનો વાસજી
પ્રિયતમ દેશસેવક બન્યા

સુખ સપત્ ને સાધનો સાચા સગા ને સસારજી
આજે વિદ્યન સત્ય એ 'સેવા મા સદુ સારજી
પ્રિયતમ દેશસેવક બન્યા

સ્વીકાર

રાજમુગટ: લેખક: રા. ધૂમકેતુ, પ્રકાશક: સૌરાષ્ટ્રસાહિત્યમંદિર, રાણપુર (કાઠીઆવાડ). મૂલ્ય: રૂ. ૧–૦–૦ સ્લેજ કાગળ, રૂ. ૦–૧૨–૦ રફ કાગળ.

સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ: ભાષાંતરકાર: અધ્યાપક મોહનલાલ પાર્વતીશંકર દવે, પ્રકાશક: ગુજરાતી સાહિત્યપરિષદભોળકમીટી, મુંબાઇ. મૂલ્ય: રૂ. ૪–૮–૦.

વ્યાપારી ભૂગોળ–ભાગ ૧ લો: લેખક: અધ્યાપક ચંદુલાલ ભગુભાઇ દલાલ, પ્રકાશક: ગુજરાતવિદ્યાપીઠ, અમદાવાદ. મૂલ્ય: રૂ.૨–૮–૦.

પુરંદરપરાજય તથા અવિભક્ત આત્મા: લેખક: રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી, પ્રકાશક: ધી સાહિત્યપ્રકાશક કંપની લી. મુંબાઇ, મૂલ્ય: રૂ. ૦–૧૨–૦.

વીણાવિહારી–ભાગ ૧, ખંડ ૧–૨: લેખક: રા. સીતારામ જે. શર્મા, પ્રકાશક: રા. જીવનલાલ અમરજી મહેતા, અમદાવાદ. મૂલ્ય: રૂ. ૨–૦–૦.

પરાક્રમની પ્રસાદી (આવૃત્તિ છઠ્ઠી): ભાષાંતરકાર અને પ્રકાશક: રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, અમદાવાદ. મૂલ્ય: રૂ. ૧–૦–૦.

રા. કેશવલાલભાઇનાં ભાષાંતરોની આદર્શમયતા અને સફલતા માટે બે મત થયા નથી. આ આવૃત્તિને પણ એમણે એમની લાક્ષણિક ચીવટને લઇને એની પુરોગામિની કરતાં વિશેષ સંસ્કારી છે. 'મહાકવિ કાલિદાસના દેશકાળ અને એની કૃતિઓ' એ લેખને પણ અત્યાર સુધીનાં શોધનો અને વાસ્તવિક અનુભવોથી એમણે વધાર્યો છે. એમની અખંડ સાહિત્યસેવાનાં આવાંમાવાં ફળો હજીએ વધુ જોવા અમે ઇચ્છા રાખીશું.

રથયાત્રા (મુળ બંગાળી): લેખક: કવિવર રવીન્દ્રનાથ ટાગોર, પ્રકાશક: રા. સુમંત મહેતા, યુગધર્મ કાર્યાલય, અમદાવાદ. મૂલ્ય: રૂ. ૦–૧–૦

રવિબાબુએ સામાજિક આત્માનું આ કૃતિમાં સરસ નિરૂપણ કર્યું છે. ગુજરાતીમાં એ હીકડીક ઉતરી શક્યું છે.

કાવ્યસમુચ્ચય–ભાગ ૧: સંગ્રાહક અને પ્રકાશક: અધ્યાપક રામનારાયણ વિશ્વનાથ પાઠક, અમદાવાદ. મૂલ્ય: રૂ. ૧–૦–૦

દલપતનર્મદથી શરુ થતા આપણા અત્યાર સુધીના કાવ્યસાહિત્યનું ઝાંખું અને આછુંઆછું પ્રતિનિધિત્વ કરતો આ નવીન સંગ્રહ છે. ભાષાંતર, અનુકરણો અને સ્વતંત્ર કૃતિઓ: આવી કોઇ ઐતિહાસિક દૃષ્ટિએ આ નવીન સંગ્રહની રચના થઇ હોત તો અમે રા. પાઠકને વિશેષ અભિનંદન આપત. ગુજરાતના નવીન કાવ્યકલેવર અને તેના આત્માના સ્વાભાવિક વિકાસક્રમનો ઇતિહાસ તેમજ કાવ્યોની વિશેષ વિસ્તૃત અને ગાઢીબીજ રચના હવે પછીના ભાગમાં જોવા અમે સકારણ ઉત્સુક રહીશું.

જૈનેતર દૃષ્ટિએ જૈન મહાવીર' મુનિશ્રી અમરવિજયજી મહારાજ, પ્રકાશક: રા ડાહ્યાભાઇ દલપતભાઇ શાહ, ભરચક પ્રાચ્ય અને પાશ્ચાત્ય જૈનેતર લેખકોની દૃષ્ટિએ જૈન સંપ્રદાયના સિદ્ધાંતોનું આમા કોઇ સ્થલે દીદીમા ને કોઇ સ્થલે ગુજરાતીમા યથાર્થ નિરૂપણ છે મુનિશ્રીએ એ સંપ્રદાયની સેવા કરવામા આ રીતે સ્તુત્ય શ્રમ લીધો છે

ગોખને સાંવત્સરિક રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ, પ્રકાશક રા. કરસન હામજ ચીતલીઆ, મુબાઇ

ગોખલેજીના સ્મરણોનું આલેખન કરતો આ એક દુર્લભ પણ સુસ્પષ્ટ સુંદર લેખ છે

સરસ્વતીચંદ્રનું અવલોકન લેખક અને પ્રકાશક રા વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, મુબાઇ વિદ્યાર્થીઓને મદદ

ચોત્રીસ વર્ષ પૂર્વે સરસ્વતીચંદ્ર પર લખાયલા આ અવલોકનની નવીન આવૃત્તિ કેટલાક જુના સ્મરણો તાજા કરે છે મણિલાલ દ્વિવેદીનો તે વખતનો ઉપોદ્ઘાત વિવેચન સાહિત્યના સૂત્રોનો હાલ પણ જોવા જેવો ઉહાપોહ રજુ કરે છે

ભાવનાસૃષ્ટિ લેખક અધ્યાપક વિષ્ણુ પ્રસાદ રણછોડલાલ ત્રિવેદી પ્રકાશક યુગાંતર કાર્યાલય, સુરત મૂલ્ય રૂ ૧–૦–૦

આ નાનકડા પુસ્તકના લેખો જ્યારે 'પ્રેમિત'ના ઉપનામ તળે પ્રસિદ્ધ થતા હતા ત્યારે ઘણાએક સાહિત્યરસિકોનું ધ્યાન ખેંચી શકયા હતા લેખોની ભાવનાઓ નવીન છે અને એમનું સ્થાન વિશેષ પ્રતિષ્ઠિત થતા એમા નવીન આકર્ષણો આવશે એવી આશા રહે છે.

ભજનમાળા–ભાગ ૫ કર્તા મહારાજ ગરીબદાસજી, પ્રકાશક રા મોતી ચેતાભાઇ પચાણ, કુકમા, કચ્છ મૂલ્ય રૂ ૨–૦–૦

મહારાજના પ્રાસાદિક ભજનોનો આ સારો સંગ્રહ છે

વિદ્યાર્થી: પ્રકાશક રા નૃસિંહપ્રસાદ ત્રિદાસ ભટ્ટ, ભાવનગર મૂલ્ય રૂ ૧–૮–૦

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનને પ્રસિદ્ધ કરેલી અનેક ઉપયોગી કૃતિઓમા આ એક વધારો છે 'વિદ્યાર્થી' નામના હસ્તલિખિત માસિકના આ લેખો છે અને તે પ્રત્યેક વિદ્યાર્થીને વાંચી વિચારવા અમારી ભલામણ છે

શરીરવિકાસ પ્રકાશક ઉપર મુજબ મૂલ્ય રૂ ૧–૦–૦

ઉપરના પુસ્તક પ્રમાણે આ પુસ્તક પણ વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય જનસમાજને અતિ ઉપયોગી છે

તથાગત લેખક રા હરિશંકર દુ ત્રિવેદી, પ્રકાશક રા નૃસિંહપ્રસાદ કા ભટ્ટ, ભાવનગર મૂલ્ય રૂ ૦ ૪–૬

ભગવાન બુદ્ધના દિવ્ય જીવનની કુસુમજ્જ વિદ્યાર્થીઓની ધર્મિક ભાવનાઓ ધડવા આ નાનકડું પુસ્તક સારી પેઠે ઉઘાડી રહ્યું છે

અનંતા લેખક રા ન્યાયરત્ન, પ્રકાશક રા સુમંત મહેતા યુગધર્મ કાર્યાલય, અમદાવાદ મૂલ્ય રૂ ૦–૮–૦

આ એક નવીન અને આશાજનક નાટ્ય કૃતિ છે

વિરાજવહુ (મુળ બંગાળી લેખક શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય) અનુવાદક રા. મહાદેવ

હરિભાઈ દેશાઈ, પ્રકાશકઃ રા. વેણીલાલ છગનલાલ ભુચ, નવજીવનપ્રકાશન મંદિર. મૂલ્યઃ રૂ. ૦–૧૦–૦

રાવતણાણુની આ રસિક અને સ્ત્રીજાતિના મનોજ્ઞોદ્રેક ચિત્રની અનુવાદકૃતિ છે. રા. મહાદેવના બંગાળીનાં અનુવાદોએ એમને આપણા માનીતા માત્ર નહીં પણ સમર્થ ભાષાંતરકર્તા બનાવ્યા છે. હવે એ કે સ્વતંત્ર કૃતિઓ આપે એમ ઇચ્છીએ. રા. રમણલાલના પાદરની ઝીણવટભરી પ્રસ્તાવના શરૂઆતમાં વાંચ્યા પછી કૃતિને પુરી વાંચ્યા સુધી સંતોષ થતો નથી. સ્ત્રીહૃદયનાં ઉઘાડાંઢાં પાનાં ચાલુ કરીએ મનોહર તેમ યથાર્થ ચિત્ર આપ્યું છે તે કેમે કરી મન આગળથી દૂર થઇ શકતું નથી.

અધ્યાત્મતત્ત્વાલોકઃ (સંસ્કૃત)ઃ કર્તાઃ મુનિશ્રી ન્યાયવિજયજી, પ્રકાશકઃ રા. અભયચંદ ભગવાનદાસ ગાંધી, ભાવનગર.

જૈનદર્શન (હીંદી)ઃ લેખકઃ ઉપર મુજબ, અનુવાદકઃ શ્રીયુત કૃષ્ણલાલ વર્મા, પ્રકાશકઃ રા. ગણપત શાસ્ત્રી, નાગપુર. ઉપરના મુળ પુસ્તકનો આ હીંદી અનુવાદ છે.

ધર્મગીતાંજલિ (હીંદી)ઃ લેખક ઉપર મુજબ, પ્રકાશકઃ શ્રી [illegible] વર્ધક મંડળ, ઉજ્જૈન, અમલા.

સંદેશ (સંસ્કૃત)ઃ લેખકઃ ઉપર મુજબ, અંગ્રેજી અને હીંદીમાં અનુવાદકઃ રા. ઘનશ્યામદાસ રામકૃષ્ણ દવે, પ્રકાશકઃ રા. ગણપતશાસ્ત્રી, નાગપુર.

ન્યાયકુસુમાંજલિ (સંસ્કૃત)ઃ કર્તાઃ ઉપર મુજબ, પ્રકાશકઃ પંડિત વાડીલાલ ડાહ્યાભાઈ, અમદાવાદ, અમલા.

અધ્યાત્મતત્ત્વાલોકઃ લેખકઃ ઉપર મુજબ, અંગ્રેજી અને ગુજરાતીમાં અનુવાદકઃ રા. મોતીચંદ ઝવેરચંદ મહેતા, પ્રકાશકઃ રા. અભયચંદ ભગવાનદાસ ગાંધી, ભાવનગર.

જૈન સંપ્રદાયના આ દળદાર ગ્રંથ અને ઉપલાં પુસ્તકોની પ્રસિદ્ધિથી માલુમ પડે છે કે જૈન મત તેનું ધાર્મિક અને શુદ્ધ સાહિત્ય ગુજરાતમાં માત્ર નહીં પણ જગતના જ્ઞાનભંડારમાં સંગ્રહ કરવા–કરાવવા સારી પેઠે ઉદ્યોગી થઇ રહ્યું છે. ન્યાયવિજયજીની આ કૃતિઓ સાંપ્રદાયિક વિચારોની સારી સામગ્રી રજુ કરે છે. સંસ્કૃતથી માંડીને આધુનિક ગુજરાતી ભાષામાં રચાયલી જૈન કૃતિઓનો ભાષાવાર ઇતિહાસ રચવા સંપ્રદાયના સ્તંભોને અમે વિનવીએ છીએ. કાળે કરીને નાશને મુખે હોમાતું, એમના અને જૈનેતર સાહિત્ય ઉપર પ્રકાશ પાડતું સાહિત્ય ભંડારોમાંથી હવે જગતના સામાન્ય જ્ઞાનચોકમાં આવવું જોઇએ. ધર્મ કે નીતિના જૈન સાહિત્યને શુદ્ધ સાહિત્યાત્મક સાહિત્યથી નીરાળું કરી દર્શાવવાની ચક્ષુ વિવેકવૃત્તિની હવે ગુજરાત અપેક્ષા રાખે છે.

તંત્રીસ્થાનેથી

સાતમી સાહિત્યપરિષદ્

ઠરાવો

સાતમી મહિલાપરિષદ્ ગયા ઉનાળાની તા. ૧૬ થી ૧૮ સુધી ત્રણ દિવસ ભરાઈ ગઈ અને તેણે કરેલ કામનું સરવૈયું કાઢતાં જે સૂચના જણાય છે તે સૂચના પ્રમાણે કામ કરવાની જવાબદારી પરિષદ્ની કાર્યવાહક સમિતિ પર આવે છે. આ સૂચનાઓ કેટલીક રીતે અમલમાં આવી શકે તેમ છે. કેટલીક સૂચનાઓ તો કોઈ પણ સંસ્થા કે વ્યક્તિ ધારે તો અમલમાં મૂકી શકે તેમ છે. પરિષદે કરેલા કામની મૂળ દૃષ્ટિએ તપાસ કરવા માટે અમે કેટલાક ઠરાવોની દૃષ્ટિએ આ બીજું મુખ્ય જાહેરમાં તેની દૃષ્ટિએ



પરિષદના કાર્યક્ષેત્ર વિશે મત એટલો જુદોજુદો છે કે પ્રમુખના અભિભાષણમાં તેની ચર્ચા એટલી અસ્પષ્ટ છે કે પ્રશ્નના વર્ગ કે વિષય કરવામાં આવ્યો તે અમલમાં મૂકવાની કે કાંઈ જરૂર હોય એમ દેખાતું નથી.

ત્રીજો ઠરાવ હાસ્યજનક રૂપ પકડાવી કબુલ કરે છે કે અમદાવાદમાં પરિષદમંડપ સ્થાપવાના કરેલા ઠરાવ હજુ અમલમાં આવ્યો નથી એનાં જે જે કારણો હશે તે એ મહત્ત્વનો આદેશ ભૂલી જવામાં દાર છે. અ

કૈં જણાતું નથી. આશા છે કે આવતી પરિષદમાં એવો ઠરાવ કરવાની જરૂર નહીં પડે.

ત્યારપછી સૂચનાત્મક શોભારૂપ ઠરાવો બાદ કરતાં અગત્યનો ઠરાવ અમને દશમો લાગે છે. જો કે તેમાં પણ જરાક વિનોદરસ રહેલો અમને દેખાય છે. ઠરાવ આ પ્રમાણે છેઃ- "પરિષદ તરફથી જેટલાં પુસ્તકો બહાર પડે તેટલામાં એકસરખી જોડણી રાખવી અને તે જોડણી પરિષદમંડળે નક્કી કરવી."

પરિષદમંડળે જોડણી નક્કી કરવી! કેટલો નાનો સરખો ઠરાવ! રા. કમલાશંકર, રા. કેશવલાલ, રા. નરસિંહરાવ, રા. આનંદશંકરઃ આટલા ગૃહસ્થો જોડણી માટે અનંતકાલ પુરતા થાય પહેલાં એકમત થાય એવી આશા રાખવી એ અમને આશાવાદની પરાકાષ્ઠા લાગે છે. 'ગુલીવર્સ ટ્રાવેલ્સ'માં એક ટાપુમાં વિરોધમત રાખતા મુત્સદ્દીઓને એકમત કરવાનો એક રસ્તો દેખાડયો છેઃ વિરોધીઓ હોય તેના મગજમાં શસ્ત્રક્રિયાથી અડધાંઅડધાં ભેજાંની અદલાબદલી કરવી અને પરિણામે બહાર વિરોધ બતાવવાને બદલે ભેજાંનાં બે વિરોધી અડધીઓ માંયામાં ને માંયામાં એક અભિપ્રાય પર આવી શકશે. આ યોજના કેટલે અંશે ગુજરાતમાં ઉપયોગી થઈ શકે તે તરફ વિજ્ઞાનસમિતિ લક્ષ આપશે તો જરૂર જોડણીના વિષયનો વહેલો નિર્ણય થઈ શકશે. વળી એજ ઠરાવમાં "જેટલાં પુસ્તકો બહાર પડે" એમ લખવામાં આવ્યું છે. સાહિત્યપરિષદને પુસ્તકો બહાર પાડવાની ખાસ ટેવ હોય એમ દેખાતું નથી.

જોડણી વીશે તો અમને એકજ યોગ્ય રસ્તો લાગે છે કે, પરિષદમંડલના બધા સભ્યોએ જાપાનીઝ સમુરાઇની માફક જીવન-સર્વસ્વ સોંપી દેવાનો દૃઢ સંકલ્પ કરી બેસાં




રા. અરદેશર ફ. બબરદાર

મળવું. પછી ગમે તેવા પણ સરલ અને સર્વગ્રાહી ઠરાવ પર આવવું અને તે ઠરાવ ગમે તે ભોગ આપવો પડે તો પણ બધાએ સ્વીકારવો; અને તે જોડણી સાહિત્યમાં, છાપામાં અને પાઠ્ય પુસ્તકોમાં જલદીથી દાખલ કરાવવી. જોડણીનું ધોરણ સરલ કરવાને ગુજરાતમાં થોડા ઘણા પ્રયત્નો થયા છેઃ આવી કેટલીક પદ્ધતિ તો ઘણે ભાગે સરખી છે. સરકારી પાઠ્ય પુસ્તકોની, 'ગુજરાતી'ની, 'સાહિત્ય'ની અને 'સંસદ'ની જોડણીની પદ્ધતિ વચ્ચે ઘણોજ થોડો ફેર છે. તેમજ એ ત્રણ વિદ્વાનો બાદ કરતાં બીજાને પોતાની પદ્ધતિ વીશે ઘણો આગ્રહ નથી. તો શું બાકીના બધા પરિષદમંડલના સભ્યો આવી અગત્યની બાબતમાં એકમત ન થઈ શકે? આશા છે કે મંડલના ઉત્સાહી મંત્રીઓ આ પ્રશ્નને તરત ઉઠાવી લેશે.

રા બ કમલાશંકરનુ ભાષણ

પરિષદના પ્રમુખની ચુંટણીમા જેમ હમેશા કે ને કૈં થાય છે આ વખતે રા બ કમલાશંકર ચુંટાયા અને તે આવી ન શકવાથી

આ વખતનુ પ્રમુખનું ભાષણ પીસ વર્ષ પહેલા સાહિત્યની રૂપરેખા સૂચવી ઘણુજ અમૂલ્ય થઇ શકત સ ૧૯૮૦ મા તે જરાક અસ્થાને લાગી જાય છે



પ્રો કાંતિલાલ છ પડયા

ફુકા વખત મા રા બ કમલાશંકરને તૈયાર થવુ પડયુ પરિષદ નો રંગ રાખ વા તેમણે આ પદ સ્વીકારી પોતાનુ કર્તવ્ય બજાવ્યુ, પણ ટુકા વખતમા તેમને આવા કાર્ય માટે તૈયાર થવાનુ ફરમાન મોકલવુ એ તેમને અન્યાય કરવા જેવુ થયુ તેમના જેવા પ્રોફેસ્ટ સ્વભાવના વિદ્વાનના ભાષણમા પણ ઉતાવળ અને અધૂરો જીવ દેખાય છે

રા બ કમલાશંકર જેવા અભ્યાસી અને વિદ્વાન નરને જરા પણ અન્યાય આપ્યા વિના અમારે કહેવુ જોઇએ કે પ્રમુખની ચુંટણી વીશે પરિષદના સિદ્ધાંતો જરાક જુના જમાનાના છે અને તેથી ઘણી વખત એક બે હાથવા પ્રોફેસર ઉત્સાહપ્રેરક નીવડે એવુ ભાષણ આપવા જમાનાને ઓળખવુ પડે છે

રા કૃષ્ણ લાલ ઝવેરીના Mile Stones પ્રગટ થયા પછી પણ સાહિત્ય ની આછી રૂપરેખા માટે આવા ભાષણ ના આત્મ સ્થાનો જોય એમ માનીએ તોપણ આ રૂપરેખા જ કંઇ પુરાણી લાગે છે ભાલણની કૃતિઓની ગુણીમા તેની અપૂર્વ એની કાદંબરી રહી જાય છે પદ્મનાભના અદ્‌ભુત વીર કાવ્યને પણ યોગ્ય સ્થાન આપવુ રહી જાય છે પ્રેમાનંદ કવિના કાવ્યો વીશે લખતા તો માત્ર ટુકો ટાકીજ પ્રમુખ વિરમેછે ગોવર્ધનરામ જેવા સમર્થ લેખકનુ વિશ્લેષન કરતા પણ કૈં નવુ દૃષ્ટિબિંદુ દેખાતુ નથી અને આપીએ—નવગુજરાતના ક્ષુબ્ધિત હૃદયને વ્યક્ત કરનારે—એમના પર ઓછી અસર કરી દેખાતી નથી વળી "વસંતવિજય" "ચાતુર્વાક

મિથુન' જેવાં આપણા સાહિત્યમાં અપૂર્વ ને અદ્વિતીય કાવ્યોના લેખક માટે એજ વાક્ય; ખબરદાર જેવા આકર્ષક કવિ માટે એક લીટી; અને ગુજરાતી સાહિત્ય અને સંસ્કારને વિશ્વભરમાં અમર કરનાર, ગુજરાતી ગદ્યને પુનર્જન્મ આપી સાહિત્યને સતેજ કરનાર શ્રેષ્ઠ ને જવલંત સાહિત્યકર–ગાંધીજી–આપ્યા ૪૮ પાનામાં સીધી રીતે તો–ગેરહાજર!

એમના ભાષણનો ખરો ભાગ તો પાછળનો છે. એ અનુભવવૃદ્ધ મહાશયની ઘણી સૂચનાઓ



પંડિત લાલન.

કીમતી અને લાભદાયક છે અને તેનો અમલ પરિષદ કરશે એવી આશા છે.

પાણીદાર પ્રતાપી પણ વૃદ્ધ આહવાશ્વ (war-horse) ની માફક અણીની પળમતે ઉભા રહી તેમણે ખરું કર્તવ્ય બજાવ્યું છે. એમને તો ધન્યવાદ જ ઘટે છે, પણ આવી કટોકટી સ્થિતિમાં એમને મુકનારા માટે શું કહેવું?

રા. ખબરદારનું ભાષણ

આ ભાષણ પછી અમે સહર્ષ રા. ખબરદારનું ભાષણ હાથમાં લઇએ છીએ. એમની સમાલોચના એમને શોભાવે એવી છે અને સાહિત્ય વીશેના કેટલાક સિદ્ધાંતો ગુજરાતી સાહિત્યમાં નવી ભાત પાડે છે. જે દિશામાં એમણે પ્રયત્ન આરંભ્યો તેજ દિશામાં એ વધારે દૂર ગયા હોત અને જેમ સાહિત્યની વ્યાખ્યા આપી તેમ તેની પાછળ રહેલાં તત્ત્વોનું પણ પૃથક્કરણ કર્યું હોત તો એમનું ભાષણ અમૂલ્ય થઇ પડત. એમની ભાષા એમના પદ્ય જેવી શિષ્ટ નથી છતાં તેમાં એક પ્રકારનું માધુર્ય છે અને એમની સમાલોચના સર્વગ્રાહ્ય નથી છતાં તેમાં મોટાં તત્ત્વોનું એકીકરણ કરવાની શક્તિ છે.

એમણે સાહિત્યની વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. એ કરવામાં એમણે પુરોગામી પાશ્ચાત્ય ને પૌર્વાત્ય વ્યાખ્યાઓની મદદ લીધી હોત તો તે આટલી અધુરી ન થાત એમ લાગ્યા વિના રહેતું નથી. શું સત્ય કે સૌંદર્ય સીવાય બીજાનું કથન સાહિત્યમાં નથી સંભવતું? શું ઔચિત્યમાં બધાજ સાહિત્યનાં લક્ષણો સમાઇ જાય છે? આ બધા ઘણા ગંભીર પ્રશ્નો છે અને તેના નિર્ણયની દિશામાં પ્રયત્ન પ્રેરે એવું ભાષણ કરી રા. ખબરદારે ગુજરાતને ઉપકૃત કરી છે.

માત્ર એમના ભાષણમાં અમને એક દૂષણ એવું લાગ્યું કે તે વીશે ઉલ્લેખ કરવાની અમને અગત્ય જણાયછે. જીંદગી સુધી પ્રેરણા કે શક્તિ રાખી રહેવાં એ ભગવાન વ્યાસથી પણ બન્યું ન હશે અને તેથી કોઇપણ સાહિત્યકના પ્રયત્નને તેના 'પુજ્યાનો આથમતો' પ્રકાશ માની તેના પર આક્ષેપ કરવો એ રા. ખબરદાર જેવાને છાજતું નથી. કવિ નાનાલાલ ગમે તે હોય તો પણ છેલ્લાં વીસ વર્ષમાં તેમણે યુગ સ્થાપ્યો છે. તેમની શૈલીની અમક

અનેકને પ્રેર્યા છે, એમની રચનાની ખુમારીએ ઘણાને આકર્ષ્યા છે એમની ભાવનાને રંગે ઘણા રંગાયા છે ધૂમકેતુ જેવી વિવિધરૂપા એમની પ્રતિભા હશે, પણ સાહિત્ય ક્ષેત્રમાં તેમનું સ્થાન ધૂમકેતુ જેવું અસ્થિર છે એમ કોઈ પણ નિ:પક્ષપાત વિવેચક કહેવાની ધૃષ્ટતા કરે તો તે હાસ્યાસ્પદ થયા વિના રહે નહીં

પરિષદના વિભાગો

એક પરિષદના પાંચ વિભાગ કરી પાંચ પ્રમુખ પાસે ભાષણ અપાવવા એ રીત અમને તો પસંદ પડતી નથી અને એ વિભાગ કરવા-ની રીત સફળ નથી થવાની એમ તો અમને લાગ્યું જ હતું અને થયું પણ તેમજ ડૉ. ખુશાલ શાહની ગેરહાજરીથી ઐતિહાસિક વિભાગ અદૃશ્ય થઈ ગયો જૈન વિભાગ ધાર્મિક સંપ્રદાયનો ઉત્સવ બની જતાં અટકયો અને પરિષદમાં ભળી ગયો સાહિત્ય પર મુખ્ય પ્રમુખ અને વિભાગના પ્રમુખ એમ બેના ભાષણો થયા આના કરતા એકજ પરિષદ અને એકજ પ્રમુખ હોત તો વધારે સારું કામ થાત

બીજા ભાગના પ્રમુખોના ભાષણો.

વિજ્ઞાનવિભાગના પ્રમુખ ડૉ. કાંતિલાલનું ભાષણ અમને બહુ સુયોગ્ય લાગ્યું એમની સમાલોચના, એમણે દર્શાવેલી દિશા અને ઉચ્ચારેલા વિચારો મનનીય લાગે છે ડૉ. ખુશાલ શાહ જેવા વિદ્વાન ગેરહાજર હોવાને અમે વધારે સારા ભાષણની આશા રાખી હતી-ખાસ કરીને ગુજરાતના ઐતિહાસિક સાહિત્ય બાબતે-છતાં ઇતિહાસ સબંધી જે વિચારો એમણે પ્રમુખસ્થાનેથી દર્શાવ્યા છે તે ઇતિહાસ-ના અભ્યાસીઓને ઉપયોગી નીવડશે રા. લાલનનું ભાષણ તદ્દન અસંતોષકારક છે જૈન સાહિત્ય જોવા સતત સાહિત્યની સમાલોચના એમાં દેખાતી નથી જૈન સાહિત્યકોના દૃષ્ટિબિંદુ પારખવાનો કે પરખાવવાનો એમાં પ્રયત્ન નથી, અને એ ધર્મપ્રેમથી વિમુક્ત બની સાહિત્યની દૃષ્ટિએ એક પણ વિચાર દર્શાવવાનો પ્રયત્ન એમાં દેખાતો નથી સાહિત્યપરિષદનો ત્રાજવાં પરથી કોઈ પણ ધર્મના માત્ર શ્રદ્ધાળુ સંતોષાય એવાં ભાષણો અપાય તો સાહિત્યપરિષદ બંધ કરી અપાસરો કે મસજીદમાં જઈ બેસવું એ અમે વધારે પસંદ કરીએ બીજે

પૂર્ણાહુતિ

ભાવનગર એ ગુજરાત કે કાઠીઆવાડનું મધ્યસ્થાન નથી તેથી સહજ રીતે અમદાવાદ કે વડોદરા જેવા સ્થળોમાં જેટલા પ્રતિનિધિ કે પ્રેક્ષકોની હાજરીની આશા રાખી શકાય તેટલી ત્યાં ન રાખી શકાય, છતાં એકાદ બે અપવાદ સિવાય લગભગ બધા પ્રતિષ્ઠિત લેખકોએ હાજર થઈ પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ આપવા તત્પરતા બતાવી છે એ જાણી અમને હર્ષ થયો છે પરિષદના મંત્રી માનશંકરભાઈ પ્રૌઢ લેખક અને વિચારક છે, સાથે સાથે અવિશ્રાંત ઉલ્લાસ કરનાર છે એ વાત એમના પરિષદને અંગેના બાહ્ય પ્રવાસ પ્રસંગે સ્પષ્ટ થતી હતી-તેજ ઉદ્યોગના બળથી પરિષદ આજે વિજયી થઈ છે અને તેનો યશ પણ સ્વાગતમંડળને અને બીજા કાર્યકર્તાઓને ઘટે છે

અંતમાં ભાવનગરના શહેરીઓએ અને આ પરિષદના મુખ્ય બે મંત્રીઓએ પરિષદને સફળ કરવા જે શ્રમ ઉઠાવ્યો છે તે બાબત ખરેખર તેઓ ધન્યવાદને પાત્ર છે


પદીઆરસ્મારક સાહિત્યફંડ

સદ્‌ગત અમૃતલાલ પદીઆરનાં સ્મરણાર્થે જે ફંડ ઉઘરાવવામાં આવ્યું હતું તેનો સાહિત્યપ્રવૃત્તિનો ફાળો વ્યાજ સાથે રૂ. ૩૧૪૮–૧૦–૦ થયો છે. તે ફંડને રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, રા. રા. સન્મુખલાલ ઝવેરીલાલ પંડ્યા અને રા. કનયાલાલ માણેકલાલ મુનશી એ ત્રણ ટ્રસ્ટીઓને નામે નીચે પ્રમાણે રોકવામાં આવ્યું છે.

રૂ. ૨૫૦૦ મોંમે ડેવેલપમેંટ લોન.

રૂ. ૫૦૦ ૩½ ટકાની લોન.

રૂ. ૩૦૦૦ કુલ.



માસિક રોજનીશી

એપ્રીલ ૧૯૨૪

તા. ૧ લી—શ્રી મણિલાલ કોઠારી સામેનો કાઠીઆવાડ એજન્સીની હદમા દાખલ થવાનો મનાઈ હુકમ રદ કરવામા આવ્યો

તા. ૨ જી—રાજકોટનરેશ સર લાખાજીરાજને મુબાઈમા વસતા કાઠીઆવાડીઓ તરફથી માનપત્ર આપવામા આવ્યુ

તા. ૩ જી—શ્રીયુત વિઠ્ઠલભાઈ પટેલ મુબાઈની મ્યુનીસીપલ કોરપોરેશનના પ્રમુખ ચુટાયા

મહાત્માજીના તબીયતેથી 'નવજીવન અને 'યંગ ઈંડીઆ પ્રગટ થયા

તા. ૬ ઠ્ઠી—રાષ્ટ્રીય સત્યાગ્રહ-જલીયાવાલા બાગના હત્યાકાંડનો પ્રેથમ સ્મરણદિન

તા. ૭ મી—ા ચકુલાલ દેસાઈ બરડચ મ્યુનીસીપ લીટીના પ્રમુખ ચુટાયા

તા. ૯ મી—સીંધે મહાત્માજીને ૬ પ૦ હજાર ની થેલી અર્પણ કરવાનો ઠરાવ કર્યો

તા. ૧૬ મી—રાષ્ટ્રીય સત્યાગ્રહનો છેલ્લો દિન

તા. ૧૮ મી—મુબાઈમા પરાઓની બીજી જીલ્લાપરિષદ્ સાતાકુઝમા દરબારશ્રી ગોપાલદાસના પ્રમુખપદે મળી

અધેરીમા આવેલા શ્રી મુકુળનો મહોત્સવ ત્રણ દિવસ ઉજવવામા આવ્યો

ભાવનગરમા સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ ના બ કમલાશકર ત્રિવેદીના પ્રમુખપદે મળી

તા. ૧૯ મી—ભાવનગર રાજ્યે કાઠીઆવાડ રાજકીય પરિષદ્ ભાવનગર મુકામે ન ભરવાનો મનાઈ હુકમ કર્યો

તા. ૨૦ મી—સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદની પૂણ્ પુતિ આવતા વર્ષની બેઠક માટે મુબઈનુ આમત્રણ

હીંદી વિશ્વકોષ માટે ભાવનગર રાજ્ય તરફથી રૂ ૩૦૦૦ ની મદદ

અમદાવા મ્યુનીસીપાલીટીએ રાષ્ટ્રીય મહાવિદ્યા લયની ઈમારતોને મ્યુનીસીપલ નોકરીમા દાખલ કરવા નો ઠરાવ કર્યો

તા. ૨૩ મી—પુનામા દારુના પીઠા પર શાતિ પુર્વક પહેરો ભરવાની પણ મનાઈ કરવામા આવી

તા. ૨૪ મી—મુબઈના ભગીતા ફકીરી સર કરીમભાઈ ઈબ્રાહીમે મુસ્લીમ કેળવણી માટે રૂ૬લાખ રોકડા આપવા રૂ ૧૯ લાખ મુબાઈ મ્યુનીસીપાલીટીને ભેટ કર્યા છે

તા. ૨૫ મી—મુબાઇમા સ્વરાજ્યપક્ષની ડારેક્ટારી સભાન બેઠક અસલ કાર્યક્રમ રાખવાનો ઠરાવ

કાયરના હૃદયમાંએ શૌર્યની છોળો ઉછાળે એવાં દ્રૌપદીનાં આ વચનો સાંભળતાં એના પ્રિયસખા શ્રીકૃષ્ણના અંતરમાં શું થયું હશે? આ પ્રતાપી સ્ત્રીના વેગ આગળ પાંડવો પણ નિરુત્સાહી જેવા જણાય છે. માત્ર શ્રીકૃષ્ણ સરખા પુરુષોત્તમજ એને તો ધૈર્ય આપી શકે છે.

શ્રીકૃષ્ણ રડતી દ્રૌપદીને કહેછે કે: "હે દ્રૌપદી! થોડા વખતમાં તું દોરવેાની સ્ત્રીઓને રડતી દેખીશ. હે ભીરુ! જેમની ઉપર તું ક્રોધી થએલી છે તેમની સ્ત્રીઓ પોતાના બંધુઓ મરવાથી જે રીતે તું રડે છે તેજ રીતે થોડા વખતમાં રડશે. હું પોતે યુધિષ્ઠિરની આજ્ઞાથી ભીમ, અર્જુન, નકુળ, સહદેવ સહિત એ કામ કરીશ. કાળે કરી પાકી રહેલા ધૃતરાષ્ટ્રના પુત્રો જો મારાં વચનો નહીં સાંભળે તો નાશ પામી પૃથ્વી ઉપર શયન કરશે અને શ્વાન અને શૃગાલો તેમને ખાશે. હિમવાન્ પર્વત ચલાયમાન થાય, પૃથ્વીના શત ટુકડા થાય, કે કદી નક્ષત્ર સહિત સ્વર્ગ પડે તોપણ મારું વચન મિથ્યા થાય નહીં. હું આ સત્ય પ્રતિજ્ઞા કરું છું માટે હવે તું રડતી ના. શત્રુરહિત થએલા લક્ષ્મી-યુક્ત પતિને તું થોડા વખતમાં દેખીશ." (ઉદ્યોગપર્વ–અ. ૮૨).

શ્રીકૃષ્ણ વિના આટલા વિશ્વાસથી આવું આશ્વાસન આપવાની બીજાની છાતી ચાલે નહીં અને દ્રૌપદી વિના માત્ર સખાભાવથી આટલો હક્ક શ્રીકૃષ્ણ ઉપર બીજી કોઇ સ્ત્રીથી થાય નહીં.

દ્રૌપદી અને કૃષ્ણ વચ્ચે એક પ્રકારના–જેને અંગ્રેજીમાં 'Camaraderi' કહીએ તેવા સાહચર્યની ભાવના છે. અને તે બંનેમાં પુરુષત્વ અને સ્ત્રીત્વ-જેને આપણે 'Superman' અને 'Super woman' કહીએ તેવું–લોકોત્તર પ્રકારનું છે. સાધુતા અને અસાધુતા સાધવાનું નીતિનું સામાન્ય ધોરણ એ બંનેને સાધવાને માટે નકામું થઇ પડે છે. એ બંને કાયદામાં બંધાએલાં નથી, પણ કાયદાઓને બનાવનારાં છે. બંને લોકમતના વહેણમાં દોરાતાં નથી પણ તેને દોરે છે. એ બંનેનું વ્યક્તિત્વ કોઈથી પ્રથમ સ્થાન ન મળે એવી કોઇ પણ સ્થિતિ કે પદ્ધતી સ્વીકારવાની ના પાડે છે. પરસ્પરની આવી સામાન્ય વિશિષ્ટતા-ઓથીજ બંને પરસ્પરને આકર્ષે છે.

ગોપીઓની ભક્તિમાં પ્રેમ અને ભક્તિ છે પણ સમાનતા નથી. દ્રૌપદી સાથેના શ્રીકૃષ્ણના સંબંધમાં સખ્યભાવની સમાનતા છે. શ્રીકૃષ્ણ જેવા પુરુષનું હૃદય પ્રિયતમાઓના મનોરથો પુરવા સદા તત્પર રહે છે, પણ આદેશ અને પ્રેરણાની આકાંક્ષા તો એ સદા દ્રૌપદી જેવા જ્વલંત સ્ત્રીત્વ પાસેથીજ કરેછે. પત્નીઓની ઇચ્છા પુરવામાં તેને ભર્તાનો આનંદ દેખાય છે, પણ સખીના આદેશ ઝીલવા અને તેની સાથે રમ્યાં જોવાની તેના હૃદયની ઉંડી અભિલાષા સ્પષ્ટ જણાય છે. બહારની દુનીઆ માટે સ્નેહ કે સત્તાના રાખેલા અન્તર વિના એને એના સ્વરૂપે જાણે અને ઓળખે, એની મહાત્વાકાંક્ષાઓને વિજયગીતથી ઉત્સાહ અર્પે અને એની નિર્બલતાઓને એ નિર્બલતા ખાતરજ યાદે અને ભાવભીના હૃદયના લાડથી પંપાળે એવી સખી પામવાની આકાંક્ષા કયા સત્ત્વ પુરુષને નથી થતી? અને કયું સાચું સ્ત્રીહૃદય એવા પુરુષની મૈત્રી પામવા તલસતું નથી?

એક પ્રશ્ન કદી આપણને બહુ આવ્યા નહીં લાગે એવો છતાંએ થયા વિના રહેતો નથી. દ્રૌપદી અને શ્રીકૃષ્ણ પરણ્યાં હોત તો! શ્રીકૃષ્ણની મહત્તા આજ છે એથી કદાચ એવી વખત નહીં, પણ વૃષ્ણિઓના અને કુરુકુળના વિનાશક થવાને બદલે મહાભારતની કથા કંઇ જુદીજ રીતે સખાત નહીં! એ બંને વિનાશના દૂતોને બદલે ભારતવર્ષને વધારે બલવાન અને વધારે સુગઠિત મુખી બનાવામાં શક્તિમાન

થાત નહીં? 'હોત તો' એ શબ્દમા જગતની કેવી કેવી અણુસરજી ભાવનાઓ અને બીનાઓનો ટકાર રહ્યો છે એ કોણ કહી શકે?

પાંડવો પાસે આ કુલનાશક યુદ્ધ કરાવવુ યોગ્ય હતું કે નહીં એ એક બીજો પ્રશ્ન છે કુરુઓના અપમાનનો બદલો લેવાને ઇચ્છતા પાંચાલ દેશના દ્રુપદ રાજાની તે પુત્રી હતી અપમાન પામેલા પાંડવોની તે પત્ની હતી, અગત અપમાનથી દુભાએલી તે સ્ત્રી હતી ભારતવર્ષના ચક્રવર્તીપદની આકાક્ષા ધરાવનાર રાજાઓને વિજય ન મળવા દેવાની દૃઢ ઇચ્છા વાળા રાજ્યદ્વારી નીતિનિપુણ શ્રીકૃષ્ણની તે સખી હતી અને ક્ષાત્રતા જેના સ્વભાવમા ન હતી એવી દ્રૌપદી યુદ્ધની ઇચ્છા ન રાખે તો શાની રાખે? એના જન્મ, સસ્કાર અને સ્વભાવ ત્રણેથી એ યુદ્ધની દેવીજ નિમાત થઇ હતી એના જેવા સજોગોમા આ એના જેવી સ્ત્રી બીજી સલાહ આપીજ કેમ શકે?

આ પછી તો ઘણા બનાવો બને છે કૃષ્ણ વિષ્ટિ લઇને જાય છે અને નિષ્ફળ થઇને પાછા આવેછે અને મહાભારતના યુદ્ધના મોરચા મંડાય છે અઢાર દિવસ સુધી લોહીની ધાર અવિરતપણે કુરુક્ષેત્રમા વહેછે આ બધામા દ્રૌપદીની સીધી હાજરી કોઇ સ્થળે દેખાતી નથી, પણ જાણે એનું વ્યક્તિત્વ અદૃશ્ય રહી એ બધાને દોરતુ હોય એવુ ભાન સાચાએ રહ્યાજ કરેછે આખા મહાભારતમા શ્રીકૃષ્ણ અને દ્રૌપદી એ બનેજ એવી શક્તિઓ છે કે જેમની ઇચ્છાશક્તિ કદાપી ને ક્યારેએ થાકતી નથી પોતાનું સાધ્ય સાધવાને એ ગમે તેવા સાધન વાપરતા અચકાતી નથી એ બને માત્ર એમના ધ્યેયનેજ જુએછે એ ધ્યેયને પ્રાપ્ત કરવામા નડતી નાની મોટી કોઇ આડખીલી ઓની એમને દરકાર નથી અને સાધનો શુદ્ધજ હોવાં જોઇએ એવીએ એમને પરવા નથી

યુદ્ધ દરમીઆન દ્રૌપદીની હાજરી બહુ ન લાવવામા કવિએ પણ એક પ્રકારનુ ઔચિત્યજ વાપર્યું છે ગમે તેવી સબળ સ્ત્રીપાત્રનેએ યુદ્ધ જેવા અમાનુષી કાર્યની વચ્ચે આણતાં કે સાક્ષીભૂત બનાવતા રસવૃત્તિનો ક્ષય થાય છે અજેય ઇચ્છાશક્તિવાળી દ્રૌપદીના અતરનો કોમળ ભાગ યુદ્ધને આવશ્યક અને ધર્મ્ય માન્યા છતાએ એ સહારને જોતા જરુર કમકમ્યો હશે એમ આપણને માનવાનુ મન થયા વિના રહેતું નથી

યુદ્ધ પછી અશ્વત્થામાએ કરેલા રાત્રિસહાર વખતેજ દ્રૌપદીથી આ પાડો પખાતો નથી પુત્રો અને સ્વજનોનો ક્ષાત્રધર્મ વિરુદ્ધ થએલો સહાર જોઇ એનો અતરાત્મા કકળી ઉઠે છે અને એ અશ્વત્થામને મરેલો જોયા વિના અન્ન ન ખાવાની પ્રતિજ્ઞા કરે છે આવેશથી ધર્મરાજાને મઢોણ માર્યા વિનાએ એનાથી રહેવાતું નથી કે, 'હવે પુત્રો વગર તમે રાજ્ય ભોગવી સુખી થાઓ" આ વખતે પણ ભીમ અને કૃષ્ણથી પ્રેરાએલો અર્જુન એની સહાયતા કરે છે અને અશ્વત્થામા સાથે ઘોર યુદ્ધ કરી એના માથામાંથી મણિ લઇ આવે છે આ બધામ કૃષ્ણની એક ચુની દેખાયા વિના રહેતી નથી દ્રૌપદીનુ પ્રિય કાર્ય કરવાનુ હોય ત્યારે શ્રીકૃષ્ણ બનતા સુધી તો અર્જુન કે ભીમ પસંદ કરાવે છે, અથવા કરાવાનો દેખાવ કરે છે એમ થી ન બને ત્યારે ન છુટકેજ એ સીધી રીતે કાર્યમા એકલા ઉતરે છે સ્ત્રીના મિત્ર થવા ઇચ્છતા પુરુષે તે સ્ત્રીના પતિના મિત્ર થવાની સભાળ પ્રથમ લેવી એ સૂત્ર કૃષ્ણ જેવા ચતુર નરને અજ્ઞાત કેમ હોઇ શકે?

યુધ્ધ પછી દ્રૌપદીનું સ્મરણ બહુ થોડાજ પ્રસગોમા મહાભારતકાર કરે છે કર્ણના મૃત્યુથી યુધિષ્ઠિરને થએલા રમશાનવૈરાગ્ય વખતે

યુધિષ્ઠિર સંન્યાસ લેવાનો નિશ્ચય કરે છે ત્યારે સર્વની સાથે દ્રૌપદી પણ તેમ ન કરવા તેમને વીનવે છે. અશ્વમેધ યજ્ઞ કરતી વખતે પાંડવોની સહધર્મિણીરૂપે અને ઐશ્વર્યનું દર્શન કરાવતી એને આપણે જોઈએ છીએ અને ઉત્તરાની ગર્ભરક્ષા કરવા મધુસૂદનને એ પ્રાર્થે છે.

દ્રૌપદીનું છેલ્લું દર્શન પાંડવોની સાથે હિમાચલમાં તપ કરવા જતાં થાય છે. અર્જુન એનો વધારે પક્ષપાત હતો એ વાત મહાભારતકારને છેલ્લે સુધી ખટકતી લાગે છે, અને એ પાપને સારુ સર્વથી પહેલાં એનો દેહ પડે છે એમ ધર્મરાજાને મુખે એ કહેવરાવે છે.

રૂપ હયની ઇર્ષ્યાનો એમાં અંશ હશે ખરો?

આ અદ્‌ભુત સ્ત્રીનો જન્મ અને મૃત્યુ અને એના વ્યક્તિત્વની ભાત્ર સૌથી જુદી રીતેજ થયાં. એનામાં શૌર્ય હતું ને શક્તિની વાંછના હતી. એનામાં બલ હતું ને બલવાનને આકર્ષવાની શક્તિ હતી. એનામાં ગર્વ હતો અને ગર્વને સંતોષવાની તાકાત હતી. એનામાં બુદ્ધિ હતી અને તેનો ઉપયોગ કરવાની આવડત હતી. એનામાં સૌંદર્ય હતું ને તેને શણગારવાની એનામાં કળા હતી.

એને સમય ઓળખતાં ને રાહ જોતાં આવડતું. એને ધીરજ રાખતાં ને બદલો વાળતાં આવડતું. એને સ્વાશ્રયી થતાં ને પ્રસંગ ઓળખતાં આવડતું. એને સેવા સ્વીકારતાં ને સંભારી રાખતાં આવડતું.

બલ એ એનો મહામંત્ર હતો. તેજસ્વિતા એના સ્વભાવમાં હતી. શક્તિ એના હૃદયમાં હતી. મદ એની દૃષ્ટિમાં હતો.

મહાન્ પદને માટે એ સરજાયેલ હતી. મહાજનોની એ મિત્ર હતી. એના સંબંધથી મહત્તા પમાતી, એના સંગથી મહત્તા ઢળવાતી.

જુના આર્યાવર્તની સ્ત્રીસૃષ્ટિમાં જ્યોતિર્મંડલમાં સવિતા સરખી જ્વલંત અને તેજસ્વી એ સદાયે પ્રકાશશે.



આંતર રાષ્ટ્રીય સાહિત્યનો સમાગમ

લેખક
પ્રો. ખુશાલ તલકશી શાહ

વિચારવિશ્વના સામ્રાજ્યમાં સરહદને સ્થાન નથી આપણે આપણા સામાજીક કે રાજકીય જગતમાં નાના નાના કુંડાળા પાડી બેસતા હોવાથી સામાન્યતઃ આપણે એમજ માની બેઠા છીએ કે આવા કુંડાળા વિના વિશ્વ રચના સંભવેજ નહીં પરંતુ તટસ્થ મનુષ્યજીવનનો એકત્ર વિચાર કરીએ તો તરત જણાશે કે આવા કુંડાળા ઉપરાંત વિવિધ દેશના મનુષ્યો વચ્ચે પરસ્પર અનેક પ્રકારના સંબંધ ઉપજે છે વર્તમાનકાળમાં વેપાર ઉદ્યોગે સુધરેલા દેશો વચ્ચે પરસ્પર વધુ ગૂંચવણ એવી તો જડી દીધી છે કે આજ ૭ ૭ વર્ષ થયા માત્ર એક જર્મનીનો વેપાર ઉદ્યોગ ભાંગી જવા અંગેની પડવાથી, બાકી પૃથ્વીના વેપાર-સંયુક્ત દેશોને અનેક રીતે અસર પડે છે એ વેપાર સંબંધને અંગે પરસ્પર જે ચાલુ વ્યવહાર અને સમાગમ ઉદ્ભવ્યો છે તેને લીધે અર્વાચીન સમયમાં તો આંતરરાષ્ટ્રીય સાહિત્યનો સમાગમ અનેક વિદુષો નિકટ બની ગયો છે આગળ ઉપર આ લેખમાં એ સમાગમના કેટલાક કારણો પ્રકાર, અને પરિણામ પર વિચાર કરીશું આ સ્થળે આટલું કહેવું આવશ્યક છે કે જે સમયમાં વેપારસંબંધો આજના જેવી વ્યવસ્થિત નહોતી જ્યારે જાપાનની પેઠે ઘણીએ પ્રજા દેશાંતરિત માત્ર એટલાજ સમજતી કે જેમ બને તેમ પરદેશીઓ સાથે વ્યવહાર કમી રાખવો, તેમને દેશમાં આવવા ન દેવા તેમની સાથે બીજાકોઇ કારણ સંબંધ કે તંતુ રાખવો નહીં ત્યારે પણ વિચાર વિશ્વના સામ્રાજ્યમાં, સાહિત્ય કે તત્વજ્ઞાનના પ્રદેશમાં આવી કૃત્રિમ હદ બાંધો જળવાણી નહીં ભારતવર્ષમાં જન્મેલો બૌદ્ધધર્મ કુક સમયમાં બહારદેશ

સિંહલદ્વીપ, ચીન, જપાન વગેરે પ્રદેશોમાં ફેલાઇ ગયો એની સમજુતી એટલીજ કે આવી મર્યાદાઓ આત્મીય પ્રદેશમાં લાગુ પાડી શકાતી નથી. નિસર્ગતઃ ઘણાએ મનુષ્યમાં પર્યટણ પ્રેમ હોય છે. અને તેના કરતાં પણ ઘણેજ મોટે અંશે મનુષ્ય જાતમાં અજાણતાં અનુકરણ કરવાની બુદ્ધિ રહેલી છે. કુવે આવા પર્યટણના પ્રભાવે કહો કે નૈસર્ગિક અનુકરણશીલતાને અંગે ગણો, આટલું તો સિદ્ધ છે કે મનુષ્યપ્રતિહાસને પેલે છેડેથી આજ લગી આંતરરાષ્ટ્રીય–અથવા ભિન્ન ભિન્ન પ્રજામાં સાહિત્યસમાગમ અને તેની પરસ્પર ક્રિયાપ્રતિક્રિયા થતીજ આવી છે. અંગ્રેજ વિદ્વાનો કેટલાક એમ ધારે છે કે લેખન ક્રિયા–લીપી–હીંદમાં આસીરીયન લોકોમાંથી આવી હશે. આસીરીયન ભાષામાં, યાહુદી જ્ઞાનમાં દેખીતાજ ઘણાએ શબ્દો મુળ હીંદી અથવા દ્રાવિડ પ્રજાના લાગે છે. આસીરીયાએ મીસર દેશના લોકપર અસર કરી; મીસરે પુરાણા કાળના યવનો એટલે ગ્રીક લોક પર અસર કરી; ગ્રીસ સાહિત્યની તમામ શાખાનું રોમન પ્રજામાં સર્વાંશે અનુકરણ તેમજ ભાષાંતર થયું–[કદાચ રોમન લોકો નિસર્ગતઃ જંગલી એટલે કે સાહિત્ય પ્રેમી અને તત્વજ્ઞાનાસક્ત નહોતા એટલે તેમનાથી અનુકરણ કરવા ઉપરાંત બીજું કશું થઇ શકયું નહીં] રોમ મારફત–ખ્રીસ્તી ધર્મોપદેશો દ્વારા, યુરોપની તમામ પ્રજાના સાહિત્ય, તત્વજ્ઞાન અને સુધારા માત્ર પર ગ્રીસ, મીસર, આસીરીયા અને ભારતવર્ષની છાપ પડી હશે અને યુરોપ મારફત આધુનિક કાળે અમેરીકાના સર્વે દેશનું સાહિત્ય ઘડાયછે કે રંગાયછે.

પાશ્ચાત્ય તેમજ પૂર્વીત્ય દેશોમાં પણ એમજ થયું. એટલે એક રીતે એમ કહેવું બીલકુલ અયોગ્ય નથી કે જનસમાજનું સાહિત્ય, કલા, તત્વજ્ઞાનરૂપી તમામ દ્રવ્ય એકજ અને અવિભક્ત છે. વિચારવિશ્વના સામ્રાજ્યમાં મર્યાદા નથી, તેમજ બાનગી મત્તા જેવુ પણ કશું નથી. રશીયન ટૉલ્સટૉય ભારતીય ગાંધી પર એટલી સંગીન અસર કરે કે તેનું મનોરાજ્ય સર્વસ્વ ટૉલ્સટૉયમય બની જાય; અંગ્રેજ લોક, ફ્રેન્ચ રૂસો અને અમેરિકન ફ્રેન્કલીન પર તેવીજ અસર કરે; ગ્રીક ઝીનોફોન, પ્લેટો, એરિસ્ટોટલ, રોમન સિસેરો, માર્કસ ઓરેલિયસ કે સ્યુએટોનિયસ પર તેવીજ અસર કરી તન્મય બનાવી દે; વાલ્મીકિના રામાયણ અને હોમરની ઇલીયડમાં વસ્તુસંકલનાની, પાત્ર સંબંધની, મુળ

દુનિયાની એટલે આ રીતે સામાન્યતા જોવામાં આવે કે બધાયને આ બધા કાર્યોના કર્તૃત્વ સબંધે હક્ક ઉપજે તે પૂર્વે તે પૂર્વે આટલું તો અનોખપણે સિદ્ધ કરે છે કે આંતરરાષ્ટ્રીય-આંતરપ્રજાકીય-વિચારશ્રેણી-વિચાર પરંપરા અને તેને પ્રદર્શિત કરનાર રૂપ કે આકાર હોવાને-સાહિત્યમાં પરસ્પર સમાગમ અને તેના પરિણામ અનિવાર્ય છે

આ સમાગમ અને તેના પરિણામમાં અનિષ્ટ જેવું કશું નથી એક પ્રજાના સાહિત્ય કે જ્ઞાન સમૂહ પર બીજી પ્રજાના સાહિત્યાદિથી અસર થાય તે આપણે ત્રણ પ્રકારની ગણી શકીએ એક (૧) અતિ સામાન્ય પણ પરિણામે બહુ ઉપયોગી નહીં એવો પ્રકાર ભાષાંતરમાં સમાવેશ છે આપણે ભાષાંતર વિષે એટલી માઠી છાપ પડી છે કે ભૂતકાળમાં એણે દેશ પ્રજાના સાહિત્ય પર કેટલી બધી અસર કરી છે તેનું આપણે હવે માપ કાઢવાની પણ કાળજી રાખતા નથી ભાષાંતર દેખીતું જ પરભાષામાંથી આવેલું જ્ઞાન કે સાહિત્ય, એટલે એની કદર સાહિત્ય તરીકે સામાન્યતઃ થતી જ નથી પણ મૂળ જ્ઞાનભંડાર રૂપે જ થાય છે અઢારમા સૈકામાં વેગા કેટલા અને અત્યારે ફ્રેન્ચાદિ બધાય પાશ્ચાત્ય-અંગ્રેજ તુર્ક ફારસી વિદ્વાનોએ આપણા સંસ્કૃત કાવ્ય નાટક રૂપિ હાસ્ય, તત્ત્વજ્ઞાનના ભાષાંતર કરેલા પણ તેમની જ્યારે એ ભાષાંતરમાંથી જોઈતી નથી ઉદ્ભવી તેના કરતાં હજાર દરજ્જે વધારે તેમણે પોતાની સ્વતંત્ર બુદ્ધિએ વિકસિત કરેલ છે તેનાથી બની છે સમાગમ તેજ સમયના જ્યારથી પરિણામની સ્વતંત્ર કૃતિ આગળ ભાષાંતરકારની તુલનાજ નથી એનું મુખ્ય કારણ એજ્યુજ કે ભાષાંતરમાં સ્વતંત્રકૃતિની કળા-ખૂબી આબાદી અશક્ય છે દુનીયાના વિખ્યાત ભાષાંતરકારો પૈકી આપણે પાંચ છ એવા સાપડશે કે જેમાં હીંદી કવિવર તુલસીદાસ રામચરણના ભાષાંતર આપણે કે ફીટ્ઝ જેરલ્ડના ઉમરખય્યામની રૂબાયતના તરજુમા પડે મુકી ભાષાંતરમાં પણ જબરી ગુજરાતીમાં બનાવે અલબત્તપણે એટલે કે ઉતારા આબાદ ભાષાંતર હોવે પણ મૂળ નજરે તો મુલ્યાંકિત અને 'મહાકવીની મૂર્તિ' કોઈપણ એવું એક પણ ભાષાંતર જોવામાં નથી આવ્યું કે જેમાં મૂળકૃતિના ગુણો સ્પષ્ટ જબરા આવે મૂળકૃતિના ખરા વૈશિષ્ટ્ય ભાષાંતરમાં આવેલું ન આવી શકે અથવા નથી આવતા એ એક આશ્ચર્ય કર્તા તેમજ

ખેદનું કારણ છે. એ ખેદકારક એટલા માટે કે ભાષાંતર વિના દુનીયાના જ્ઞાની મહાવીરોની કૃતિ સૌને કેમ સાંપડે? આધુનિક મુદ્રાલયોમાં છાપવાની ક્રીયા એટલી સરલ થઇ ગઇ છે કે સાહિત્ય સસ્તું કરી સામાન્ય લોકોને પણ પરવડે એમ સુલભ થવા પામ્યું છે. પણ તે સસ્તાપણાનો–સુગમતાનો લાભ સૌને તો ભાષાંતરવિના કયાંથી મળે? અને જો ભાષાંતર મુળકૃતિનાં રંગરૂપ, ખુબી, યથાસ્થિત ન બતાવી શકે તો ભાષાંતરનો પ્રયાસ તેમજ વ્યય વ્યર્થ સમજવાનો. આટલું ખેદકારક. હર્ષકારક એટલું કે જો કેવળ ભાષાંતરથી સાહિત્યની તમામ ગરજ સરી જતી હોય, તો કોઇ નવી સ્વતંત્રકૃતિની કીંમત કરે નહીં; અને તેથી તો સાહિત્યવૃદ્ધિ થતી અટકે. માટે ભાષાંતર પ્રયોગ આંતરરાષ્ટ્રીયસાહિત્ય સમાગમનો એક પ્રધાન વિભાગ છે અને તેના અનેક લાભો છે અને તેથી જો કે તમામ પ્રજાના સાહિત્યની વૃદ્ધિ થવાનો સંભવ છે છતાં ગભીર હાનિ થવાની ભીતિ નથી રહેતી.

સાહિત્ય–સમાગમનો બીજો પ્રકાર નકલ. આ પ્રકારનું ભાષાંતર તો સ્પષ્ટ-પાધરી-જાહેર નકલીકૃતિ. તેનું ઉત્પત્તિ કારણ મનુષ્ય સ્વભાવમાં રૂઢ થયલો સામાન્ય પ્રશંસનીય જ્ઞાનલોભ એ શીવાય કશું નથી. પણ જે જાતની નકલ અહીં આપણે ચર્ચીએ છીએ તે જાણતાં કે અજાણતાં પણ થઇ જાય; અને તે સર્વત્ર સર્વાંશે પ્રશંસનીય પણ ના ગણી શકાય. ફ્રેન્ચ નાટકકાર મોલીયરના જાણીતા નાટક "Critique de l'Ecole de Femmes" ની આબેહુબ નકલ ઓડીસન–સ્પેકટેટરના તેવાજ જાણીતા નિબંધ "Sir Timothy Tittle" માં થયલી લાગે છે. તે ભાષાંતર નથી; અને તે નકલ છે, અનુવાદ છે, એમ કર્તાએ કે તેના ટીકાકારોએ જણાવ્યું નથી. એ સ્પષ્ટતઃ નકલ છે. પણ જાણતાં થયલી કે અજાણતાં? અને તે સર્વથા પ્રશંસનીય ગણાય કે? બંગાલી નવલકથાકાર બંકીમ બાબુની અનેક કૃતિમાં અંગ્રેજ લખનાર સર વોલ્ટર સ્કોટની છાયા ઘણાયને જણાઇ હશે. તે પણ કદાચ નકલ લાગે. પણ એ નકલી કૃતિ ઘણી વધારે રીતે સ્વતંત્ર કૃતિ પણ લાગે છે. આવી જાતના અનુવાદ હવે ન છુટકે દેરઠેર થવા લાગ્યા છે. જેમજેમ અનેક પ્રજાઓ વેપાર રોજગાર–કે માત્ર સામાન્ય પ્રવાસને લીધે પરસ્પર વધારે ને વધારે સમાગમમાં આવે, તેમ તેમ આવા વેપારી અને પ્રવાસીઓ જુદી

ઇટાલીયન સંસ્કૃતિથી મોહિત થયા હતા—એટલો વખત ઇટલીમાં વસ્યા હતા, કે તેમની કૃતિમાં ઇટાલીયન સંસ્કૃતિનો આભાસ બહુજ માલુમ પડે છે. છતાં તેમની કૃતિ નવિન, સ્વતંત્ર કૃતિ નથી એમ તો નજ કહેવાય. આવાં દૃષ્ટાંત વિના આ પ્રકારના અતિ સૂક્ષ્મ સમાગમ અને તેની અસરનાં સ્વભાવ કે પરિણામ તથા મર્યાદા અને લાભ હાનિ, ગુણદોષ સમજાવી શકાય નહીં.

આંતરરાષ્ટ્રીય સાહિત્યનો પરસ્પર સમાગમ અનિવાર્ય છે અને અનિષ્ટ નથી. તેના અનેક પ્રકાર છે અને પરિણામે લાભહાનિ લગભગ સમાન હીસ્સે ગૂંથવે છે. તેનાં કારણો પૈકી સામાન્ય અનુકરણ બુદ્ધિ—જે પ્રવાસ કે વેપારને લીધે જન્મવા પામે છે અને ઉત્તમ જ્ઞાનલોભ એવાં બીજ વાવેછે કે તેમાં ધણું ખરું હાનિકારક ફળની બહુ ભીતિ રહેતી નથી. એકજ દહેશત મોટી કે આવા સમાગમથી બળવત્તર, વધારે પ્રભાવશાલિ સાહિત્ય પ્રમાણમાં નબળા સાહિત્યને મંદ કરે; અથવા તેની પ્રજામાંથી સ્વતંત્ર કૃતિની શક્તિ કાઢી નાંખે એ સંભવિત છે, પણ ધણું ખરું એ બનશે નહીં. કારણ દ્વિવિધ છે. એક તો એ કે દરેક પ્રજામાં—સુધારાની અમુક ટોચે પહોંચ્યા પછી ભાષા વિકાસમાં અમુક દરજ્જે મેળવ્યા પછી કૈં ને કૈં તત્ત્વ—પોતાપણું—ઉપજેછે કે જેને લીધે તેની ભાષા કે સાહિત્ય સર્વથા પરભાષા કે પારકા સાહિત્યમાં લીન થાય નહીં. આજે હીંદુસ્થાન અંગ્રેજ પ્રજા નીચે જેટલે દરજ્જે આવી ગયું છે તેના કરતાં ઘણે વધારે દરજ્જે પોર્ટુગાલ સ્પેનની સત્તા તળે આવ્યું હતું અને રહ્યું હતું, છતાં પોર્ટુગીઝ સાહિત્ય સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. ઇંગ્લંડ અને સ્કોટલંડ એકત્ર થયાં છે, છતાં સ્કોચ પ્રજાનું નીરાળું અસ્તિત્વ ભુલાયું નથી, તેમની ભાષાની નીરાળી ખુબી બર્નસ આદિ કવિઓમાં ન ખુટકે દેખાય દે છે. અમેરીકા અને બ્રીટનના લોકો સામાન્યતઃ એકજ ભાષા બોલે છે—અંગ્રેજી, છતાં અમેરિકન-અંગ્રેજી અને અંગ્રેજ-અંગ્રેજીમાં ઘણો મોટો ફેર છે, તે એટલી હદ સુધી કે ઇંગ્લંડની પ્રાચીન નામાંકિત વિદ્યાપીઠની પરમ પદવીએ પહોંચેલ અંગ્રેજ એકદમ અમેરીકા જાય તો બાગેજ સેંકડે દશ ટકા જેટલું પણ અમેરીકામાં સમજી શકે. પ્રખ્યાત લેખક મેરેટરટનના એક અલ્પસમય પર પ્રગટ થયલા પુસ્તકમાં આ સંબંધે દૃષ્ટાંત આપ્યું છે તે બરાબર અહીં દાખલ કરવા જેવું છે. "He is bound to come" આ વાક્યનો જે

ચતુર જ નથી. અંગ્રેજ તેમજ ફ્રેન્ચ સાહિત્ય વિસ્તીર્ણ તેમજ વિપુલ છે; તેમાં પણ તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, વિજ્ઞાનાદિ શાખાઓને પુષ્કળ સ્થાન છે. છતાં એ જર્મન લેખકોની ખુબી ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના વિભાગમાં મારા વિચાર મુજબ અંગ્રેજ કે ફ્રેન્ચ લેખકોમાં નથી આવી. ઇતિહાસનોજ દાખલો લો. ફ્રેન્ચ ભાષામાં ગીઝોએ યુરોપીય સુધારાનો અહેવાલ લખ્યો છે અંગ્રેજીમાં બકલની એજ વિષય પરની કૃતિ સર્વવિદિત છે. જર્મનમાં રાંકે મોમ્સન આદિ નામ સુવિખ્યાત છે—પણ એ સૌનો સામટો મુકાબલે કરો તો તુર્તજ જણાશે કે પ્રત્યેક લેખકની પોતાનીજ વ્યક્તિગત ખુબી છે એટલુંજ નહીં, તેમનામાં ચડઉતાર શક્તિ છે, એટલુંજ નહીં, પણ સાથે તેમનામાં કંઈક અનામી પ્રજાકીય ખુબી છે કે જેને લીધે જર્મન ઇતિહાસકારોની કૃતિ કોણ જાણે શાથી અંગ્રેજ કે ફ્રેન્ચ ઇતિહાસકારો કરતાં વધારે સંગીન અને વિદ્વત્તાપૂર્ણ લાગે છે. આવા લેખકો પરસ્પરનું કામ જોયા કે જાણ્યા વિના લખવા માંડે તો તેમની કૃતિ અવશ્ય અપૂર્ણ અને વાંધાભરી લાગે. એટલે તેના કાર્યમાં આંતરરાષ્ટ્રીય સાહિત્ય સમાગમ તો પ્રથમ પંક્તિરૂપ ન ઘુટકે અવશ્ય સ્વીકારવો પડશે. છતાં તેમનામાં ભિન્નતા—ખાસ ખુબી રહે છે, અને તમામ વ્યક્તિગત નહીં. એટલે નિર્ણય તો દેખીતોજ છે.

આ ઉદાહરણ નામંજુર હોય તો બીજું એક સાહિત્યનો તદ્દન જુદાજ અંગ કે વિભાગમાંથી લઇએ. હાસ્યરસની આસ્વાદનશક્તિ * તે સર્વ પ્રજામાં આરૂઢ છે, એમ હું માનું છું. છતાં તે પ્રત્યેક પ્રજામાં ભિન્ન છે. એક જાણીતી પુસ્તક પ્રગટ કરનાર અંગ્રેજ પેઢીએ હાસ્યરસમાળાનાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. અને તે પૈકી પ્રત્યેક પુસ્તકમાં અંગ્રેજી હાસ્યરસ, ફ્રેન્ચ હાસ્યરસ, જર્મન હાસ્યરસ, ઇટલીયન હાસ્યરસ, રશીયન હાસ્યરસ, આઇરીશ હાસ્યરસ, સ્પેનીશ હાસ્યરસ, આદિનાં અત્યુત્તમ દૃષ્ટાંત તે તે ભાષાના નામીચા ગ્રન્થોમાંથી સંશોધીને આપ્યાં છે. એ તમામ માળાનો અભ્યાસ કરનારને સહજ જણાશે કે પ્રત્યેક પ્રજાનો હાસ્યરસ, તો તેનીજ ભાષાની કે લોકબુદ્ધિની અંતર્ગત ખુબી છે, કે જેને બાહ્ય સંબંધોથી, સમાગમથી કશી હાનિ સંભવતી નથી.

* Sense of Humour.

એક આઇરીશ, એક સ્કૉચ અને એક અંગ્રેજ એમ ત્રણ જણ મળી પોત પોતાના દેશના ગુણગાન કરતા હતા તેમા સ્કાચ ઉગ્યો અંગ્રેજે કહ્યું તો કે જો તેવા સ્કૉચ પુરૂ સ્કૉચ ન જન્મ્યો હોત તો કયા દેશમા જન્મવા પસન્દ કરૉટે ઉત્તર દીધો કે અંગ્રેજ, અને એજ સવાલ અંગ્રેજને પુછતા તેણે ઉત્તર દીધો કે સ્કૉટ ત્યાર બાદ તે બને જણે મળી આઇરીશમેનને પુછયુ અને પેટ, જો તુ આઇરીશ ન જન્મ્યો હોત તો બીજો કયા જાતનો થવા પસન્દ * તેનો આઇરીશમેને કેવલીક ખેદ ભર્યુ ખમતાળી ઉત્તર દીધો "હુ મારે પોતાને માટે શરમાત"† આ દૃષ્ટાન્તમા જે હાસ્યરસ રહેલ છે તે સૌ કોઇ કલ્પન કરશે કે આપ આઇરીશ વસ્તુજ છે એ બીજા કોઇ લોકોને આવડેજ નહીં અથવેજ નહીં બધાએ બાબતોર કે અનુકરણ છતા આ જાતનુ કૃત્ય કે આઇરીશ પન પોતાનુ નથી અને ખુટાડયુ પુરતુ નથી આઇરીશ તેમજ કૃત્ય સાહિત્ય પણ આંતરરાષ્ટ્રીય સાહિત્ય સમાગમથી અવશ્ય વધારે સમૃદ્ધિમાન થયુ હશે પણ એ દરેકની જે આમ ખુબી છે તે કૈં આવા સમાગમથી મદ કે નષ્ટ થતી નથી

આંતર રાષ્ટ્રીય સાહિત્ય સમાગમના આપણે કારણો, પ્રકાર અને કેટલાક પરિણામ નીહાળ્યા વ્યક્તિગત તેમજ પ્રજાકીય સરવાળે એમા કૈં વિપરીત કે હાનિકારક તત્ત્વ જણાતુ નથી અને જે લાભ છે તે હાનિ સંભવ તોપણ તેના કરતા ઘણોજ વધારે બળવત્તર છે સાહિત્યકારની દૃષ્ટિ આવા સમાગમથી વધારે પુષ્કળ બને છે તેની બુદ્ધિ વધારે સતેજ તીક્ષ્ણ થાય છે પુરૂ તેની કલ્પનાશક્તિ કેવ વધારે ધારદાર અને કોતરવાન થાય છે આ દેશમા આપણને અત્યારે સામાન્ય લોક લાગ્યો છે કે અંગ્રેજી અપાતી ઉચ્ચ કેળવણી આપણી માતૃભાષામા અપાવી ઘટે એ લોભ સર્વથા પ્રશંસનીય છે પણ એને એક બાધ નડે છે કે આવી કેળવણીના સાધનરૂપ પૃથક્ પૃથક્ વિષયોમાં જોઇતા ગ્રંથો સાહિત્ય સામગ્રી—આપણી આજની હીંદી ભાષાઓમા નથી જ્યાસુધી તે સામગ્રી આપણે ઉપલબ્ધીએ નહીં ત્યાસુધી આપણને આ મુશ્કેલાત વેઠવીજ પડશે, હાનિ ભોગવવીજ પડશે અને જ્યારે આવી સામગ્રી ઉપજાવવા લાગીશુ

* And Pat what would I you be if you were not born an Irishman"

† I would be ashamed of myself

કરવાનો હતો. અને જે જુદાજુદા નાદસમૂહમાં આત્મા વ્યક્ત કરવાની શક્તિ હતી તેને સમારી, સુધારી, ગોઠવી, તેમાંથી નવાનવા ચમકારા કાઢવામાં તેણે હજારો વર્ષો ગાળ્યાં. સંસ્કૃતિની શરૂઆતથીજ જંગલી ગાણ્યા શબ્દરચના પર ધ્યાન આપે છે; કારણ કે સંસ્કાર શબ્દોમાં મઢાય તોજ અમર થાય છે. કલાની દૃષ્ટિએ ચઢેલા મ્રીકોએ શબ્દબ્રહ્મની અપૂર્ણતા સાધવામાંજ જીવનનું સાફલ્ય માન્યું હતું. શબ્દની ધારા અખંડ રાખવા હીંદુ સંસ્કૃતિએ વિશુદ્ધ ને ભાવનાશીલ બ્રાહ્મણોનું વર્ણશાસન અમર કર્યું. અને આજના વ્યવહારયુગમાં પણ સાહિત્ય દરેક સ્વરૂપે જનતાની ભક્તિ ને બુદ્ધિશાલીની સેવાને પાત્ર થાય છે. અને જ્યાં હોય ત્યાં એ બ્રહ્મનો ઉપાસક ને એની પૂજાનો પ્રસારક સાહિત્યક-વકીલ, ધર્મગુરુ, પત્રિત કે કવિરૂપે-અર્ઘ્ય પામે છે.

પણ સાહિત્યપૂજનનું વર્ણન જેટલું સહેલું છે તેટલુંજ અઘરું કામ તેનો ઇતિહાસ શોધવાનું અને તેની રૂપરેખા દોરવાનું છે. કોઇપણ મનુષ્યજાતિના ઇતિહાસનાં મૂક નંખાયાં તે પહેલાં આ શરૂ થઇ ચુકયો હતો. અને છેલ્લાં દશહજાર વર્ષનું જે સાહિત્ય હાલ હાથ લાગે છે તે આ ઇતિહાસનાં માત્ર છેલ્લાં પ્રકરણોજ પુરાં પાડે છે. આર્યોએ વેદ ઉચ્ચાર્યા કે મીસરવાસીઓએ ચિત્રાક્ષરી (hieroglyphics) લખવા માંડી તે માત્ર આરંભનાજ પ્રયત્નો નથી, પણ હજારો વર્ષોના રોગાગી પ્રયત્નોનાં સાદ્યંતરૂપી સુંદર પરિણામ છે. પણ આપણે મહદ્‌ભાગે જનતાના જુદાજુદા વિભાગો રામસંસ્કારી નથી. પચીસો વર્ષ પર પાણિનિએ વ્યાકરણના નિયમો નિશ્ચિત કર્યા છતાં પણ આજે દુનીઆની કેટલીક જંગલી જાતિઓ અસ્પષ્ટ ઉચ્ચારણ ની આરંભદશામાં છે; અને તેથી જુદી-જુદી જાતનાં સંસ્કૃતિ, ભાષા ને જીવનની સરખામણીથી એ ઇતિહાસનાં આગલાં કેટલાંક પ્રકરણોની સામગ્રી મળે છે.

જનવરો પોતાના ભાવો માત્ર અસંબદ્ધ અવાજ કાઢી દર્શાવે છે અને તે દશા પુરી થઇ ત્યારથી શબ્દનો ઇતિહાસ શરૂ થએલો લાગે છે. દરેક શબ્દ પાછળ કંઈ પણ વ્યક્ત કરવાનો પ્રયત્ન રહેલો છે અને વ્યક્ત કરવાના સાધન પ્રમાણે એ ઇતિહાસનાં સીમાચિન્હો ગોઠવી શકાય. એ પ્રમાણે સાહિત્ય-વિકાસનો ક્રમ પાડી શકાય:—

૧. શબ્દનું ઉચ્ચારણ શરૂ થયું ત્યારથી શરૂ થએલો વિભાગ.

૨. સંબદ્ધ ભાષાનો વિભાગ.

૩. પદ્યરચના શરૂ થઇ તે વિભાગ.

૪. લેખનકલા શરૂ થઇ તે વિભાગ.

૫. છાપવાની કલા શરૂ થઇ ત્યાર પછીનો વિભાગ.

મનુષ્યની બધી જાતિઓમાં આર્યોએ આ યુગ સહુથી પહેલાં આરંભ્યો હોય એમ લાગે છે. જ્યારે બીજી જાતિઓ શબ્દોચ્ચારણની દશામાં હતી ત્યારે આર્ય-મંત્રદ્રષ્ટાઓએ ઉત્કૃષ્ટ ભાવ અને અદ્‌ભુત ભાવનાઓને ગૌરવશીલ અને સુંદર પદ્યમાં અમર કરી. સંસ્કૃતિના આદિ યુગથીજ શબ્દબ્રહ્મની સેવા આર્યત્વનું અંગ બની ગઇ; અને આર્યસમાજમાં એ બ્રહ્મના ઉપાસકની પદવી, ભારોટ, રાજકવિ કે પ્રશંસકની નહીં પણ બધી પદવીથી નીરાળી ને શ્રેષ્ઠ એવી મહર્ષિની થઇ. આ પદવીધર મનુષ્ય મટી દેવોનો મિત્ર થઇ રહ્યો. "વિદુષ્ટે તસ્ય મેધિરાઃ"[૧] મંત્રદ્રષ્ટા મધુચ્છંદાનો પુત્ર જેતા ઇંદ્રને કહે છે. અને આવા 'મેધિરા' વિશ્વામિત્રો ને વસિષ્ઠોને રાજાઓના ગુરુ, સંસ્કૃતિઓના સ્થાપક અને ભાવિના વિધાતાઓનાં પદ મળ્યાં. અને જ્યાં જ્યાં આર્યત્વ પ્રસર્યું છે ત્યાં ત્યાં સાહિત્ય ને સાહિત્યકનું સ્થાન સર્વોત્તમ અને અસ્પર્શ્ય બની રહ્યું છે. અને આજે આર્ય-જીવનના અધિષ્ઠાતાપદે વિશ્વામિત્ર, વ્યાસ, વાલ્મીકિ અને પાણિનિ; હોમર કાલિદાસ ને ડેમોસ્થનીસ; શેકસપીઅર અને ગોટી જેવા શબ્દબ્રહ્મની સિદ્ધિ પામેલા મંત્રદ્રષ્ટા, 'Sayers'–કથનકાર–ભોગવે છે.

પ્રકરણ ૨ જું

સાહિત્યનો વિકાસક્રમ (ચાલુ)

પદ્યયુગ પછીના યુગની શરુઆત અનાર્યોએ કરી એ તો સ્પષ્ટ વાત છે. પરાધીનતા તરફ દ્વેષથી જોનાર આર્યોએ તો સાહિત્યને સ્મરણશક્તિ દ્વારાજ અમર કર્યું, પણ લેખનકલાની શોધ સેમીટીક જાતિએ કરી અને અક્ષરાવલિ શોધવાનો યશ ફીનીસ્યનોને ઘટે છે. એસીરીઆના અસલ વતની સુમેરીઅનો કે ફીનીસ્યનો અને આર્યો વચ્ચે ગમે તે સંબંધ હોય, પણ આર્યો જ્યારે વરુણનાં યશોગાન જ્વલંત પદ્યમાં ગાતા અને પર્ણકુટિમાં રહી સાદું ને સરલ જીવન ગાળતા ત્યારે સેમીટીક અનાર્યો ગગનભેદી પ્રાસાદો બાંધતા, સુંદર શિલ્પકામ કરતા અને ચિત્ર-અક્ષરોથી નજીવા સાહિત્યને ચિરસ્થાયી વસ્તુઓ પર કોતરી અમર કરતા. આથી આર્ય અને સેમીટીક દૃષ્ટિબિંદુ વચ્ચેનો વિરોધ સ્પષ્ટ થાય છે. આર્ય શબ્દથી આત્માને વ્યક્ત કરતો; સેમીટીક સ્થાપત્ય, કોતરકામ ને ચિત્રથી આત્માને વ્યક્ત કરતો. સેમીટીકે ચિત્રદ્વારા આત્મા વ્યક્ત કરવા જતાં ભાષાનું સ્થાન ચિત્રને આપ્યું અને ચિત્ર-અક્ષરોનો જન્મ થયો.

જેમ શબ્દ ઉચ્ચારણની દશા પ્રાપ્ત કરવા જતાં સાહિત્યનો જન્મ થયો તેમ લેખનકલા શોધવા જતાં સાહિત્યની વૃત્તિ સુદૃઢ અને સતેજ થઇ.

૧. "તને ઋચિઓ પીછાણે છે" ઋગ્વેદ. મં ૧, અ. ૩, સૂ. ૧૧.

તે ચિરંજીવ થાય છે. પંડિતના કથનમાં માનવતા કરતાં મહેનત વધારે હોય છે અને તે મહેનતની મદદથી બનાર પંડિત વધારે સમૃદ્ધિના ભાર નીચે પહેલાનું કથન દાબી નાંખે છે. આ મૂલ બેદે સાહિત્યના વિકાસના દરેક યુગમાં જુદાજુદા તરંગો ઉપજાવ્યા છે.

લેખનકલાના વિકાસથી સાહિત્યના ભંડારીઓ પંડિતો થયા. લખવું એ અઘરું કામ હતું અને લખેલાં પુસ્તકો ભેગાં કરવાં એ તેથીએ અઘરું હતું એટલે સાહિત્યનું જ્ઞાન દુષ્પ્રાપ્ય હતું. થોડાકજ પંડિતો થઇ શકતા. થોડાકજ પંડિતોનો પાઠ શીખવી શકતા અને થોડાકજ પંડિતોની પરીક્ષા કરી શકતા, પંડિત વિદ્વત્તા મેળવતો, સાહિત્યના આદર્શો શોધવાનો પ્રયત્ન કરતો, સાહિત્યની પ્રણાલિકાઓ સરજાવતો અને પંડિતોના અભિપ્રાય પ્રમાણે પોતાનું દૃષ્ટિબિંદુ બદલતો. હૃદયમાં લેખનકલાએ સ્મરણશક્તિનું સ્થાન કયાં સુધી લીધુંજ નહીં; અને પંડિતોનો આધાર આસ કેળવેલી સ્મરણશક્તિ પર રહ્યા કર્યો.

આ લેખનયુગમાં સાહિત્યનું ક્ષેત્ર ઘણુંજ સંકુચિત છતાં ઘણુંજ નિર્મલ રહ્યું. સાહિત્યની ભાવના થોડાક સાહિત્યકોએ વિશુદ્ધ કરી ને શિષ્ટ સાહિત્યની અને સાહિત્યના ક્ષેત્રની સીમા નક્કી કરી. આલગ આજે અપૂર્વ શિષ્ટતાના સાધક તરીકે જે સાહિત્યકોને પૂજે છે એ પૂજ્ત પણ આ યુગમાં શરુ થઇ.

પંદરમી સદીમાં નવા યુગનાં બીજ રોપાયાં. ગટનબર્ગે જર્મનીમાં, કોસ્ટરે હોલાંડમાં અને કેક્સ્ટને ઈંગ્લાંડમાં છાપવાની કલા સરલ કરી. તે સમયમાં કાગળ બનાવવાનું પણ સહેલ થઇ ગયું. જે પંડિતોનો ઇજારો હતો તે સમસ્ત લોકની મીલકત બની. સાહિત્યમાં લોકશાસન સ્થપાયું અને સાહિત્યનો આ સ્વાદ લેવાનો અધિકાર આખી જનતાએ પ્રાપ્ત કર્યો. પંડિતોની સંખ્યા વધી ખરી પણ પરીક્ષકોની સંખ્યા અગણિત થઇ ગઇ. દ્રષ્ટાઓને શુષ્ક જ્ઞાન ભેગાની પંડિતોની કસોટીએ ચઢવાની જરુર ન રહી. સાહિત્યકને પંડિતની લેખિનીની પરવા વગર ચિરંજીવી બની, ભવિષ્યની પ્રજ્ઞના સ્વીકાર માટે 'कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी' એ માન્યતા આદરવાનું સરલ થઇ પડ્યું. કૃત્રિમ પંડિતાઇ વિના હૃદયને વ્યક્ત કરવાનો અધિકાર મનુષ્યમાત્રને પ્રાપ્ત થયો અને સાહિત્યના આદર્શોમાં સ્વાભાવિકતા અને વૈવિધ્ય આવ્યાં.

યુરોપમાં છાપવાની કલા જેમ વધતી ગઇ તેમ સાહિત્ય ને સાહિત્યક બંનેમાં ફેરફાર થયો. મનુષ્યના મને સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો. મનુષ્યના આચરણને સ્વતંત્ર કરવાના પ્રયાસો શરુ થયા. ધાર્મિક સ્વાતંત્ર્ય માટે યુદ્ધ શરુ થયું અને ભૂતકાલના સાહિત્યની ભાવનાઓ જીવનનો પુનરુદ્ધાર કરવા મંડી ગઇ. દ્યુયર, દાંટે ને શેક્સપીઅરમાં છુટાંછવાયાં મૂર્તિમાન્ થયેલાં બલો આખરે આ સાહિત્યયુગના પયગંબર રુસોમાં એકઠાં થયાં. એણે રાજકીય

સત્તા સામે બળવો કર્યો સ્વાતંત્ર્યના સિદ્ધાંતો શીખ્યા ને કૂચ ઉત્ક્રાંતિની આગ ચેતાવી એણે અર્વાચીન યુગના શ્રેષ્ઠ સાહિત્યસ્વરૂપ નવલકથાને વિકસાવી, એણે આત્માના સર્વદેશીય ઉચ્ચારણોને સાહિત્યમાં મઢાવવાનો હક સિદ્ધ કર્યો પડિતો ગુંચવાયા અને તેમને ભુવનત્રય ચુંબતા લાગ્યા પુરાણી માનવસૃષ્ટિ પર તાડવ કરતા રમેશે નવસૃષ્ટિ સરજ્યાની કહીએ તો ચાલે એના આત્મકથનો ને નવલકથાઓ સાહિત્યની આ સૃષ્ટિના આદર્શ થઈ રહ્યા. અનેક સાહિત્યકો—બાયરન, શેલી, કીટ્સ, હ્યુગો ડમ્બસન ફાધર અને કલાપીઓ—આ સૃષ્ટિની રચના સંપૂર્ણ કરવા મથી રહ્યા સાહિત્યના સામ્રાજ્યની સીમા ફરીથી નક્કી થઈ સાહિત્ય એટલે સમગ્ર જીવનના અંગોના દરેક સ્વરૂપનું કથન એમ સ્વીકારાયું અને સાહિત્યકોને જીવનના બધા તત્ત્વો ભેળવવાનો અને કલાનું દરેક સ્વરૂપ સરજવાનો પરવાનો મળ્યો પરિણામે બધાયુગે નિર્ણિત કરેલી શિષ્ટતાનું ધોરણ ઘણું બદલાઈ ગયું જીવન અને સાહિત્ય સમવિસ્તારી થયા

આ પ્રમાણે સાહિત્યના આદર્શો અને પ્રગતિ જુદાજુદા યુગ પ્રમાણે બદલાતા આવ્યા છે

પ્રકરણ ૩ જું

કથન અને સાહિત્ય

સાહિત્યની વ્યાખ્યા આપવાને અનેકના વખતથી અનેક યત્નો થયા છે પણ યુગ બદલાતા સાહિત્યનું ક્ષેત્ર બદલાય છે દરેક યુગમાં દૃષ્ટાઓ અને પંડિતોએ સ્થાપેલી પ્રણાલિકાઓ જુદીજુદી હોય છે અને તેથી એક વ્યાખ્યા દરેક યુગમાં લાગુ પાડી શકાતી નથી હાલના યુગમાં તો સાહિત્યનો વિસ્તાર જીવન જેટલો છે અને જેમ જીવનના બધા ક્ષેત્રોમાં અનુભવ લેવાનું દરેક માણસથી બનવું મુશ્કેલ છે તેમ સાહિત્યની સર્વદેશીય વ્યાખ્યા પણ આપવી મુશ્કેલ છે પણ સાહિત્ય કોને કહેવું તે નક્કી કરવું એટલું જ કામ મુશ્કેલીનું નથી સાહિત્યના થોડાઘણા સંસ્કારો પણ જેને પડ્યા હોય તે સામાન્ય કથન અને સાહિત્ય વચ્ચેનો ભેદ પારખે છે એટલે સદીઓ થયા જે કથન શિષ્ટ સાહિત્યની પંક્તિમાં ગણાય છે તેને જોતા સાહિત્યના કેટલાક લક્ષણોનો નિર્ણય કરવા જતા પહેલા કથન અને સાહિત્ય મનુષ્યજીવનમાં જે સ્થાન ભોગવે છે તેનું શું કારણ છે તે જોવું જોઈએ

મનુષ્યનો સ્વભાવ સૃષ્ટિ સરજવા તલસતા ઈશ્વર જેવો છે વ્યક્ત કરવું એ એનું મૌલિક લક્ષણ છે સાધનમાત્રથી તે અંતર વ્યક્ત કરવા મથે છે અને મરે છે ત્યારે જ આ મથામણ પડતી મુકે છે અને વ્યક્ત કરવાના સાધનો જેમ જુદા તેમ જુદીજુદી કલાઓને તે જન્મ આપે છે

એ નાદદ્વારા જ્યારે કૈં વ્યક્ત કરે ત્યારે સંગીત જન્મે; જ્યારે હાથ-ચાળાથી વ્યક્ત કરે ત્યારે અભિનય જન્મે; જ્યારે ચિત્રથી વ્યક્ત કરે ત્યારે ચિત્રકલા પ્રગટે; જ્યારે પથ્થર કે સ્થૂલ પદાર્થથી વ્યક્ત કરે ત્યારે શિલ્પકલા, જ્યારે બાંધકામથી વ્યક્ત કરે ત્યારે સ્થાપત્યને સરજે; અને જ્યારે ભાષાથી તે વ્યક્ત કરે ત્યારે તે સાહિત્ય સરજાવે. દરેક કલામાં વ્યક્ત કરવાનો પરમ પ્રયત્ન સમાયો છે.


ભાષાદ્વારા કૈં પણ વ્યક્ત કરવું હોય તે વાચા વડે કે લેખિનીથી થઇ શકે. એ વ્યક્ત કરવાની ક્રિયા તે કથન. કથન હોય તે સાહિત્ય બને.

કથનના નિયમોનું શાસ્ત્ર તે વ્યાકરણ. વ્યાકરણના નિયમો એ માનસ-શાસ્ત્રના નિયમો છે. મનુષ્યના મગજનાં મૂલ તત્ત્વો પર એ રચાયાં છે અને એના વડેજ કહેલું સમજાય છે. જો એ નિયમો ન જળવાય તો વ્યક્ત કરેલું કોઇ બીજું સમજે નહીં એટલે કથન થાય નહીં. જ્યારે નિયમો પ્રમાણે ઘડાયલું કથન બહાર પડે ત્યારે તેને સાહિત્યના નિયમો લાગુ પાડી શકાય.

કોઇ વખત સાહિત્યના નિયમો વ્યાકરણના નિયમોની અવગણના કરે છે. ઘણી વાર કર્તાને બદલે ક્રિયાપદથી વાકય શરુ થતું જોઇએ છીએ, કોઇ વાર કર્તા કે ક્રિયાપદ વગરનું વાકય સાહિત્યમાં સ્થાન પામે છે; અને છતાં સ્પષ્ટ કથન થાય છે. આ અવગણના ઘણી વાર માત્ર દેખીતીજ હોય છે; અને છતાં એ એટલુંજ પુરવાર કરે છે કે સાહિત્યના નિયમો વ્યાકરણના નિયમો કરતાં વધારે વ્યાપક અને મર્મસ્પર્શી છે.

સાહિત્યપદ પામવા માટે કથન સચોટ રીતે થવું જોઇએ. જેથી કથન કહેવાનો—વ્યક્ત કરવાનો—હેતુ પાર ન પડે તેને સાહિત્ય લેખાય નહીં. અને આ હેતુ બે રીતે પુરો પાડવામાં આવે છે: એક શું કહેવું છે તે સામાને બરોબર દર્શાવાય ત્યારે; બીજું જ્યારે એ કથનની સામા માણસ પર જે અસર કરવાની ઇચ્છા હોય તે થાય ત્યારે. સચોટતા ત્યારે બે પ્રકારની હોય: કથનને સ્પષ્ટ કરે તે અને તેને અસરકારક બનાવે તે. જે કાવ્ય કવિના હૃદયની લાગણીઓ સ્પષ્ટ રીતે દર્શાવે તે પહેલા પ્રકારનું; જેનાથી કવિની લાગણીના જેવોજ સમભાવ વાચકમાં પ્રગટે તે બીજા પ્રકારનું. પહેલો પ્રકાર સાધવો સહેલો છે; બીજો સાહિત્યશક્તિની ખરી કસોટી કરે છે. ઘણા કવિઓ પોતાનું રુદન સંભળાવે છે, પણ સામાને કોઇકજ રડાવી શકે છે.

પણ એકલા સચોટ કથનને સાહિત્ય કહી શકાય નહીં. ગાઢા દર્દ ભાવનું કથન કરવામાં ઘણી સચોટતા આવી જાય પણ તેથી તે સાહિત્ય ન બને. સચોટ કથન સરસ હોય તોજ સાહિત્ય બને.



પુસ્તક ૫] જયેષ્ઠ ૧૯૮૦ [અંક ૩

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે તેની સંસ્કૃતિની મહત્વાકાંક્ષા વધી ગઈ છે તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યુ છે

એના પુરુષત્વમા ત્યાગ છે, ઉત્સાહ છે, દૃઢ વ્યાવહારિકતા ને ઉંચી અભિલાષા છે એમા વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે બુદ્ધિપ્રધાનપણું છે અને નિર્મલતા છે ભાવના શીલતા છે અને સૌંદર્યપ્રેમનો પ્રેમ છે અને ભગીરથ તપથી માનવતા વિકસાવવાની હોંસ છે

એના સ્ત્રીત્વમા કુલની સુકુમારતા છે, ને છતા સતીની અડગતા છે એમા રસિકતા છે ને સંરક્ષક વૃત્તિ છે કાવ્યમયતા છે ને છતા વ્યાવહારિક બુદ્ધિ સનેજ છે ધર્મઘેલા નથી, છતાં શ્રદ્ધાળુ હૃદયની શક્તિ છે એમા પુરુષના સમાન ધરણની હોંસ છે છતા પુરુષને પડખેજ ઉભા રહેવાનુ ઠકરાવ્યુ છે નવાનવા કલ્પવાસો છે છતા દુ:ખ સહન કરવાની હીંમત છે બન પુરુષો ને સ્ત્રીઓમા વિશુદ્ધ પ્રેમની જ્યોત જગવા માંડી છે

ગામેગામમા નવયુગનુ ચેતન પ્રસરી રહ્યુ છે—ઘરેઘરે નવા સંસ્કારનો સંચાર થાય છે

નવરોઅલબ્યે બધા એક મે અવિભક્ત ગુજરાતના અંગ બને છે અને જેમ અંગ્રેજ પ્રજની એકતાનતા પરથીજ આલ્પ્સ પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપે આપણી સાક્ષી દે છે કાર્તવીર્ય ને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજય ધ્વજ લઈ ઉભી છે અને આર્યત્વના સનાતન તત્વો મહત્વાકાંક્ષા ને વીરતા સ્વમાન ને સ્વાશ્રય શુદ્ધિ, સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા, તપ શક્તિ ને સંયમ પિતૃભક્તિ ને જનદયા શબ્દબ્રહ્મની સર્વોત્તમસેવા અને પ્રેમ-નિર્ભય ને નિરંકુશ-આ પુરાણા નવ-આર્યોવર્તની પ્રેરણાથી હવે હિંદમાં પ્રસરશે

—'ગુજરાત—એક સાંસ્કારિક વ્યક્તિ'માંથી



ગુજરાત]

અગાશીની પાગેર પર બે હાથ મુકી, વંચણી તરફ ભવિષ્યની લિપિ વાંચી રહી હોય તેમ તે ઉભી હતી.

[૧૯૮૦

—રાજપિચ્છ

—પૃષ્ઠ



તપાક

રા દુર્ગાશંકર ઉમીઆશંકર દવે

એમ બી બી એસ

ચિત્ર ૨

રા છોટાલાલ અમરાકર જોશી

સૂરજ બોગાલય ત્રણ બાપનોમા અણદુ હતા

એમના નાના, બાપા અને સસરા એ ત્રણેએ સ્વગ (અથવા તો જેને જે રથ

અનુકૂલ પડતું તે) તરફ પ્રયાણ કરતાં સર બોળાનાથ માટે આ પૃથ્વી ઉપરજ એક નાનું સરખું સ્વર્ગ મુકેલું. બધું મળીને હવે સર બોળાનાથ પાસે કેટલું ધન હતું એનું એમને પોતાને પણ ભાન નહોતું. એમના કટ્ટામાં કટ્ટા દુશ્મને પણ આજ સુધી સર બોળાનાથ ઉપર એક પૈ સરખી કમાવવા માટે પરીનાનું એક ટીપું સરખું પણ પાડયાનો આક્ષેપ મૂકયો નથી. એમના એક મિત્ર તો અવારનવાર એમ પણ કહેતા કે, ચમુંદાના ચમુંદા ભરીને પરીનો બજાર કર્યો હોય તો પણ એમાંથી એક પૈ પણ કમાઈ શકે કે નહીં એ શંકાસ્પદ છે.

આ ત્રિવેણી દોલત એમની ખ્યાતિનું પ્રથમ અને મુખ્ય કારણ.

બીજું કારણ એમનો ઉદારતા પ્રદર્શવાનો શોખ. આ શોખ એટલો બધો વધી ગયો હતો કે આપણે એક પાઈ સરખી પરીને બદલે નીકળ્યા હોઈએ તો પણ કટાક્ષની ખાતર આપણા મિત્રોમાંથી કોઈને કોઈ તો જરૂર એમ કહેજ કે: "અલ્યા, આજ તો કૈં નર બોળાનાથ થઈને નીકળ્યા છો!"

સર બોળાનાથ ઘાસું કરીને દેવી લેબાશમાં ફરતા એનું કારણ પણ આ શોખજ હશે.

સર બોળાનાથની ખ્યાતિનું ત્રીજું અને કેટલુંક કારણ એમના ઘરસ્ત્રી મંડળનો. "નેપીઅન્સી રોડ" ઉપર આવેલા એમના વિશાલ બંગલામાં દરરોજ લગભગ વીસપચીસ મહેમાનો તો પક્કા પાયમોજ રહેતા આટલા માટેજ એમના બંગલાનું નામ કોઈકે ઠીખળમાં "સંગ્રહસ્થાન" પાડેલું—જો કે ખરું જોતાં એનું ભવ્ય (!) નામ તો "બોળાભદ્રાલ" હતું.

વીલાયત ગયા પહેલાં તો સર બોળાનાથ દેશી રીતરીવાજ મુજબ રહેતા, પણ ત્યાં જઈ યોગ્ય વખત રહ્યા બાદ એમને અંગ્રેજ રહાણી એટલી બધી ગમી ગઈ કે સાથે લઈ ગએલા બટ, બૈયા અને ધાટીને ત્યાંજ રજા આપી દીધી અને પાછા આવતાં કટાવીયન "નેહ" અને ઝુલીશ "વાલે" નું એક આખું લશ્કર, સાથે લેતા આવ્યા હતા. અને હવે દેશી રહેણીકરણીના બોખામાં "કોંટીનેંટલ રહાણી" ની તુચ્છતાળ ઝોરી, ગૃહમંત્રાલયનું બીચકું બનાવી, સર બોળાનાથ જીંદગીની મોજ ઉડાવતા હતા.

લેડી બોળાનાથ 'લેડી' થયા પહેલાંજ ગુજરી ગયાં હતાં. કૈં સંતતિ ન હોવાથી ગયે વર્ષેજ સર બોળાનાથે વીરમતીને દત્તક લીધી હતી. પુત્ર કરતાં પુત્રીને દત્તક લેવામાં શા શા ફાયદા છે એ બાબત પર ક્યારેક્યારે સર બોળાનાથને મોકો મળતો ત્યારે તેઓ એક લાંબુલચ્ચ ભાષણ આપતા.

વીરમતી બોળાનીજ જ્ઞાતિની એક સારા ઘરની પુત્રી હતી. માતાપિતા ગુજરી જતાં અને નજદીકનું સગું કોઈ ન રહેતાં સર બોળાનાથની પુત્રી થઈને રહેવામાં વીરમતીને કૈંજ વાંધા જેવું લાગ્યું નહીં. છેલ્લા આઠેક મહીનાથી સર બોળાનાથનું ઘર વીરમતીજ ચલાવતી. એ એટલી બધી સુશીલ, ચપલ અને મનોહર હતી કે બાલજ તુર્કી રહેણીકરણીના રહેલા 'બડા સાબ' નોકરો અને જાતજાતના બોળા મહેમાનો—એ બધાને વીરમતીએ હાથમાં લઈ લીધા હતા. અને એનું વય તો ફકત સત્તર વર્ષનુંજ હતું છતાં પણ બધાની મોટેરી મા થઈને એ રહેતી એમ કહીએ તો ચાલે.

સર બોળાનાથના મહેમાનોનું મંડલ ઘણુંજ પચરંગી હતું. ભિન્નભિન્ન દેશના, ભિન્નભિન્ન વેશના આ મહેમાનોના સમૂહમાં

સર્વત્ર જિનનાજ દેખાતી હતી એકપત્નિ કેદ માત્ર એકજ શિક્ષા દક્ષિણોચિત થતુ હતુ ખરે વખતે અવધૂતેશ્વર થતુ હતુ-કારણ કે આ ગૃહસ્થો જ્યારેજ્યારે સોનલ માતા ત્યારે અમર પડતી કે સગજન બધાની ખોપરીઓમા કોણકોણ કેમાળો ઘાલ્યુ દીવા પડી ગયા છે દાખલા તરીકે વઘાજ શી ફલ્પ શી વિશ્વભરરાયજ્ઞ વૈદ્યક અને અમેરીકન વિજ્ઞાનો એકઠા કરી એવુ તત્ત્વ શોધી કઢેવુ કે દરકમના એકલવા બીજ નહીં પણ દામ આખુ ને આખુ ઉતરડ્યા અને છાલ મધ આવે બીજ દાબમા રહેવા આ જિત વૃક્ષ આનાર ઉપર અમર છે એ પ્રકારે મારના નામના પ્રખ્યાત ફ્રાન્સ ધનિકાગકારની એવી માન્યતા હતી કે ઐદિવ્ય સત્યણ્ણા સ્ત્રીની નવમી સદીમા ઉત્તર તરફથી નમર નદી ઓળગીને પલાસ ગઅથા અને ત્યાર પછી ત્યા સીબોના ત્રાન્યો કરવાન સિદ્ધપુર અલેતા મી હાસનાકશીઅન પણ સર બાળાનાયની નજમાનગીરીને ૧૮ લગભગ અનનકાળથી ચાખતા હતા અમા આદુમ એક એવા પદાર્થની ખોજમા હતા કે જેને પાણીમા મેળવી નાકમા લગાવથી જમ કુતરાઓને માણસની વાસ આવે છે તેમ માણસને પણ આવે આથી ચોર લટારાઓ તથા ખુનીઓને પકડવામા કેટલી સુગમતા પડશે એ બાબતનુ બધણ વીરમતીએ એક દિવસ બે કલાક સુધી સાભળ્યુ હતુ (અને એને બીચારીને આશ્વાસન આપવા પણ કોઇ નહોતુ) શ્રીયુત કૃષ્ણદાસ પોતાના ચારેક વરસના છોકરાને લઇને સર બાળાનાયને ત્યા મે વર્ષ પહેલા એમના (કૃષ્ણદાસના) પત્ની મુબઇ ગયા ત્યારથી ઘાસ લીધીને પડયા હતા આ ચાર વરસ સુધર વીરમતી માથે બહુજ દળી ગયા હતા અને વીરમતીને ચારે ઘડીએ કથા કરતો કે પોતાનુ નામ યુધન' સારુ હોવા છતા અને તો વીધુના વખારે ગમતુ હતુ શ્રીયુત કૃષ્ણદાસ પેઢીના ઘુમાડા વગરના અને રોયલટીઓ બજાજ વગરની કેમ કરવી એ બાબતના અભ્યાસમા રોકાયેલા હતા સુરેદ્ર મીનોન ગયો તે પહેલા આઠ કે સગભગ બાર મહીના પહેલા કૃષ્ણદાસને તેણે એવી સૂચના કરી હતી કે ધુમ્ર ના ત્રાસ દૂર કરવા મીનામા ચીમની ઓ ૮ ચ છ એટલી ઉચી ચીમની ચટ્ટન પર લગા વી અને અદર નવા ગડાઓને કાનફોડ ગડગડાટ બધ કરવા ચટ્ટન અને માંની બનાવી તાંબાઓને વના પાયા ઉપ અહડ-આશરે ચાર ઘચિ કુપર-ચલાવવાની કોઇ યુક્તિ કરી કઢવી જોઇએ આ સૂચના માટી જણાવાથી એ ઉપર વિચાર કરવા કૃષ્ણ સે વચન આપતા સુરેદ્રથી રહેવાયુ નહીં અને તેખડખડતી પડી આ કરવનુ કરણ શ્રીયુત કૃષ્ણદાસ સમજી શક્યા નહીં અને સુરેદ્ર નમ તાકીદ કરીને બોલ રહ્યા

અહીં સુર ની ઓળખાણ કરવાની જરૂર છે સુરેદ્ર સર બાળાનાયની જ્ઞાતનો એક યુવક હતા પાનના પિતા સાથે અમુક મામલામા મતભેદ પડતા તે છેલ્લા કેટલાક વર્ષોથી અમનાથી જુદો પડી સ્વાશ્રયે થઇ રહ્યો હતો આ જાણતો હતા કે દાદાની સ્થાવર જગમ મીલકતના અમુક ભાગ શીવ પિતા તરફથી બીજી કાંઇ આશા રાખવી વ્યર્થ છે ગયે વર્ષ નમીન અજમાવવ એ મીનન ગયો હતો સીલન તરફ રવને થવા પહેલ પોતે જાનમહેનતે કમાઇને આવશે ત્યારબાદ વીર મતી સાથે બસુસ લગ્ન કરશે એમ વીરમતી ના મનમા એણે ઠસાવી દીધુ હતુ વીરમતીના

પિતા તે વખતે જીવતા હતા અને સુરેંદ્રને એઓ એક ધણોજ કાબેલ જુવાન ગણતા હતા, એટલે એમને આ સંબંધ તરફ બીલકુલ અણગમો નહોતો. આ વાત વીરમતીને પણ મનમાં તો બહુજ ગમતી હતી, પણ 'હા પાડીશ તો મુરુ બહેની જશે' એ બીકે સુરેંદ્રની રજારુ તો જ્યારે વાત નીકળતી ત્યારે તે સાફ નાજ કહેતી. આ બધી હકીકતથી સર બોળાનાથ બીલકુલ અજ્ઞાત હતા. (ઘણીખરી બાબતોમાં અજ્ઞાત રહેવાની એમને ટેવ પડી ગઇ હતી.) પણ સુરેંદ્ર સર બોળાનાથ॥ ધણોજ લાડકવાયો, જુવાન, પુનાણો પરોણો હતો. બોળાકાકાને ત્યા જઇ એમનાં "સંગ્રહસ્થાન"માં સંગ્રહ કરેલા–અથવા તો સંગ્રહ થએલા–ગડેમાનોની બેજવાબદાર વાતો સાંભળવામાં એને બહુજ ગંમત પડતી. સર બોળાનાથને બોળાકાકા કહીને બોલાવવાનો હક કકત એક સુરેંદ્રનેજ હતો.

* * *

થોડાક દિવસ પહેલાં સર બોળાનાથ સવારના "ઉપવાસભંજન" કર્યા બાદ વીરમતીના રુમ પર ગયા અને બારણું ઠોકયું.

"કોણ?" અંદરથી અવાજ આવ્યો.

"એ તો હું છું, વીરુ! શું કરે છે?" સર બોળાનાથે ઉત્તર આપતાં સવાલ પુછયો.

"કૈં નહીં, બેઠી છું. આવોને, બારણું બંધ નથી."

સર બોળાનાથ અંદર જઇ એક મોટી આરામ ખુરસી પર ભાપ દઇને પડયા અને એટલીજ ત્વરાથી ભાપ દઇને જે કહેવા આવ્યા હતા તે કહી નાખ્યું: "જોને વીરુ, સુરેંદ્રનો તાર આવ્યો છે. તેમાં લખે છે કે, આજે અગીઆર વાગતાંની ગાડીમાં એ અહીં આવવાનો છે અને આપણે ત્યા તો બધા રુમ્સ ખાલીજ થએલા છે. તું સુરેંદ્રને ઓળખે છે? અરે પણ નહીંજ તો! તું આપણે ત્યાં આવી ત્યાર પહેલાંનો એ સીલોન ગએલો."

વીરમતીને વચમાં કયારે પણ બોલવાની તક મળીજ નહોતી. એ હા નાનો જવાબ આગે તે પહેલાંજ સર બોળાનાથે નકકી કરી લીધું હતું કે વારું સુરેંદ્રને ઓળખતા નહોતી. હવે જો પોતે ઓળખે છે એમ કહે તો માર્યે-સાથે 'પોતાનો સુરેંદ્ર સાથેનો સબંધ કયા પ્રકારનો છે એ પણ કહેવું જોઇએ; એ કહેતાં વીરમતીને સ્વાભાવિક રીતે શરમ આવે તેથી 'સબ સે ભલી ચુપ' કરી તેણે બોલી નહીં.

સર બોળાનાથે તો ગાડું આગળ ગડગડાવ્યું: "હું એમ કહેવા આવ્યો હતો કે તારી પાસે ત્રણ રુમ્સ છે તેમાંથી બે ચાર દહાડા માટે એક રુમ સુરેંદ્ર માટે કાઢી આપશે કે? સુરેંદ્ર ધણોજ અચ્છો જુવાન છે. એ આવશે ત્યારે 'કંપની'માં બહુજ ગંમત પડશે. સીલોનથી જોઇએ શું જીજ્ઞાણી આવ્યો છે!"

સર બોળાનાથનો વાકપ્રવાહ શરુ થયા પછી કયારે બંધ પડશે એ કહેવું અશકય જેવું હતું, પણ વીરમતીએ વચમાંજ કહી દીધું કે એઓ હમણાં બેઠા હતા એ રુમ પોતાના બીજા બે રુમ્સથી જુદો હતો અને તેથી તેને થોડાજ વખતમાં ચાકરોને બોલાવી સુરેંદ્ર માટે પોતે તૈયાર કરાવી રાખશે.

* * *

વખત થતાં સુરેંદ્ર આવ્યો અને બોળા-કાકા સાથે ઉકેતીકેટ ચાં ગપ્પાં માર્યાં બાદ કપડાં બદલવા એને આપેલા રુમ પર જવા હૉલમાંથી નીકળ્યો. રુમ પાસે આવતાં તેણે વીરમતીને પાસેના રુમમાં જતાં જોઇ.

વીરમતીના પિતા ગુજરી ગયા બાદ વીરમતી અને સુરેંદ્ર વચ્ચેનો પત્રવ્યવહાર માત્ર નામનો જ રહ્યો હતો. પરંતુ કે પિતા વગરની એકની એક અબુધ બાળાને પોતાની ઇચ્છાનુસાર પ્રેમપત્રો લખવા એ સુરેંદ્રને અનુચિત લાગ્યું પોતાની ઓફિસે કારકુનો વહેતા આ પ્રેમઝરણો સુકાઈ જવાનો અર્થ વીરમતી એ એવો કર્યો કે સુરેંદ્ર કોઈ બીજા સર-કાચ બીજી કોઈ બાળાના પ્રેમ પાશમાં પડ્યો લીલે-પોતાને ભૂલી જવા ઇચ્છે છે આથી રીસમાં ને રીસમાં સુરેંદ્રના કાગળોના ટુકડા ચીરીને જવાબ આપ્યા શીવાય બીજું એણે કે લખ્યું નહોતું સ્થિતિ અસહ્ય હોવાને કારણે વીરમતીને આ "સમરહસ્યાન" માં જોતા સુરેંદ્રને અન્યાયી અને ક્રૂર થવા એ તદ્દન સ્વભાવિક હતું

સુરેંદ્ર આમ દૂર રહેતો વીરમતીને મળવા હાકાં માર્યો પણ " વસ્તુ નહીં આખરે સહે પંચેક વર્ષે સુરેંદ્ર સમરહસ્યાન ના વિશાળ અને સુંદર બગીચામાં એક ઝાડ તળે બાંકડા પર જઈ બેઠો પોતાને માટે આ પણ ત્યાજ્ય મનાવી. હજી તે તો ચોમા આજુ બાજુ જોઈ રહ્યો હતો તેટલામાં કુલ એકડા કરવા બાજરીના હાથમાં ભરવી સામેથી વીરમતીને આવતી જોઈ આ ચાને કેકાણેજ હી અને બાજુમાંથી ભલગ મારી વીરમતી આવતી હતી તે દિશામાં દોડી ગયા સુરેંદ્રને આવતો જોઈ વીરમતી જમણી તરફના રસ્તા પર વળી ગઈ પણ માળીનો છોકરો ગુલાબના એક છોડ સાથે કાંટામાં ભરાઈ ગયો તે કાઢતી કુલી એટલામાં તો સુરેંદ્ર આવી પહોંચ્યો

આનો કોણ અર્થ ? સુરેંદ્ર ગંભીરતાપૂર્વક બોલી ઊઠ્યો

એનો કોઈ અર્થ ? ગુલાબમાં કાંટા હોય એ કંઈ મારો વાંક છે ? વધારે ગંભીરતા માટે વીરમતીએ પુછ્યું

ગુલાબ સો ગુલાબ હું કંઈ ભૂત પ્રેત છું કે મારાથી આમ ભાગતી ફરે છે ?"

આપણાથી માણસો દૂર શા માટે રહે છે એ આજના જમાને જોવું કાંઈ કઠણ નથી બાકી મારે જવું હતું કહી વીરમતીએ ચાલવા માંડ્યું

મારા સમ છે વીરુ ! વીરમતી ઉભી રહી સુરેંદ્રએનું કંઈ જવાબ ન દેતાં એના બંને કાંડા પર વધારે જોરથી પોતાના બંને હાથ પરોવ્યા બાદ કંઈક ભયંકર આવેશને જોઈને એ ત્રાસી ગઈ હશે પણ અત્યારે મજાક તો ખરી કે ન આ સમરહસ્યાન"માં કેમ થી આવી ચઢ્યા ?"

પરણ્યા પછી તમે તમારી પત્ની સાથે કાંઈ તેટલા કઠોરતા કરવાનો એતમારી મુનસફીની વાત છે હું ! અહીં સાપુજી—સર જોળા નથી ની દત્તક તરીકે પુત્રી થઈ રહી છું"

આ—હ સ્ત્રી— સુરેંદ્ર બોલી ઉઠ્યો

એમજ કરીને એટલા માજ બાકી સાહેબનું નાક અભિમાન માંથે વાળા કરે છે! મોટા માણસની દીકરી એટલે—" વાક્ય અધુરું જ રહ્યું

વીરમતીથી આ આક્ષેપ સહન થઈ શકે એમ નહોતું પણ સુરેંદ્ર કુ એ વિષય ચર્ચવા ઇચ્છતી નથી પેટ્રોલથી ભરેલી ટાંકીને સળગતી દીવાસળી લગતા જેમ ભભુકી ઉઠે તેમ વીરમતી ભભુકી ઉઠી

જ્યાં પણ આપણે છુટા પડીએ તે પહેલા એટલું તો મારે તમને કહેવું જોઈએ કે આપણો સબંધ તમારે લીધે તુટે છે મીનેનમાં તમે શું કરતા હતા એ જાણવું તો



ગુજરાત ! નીચે રેતી પર ઘુંટણે પડી, વીરમતીના બન્ને હાથ પોતાના હાથમાં પકડી, [જ્યેષ્ઠ ૧૯૮૦
દયામણે મુખે વીરમતી સામે એક મીનીટભર તે તાકી રહ્યા.

છે કે શું? કે ખાસ પ્રદર્શનની આતરજ હતાં એટલાં બધાં ઘરેણાં પહેરી નાખ્યાં છે?"

સુરેંદ્રને સર ભોળાનાથે પહેલાંથીજ આડુ છુટ આપેલી હોવાથી એ હુગેશાં વગર અચકાયે અમુક મર્યાદામાં રહીને ફાવે તેમ બોલતો.

"નારે ભાઇ, બહુ ઝવેરાત પહેરવું ફેશનની બહાર ગણાય છે. આ તો આમરથાં જરા માકેં કાઢી આપ્યાં એટલે પહેરી લીધાં." (માર્ક પેરીસથી બોલાવેલો સર ભોળાનાથનાં ઘરેણાંનો ખાસ અજનબી હતો.)

"ઘણુંજ સારું કર્યું. આ થોડાંઘણાં વીસત્રીસ ઘરેણાં તમે પહેર્યાં છે તે ઉપરથી જણાઇ આવે છે કે ધારો તો ઝવેરાતના તમે ગમે તે દાગ કરી શકો છો. કેમ, કંઈ નવી ચીજ છે કે?" સુરેંદ્રે પુછ્યું.

"મારા ખ્યાલથી તો તેં બધાં જોયલાં છે. અરે હા, આ કાંગ હીરો તે નથી જોયો. આ લે, જો. કેવો છે?" કહી સર ભોળાનાથે ગળામાંથી એક પાતળી પ્લેટીનમની સાંકળીમાં લટકાવેલો, પ્લેટીનમમાંજ જડેલો, ફકત એકજ કાળો, નાના લ ચોટા જેવડો હીરો સુરેંદ્રના હાથમાં આપ્યો.

સુરેંદ્ર એને ચારે તરફથી ફેરવી ફેરવીને તપાસી જોયો. એ હીરામોતીમાં સમજતો હતો એટલે બે મીનીટ સુધી ટગરટગર જોઇ રહ્યો. સંગીતશાસ્ત્રીઓને અતિશય સાંસ્કારિક સંગીત સાંભળતાં જેમ એક તરેહનો નીશો ચડે છે, ડાકટરોના હાથમાં કોઇ ગમ્મીર 'કેસ' આવી પડતાં જેમ એક જાતની ખુમારી આવે છે, ખીલાડી ચટરના ઉદરને જોઇ જેમ ગાંડો બને છે તેમ ઝવેરીઓના હાથમાં કોઇ અમૂલ્ય વિલક્ષણ પથ્થરનો ટુકડો આવતાં એમને એક જાતની ગેલછા લાગે છે, અને જ્યાં સુધી એવી ચીજ સામે જોવાનું મળે ત્યાં સુધી પોતે સ્વર્ગાનંદ ભોગવતા હોય એમ માને છે. આખરે સુરેંદ્ર થોડોક વખત ઉદમસ્તામાં વીતાવી પાછો આ પૃથ્વી પર આવ્યો હોય એવી રીતે એકાંતો ચમકી ઉઠ્યો: "ગજબની ચીજ છે, ભોળાકાકા! આ ક્યાંથી મળી આવ્યો? વેચાતો લેતાં તમારી તીજોરી પણ સારી પેટે હલકી થઇ હશે." એમ કહી હીરો પાછો સર ભોળાનાથના હાથમાં આપ્યો.

"નારે, બહુજ સસ્તો મળી આવ્યો. કોઇક અમેરીકન કરોડાધિપતિ પાસે હતો. એને હીરા પર વહેમ આવ્યો એટલે એણે લીલાંઉ કર્યો. વહેમવાળો હીરો લેવાની બીજા કોઇની હીંમત ચાલી નહીં અને આપણે અદી લાભમાં આવ્યો કે પેલાએ તરતજ આપી દીધો."

"સારું કમાયા, પણ સાથે સાંકળી કેટલી ઝીણી નખાવી છે, જરા હાથ લાગતાં તુટી જાય એવી છે. એ સીદી બાદશાહ જો ભારી માલેકી તળે હોય તો હું તો એને સ્ટીમરના લંગરની સાંકળ સાથે બાંધી રાખું. ગોમાજ્ઞે ત્યાં જાઉં ત્યારે વળી કદાચ છુટો કરું."

"તારી વાત ખરી છે. કાલેજ માર્કને કહી એની સાંકળ બદલાવી લઇશું." સર ભોળાનાથે કહ્યું.

આ વાતો ચાલતી હતી ત્યારે વીરમતી બાજુનાજ ઓરડા ઉપર બેઠીબેઠી સુમન સાથે ગેલ કરતી હતી અને અવાનવાર આમપાસ ચાલતી વાતો સાંભળતી હતી. હીરા વીશે થયેલી ઘણીખરી વાતો એણે સાંભળી હતી. સુરેંદ્રે મોઢું ફેરવી એટલી વારમતી સાંભળે એમ સુમનને સંબોધીને કહ્યું: "સુમન બેન, હું બીધાનો વાલો 'આવજો' દેવા કે નહીં!" પણ વીરમતીએ સુરેંદ્ર સામે બીજું કોઇ ન

બુએ એવી રીતે ઊભા કાળી સુમન સાથે રમવા માંડયુ

* *

રાત્રે પરવારીને બાદ સુરેન્દ્ર રૂમ પર જતો હતો ત્યાં વીરમતી પણ સુમનને માથે લઇ પોતાના રૂમ તરફ જતી મળી ગઇ

આમ જોઈ વીરુ સુરેન્દ્ર તરફનો લગ્ન લક્ષ જોઇયો 'આ બધુકજી સીવાય સીજા પણ દુનીયામા જીવે છે કે નહીં' એણે મારા બોગામા બેસીબેસીને મારા અમીસનો ઘાણ વાળી નાખ્યો છ મે એને અકસા અને સાડા અગીયાર વાર આ યુ' અને એમ યુ? ના જવાબ આપ્યા છે એણે મારુ ઘડીઆર વારે ઘડીએ ગજવામાથી કાઢી મારી બરાડીને આખરે બધ પાડયુ છ, અને હજી મને ઘરમા આવ્યે પુરા બાર કલાક પણ નથી થયા અને જરા ઉભો મુકીને બે મીનીટ તો મેવડ પર પણ બધો નાખ

'શુ કામ છે વીરમતીએ ગભીરતાથી પુછ્યુ

મનમા તો એ રાજી થતી હતી કે સુમન સુરેન્દ્ર સાથે આટલો વખ મોડો હતો એ ઠીકજ થયુ હતુ

'કામ તો બહુજ અગત્યનુ છે હમણા જ જમતાજમતા મને એક વિચાર આવ્યો છ જેને અમલમા મુકતા અઠવાડીયુ પણ જશે અમીનગીરીના જે પૈસા લેવાના છે તે મળી રહે આ પૈસા છ કરવાનો કામ મને બહુજ નિષ્ફર અને કૈક અઘરુ કામ લાગી નાખે એવો લાગે છે છતા પણ મે તો નિશ્ચય કરી લીધો છ મારા મોટાભાઇ છે કે ત્યા મને બોલાવ્યા બોલા પણ પડે લાગશે અને એ પણ બધા તારા વિના કેમ ચલશે? હું એમ કરતો હતો કે તુ રજા આપે તો સવારે બધી વાત બોગાકાકાને કહુ અને એમણે હા પાડે તો પોતાજ રૂમમા લગ્ન કરી આપણે સાથેજ આદીમા જઇએ"

વીરમતી કૈક કહેવા જતી હતી પરતુ સામેથી બનેના રૂમમાથી બે ચાકરડીઓ રૂમ સાફ કરીને બહાર આવી જોથી વાત આટલેજ અટકી અને વીરમતી તથા સુરેન્દ્ર પોત પોતાના રૂમમા ગયા

* * *

બીજે દિવસ વીરમતી સવાર આખી કૈક કોન્ફુસ્ડ સુરેન્દ્રને મળી શકી નહીં બરી રીતે સુરેન્દ્ર બહુ ફર્યા માર્યા પણ વીરમતીને મળી શક્યો નહા સુરેન્દ્ર પણ આખી સવાર બગીચામાજ ફાટેલી બપોરે ત્રણેક વાગે એ અને સર બોગાનાથ બહાર જવા ગાડીમા બેસીને સાથે ગયા ગાડી હજી તો કપાઉડની બહાર પહોચી નહીં હોય ત્યા તો સુરેન્દ્રના રૂમને માટેનુ રાખવાવાળી ચાકરડી વીરમતી પાસ ગઇ અને કહેવા લાગી બીબા જરા આ સુરેન્દ્ર શેઠના રૂમનો બંદોબસ્ત કરોને'

કેમ શુ છે" વીરમતીએ ચોપાનીયુ વાચતાવાચતા ઉચુ જોઇને પુછ્યુ, 'સુરેન્દ્ર કે ભાગફોડ કરે છે કે'

ના ના પણ હુ માર કરીકરીને મરી જાઉ તો પણ રૂમમા એકે ચીજ ટૂ' ન હોવાને લીધે સુરેન્દ્ર શેઠ એક જ કલાક અદર બેસ ત્યા તો આખો રૂમ રાબરાબ થઇ ગયો છે આ રૂમની કુચી પણ મને રાખવા આપો તો મારે કામ પડે તમે તો વાપરતા નથી અને રૂમ ખુલ્લો રહેવાથી સુમનબાઇ વારે ઘડીએ અદર આવજા કરે છે અને રૂમમા બધી ચીજો વીખેરી નાખે છે



એને જરા ઉંચો મુકીને બે મીનીટ તો બધાં કશું બોલી નાખ

રહેઠાણમાં બધાય ધીમે અવાજે વાતો કરતા હતા પણ બોળાનાથનું ધ્યાન તપ્યા પછી એમની પાસે જવાની કોઇની હીંમત ચાલતી નહીં એમનાથી દૂર રહીને કોઇ ગમે એટલી ધુસપુસ કરે પણ તે તરફ સર બોળાનાથ લક્ષ આપતા નહીં એમણે મુગ મુગા સુરેંદ્ર સાથે દશેક મીનીટ સુધી એમની રજા આપ્યા સુરેંદ્ર કરીથી એમના રૂમમાં જઇને તરત કરવાની સૂચના કરી.

"શું કપાળ તપાસશે મે મારે કહે—

એમણે મહારથી કોઇક ધીમે પગલે ચોરની માફક છાનુંમાનું જતું હોય એવા અવાજ સાંભળ્યો

"સાળાએ કોઇક હીરો પાઠો મુકવા જાય છે જાવ તો ઉઠીને પેલુ બારણું વસી દે

સુરેંદ્રે ઉઠીને બારણું બંધ કરી દીધું સર બોળાનાથ પણ બારણા પાસે જઇ પહોંચ્યા અને બને જણ બારણાની ફાટમાંથી જોઇ લાગ્યા તરતજ ચીસ્મતી આવતો દેખાઇ ચીરમતી—ચીરમતી આપોઆપ! સર બોળાનાથે કે ભુત થતી હોય તો સુધારવા આખો ચશ્મીને જોયું પણ એ તો ખુદ ચીરમતીજ હતી

એની ચાલ અત્યારે કંઇક અજુગ વિચિત્ર હતી માથું નીચું નાખી ગભરાતી ગભરાતી વચડતી વચડતી, હાથમાં કંઇક છુપાવતી આસપાસ કોઇ જોતું તો નથી એમ ખાત્રી કરતીકરતી ધીમેધીમે અસ્થિર પગલે એ સર બાબનાથના રૂમ તરફ જતી હતી એનો ચહેરો પણ ફીક્કાસ મારી ગયો હતો અને બહુ બેચાકળા જેવો જણાતો હતો સુરેંદ્ર બારણું બોલવા જતો હતો, પણ સર બોળાનાથે એનો હાથ પકડી લીધો અને શું થાય છે તે જોવા કાનમાં કહ્યું ચીરમતી સર બાબાનાથના રૂમના બારણા પાસે પોતાની આજુબાજુ નજર કરી બારણું ધીમેથી ઉઘાડયું અંદર ડોકીયું કર્યું કોઇ નથી એમ ખાતરી થતા અંદર દાખલ થતા ગઇ

સુરેંદ્ર હવે ન રહેવાયું ફટ બારણું બોલી નાખ્યું અને ચીરમતી તરફ એકદમ તે ગયા સર બોળાનાથ ન છુટકે પાછળ પાછળ ગયા ચીરમતી એ બનેને આવતા જોઇ અંદર જતા બારણું સુરેંદ્રને આવતો જોઇ હાથ ઉંચા કરી તરત ચીસ પાડી એક હાથમાંથી સર બોળાનાથનો કાળો હીરો અને સાકળી પડી બોલ પર પડયાં ક્ષણભર તો બધા સ્તબ્ધ થઇને ઉભા રહ્યા આખરે સર બોળાનાથે વાકા વળી હીરો ઉંચકી લીધો અને ચેડા વાગ્યા જોઇને જીભ આવી ત્યારે અતિશય ગુસ્સે

હોવાનો ડોળ કરી તે બોલ્યા: "વીરુ, બેટા, કાંઈ નહીં ને તું?"

સુરેંદ્રની આંખોમાં અગ્નિ વરસતો હતો. વીરમતીએ એના તરફ બે ત્રણ વાર આડી આંખે જોયું, પણ એણે ગણકાર્યું નહીં. "બોળાકાકા! શું તમે વીરમતી ઉપર ચોરીનું તહોમત મુકવા ઇચ્છો છો? કે કાગળી ખરી તો નથી ગઈ?"

"એમજ હશે! પણ તેં અને મેં બંનેએ સાક્ષાત્ એના હાથમાંથી હીરો પડતો જોયો. વીરુ, વીરુ, તને આ શું સુઝ્યું? આખરે તો બધું તારુંજ હતું ના!"

"ચુપ કરો!" સુરેંદ્ર બોળાકાકા સાથે કઈ રીતે વર્તવું એની પરવા કર્યા વિના બોલ્યો. "આ વાત તદ્દન અશક્ય છે. આમાં જરૂર કયાંક ભૂલની ગેરસમજુતી થાય છે. વીરમતી, બોળાકાકાને સાફસાફ કહી દે કે તેં હીરો નહોતો ઉપાડ્યો એટલે આ મુર્ખાઈનો અંત આવે."

સુરેંદ્રે વીરમતી સામે જોયું. વીરમતીની ઉદ્ભ્રસ્ત આંખોમાં દયા અને નિરાશા મિશ્ર થયેલાં દેખાતાં હતાં. એની આંખો સુરેંદ્રની આંખોને પલવાર સુધી મળી. દયા, ઉદાસીનતા, પ્રેમ, દયા અને આશા એ બધા ભાવોનું મિશ્રણ જે આંખોમાં દેખાતું હતું તેને બદલે હવે તેમાં તિરસ્કાર દેખાવા લાગ્યો. સુરેંદ્ર અને સર બોળાનાથ બંને જણ વીરમતીના હોઠ ઉઘાડવાની રાહ જોઈ ઉભા રહ્યા. થોડી વાર રહીને એણે ધીમે અવાજે કહ્યું: "હીરો મેં લીધો હતો." વીરમતીનો અવાજ ભાગ્યેજ સંભળાતો હતો. સાધારણ રીતે વીરમતીનો અવાજ એટલે કોયલનો ટહુકારો; પણ અત્યારે તો બન્ને ગળામાંથી પ્રવાહી મીણ વહેતું હોય એવો ભારે અને બેસુરો અવાજ સાંભળવામાં આવતો હતો.

"તેં, હીરો—" સુરેંદ્ર બોલવા જતો હતો ત્યાં તો કંઈક વિચાર આવવાથી બાઘા હસી પડ્યો. "કેમ, કેં બનાવવા બેઠા છો? ચાલ, બહુ થયું હવે. બીજી વાર આવી મશ્કરી—"

આગળ બોલે તે પહેલાં તો એની નજર વીરમતી પર પડી. એના મોઢા ઉપર તો એજ દુઃખ અને તિરસ્કાર છવાઈ રહ્યાં હતાં. વીરમતીની મુખમુદ્રા પર છવાયલા ભાવોનું પૃથક્કરણ કરવાનું તો સુરેંદ્રને સુઝ્યું નહીં, પણ એનું મોઢું જોઈ પોતાનું હસવું સુકાઈ ગયું અને તે આગળ બોલતો બંધ પડ્યો.

"બેટા વીરુ," સર બોળાનાથ વારે આવ્યા. "એમજ કહી દે કે તને હીરો મળ્યો હતો. કેં પણ કહી દે."

"મેં-હી-રો-લી-ધો-છે." વીરમતી એકેક અક્ષર પર ભાર મેલી બોલી અને ફરીથી એક વાર તેણે સુરેંદ્ર સામે જોયું. "હું બીજું કંઈ કહેવા ઇચ્છતી નથી. તમારી ઇચ્છા હોય તેમ કરો. હી-રો મેં-ધો-તે ચો-રી લી-ધો હતો."

"ઓહ!" કહીને સર બોળાનાથ ચુપ રહ્યા.

"ઑલ રાઈટ" સુરેંદ્ર દાંત પીસીને કહ્યું "આ પ્રકરણ અહીંજ સમાપ્ત થાય છે. બોળાકાકા! તમને તમારો હીરો મળ્યો છે. વીરમતીએ તમારી ચોરી કરી એટલે એ તમારી દીકરી તરીકે આ ઘરમાં વધારે વખત રહી શકે એ અશક્ય છે. હું તો માનું છું-જાણું છું કે વીરમતીને ચિત્તભ્રમ થયો છે. મારી માન્યતા ખોટી હોય તો પણ

મને પરવા નથી અમે વરવહુ આવતા આડવાડીઆમાજ આદીકા જવાના છીએ

"તમે વરવહુ' કોણ કોનો વર અને કોણ કોની વહુ ?' સર ભોળાનાથને તો થયું કે એક પછી એક અજાયબીના બબગોળાઓ ને ટપલાક કુટવાના ?

"હું વીરુનો વર અને વીરુ મારી વહુ હમણા નથી તો બેચાર દહાડામાજ થવાના છીએ"

સુરેદ્ર વધારે કંઈક કહેવા જતો હતો પણ વીરમતી વચમાજ બોલી ઉઠી "કદી નહીં હવે એ વાત અશક્ય છે અને હું નથી ધારતી કે તમે હવે આદીકા જાવ હોકા ઉલ્ટુ વાક્ય બોલતા બોલ્યે સુરેદ્ર સામે આડી આખે જોયું પણ તેનું ધ્યાન નહોતુ

વીરમતી બાજુ પર પડેલા કોચ પર જઇ બેઠી અને બંને હાથ વચ્ચે માથુ નાખી ડુસકે ડુસકે રડવા લાગી સર ભોળાનાથ એની પાસે જઇ આશ્વાસન આપવા લાગ્યા સુરેદ્ર સામેની ખુરસી પર બેસી વીરમતી સાથે પોતાને શો સબન્ધ હતો અને તે કેમ થયો હતો વગેરે હકીકત સર ભોળાનાથને કહી સંભળાવ્યુ, અને ઉમેરિયા કર્યુ કે "હું આદીકા જાઉં તે પહેલાજ અમારા લગ્ન કરવાની રજા લેવા તમારી પાસે હું આજ સવારેજ આવવાનો હતો"

'પણ આદીકામા શુ થયુ છે ?' સર ભોળાનાથે પુછ્યુ

"આદીકા એક સોનાની ખાણ પર જવુ છે પોણો લાખ રૂપીઆ જમીનગીરી માટે આપવા પડે એમ છે મે જેમતેમ કરીને પૈસા ઉભા કર્યા છે એટલે હવે જવામા કે વાયા આવશે નહીં"

વીરમતીની હીરાની ચોરી (!) પકડાયા બાદ પણ આ બીજી કે ત્રીજી વખતે સુરેદ્રે "પૈસા પેદા કર્યા છે" એમ કહ્યુ હતું આ વખતે પણ આ પુનરુક્તિ સાંભળી વીરમતી ચમકી રડતીરડતી અકસ્માત બંધ થઇ અને ગભરાતા ગભરાતા તેણે સુરેદ્ર સામે જોઇ જાણે તું અત્યારે "પૈસા ક્યાંથી ઉભા કર્યા ?' એમ પુછ્યુ

મે તને કાલ કહ્યું નહીં કે પૈસા ઉભા કરવામા જરા જોખમ છે મે તો જોખમ ખેડ્યુ મારા દાદાની મીલકતનો જે હીસ્સો મારે ભાગે આવશે તે મે હમણાથીજ ગીરવી મુકયો છે મારે ભાગે અઢારે આનાનો લાખ આવશે પણ મે હાલ તો એક લાખ રૂપીઆ રોકડા લઇ એ બધુ ગીરવી મુકયુ છે જો થાય તે ખરું મારા પિતા ને ખબર પડશે ત્યારે ખુબ ધમાચકડી કરી મેલવાના છે કદાચ આવી ઉદ્ધતાઇ માટે પોતાના 'વીલ માંથી મારું નામ પણ રદ કરાવે પણ મે તો—કેમ કેમ શુ છે વીરુ ?"

વીરમતીએ વાત સંભળાવા માંડી ત્યારથી એની આખે અંધારા આવતાં હતાં પણ એ મુઠી વાળીને પરાણે બેસી રહી હતી પણ હવે એનાથી સહન થઇ શકયુ નહીં એક મોટા અમલથી દુઃખનો ઘૂંટ આખો હૃદય તેમ ઉંડો નિઃશ્વાસ મુકી હા-રા કહી તે બેબુદ્ધ થઇ કોચ પર પડી ગઇ

*

સર ભોળાનાથ અને સુરેદ્ર વીરમતીની સારવારમા હતા ત્યાં તો સુમન મોટેથી રડતો રડતો અંદર આવ્યો "ઓ! ઓ! મારુ નમકહલાલ કોચક નથી રહ્યું"

હોવાનો ડોળ કરી તે બોલ્યાઃ "વીરુ, બેટા, કાંઈ નહીં ને તું?"

સુરેંદ્રની આંખોમાં અગ્નિ વરસતો હતો. વીરમતીએ એના તરફ બે ત્રણ વાર ગાઢી આંખે જોયું, પણ એણે ગણકાર્યું નહીં. "બોળાકાકા! શું તમે વીરમતી ઉપર ચોરીનું તહોમત મુકવા ઇચ્છો છો? કેં ડાગળી બસી તો નથી ગઇ?"

"એમજ હશે! પણ તેં અને મેં બંનેએ સાફસાફ એના હાથમાંથી હીરો પડતો જોયો. વીરુ, વીરુ, તને આ શું સુઝયું? આખરે તો બધું તારુંજ હતું ના!"

"ચુપ કરો!" સુરેંદ્ર બોળાકાકા સાથે શી રીતે વર્તવું એની પરવા કર્યા વિના બોલ્યો. "આ વાત તદ્દન અશક્ય છે. આમાં જરૂર કયાંક કોઇની ગેરસમજુતી થાય છે. વીરમતી, બોળાકાકાને સાફસાફ કહી દે કે તેં હીરો નહોતો ઉપાડ્યો એટલે આ મુર્ખાઇનો અંત આવે."

સુરેંદ્રે વીરમતી સામે જોયું. વીરમતીની ઉદાસ આંખોમાં કપટ અને નિરાશા મિશ્ર થએલાં દેખાતાં હતાં. એની આંખો સુરેંદ્રની આંખોને પલવાર સુધી મળી. કપટ, ઉદાસીનતા, પ્રેમ, દયા અને આશા એ બધા ભાવોનું મિશ્રણ જે આંખોમાં દેખાતું હતું તેને બદલે હવે તેમાં તિરસ્કાર દેખાવા લાગ્યો. સુરેંદ્ર અને સર બોળાનાથ બંને જણ વીરમતીના હોઠ ઉઘડવાની રાહ જોઇ ઉભા રહ્યા. થોડી વાર રહીને એણે ધીમે અવાજે કહ્યુઃ "હીરો મેં લીધો હતો." વીરમતીનો અવાજ ભાગ્યેજ સંભળાતો હતો. સાધારણ રીતે વીરમતીનો અવાજ એટલે કોયલનો ટહુકારોઃ પણ અત્યારે તો જાણે ગળામાંથી પ્રવાહી સીસુ વહેતું હોય એવો ભારે અને બેસુરો અવાજ સાંભળવામાં આવતો હતો.

"તેં, હીરો—" સુરેંદ્ર બોલવા જતે હતો ત્યાં તો કૈંક વિચાર આવવાથી ખામોશ થઇ પડ્યો. "કેમ, કેં બનાવવા બેઠા છો. ચાલ, બહુ થયું હવે. બીજી વાર આવું મશ્કરી—"

આગળ બોલે તે પહેલાં તો એની નજર વીરમતી પર પડી. એના મોઢા ઉપર તે એજ દુઃખ અને તિરસ્કાર છવાઇ રહ્યાં હતાં વીરમતીની મુખમુદ્રા પર છવાયલા ભાવોનું પૃથક્કરણ કરવાનું તો સુરેંદ્રને સુઝયું નહીં પણ એનું મોઢું જોઇ પોતાનું હસવું સુકાઇ ગયું અને તે આગળ બોલતો બંધ પડ્યો.

"બેટા વીરુ," સર બોળાનાથ વારે આવ્યા. "એમજ કહી દે કે તને હીરો મળ્યો હતો. કેં પણ કહી દે."

"મેં–હી–રો–લી–ધો–છે." વીરમતી એકેક અક્ષર પર ભાર મેલી બોલી અને ફરીથી એક વાર તેણે સુરેંદ્ર સામે જોયું. "હું બીજું કૈં કહેવા ઇચ્છતી નથી. તમારી ઇચ્છા હોય તેમ કરો. હી–રો મેં–પો–તે ચો–રી લી–ધો હતો."

"ઓહ!" કહીને સર બોળાનાથ ચુપ રહ્યા.

"ઑલ રાઇટ" સુરેંદ્ર દાંત પીસીને કહ્યું "આ પ્રકરણ અહીંજ સમાપ્ત થાય છે. બોળાકાકા! તમને તમારો હીરો પાછો મળ્યો છે. વીરમતીએ તમારી ચોરી કરી એટલે એ તમારી દીકરી તરીકે આ ઘરમાં વધારે વખત રહી શકે એ અશક્ય છે. હું તો માનું છું–જાણું છું કે વીરમતીને ચિત્તભ્રમ થયો છે. મારી માન્યતા ખોટી હોય તો પણ

અમરનંદિનીનો રાસ

રચનારઃ

રા. ભંજુલાલ દવે

—o—

અમરનંદિની હો ! અમરનંદિની !

તારું હૈયું વિશાલઃ
તારો આત્મા હેતાળઃ
તારું ગીતડું રસાળઃ
ઝુલે-ડોલે વિશ્વમાલઃ

અમરનંદિની હો ! અમરનંદિની !

કોઇ વાદળીના સૂરઃ
કોઇ ઇંદ્રધનુ-નૂરઃ
નયાં અંશુમયાં પૂરઃ

અમરનંદિની હો ! અમરનંદિની !

જીવન જ્વાલા કાલખંડઃ
ને અનંતતા પ્રચંડઃ
તારે પાલવે અખંડઃ

અમરનંદિની હો ! અમરનંદિની !

સકલ સૃષ્ટિ તણાં સત્ત્વઃ
ચરાચરનાં અમરત્વઃ
અતુલ અમુલ ભાવ-તત્ત્વઃ
તું શું ઓતપ્રોત અનસ્તઃ

અમરનંદિની હો ! અમરનંદિની !

તારું હૈયું વિશાલઃ
તારો આત્મા હેતાળઃ
તારું ગીતડું રસાળઃ
ઝુલે-ડોલે વિશ્વમાલઃ

અમરનંદિની હો ! અમરનંદિની !

મોહન-માયા

[પાસ્યપુસ્તકમંડળ તરફથી માન્ય]

લેખક

બહેરામજી ખુરશેદજી ગાંધી

બી એ બી એલ બી બારિસ્ટર-એટ-લૉ

રાજકોટ

—૧૯૮૬૯૬૯—

વિક્રમ સંવત

૧૯૬૯

ન્યૂ શિવાજી સ્ટીમ,

રાજકોટ

મુખ્ય પાત્રો

૧૯૬૯	
ગોપાલદાસ શેઠ	મુળારકના એ ધનાઢ્ય વેપારી, વાનપ્રસ્થાશ્રમના આચરણ કરવાની ઇચ્છાથી સપરિવાર મરાઠા ને સાબરમતી તીરે વસનાર ગૃહસ્થ ધનસુખરાય મુનશીના મોટી પત્નીના સ્વર્ગવાસ પછી અમદાવાદમાં "રીટાયર" થયા છે
નરોત્તમ ભટ્ટ	અભ્યાસ કરીને જમાઈ મથુરાના ને ગુજરાત કૉલેજમાં સંસ્કૃત શાસ્ત્રોનો અધ્યાપક
મોહનબાઈ	અભ્યાસ કરીને કુલ પીતાપુત્ર સાથેલીમાં થવા મળેલો, પરંતુ તેમાં નિષ્ફળ ચિંતાનો ભોગ્યકર્તા બનેલો પણ તેમાં પણ ધનના પૈસાના શાહ મોહનદાસની ગ્રેજ્યુએટની પદવીનો બનેલો ભોગવનાર તદ્દન યુરોપિયન થઈને ૧૯૬૯-૭૦માં હીંદુસ્તાન આવેલો.

મોહનદાસ ... ... નરોત્તમદાસનો બાલમિત્ર—પૃથ્વીપ્રવાસી, અનેક અનુભવથી ઘડાયલો નરવીર.

જીવરાજ ... ... અંબેદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ નરોત્તમનો રસાયનપ્રયોગોમાં સહાધ્યાયી.

સરદાર હીરાસિંહ ... પંજાબનો એક અગ્રેસર તાલુકદાર, અસહકારી પુત્રનો પિતા.

શીવાય નાનાલાલ કવિ, રવીંદ્રનાથ ટાગોર, સી. એફ. એન્ડ્રુઝ, મોહનદાસ ગાંધી, અનુપરાય મોમીઓ.

સ્ત્રીવર્ગ

માયાવતી ... ... અંબાલાલશેઠની બહેન—આધેડવયની, અર્ધદગ્ધા, કવિકલાવિલી ભામિની.

મધુરી ... ... અંબાલાલશેઠની મોટી દીકરી, નરોત્તમની પત્ની, ટાગોરભાષામાં મગ્ન નવોઢા.

પુષ્પા ... ... તેની નાની બહેન.

નોકર, ચાકર ઇત્યાદિ.

આગલા પ્રવેશોનો ટૂંક સાર

ગાંધીભક્ત શેઠ અંબાલાલના બંગલામાં અનુભોમીઓ પ્રેક્ષકોને ગાંધીજી, ટાગોર અને કવિ નાનાલાલની પ્રતિમાઓ સંબંધે વિગત જણાવી રહ્યો છે. તેટલામાં શેઠનો પુત્ર સારાભાઇ જે પારીસમાં ઝવેરીની પેઢીમાં મેનેજર તરીકે કામ કરે છે તે આવી પહોંચે છે, અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વાતો કરી પિતાની પોતાના તરફ કેવી વૃત્તિ છે તે જાણવા પ્રયાસ કરે છે—સારાભાઇ પિતાએ આશા રાખેલી તે પ્રમાણે સીવીલીઅન નથી થઈ શક્યો પણ સાધારણ બેરીસ્ટરજ થઇ શક્યો છે એટલે નોકરી કરવા શીવાય પોતાને છુટકો નથી—તે સ્થિતિ સીવીલીઅન કરતાં ઉતરતી નથી—એમ પોતાની સ્થિતિનો બચાવ કરે છે, અને મધુરી અને નરોત્તમના જીવનવૃત્તાન્તની વાતચીત કરી પછી પોતાની મહત્તાનાં બણગાં ફુંકે, પિતાના ભયથી ગુપ્ત રહેવા ત્યાંથી ચાલ્યો જાય છે. અંબાલાલ પુષ્પા સાથે પ્રેક્ષકોના પોતાના તરફના સારા નરસા વિચારો માટે વાતચિત કરે છે ત્યાં પ્રેક્ષકોથી કંટાળેલી માયાવતી બોલાવાયલી આવે છે. વચમાં પ્રેક્ષકો આવતાં પુષ્પા ગભરાઇને ચાલી જાય છે, અને પાછળથી નરોત્તમ પણ ડોકરાઇને આવે છે અને માયાવતી અને નરોત્તમ બે ઘડીને અંબાલાલ સાથે પ્રદર્શનથી થતા પ્રેક્ષકોના કંટાળા બાબત રસભરી ચર્ચા કરે છે; છતાં અંબાલાલ પોતાની ઉદારતાનો રોગ છોડતો નથી, એટલામાં જવરાજ વૈદ્ય આવે છે

(હવે આગળ વાંચો)

તીર્થંકરોનાં ટૂંકડાં મંદિરો કર્યાં છે તેમ આધુનિક કાલના સમાજોદ્ધારક ધર્મવીરોનાં નૂતન તીર્થક્ષેત્ર સ્થાપી દેશસેવા અજવવા—ધર્મલાભ લેવાની મને હોંસ છે. મારામાં ગિરિધારણની શક્તિ નથી, મુંજાલ મહેતાની બુદ્ધિ નથી, વસ્તુપાળ તેજપાળની લક્ષ્મી નથી, પણ ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ કેમ નહીં?

નરોત્તમ

મને તો એમાં કુલે નહીં, ફુલની પાંખડીએ નહીં, ફુલનો પરાગ પણ નથી લાગતો.

જીવરાજ

હું જાણું છું કે તને આ બંગલા પર પ્રેમ નથી.

નરોત્તમ

પ્રેમ? મને તો એનો ત્રાસ છે.

અંબાલાલ

[આ નવા પ્રકરણમાં ભેળાય છે] પણ એમાં વાંક કોનો?

નરોત્તમ

મારો?

અંબાલાલ

હાસ્તો. જો તુ એ બાલચેષ્ટાને મોટું રૂપ ન આપે.....

નરોત્તમ

તમે એને બાલચેષ્ટા કહો છો?

અંબાલાલ

પુછ ડાકતરસાહેબને.

જીવરાજ

[ગંભીર સ્વરે] મને લાગે છે, ભાઈ નરોત્તમ, કે તું કોઇકોઇ વાર કીડીનો કુંજર બનાવે છે. આ ક્ષણિક મોહ છે. તું તેને જીવનભરની માયા માને છે.

અંબાલાલ

એમજ. મધુને તેથી ઉલટી હઠ વધે છે રહ લાગે છે! પણ જરા વિચાર કર. એમાં આકળા બનવા જેવું છે શું? એને ટાગોરના મોહગીતોનું ઘેન લાગ્યું છે, કારણ આંખળ એણે એવું કશું વાંચેલું જ નહીં.

જીવરાજ

અને એ કૃતિ તો ખરેખર સૌને મોહાસ્પદ છે.

માયાવતી

[પોતે વાતમાંથી બાતલ રહી જાય છે તે ન ખમાતાં બોલી ઉઠે છે.] અવર્ણની અલૌકિક!

જીવરાજ

[સભ્યતાથી] શું કહ્યું માયાબહેન?

નરોત્તમ

ચુપ કરો કૂદમા.

માયાવતી

[ઉશ્કેરાઇને] એટલે? મને શું વિ જણાવવાનો હક નથી?

નરોત્તમ

ના નથી. તમેજ મધુને છકાવી છે.

માયાવતી

[કટાક્ષપૂર્વક ક્રોધ કરીને] ખરેખર?

નરોત્તમ

હા હા, ખરેખર. તમેજ એનું મ ભમાવી દીધું છે—તમારા પોતાના ન સ્ત્રીના મનોવિકાર તેના મનમાં જોરવીને. ત વરની કે બચ્ચાંની ક્યાંથી મહેર હોય? તમે

માયાવતી

[ક્રોધ ન જણાવાતાં] નરોત્તમદા સંભાળો!

નરોત્તમ

શુ સંભાળું મારું કપાળ? તમારા અ કૃત્રિમ અભિલાષો મને પરવડતા નથી! તમે મારી સ્ત્રીને મોહનમંત્ર ભણાવી ઘેલી દીધી છે! પરણ્યા પહેલાં—અમારા સ કાળમાં—એ છોકરી કેવી સરલ ને સ્નેહાળ હ

કેવુ એનુ મારા પર વહાલ હતુ! હવે તે સૌ
જ્યા ગયું? ટાગોરની કવિતાઓમા! વાસ્તવિક
જીવનમા વ્યવહારબુદ્ધિએ જ તેનો પર જુ
પણ તેના વિચારવિશ્વમા તો તેનો કાન

ખુ કે મધુને હવે મારા પર બીલકુલ સ્નેહ
નથી કારણ તે પરણવાની મુગ્ધા બની રહી છે
એ સાક્ષાત્



હીરાસિંહ. બસ મારા નસે ચલ જો ? કયા ? ક્યાં કયા ?

નરોત્તમ

જુ ખાત્રી આ પુ
છુ કે મધુ હવે રવિ
ન મુની બણવિની
બની ગઇ છે એ
પ્રેમ મય થી મને।
જવને હશે પણ
એ ખા। છુ?।
આત્મિક પ્રેમ છે
એમા દોર ન હોય
તો શ પણ નથી
અને તયાજ ો કહુ
છુ કે આ બગનાની
ચેપી હવાનો કય એને
પણ ન ગયા છે મા
અને પુષ્પ ચોવાય
અહીં મ મા ચન્ન
બની ।। છે

માધવજી

કટાક્ષમા) એ।
હે હા કેટલુ ીવ
દ ।। મત્ર

નરોત્તમ

મથી પહેલા
ેવાન શિરોમણિ તમે
કૃષ્ણ કે જ અજ

કોઇ અનેરો જ છે મધુને હવે મહાકવિની
રહે લાગી છે અને મારી પરવા નથી કદર નથી
મારા પર આશા નથી મહેર નથી જો તમને
અત્તર ન હોય તો હુ અત્યારે સ્પષ્ટ જણાવ

ચાલીશ વર્ષ સાલ વટની નવે હતુ રૂપ વત્ત
લ ગ્યા છે। પણ જય નો જય ન મળતે જ નથી

માધવજી

[કોપની અપમાનની અવધિ યત] બ્રહ્મ

તંત્ર જમાઈને વારે નહીં તો.....

નરોત્તમ

[તેને ગણકાર્યા વિના] બીજે નંબરે મનસુખ અંબાલાલ શેઠ! આપ પોતે, કે જેની ગાંધીનિષ્ઠાને કે સીમાજ નથી.

અંબાલાલ

આવ કરો.

નરોત્તમ

તમે કબુલ નહીં કરો? હું પુરાવા દઉં? કરો જોઉં તમારી પાસે "નવજીવન" અને "યંગ ઇન્ડીયા"ની કેટલીએ નકલો છે, જ્યારે તમે ગણેશરો પ્રગટ કરેલાં ગાંધીજીનાં કખાણુમાંથી ઉતારાની નવી પ્રત ૧૦૦ કીધી, કેમ વાર?

અંબાલાલ

કરબળ એમાં અમુક વચન લેવું પડે તો તરત મળે.

નરોત્તમ

પણ આટલી આટલી નકલો ભરી છે તેમાંથી એક પણ વાંચી છે?

અંબાલાલ

પેલો થા મા પુસ્તકાલયના સઘળા પુસ્તક વાંચવા માંડીએ તો આરો કયારે આવે?

નરોત્તમ

અને પછી ગાંધીજીની કલમો, કલમદાન, ખાંચા, બકુલીપુરાણી નોટબુકો, બુકલની, બસ-પાસે. વસો-એ બધાંનું સંમેલનરથાન કરવા માટું તે કે ગોકુ કે?

અંબાલાલ

તે તો એક જનની માનસિક પૂજાની સામગ્રી.

નરોત્તમ

[જીવરાજને] પુણે પુણે રાકતરાજાદેવ, કે બધે આવાંકીએ એક બુની સીમમ ૧૮ રૂપીઆ આપી આશ્રમદ્વાર પાસેના એક ભંગીના હાથમાંથી લઇ આવ્યા તે પણ પૂજનની સામગ્રી કે?

અંબાલાલ

દશ રૂપીઆ વધુ આપ્યા એમ! ભંગી પાસે હતી તેથી અરપરપ ગણુંની!

નરોત્તમ

અરે પણ, ભલા માણસ, એટલી તો તપાસ કરવી હતી ને કે, મહાત્માજી કોમ વાર ચીલમ ફુંકતા હતા કે?

અંબાલાલ

અલબત! જે માણુએ મને તે વેચી તેણે પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું હતું કે, તે ચીલમ ગાંધીજીની જીવન હતી.

જીવરાજ

મારી બાબુમાં તો મહાત્માજી કોઇ દિવસ ધુમ્રપાન કરનાજ નથી. બાળપણ-વર્ષો પહેલાં-બાલપણમાં કદાચ કર્યું હોય તો હું કહી શકતો નથી, પણ.....

અંબાલાલ

[જરા ધીમાસણમાં] એમ કે વૈદરાજ! તમારે તો મારે ફરીથી તપાસ કરવી જોઇએ. કદાચ તે ભંગીની ભુલ થઇ હશે.

નરોત્તમ

[આવેશના સ્વરમાં આગળ ચાલતાં] કે અને સાથી બેઠલી પણ સોથી મોટી મારી બહુરી-મારી પત્ની!

માયાવતી

[બોલવાનો લાગ આવ્યો સમજી] હા, મારી પણ કાચમાણુષથી! આવા રાખજો નરોત્તમ દાસ, કે એ ગાંધપણુનો બેપ તમને લાગવાનો નથી. નમે Pretender-પ્રપંચી છો!

નરોત્તમ

[તેને સાંભળવાજ નથી.] મા બાપના સમાગમમાં હું કેમ કરીને ઉછર્યો હતો

ત્યા તમે ગ ધારો છો કે મને શુ મત્યું ? અરધા ખરા જોકે ? હુજાર વાર કરશો તો પણ ઉત્તર નહીં મળે ઉમદા બનાવટી કોનપ્ય તમા વળિયો માનુસના પગની જોડાની જોડ અને તેની અ ની માલુમાદ ની થી ભરેલુ રવિમાનુ નામ !

માયાવતી

[મગરબીથી] એની છેક મેડા પરથી મે ર ાવે કરી આવી છે તમે એમ કહો કે મહાકવિની પાદવંદિત સ્ત્રીપર અમારે ગરજના કેકરી ?

નરોત્તમ

ખુલા ખર કરે કહેવા તમે એવોય વિચા ન કર્યો ? રવિમાનુની અવી ચાલ અહીં કવાયો આવે અન આવે ત અટવા વગ મુંઝી કેમ જળાવ રહે ? એ સ્ત્રી ર અરબર તો પહચાન્યા મારા ગેહીઆ રવજી ધાળકી આવો ક, અ એણે પોતેજ એક વર મારી સાથે મસ્તક કરવા મેડા પ ા ગી ોવી હતી તમ ત રોધી આવ્યા તા તમા જ ખ્ય કેમ ન મળી છાડી દીધા

માયાવતી

ત્ અપવિત્રીત સ્ત્રી પરપુરુષની આવી અમલ વસ્તુ મારે ત્યા કેમ રાખુ ? મ ત મ ન નાખ્યાવની એવ નોગ્યુક પ મીન અને ચરમને ધ્રો—એટલા તાના અદા કર્યા ?

અભિમાન

[સમજાવવા મરે ?] નરે તમ ધીરજ ધર જરા શાત થા અત્યા મારા વાના વગ મનુને મોટ લાગ્યો હશ પણ એ સ પુ ચાવશે નહીં એ તો અમરની પુ પ પર પ્રતિ આજે આ દુષ પર તો કારે બીજે રમ ચાખી લીધા પછી માયા નહીં રહે એ નુ. એવા વેભાવ કરે કે એને તેમા કરી ભય નથી થતી તો એ ઘડીની વૈરવજા આ એવી જરશે આજકાલની છોકરીઓમા નથી વિધિએ કરવાવવી લાગેમા—એ એ ભનનો કૃત્રિમ ભાવ ખ્યની પેમ પળેય પેખ્યો નતો છે એ સૌ બીચારીએ નવનકયાઓ અને કવતાઓ વાચે તેમા તેની નાયિકાઓ ને પોતેજ એમ માની તે અને તેના નાયકો તે કતો કરિઓ એવુ તેમની સાથે આ મ ધિક રનહ જગે મધુને અહીં સ્વતત્રત મળે છે એટલ એ તેહ જણાવ છે બીજે કયા તો ત મનનો અનભજ નહોતો હજ પણ તયા વિચરીત વાત્વિકપણે ક થાયજ નહીં

ઇંદરાજ

હુ પણ એમજ કહુ છુ વદકશાસ્ત્ર પ્રમાણ હુ તા ગાવી મનોવ્યથાન એક ભનનો ાગજ અમજુ હુ

નરોત્તમ

પણ તેનુ ઓસડ બતાવીશ ?

ઇંદરાજ

બ્યા પને ભ તારો મધુને એક કોરી કર ચડી ા ાડ કર એટલે તે રવિમાનુની ઝ ખના ીમરી જ

નરોત્તમ

મ કે બીજુ કૈજ જોવુ નથી ! પણ મધુ પસે હુ જાઉ છુ કે ત મારા પગરવથી બારણા મારી પાસથી પણ દહેશતની હાય તેમ નાશી જાય છે

માયાવતી

[વાત વધે છે તમા સાર નહીં માની તે જવાવવા, તમે આજ અહીજ જમવા રોકાજો વૈદરાજ !

ઇંદરાજ

આજ કરો આજ તો મારે પ્રથ માયય જેવુ છ એમ નહીં મને પજ પ્રા

અંબાલાલ

ભાઈ, નહીં તો પરમ દહાડે તો કસ્તૂર રવિબાબુ પણ અહીં આવ્યા હશે.

નરોત્તમ

[ચોંકે છે.] કેમ!

અંબાલાલ

શાંતિનિકેતન અને વિશ્વભારતી માટે કંઈ એકદું કરવા નીકળ્યા છે. ને અહીં પણ કે મેળાવવાની આશા રાખે છે. આપણે ત્યાંજ [જરા અચકાય છે] મુકામ કરવા સંદેશ કાઢ્યો છે.

નરોત્તમ

[ગુસ્સામાં] ત્યારે મારું તો અહીં કામજ નથી. ચાલ જીવરાજ, તને પ્રયોગાલયમાં લઈ જઉં. [બંને જાય છે.]

અંબાલાલ

નરોત્તમ સામે તો મેં કહેવાનું કહ્યું, પણ મારે કબુલ કરવું જોઇએ કે મધુ એનો પણ દુઃખ દે છે. એની વર્તણુંક અસહ્ય છે. માણસના જોડા સંધરવા—અને તે પણ ગાંધીજી જેવા મહાપુરુષ હોય તો ખાણે ઠીક પણ.....

માયાવતી

તારે પણ દીકરી સામે જમાઇનો પક્ષ ખેંચવો છે?

અંબાલાલ

ના જરાયમ. મારે એમાં પડવુંજ નથી. માત્ર આ કૈંક કંદાશથી છોકરાંનાં છોકરાં નજરે જોવાની આશા મારે મૂકવી પડશે. મારે નાકરમાન નીવડયો, મધુ પરણ્યો પણ પતરી ખોડી, પુષ્પા હજુ બેઠી છે.

[સરદાર હીરાસિંહ આપને રસ્તેથી આવે છે. તે પ્રચંડ દેખાવનો, પુષ્ટ શરીરવાળો, વિકરાલ દાઢી, વાંકડી મુછ, લાલચોળ આંખવાળો પુરુષ છે. અત્યારે તે ગુસ્સાના નીશામાં છે.]

માયાવતી

[સરદાર હીરાસિંહને જોઇ ગભરાય છે.] આ ભૂત ક્યાંથી નીકળ્યું વળી?

અંબાલાલ

હશે કોઇ પ્રેક્ષક. પરદેશી જેવો જબ્બો છે.

હીરાસિંહ

[અંબાલાલની સમીપ આવી મોટેથી] જનાબ!

અંબાલાલ

[નમ્રતાથી] કહ્યું જી, કયા ફરમાન હય?

હીરાસિંહ

યહ વો હી મકાન હય કે જહાં હનમંતાદા મોહનદાસ કરમચંદ ગાંધી રહેતા હય, ઔર જહાં કમબખ્ત રાહેર ટાગોર ભી રહતા થા?

અંબાલાલ

કુછ સેવા ચાકરી ફરમાઇએ! [એને બેસો સમજી પટાવે છે.]

હીરાસિંહ

સેવા ચાકરી ઇતની હી હૈ કે તુમ જાઓ ઔર વો કમબખ્ત કો ઇધર ભેજો.

અંબાલાલ

ગાંધીજી ઔર બાપુજી અમી યહાં નહીં હય.

હીરાસિંહ

નહીં હય?

અંબાલાલ

જી નહીં.

હીરાસિંહ

[માનતો નથી] ઔર સુનાઓ! [કોચ પર મમ દઇ બેસી જાય છે] મેં ઉસ આદમી કો દેખકર આયા હું.

અંબાલાલ

મુજે દરેશાન હય કે આપકો બહોત તકલીફ ઠેરના પડેગા.

હીરાસિંહ

પરવા નહીં. મુજે કુછ કામ નહીં. ઉસ

દોનોમેં સે એકકો ખીના દેખે ભય પહામે ઔર તસુબી હાનેવાલા નહીં

અબ્બાજાન

મગર ઉસ મકાનમે ગયે ઉનકા કોનસી ચીજ હૈ ૠ

હીરાસિંહ

[ડુબી હુઈ હૈ] ઉસ મકાનમે ચલ ગયે? કામ કિયા? કહા હુએ?

અબ્બાજાન

[ઔના માડપણની હવે આવી થઇ ગઇ છે એટલે એને સાચી વાતમાં આપવામા સર નહીં સમજી] વે માલુમ નહીં સુના હુએ કિયા અબ્બાજાન મે હુએ અબ્બા!

હીરાસિંહ

અબ્બા! વહાસે મેરા એક બુરા ભલા કિયા ને દેવાનીકો ખરાબ કરના ચાહિએ

અબ્બાજાન

આપકા બેટા?

હીરાસિંહ

જી હા! વો બીચારા અચ્છા ખાતરા ખરચકા કે તેજીમે પઢતા થા વહ ગાંધી હર બજારાને બગાયા ખત્મ મહ ઔર અસહકાર! ઔર ટાગોરને કીયા ઇસમ બીનબકા ૬ કાગ! જીસ લીયે ચલ બ ચે લોગ ચલિત હુએ ચ બ્યાસ છોડકર કીતબ કે કર દો દિન મેરા હરિને ચરખ હાથ લીયા ફીર કિસીને ચીંગારી લગાને ગયા સીપ લીએ કિ નીમક હરામ કરને લગા [સ બગાનારને હવ કૈક રસ રહે છે એટલે પાસ આવ છ] ભય હજર ન થા ખત્મ મેસોપોટેમીઆ મે ઇસ કમબખ્ત સરકારકા બખડા મે ભય ધુમન થા સરકારને વા બચ્ચે કા કુમાયા ખાર વો પકડાયા બીચારીકા બરસા તક નીમકહલાલીસે સરકારી નોકરી કી હવ ઉસકા મુઝ એહી બદલા મીલા કે મેરા હરિકો ફાંસી કે બદલ કેવનીકાલ કી શિક્ષા હુઇ બગર યહ બાપ કીસકા? [કોપના આવેશમા] વો કી હરામજાદા ઇસને સત્યાગ્રહકા પાઠ સીખવાયા ઔર સરકારક અપમાન કરના બતાયા

અબ્બાજાન

[સમજાવે છે] જી, સરકાર, બગર ઇસમે કયા બુરા હુવા? અપના સાહેબઝાદા કો દેશ-ભક્તિ કરનેકા મૌકા મીલા વો તો બડી અચ્છી બાત હુઇ સમજે

હીરાસિંહ

અચ્છી બાત? ચુનાકાર હુઆ વો અચ્છી બાત? બદનામ હુઆ વો અચ્છી બાત? દેવાનીકાલ હુઆ વો અચ્છી બાત? ઔર વો કી ફીર લીયે? કૈદ કો ભાગકાને કે લીયે? સીપાહીઓ કો નમર્દ કરને કે વાસ્તે? હમ્મી આર કૈદ હો ઔર હુકમ કા અમલ મત કરો કોર્ટ આરડીનલ મે મેવકુફ, નાફરમાની કુછ જ્યાદા પુરાવા બગતા હુએ? તમામ ચુદ [જરા મદ થઇ] હથીઆર લેકર યહ પરદેશી બદમ કી સામને ખાતા તો મેરેકો કુછબી દીખ ન બીલતા ઉસમે મારા બના તો ભય કુછ સમજતા બગર યહ ક્રાયત નીચત યહ હેવાનીબત—કયા કાયદે કા? આપકે ઉસમે આનદ લગતા? મેરે જીગરમે તો આગ જલતી હુએ!

માયાવતી

આપકે લીયે સરદાર, ભય બાજુમ દ હૂ

હીરાસિંહ

[પીગળાય છે પણ મહિનતાનો ડાળ ચાલ રાખીને] આલુર્ન્દ રો વા હસતે હો? હસો બેવાકૂફ હસો! બગર મે ભી કહતા હુ કે બગર મે એક બખ્ત એક પગબર બી—તુમારા બાબુજી ઔર ગાંધીજી દેખતા તો

[ઉંમરની ભારી કેરલા દેતા. [ટાગોરની કહેવાતી બેજ પર હાથમાંની ભારે લાકડીનો ટટકો જોરથી મારે છે.]

માયાવતી

[દોડતી ટેબલ પાસે જાય છે.] ઓ!

હીરાસિંહ

માફ કરો. મેરા વીર ઘુસતા હુય!

અંબાલાલ

નહીંજી, હમ આપ સાહેબકી મારી ચહાતે હુંય.

હીરાસિંહ

[માયાવતીને] મેરે પર દયા આતી નહીં?

માયાવતી

જીવસે મેં આપકે લીયે રહમગાર હું.

હીરાસિંહ

[જાણે સ્વગત બોલતો હોય તેમ] કયા બગીર બવાસી ઔરત હુય! ઔર [અંબાલાલને] તું ભી બડા નેકદાર આદમી હુય, દોસ્ત!

અંબાલાલ

યહ મેરી બહેન માયાવતી હુય.

હીરાસિંહ

મે સરદ૨ હીરાસિંહ—૨૪ મી જાટ ટુકડીકા કમીશન્ડ ઉપરત. [ગમગીન થઇને] કયા મેરા હાલ હુઆ હુય! તીનતીન ઝગાનોકી નેકી, વફાદારી, ઇમાનદારી—સબ ફુજુલ ગઇ!

અંબાલાલ

[તેને દીલાસો આપવાના હેતુથી] ઐસા હી હોતા રહતા હુય! સૈકાલબ્ધ જનમાન બોકે નેક, ટેક નીભાવ રખ્યા ગયા હો તો ભી ફકત એક ચુકમેં, એક ગફલતીમેં સબ પાની!

હીરાસિંહ

આપ કયા સમજે શેઠજી, હમ સીપાહી લોગોંકો ઐસી નામોશી કીસ તરહ કારી જખ્મ જૈસી લગતી હુય? ઔર વો ભી એક બોલાભાલા, ગંગીર અન્ગ્રેજ કમુરકે લીયે!

અંબાલાલ

ફરકો કસુર મત સમજો! યે તો આપકા હરિસિંહને બડી બહાદુરી કી હુય—કે છુરે તુમ્હેં તેજ આતા. દેશસેવામેં જાન દેના ઔર મહાત્મા-ભક્તિમેં કુરબાની કરના—ઇસે જ્યાદા કયા સદ્‌ભાગ્ય હો સકતા?

હીરાસિંહ

અચ્છ, કહો તો સહી, આપને ખુદ કયા કુરબાની કી હુય?

માયાવતી

મેરા ભાઇને પરદેશીઓસે સબ વ્યવહાર નાબુદ કીયા—અપની જબાનસે જાની દુશ્મનોંકી બંધ કર દી હુય.

હીરાસિંહ

[આસપાસ નજર કરતો] ઔર મીલકત સબ છોડ દી હુય? [કોઇ ઉત્તર દેતું નથી] માફ કીજીએ, મય આપકા ભક્ત ગયાતા હું. આપકા મેરી કાર્યાન્વતસે શોક લગાતા હું.

અંબાલાલ

અચ્છ, નહીંજી.....

હીરાસિંહ

તો કયા હાંસી કરતે હો?

અંબાલાલ

[જરા ગભરાઇને] અચ્છ, નહીંજી...હકીકત બહેન-બહેન અન્તયમ કરતી હુય.

માયાવતી

ખુદા ખાતર, સરદાર, અપના નસ્તલ કવિરાજ ઔર વો મહાત્માજી પર સે બદગી દિલ લેા. હોનેવાલી હો ગઇ. ઉસકી કુછ કસુર નહીં.

હીરાસિંહ

તો કયા મેરી કસુર હુય?

માયાવતી

નહીં. મગર યહ ગમગીની દૂર કરો, બેચેની બાતલ કરો. આપકા લડકા માફક સત્ય દેશસેવામેં શામીલ હોર જાઓ

ઓસરતું નથી, એટલે અંબોડામાં ખોસેલી ચંપાની વેણી સુવાસ પ્રસરાવે છે. પગમાં ઝરીભરેલી, દીલ્લીશાહી, મુગલાઇ સ્લીપર પહેરી છે, અને હાથે મઢાડા નેતરના બાસ મગાવેલા દાંડા પર આંધ્ર બાદીની બાસ બનાવેલી છત્રી છે. મુખ પર શાંત સ્મિત ફરકે છે. પુષ્પા પર પ્રેમ છે એ તો તેમનાં બળતાંની સાથેજ દેખાય છે.]

મધુરી

કેમ પુસ ડાર્લિંગ!

પુષ્પા

આસ્તેથી બોલ, મારે તને એક મજાની કહેવી છે—એવી કે તને તેનો સ્વપ્ને પણ ખ્યાલ ન હોય. [આસપાસ બીજું તો કોઇ છે ને તેટલા ખાતર નજર કરે છે.]

મધુરી

કેટલું બધું મોણ નાંખે છે? કહી દેની?

પુષ્પા

મેં સારભાઇ દીઠો.

મધુરી

શું! આપણો સારુ? ક્યાં જોયો? ક્યારે

પુષ્પા

અહીંજ—અધાં કલાક ઉપર. તદ્દન બદલાઇ ગયો છે અને એવો તો રળીઆમણો લાગે છે,... પણ હું તને નહીં કહું. મને આશ્ચર્યચકિત કરી તેમ તને પણ ચોંચાનો ભેટી આશ્ચર્ય-ચકિત બનાવશે. સાંજે કે સવારે પાછો આવવાનો છે. પણ હમણાં કોઇને કહેતી ના.

મધુરી

પણ એ પારીસથી અહીં કે નવાબુની ના નથી કરી આવ્યો?

પુષ્પા

નારે! તું પણ અતિસ્નેહ: પાપશંકી ક્યાં થવા બેઠી? ઉલટું એ તો ખુબ કમાઇ આવ્યો લાગે છે અને માનપાન મેળવી ચુક્યો છે.

મધુરી

પણ આવ્યો અહીં સુધી અને મને કેમ ન મળ્યો?

પુષ્પા

આપાની બીકને લીધે. કહેતો હતો કે, આખાં કુટુંબને આજ ન મળવાનાં કારણો છે. ચાલો હવે જઇએ. નરોત્તમભાઇ ક્યાં છે? એ પણ આપણી સાથે આવવાનાજ કે નહીં?

મધુરી

આશા છે કે નહીં આવે; અને એ આવશે તો હું નહીં.

પુષ્પા

હજુ એની સાથે રીસાયલી! પરણેલી જીંદગીની પણ આપ, તારે ત્યાં તો બલીહારી છે! મારાથી આવું રમણું ખમાયજ નહીં.

મધુરી

એવા માણસ સાથે પનારો પડ્યું ત્યાં બીજું શું થાય! જીંદગીમાં એનું એકજ ધ્યેય—મને કેમ વાગુબાણ મારવાં, કેમ હલકી પાડવી! આખી અપૂર્વ વિચારસૃષ્ટિમાં એક પણ વિચાર અમને સામાન્ય નથી. હું જે ચાહું તે એ ધિક્કારે અને મને જેનો મોહ તે એને અણગમતું.

પુષ્પા

પણ બહેન, પાંચે આંગળી કું સરખી હોય? વિચારફેર હોય તેથી શું રોજ રમણાં! મારી તો ખાત્રી છે કે બીચારા નરોત્તમભાઇની અતિજ લાગે છે

મધુરી

પણ તેમાં વાંક કોનો?

પુષ્પા

હું શુ બનું? મને તો એટલુજ દેખાય છે કે એ તને બહુ ચાહે છે

મધુરી

[બાજુમા હસે છે-કટાક્ષમા] મને ચાહે છે? કેની આ મા? ચાહતા હોય તો એમ વર્તે? એનો આત્મા મરી છે, અને તેમા માત્ર સામાન્ય શારીરિક સુખનોજ સ્વાદ છે આદર્શ જીવનના અભિલાષનું એને ભાનજ નથી કુટુંબની કીંમત નથી, કાર્યની કદર નથી એને માત્ર એજ ચીજ વહાલી છે એની રસાયણ વિદ્યા અને એની બોરવી.

પુષ્પા

પણ એજ બોરવીએ તમને પેલા કર્યા હતા બહેન!

મધુરી

ને દિવસ વહી ગયા અને ત્યારે પણ એમા તો હું કૃષ્ણના તાર સાંભળતી હતી મારો હાથના લઇ તુ ડાબી બા તો તારા પુસી ડીયર? આવી તો તને અધિક છે કે તુ કરી પરસ્પ્રીત આ.

પુષ્પા

[બહાવરી] નારે બહેન મારે અવી આશિષ નથી જોઇતી મારે કૃષ્ણા જેમ કુમારા નથી રહેવું હું ન પરણ્યુ તો કારણ એજ કે મારા પર કોઇને મોહ નહીં થાય [બારણામાંથી નરોત્તમને આવતો જોઇ] પણ લો બહેન મારા માને તા! હું ભણું શુ નરોત્તમભાઇ આવે છે તુ એમની જોડે [નરોત્તમ આવે છે પુષ્પાવતી જાય છે]

મધુરી

[પુષ્પાની પાછળ જુએ છે] કટ કર પુસી, બનવો વખત થતા આવ્યો છે

નરોત્તમ

[બહુજ નરમાસથી] મધુરી!

મધુરી

[અનિચ્છ કંઈકનાથી] મને બોલાવી સહેબ?

નરોત્તમ

હા

મધુરી

શી કરમાશ છે?

નરોત્તમ

એક કામ!

મધુરી

શુ કામ?

નરોત્તમ

કારણ હુ તને ચાહુ છુ પુષ્પ ખુ મારી મધુરી! [ચુપચાપ કરે છે મધુરી બારણા પુતળી પેઠે ઉભી રહે છે] મારાથી આમ નહીં રહેવાય આજ આપણે સલાહ કરીએ અને આગા પેઠે વાત કરીએ

મધુરી

બરોબર તમે માનો છો કે એ હવે રાજમ છે?

નરોત્તમ

કેમ નહીં? જો આપણે બને દબાવીએ તો કેમ ન થાય? વાદ કર વકીલી બાપજી મુખત્યા કેવા સુખી હતા? આ ધરતીજ અને તો વાત લાગે છે કે જેણે આપણા જીવનમ નર બગડ્યુ છે એના વાતાવરણમા મન ના ખૂબ બરાબ લાગે છે અને તે જે કોઇ અહી રહેતા હશે તેન કનડતુ હશે.

મધુરી

કટાક્ષમા] આ કેવા ઉત્તમ વાકયોના અર્થ જોતોજ કે હુ મારી શુ

નરોત્તમ

ના ના, માત્ર તને મોહ લાગ્યો છે, ગાંડપણ નથી; અને તેમાં તારો દોષ નથી. મારા મત મુજબ તો નવાં પરણેલાંઓએ તો નવાજ બંધાયલા ઘરમાં રહેવું જોઇએ, કે જેથી તેમને કોઇ જાતનો શારીરિક કે માનસિક ચેપ ના નડે.

મધુરી

વધારે સ્પષ્ટ શબ્દોમાં વાત કરીએ. કહો જોઉં, મારો તમને શો દોષ લાગે છે? કાવ્યકૃતિનો મારો શોખ, સાહિત્યપ્રેમ, કલા–મોહિની–એ મારો દોષ? મારો આત્મા આદર્શ ઇચ્છે છે, ઉત્કૃષ્ટત્વ વાંછે છે,–તે મારો ગુનો? તમને વિજ્ઞાન પર પ્રેમ છે તેમાં હું વાંક કાઢું છું?

નરોત્તમ

કાવ્યકૃતિ અને સાહિત્યપ્રેમમાંજ તું નિમગ્ન હોત તો મને લેશ પણ વાંધો વાત નહીં. પણ કાવ્ય અને કવિ–એ કૈં એકજ નથી.

મધુરી

આખરે રવિબાબુ પર આવ્યા?

નરોત્તમ

હા લે, તું ! બોલાવે છે તો કહું છું કે રવિબાબુ.

મધુરી

પણ એમણે કશું થું છે જે.....

નરોત્તમ

એમણે મારી પરણેલી જીંદગી ધુળધાણી કરવા માંડી છે. તેં આ ઘરનું મંદિર બતાવ્યું છે અને તેમાં રવિબાબુને દેવ કર્યા અને પોતે તેની પુજારી બની છે. બાકણ તો તું આપણા ગુર્જર કવિઓની પણ ઠેઠ કદર કરતી, પણ જ્યારથી અહીં આવ્યાં ત્યારથી જાણે જગત્ આખામાં બસ એકજ વ્યક્તિ હોય એવો ભાવ તેં કર્યો છે.

મધુરી

એક વાર જેણે રવિબાબુનો રસ ચાખ્યો...

નરોત્તમ

[લાડમાં] એટલો બધો મધુરો છે?

મધુરી

અને માનો કે અહીં આવ્યા પછી મારો પક્ષપાત વધ્યો, તો પણ શું? અહીં એ વસ્યા હતા અને એ વસવાટનાં સ્મરણ કોઇ વર્ણનમાં જોઇએ, પ્રત્યક્ષ કરીએ, ત્યારે તે કૃતિ પર અનેરી પ્રીતિ ન આવે!

[આ ચલિત નાટકનો વિશેષ ભાગ આવતા અંકમાં]



આ રીતે આપણને સમજાશે કે એકજ પ્રશ્ન માટે દૃષ્ટિબિંદુઓ જુદાંજુદાં હોય છે અને તેથી વિચારમાં ભિન્નતા પડે છે; પક્ષો બંધાય છે અને પ્રશ્નની ચર્ચા લંબાય છે; આગ્રહ બંધાય છે, ગરમી પેદા થાય છે અને આકળા માણસો કાબુમાં ન રહે તો તકરાર વધી પડે અને કદાચ મારામારી ઉપર પણ આવી જવાય છે. જ્યાં સુધી દૃષ્ટિબિંદુ જુદાં રહે ત્યાં સુધી આ સ્થિતિ રહેવાની. વિરોધ હોય ત્યાં સુધી કાર્યમાં સફળતા મળે નહીં, અકળામણ વધે અને સુલેહશાંતિ જળવાય નહીં. આથી વિરોધ દૂર કરવો એ સર્વે સુજ્ઞ મનુષ્યોનું કામ છે. સારે વિરોધ દૂર કેમ કરવો?


વિરુદ્ધ પક્ષનું શું કહેવું છે તે સમજી લઈએ, તેના વિચારમાં કયું દૃષ્ટિબિંદુ રહ્યું છે તે જાણીએ અને તે દૃષ્ટિબિંદુથી આપણે જોતાં શીખીએ સારેજ તેની વેદના આપણને સમજાય; અને તેને સંતોષ આપવા આપણે યત્ન કરીએ ત્યારેજ તે પ્રશ્નનો નીકાલ આવે. "અમ વીતી તમ વીતજો ધીરે બાપુડીઆં" એ લોકોક્તિમાં કેટલું બધું સત્ય રહેલું છે? બીજાને જે દુઃખ થાય તે દુઃખ આપણે સહાનુભૂતિથી કલ્પી શકીએ તોજ તેનું નિવારણ કરી શકીએ. દુષ્કાળમાં અન્ન વિનાનાં તરફડીઆં મારતાં ગરીબોની વેદના ગરીબીમાંથી પસાર થયલા શ્રીમંતને જેટલી સમજાય તેટલી જન્મ-શ્રીમંતને ન સમજાય. મહેલ જોડી લોકોમાં ભેળાયા શીતાય સિદ્ધાર્થને–બુદ્ધ ભગવાનને જન-સમાજનાં દુઃખનો અનુભવ તેના હજુરીઆ-ઓમાંથી મળી શકત ખરો? રાજગદેલની દૃષ્ટિ અને ઝુંપડીની દૃષ્ટિ એક શી રીતે થાય? ઝુંપડીમાં વસનારનાં દુઃખ સમજવા મહેલ જોડી દેવાની કોઈ મીમાંસા કરવું નથી, પણ મહેલમાં બેસતાં છતાં ઝુંપડામાં વસતા ગરીબને એકાદ અન્યાથી હુકમથી કે બેહુકમી અમલ-દારોના વર્તનથી કેટલું દુઃખ થતું હશે તે સમજવાની તો જરુર છેજ. અને આ સમજ-વાનો એકજ ઉપાય છે કે ઝુંપડાના રહેવાસી સાથે વર્તો ત્યારે તેની દૃષ્ટિથી જોતાં શીખજો. આ ન શીખો તો તમે ગરીબો ઉપર અન્યાય કરશો અને જાણે અજાણે થતો અન્યાય સમજી નહીં શકો. પ્રસૂતિની પીડા વંધ્યા સ્ત્રી શી રીતે સમજી શકે?

આ ન્યાયે આજે આપણા સાંસારિક અને જાહેર જીવનના પ્રશ્નોનો વિચાર કરવાની જરૂર છે. આપણું સાંસારિક જીવન વર્ણ-વ્યવસ્થા ઉપર રચાયેલું છે. પ્રથમ ચાર વર્ણ હતાઃ બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્ર. તે ગુણકર્મ ઉપર રચાયલા હતા. આજે ચાર નહીં, અઢાર નહીં, પણ વીશ કરોડ હીંદુઓમાં હજારો જાતિઓ અને પેટાજાતિઓ છે. ગુણ-કર્મનું બંધારણ તુટી ગયું છે અને જન્મથી જાતિ બંધાય છે. બ્રાહ્મણ નીચ કર્મ કરે છતાં બ્રાહ્મણ રહેવાનો અને શૂદ્ર ઉચ્ચ જ્ઞાન આપનાર વિદ્વાન્ અધ્યાપક થાય છતાં તે શૂદ્રજ રહેવાનો. આ આપણી સાંસારિક વર્ણ-વ્યવસ્થા છે. ઉચ્ચનીચનો ભેદ રહેલો છે. સ્પર્શા-સ્પર્શનો ભેદ, બ્રાહ્મણ્યવહારનો ભેદ અને લક્ષનો ભેદ છે. પ્રાંતોનાં વર્ણસો અને ગોલો બંધાય છે અને તેની બહાર લગ્નનો નિષેધ છે. ઉચ્ચ જાતિમાં વિધવાવિવાહનો નિષેધ, રૂઢિને લીધે કન્યાવિક્રય, વરવિક્રય, જાતિપરા, અનુલોમ-પ્રતિલોમલગ્ન્નિષેધ વગેરે અનેક આપણાં સાંસારિક બંધનો છે. આ તો બધી વાત થઈ હીંદુઓની, પણ ૩૨ કરોડની વસ્તીમાં જેમ ૨૦ કરોડ હીંદુઓ છે તેમ ૮ કરોડ મુસલમાનો છે અને બીજાઓ લાખેક પારસી છે. લાખો હીંદીઓને



અને તેની આંખો ફરીફરી એકજ વસ્તુને અનિમિષ નીહાળી રહી છે.

—તે મળી ગઇ !



લેખક
ના. ચંદુલાલ સંપત
ચિત્રકાર
ગ રમણુભાઇ એમ દેશાઇ

વાંચનાર ! તે કદી મીઠી યાદની લહેજત લીધી છે ? માણી છે ? કે દિવ્ય એ ઘડી છે કે જ્યારે તને ભૂતકાલના કોઇ અનેરા ઓજસનુ ભાન થયુ હે ? અનુભવી છે કે ઊર્મિ કે જેણે તારા હૃદયમા ઉછળતા ઉમળકાઓ ઉત્પન્ન કર્યો હોય ? હોય કે ન હોય પણ જે અનુભવનું આલેખન આ વાર્તામા કર્યું છે તે કદાચ તુ માણવા સમર્થ થાય પણ ખરો અને તેમા વણુવેલો અમલેાદ પ્રસગ તારી કથાના પાના ઉથલાવી કે વિસ્મૃત પાનું તારા સ્મરણુપટમા દોરને

માત્ર પત્નીયુ અને કોણી લગીની બાય વાળુ બાદીનુ પહેરણ પહેરી જગદીશ આરામ ખુરશી પર બેસે હતો પાસે એક બીજી નાની ખુરશી પડી હતી તેના ઉપર એક છાપી પડેલી હતી ને તની બે માસ થયા પીયર ગયેલી પત્નીની હતી જગદીશ શૌકસમ હેાય એમ દેખાતુ હતુ તે ઘડીકમા છાપીને નીહાળતેા ઘડીકમા વિચારમગ્ન થઇ આખ બંધ કરી મીનીટેા સુધી એમનેા એમ પડી રહેતેા અને ઘડીકમાં ઝબકી અચાનક ઉભે થી જતેા

આજે દીવાળીનેા પવિત્ર દિવસ હતેા, અને તે દિવસ સાથે સબધ ધરાવતેા જગદીશ ના મગજમા રમી રહ્યા હતા

ઉત્સવ ! ઉત્સવ ! આજે અમુતેા ઉત્સવ છે મુબઇમા પણ અરે ! એ ઉત્સવની કૃત્રિમતાજ મુબઇની કઢગી છઢગીનુ ભાન કરાવતી દેખાય છે અને મુબઇના ઉત્સવ એટલે શું ? નાટયભૂમિના વિકાર વધારવા અને સહુ કરી રાજે ને ગરબાઓને ધીમા સાદ-ગુજરે સગીતના સુર ચરથી તદન અણુજાણ જાણે મુબઇના તાજુક હલક પત્રાલ મરોઓ કહને પણ જાણે કેમ ફીટ કરી નાખ્યેા હોય તેમ ઘડીકમા બસુગ ઘડી કમા હસાહસમા સમાઇ જતા અથવા હાલમ મગરીરૂપ કરી જતા ઘોડેયેા ! સમયે કાનમ પગણે પ્રવેશ કરે છે ગડીઓનેા પગરવ મેડ રાત સુધી સાધારણ રીતે મુબઇમા ચાલુજ હોય છે પણ આજે વધુ પમાણમા દેખાય છે અહા ! પરદેશી વાયરા અને ઓણ્યા માણુઓમા ઓપની સ્ત્રીઓ શુદ્ધ બાદી તરફ જાણે ઉપ હસન કરતી-જય શુ અર્થે નિર્મિત સ્થાન ગમન કરી રહી છે અને મુબઇ જાણે કેમ આનદભરે ને મુખડે એક બાજુ સુખને બીજુ રડવુ હોય !

શું મુબઇમા સુખજ છે ? અને તે સુખ શામા સમાયલુ છે ? નાહા નિદ્રાબ્રહ્મચર્ય ચ સામાન્યમનયોર્નિયમાણામ જેજ વસ્તુપ્રાધાન્ય મુબઇની છઢગીનુ ભાન કરાવતુ હોય

તો નક્કી પશુઓમાં અને મનુષ્યોમાં તફાવત નથીજ.

"મુંબઇમાં ભલે આનંદ પ્રવર્તી રહ્યો હોય, પણ મને તો આજે તે સુકુક, કૃત્રિમ અને ઉપરછલ્લોજ લાગે છે અને તે તુચ્છ છે. પણ અરે! આજે મારા મનમાં આમ કેમ? મારું મન આજે મારું નથી. તે કયાંય ભટકતું ફરે છે." આમ જગદીશ બબડતો પાછો શાંત થયો. આજે તે મહેલ બહાર નીકળ્યોજ નથી. તેનો ચહેરો ગમગીન છે અને તેની આંખો ફરીફરી એકજ વસ્તુને અનિમિષ નીહાળી રહી છે. મિત્રોના આવવા જવાને આભારી મંદ પણ સશોક હાસ્ય તેના નાજુક ઓષ્ઠોમાં સ્ફુરતું અને મૌક્તિક શી દાંતની હાર દાખવતું; પણ તે હાસ્યમાંએ પોતાના ઉંડા સ્મરણનાં પ્રતિબિંબ પડતાં, ખડખડ હસવામાંએ ગમગીનતાના પડઘા સુણાતા. રસ્તે જનારને કદાચ પુસ્તક વાંચતો નજરે પડે, વધુ લાંબો વખત નીરખનારને ઉંઘતોએ જણાય.

જગદીશને જાણે નિદ્રા આવી હોય તેમ ખુરશીની પીઠને અઢેલી. માથું કરમાયલા કમલપત્રની પેઠે ઢળતુ રાખી તે બેઠો હતો. તેના હાથમાં એકજ વસ્તુ હતી અને તે વસ્તુ આ ઘડી પોતાનું જીવનસર્વસ્વ દેખાતી હતી

"સ્મરણ દિવ્ય અબ મન શું મિલે!
કયમ તને વીણું પડયું ગમે?
તુજ છબી તુજ ભાવના શી અદા!
કમલ બૂટા ભુકરા રજની ત્વચા!"

આ પ્રકારનો મુગ્ધરવ પોકાર તો આજ ન હતો, પણ તેના નિરંતર, દિવ્ય સ્વપ્નોચ્ચ્વાસની ગણના કોણે કરી.

ગત વર્ષ તેજ દિવસે દિલા યાદ માટે સપ્રેમ સમર્પણ કરેલું દંતમયલ દાંતનું પેનમાં બેસવાનું ગુલાબનું ફુલ આજ તેના હૃદયમાં રમી રહ્યું હતું, અને નીચેનું પદ્ય પ્રત્યક્ષ થતાં હૃદયને ચીરવા સમર્થ થાય એ પહેલાં હવા સમાઇ ગયું અને તેનું મૂલ્ય કોઇને થયું નહીં

"સદ્ગત હા! સુલભ મુજ ગુલને,
મુખ ગુલાબ સમુ તુજ ઓ પ્રિયે!
પણ તને સ્મરણું નથ નેહનું,
ગુલગુલાબ અહા! ગુલ! ઓ! ધરું."

અને આમ બોલતો જગદીશ પોતાનું પત્નીની છબીને સમર્પણ કરતો, પણ જે સમર્પણની વ્યર્થતાની યાદગીરી પાછી તેને શોકમાં નિમગ્ન કરતી.

જગદીશે ગુંજારવ આદર્યો. જાણે ઉપવનમાં ભુલો પડયો ભૃંગ! જાણે નિર્દોષ સમયે વિયોગી કો ચકવાક! જાણે મેઘબિંદુ તરસ્યા કો ચાતક!

"ગયે વર્ષે આજ સમયે મારી સ્થિતિ કેવી હતી? કેવા અનેરા આનંદનો ઉપભોગ કરેલો? શું કહું? કેવી રીતે વર્ણવું? મારી સુખદાયી સગપની તે ઘડી કો વિરલ જન, કો અદ્વિતીય કલ્પજ વર્ણવી શકે.

"મધુ પતિની સાથે સાખી સમ, શુભ ખાદીની આછા આકાશી રંગમાં ઝીણી કોર ભરેલી સાડીમાં ઓપતી તપસ્વિની, પતિપરાયણા, પતિને માટે વસ્તુસર્વસ્વ આદિથી અંતિમસર્વસ્વ પર્યંત હૃદયિત અર્પનારી દેવી, કરતપુગલમાં કુંકુમ પાત્ર આદિથી આરંભવિધિ માટે તત્પર યવતી જે સાવત્રી, પતિના આયુષ્ય અર્થે ઉમંગ આચરનારી કો સુકન્યા, સુભાષિત્ર પતિનીજે વીણુમાગી સેવાની ભાગિની કો અનસૂયા, તાન કુંકુમ પગલાંગાંએ અમીવરસતી સ્નેહ દેવી દિવ્ય પ્રેમપ્રવાહમાં હૃદયમાં હૃદય પ્રેમી જીવનમાંથી અનિચ્છિત ધારતી જીવનસખી, આજ નાના દિવ્ય સ્મરણો ગયા વર્ષનાં હીરા નાના પ્રસંગો યાદ દેવાયે તે રા ગાનાને જે"

"તે વખતે આપો હસીને જાણે
ત્યાં બનીત કરી ત્યારે ગેપાલો ગયો હતો

અને "અરે દુલશુ તો?' ના ભણકારા હજી હવામા શમી નહોતા રહ્યા ત્યા હાથમાં હાથ આવી ટેકતી, વદાણુમા બેઠેલી તુ આજે કયા છે? અને પવનનો અકેક સપાટો તારા સુકોમલ હૃદયને કુદરતની પાખડી પેઠે ફરકાવતો અને તુ બીતીબીતી મને પુછતી "વદાલા! આ હોડી ગઇ તો?" ત્યારે મે હસી તને જવાબ આપેલો "દેવી! ક્રિયતા ક્રિયતામ દૈવાયત્ત વસ્તુનિ! જગજ્જલનિધિમા વદાણુ ઝપનાવતા નથરથરી ને આ સુકનક વદાણુમા ડરતા તારુ શીય ક્યા વસ્યુ? હોડલી ડુબી તો આપણે તો બને સાથે છીએને' બાથમા બાય ભીડી જેમ એક જલનિધિ તરવા માડયો છે તેમ બીજોએ તરશુ!' જીવનમખી! એ વાત તને યાદ આવતી હશેજ

"અને તે દહાડે પાન ચાવતા, શકાન સ્થાન ભણતા, "અર મા પાનમા બીંટીઆ ચણા કેમ અવડાવી? શુ રોગ આપવો છે? એ મવ ન કરો જ્યારે તે સાભલ્યુ કે પાનમા નખેવા તે મીઠા ચણોઠીના પાનજ હતા ત્યારે આપણે એમાદ અકવાડીઆ સુધી પુષ્કળ હસ્યા હતા તે વાતની યાદ જો આજે તને આવી હશે તો જરૂર આજથી એક અડવા ત્રિયા પર્યંત તુ હસશેજ!"

આ વિચારે દુખભજન જગદીશનુ હૃદય હારથી હલકુ તો કર્યું, પણ વિયોગવિચારની પરપરા તેના કુસુમ્રુક હારયને ભુવાવની અને પાઠો તે શોકમગ્ન થઇ આરામ ખુરશી જોરે પોતાનું મથુ જોરથી અહાગી વિચારમા ગરકાવ થતો

'અને તે રાત્રે સગીત કરતા તને દીવરુના તો ગોખ થયેલા અને સાચુ દીવરુના અજવા પડશે કરી એક વાસમા બાંધી સાથે દોરી બાધી, છત્રીના સળીઆની કમાન બનાવી, જે દીવરુના તો બાધ્યુ હતું. અને "આમ મારી મરકરી શુ કરો છો?" એ વાક્ય તે ગોવા બાના કહ્યુ હતુ તે બાજે તું હમણાજ બોલી તે એમ મને લાગે છે પણ અરે! દીવરુના તો આજે આ અહીં સુનસુનુ પડયુ કોણ જાણે તે ક્યારે નીરખશે તને અને ક્યારે તેના તારો તારી પલ્લવ સરીખી અગુલિઓથી આદોલિત થઇ દિવ્ય સ્વર્ગીય સુરો વતી વાતાવરણને ભેદશે?

'અને બીજે દહાડે વદાલા! આજ તમે કામ પર નજરો, નહીં તો મારાથી ઉપાડ જવાશે અને વસ્ત્ર ખોટા ઠરશે' કહી બાણી જોઇ જમવાનુ પોઇ કરતી, મારા કપડા, બુટ અને ટોપી કયાક સતાડતી અને તારા પર પુર જોસથી હુમલો કરનાર અબળા ઉપર અત્યાચારી દાઝી કરતી આજે તને સા કોણ પજવતુ હશે? અને સપોગના વીકટોરીઆ માડપ મા જતા દામમા એક છત્રી ખોવુ ખરાબ જવાયુ અને પછી ફરી આવતા વરસના વરસાદનો પ્રબધ પુરો થતા ન ધારુ કે ખરડાવવુ કરી એક અપા નવાઇના નવ રુપી ઉધી જનાર તુ આજે વીસરી તારા સુતાસુતા વત અકથી એકલી સા જીવતી હશે"

આ પ્રમાણે વિચારમા રાત ઘણી વીતી ગઇ દુખીઓના દુખો દુખને સાત્વન અર્પનાર મા પેનાનુ દુર્ઘટ કાર્ય કરી ગયો મોનીઓ અને કનાકો વિજયડકા વગાડતા વાતાવરણ થયા ઘડીમાળના એક પછી એક હૃદય દારી ડકાઓ જગદીશને કઈ અસર કરતા નથી ગત્રે કાળે વગર વગાડયા પાથરી ત્રણના ટકોરા થયા જગદીશનુ રમરમ્યા સજારી રહ્યુ હૃદય ધારણ તેની આખ ઘેરાઇ, ઉન્ઘ ઘેરો ગોકપુકત વિચારો અને ચિતાની સપુકત અસરથી આરામખુરસી ઉપરજ તે નિદ્રાવસ્ત થઇ ગયો સ્વપ્નમાએ જોયુ હશે 'સી એ મીઠી યાદ!"

રાજાધિરાજ

'ગુજરાતનો નાથ'નું અનુસંધાન

લેખક :

ર. કનૈયાલાલ માણેકલાલ મુનશી,

બી. એ., એલએલ. બી., એડવોકેટ;

પ્રમુખ, સાહિત્યસંસદ.

નોંધ

જેણે મારી "પાટણની પ્રભુતા" કે "ગુજરાતનો નાથ" વાંચી હશે તેને આ વાર્તાનાં કેટલાંક પાત્રોની ઓળખાણ પડશે. જેણે એ વાર્તાઓ ન વાંચી હોય તેને માટે નીચે આપેલી ઓળખાણ બસ છે.

જયસિંહદેવ સોલંકી	...	અણહીલવાડ પાટણનો રાજા અને ગુજરાતનો નાથ.
મીનળદેવી	...	... રાજમાતા.
મુંજાલ	...	... મહા અમાત્ય.
ઉદા	...	... મંત્રી અને ખંભાતનો સત્તાધીશ.
દાદાક	...	... મંત્રી; * કર્ણાવતીનો સત્તાધીશ.
શોભ	...	... મંત્રી.
ત્રિભુવનપાલ	...	... રાજાનો ભત્રીજો ને † લાટનો દંડનાયક. ‡
કાશ્મીરાદેવી	...	... ત્રિભુવનપાલની પત્ની ને મીનળદેવીની ભત્રીજી.
કાક	...	... ત્રિભુવનપાલનો મિત્ર ને ભટરાજ.
મંજરી	...	... તેની પત્ની.
મજજન	...	... શોરઠનો દંડનાયક.
પરશુરામ	...	... તેનો પુત્ર.
રા'ખેંગાર	...	... જુનાગઢનો રાજા.
રાણુકાદેવી	...	... તેની રાણી.

* અમદાવાદ. † સાબરમતીથી દમણ સુધીનો પ્રદેશ. ‡ સુબો.

થાય છે. રાજા, પરમાર ને એભલ તેમાં સખત ઘાયલ થાય છે. ત્યાં રાણી વજેર આવે છે અને બેભાન રાજાને લઈ જાય છે. કાક લડતાં પાયાનો વહેમ લોકોને પડે છે.

વિભાગ ત્રીજો

ભરૂચમાં દેવપાલ લાટના સ્વાતંત્ર્યનો ઝંડો ઉડાવે છે, અને તેજ દિવસે નર્મદાની આરતીના ઉત્સવ વખતે આંબડ છુપાઇને મંજરીને નીરખે છે. મંજરી સ્નેહ માટે બેનાની દરકાર ન કરતાં આંબા વજેર સાથે નવાગઢમાં જાય છે. નેસે ને સોમેશ્વર અનાજ લેવા ગામમાં જાય છે. પાછા ફરતાં વચમાં ચોકીદારો મળતાં તેમને છેતરી નેસે અને તેની બૈરી અનાજ લઈ આવે છે ને સોમેશ્વર નદીમાં ઝંપલાવે છે. મંજરી આંબડ પાસે શસ્ત્રવિદ્યા શીખે છે. એક સાંજે પ્રભુથી આંબડ મંજરી સાથે કાકના ભવિષ્યનો વિચાર કરે છે. બીજી બાજુ રાજા જયસિંહદેવ યુદ્ધની તૈયારી કરે છે. પરણવાની આશાવાળી સુગર્યા દ્વારા કાક છટકે છે એ વાત કરણરાજમાં પ્રસિદ્ધ થતાં રાજા વાઘડને બોલાવી, ખાત્રી કરી, તેને કાકને છોડવવા જુનાગઢ મોકલે છે. બીજી બાજુ જુનાગઢમાં દેશળદેવ રાજા થવાના વિચારોમાં તલ્લીન થઈ કાકુ નાયકને મળવા બોલાવે છે. વાઘડ દેશળદેવને કાકને લઇને પંજણી આવવા જયસિંહદેવનો સંદેશો કહે છે. દેશળદેવ વાઘડને સોંપેલ સ્થાને મળવાનું કહી પોતે રા'ની પાસે જાય છે અને કેટલીક અંગત વાર્તાઓ કરે છે, જેથી બીજાના ઇ દેશળને ઉદ્ધાર કરે છે. પતિપ્રિયા દેવળી રાજને યુદ્ધનો હોસાદ આપે છે. રા' સામંત થાણદાર અને વજેસ નાયકને બોલાવી યુદ્ધની તૈયારી કરવાનું કહે છે, એટલામાં છત્રસાલ મરાયાના સમાચાર આવે છે.

(હવે આગળ વાંચો)

પ્રકરણ ૬ ઠું

સતીના આશીર્વાદ

મોંઘાંબાળી દેશળદેવજીનાં કુંવરી અને કાકુ ગઢવીનાં ધર્મપત્ની હતાં; સાસરું ને પીયર બંનેને ઉજાળનાર કુલદેવી હતાં. ગમાધાતણ ઉમાશ, પડછંદ ઉઠાવ, મોટું નાક, ફાટા ડોળા, તીણો અવાજ—આ બધાં એમના સ્વભાવની ઉગ્રતા અને નફફટાઇનું માત્ર આછું દર્શન કરાવતાં. તેમના હૃદયમાં કોઇને માટે કૂણું પણ લાગણી હોય તો દેશળદેવજી માટે; અને દેશળદેવજીનું હૃદય જો આર્દ્રતા અનુભવવાની તસ્દી લે તો તે તેમની પુત્રી ગાદેજ.

છત્રસાલ દેશળદેવને લઇ પીરાજદેવને લેવા આવ્યા ત્યારે મોંઘાંબાબી સાસરે જવાની તૈયારી કરતાં હતાં. એટલામાં બહાર થતી વાતચીત સાંભળી તેના રોષનો પાર રહ્યો નહીં. તે બારણા પાછળ ઉભી રહી અને ધીમું જોયું ને સાંભળ્યું; ને તેનો હાથ કેડે બોરખેલા જમૈયા પર ગયો. જોવા દેશળદેવ બહાર જવા જતા હતા કે તે બહાર આવી.

"બાબા! ક્યાં જાઓ છો?"

"મને રા'એ મારણહાર કર્યો છે" દેશળદેવે કહ્યું.

"ને તમે લઇ જાઓ છો?" છત્રસાલ સામે કૂંફાડો કરી મોંઘાંએ પુછ્યું.

"તું તારું કામ—" જેવું જવાબ દેવા જતા હતા, પણ તે પહેલાં તો મોંઘાંએ જમૈયો કાઢી તેમની છાતીમાં ભોંકી દીધો.

છત્રસાલ પડ્યા. દેશળ ને પીરાજ ગભરાઈ ગયા. મોંઘાં શાંત હતી. "બોલ હું કે જોઇ તમને મારણહાર કરે છે?" તેણે કહ્યું.

'દીકરી! તે તો સત્યાનાશ વાળ્યું" બાપે ગભરાઈને મુખે ઉખડી જાય તેમ કરડી જવાબ દીધો.

રત્નસિંહ છત્રસાલની ભોરે આવ્યો હતો તે ગભરાઈ ગયો અને એકદમ રાજને ખબર કરવા દોડ્યો.

ખબર થતાં ના થણુદાર વજેસંગ નથુ ને દાદુ ગઢવી એકદમ રત્નસિંહ સાથે આવી પહોંચ્યા પાઠળ ઘોડાક મનુષ્યો પણ આવ્યા રાજદેવી પણ બે ત્રણ દાસીઓ સાથ પાઠળ આવી

દેશળદેવની હસેડી રાજગઢીની પડખે હતી સ્વયં. ત્યાં બધા થઈને માણસને ઠરે થવાનું સુઘવી ગઢ પર સામસામા આગળ જ એકાન્ત છત્રસાલને મેં જણ દેવડી રહ્યા હતા અને દેશળદેવ પોતે. ત્યાં ઉભા હતા બહારના આ ગામથી રાજદરબારની સ્ત્રીઓ જોડે નહીં હતી

રાજા પલવાર ઉભા રહ્યા અને પોતાની નિરાશાથી દેશળદેવ સામે જોયું

દેશળદેવ! તમે શું મારું વદન જોવા ઉભા છો? થણુદાર આ પેજના મોં સામું જોયા? એમને સામસામા કરી આવ જો જરા કુમારો કરવા જાય તો રોકજો મરતી નહીં"

"બાપુ!" દેશળદેવ ગંભીરતાથી બોલ્યો આમ કરવું ઠામ નથી"

તમારું નહીં તો તમારી દીકરીનું બહુ ફેર નથી મારે એક બાજુ વધારે સમજાવવો નથી બધાં તપારો કાઢી કરો

રાજાના મુખની ઉદાસ ખેદ જે હાજર હતા તે બધા કોઈ દેશળદેવે મુખે મોટું થણુદાર તરફ જોયું અને નીચું જોઈ ચકચાર મારું

દીકરાદેવ પાઠળ ગયો જતાંજતાં દેશળે દાદુ સામે જોયું ગઢવી તેના ભાઈ તરફ ગયો હતો અને તેના ધામથી વહેતું લોહી અટકાવવાને પ્રયત્ન કરી રહ્યો હતો તે સમજી એ કરેલી નજરનો અર્થ સમજ્યો અને રાજને



તેના મોટા ઊંડા વિચારમાં લીન થતા હતા અને તે કેમથી કરતી હતી.

ગ. પર રહેવાના ફરમાનનું તમે સ્વપ્ન હતું એટલામાં ભરાયલી કરે કુ થે મ ગ આ પોં અને રત્નકુંવરી બારી બોલ્યા મુખ

બની ઉભા રહ્યા. જેમને તેનો જરા પણ સ્પર્શ થતો તે આશ્ચર્ય લેવા લાગ્યાં. તે આવીને છત્રસાલ તરફ ગઇ અને તેની સારવારમાં ગુંથાઇ. થોડી વારે તે ત્યાં બેસી ગઇ અને એક પખો લાઇ તેણે પવન નાંખવા માંડયો.

"પેલી મોઘી ક્યાં છે?" રા'એ પુછ્યું:- ને તેણે દાદુ તરફ જોયું.

અંદરના ખારણામાં કોઇ આવ્યું ને પુછ્યું: "કેમ શું કામ છે? હું આ રહી."

બધા સ્તબ્ધ થઇ ગયા. રા'ની હાજરીમાં આમ આવવું ને બોલવું એ અકલ્પ્ય હતું. આ છોકરી શું કરતી હતી?

"દાદુ! હમણાં એને પુરી મુક, પછી જોઇશું" રા'એ કહ્યું.

દાદુ બંદીને શિક્ષા કરવા ક્યારનો તલસી રહ્યો હતો. પણ રા' ને દેવડીની હાજરીથી ખચાતો હતો. રા'ની આજ્ઞા થતાં તે આગળ વધ્યો.

"મને કોણ શું કરવાનું હતું?" આગળ આવી મોઘાં બોલ્યાં. તેના મોટા ડોળા વિકરાલ લાગતા હતા અને તે ક્રોધથી કંપતી હતી. તેના હાથ હજુ રુધિરભીના હતા. તે રા' તરફ જોઇ રહી. રા'એ દાદુ તરફ જોયું.

દાદુ-નરમ બાંચારા ગઢવી-નું લોહી ઉકળી આવ્યું. તેણે કેટલાંય વર્ષો સુધીનો એ ઓડંબાનો ત્રાસ સહ્યો હતો, પણ અત્યારે તેણે તેના મોટાભાઇને માર્યા ને પૂજ્ય જેવા રા'નું તે અપમાન કરવા બેઠી હતી. તેનામાં રહીસહી વિનાશક વૃત્તિ સબળ થઇ. મોઘાંને મારવી, તેને દબાવી દેવી, તેને વશ કરવી એવું અનુચન તેનામાં તેના જીવનમાં પહેલી વાર પ્રગટયું. તે પાસે ગયો.

"દાદુ!" રાણુકદેવડીએ કહ્યું, "એને જવા દે. નકામું પાપ તું વહોરતો મા." તેના અવાજમાં મીઠાશ હતી.

દરેક જણ ક્યાં તો મોઢાં કે ક્યાં તો રાણુક તરફ જોઇ રહ્યું હતું. મોઘાં-વીરેલી સ્ત્રીશક્તિની પ્રતિમા-કોણ પોતાને ઘરે છે તેની વાટ જોતી ઉભી હતી. બાજુ પર બીના કરેલો છોડો છત્રસાલના ગોંદા પર દેરવતી સંરક્ષક વૃત્તિના અવતાર સમી દેવડી બેઠી હતી.

રા' પણ ખંડ વચ્ચે નિશ્ચયાત્મકતા દર્શાવનો ઉભો હતો. અનુનમાં અસ્વસ્થ દેખાતો દાદુ હાંફતો હતો.

આખા ખંડમાં શાંતિ પ્રસરી હતી. રાણુ બોલી રહી ને દાદુ મોઘાંનો હાથ ઝાલવ ગયો.

"રહેવા દો" મોઘાંએ અપમાનકારક અવાજે પોતાના પતિને કહ્યું, "નહીં તો જેવી તમારા ભાઇની વલે થઇ તેવી તમારી થશે."

આ અપમાને હદ વાળી. દાદુએ હોઠ પીસી હાથ ઉગામ્યો. રા' એ અધીરા બની તરવાર પર હાથ નાંખ્યો. રાણીએ છત્રસાલ તરફ નજર કરી, મોઘાં તરફ જોયું ને મૂંઝવણથી છત્રસાલના કપાલ પર આવેલા વાળ ખસેડયા.

"દાદુ! ધીરો પડ" રાણીએ શાંતિથી કહ્યું, "અંબાજીવાની કરશે તો બધાં રુડાં વાનાં થશે."

રાણુકનો અવાજ બોલતાં ધ્રુજ્યો-જરાક ગાજ્યો. ચમત્કારી પલ હોય તેમ આખો ખંડ ધ્રુજતો લાગ્યો. બધા કંપ્યા ને જાણે મોઘાંના જવાબમાં હોય, જાણે સતીની આજ્ઞાથી હોય તેમ છત્રસાલે આંખો ઉઘાડી રાણુકદેવી પર ઠેરવી.

"આ! સતીમાતા! અંબા" છત્રસાલ ધીમેથી બબડયો. બધાએ શબ્દો સાંભળ્યા. બધાની છાતી બેસી ગઇ.

ગ'ના મોઢા પરથી ઉમટતા જતી રહી તેના ગળામા આસુઓ સ ભરાયા ' મતી ! ધન્ય છે તને !"

મેઘાની આખો ઉંચી ગઇ તેના હાથમાથી જમૈયો પડી ગયો તેનુ મો ફીકકુ પડી ગયુ જાણે ભય નીવારતી હોય તેમ તેણે હાથ લબાવ્યા, આખે હાથ દીધા

' આ— ઠાકુ છે— કહી તે બોલવા વચ્ચે સભાન થઇ પડી

સતી આને બધા ભાઇઓએ માનપૂર્વક પોંખ કર્યો

રાણુકે ઉઠી અને સચેતન છત્રસાલને બીજાને સોપી, પાણીનો લોટો લઇ મોઢાને ઉપચાર કરવા આવી લોકો આ મનુષ્ય સ્વરૂપમા દેવીને આનદભેર જોઇ રહ્યા

સતી! હવે મહેને થયો દાદુ' છત્ર સાલને પણ ના ઘર ખાત' રાએ કહ્યું

' આ છોકરી જરા ભાનમા આવે ને હુ આવુ, તમે જતા થાઓ

' મારા ધણી ! આપ પધારો ' વજેસંગે કહ્યુ "હુ બાને લઇ આવુ છુ '

રાજા જોતુ કે બધા સુધી તે અહીંઆ ઉભો હતો ત્યા સુધી કોઇ બીજી સ્ત્રી રાણીને મદદ આપવાની નથી એટલ તે ત્યાથી ચાલ્યા લોકો વીખરાવા માડયા આખા ગામમા સતી માતાના ચમત્કારની વાત પ્રસરી આજુબાજુના ટોળેટોળા રાણુદેવીના દર્શન ને પાદસ્પર્શ કરવા આવ્યા ચારે તરફ ઉત્સાહ પ્રસર્યો બધે સતીમાતાના જયજયકાર થવા લાગ્યા તે રાતે આનદના ઉલ્લાસમાં ગુનાગઢે જાગરણ કર્યું

પ્રકરણ ૧૬ મું

ભવિષ્યવાણી

કેશાજી ને લાયી પાછા આવ્યા ત્યારે રા' ગમ્ભીર બની ગયા હતા તે તેની લાગણીને કેવી માનતો હતો અને ધણીપી અને પૂજક બેની ભક્તિ તેના હૃદયમા ઉછાળા મારી રહી હતી ગામનાકમા વસ્તરના ઉત્સાહ પણ તેના હૃદયમા ગીરતા ઉત્પન્ન કરી ગયો આ છતા ન સમજાય તેવો ખેદ તેના હૃદયને કકળાવતો હોય" એમ લાગ્યુ

તે ગજગઢમા જઇ કાકને બોલાવી પાછો અગાશી પર ચઢયો અને કાકને બધી સવિસ્તર વાત કહી

કાકા ! આજે તો મોનાનો સુરજ ઉગ્યો રા એ કહ્યુ, ' મારી સતીનો પ્રતાપ અપરંપર ઝળકયો છત્રસાલને તેણે જીવાડયા—ને પેની શખણીને મહાન કરી કાકા ! અપરંપર સતી તો અબામવાનીનો અવતાર છે !

અપરંપર બાપુ એ તો તમારા ઘરની ને દેશની લક્ષ્મી છે એ છે ત્યા સુધી તમારુ રાજ્ય અમર તપે છે"

' કાકા ! શાન ને સુબડ—તે કેવી બેડીબેડી છત્રસાલને સજ્જન કરી રહી હતી ! રનેહ ભર્યો અવાજે રા'એ કહ્યુ

' લોકોને પણ આનદ અજબ થયે લાગે છે '

' હા લોકો તો એની પાછળ ગાડા થયા છે કાકા ! મારી અવદશા આજથી બદલાઇ" હોઠ પીસી બેગારે કહ્યુ

"બાપુ ! તમારા જેવા સુખના દહાડા નહીં જોયા તો કોણ જોવાનું છે ?" રા એ કહ્યુ તેનો ઉધો અર્થ કરી કાકે કહ્યુ

"તે તો કોણ જાણે! પણ હું કાલેજ રાતે હવે ધસારો કરું છું. તું જોઇ લે હવે બેંગાર હાથ બતાવશે."

"ભોળાનાથ તમારું સારું કરે!"

"કાક! પણ મારા જતા પહેલાં તું અહીંઆંથી ચાલ્યો જા. હું અહીંઆં નહીં હોઉં તો તારો જીવ નાહક જોખમમાં પડશે."

"બાપુ!" કાકે કહ્યું, "મને જવા દેવાની શી ઉતાવળ છે? અને વળી આજે જાઉં ને તમારી વાત કહી દઉં તો?" તેણે હસીને વાત બદલવા કહ્યું.

"કાક! તું વિશ્વાસઘાત કરે તો પછી ભલે મોત આવે." રા'એ ગાંભીર્યથી જવાબ આપ્યો. "મને તેની ફીકર નથી. ભાઇ! કાલે વહાણ પહેલાં ચાલવા માંડજે."

"ફીક! પણ મારાથી અહીંઆં રહ્યાં કે થાય એમ નથી?"

"કાક! તારો ટેક હું જાણું છું. હું તેની આડે આવવા નથી માંગતો. પણ એટલું યાદ રાખજે કે તારો માલીક તારી કદર કોઇ કહ્યાનો કરવાનો નથી. તું મારી સાથે રહો હોત--"

"બાપુ! જેવું તમારું લુનાગઢ છે તેવું મારે પણ મારું ગામ છે. તેને લીધે તો મારે આ એકદર માલીક સ્વીકારવો પડયો છે. શું કરું?"

"તું પણ મારી માફક જંપીને બેસે નથી" રા'એ કહ્યું.

"ને બાપુ! જંપીને બેસવાનો નથી. મને પણ કૈં એવું થાય છે—"

"સતી આવી—" ઉભળાઇ બેર રા'એ કહ્યું, ને તે દાદર તરફ ઉતાવળે પગે ગયો. કાકે ઉભાડિલા જોવા કર્યું. શું સૌંદર્ય યુગલ! શી શ્રદ્ધા! ને શી નિર્મલતા! કાકની આંખ આગળ પોતાની સહચરી આવી. તે બે પણ કેવાં સુયોગ્ય, શ્રદ્ધાળુ ને નિર્મલ હતાં! પ્રભુ આવાં જોડાંને શા સારુ દુઃખ દેતો હશે, છુટાં પાડતો હશે? કાકને ક્રમકમાં આવ્યાં.

"સતી! આ કાકને પણ હવે કાઢી મુકું છું. આજે મને બધાને કાઢી મુકવાની ધુન લાગી છે" રા'એ ખેદયુકત અવાજે કહ્યું.

"એણે પણ મને ગાળો દેવા માંડી કે શું?" રાણકદેવીએ હસીને કહ્યું.

"આ! તમને ગાળો ભાંડતાં પહેલાં તો કયારનીએ હું આ છલને ખેંચી કાઢીશ. મહારાજને હવે મને દૂર કરતો છે."

"દૂર નહીં કરે તો!" રા'એ ઉમેર્યું "મારી સાથે રહી કૈં તે સુખ પામવાનો છે?"

"ત્યારે બીજે કયાં પામીશ? પછી બા, દાદુ ગઢવીની ચેરીનું શું થયું?"

રાણકદેવી હસી "થોડીક વારે તે મૂર્છામાંથી જાગી અને મને ભેટેલી જોઇ પાછી આંખો મીંચી દીધી. તેને મન તો હું જીવતી કાકણ છું"

"એક વખત એજ કહેતી હતીને કે તમે આખા સોરઠને ખપ્પરમાં લેવા અવતર્યા છો" રા'એ કહ્યું. તે અવાજ હસવાનો હતો, પણ કોણ જાણે કેમ તેમાં પણ ગાંભીર્ય સંભળાયું.

"બાપુ! નશીબમાં હોય તે જીતે ને નશીબમાં હોય તે હારે, પણ તમારા જેવો નર ને બાના જેવાં નારી કલિકાલમાં નજરે ચઢે એમ નથી"

રા'ના કપાળે કરચલીઓ દેખાઇ. તેણે જવાબ આપ્યો નહીં.

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૪૧]



ગુજરાત] રાણીએ મૂકેલાથી છત્રસાલના કપાળ પર [૧૬૮૦

આવેલા ઘાના અંકોડા



ગીરનાર પરનાં જૈન દહેરાંનું ઇ. સ. ૧૮૨૨ માં
લેવાયલું ચિત્ર.



મધ્યકાલીન જુનાગઢ

યાને

જીર્ણદુર્ગ

લેખક

પ્રો. હરિલાલ માધવજી ભટ્ટ

એમ એ

ચિત્રકાર

શ્રી રવિશંકર શિવશંકર પંડિત

પ્રાચીન જુનાગઢ અથવા ગિરિનગરના આધારે મોજુદ રહેના અવશેષોની આપણે ગયા અંકમા નિરીક્ષા કરી એ નિરીક્ષામા આપણે એક વસ્તુ જે આકી રાખી તે જુનાગઢનો ઉપરકોટ અથવા કોટનો એ કી ના ઉપર દર જમાને નવાં નવાં મરામત થવાથી તેનુ અસલનુ સ્વરૂપ અને મૂળ સ્વરૂપ એ બે વચ્ચે ઘણુ અંતર હોવુજ જોઇએ, છતા કેટલીકેક બાબતમા તે અસલ થી આજ સુધી એને એ સ્વરૂપમા ઉભો છ એમ પણ કહી શકાય ગીરનાર પર્વતની આસપાસ ફરતી આવેલી જબરાઇની જેવી ગિરિમાળાથી જરા છુટી પડી ગએલા પશ્ચિમ તરફ આવેલા એક મોટી ટેકરી ઉપર આ કીલ્લો અવસ્થામા આવેલો છ ત્રણ દિશામા તે તદ્દન દુર્ગમ છે કારણ ઉંડી ખાઇઓ થી તેની બાજુઓ બનેલી કુદરતમા બનેલી છે તેની આ બાજુ ઉત્તર તરફ આપરાબાઇઓના બોલવાનું નામ ધરાવતી ખાઇ શુરૂઆતો તરફ આવેલી છે તે આગળના અંકના ચિત્રમા આપણે જોઇ ગયા છીએ ગીરનાર તરફની બાજુ ઉપર લગભગ ૬૦–૭૦ ફુટ ઉંડાઇ સુધી કુદરતી ખડક ઉભો છ અને તેના ઉપર ચણેલી દીવાલ આશરે ૧૫–૨૨ ફુટ ઉંચી હશે તે ચિત્ર પરથી સ્પષ્ટ જણાય છે આ ચિત્રમા મુસલમાન સમયમા બાંધવામા આવેલા જુનાગઢ રહેવાના કોટનો આશરે ૮ ફુટ ઉંચા આરનો ઉપરનો ભાગ તથા બાંધણી પણ એક બીજાથી જુદા પડતા સ્પષ્ટ દેખાય છે જે સમય મા લડાઇ તીરબંદુકોથી અને તદ્વત બંધાતી તે સમયમા આ કોટના રેતલુ બધુ કામ આપી શકે એ સ્વભાવિક સંભવનીય લાગે છે એ ઉપરકોટના કીલ્લાની અંદર જુનાગઢ શહેર આવેલુ હશે એમ અનુમાન થાય છે અને પુરાતનમા જેમ જુના વખતનો મોટુ તેમ મુસલમાને વખતે કીલ્લાની જરા નીચી સપાટી મા આવી છે અને અંદર અને બહાર એમ કરી પોતાની રક્ષા કરે એવા રચેલા હતા

જોઇએ–એ ઉપરકોટની અંદર મળી આવતાં રાજમહેલો, કોઠારો અને ખાસ કરી મોટી વાવો ઉપરથી સ્પષ્ટ જણાય છે. આ કીલ્લાની પ્રાચીનતા દર્શાવનાર એક સ્થાન હજી અસલ સ્થિતિમાં ઉભું છે તે તેની અંદરનો દરવાજો છે. એ દરવાજાની બહાર મોટી ગંજાવર કદની હનુમાન અને ગણપતિની મૂર્ત્તિઓ છે, અને તેમને નમસ્કાર કરી આગળ વધતાં એ વચલો દરવાજો આવે છે. મુસલમાનોએ સ્થાપત્યમાં ગોળ કમાન શોધી કાઢી તે પહેલાં હીંદુ સ્થાપત્યમાં જે રીતે કમાનને બદલે એક થર અને તેની ઉપર વધારે આગળ આવતો બીજો અને એ રીતે બંને બાજુથી આવતા પથ્થરો પર મુકવામાં આવેલી એક લાંબી શિલા એ આપણે આ દરવાજામાં જોઇએ છીએ; અને તે ઉપર આપણી જુની પદ્ધતિનું તોરણ ચીતરવામાં આવ્યું છે. એ ઘણી જુની હીંદુ કારીગરીનો ઉત્તમ નમુનો અહીં હજી વગર ખંડિત થયે આપણે જોઇ શકીએ છીએ.

પણ ઉપરકોટનાં બીજાં સ્થાનોનું નિરીક્ષણ કરતા પહેલાં આપણે જુનાગઢનો ઇતિહાસ જરા વિચારી લઇએ તો સુગમ પડશે.

આપણે જોઇ ગયા કે જુનાગઢનું પ્રાચીન નામ ગિરિનગર હતું. તે રુદ્રદામનના લેખમાં તેમજ ટૅલમી તામ્રપત્રોથી સિદ્ધ થાય છે, અને આ ગિરિનગર શહેર ઇ. સ.ના સાતમા સૈકા સુધી વસતું હતું એ આપણે હ્યુએનત્સંગના લેખ ઉપરથી અને બીજાં પ્રમાણોથી જાણીએ છીએ. પણ ત્યાર પછી ૪૦૦–૫૦૦ વર્ષનો અવધિ તદ્દન અંધારામાં છે. તે સમયમાં સૌરાષ્ટ્રમાં ચાલતી દંતકથાઓ પ્રમાણે જુનાગઢ ઉજ્જડ હતું અને તેની આસપાસ ગીચ બાવળની ઝાડી થઇ ગઇ હતી. એટલે આ સમય માટે એટલું અનુમાન થાય છે કે જે વખતે વલ્લભીપુરનો નાશ થયો તેજ વખતે જુનાગઢનો પણ ભંગ થયો હશે.

એમ કેટલોક સમય ગિરિનગર ઝાડીમાં રહ્યું ત્યારે ત્યાંથી આશરે પાંચ ગાઉ પર આવેલું વંથળી ગામ સૌરાષ્ટ્રની રાજધાની હતુ એમ જણાય છે. વામનસ્થલી ઉપરથી એ ગામનું નામ વંથળી થયું લાગે છે. તે ગામમાં વામનજીનો મહિમા ઘણા કાળથી ચાલતો હશે, કારણ રુદ્રદામનના લેખમાં પણ વામનજીની સ્તુતિ છે, અને ગીરનારની બીજી બાજુએ આવેલું બીલખા ગામ એ બલિસ્થાન તરીકે પ્રસિદ્ધ છે.


એ વંથળી ગામમાં ચુડાસમા નામના યદુવંશી રાજાઓએ પોતાનો અમલ સ્થાપ્યો. અપ્પએશીઆમાં મુસલમાનોનું જોર જેમજેમ જામતું ગયું તેમતેમ અફઘાનીસ્તાન અને પંજાબમાં વસતી જાતિઓ ઉપર તેમનું દબાણ થવા લાગ્યું અને એ દબાણને પરિણામે એ જાતિઓ ધમુ ને ધમુ દક્ષિણ તરફ ફેલાવા લાગી. એ જાતિઓમાંથી એક જાતનો એક ફાંટો સીંધમાં વસ્યો અને બીજાએ રાજપુતાનામાં જેસલમીરમાં પોતાની સત્તા જમાવી. સીંધમાં વસેલી જાત પોતાને સમા તરીકે ઓળખાવતી હતી. તેમાંથી વળી એક ફાંટો એ વંશના પ્રખ્યાત રાજા ચુડચંદ્રની સરદારી નીચે આવીને સૌરાષ્ટ્રમાં વસ્યો અને ત્યારથી એ વંશ ચુડાસમા એ નામે ઓળખાતા લાગ્યો. પરંતુ જાડેજા નગરના ભટ્ટી રાજા, જેસલમીરના રાવલજી અને સૌરાષ્ટ્રના ચુડાસમા એ સર્વ એક વંશમાંથી નીકળ્યા છે અને તે યદુવંશી છે એમાં સંશય નથી. તેઓની ચાલચલગત, રીતભાત સર્વ સરખાં છે. રાવલજી એ નામ જેમ જાડેજાને

લગાડવામાં આવે છે તેમ જુનાગઢના ચુડાસમા રાજાઓનાં નામમાં પણ એ નામ જોવામાં આવે છે–રા' મંડલિક, રા' ખેંગાર, રા' ગ્રહારીઓ, રા' ક્વાત વગેરે. તેમજ જેસલમીરના રાજાઓને પણ રાવલજી કહી બોલાવાય છે. આ સમાવંશના ચુડચંદ્ર રાજાએ સૌરાષ્ટ્રમાં પોતાની સત્તા જમાવી આસપાસના બધા રાજાઓને પોતાના ખંડીઆ બનાવ્યા હતા એમ જુનાગઢ પાસે ધંધુસર ગામમાં આવેલા શિલાલેખ પરથી સ્પષ્ટ થાય છે. આ વંશમાં મંડલિક રાજા બારમી સદીની શરૂઆતમાં થયો ત્યાં લગી તેની ગાદી વંથળીમાં હતી; ત્યાર બાદ રા' ખેંગાર નામના રાજાએ કીલ્લો જુનો દેખી જુનાગઢનો કીલ્લો સમો કરાવી ગામ વસાવ્યું; અને એ પ્રમાણે જુનો કીલ્લો વસાવ્યો તે પરથી તેનું નામ જુનાગઢ પડ્યું. કેટલાંક જૈનપુસ્તકોમાં એનાં ઘણુંદુર્ગ અથવા ખેંગારદુર્ગ એવાં નામ પણ મળે છે. આ ચુડસમા વંશના રાજાઓએ સૌરાષ્ટ્ર દેશ ઉપર ઇ. સ ના દસમાથી ૧૫ મા સૈકા સુધી રાજ્ય કર્યું અને તેનો છેલ્લો રાજા રા' મંડલિક ઇ. સ. ૧૪૭૨–૭૩ માં ગુજરાતના સુલતાન મહમદ બેગડાને હાથે પરાજય પામી, મુસલમાન ધર્મ અંગીકાર કરી પછી અમદાવાદ જઈને રહ્યો અને તેની કબર અમદાવાદના મણેકચોકમાં આવેલી છે.

આ ચુડાસમા રાજાઓએ જુનાગઢ ફરી વસાવ્યું. તે શહેરનો મુખ્ય ભાગ ઉપરકોટના કીલ્લાના અંદરનો ઘેરો જોઇએ. તે સમયમાં વખી આવતા દુશ્મનો સામે બચાવ કરવા માટે કીલ્લાઓ બાંધવામાં આવતા અને તેવા કીલ્લાઓમાં ઉપરકોટનો કીલ્લો અત્યાધારણ મજબુત અને દુશ્મનોને હંફાવે એવો છે. અને જુનાગઢના ઘેરાઓની જે જે વિગતો મળી છે તે પરથી એ કીલ્લો વર્ષો સુધી દુશ્મનને હંફાવે એવી જાતનો હતો અને તે બીનાની એના જોનારને ખાત્રી થાય છે. ઉપર કોટમાં ચુડાસમાના વખતના અવશેષોમાં બે મોટી અડીચડી નામની વાવ અને ત્રીજો એક નોંધણ કુવો એ ખાસ છે. કીલ્લાને વર્ષોનાં વર્ષો સુધી ઘેરો ચાલે તો પણ અંદરની વસ્તીને મુશ્કેલી ન આવે તે માટે પાણીનાં સાધનો જોઇએ, અને તે પુરાં પાડવા માટે ઘણા ખર્ચ અને મહેનતને ભોગે આ જલાશયો બંધાવેલાં લાગે છે. તેમાં નોંધણ કુવો તો આજના જોનારને હૈરત પમાડે એવો છે. આ કુવો ૧૭૦ ફુટ ઊંડો છે અને તેમાં ઉપરના પચીસેક ફુટ બાંધકામ કરવામાં આવ્યું હશે; પણ બાકીનો બધો ભાગ તો પથ્થરમાંથી કોતરી કાઢવામાં આવેલો છે અને જમીનનાં જુદાંજુદાં પડની કસો તેમાં સ્પષ્ટ દેખાય છે. વળી એ કુવાની અંદરની બાજુ કોરીને તેમાં ફરતી ગોળાકાર સીડી કરવામાં આવી છે અને તેમાં પ્રવાસ અને અજવાળાં માટે મોટી બારીઓ મુકવામાં આવી છે. આ સીડીને ૨૩૫ પગથીઆં છે જે માર્ગે પાણી ભરનાર માણસ કોઇ પાણી સુધી સહીસલામત પહોંચી શકે છે. કુવાની બહારની બાજુએ એક સુંદર મસ્જીદ બાંધેલી છે જે બતાવે છે કે આ કુવો ચુડાસમા ઓના કરતાં પણ પુરાતન સમયનો હોવો જોઇએ અને પાછળથી ચુડાસમા રાજાઓએ તેમાં સુધારો વધારો કરાવેલા હશે.

આ સીવાય ચુડાસમાની નીશાની તરીકે ઉપરકોટમાં આવેલી મહમદ બેગડાએ કરેલી મસ્જીદ છે. આ મકાન ઘણું પુરાતન હોવું જોઇએ અને પાછળથી તેમાં ફેરફાર કરીને મુસલમાનોએ તેની મસ્જીદ બનાવી દીધી હોય એ સ્પષ્ટ દેખાઇ આવે છે. તે અસલ કોણ

રાજમહેલ હતો અને તેની પશ્ચિમની બાજુમાં યોગ્ય ફેરફાર કરી તેની મસીદ કરવામાં આવેલી લાગે છે. દક્ષિણ દિશા તરફની એક બારી હજી મોજુદ છે જેના ઉપરની નકશી પુરાતન હીંદુ સ્થાપત્યની બની આપે છે. રાજસ્થાનના કર્ત્તા કર્નલ ટોડ ઈ. સ. ૧૮૨૨




ઉપરકોટમાં રા' મંડલિકના મહેલની બારી.

માં ગીરનાર ઉપરના સંપ્રતિ રાજાના મંદિરને નામે ઓળખાતા દેવળના આગલા ચોકમાંથી લાવી અહીં મુકવામાં આવ્યા હોવા જોઇએ એવા ટોડનું અનુમાન છે; અને વચમાં એ ગોળાકાર સ્તંભશીર્ષ આગળના ભાગમાં ચોરસ કારીગરીવાળા સ્તંભોની મોટી લાંબી હારની હાર આવે છે. એ સ્તંભના બે નમુના પણ એ ચિત્રમાં સામા ખુણા ઉપર દેખાય છે. આ મકાન એ રાજમહેલમાંથી મસીદનું રૂપ પામ્યું છે એની હકીકત પણ સાક્ષી પુરે છે. રા' મંડલિકના વિનાશનો ઇતિહાસ કહે છે કે, તે પોતાના રાજ્યના આશ્રિત એક ચારણની સ્ત્રી ઉપર આશક થયો હતો અને તે સ્ત્રી ઉપર બળાત્કાર કરવા જતાં તેને શ્રાપ આપવામાં આવેલો હતો. એ ચારણીઆણી નાગબાઇના કુદા પણ પ્રચલિત છે અને કાઠીઆવાડના કંઠસ્થ સાહિત્યમાં ભાણ કવિ ગોવિંદ કવિએ એ બેકડા કર્યા છે:

ની નાલમાં કાઠીઆવાડની મુસાફરીએ આવતા હતા તેમણે આ બધાં સ્થાનો ફરી તેનું વર્ણન Travels in Western India નામના પુસ્તકમાં આપ્યું છે. તેમનો અભિપ્રાય એવો હતો કે આ જુમામસ્જીદને બાંધવા માટે એ ત્રણ જુનાં હીંદુ અને જૈન દેવાલયોના સ્તંભો વગેરે બીજે સ્થાનેથી ઉપાડી લાવી અહીં મુકવામાં આવ્યાં લાગે છે. ઉપરકોટની જુમામસ્જીદના દેખાવવાળા ચિત્રમાં વચમાં જે ગોલ થાંભલા છે એ ગીરનાર ઉપરના સંપ્રતિ

ચલાવી શક્યું હતું. રા'ખેંગાર અને સિદ્ધરાજના પ્રખ્યાત યુદ્ધમાં રા'ખેંગાર ઉપરકોટનો બચાવ કરતાં મરાયો, પછી રાણકદેવીને લેવા સિદ્ધરાજ ગીરનાર પર ગયો અને ત્યાં રાણકદેવી અને તેના બે પુત્રો તેના હાથમાં આવ્યાં. ગીરનાર ઉપરથી ઉતરતી વખત રાણકદેવીએ ગીરનારને પણ શાપ આપેલો છે અને તેને પરિણામે ગીરનાર પર્વત પડવા માંડયો, પણ શકતા નથી; પણ ચંદ્રપ્રભના લેખમાં ઉલ્લેખ છે કે ચક્રપાણિએ વિષ્ણુનું મંદિર બંધાવ્યું હતું જે ઊર્જયંતાગ્રસ્થ ઉપર પ્રભુત્વ કરતું હોય એમ જણાય છે. આ વર્ણન ઉપરથી જે મંદિર તે કદાચ આ સ્થાને હોય એમ અનુમાન થાય છે. તે પછી ગતમી સદીમાં કયુએ-ત્સંગના વર્ણનમાં ઊર્જયંતાચલ ઉપર બૌદ્ધ સાધુઓ પર્વતની બાજુમાં કોતરી કાઢેલી મહા-



હાથોદરા કુંડ અને દીવાન હરિદાસે બંધાવેલા પુલ.


કરી રાણકદેવીએ તેને ઠપકાર્યો એ રાણકદેવીના કુદાકાઓમાં પ્રસિદ્ધ છે અને તે ગોદી ત્રિપાનો બહુ આજે પણ યાત્રાળુઓનું ધ્યાન ખેંચે છે.

આ પ્રમાણે ગીરનાર અને ઉપરકોટમાં મુસલમાના વખતના છુટાંછુટા સ્મારકો 'જરમે' એ નામે ઓળખાય છે. આ પહાડ અસલ પર્વતની બાજુમાંથી કોતરી કાઢેલું છે અને તેનું મૂળ સ્વરૂપ કેવું હતું તે અત્યારે આપણે કહી એમાં રહેતા એવો ઉલ્લેખ પણ આપણે જોઇ ગયા છીએ એટલે આ સ્થાનને તે વર્ણન પણ લાગુ પડી શકે. તે પછી પણ મુસલમાનોએ જુનાગઢને પોતાની રાજધાની બનાવ્યું ત્યારે ઉપરકોટનો કોટ સમારી તેમાં રહેવાનું કર્યું તે સાથે ગીરનાર ઉપર પણ પોતાના મકાનો બાંધ્યા અને મુસલમાનના સમયમાં ઉપરકોટ-માંથી નીકળી ગીરનાર ઉપર જઇ રહેવાનાં

ચિ હ્ન દૃષ્ટિએ પડે છે ન રે ત ગિરિનારના વખતમાં તેમજ આ સમયમા ઠકુરનો અમુક ભાગ કી વાની બહારની આજુ પણ વમનો હશે એમ અનુમાન થઇ છે પ્રખ્યાત વૈષ્ણવભક્ત નરસિંહ મહેતાનુ નિવાસસ્થાન કર્યા હતું તે અત્યારે નિશ્ચિત નથી પણ તમને રામલીયા વગેરે હતી તે સ્થાન અત્યારે બતાવવામા આવે છે તે કીર્તન મંદિરની બજુ છે અને એ ભાગમા અમુક વસ્તી હતી અને સ્થાના વમળમાં તે ભાગ ઉજ્જડ થયો હશે એમ અનુમાન થઇ શકે છે પણ એ સબધે નિશ્ચિત અભિપ્રાય આપવાનુ અત્યારે મુશ્કેલ છે




૪૦ વરસની જુની અને અનુભવી દુકાન
સાન અને દમદાર ઘડીઆળો મેળવવાનુ
માનીતું મથક



પધારો અને ખાતરી કરો

અમારા ત્યા હમેશાં દરેક મેકરના ખાસ નવા ટાઇમ પીસ તથા મોટા ઘડીયાળો તેમજ તાજા અને ડુપ્લીકેટ કેશનના જુદા જુદા કપના કફલીંકસ તથા દરેક ટાઇમ પીસ વગરે પણ ઘણાજ કીફાયત ભાવથી મળશે



રીપેરીંગ કામ પણ ખાસ કાળજી ભરી મેનેજમેન્ટ હેઠળ અમારી દેખરેખ હેઠળ કરી આપવામા આવશે
મોર્ડન કલોક માર્ટ ઓડર માટે ૨૦ વરસ મેકનુ

મોહનદાસ કમળાણી

Telepho e 5625
Telegrams Clock Tower

મળવાનો પત્તો ખાજીના મુકામે ન ૨

શેઠ વીરચંદ દીપચંદ

("સ્મરણમુકુર" લેખાંક ૨૨)

લેખક :
રા. નરસિંહરાવ ભોળાનાથ
બી. એ., સી. એસ.

આજના મુકુરપ્રતિબિમ્બને વાચકની સમક્ષ રજૂ કરવાની પૂર્વે એક પાત્રનું દર્શન—અપ્રાસંગિકતાનો દેખાવ કરીને પણ—કરવાનું મન થાય છે. મ્હારા પિતા-સમયના જૂના ઘરના નોકર—નોકર નહિં, પણ માનના કે-કારનો પ્રસન્નમુખો શેષ વગરો જ્યારે તે દૃષ્ટિએ પ્રાચીન કાળની શરમ્યાના સંપ્રદાયો જેના ઘરના, કુટુમ્બના અંગભૂત,—ધનેશ્વર મહારાજ હતા. હેમનું ભણતર સાત ચોપડામાં કાગળપત્ર લખતા જેટલું, સાધારણ હિસાબ કરી શકવા જેટલું હતું: પુસ્તકોનું વાચન તો નહિ જ હતા હેમની બહુશ્રુતતા આસપાસનું હતીઃ વ્રજભાષા-માં અનેક રસનાં કવિતો, અંગ્રેજી વાક્યોના ટુકડા, સંસ્કૃતનું શબ્દજ્ઞાન, અદ્વૈતમતના સિદ્ધાન્તો નો બાલ્ય પરિચય,—એ સર્વ હેમનાં આકા ક અને ઉપયોગી હતાં, કે જૂ મુંબાઈ પ્રોવિન્સના અભ્યાસ માટે રહ્યો ત્યારે મ્હને સંભાળવાને મૂકેલા ધનેશ્વરની પાસેથી, હેમના વાર્તાલાપોમાંથી, જ્ઞાનનો જથ્થો કાંઈની પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગ નથી, આપી એ કૃપિણ ચારના પ્રસારમાં મરણ પર્યંત કુટુમ્બમાં રહેલા પુરુષને સ્મરણ-મુકુરના એક સ્વતંત્ર ચિત્રનો વિષય બતાવી સકાય. હમારા કુટુમ્બની, જુના કુટુમ્બમિત્રોની અનેક રમ પડી વાતો નિરાંતની વખતે ધનેશ્વર મહારાજ કહેતા તેમાં શેઠ વીરચંદ વિશેની એક દફીકત મ્હને કહેલી તેથી મ્હારા વાચન માટે પ્રમાણનું મણ ધનેશ્વર મહારાજને બતાવીને કહું છું

અમદાવાદ કાઇન્ટ્રકના જૂના સમયમાં હેડમાસ્તર તરીકે કર્નલ સાહેબ કરીને એક હતા. (રણછોડભાઈ ઉદયરામે પોતાના એક નાટકનું "રોમન બ્રેવ કર્નલ સિમાને વિષે ખાને * * * ગુરુશિષ્ય સંબન્ધ બાપકો ચાહો ઝાઝો" ઇત્યાદિ વચનો વાળા છપ્પામાં આપેલું એ કર્નલ સાહેબને કર્યું છે:—તો) જૂના મેદાનમાં હાલ મિડલ સ્કૂલ છે તે મકાનમાં હાઇસ્કૂલ હતી. એ સ્કૂલના ઓટલા ઉપર, "મથુરો કરસાનો" ધર્યો કરનારો એક વૃદ્ધ વણિક કોરણો બજારને, કર્નલ સાહેબને કહે છે: "સાહેબ! મ્હારા પીતિયાને દાઢ.....બજાવનને" એ સાદા વણિકનો પુત્ર

પ્રશ્નોની પુનઃ પુનઃ આવૃત્તિ અને રૂપાન્તર રચનાથી આમ જણાવવા લાગ્યા, અને કમને–નિત્ય પરિચયને લીધે આશ્ચર્યભાવ અતંદ્રય લાગવાથી રમૂજવૃત્તિ જ પાસુ નજરે પડ્યું.

વીરચંદ શેઠની કદાવર, પ્રતાપભરી, મૂર્તિ સર્વે કોઇને આકર્ષણ કરે તેવી હતી. ઊંચાઈ પ્રમાણ, શરીરનો બાંધો જોરાવર, આંખોનો મુદ્રાનો તેજભરી, વાણીનો નાદ પ્રભાવ-ભર્યો, આ સર્વ બાબતોથી ઊંચાઇ અને લાંબા શરીરે પહેરેલો લાંબો ડગલો—એ બે વસ્તુ-ઓથી મ્હારા બાળમિત્ર વરજરાય સતોકરાય દેસાઇના મન ઉપર વિલક્ષણ છાપ પડી હતી: ઇ. સ. ૧૮૭૫ ના અંત ભાગમાં મુંબાઇમાં ચીનાબાગમાં તેમને પ્રથમ વરજભાઇએ દીઠેલા; તે વખતે જ, કે તે પછી તે યાદ નથી, પણ વરજભાઇએ, પોતાના રમૂજી સ્વભાવ પ્રમાણે વીરચંદ શેઠના દેખાવનું સંક્ષેપસ્વરૂપે આમ વર્ણન બાંધ્યું હતું: "મ્હારા ઊંચા ઊંચા શેઠ, મ્હારા નીચા નીચા ડગલા; મ્હારા નીચા નીચા ડગલા, મ્હારા ઊંચા ઊંચા શેઠ"—આમ 'સો હાસ કહેા લાડુ પાવડી, અભાવ મેરી માવડી; અભાવ મેરી માવડી, સો હાસ કહેા લાડુ પાવડી"—એ નાગરોમાં લગ્ન પછી ગવાતી—બોલાતી—પંક્તિઓની અનુકૃતિમાં એ વર્ણન સંભળાયું હતું.

વીરચંદ શેઠ એટલે સાહસ, પરાક્રમ, ઉત્સાહવૃત્તિ: કેમને પોતાના કરતાં જરાક ઓછી ઉત્સાહશક્તિમાં તો નિસ્તેજતા જ લાગવાની. મુંબાઇમાં એક વાર મ્હારા પિતા ચીના-બાગમાં મોરારજી શેઠને ત્યાં ઊતરેલા તે વખતે વીરચંદ શેઠ રોજ મળતા ત્યારે કોઇ વાર મ્હારા પિતાને વીરચંદ શેઠ જોરથી કહે છે:—"જોષી-નાથભાઈ! જુઓ, જુઓ, તમે કેવા બાપકા છો! છોકરાઓને ઘરમાં શા માટે પૂરી રાખોછો? મોકલો એકને વિલાયત, બીજાને અમેરિકા, ત્રીજાને વળી બીજે કાંઇ મોકલી દો." મ્હારા પિતા હસ્યા! શો જવાબ દે!

વીરચંદ શેઠની વાત કરવાની રીતમાં બે રમૂજી લક્ષણો હતાં: એક "કેમ વારું?" અને કોઇ વાર "સમજ્યા કની?" એ બે આંચણીનાં વચનો, વાક્યે વાક્યે ગોઠવતા; તે "કેમ વારું" ઉપરચઢયા હોય ત્યારે "કેમ વારું" જ ચાલે, અને "સમજ્યા કની" નો પવન વાતો હોય તો "સમજ્યા કની" ની જ પરંપરા! બીજું લક્ષણ એ કે પોતે બીજા વિચારમાં રોકાયલા હોય તોપણ, આપણી વાત સાંભળતે કહેશે,—"હાં; પછી હેણે શું કહ્યું!" પછી "ત્યમે થ કહ્યું?" એ પ્રશ્નના જોડકાની પરંપરા ચાલી જ જાય; આપણે અનેક વાર ઉત્તર કહ્યો હોય છતાં.

કેમની absent-minded અન્યમનસ્ક ટેવનો એક બીજો દાખલો: એકવાર હુનાળાની ઋતુમાં મ્હારા પિતા, મ્હારી મ્હોટી બ્હેન, વગેરે ચીના બાગમાં ઉતરેલાં; લાંબી મુદત રહેલાં; વીરચંદ શેઠ રોજ મળતા; એક વાર બરે બપોરે બબે લાલ રંગની કસબી કોરની શાલ નાંખીને વીરચંદ શેઠ આવ્યા મ્હારી બ્હેન કહે: "શેઠ! આ હુનાળા-ના શાલ!"—— "કાં શાલ કોડી છે?" એ ઉત્તર તરત ગળ્યો.—શાલ ઉકેલી-ને ઓઢી ન હોતી એમ ઉદ્દેશ હશે તો જુદી વાત.

એ વખતે અમદાવાદના હમારા પરિચિત ગર્વિષ્ઠ—ગાંધર્વ કેવલદાસ કેમના સાજંદા-ઓની સાથે હમારી ભેટો આવેલા. ઓખા-હરણ માઈ વગાડીને સભાળાવવાની કળા કેવલદાસની પ્રખ્યાત હતી. ચીના બાગના બંગલાના પાછલા ભાગમાં માંડવા જેવા

અપરાધ નીચે રોજ રાત્રે ઓખદરજીની કથા થતી હતી. દેવવાચ અજરેવા તો સા. કમાઈની આશાથી પણ ગતાગમનેમા કમારૂ કુટુમ્બ મરણ, મોરારજી શેઠને ચેદથી કોઈ કોઈ પ્રસંગે વીરચંદ શેઠ વખતો વખત ભણવામા બાધારૂપ પાડુરમ (હમ કોર્ટના ટ્રાન્સલેટર) વગેરે દમ વીમ બધુ જ થતા આમ કરતી વીરમતા અનુસારી રીતે થઈ વીરચંદ શેઠને ગમ ના પડતો એકવાર રાત્રે કથાની વચમા વીરચંદ શેઠ કહે છે— 'બાલિયા'! (હતેદલને અમદાવાદમા પ્રેમ કરી શેઠના ઘરમા હેમના વડુચ ના મબન્ધથી 'બાલિયો' કહીને બધા બોલાવતા, તેથી 'બલિયા!)—કાઈ તમને ગાતરન!' કુમાર વીર દત્યાદિક રસનુ ઓખદરજ જૈન ધર્મના તત્વ જોડે કી રીતે મેકવાય! પણ આ બાબતોમા ઓખદરજુ ની કથાની નિષ્ફળતા મળ જોને સૂચવી

આ વખતની દરકી મુબારામા સ્થિતિમા એકવાર છોકરીઓ માટે મારા ૨૨ સોપારીની પુરકીઓનો પ્રશ્ન નીકળતા મ્હારી મ્હેનને વીર ચદ શેઠ કહે છે યુધ્ધિષ્ઠના ઘરે તો મ્હારી દીકરીને માટે બે પર રાખ્યાછે —હમે બજત થયા યુધ્ધિષ્ઠન કહે શેઠ! એક કન્યા માટે બે વર!' ઉત્તર—'બે છોકરાને બણાવવુ સારો કે ગમશે દહેની સાથ બજત કરાવીશ

હુ શેઠ્યપુરમા છ વર્ષ રહ્યો તે દરમ્યાન ન્યા વગેરે કમિશે અમદાવાદ જતે આવતે મુબાઈ કોન્ટ્રાક્ટનુ તો મનું જ એકવાર ચીના નામના મોરારજી શેઠને ઘેર એક મિજલસ હતી, દિવસના ભાગમા જ હતી પણ નાચ હતો લોકોની સખ્યા ઘણી હતી મોરારજી શેઠને મહિસુર રાજ્ય સાથે સારો સબન્ધ હતો આ મિજલસમા પાચ છ અગ્રેજ મહિસુરના અધિકારી વગ માના આ પા હેમને દાબણ કરતી વખતે વીરચંદ શેઠ આગળ ચાલતા ચાલતે કોઈપણ બ્રાતાને ઉભેલા વિના, બારણાને પૂર્વ, પશ્ચિમ ઉત્તર દક્ષિણ મર્મ દિશાને કહેવા લાગ્યા 'Mysore officers!' —આમ એક સર્વસામાન્ય નિશાણ આપીને શેઠ નિવૃત્ત થઈ ગયા કોઇના ગાનમા વૃદ્ધિ ના થઈ, કાર્ય કુટુદકલહતિ પણ ભારી નહિ કારણ પૂર્વનિ મ હેમના મુદ્દ કકડના ઘોળાં શર્ટ અને અદર ગેરા ધડિવાળો વિચિત્ર દમાના વિદેશી મૂકરયો—એ ચિત્ર પ્રગટ થયુ મિજલસમા સમાઈ ગયુ

મ્હારા સ્મરણમુકુરના ચિત્ર પણ મકુરમાં અદિ સમાયી દરકુ

પણ એ મકુરચિત્ર સમાઈ કરતે કરતે— રેલ મૂર્ત —બુદ્ધિબળ કરતી કાઈક બાજરી આખ્યાયાથી સમજાવના સ્થિત થેતી પાકા વૈરાગ્ય નીચ। દેહ જોડે હોઠ બીજી દહન અને દમાના મિશ્રભાવ ભાગ કરતી જીવ કદાચર ધાટની દેહયષ્ટિમા દત્તા પ્રમદની એ મુકુરમા સ્થિર ૧૨૫ બનવ કેમેર પોતાનુ કતબ્ય કરી લેજ અને ગોપવી જેવ અસલના સ્થાના ગામડામા ઉત્પન્ન થયલો મુબાઈ નગરમાં બ્રોકર ધ્યેયમા અમરચાન મેળવનારો આપણનો આ પૂર્વ નમૂનો સ્થિર પતિનિષ્ઠ મરતા બનવે



પુનર્જન્મ

રચનાર:
ર. સ્નેહરશ્મિ

૧

ગર્જન કરતા વાયુ વાયે,
આકાશે વાદળ ઉભરાયે,
ગાજવીજ ને ભડકા થાયે,
ત્યમે ધગધગતા અંગાર!

તોફાને પર્વત ડોલે,
સ્થાવરજંગમ આખ ન ખોલે,
માનવ-ચિત્ત ચકમાં ચમકાળે,
ગર્જન કોણ કરે ભયકાર?

આવે મૃત્યુગીત ગજવી—
નવ અવતાર! નવ અવતાર!
વિરાટ પગલે જગ ધ્રુજવી,
નવ અવતાર! નવ અવતાર!

આવે મૃત્યુગીત ગજવી,
વિરાટ પગલે જગ ધ્રુજવી,
દાનવ કેરાં પીર ઉઠાવી,—
રૂદ્ર તણો એ નવ અવતાર!

૨

શ્વાસેશ્વાસે જગ સળગાવી,
ઝુગજુગ કેરી નીંદ ઉડાવી,
આધમાં ઓનાં ઉર કંપાવી,
ધુમે મહી એ નવ હથીઆર

ગીતા કેરા મંત્ર ભણીને,
પગલે પગલે તિમિર હણીને,
ક્ષીરતાની ઘોર ખણીને,
કંપાવે હૈયાંના તાર!—

જય ઘોડે બેસીને આવે—
નવ અવતાર! નવ અવતાર!
કાનેકાને શંખ કુંકાવે,
નવ અવતાર! નવ અવતાર

જય ઘોડે બેસીને આવે,
કાનેકાને શંખ કુંકાવે,
તાંડવથી જગને કંપાવે,
આજે એ દૈવી અવતાર!

દુર્બળના મદ નષ્ટજ કરતો
જર્જર ખોખાઓ સહુ ખરતો,
રસરસ નવચેતનથી ભરતે
આવે કરતો જય જયકાર

જિત જિત જય ધ્વજા સૌ ફરતો
નિર્ભયતા ઉરઉરમા ભરતો
રવતવતા મત્ત મજબૂતો
કરે વિશ્વમા નવ ચમકાર

ઝાઝાવાને વિશ્વ જગાડે —
નવ અવતાર નવ આવતા
મનમનમા કરી મેલ ભગાડે
નવ અવતાર નવ અવતાર

ઝાઝરને વિશ્વ જગાડે
મનમનમા કરી મેલ ભગાડે
ઉરઉરમા નવી તલપ લગાડે
કરે સદા એ જગ-ઉધ્ધાર

સૃષ્ટિ નવી એ નયનો આજે
સ્નેહગીત જય સૌને રાજે
સ્વાર્થ છુપાવે મુખ જ્યા લાજે
જેવા જગમા અણીધાર !

આવા ભાવત કર ગાતા
કુ થયા કે પડદે પાછે
ની પ્રભા ેવાની ભાળો —
થ ! વિશ્વ તણો કુધાર !

આજ કેવી ીત ગુજવે,
નવ અવતાર નવ આવતાર !
વિરાટ પગને કેય સજવે
નવ અવતા નવ અવતાર

આજ કેવો ગીત ગજાવ
વિરાટ પગને કે ય સજવ
દાનવ કેરા કેર ભગાવે
દલ એ નવઅવતાર



સ્વીકાર

ભવિષ્યચંદ્રોદય (શક ૧૮૪૬ નું ભવિષ્યફલ): લેખકઃ પંડિત રા. મણિશંકર હરિશંકર જોશી; પ્રકાશકઃ મેસર્સ વર્ધમાન એન્ડ સન્સ, મુંબાઇ નં. ૪. મૂલ્યઃ રુ—૦—૮—૦

સ્વીકારના પ્રમાણપુરસ્સર આપવામાં આવેલો આ વરતારો સામાન્ય રીતે જનસમાજને ઉપયોગી થાય તેવો છે તોપણ તેના સત્યાસત્યનો નિર્ણય અનુભવપરથી કરી શકાય.

રાજનરાણી: (સૌરાષ્ટ્ર સાહિત્યશ્રેણી-વર્ષ ૨, ક્રમાંક ૧): મૂલ લેખકઃ કવિ-રવીંદ્રનાથ ટાકુરઃ અનુવાદકઃ રા. ઝવેરચંદ મેઘાણી; પ્રકાશકઃ રા. અમૃતલાલ દલપતલાઇ શેઠ, રાણપુર, કાઠીઆવાડ. મૂલ્યઃ રુ. ૦—૧૦—૦.

કવિવર ટાગોરનાં પુસ્તકોના અનેક અનુવાદોમાં આ એક વધારો છે. નાટકનું વસ્તુસ્વરૂપ અને તેનો અનુવાદ જોતાં વાંચકવર્ગના હૃદયમાં તે વાંચત કે ઓક રસાર્દ્રતા ઉત્પન્ન થવી જોઈએ તે થવાનો સંભવ હોય તેમ જણાતું નથી. અનુવાદકે કવિવર ટાગોરના અનેક ઉત્તમ ગ્રંથોમાંથી કોઈ અન્ય ગ્રંથના અનુવાદનો પ્રયત્ન કર્યો હોત તો તે વધારે યોગ્ય થઈ પડત.

સંગ્રહણી, ૨ જી અને કોલાહજ: લેખક અને પ્રકાશકઃ વૈદ્ય જટાશંકર જોશંકર દવે, ખંભાત, કાઠીઆવાડ. મૂલ્યઃ રુ. ૧—૦—૦.

સંગ્રહણી એ સામાન્ય રીતે મહાન રોગ તરીકે મનાય છે અને તેના દરદીઓમાં ઘણા થોડાજ બચવા પામે છે. આ પુસ્તકમાં સંગ્રહણી વગેરેના પૂર્વરૂપથી ઔષધોપચાર સુધીનું અનુભવી જ્ઞાન લોકોને ઉપયોગી થાય તે રીતે આપવામાં આવ્યું છે, અને તેમાં પણ રોગ વિનાશ માટે જેમાં આપેલા ઉપચારો વિશેષ ફલીભૂત થાય તેવા છે એમ કહીએ તો અતિશયોક્તિ ભરેલું નજ કહેવાય.


દુર્શનીયું (ટુંકી વાર્તાઓનો સંગ્રહ) કર્તાઃ પ્રો. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર પ્રકાશકઃ રા. જીવનલાલ અમરસી મહેતા, અમદાવાદ. મૂલ્યઃ (સચિત્ર) રુ. ૧—૪—૦ (સાદી) રુ. ૧—૦—૦.

'ભણકાર' અને 'ઢગતી જુવાની' એ બે પ્રસિદ્ધ કૃતિઓની પછી પ્રો. ઠાકોર રચિત ટુંકી વાર્તાઓનો આ નાનો એવો સંગ્રહ પ્રગટ થાય છે. આમાંની લગભગ બધી વાર્તાઓ માસિકોમાં આવી ગયેલ છે તોપણ તે એકત્રિત રૂપમાં ગુજરાતી વાંચનવર્ગ સમક્ષ મુકાય છે તે જોતાં અમને એક પ્રકારનો હર્ષ થાય છે. ચમત્કારયુક્ત નહીં તોપણ ગંભીર વિચારયુક્ત આ વાર્તાઓ આપણા શિક્ષિત વર્ગમાં રસપૂર્વક વંચાશે એમ અમો માનીએ છીએ.

૧. ઠાકોર પોતાના નિવૃત્તિકાળમાં પોતાની બીજી કૃતિઓ એક પછી એક પ્રગટ કરે એવી અમારી વિનંતિ છે.

અદ્વૈતામૃત (વેદાંતચર્ચાની વાર્તા): અનુવાદક અને પ્રકાશકઃ રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, મુંબાઇ. મૂલ્યઃ રુ. ૧—૦—૦.

સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ તેમજ પૂર્વજન્મા-જિત સંસ્કાર વિનાનાઓને વેદાન્તનું જ્ઞાન એ જે" અને અશક્યવત્ જેવું જણાય છે, પરંતુ તેવાઓને હૃદય પણ રસિક વૃત્તિથી અદ્વૈત રસનો અનુભવ કેમ એ હેતુથી આ પુસ્તકમાં વાર્તારૂપે વેદાન્તનું સ્વરૂપ ટુંકમાં ઠીકઠીક સમજાવેલું છે. પ્રવૃત્તિમય જીવન ગાળનારને અલ્પ સમયમાં શાંત જીવનનો અનુભવ અનુભવવો હોય તો આ પુસ્તક ઉપયોગી છે.



જૈન સાહિત્યપરિષદ્

ભાવનગરમાં ગુજરાતની તમામ સાહિત્યપરિષદ્ પહેલી તરતજ મુંબઈમાં મેરુસ્વરૂપી જૈન સાહિત્ય પરિષદથી અમને આશ્ચર્ય થાય છે છતાં આપણે જે તે હેતુ જનોમાં સાહિત્ય રીતિ જાગૃતિ અજુવાળાનો હોય અને જુના સાહિત્યનો ભંડાર ને ઉદ્ધાર કરવાનો હોય તો અમે આ સંસ્થાને આવકાર આપીએ છીએ, જો કે એ કામ સાહિત્યપરિષદના અમરૂપે વધારે સારી રીતે થઈ શકત એમ અમને લાગે છે

આપણા ભારતની એકજ ભાષા છે એટલે એકજ સાહિત્ય સંમેલને અને બધા સાહિત્ય સંમેલનો સંમેલન પણ એકજ રહેવે હોય છે તેમજ ગુજરાતી સમાજ અને સંસ્કૃતિ પણ એકજ છે—જેની બહનામાં જૈન, વૈષ્ણવ ને જૈન વગે સંપ્રદાયે અમૂલ્યનો હાળો આપ્યો છે અને જે રીતે ગુજરાતની અસ્મિતાનો વિકાસ થતો જાય છે તે જોતા કોઈ પણ પ્રયત્ન આ અસ્મિતાને વિકસિત કરે તો તે નિશ્ચ કલ્યાણ આવી દિશામાં આ સંસ્થાનો પ્રયત્ન ન જાય માટે સંચાલકોએ દીર્ઘ દૃષ્ટિ વાપરી કવિ નાન્હાલાલ જેવા તરબાદિ ત્યના પ્રતિનિધિને અધિષ્ઠાતા તરીકે મુકવા લાગે છે

સાહિત્યપરિષદ્ જેવા સંમેલનો પોતાની દૃષ્ટિએ ન જાય અને સાહિત્યમાં સાહિત્યના વિકાસનો બદલે પ્રચારમાં કરવાની સંસ્થા ન થવા માટે એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે ગુજરાતમાં સંપ્રદાયોની વિપુલતા છે તેમજ કોમવાર અને સામવાર પણ ગુજરાતી ભાષામાં અનેક પ્રકારની વિવિધતાઓ દેખાય છે એ વૈવિધ્ય જોવા અને તેમ બીજાને પાડવું પણજ જરૂરનું છે જૈન સાહિત્યના પહેલા નિબંધોની જે નામાવલી અમને મળી છે તે જોતા કોમના ધર્મ નિબંધો મર્યાદિની દૃષ્ટિએ ઉપયોગી જણાય એવા અમને લાગે છે ભાવનગરની સાહિત્ય પરિષદમાં ધર્મની સંસ્થા કે તારા કરતા આ બધાના નિબંધો મોકલી જૈન વિદ્વાનોને પોતે શોભાવી શકાશે હોય

તેના ઠરાવો

આ પરિષદમાં થયેલા કેટલાક ઠરાવ પણ ઉપયોગી નીવડશે એમ અમને લાગે છે એકજ જાતની આવશ્યકતા તો એટલી બધી છે કે આ સંસ્થા જો એટલુજ કાર્ય કરશે તો તેનું અસ્તિત્વ સાર્થક કરશે ધાર્મિક દૃષ્ટિએ નીરાળી કોન્ફરન્સ થાય એ હિતકર પણ અમને દેખાતું નથી એનાથી અભ્યાસીઓના મનમાં

સંકુચિત થયા વિના રહેવાનાં નથી. એના કરતાં જે કૉલેજને હયાતીમાં છે તેમાં સારી સ્કૉલરશીપો જૈન છોકરાઓને આપ્યાથી કેળવણીમાં વૃદ્ધિ વધારે વહેલી થશે એમ અમે માનીએ છીએ. કદી કદાચ પરિષદે ન કર્યો હોત તો ચાલત. એક લોકશાસનની પદ્ધતિ પર રચાયલી સામાન્ય જનોની સંસ્થા બહુમતે વિદ્વાનોની ભુલ કાઢવાનું માથે લે એ જરાક હાસ્યાસ્પદ અમને લાગે છે; અને જૈન સંબંધી દરેક લેખમાં જૈન કોમની સુંવાળી બામડી તરફજ લેખકે ધ્યાન આપવું જોઇએ એ માન્યતા પણ અક્ષમ્ય ધૃષ્ટતા પર રચાઇ લાગે છે.

આ સંસ્થાના ચાલકોને અમે અભિનંદન આપીએ છીએ ને તેમના પ્રયાસ ને શુભ દિશામાં વિજય ઇચ્છીએ છીએ.

સર આશુતોષ મુકરજી

સમગ્ર હીંદુસ્થાનના શિક્ષિત લોકો સર આશુતોષ મુકરજીના અવસાનના ખબર જાણી ખેદ પામશે. તેઓ પ્રસિદ્ધ રાજદ્વારી નેતા છતાં તેમનું નામ વારંવાર આખા દેશમાં એક અગ્રણી કેળવણીકાર તરીકે સંભળાતું, તોપણ શિક્ષણની સંસ્થાઓ સાથે કોઇપણ જાતનો સંબંધ ધરાવનાર લોકો તો તેમને હીંદના એક અપ્રતિમ સેવક તરીકે પીછાણતા. સર આશુતોષ કલકત્તા હાઇકોર્ટના સુવિખ્યાત ન્યાયાધીશ હતા અને હીંદના અગ્રણી બારીસ્ટર હતા. કલકત્તાની અતિ પ્રસિદ્ધ વિદ્યાપીઠના તેઓ ઘણી લાંબી મુદત કુલનાયક હતા અને કુલનાયકના હોદા ઉપર નહોતા ત્યારે પણ વિદ્યાપીઠનાં કાર્યની દિશા ઘડનાર તો તેઓજ અગ્રેસર હતા. છેલ્લાં પંદર વર્ષમાં કલકત્તા વિદ્યાપીઠને આટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચાડનાર આ એકજ પ્રધાન બંગાલી ન્યાયાધીશ હતા.



સર આશુતોષ મુકરજી

તેઓ માત્ર કાર્યદક્ષ કુલનાયક નહોતા; તેમનો વિદ્યાવ્યાસંગ પણ ભારે હતો. અનેક વિદ્યામાં તેઓ નિષ્ણાત ગણાતા. તેમના અવસાનથી માત્ર કલકત્તા વિદ્યાપીઠ એક અત્યંત સ્વતંત્ર અને વિદ્વાન પોષક ગુમાવ્યા છે એટલુંજ નહીં, પણ સમગ્ર હીંદની શિક્ષણસંસ્થાઓએ એક આદર્શ માર્ગદર્શક ગુમાવ્યા છે. તેમણે પોતાના જીવનમાં વિદ્યાની સેવા અને અભિવૃદ્ધિ કરવાનોજ મંત્ર લીધો હોય તેમ તેમનું આખું જીવન વિદ્યાપીઠની સેવામાંજ વ્યતીત થયું હતું. એમની સ્વતંત્ર 'જેન્ટલમેની' પ્રકૃતિને છેલ્લાં બેચાર વરસમાં અનેક દિશામાંથી આઘાત મળ્યા હતા અને તેમણે પોતાની સ્વતંત્રતા વેચી ખાનારજ મોટું પદ પકડી રાખવાની ધરણીને ના પાડી હતી. એમણે રાજકીય જીવન સ્વીકારવા સરકારી નોકરી છોડી અને એમની પાસે

માસિક રોજનીશી

મે ૧૯૨૪.

તા. ૨ જી—બારીસાલ રાજકીય પરિષદ્ બાન્નનગરમાં નહીં ભરવાના હુકમ સામે સત્યાગ્રહ નહીં કરવાની મહાત્માજીએ સલાહ આપી.

મુંબાઈ પ્રાંતિક ભાષીઆ-પરિષદ્ મળી.

તા. ૩ જી—ગોધરેજીમાં શ્રી. મણિલાલ કોઠારીએ રંગુનમાંથી રૂ. ૪૫ હજાર મેળવ્યા, જેમાં રા૦ ગઢેવાએજ રૂ. ૧૦ આપ્યા હતા.

બારીસાલ રાજકીય પરિષદ્ સોનપટ્ટમાં ભરવાનો વ્યવસ્થાપકોએ ઠરાવ કર્યો.

મુંબાઈના અંત્યજો મહાત્માજીના દર્શને.

તા. ૪ થી—નવી ધારાસભાના પ્રમુખ તરીકે સર વીઠલભાઈ પટેલની નીમણુક.

તા. ૬ ઠ્ઠી—મુંબાઈની મ્યુ. કોરપોરેશને ઘરબારાનો ઠરાવ રદ કરવા સરકારને અરજ કરવાનો ઠરાવ કર્યો.

તા. ૭ મી—પાલીતાણામાં રાણીસાહેબના હાથે બાલિકાશ્રમ ખુલ્લું મુકાયું.

તા. ૮ મી—જરાતી હીંદુ સ્ત્રીમંડળનાં મંત્રી શ્રીમતી રતિબહેન બાલમુકુંદ દેસાઈ ઈંગ્લંડની મુલાકાતેથી પાછાં ફરતાં હોવાથી મંડળ તરફથી તેમને અભિનંદન આપવામાં આવ્યું.

મુંબાઈ રેગોલકોર્ટ કોર્ટના વધારાના જજ તરીકે શ્રી. લખમશી હીરજી નથુએ હોદ્દો લીધો.

તા. ૧૩ મી—સાતમી ગુજરાત રાજકીય પરિષદની બેઠક બોરસદ મુકામે શ્રીયુત મણિલાલના પ્રમુખપદે મળી.

તા. ૧૪ મી—ગુજરાત રાજકીય પરિષદની પૂર્ણાહુતિ.

બારડા ક્ષત્રિયપરિષદ બોરસદમાં શ્રી. રવિશંકરભાઈના પ્રમુખપદે મળી.

સાતમી અંત્યજપરિષદ બોરસદમાં શ્રીયુત ફડકેના પ્રમુખપદે મળી.

તા. ૧૫ મી—મુંબાઇમાં દેશબંધુ દાસ મહાત્માજીની મુલાકાતે આવ્યા.

તા. ૧૬ મી—મહાત્માજીને માનપત્ર આપવાનો ખરડો મુંબાઈની મ્યુ. કારપોરેશને મંજુર કર્યો.

તા. ૧૮ મી—મહાત્માજીના પ્રમુખસ્થાને હુતુમા બુધ્ધજયંતી ઉજવવામાં આવી

અમદાવાદ મ્યુનીસીપાલીટીએ મહાત્માજીને માનપત્ર આપવાનો ઠરાવ કર્યો. અમદાવાદની પ્રાથમિક શાળાઓને રૂ- ૧૫ લાખની ગ્રાંટ આપવાનો પણ ઠરાવ કર્યો.

તા. ૨૦ મી—જૈન સાહિત્યપરિષદ્ સુરતમાં કવિશ્રી નાનાલાલના પ્રમુખપદે મળી.

શ્રી. એન્ડ્રુઝના પ્રમુખપદે દાહોદમાં બીજી પરિષદ્ મળી.

તા. ૨૩ મી—મહાત્માજીએ ધારાસભાપ્રવેશ વીશે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય જાહેર કર્યો. દેશબંધુ દાસે તથા પંડિત મોતીલાલ નેહરુએ પણ સાથે પોતાનો ખુલાસો કર્યો.

તા. ૨૪ મી—કુમારશ્રી ગોપાળદાસના પ્રમુખપદે ધોળકામાં તાલુકાપરિષદ મળી.

તા. ૨૮ મી—મહાત્માજી બુધથી સાબરમતી સત્યાગ્રહ આશ્રમમાં ગયા.

તા. ૨૯ મી—શ્રી. પટ્ટણી શરીબતી સમાધાની કરવા માટેની સરકારી સમિતિમાં નિમાયા.

ભુલશુદ્ધિ

આ અંકની અનુક્રમણિકાના હેડીંગમાં વૈશાખ ૧૯૮૦ ને બદલે જ્યેષ્ઠ ૧૯૮૦ વાંચવું.

ધર્મનો દૃષ્ટિકોણ બદલાવો!

[અનુસંધાન પૃષ્ઠ ૨૦૫ થી]

રાષ્ટ્ર મહાત્માજી પાસે આવા ફ્રામ કરનારાઓ ન હતા તેમનો કાર્યક્રમ બાદીમાજ સમાજ હતા રાજકીય બાબતમા પણ ધર્મ કેટલા હદ ગયા? મુસલમાનને સહોદર ભાઇ જેવી ખાત્રી કોણ આપી શકયુ? અત્યજોના બાળકોને પોતાના કુટુંબમા કેટલાએ સ્થાન આપ્યુ? ઉપવાસો અને વિનીતોને નિર્ભય વચન આપી વિશ્વાસમા મોખરે થયુ. મહાત્માજીનો દૃષ્ટિકોણ તેઓ મહાત્માજી પાસેજ રહ્યા આથી આપણા સામાજિક અને રાજકીય પ્રશ્નોમા પ્રગતિ થઇ નહીં

હવે શુ કરવુ? જેવુ મહાત્મા ગાંધી કહે છે તેવુજ સરકાર બાજુથી લોડ ઓનીલ્વર-દીનો વખત પડ્યુ કહે છે કે દીલમા દેશાભિમાન કરતા ધર્માભિમાન વધારે છે દેશાભિમાનથી બાજી આપી નાખતા કરી લોકો એક થાય પણ જ્યા ધર્મભેદ હોય, ત્યા ધર્મની દૃષ્ટિ બુદ્ધીબુધી હોય ત્યા ધર્માભિમાન ઘટી જાય અને દેશના લાભાલાભના વિચાર ભુલી કરે? જે નાગપુરમા રા. ૬-ધ્વજ માટે બન્યે મુસ્લિમ સામાજીક માને અને હજારો યુવાનો જેમ બને નજર નાગપુરમા મસ્જીદ પાસે વાજા વગાડવામા ધર્મ સમજનારા દીદુઓ દુરાગ્રહ કરી દેશની પ્રગતિને પાછી હઠાવે ત્યારે ધર્મને દૃષ્ટિકોણ બદલ્યા વિના આપણી ઉન્નતિ નથી થવાની તેમ કોને નહીં લાગે? દેશમા પાંચ મોટા ધર્મના અનુયાયીઓ છે હીંદુ મુસલમાન-પારસી-ક્રીશ્ચિઅન-જ્યુ-આ ઉપરાંત જૈન-લીંગાયત-શીખ-આર્યસમાજ-બ્રહ્મોસમાજ-થીઓસોફીસ્ટો વગેરે તો જુદા રહ્યા આ બધાઓ પોતાનુ ભાવી ગમે અને જુદા સામાજિક બાબતમા પોતાના દૃષ્ટિકોણ બદલે નહીં મહિષ્ણુતા શીખે નહીં અને ધર્મના સનાતન તત્વો અને ક્ષણિક તત્વો વચ્ચેનો ભેદ સમજી ક્ષણિક તત્વો ઉપર વધુ પડતો ભાર મુકે નહીં ત્યા સુધી ખરી રાષ્ટ્રીય ભાવના કેમ પ્રગટ થાય? ત્યા સુધી આપણુ રાજ્યતંત્ર સંપીને ચલાવી શુ અને અલ્પ સંખ્યાવાળાઓને અન્યાય નહીં કરીએ તેની ખાત્રી પણ આપી શકે? આર્થીક આપણા ધર્મોને ઉદારતાની ઉચ્ચ કક્ષા ઉપર લઇ જવાની જરૂર છે વ્યક્તિગત આચારવિચાર ગમે તેવો તમારા ગૃહોમા પાળો, પણ જાહેરમા તમને ઉચ્ચ બનાવવાના શો અધિકાર છે? અત્યજ ભાઇઓને નહાવાકપડા બેસતા ન દઇએ તો આપણે પ્રજાતંત્રના યુગ રચ્યાપ્યો કેમ કહેવાય? શુ પ્રજા મત્ર ઉચ્ચ ધર્મના હીંદુઓનીજ છે? આથી આપણે દેશોન્નતિ કરવી હોય પ્રજાતંત્ર રચાપવુ હોય તો ધર્મનો દૃષ્ટિકોણ બદલ્યા વિના કેમ ચાલશે? મુસલમાન ભાઇને પ્રથમથી ન સમજાવતા બહુમતીના જોરથી પગલે પગલે રોકાણ શીખવીએ તો મુસલમાન આપણા રાષ્ટ્રીય માગણીઓમા ના માટે સહકાર કરે? નાના વગાડતા બીજાને હરકત થાય અને મુસલમાન ભાઇ કુરબાન એ આપણે ન સમજીએ તો પછી મુસલમાનોને હીંદુ સ્વરાજ્ય થશ એવી ભીતિ કેમ ન લાગે? બાહ્યદૃષ્ટિએ તો આપણા ધર્મના હીંદુઓ છે, છતા તમને આપણી ન્યાયબુદ્ધિમા વિશ્વાસ ન આવે તો પછી પરધર્મનિ તો કયાથીજ આવે? પુનામા પાણીના હોજ બહાર માટે રાખો તો પછી ગલ્લાની નોકરી પણ બાહ્યણ મળેજ રહે છે અને રહેશે એવી ભીતિ બ્રાહ્મણે તરીને કેમ ન લાગે? માટે જ્યા સુધી ધર્મ વિશાલ ઉદાર પોરણ ઉપર રચાઇ આપણે શાશ્વત સનાતન તત્વોનેજ ધર્મ ગણીએ અ। બીજ

બધી બાબતને ગૌણ અને આચારધર્મવાળી ગણી, દેશ-કાલ પ્રમાણે બદલવા તૈયાર ન થઈએ ત્યાં સુધી આપણી ઉન્નતિ થશે નહીં અને આપણા વિભાગો કાયમ રહેશે. જ્યાં સુધી જુદાજુદા ધર્મપંથોના આચાર્યો, મૌલાનાઓ અને ગોરજીઓ નિશ્ચય કરી પોતાના અનુયાયીઓના દૃષ્ટિકોણ બદલાવશે નહીં ત્યાં સુધી આપણા ધર્મના ઝઘડા ચાલવાના કરશે.

આ દૃષ્ટિકોણ બદલવાનો ૧૮૨૨ બ્રહ્મો-સમાજના સ્થાપક રાજા રામમોહનરાયને એક સૈકા ઉપર જણાઈ અને તેમણે હીંદુ ધર્મને ઉદાર સનાતન તત્ત્વો ઉપર રચવાને બ્રહ્મો-સમાજની સ્થાપના કરી. ઉપનિષદ્-ગીતાના ઉચ્ચ તત્ત્વોનો પ્રચાર કરી, અનેક દેવ-દેવીઓની બદલે પૂજા ન કરતાં નિરંજન નિરાકાર પ્રભુની સાત્ત્વિક ઉપાસના બ્રહ્મોસમાજ-માં ચાલુ થઈ. "પ્રભુ એક અને મનુષ્યો તેનાં સંતાનો"—એ મહાન્ સત્ય બ્રહ્મોસમાજે સ્વીકાર્યું અને તે પ્રમાણે પોતાનું સાંસારિક બંધારણ રચ્યું. બ્રહ્મોસમાજમાં સ્ત્રીને સમાનતા મળી, શૂદ્ર ને અંત્યજને બંધુપદ મળ્યું. ઇતર ધર્મનાં સારાં તત્ત્વો સ્વીકારી ઇતર ધર્મોનુયાયીઓ માટે સહોદરબંધુને શોભે તેવો ભાવ ઉત્પન્ન થયો. આથીજ રાજા રામમોહન-રાયને મુસલમાનો બરદસ્ત મૌલવી ગણતા અને ક્રીશ્ચીઅનો તેમને મહાન્ પાદરી ગણતા. રાનાડે, ભાંડારકર, બંદોપાધ્યાય, રવીંદ્રનાથ ટાગોર, લોર્ડ સીંહા, ડા. રાય, સર જગદીશચંદ્ર બોઝ, વગેરે બ્રહ્મોસમાજના અગ્રેસરો માટે કયા મુસલમાન, પારસી, ક્રીશ્ચીઅન કે જ્યુને તેમના સાંકડા ધર્મવિચારને લીધે ખમતું પડ્યું હશે? આ આગેવાનોનો દૃષ્ટિકોણ આત્મધર્મે બદલી નાખ્યો. એવોજ દૃષ્ટિકોણ રાખવા માટે જ્યારે આપણે સૌ જુદાજુદા ધર્મ-સંઘવાળાઓ યત્ન કરીશું ત્યારેજ દેશની ઉન્નતિ થશે. મહાત્મા ગાંધી બ્રહ્મધર્માનુયાયી નથી છતાં તેમની નૈસર્ગિક ધર્મભાવના અને ઉચ્ચ દેશાભિમાનને લીધે તેમનો દૃષ્ટિકોણ કેટલો બદલાયો છે તે તેમના નીચેના વિચારો ના ઉતારાથી સમજાશે. તે ઉતારા યંગ ઇંડીઆ-ના પુસ્તકમાંથી છે. વર્ણવ્યવસ્થા માટે લખતાં મહાત્માજી કહે છેઃ

"ચાર વર્ણ એ મનુષ્યના કાર્યના વિભાગ માટે છે તેથી કંઈ મનુષ્યોના સાંસારિક સંબંધ ઉપર આંકુશ પડતો નથી." (પા. ૮૦૨).

"કમનસીબે આજે હીંદુ ધર્મ માત્ર શું બાકી અને શું ન બાકી તે મૂંઝવણ આવી રહ્યો છે." (પા. ૮૦૪).

આ બે ઉતારાથી સમજાશે કે મહાત્માજી વાલના જાતિવિભાગથી સંતુષ્ટ નથી અને દેશકાલ અનુસાર છુટ મુકવાની તરફેણમાં છે.

મૂર્તિપૂજા વીશે લખતાં તેઓ કહે છે કેઃ

"મૂર્તિનાં દર્શનથી કોઇ પણ પ્રકારનો ધર્મ-ભાવ ઉત્પન્ન થતો નથી. તેનાથી ઉપાસના કરવામાં સહાય મળતી હશે. મૂર્તિપૂજા એ પાપ નથી." (પા. ૮૦૬-૭.)

આજ વિચાર અમે પ્રાર્થના-સમાજ અને બ્રહ્મોસમાજમાં ધરાવીએ છીએ. આવી દૃષ્ટિ રાખીશું તો પછી મૂર્તિ આગળ વાજાં વગાડવા ન વગાડવામાં ધર્મ આવી ન જાય અને આપણે મુસલમાન ભાઈ-ઓની લાગણી ન દુભાવીએ. પણ આ માટે જેવો દૃષ્ટિકોણ બદલવો જોઇએ કે મૂર્તિ એ પ્રભુ નથી. માટે તેની પાસે વાજાં બંધ કે બંધ રાખવાથી કે ધર્મમાં બાધ પડતી નથી.

"હીંદુ ધર્મમાં દુનીઆના સઘળા ધર્મોનો માટે પૂજ્યભાવનો અવકાશ છે. ઇતર સર્વ ધર્મ સાથે ને હળીમળી રહેવા માંગે છે." (પા. ૮૦૭).

આ પ્રમાણે સર્વ હીંદુ ભાઇઓ માનતા હોય તો ધર્મમંદિરોની જરૂરી આવે અને ધર્મના ઝઘડાનો નીકાલ જલ્દી થાય. હાલનો સમાજ સર્વે પેગમબરોને મહાત્માઓ ગણી પૂજે છે અને તેમના વચનામૃતનું પાન કરે છે અને ધર્મના સાચા સિદ્ધાંતોને કલ્પોલમાજ્ય માન આપે છે આટલું આપણે આ ક્ષણમાં કરીએ તો પછી ધર્મના ઝઘડા શા માટે રહે? આર્યસમાજના આવતી ઉણપ છે માજ તેને મુસલમાનો સાથે અથડામણ થયા કરે છે.

મનુ જો સૌ ભાઇઓ છે એ સિદ્ધાંત માટે મહાત્માજી લખે છે કે

કામસમાજ અત્યાચારાનુ ત્વ સમાયેલ છે (પા ૮૮૨)

એટલે કે જુદીજુદી જાતિ ધર્મ રૂપના તોફાન વચ્ચે ભાઇચારો નમ્રપણ યા ગુરૂ જેવા પ્રજાકીય ભાવના બીજ નાંખી તેને આપણે એક પ્રબળ શક્તીએ કરવી દુનિયા ઇતિહાસ જાણવા વધુ અને ધર્મના મહ જુના જાય જોઇએ આજ માગણી લેડ ઓલીવ કરે છે અને આજ માગણી મહાત્માજી પણ કરે છે કલ્પોલમાજ જેવી નથી ધર્મમતાજ તો મનુષ્યો સર્વે ભાઇઓ છે અને તેથી ઉચનીચ ભાવ ન રાખો એવા ઉપદેશ આપે એક સંકલ્પી કરે છે આ ઉપદેશ ગ્રહણ થાય અને આપણો દૃષ્ટિકોણ બદલી આપણે હીંદુ મુસલમાન-પારસી-ક્રીશ્ચન-જ્યુ નાને અરે બધા સહોદર ભાઇ ગણીએ સ્વાજ્ય આપણા એક વસ્ત્ર બનીશું અને પછી સ્વરાજ્ય-પ્રાપ્તિ માટે વિલંબ નહીં હે અસહકારને આગે બોલાવવાની ના પાડીએ તો તમારા દુઃખ આપણે આપણી પ્રજામાંથી જાતજ ગણીએ કરીએ અને તેથી સ્વરાજ્ય દૂર જતા છે આ માટેજ મહાત્માજી અસહકારના ઉદ્ઘોષ કરી બાર પડે છે

આ બાબત શાસ્ત્રની સમતિ મળી રહેવી તકરાર નાબુદીના મહાત્માજી પા ૬૬

"શાસ્ત્રો વિચારણા માંને સત્ય ને હાની પહોંચે નહીં (પા ૪૩૭) ગીતા મનન બાબત આપણા આપેલની વિરુદ્ધ મનુષ્ય કે ગ્રંથોના અધિકાર આપણો દોષ તો તેવા શાસ્ત્રોની કુ દરકાર રાખે નહીં (પા ૪૮૦)

કલ્પોલમાજ પણ કહે છે કે ઇશ્વરદત્ત બુદ્ધિ અને આત્મ સમજણની સ્વતંત્રશક્તિ ઇશ્વરી અવાજ ગણી માન આપો તેની ઉપર કોઇ શાસ્ત્રના મનુષ્યના વચનની સત્તા નથી જોઇએ ના દૃષ્ટાંત પ્રમાણે શાસ્ત્રના અર્થોમાં ફેરફાર કરો પણ જ્યાં સુધી શાસ્ત્રવચનને ઇશ્વરવચન માનવામાં આવશે ત્યાં સુધી આત્મપ્રેરણાના ઇશ્વરી અવાજ દબાઇ રહેશે, પુરાણા મતના વચનોને માન આપી મનુષ્યો પોતાના વિચારોનો ઇન્કાર નહીં અને શાસ્ત્ર અને ઇશ્વરના નામ નીચે સામાજિક બંધનોમાં જકડાઇ રહેશે વિધવાવિવાહ શાસ્ત્રોક્ત છે કે નહીં બાર વર્ષ કન્યાકાલ ગણાય કે નહીં, સમુદ્રયાન થાય કે નહીં, આત્મજ્ઞાનપરથી થાય કે નહીં જેવા પ્રશ્નોનો નીકાલ આજની સમાજની પરિસ્થિતિ પ્રમાણે અને કલ્પોલદત્ત બુદ્ધિ અને વિવેક પ્રમાણે ન કરતા મનુ મહારાજ અને શાસ્ત્રવચનના ઢગલા ઉપર લખેલા વિચારોને વળગીને કરીએ તો પછી આપણે વિચાર અને આચારમાં સ્વતંત્ર છીએ એમ કેમ કરી શકાય? આપણે તો પછી શાસ્ત્રના દાસ શાસ્ત્રીઓના દાસ ટીકા દાસ મહામાસ્ટરોના દાસ નૃતિજનોના દાસ આવું દાસત્વ સામાજિક બાબતમાં રહે ત્યાં સુધી સ્વરાજ્ય આપણામાં

પણ આપણે સ્વતંત્ર રીતે રહી શકીએ? દરેક પ્રશ્નમાં કોનીટ્સના મતને કે અમુક વ્યક્તિના મતને આપણે નમ્યા કરીએ તો પછી આપણે દાસત્વની ઝુંસરીમાંથી નીકળ્યા કઈ રીતે? હાલ આપણે ગવર્નર, વાઇસરોય, કમીશનર કે કલેકટરના મતના દાસ છીએ; કાલે આપણે લોકનાયકોના દાસ થઈશું તો પછી એમાં સ્વરાજ્ય ક્યાં રહ્યું? માટેજ આપણે આપણા ઇશ્વરી અવાજને માન આપતાં શીખવાનું છે. સત્ય સમજાય તો પછી સાથીઓ થોડા હોય તોપણ શું થયું? આજે જનસમાજ વિરુદ્ધ હશે પણ જો સત્ય અને ન્યાય આપણી બાજુ હશે, તો અંતે જનસમાજ ફરશે. દાખલા તરીકે: બ્રહ્મોસમાજની સાંસારિક વ્યવસ્થા બદલાએલા દૃષ્ટિકોણથી થઇ છે, તેમાંથી ઉચ્ચનીચ ભાવ ગયો છે, જાતિબંધન તુટયુ છે, સ્ત્રી અને મનુષ્યનું દાસત્વ ગયું છે અને ઇશ્વરી અવાજને માન અપાતું થયું છે—જો કે હજી ન્યૂનતા છે અને રહેશે. મનુષ્યોની નિર્બલતાથી તેનો વિકાસ જોઇએ તેટલી ઝડપથી નથી થયો, છતાં રાનાડે, ચંદાવરકર, ડા. ભાંડારકર, ડા. પી. સી. રાય, જગદીશચંદ્ર બોસ, ડા. રવીંદ્રનાથ ટાગોર જેવી શુદ્ધ અને પવિત્ર વ્યક્તિઓ એ ધર્મસંઘમાંથી નીકળી છે. આથી ખાત્રી થાય છે કે સતત પ્રયાસ કરી દેશમાં ધર્મનો દૃષ્ટિકોણ બદલાવવો જોઇએ. ગાંધીજીના વિચારના ઉતારા ઉપરથી આ વાત સહજ સમજાશે. આ ઉતારા આપવાનું કારણ એટલુંજ છે કે મહાત્માજી એ આજે આ દેશમાંજ નહીં, પણ દુનીઆભરમાં મહાન ધર્મવિચારક ગણાય છે. આવા જગદ્વંદ્ય પુરુષના વિચારો ઉપર મનન કરી આપણે એકજ નિશ્ચય ઉપર આવીશું કે, જ્યાં સુધી આપણા બંધુઓ અને બહેનોનો ધર્મનો દૃષ્ટિકોણ બદલાવવાનો પ્રયાસ કરીશું નહીં ત્યાંસુધી આપણા સર્વ પ્રયત્નો નિષ્ફળ જશે. ધર્મભાવના ઉપરજ આપણું જીવન રચાયલું છે અને તેથી એ ધર્મભાવનાને વિશુદ્ધ કરી દેશકાલને અનુસરતી આપણે કરીએ નહીં ત્યાં સુધી આપણું સામાજિક અને ધાર્મિક જીવન—આપણું રાષ્ટ્રીય જીવન—આપણે પ્રગતિના સિદ્ધાંતને બંધબેસતું કરી શકીશું નહીં.

દર્દની પરીક્ષા થઇ છે અને તેને માટેનો રામબાણ ઉપાય પણ હાથ લાગ્યો છે એમ જો આપણી ખાત્રી થાય તોજ આપણે આ ધર્મસુધારાનું કાર્ય હાથ ધરીએ અને આપણા બંધુઓને અને આપણી બહેનોને ધર્મનો નવો દૃષ્ટિકોણ આપીએ, કે જેથી તેઓને ધર્મદૃષ્ટિ મળે અને તેઓ પોતાના સાંસારિક અને રાષ્ટ્રીય પ્રશ્નોનો નીકાલ સનાતન ધર્મસિદ્ધાંતોને અનુસરીને કરી શકે. પ્રભુ સર્વને તેનો પ્રકાશ આપી તે પ્રકાશ પ્રમાણે પોતાનું જીવન ગાળવાનું હૃદયબલ આપો! ब्रह्मकृपा हि केवलम्।

હજુ વખત છે.

ઇન્ફ્લુએન્ઝા અટકાવવા માટે મળો.

પ્રાણલાલ અમૃતલાલ વૈદ્યની કું.

ઇન્ફ્લુએન્ઝાના અનુભવી.

પહેલો માળ લાલસીંગ બીલડીંગ, મંગળદાસ માર્કેટ પાસ, મુંબાઇ

રાજાધિરાજ

[અનુસંધાન પૃષ્ઠ ૨૨૬ થી]

"કાક" રાણુકદેવીએ કહ્યું એનું બોલ નહીં નહીં તો અમારો અભિમાન ચકી જશે"

'અભિમાન તમને ચટે એમ નથી એ તો બહુ અમારી તરફ' કહી મોં વધારી તે હાથ કર્યો

રા' ને રાણી બને તે તરફ કૃપા ને થોડી વાર જોઈ રહ્યા

એક ઘરજુદરો બાજરા દૂબળી દા દા કરતો સંભળાયો.

રા કાગડાનો અવાજ જે દિશા તરફથી આવતો હતો તે તરફ ફર્યો તેનું મોઢું પીઠરૂ થયું ને તેના હોઠ એકેક પર દબાઈ ગયા તેણે ઊઠી ને ફર અવાજે કહ્યું

કાકા જયસિંહ સેવકોએ પણ ક બહુબળ કર્યો છે' અળાભવાની કરે ને ન મારા હાથમા એક વખત આવે એનું બધુ અભિમાન ઉતારું કાક મળો રહ્યા

'અભિમાન મોટું રજુ છે કે એનું રહેવાનું છે" રાણુકદેવીએ કહ્યું પણ આ રા, ટેક નો તમારોજ રહેશે"

"સતી' અત્યારે તો જુનાગઢ દઈશે કે નહીં એ પહેલી વાત છે' રાનો અવાજ વધારે ગંભીર થઈ ગયો તેનું હૃદય ચારે તરફના બનાવોથી મુંઝાઈ રહ્યું હતું તે અત્યારે વધારે વખત કૃત્રિમતા ધારી રાખ્યું નહીં 'ટેક નો રાખીએ છીએ ને રાખીશું-મરતા સુધી-પણ મને મનમુખ થાય છે આ કાકને પણ અત્યારે જવા દેવા જીવ ચાલતો નથી કાલે તને છોડીને રણે ચઢતા પણ જીવ આવશે અને કૈં કળાતુ નથી મારું હૃદય આવું કદી ચેરાયું નથી બાળ આપણું-જુનાગઢનું, સુરાજમાનું-આવી બધુ હોય એવું લાગે છે ચેતુ વધારી જોયું ' બહેને ત્યાંથી-જવાલામુખીના ભોમાંથી-જવલંત ને વિનાશક પ્રવાહ ચારે તરફ પ્રસરે છે ગગન ને પૃથ્વીને ગુંગળાવે છે અને તને-મારા નામને-મારી કીર્તિને પાણીતે ભ મ કરતો દેખાય છે '

રા બોલતાં બોલ્યા વતાવરણ ભરેખરુ ગુંગળાતુ લાગ્યું રાણુકે વધારી તક જોવાજ કર્યુ કાક વચ્ચે બોલ્યો

'મહારાજ' આવા દિવસો તમારે કદી ના નથી સોરઠના ઘણી આત ચેટીનો ટેક ને સોરઠનું સ્વાતંત્ર્ય તમારે જોરે ટકયાં છે" કાકે રાના બંને પગ પર હાથ મુકયો ' જેનું જે ધવાનું તે ધાય-અલ રે તમારે તો રણ એવ ધાનું છે સોરઠના રા કદી કચ્ચો માજાવો છે"

રાએ કાકના પર હાથ મુકયો. 'કાક! હું કોઈએ કળવાનો નથી પણ જીવિમા શું લખ્યું છે તે જાણવ તો—

જાવિ!' એક અમનુષી જોરો અવાજ આવ્યો રા ને કાક ચમકયા એવું કોઈ નજરે નું થયું રાણુકદેવીના મુખમાંથી ભાવીના અપાદિત શાંત ને નિશ્ચલ અવાજ નીકળ્યો હતો અગાસીની પાળેર પર બે હાથ મુકી કાગા ઠાકી વધારી તન્મય ભવિષ્યની લિપિ વાંચી રહી હોય તમ તે ઉભી હતી તેન હાથ જરા ધ્રુજતા હતા તેના ભવા જોગાં મળ્યા હતા તેની આંખો સ્થિર ને નેજવીંધી થઈ રહી હતી-જોતો આંખે દેખાય કાંઈ નહોતો અને પુતળીના હાથ ઝાલી ગયા ને મોં ફાડી જોઈ ભાળી રહ્યા

ભાવિ!" રાણુએ બોલવા માંડયું ' મને દેખાય છે-ઘોડાનું ને ઘેરુ મોલમાંનુ મે ય

સીમાડા ભૂંસી રહ્યું છે. સોહન સોરઠ દેશ... આ હતો ન હતો થઈ રહ્યો.–" બોલતાં બોલતાં જાણે તે ગાતી હોય એવો રાગ થયો. "ગરવા ઓ ગીરનાર, ગરવ તારો ગળી ગયો; જુનાગઢનો ટેક, હાય! હવે ક્યાંય ના રહ્યો."

રાં ને કાક અને ધ્રુજ્યા ને રાંએ કાકનો હાથ પકડયો. રાણુક જાણે અંધકારમાં કંઈ ન દેખાતું હોય ને ધ્યાનથી જોવા મથતી હોય એમ જોઈ રહી. અવાજમાં વધારે ને વધારે ખિન્નતા આવી.

"સોલંકીની આણ ફરતી ચારે કોર આઠ ને મરણો મુજ હાથ...લોકું પામે ત્રાસ સહુ, રાએ સપનાં સેવીઆં. તે સહુ...અણ-સર્જ્યાં રહ્યાં..."

રાણીનો અવાજ તુટયો. તેણે નીસાસો મુક્યો. થોડી વારે તેણે ફરી ઝપટથી બોલવા માંડયું. અવાજ ધીમી ખિન્નતા ઓછી થઈ. "પણ સોલંકી વંડ મુકવાને પુત્ર નથી–નામ નથી ને નીશાન નથી. પાટણ પાધર થઈ ગયું...નવા રાજા ને નવી પ્રજા...પણ રઢીયાળો મુજ ગીર, ગરવો ગગનો શોભશે; ને અમર રાં ખેંગાર, સોરઠને સોહાવશે...ત્રણે કાંઈ ટેક...વીર ખેંગાર કહાવશે...ને સતીયા-નું જે સત તે રંક રાણુકનું....."

અવાજ તદ્દન તુટયો ને તે અટકી પડી. તેની આંખો બીડાઈ. તેને મોઢે ફીણ આવ્યાં અને બેભાન થઈ પડી ગઈ. કાક હેબળથી પાણી લાવવા દોડયો.

કાક પાણી લાવ્યો તે રાંએ તેને મોઢે છાંટયું. થોડી વારે તે ભાનમાં આવી ને રાંની સામે જોઈ જરાક હસી.

"મારા રાં! મને શું થયું?"

"કંઈ નહીં" રાંએ કહ્યું. તેને લાગ્યું કે રાણીને કંઈ સાંભરતું નહોતું. રાણી કેમ કરતી થોડી થઈ.

"મારું માથું ભમે છે. હું જરાને જરા આડી પડું" તેણે ધીમે અવાજે કહ્યું. રાં તેની સાથે જવા તૈયાર થયો, એટલે તેણે તેને કહ્યું: "તમે શું કામ આવો છો? જરા બેસો. કાકની સાથે વાતો કરો. મને થાક બહુ લાગ્યો છે" કહી તે ત્યાંથી ચાલી ગઈ.

ને દશ ડગલાં ચારી દાદર તરફ ગઈ અને કાક અને ખેંગાર બંને અદૃશ્ય થતા તેના શરીર તરફ જોઈ રહ્યા.

એકદમ બંનેની નજર દેવડીએ જ્યાં પગ મુકયા હતા તે તરફ ગઈ ને બંનેએ ગભરાટમાં એક બીજાનો હાથ ઝાલ્યો. બંનેની આંખો ફાટી રહી. બંનેના શ્વાસ રૂંધાઈ ગયા.....

રાણી દાદર ઉતરી ચાલી ગઈ..... જ્યાંજ્યાં દેવડીએ પગ ધર્યું હતું ત્યાંત્યાં કંકુનાં પગલાં પડી રહ્યાં હતાં એમ તે અંધારામાં પણ દેખાયું.

"કાક! જોયું?" રાંએ ગભરાયલે ને ધીરે ધીરે પુછયું.

"હા બાપુ! સતી માતાને ધણી ખંભા"

રાંએ આંખે હાથ દીધા. કાક પેલાં પગલાં તરફ જોઈ રહ્યો. જોતજોતામાં લાલ પગલાં અદૃશ્ય થઈ ગયાં—અગાશીમાં. હતો તેવો અંધકાર પ્રસરી રહ્યો.

"મહારાજ! જોયું?" કાકે ખિન્ન હૃદયે કહ્યું, "પગલાં જતાં રહ્યાં"

રાંએ આંખ પરથી હાથ કાઢી જોયું ને પગલાં અદૃશ્ય થયલાં જોઈ નીસાસો મુક્યો.

"કાક! સતી ચિતાએ ચઢે ત્યારે આવાં પગલાં પડે એમ વડવા કહી ગયા છે. મારે આવી બન્યું" રાંએ ગદ્‌ગદ કંઠે કહ્યું.

કુતા. મુંજાલ મહેતા વંથળી સાચવવા રહેવાના હતા.

બધાને મહારાજના ઝનુનની અસર થવા લાગી હતી. ત્રિભુવનપાલ બેંગારનું શું કરવું તેની ચિંતામાં પડયા હતા. પરશુરામને ફીકર એ પડી કે, જુનાગઢ પડે તો તે કોના તાબામાં સોંપવું. લીલાદેવી. એકજ લાલ લાગી કે તે પોતે માત્ર એકજ સૈન્ય સાથે રહી શકવાનાં. જગદેવ પરમાર પોતે તદ્દન સારા થઇ ગયા હતા તેજ વાત ફરીફરીને કર્યા કરતા.

પણ આ બધામાં મહારાજનો જુસ્સો બધાથી જુદો દેખાઇ આવતો. તે જંપ્યા કરતો– નિર્જનવનમાં ભણતા દવના જોરથી; ચારે તરફ તેની જવાલ સુસવાટ કરતી અને અણધારી જગ્યાએ તેની આંચ પહોંચી જતી.

"બાપુ! મને દંડનાયક મહારાજની જોડે દરવાજે જવાદો" પરમારે ત્રીજી વખત વનતિ કરી.

"જગદેવ! નકામી માથાકુટ નહીં કર" મહારાજે ગંભીરતાથી કહ્યું, "મારે તને બીજે કામે મોકલવો છે. પરશુરામજી એ સોરઠીઆઓ દગમખોર છે: ગઢ લીધા પછી પણ થોડા દહાડા હંકારે આપે જેટલું જીત્યા તેટલું હાથજ કરવું"

"તેમાં કાંઇલું નહીં પડે" પરશુરામે કહ્યું.

"પેલો દેશણ પણ ત્યાં પડયોપડયો કે મદદ કરશે. પણ છે નીચ, મહેતાજી!" ઉદા તરફ ફરી રાજાએ કહ્યું, "વાહડ ગયો તે ગયો. કૈં જરાજર ન લાવ્યો."

"આવવામાં." ઉદાએ ગંભીરતાથી ઉમેર્યું.

"તમારા એ છોકરામાં માલું પાણી નથી ભાઇ!" ત્રિભુવનપાલને મહારાજે કહ્યું. "ને તગે હલ્લો કરો તો હાથી પર નહીં બેસતા. હાથી પીઠરે તો આપણેજ ધાણ કાઢે–" એટલામાં બહાર ગરબડ થવાથી સહુનાં લવાં ચટયાં "ગો શું ધાંધલ ચાલે છે? બહાર ઉભાંઉભાં પેલા ઠોર શું કકો કરે છે?"

એક દ્વારપાલ આવ્યો.

"અન્નદાતા! ભૃગુકચ્છથી કોઇ બ્રાહ્મણ આવ્યો છે."

"એમ કહે કે શોભ મહેતાને મળે. અમને બ્રાહ્મણ સાંભળવાની ફુરસદ નથી"

"અન્નદાતા! આપનેજ મળવા માંગે છે"

"આખા ગામને હું કયાં મળ્યા કરું! જા કહે કે શોભ મહેતાને મળે."

"ને નહીં માને તો?"

"તારી તરવારને ધાર છે કે નહીં?" રાજાએ ગુસ્સામાં બરાડો માર્યો.

"એનુ નામ શું છે?" ત્રિભુવનપાલે પુછયુ.

"સોમેશ્વર ભટ્ટ" દ્વારપાલે કહ્યું.

"ભૃગુકચ્છનો ગઢવી!" ત્રિભુવનપાલનું મુખ ચિંતાતુર થયું "ને કેમ અહીંઆં આવ્યો?"

"લાવો બોલાવીએ તો ખરા." મુંજાલે કહ્યું "એમાં શું ગયુ?"

"ગો કેમ આવ્યો હશે?" લીલાદેવીએ ધીમેથી પુછયું.

"બોલાવ–બોલાવ" મહારાજે ઉતાવળથી કહ્યું. તેના મોઢા પરથી લાગતું હતું કે જુનાગઢ જીતવા સીવાય બીજી કોઇપણ વાત અત્યારે તેમને પસંદ નહોતી. લીલાદેવી જરાક તેમને આડળ આવી જોઇ રહી

કાંઇલું પોતીયું પહેરેલો એક પુરૂષ આવ્યો. તેને દીસે કાદવ હતો. તેના મોઢા પર ઉઝરડા હતા તેના ગુંચવ

હીના મીસોગીઆની મકક માથા પર ઉભા હતા. આ વિચિત્ર આવનાર તરફ બધા જોઇ રહ્યા

આ સોમેશ્વર હશે ? જરાક ગુસ્સા મા મહારાજે પુછ્યુ

' હા અન્નદાતા ' કુંજર સોમેશ્વર ભટ્ટ ભૃગુકચ્છનો ગઢવી

કેમ આ રીતે ? મહારાજે અધીરાઇ થી પુછ્યુ

' મહારાજ ! રેવાપાને બહુ કહ્યુ । ભૃગુકચ્છ હાથ કરવુ આખુ લટકતેણે હાથમા લીધુ છે

શુ બકે '

સોમેશ્વરને આ આવકાર અપમાનકારક લાગ્યો ગુજરાતના ઘણાને આ બિરદ કહેવા તેણે રત ને દિવસ અનેક રજા વેરી હતી પણ કોઇએ તો તેનો ક્યારે ય તે વાતનો ઇન્કાર । પણ દેખાતો નહોતા

' હુ સકતો નથી અન્નદાતા હુ ગરમ માણસ ક્રોધના શિખરે કહ્યુ આ બિરદ કહેવા મે ત્યાથી નાખી મુકયો।

"પહ્યો કેમ ન શકુ શુ થયુ ' મુજાલ મહેતાએ પુછ્યુ

" બધુ કેટલય વધુ માત્ર અવડ મહેતા જી મજરી આ ને એક કેટલ સૈનિક મારવાની ગઢમા ભરમ બેઠા છે

મજરી-કારમી વસ્તુ ' મહામાત્યએ પુછ્યુ

હા ત્રિભુવનપાલે રચ્યુ મેરુ સતાધિપતિ વજુ પહાડોપા '

" હા અબ ત્રાજના મેળાના માત્ર બે વાપરે અમને કેદ કીધા "

આપણો ઘર ના ટકે એમ છે ને ! ત્રિભુવનપાલે પુછ્યુ

" ટકે એમ નથી મહારાજ ! માત્ર ત્રણ કે ચાર જણ અંદર છે અને કેવા પને રક્ષકને ફોડી અંદર કોઠાર નદીમ નખરી દીધો છે અને તે તને તરત મદદ નહીં આપ તો ગઢ જરૂર પડવાનો

' ચાપને બેઠકપુ ના ગમ્યુ શુ ! મુજાલ મહેતાએ પુછ્યુ

રેવાપાલ મનો નથી મૃગુકચ્છ લીધુ ના તેનો શો હીસાબ ! આડલથી બેઠકપુર સુધી બધ મડ થઇ રહ્યુ છે તરત ને તરત અહીંઆથી લશ્કર જવુજ જોઇએ નહીં તો—"

અમને તારી સલાહની જરા પણ જરૂર નથી કામ ચોટે એવો અવાજે જયસિંહદેવ મોકલ્યા

આપ શુ કરીશુ ? ત્રિભુવનપાલે પુ

મુજાલ મહેતા મે ઘણા જતા હતા પણ તે જોને તે પહેલ મહામાત્યે ગુસ્સામા જવાબ દીધા

શુ શુ કરવુ હતા ! અત્યારે કે નહીં ત્યા સુધી ભુતાગઢ પરે નહીં ત્યા સુધી કે ' પને નહીં

પણ હવે હાથમા થી જશે તો—" ચીનાદેવી વચમા બોલ્યા

જયસિંહદેવના ગુસ્સા સમાયા નહીં જરી તો જવ દે તારે રખવુ હોય તો આ ગા ને લઇ ચલાવે મા બટ ' બહાર ના જરૂર પડશે તને બોલાવીશુ બનશો ચેન બહાર લઇ બનશો " કહ્યુમે દરપલોને આતા કરી

એક પલવાર મે મેસરે ઘાત કચકચાવી મારે તરફ જોયુ જે આશાએ તેણે આ મસલ કરી માથે લીધી હતી તે ધૂળમા મળી લાટ ભૃગુકચ્છ ના મજરીના અને મેના ગઢના

શકશો?"

"ગઢની એક બારીએ મારું માણસ છે."

કહેતાં તો કહ્યું પણ દેશળદેવને જરા ભોરિયો પડ્યો. વખત છેને દાદુ ગઢવી પોતાનો ભાર મરાયો તેની રીસે ગઢ પર ન આવે તો? અને બીજો એક ખાસ માણસ હમીર જેને તેણે ગઢ પર રહેવા સુચવ્યું હતું તે ન આવે તો? દેશળદેવને લાગ્યું કે પક્ષ બદલવો એ કૈં રમતની વાત ન હતી.

"પણ ગઢ સુધી જવાશે કેમ?"

"મેં એક ચોકી સાધી મુકી છે."

"ત્યાંથી કેટલાં માણસ જઈ શકશે?"

"આપ કહો તેટલાં."

"અંદર કેટલાં માણસ સાથે જોઈશે"

"અન્નદાતા! ઓંગાર મધરાતે ગઢની બારીઓ જોવા નીકળે છે, એટલે ગમે તેટલાં માણસ હશે તો પણ તેને તો પુરો કરી શકીશું. પછી તો આગલા દરવાજો ખોલી આપનું લશ્કર દાખલ કરવાનું રહ્યું."

જયસિંહદેવની આંખમાંથી એક ધિક્કાર-ભર્યો જવાબ નીકળ્યો. મામાને ત્યાં પંદર વર્ષ રહી તેને પૈસે ગોબરમલ્લ કરી આવ્યો બદલો આપનાર પણ માણસો દુનીઆમાં વસે છે ખરા! થોડોક વખત મહારાજાએ વિચાર કર્યો: આ કૈં દગલબાજી તો નહીં હોય!

"તમારે મારી સાથે આવવું પડશે."

"જી" માથું હલાવીને દેશળે ખાત્રી આપી.

"તે જરા પણ વાંધો પડશે તો તમારાં ભેજાંનાં ભાયાં ધડથી જુદાં કરીશ."

"ખુશીથી. પણ જો જાણું સમેસૂતરું થાય તો!"

"તો શું? જયસિંહદેવે શીરપાવ આપવાં માટે દિવસ હાથ પાછો ખેંચ્યો છે?"

"પણ બાપુ! કૈં નહીં કરવું સારું" દેશળદેવે કહ્યું ને મુછ જરા જોરથી મરડવા માંડી.

મહારાજા ગુસ્સે થયા. "જયસિંહદેવ જે આપે તે લેવાનું."

"આપના પર મને પુરો વિશ્વાસ છે" દેશળદેવે ધીમેથી કહ્યું "પણ મને દુનીઆમાં એવા અનુભવ થયા છે; જો તો બાપુ! સ્પષ્ટ-વકતાજ સુખી થાય."

"દેશળદેવજી! મારું દીલ મદાય ઉદાર છે."

"હું ક્યાં નથી જાણતો? પણ પાટણમાં મારે દુશ્મનો બેટલા છે...હું તો આપનેજ ભરોસે આવ્યો છું."

"મારો ભરોસો હોય તો પછી કોની પરવા રાખવાની છે?" મહારાજાએ કહ્યું.

"તેથી તો બાપુ, હું દીલ ખોલીને કહું છું. હું હવે વૃદ્ધ થવા આવ્યો છું. અહીંયાં તો નુગ્નલ મહેતાએ મારું મંડલ પણ જપ્ત કર્યું છે, અને જુનાગઢ છોડ્યાથી ઓંગાર મરતાં મારો ગાદીનો હક પણ ડુબ્યો—"

જયસિંહદેવના કપાળ પર કરચલી પડી. "તમારો ગાદીનો હક! ઓંગારને બે તો દીકરા છે."

"અંહ—બહુ નાના—"

"દેશળદેવજી!" કરચલીને મહારાજે કહ્યું. "તમે શું જોયું ને શું નહીં તેનો મારે વિચાર કરવાનો નથી. પણ એક વાત હું કહું." મહારાજા થોડો વખત વિચારમાં ડુબ્યા "મારી ઇચ્છા પુરી થશે તો જે માગશો તે આપીશ."

મહારાજને એક નવો વિચાર આવ્યો હતો એમ દેશળદેવને સ્પષ્ટ દેખાયું. જુનાગઢ જીત કરતાં પણ તેને કૈં તમારે પ્રિય હતું.

શું કરી ? શું રાણુદેવી પકડાઈ જવામિહત્વ ઘેવો થયો હતો તે બધી વાત ?

"આપની જે ઇચ્છા હોય તે મુખેથી કહો."

મહારાજાએ કંઈ જવાબ આપ્યો નહીં

દેશળદેવે ધીમેથી મહારાજના મનની ઇચ્છા પામવાનો રસ્તો શોધવા માંડ્યો.

"કુ તો મહારાજ બે વસ્તુ કરી શકું "

તેણે કહ્યું

'કઈ ?

'એક તો જુનાગઢ જવાનું —

ને બીજી ?"

' જે સ્ત્રીએ આપનો અનાદર કરી અપમાન કર્યું હતું તેની સાથે મેળાપ કરાવું' દેશળદેવની મુઠ્ઠી દાંત વચ્ચે પકડી ગઈ મહારાજ ચમકયા દેશળ ન કોણ કીમીયાગર હોય એવું તેને લાગ્યું તેના મગજમાંથી વિચારના વિચાર ઉત્પન્ન થયા અને આ બધા વિચિત્ર રહસ્યો મેળવવા રાજ્ય તે કરી રહ્યા હશે એવું મનમાં થયું જુનાગઢ જાઉં કે ન જાઉં ? પણ ખુશ તે બહારોજ જોઈએ તેના ચહેરામાં એવું પણ બારણું ? રાણુક માંજર તે આવ્યા પછી તબિયતનો હતો દેશળ દેવ આવેલી હકીકતથી તેના બધા મિજાજ નરમ થઈ ગયો અને દેશળદેવ બાબે પરમ દાનેશ્વરી હોય એની છાપ તેના પર પડી

'કેવી રીતે ?

' રાણુકા તીના આરામમાં આપને લઈ જવા —'

' પછી ?

દેશળે ધાર્યું કે આ રાજાને રીઝવવા બારણું બસ નહિવું

'કુ માની તો માનીતો છું "

' વારુ "

'આપને માટે જે બોલ કહી શકું. જે વસ્તુ આપનાથી ન કહેવાય તે તો મારાથીજ કહેવાય ગમે તેવો પણ હું તેનો વકીલ છું"

મહારાજને આ રાજાના આડા બદથી હસવું આવ્યું

'એક વખત હું એને મારું ઓટલે બધી વાત પાધરી થઈ જાય મહારાજે કહ્યું

પણ જરા જુદી છે

કઈ સ્ત્રી નથી હોતી ' જયસિંહદેવે પોતાનું જ્ઞાન દર્શાવ્યું

દેશળદેવે હસીને હાથ જોડયા 'બરી વાત છે બાપુ !"

પણ હું આપને મેળવી આપું એટલે પછી મારા ગરીબ તરફ આપે જવા કરવાની છે "

કંઈ અવિશ્વાસ છે '

અવિશ્વાસ કયા છે બાપુ ? પણ ચતુર માણસના સ્વભાવ જરા અંધીગ હોય છે તે આપ કયા નથી જાણતા ? આપે તો મારું આપ કંઈ કામ નથી પાડયું, પણ મારા જેવા માણસ આપને મળવા કાજ છે કું તેને જો આપું તેને આપું આપું જેવો છું

મહારાજને આત્મપ્રશંસાની વિરુદ્ધ કે પક્ષ કહેવું સામસામક લાગ્યું નહીં

તમારે જોઈએ છે શું ?'

મે આપને કહ્યું કે નહીં ? મારું જરૂર કરેલું મકાન —

કીલ પછી ?

આપને જુનાગઢ માટે પણ કોઈ બડાઓ તો જોઈશું ને ? કું પણ આપના કંઈ જાણોજ છું " દેશળદેવે હીંમત કરી, તેના હાલ વચ્ચેમાં બધી મુઠ્ઠી કાઢી નેજે હાથ ધરી આપ કરી

મહારાજ ચમક્યા—આ હરામખોરની હીંમતો પણ હદ હોય એમ દેખાયું નહીં



વાળની સુંદરતા અને વધારો કરવા માટે

કામીનીઆ ઓઈલનો ઉપયોગ કરો

વાળની ખૂબસૂરતી વધારવામાં, સુંદર, લીસા અને ચળકતા બનાવવામાં, અને તેની ફેશનમાં રાખવામાં, અને વાળનો વધારો કરવામાં કામીનીઆ ઓઈલ ખરેખર ઝડપી મદદ આપે છે. માથાને પણ ઠંડી રાખે છે. સુગંધમાં અત્યંત મધુર છે. એક વખત વાપરી જુઓ કરી જુઓ.

કીમત આ. ૧ નો રૂ. ૧-૦-૦, ૩ બાટલીના રૂ. ૨-૧૯-૦; પોષ્ટેજ પેકીંગ જુદું.

ખરીદતી વખતે કામીનીઆ ઓઇલજ માંગજો અને લેજો.

બીજું લેના ના.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું. નં. ૧૪૫, જુમામસ્જીદ, રેક નં. ૫, મુંબઈ ૨.

વધુ પૈસા ખરચતા પહેલાં નમુનો વાપરી જુઓ
તમારું પસંદગી પામેલું પરફ્યુમ

ઓટો દીલ બહાર (રજીસ્ટર્ડ)



મધુર, મનોહર, સ્વીટ અને લાસ્ટીંગ ફક્ત થોડાં ટીપાં (four drops) રૂમાલ પર નાખો અને સોરમ ચમેલી અને મોગરાનાં ફૂલોની સાથે સરખાવી જુઓ, પછીજ મોટી શીશી ખરીદજો. તમારા વહાલાઓને પણ ઓટો દીલ બહારનીજ ભેટ કરજો. તેઓ પણ ખુશ થશે.

બીજા મેરોમાં પૈસા ખરચતા પહેલાં ઓટો દીલ બહારની ખાત્રી કરજો. બાટલીની કી. રૂ. ૨-૦-૦, ૧-૮-૦, ૦-૧૨-૦ નમુનો બે આના, સુગંધી કાર્ડ એક આનો. પોષ્ટેજ પેકીંગ જુદું.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું.,
નં ૧૪૫, જુમામસ્જીદ રેક નં. ૫, મુંબઇ ૨.

☞ નમુના માટે આ નીચેની કુપન ભરીને મોકલો.

— નમુના માટે કુપન —

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કંપની: નં. ૧૪૫, જુમા મસ્જીદ રેક નં. ૫, મુંબઈ ૨.

જુદા જુદા બાટલી નમુનાની ઓટો દીલબહાર (રજીસ્ટર્ડ)ની નીચેને ઠેકાણે મોકલી આપજો. ટપાલ ખર્ચ માટે એક આનાનો સ્ટાંપ બીડેલ છે. (સ્ટાંપ વગર બીડશો).

નામ

ઠેકાણું

"બરાબર છે." ઉદ્યમહેતાએ પોતાની યોજના સફળ થઇ જોઇ સહર્ષ કહ્યું, "એટલે પછી કંઈ કરવાનું રહેતું જ નથી."

"પણ આપ બારીએથી જાઓ એ નાહક જોખમ વેઠવા જેવું છે." પરશુરામે કહ્યું.

"જરાય નહીં." "મહારાજે કહ્યું, "જો ચોકી નહીં વધારો તો આપણી જુની રચના કાયમજ રહેશે. ને વધારો તો પછી કેટલો ફાયદો! અને આપણે જોખમ હું નહીં ખેડું તો બીજો કોણ?"

"બખત છેને કે થયું તો—"

"કંઈ થવાનું નથી. મને શું થવાનું હતું!" કેવી સત્તાનો ડોળ કરતાં જયસિંહદેવે કહ્યું.

"તો બારી મુખી હું પણ ચાલું. આપને એમ જવા દેતાં મારો જીવ આકતો નથી." પરશુરામે કહ્યું.

"ભલે!" મહારાજે કહ્યું, "મહેતા તૈયાર થાઓ. બધાને કુચ કરવાનો હુકમ આપો. આપણે બે ત્રણ ઘડીમાં નીકળીશું હું રાણીને તૈયાર થવાનું કહી આવું."

"જેવી આજ્ઞા" કહી બંને ગયા.

"મારે મારા બાજરાને પણ સાથે લેવા પડશે." મહારાજ મનમાં બબડ્યા.

[આ વાર્તાનો વિશેષ ભાગ આવતા અંકમાં]

ગંગેરી સાબુ

સમુદ્રના છાપટે ઉભા કરેલા કારખાનામાં

શિયાળાનો સાબુ શા માટે વાપરવો જોઇએ?

કારણકે, ચિરેરી સાબુઓમાં નરક અને ચરબીનાં તત્વો ભેળેલા હોય છે. ત્યારે શિયાળાનો સાબુ તદ્દન પવિત્ર નિખાલસ અને ટકાઉ છે. કપડાને માટે શિયાળાનો સાબુ ઉત્તમ પુરવાર થયેલો છે.

ડીપો—વલી સુલેમાન, નર્સબાગવર, વજીર બીલ્ડીંગ, મુંબાઇ નં. ૬.

તારનું સરનામું:—"કારખાનાઉસ."

આ "ગુજરાત" પત્ર સાહિત્યપ્રસારક કંપનીની છાપખાનામાં મારે રામચંદ્ર મજુમદાર બટે "ધી સાહિત્ય પ્રેસ"માં નં. ૨૮, એસ્પ્લનેડ રોડ, કોટ મુંબે છાપ્યું અને નં. ૧૩, મેડોઝ સ્ટ્રીટમાં આવેલી ધી સાહિત્યપ્રસારક કંપનીની ઓફીસમાંથી તારાચંદ્ર મજુમદાર બટે પ્રગટ કર્યું છે.

કથન સરસ છે એમ પારખવું સહેલ છે, પણ એની કારણ[1] હાથ આવે તેને નિર્દોષ ધર્મો અઘરો છે પણ સાહિત્યનું સ્વરૂપ આ પ્રશ્નથી આપી શકાય. સચોટ અને સરસ કથન તે સાહિત્ય. રસપૂર્ણ અક્ષર રૂપે અને રસિકતા અર્થને તેનું કથન તે સાહિત્ય.

પણ સાહિત્યનાં આ બે-સચોટતા અને સરસતા-લક્ષણો આપણે નથી હોતાં કે સચોટ અને સરસ સાહિત્ય વચ્ચેનો ભેદ તદ્દન સ્પષ્ટ થઈ જાય અને એનો તો પગે આગે અને લક્ષણો ઘોડે વધતે અંશે સાર્વત્ર રહ્યાં હોય છે, અને સિદ્ધ સાહિત્યનું લક્ષણ જોઈ જ છે કે તે સચોટ અને સરસ બને હોય છતાં ઉચ્ચતમ ઉચ્ચ પ્રકાર શોધવાના બધા સાહિત્યમાં એનું જોઈએ લક્ષણ આપણે પામવું બાકી રહે છે અને તેથી આ બને લક્ષણોને અનુલક્ષીને તપાસ્યા સાહિત્યનું સ્વરૂપ અપેક્ષાએથી નક્કી થશે.

આ બે લક્ષણો આપ કથનનાજ નથી હોતા, પણ બધા કરવાના ઘરેક પ્રકારના કથાત્મક પ્રયત્નના હોય છે. નાદ કે ચિત્ર, રંગાધન કે શબ્દ કે બને તે કોઈ બીજી રીતથી વ્યક્ત કરવાનો પ્રયાસ કરવામાં આવે તો તે કથાત્મક ત્યારેજ ગણાય કે જ્યારે તે સચોટ અને સરસ બને હોય ત્યારે.

સાહિત્યના પ્રકાર નક્કી કરવા માટે કયા વિષયનું કથન થઈ છે તે જોવું જોઈએ સામાન્ય રીતે જોતા કથન-ભાષા દ્વારા વ્યક્ત કરવું તત્ત્વ ચાર વિષયનું હોય છે (૧) વસ્તુ (૨) વિચાર, (૩) ભાવ અને (૪) ભાવના.

---

૧ સરસના શબ્દના પ્રયોગ જોઈ છે અને જ્યાન અક્ષરિક્ષર કાયમે કયા આ અર્થ અપાયા કુશળે છે કારણોમાં સમજવામાં ન આવડવાને માટે પણ અન્ય શબ્દોને પ્રયોગ થાય છે પણ બધી વસ્તુ-પ્રતિભા જોઈએ, નિર્બળતાની અવસ્થા અપાય. બાકીનો ભાગ કાયમ કેવાય સુંદર ન કહેવાય બધા તે ખાલી ઉપરે સરસ કહેવાય છે તેથી સુંદર શબ્દનો પ્રયોગ મને અયોગ્ય લાગ્યો છે

'રસ શબ્દ કેટલો અર્થો વ્યક્ત કરે છે છતાં પણ આપી રસ કહે છે એમ કહી શકાય છે પણ પણ રસ એ રસ છે એમ આપણે કહેવાય. જ્યારે વિચારમાં રસ છે કે ભુલવામાં રસ છે એમ કહેવું અયોગ્ય ન્યાય

વળી જેમાં રસ હોય તે સરસ એમ કહેવું પડતું કહે છે પણ રસના પ્રકાર અને લક્ષણ જોતાં લાગે કરવામાં આવ્યો છે કે બધામાં રસ હોય ત્યાંજ કાવ્ય કરવું કે સાહિત્ય પ્રગટે એમ કહેવું નથી અલંકારિકોએ શૃંગાર, વીર, કરુણ, અદ્ભુત, હાસ્ય ભયાનક, બીભત્સ, રૌદ્ર અને શાંત એવા નવ રસ ગણ્યા છે પણ રસના આમ પ્રકાર નક્કી કરવા જતાં સરસતા સામા સમાઈ છે તે સમજવું નથી તેમજ અન્યત્ર (Sublimity) ઓજ ભાવ, કે ચિત્તોદ્રેક (Enthusiasm) જેવા રસને આ વાદીમાં સ્થાન આપ્યું નથી આમ બીજાએ રસ જે સાહિત્યમાં હોય તેને સરસ કહેવાય કે કેમ એ સવાલ હજી બાકી છે આપણે આ પ્રમાણે વપરાયેલા રસ શબ્દનો પ્રયોગ કર મુકી 'સરસતા' શબ્દ વાપરવાથી સાહિત્યના લક્ષણોનું પૃથક્કરણ કરી સરળ બને

વસ્તુ કાં તો ઇંદ્રિયગ્રાહ્ય, કલ્પનાગ્રાહ્ય કે બુદ્ધિગ્રાહ્ય હોય.

વિચારનું ક્ષેત્ર મોટે ભાગે તો વસ્તુઓના કાર્યકારણ સંબંધનું કે સહચારનું અન્વેષણ હોય છે. ઘણી વખત આ સંબંધ સ્પષ્ટ જોયા વિના વસ્તુઓને કલ્પનાથી સંબદ્ધ રાખવા જતાં વિચાર રમૂજ કે છે. કોઈક વખત સિદ્ધાંતો ઉપજાવવાની કે તેમને કલ્પનાથી જોડવાની ક્રિયાને વિચાર કહીએ છીએ.

ભાવનો અર્થ સાધારણ રીતે લાગણીઓ થાય છે. બીજા વિષય તરફ કોઈપણ પ્રકારની રજોગુણી માનસિક દશા તે લાગણી. રાગ, દ્વેષ વગેરે દ્વંદ્વોને પરિણામે ઉદ્ભવતી ઝીણી મોટી રાજસિક દશા તે લાગણીઓ.

માણસ કે વસ્તુની અપૂર્વતાની ઝાંખી કરવા જતાં ઉદ્ભવેલું સ્વરૂપ તે ભાવના. વિચાર કે ભાવને કલ્પના દ્વારા મૂર્ત કરવો તે ભાવના. વસ્તુઓના લક્ષણોને મૂર્ત સ્વરૂપે કલ્પવાં તે પણ ભાવના કહેવાય. ઇંદ્રિયગ્રાહ્ય વિષયનો કલ્પના વડે આદર્શ રચ્યો હોય તે પણ ભાવના કહેવાય. સ્મૃતિએ સંઘરી રાખેલા સંસ્કારોને કાલ્પનિક વ્યક્તિત્વ આપવું તે પણ ભાવના.

આ ઉપરથી સાહિત્યનું સ્વરૂપ થોડા શબ્દોમાં કહી શકાય: વસ્તુ, વિચાર, ભાવના અને ભાવનો ભાષા દ્વારા વ્યક્ત કરવાનો પ્રયત્ન તે કથન. કથન સચોટ અને સરસ હોય તે સાહિત્ય. સાહિત્યનો સ્થૂલ દેહ તે શબ્દો. સાહિત્યમાં સમાયલી સર્વવ્યાપી વસ્તુ તે કલ્પના. શબ્દો દ્વારા વસ્તુ, વિચાર, ભાવ કે ભાવના દર્શાવવાં એ મનુષ્યનું કાર્યક્ષેત્ર છે; ભાષા દ્વારા વસ્તુ, વિચાર, ભાવ કે ભાવનાને સરસ રીતે દર્શાવી સામા માણસમાં જ્ઞાન, શ્રદ્ધા, સમભાવ અને કર્તવ્ય પ્રગટાવવાં તે સાહિત્યકનું ક્ષેત્ર છે.

પ્રકરણ ૪ થું

કલ્પનાશક્તિ

સાહિત્યમાં સમાયલી સર્વવ્યાપી ને સચરાચર વસ્તુ કલ્પનાજ છે.

એક વસ્તુને જોઈ, તેની ગેરહાજરીમાં પણ તેની છાપ અથવા તેના સંસ્કારો સંઘરી રાખવા એ સ્મરણશક્તિનું કામ. પણ આપણે માત્ર એ છાપ કે સંસ્કારો સંઘરી રાખતા નથી, પણ તેને ફરીથી ચિત્રરૂપે પ્રગટાવીએ છીએ. આ કલ્પના વડે, આટલેથી પણ આપણે અટકતા નથી. આપણે એ ચિત્રમાં નવા રંગો પુરીએ છીએ, નવી રેખાઓ ઉમેરીએ છીએ, અસલની તેની વિશિષ્ટતા ભૂંસી નાંખીએ છીએ અને નવું ચિત્ર ઉભું કરીએ છીએ. આ પણ કલ્પના વડે. આ નવું ચિત્ર આપણે ઉભું કરવા માંડીએ છીએ ત્યારે તેને સરસ પણ બનાવવા મથીએ છીએ.

એક ગુલાબ લઈએ તેનું રૂપ, રંગ, ગંધ ને સ્પર્શની છાપ સ્મૃતિ સંઘરી રાખે છે તે સ્મરણોને કલ્પના ભેગા કરી એ પુષ્પનું ચિત્ર ખડું કરે છે, એટલું જ નહીં પણ વાળી વાર પુષ્પનું ચિત્ર ખડું કરતાં કલ્પના એક પુષ્પનો રંગ લે છે, બીજાના ઘાટ લે છે, ત્રીજાની સુવાસ લે છે અને એક અપૂર્વ ગુલાબનું ચિત્ર ઉભું કરે છે આ પુષ્પમાં અસલ પુષ્પના કેટલાક અંગો છે પણ એનું સૌંદર્ય અસલથી પણ વધારે બને એવો પ્રયોગ થાય છે આખરે આ ક્રિયાથી ગુલાબનું જેવું છે તેવું નહીં પણ હોવું જોઈએ એવું, ગુલાબની જાણે ભાવના હોય તેવું, સરસ કલ્પનાચિત્ર બને છે

કલ્પનાચિત્રમાં આ અપૂર્વતા–ભાવનાત્મક મૌલિકતા આણવાની જે શક્તિ તે કલ્પનાશક્તિથી નોખી પડતી સરસતા સરજાવવાની શક્તિ છે તેને રસવૃત્તિ કહી શકાય આ રસવૃત્તિ દરેક વસ્તુ જોઈ ઉત્તેજતી નથી કેટલીક વસ્તુમાં એવા લક્ષણો હોય છે કે તેથી આ વૃત્તિ ઉશ્કેરાય છે અને કલ્પનાચિત્રને સરસ કરવા મથે છે આવા લક્ષણોવાળી વસ્તુઓની ખૂબી પારખે તે રસિકતા, અને જે ખૂબી થી રસિકના મનોભાવ ને આ વૃત્તિ ઉત્તેજાય તે સરસતા સુંદર પુષ્પ, સુરેખ શરીર, ચંદ્રથી શોભતી રાત્રિ, રસભર કાવ્ય રસિકતા મનોભાવ અને એ બધાનું સામાન્ય લક્ષણ તે સરસતા

આ સરસ ચિત્રને કલ્પના મગજ આગળ ફૂરીફરી આણે છે અને ખરા પુષ્પથી જે આનંદ નહોતો મળ્યો તે આ કાલ્પનિક પુષ્પથી મળે જ કૉલીન કહે છે તે પ્રમાણે સુંદર વસ્તુની હાજરીમાં, કે તેના સ્મરણથી અથવા કલ્પનાએ રચેલી વસ્તુના માત્ર વિચારથી આત્મામાં આંદોલનો પ્રગટાવવા એ કલ્પનાનું વિશિષ્ટ લક્ષણ છે[1] આટલું જ નહીં પણ કલ્પનામાં વાસ્તવ કરતાં વધુ જ છે બધી વસ્તુ કરતાં પોતે રચેલા ચિત્રથી તે વધારે ઘેલી બને છે ચિત્તમાં તી હાજરી આનંદ આપે તેના કરતાં તેના સ્મરણો આપેલું ચિત્ર વધારે આનંદ આપે છે એ દરેક કવિના કાવ્યો પરથી જણાશે

આ પ્રમાણે આત્માના આંદોલનો શરૂ થયા કે માણસમાં રહેલી મર્જક શક્તિને એ ચિત્ર વ્યક્ત કરવાની પ્રેરણા થાય છે–માત્ર વ્યક્ત કરવાની નહીં પણ એવી રીતે વ્યક્ત કરવાની કે જેથી સામા માણસમાં એવાજ આંદોલનો પ્રગટે અને સામાની રસિકતા એજ પ્રમાણે સંતોષાય એટલે કે સચોટ ને સરસ રીતે

"બધી દુનીઆમાં જે વસ્તુ કે નીતિનું સ્વાભાવિક સૌંદર્ય જોઈ આપણે ગભરાઈએ છીએ તેને જોવાની ને અનુભવવાની ઇચ્છા થાય છે અને આપણે ન

---

૧ વ્યાખ્યાનોઃ વીક્ટર કૉલીન (Lectures Victor Cousin)

સૌંદર્યને પુનઃ પ્રગટાવવાને મથીએ છીએ–પણ તેના અસલ સ્વરૂપે નહીં, પણ જે આપણી કલ્પનાશક્તિ રચે તે સ્વરૂપે. અને આથી મનુષ્યને ગૌરવ જોઈ નવીન કૃતિ પ્રગટે છે. તેને આપણે કલાત્મક વસ્તુ કહીએ છીએ."[૧]

આ વ્યક્ત કરવાનો પ્રયત્ન જ્યારે કથન દ્વારા થાય છે ત્યારે પાછી કલ્પનાની જરૂર પડે છે. દરેક ઉચ્ચારણ કે શબ્દ, દરેક ચિન્હ કે અક્ષર કલ્પના-તંતુનાંજ વણાયલાં હોય છે, કારણ કે દરેકની સાથે કેટલા યુગો થયાં કેવા પ્રતિભા, વિચાર, ભાવ કે ભાવનાના સંસ્કારો કલ્પનાએ જોરીજ મુક્યા હોય છે: અને તેથી એક શબ્દ કાને પડતાં સાંભળનારની કલ્પના તેના સહચારી સંસ્કાર ને માનસિક દશા પ્રગટ કરે છે. 'પ્રેમ' અને 'સ્વાતંત્ર્ય' જેટલા નાનકડા શબ્દને કલ્પનાએ કેટલા ને કેવા સંસ્કારો આપ્યા છે! એ શબ્દો ઉચ્ચારાય કે સાંભળનારની કલ્પના કેવી ઉત્તેજાય છે, અને સદ્ગુણી વસ્તુ અને ભાવ વગેરેનો ખ્યાલ કેમ પ્રગટે છે? આમ શબ્દો અને મનોદશાના પરસ્પર સંસ્કારો[૨] નક્કી કરવા એ પણ સાહિત્યકની કલ્પનાનું કાર્યક્ષેત્ર છે.

વળી કલ્પનાચિત્ર યોગ્ય રીતે વ્યક્ત કરવા કલ્પના જુદીજુદી વસ્તુ વચ્ચે અને શબ્દ વચ્ચે સંબંધ ઉભો કરી એવી શબ્દાવલિ રચે છે કે જેથી સાંભળનારના મગજમાં સમભાવી કલ્પનાચિત્રો સહેલાઈથી ઉભાં થઈ શકે છે. આ શબ્દાવલિને શબ્દચિત્ર કહી શકાય.


"શબ્દો સારી રીતે પસંદ કર્યા હોય તો તેમાં એવું બલ આવે છે કે વક્તા વખત એક વસ્તુને બતે જોઈ હોય તેના કરતાં તેના વર્ણનથી તેનો વધારે સારો ખ્યાલ આવે છે"[૩] તેવીજ રીતે શબ્દોથી કલ્પના સમભાવ, નવા વિચારો, નવી ભાવનાઓ, શ્રદ્ધા તેમજ કર્તવ્ય પ્રગટાવે છે. અને કલ્પનાની મદદથીજ શબ્દાવલિમાં રહેલી સરસતા પરખાય છે અને અનુભવાય છે. એટલે જેમ કલ્પનાશક્તિ ચિત્રો ઉભાં કરે છે તેમજ ભાવો, વિચારો વગેરે બીજી મનોદશાઓ પણ ઉભી કરે છે.

પ્રકરણ ૫ મું

કલ્પનાની મર્યાદા–ઔચિત્ય

કલ્પનાશક્તિની મદદથી જે ક્રિયા થાય છે અને જે કલાત્મક કૃતિનાં સ્વરૂપો નક્કી કરે છે તે દુનિયામાં કરીથી આ પ્રમાણે કહી શકાય: રસિકના પુણ્ય જોઈ આકર્ષાય છે કે સંતોષાય છે અને તેથી કલ્પના પર તેની સત્તા જાય પડે છે. રસવૃત્તિ કલ્પનાની સર્જકશક્તિને મદદ કરે છે–ને પુણ્યને

૧. વ્યાખ્યાનો કઝીન (Lectures: Cousin) ૨. Association of Ideas
૩. કલ્પનાનો આનંદ: એડિસન (Pleasures of Imagination: Addison)



ગુ. રાજ્ય] રોસેટા સ્ટોન [ઓક્ટો. ૧૯૮૦

આ પથ્થર સને ૧૭૯૯ માં ફ્રેંચ સૈનિકોને ન્યાઇલ નદીના મુખ આગળ અલેક્ઝાન્ડ્રીયાના કીલ્લા આગળ મળ્યો અને આ કીલ્લા પાસેના વસાહતમાં આ કીલ્લાના હાથમાં આવ્યો. ઇ.સ. ૧૮૦૧ માં બ્રીટીશ સૈન્ય આ ભાગમાં મુકાયું ત્યારપછી એના પર કોતરેલી લિપિ કઈ છે તેની શોધ કરવાનું કામ શરૂ થયું. આ પથ્થર જે મળી આવ્યો તે ગ્રેનાઇટ પથ્થરની ચાકતી હતી અને તે આશરે ૩ ફીટ ૯ ઇંચ પહોળો અને ૨ ફીટ ૪ ઇંચ જાડો છે. આમ ઉપરથી ખાત્રી થયેલ કે તે મૂળ ચિત્રાક્ષરી લખેલી હતી આમ એના પરથી ૨૪ લીટી



વીનસ ડી મીલો
રતિદેવીની અપ્રતિમ મૂર્તિ

ગણાય છે. એ પુતળામાં કારીગરે એવું શું આણ્યું છે કે દરેક યુગના કલાકારો એની પૂજા કરી રહ્યા છે?

સુંદરમાં સુંદર સ્ત્રીથી એ મૂર્તિ જુદી છે. માનવ સ્ત્રીથી એ ઘણી મોટી છે. શાંતિ દર્શાવતી આંખો; સત્તા દર્શાવતું કપાળ; વિલાસ દર્શાવતા ગાલ; કોડ અને દૃઢતા બંને દાખવતા હોઠ; શાંત ને આત્મનિષ્ઠ પ્રભાવ દાખવતો ડોકનો ભરાવ; સંયમ અને વિલાસ બંને દાખવતાં સ્તનો; શારીરિક બલ અને છટા બંને દાખવતી કેમર અને આખા અંગ પર રહેલી દૈવી. શાંતિ ને સત્તાની છાપ—આ બધાં કોઇપણ સ્ત્રીમાં મળવાં અશક્ય છે. આ પાષાણની સ્ત્રીમાં કોઇપણ સુંદર સ્ત્રીમાં જડે તેનાથી નીરાળી અપૂર્વતા છે. દુનીઆની સ્ત્રીઓનાં લક્ષણો કલ્પનાની મદદથી ભેગાં આણી એક અસંભવિત સંગ્રહસ્થાન એમાં કલાકારે કર્યું છે; અને એ સંગ્રહસ્થાનને એવી એકતાનતાં અર્પી છે કે તે આદર્શમાં લેખાય. એ મૂર્તિ સ્ત્રી નથી લાગતી, પણ સ્ત્રી કેવી હોઇ શકે, હોવી જોઇએ તેનો આદર્શ ખડો કરે છે.

અને છતાં એને જોતાં સુંદર સ્ત્રીને જોઇ જે મનોદશા ઉદ્ભવે છે તે ઉદ્ભવે છે. એ મૂર્તિનું સ્ત્રીત્વ ભયંકર ને આકર્ષક છે. તેના સર્વે અંગમાંથી જેવી પ્રતાપી માનવતા ઝરે છે કે તે મનુષ્યસ્વભાવના ઉંડામાં ઉંડા ભાવોને પ્રગટાવે છે ને પોષે છે. એની સ્વાભાવિકતા, સપ્રમાણતા અને વાસ્તવિકતા એવી છે કે એવી સ્ત્રી હોઇ શકે નહીં એમ ખ્યાલ પણ આવે નહીં.

આ સાથે જેમાં આ નિયમો ન સચવાયા હોય તેવી કૃતિ સરખાવીએ. આપણાં મંદિરોમાં ઘણી દેવીઓની પ્રતિમા જડી આવે છે. શક્તિ બતાવવા તેનું માપ એવું મોટું કર્યું હોય છે કે કદર્યું લાગે; તેજસ્વિતા બતાવવા વહેંતના કમલપત્ર જેવા નેત્રોમાં ફાટા ડોળા બતાવ્યા હોય છે; વિલાસ બતાવવા બે 'કલકલ્યો' લટકાવ્યા હોય છે; અને ચાંચલ્ય બતાવવા સ્વાભાવિક શરીર ન લચકાઇ શકે એમ કમર વાંકી કરવામાં આવે છે. તેમાંથી નથી ઝરતી ભાવના કે તેમાં નથી થતી અપૂર્વતાની ઝાંખી. અને કુબ્જાનું સ્ત્રીત્વ જોઇને મનોદશા થાય તેવી પણ મનોદશા આ મૂર્તિને જોઇ નથી થતી. એ તો ઘડેલો પથ્થર તે પથ્થરજ.

એક મૂર્તિ કલાગમ્યતાની પરાકાષ્ઠા બતાવે છે, બીજીમાં કલાગમ્યતાનો અંશ પણ નથી. બંનેમાં કલ્પના તો છે, પણ બીજામાં કલ્પનાએ મર્યાદા સાચવી છે, પહેલામાં તેને બંધન જેવું કંઈ રહ્યું નથી.

આ જોતાં કલ્પનાવિહારની મર્યાદા આ પ્રમાણે બંધાય:—

કલ્પનાએ રચેલા ચિત્રમાં કાલ્પનિક અંશ જેટલા આવવા જોઇએ કે એમાં ભાવનાત્મક અપૂર્વતા દેખાય; અને સ્વાભાવિકતા

અને વાસ્તવિકતા એટલી સોહામણી હોય કે જેથી ખરી વસ્તુ જે મનોરમ્ય પ્રતીતિને જન્મ આપે તેમાંથી પ્રગટે

સરળતા અને મનોરમ્યતા જેવા પ્રસાદની કાવ્યોની સર્વસામાન્ય તેમ જ મુખ્ય નિયમ આ નિયમને અનુસરી સર્જાયેલા કાવ્યને વૈદર્ભિક[1] આ વૈદર્ભિક તે કાવ્યનું લક્ષણ.

આમ વસ્તુના કાવ્યનિર્માણમાં આ નિયમ લાગુ પડે છે એમ નથી આ વિચાર વર્ણને જણાવવા આ નિયમ લાગુ પડે છે કાવ્યમાંએ રચેલા આવા અનેક કાવ્યના વર્ણને સૂક્ષ્મ, અમૂર્ત અને ભાવનાત્મક અને બધા એકત્રિત સ્વાભાવિક વર્ણનોમાં આના દૃષ્ટાંત મહિમ્નમાં જોવે છે દામરનું ઉદ્દીપક મહાકાવ્યમાં થયું છે એમાંના વીગેરે કાવ્યોની રીતિના તે શક્તિ દ્વારા તે કાવ્ય કાવ્યમાં એવામાં નથી આવતા બધા જે એવામાં આવે છે તેની એ બધા

---

[1] જેમ,

કાવ્યસ્યાત્મા સંજ્ઞાયે દિનિત્યા ગતિનૃણે ।
યસ્ય પ્રસિદ્ધિર્વિવિધ વિધિવત્યપિ ન દર્શન ॥
પ્રસાદાખ્યવૈદર્ભસ્ય ગુણા સર્વ ગુણા સદા ।
પ્રસિદ્ધિ સમિદ્ધસ્ય સ્થિર કાવ્યસ્ય પ્રસિદ્ધિમ્ ॥

* * *

વર વાક્ય પ્રબન્ધાર્થ ગુણાલંકાર રસ ।
ક્રિયાર્થા કારક સ્થિર વચન ચ વિભક્તય ॥
અસાર્થ વિશ્વાસ્ય કાવ્ય કર કૃતપ્રત્ન ।
તરત્ન સર્વત્રાપ્યનિરાય સ્વભાવ સરળાત્મક ॥
પ્રતિભાયમવસ્થાના વિચાર સાધ્યવર્તિનિ ।
કાવ્યસ્યાસ્યાનુ ય પ્રાદુર્ભાવિત્વ સ્યાપ્ય પ્રસિદ્ધિમ્ ॥

* * *

વિચાર કરતાં જે કાવ્યમાં પ્રસિદ્ધિત્વ રહેલ નથી તે કાવ્યના અસ્તિત્વની તથા અને મિથ્યા અનુભવ કરેલા ગુણોથી પણ વધુ અધમ પ્રસિદ્ધિત્વ ધરાવે કાવ્ય ॥ અસ્તિત્વની અથવા હયાતી કીમત નથી કારણ કે અસ્તિત્વ તે ભાવ (ભાવના) સ્વરૂપિત કરેલાય છે અને ગુણો તે દ્રવ્યના ગુણરૂપે રહે છે પરંતુ (ગુણાદિ) સાથે પ્રસિદ્ધિ કરવાનું પ્રસિદ્ધિ એ અવિનાશિ અનુ રહેલ છે આથી કે પ્રસિદ્ધિત્વ ગુણ જેમ નાશ પામવા સમર્થ કરેલાય ॥

* * *

પદ્યના વાક્યમાં તે પ્રબન્ધના અર્થમાં ગુણમાં અલંકારમાં તે રસમાં, ક્રિયામાં કારકમાં, લિંગમાં વચનમાં તે વિભક્તિના પ્રયોગમાં ન નિપાતમાં કાવ્યમાં ઉક્તિમાં, પુનરુક્તિમાં અને મતમાં તત્ત્વમાં ન દોષમાં અભિપ્રાયમાં સ્વભાવમાં ન સાર પ્રકરણમાં, પ્રતિભામાં અને અવસ્થાઓમાં વિચારમાં નાશમાં અને આશ્રિતપણામાં આ પ્રમાણે કાવ્યના પદાર્થોમાં (જોવા) કરેલા. વૈદર્ભિયન કાવ્યમાં કાવ્યના સ્થાયિત્વ કરવાનું છે

ભાવના પુરી પાડે છે. અને છતાં એ બધાં એટલાં સ્વાભાવિક લાગે છે કે આપણા મિત્રોની એ કથા હોય એમ લાગ્યા વિના રહેતું નથી.

તેવીજ રીતે કાલીદાસનું એપદ્ભુત વર્ણનાત્મક ભાવપ્રધાન સાહિત્યનો અપ્રતિમ નમુનો છે. કોઇપણ પ્રણયીએ યક્ષની ભાવક વાદળાંને સંદેશો કહ્યો નહીં હોય; પણ વિયોગ સહતા કયા સંસ્કારી પ્રણયીને યક્ષ થવાનું-યક્ષના ભાવ ને આદર્શ માનવાનું મન થયું નથી? અને છતાં એના ભાવો, એની પ્રાર્થના, એની વેદના એટલી સ્વાભાવિક છે કે સામાન્ય જીવનમાં એ ભાવો દર્શાવવાને એનાથી વધારે ઉચિત શબ્દો જડવા મુશ્કેલ છે.

તેજ પ્રમાણે વિચાર અને ભાવનાને પણ આજ નિયમ લાગુ પડે છે એ કોઇપણ દૃષ્ટાંત દેખાડી આપશે.

પ્રકરણ ૬ ઠું

સચોટતા અને તેના નિયમો

આગલાં પ્રકરણોમાં કહ્યું તેમ કલાત્મક કૃતિ વ્યક્ત કરવાની ક્રિયામાં સચોટતા ત્રણ વખત આવે છે: ૧. ઇંદ્રિય દ્વારા કોઇ પણ વસ્તુની માણસના મગજ પર સચોટ છાપ પડે ત્યારે; ૨. કલ્પનાચિત્ર બહુ થાય ત્યારપછી તેની સચોટ અસર ચિત્રકાર પર થાય છે અને તેના આત્મામાં આંદોલનો જાગે છે ત્યારે; ૩. અને કૃતિ કે કથન દ્વારા ચિત્ર વ્યક્ત કર્યા પછી સામા માણસ પર સચોટ અસર થાય છે ત્યારે. ત્રીજા વખતની સચોટતાજ કલાત્મક કૃતિનું લક્ષણ છે, છતાં સચોટતા સાધવાની રીત ત્રણે વખત એકજ હોય છે.

સચોટતા કેવી રીતે સધાય છે? એક વસ્તુની ઉંડી અસર થાય છે અને બીજી તરફ આપણે ધ્યાન પણ નથી આપતા—તે શા સારુ? કયું લક્ષણ હોય તો સચોટ અસર થાય છે?

જુદાજુદા માણસો પર જુદીજુદી વસ્તુ સચોટ અસર કરે છે; અને તેનું કારણ એકજ હોઇ શકે કે કોઇક વસ્તુનું સ્વરૂપ કે સ્વભાવ કોઇકને વધારે આકર્ષક લાગે છે—એટલે કે વસ્તુ અને જોનાર વચ્ચે કોઇ પણ પ્રકારનો સ્વાભાવિક સંવાદ હોવો જોઇએ.

કેટલીક ચીજો ઘણા માણસોને પર સચોટ અસર કરે છે. તેનું કારણ એટલું જ કે એ ચીજનો સ્વભાવ કે સ્વરૂપ અને સામાન્ય જનસ્વભાવની મૌલિક રચના વચ્ચે સંવાદ હોય છે. આ સંવાદ કેમ સંભવે છે તે વિચારવું જોઇએ.

આ બધાનું અન્વેષણ કરવા ચંદ્ર જેવી એક વસ્તુ લઇએ. માણસે માનવ સ્વરૂપ પ્રાપ્ત કર્યું ત્યારથી, બલ્કે તે પહેલાંથી ચંદ્ર ઘણા માણસો પર

દર પંદર દહાડે અમી વર્ષાતી, રસધેરબંધ આવે છે અને ઘણી ચિરસ્થાયી અસર કરે છે એનું શું કારણ?

જ્ઞાનના વિષય તરીકે ચંદ્ર તો છે માત્ર આકાશમાં ફરતો દેખાતો ઠોળ વાયકો જ્વાલામુખી ઉલ્કાઓ, નિર્જન ને નિસ્તેજ પથરો એમાં જીવનો છાંટો નથી, અમી નથી એ કૈં વર્ષી શકે એમ નથી એની રચનામાં પ્રભુપ્રેમને પ્રેરવાને કે શાંતિને પ્રસારે એવું કૈં તત્ત્વ નથી છતાં એ શાંતિ, અમી અને પ્રભુપ્રેમના પ્રેરક તરીકે કેમ સકળ માનુષો પર છાપ પાડે છે?

પ્રકાશનો સ્વામી સૂર્ય છે એના સુખદ પ્રકાશ સાથે સદાય તાપનું દુઃખ સંકળાયેલું માણસને ટેવ છે ચંદ્રમાં તાપ વિનાનો પ્રકાશ મળે છે અને રાતે જ ચંદ્ર સ્પષ્ટ દેખાય છે અને ત્યારે શાંતિ પ્રસરે છે એટલે દુઃખ વેઠ્યા વિના સુખ ભોગવી શકાય છે પરિણામે ચંદ્ર જ્યારે આકાશમાં હોય ત્યારે ચંદ્રમાં ઉત્પન્ન થતું નથી એવું પણ પોતાની ટેવોને લઈને માણસને અપરિચિત સુખ મળે છે અને તે કાર્યકારણસંબંધ બાંધી દેવાની માનવવૃત્તિથી ચંદ્રને સુખનું કારણ માને છે

આ ઉપરાંત જ્યાં સ્વરૂપ એક હોય ત્યાં સ્વભાવ પણ એકજ છે એમ માની લેવાની વૃત્તિ માણસમાં હોય છે તે વૃત્તિ ચંદ્રનો સ્વભાવ નક્કી કરવા આડે છે સાધારણ રીતે જ્યારે માણસ આનંદમાં હોય, પ્રસન્ન હોય ત્યારે તે હાસ્યનો કે મહેરબાનીનો પ્રકાશ પાડે છે અને આનંદ કરાવવા, બધાનું સુખ જોવા અને બધાને સુખી કરવા તૈયાર હોય છે અને તેથી ચંદ્રને પ્રકાશવાળો ને તાપ વિનાનો દેખી—એટલે બધાને શાંત ને સુખી કરતો જોઈ, તે પોતાના સ્વભાવનું તેના પર આરોપણ કરે છે અને માને છે કે ચંદ્રનો સ્વભાવ એવો છે કે તે શાંતિ પ્રસારે છે, અમી વરસાવે છે, આલ્હાદ આપે છે અને પ્રભુપ્રેમ પોષે છે

સિંહ જેવા પ્રાણીનો જે સ્વભાવ માણસ ધારે છે તેના પર અનેક ચુટકલા ને કલ્પનાચિત્રો રચાયા છે તેને જોઈ આપણને શાંતિભરી સત્તા, દુર્જય પ્રતાપ ને ઔદાર્યશીલ મહત્તાનો ખ્યાલ આવે છે અને એ બધા ગુણો તે પોતાના વનચરોના સામ્રાજ્યમાં દર્શાવે છે એમ માનીએ છીએ આ ગુણો થી સંપન્ન માણસને આપણે નરસિંહ કહીએ છીએ પ્રેમઘેલી સુંદરી પ્રિયતમને કેસરીસમી મોહક કરી ને તેના જેવા ગૌરવશીલ ડગ ભરતો જોવા આતુર રહે છે અને અજેય સત્તાએ પોતે ઉપર આપેલા ગુણોથી ભરપૂર છે એમ મનાવવા સિંહને પોતાના ચિન્હ તરીકે રાખ્યો છે અને એ ચિન્હથી બધા એમ માને છે કે એ ગુણો એ રાજ્યસત્તાના છે

પણ સિંહમાં એમાનો એકે ગુણ હોય એવું પુરવાર થઈ શકયું નથી આ વિકરાળ ને હિંસક પ્રાણી છે એવી વાત ખરી પણ બીજા બધા ગુણો

આપણા પોતાના સ્વભાવના તેના પર કરેલા આરોપણથીજ તેના છે એમ આપણે માની લીધું છે. માણસ શાંત હોય ત્યારે ધીમો ચાલે; સિંહ ધીમો ચાલે છે માટે શાંત હોવો જોઇએ. માણસને સત્તાનો ગર્વ હોય ત્યારે ધીમે-ધીમે ઉંચી ડોક કરી ચાલે; સિંહ ધીમેધીમે ઉંચી ડોક કરી ચાલે છે માટે તેને સત્તાનો ગર્વ હોવો જોઇએ. માણસમાં શક્તિ, શાંતિ ને ગર્વ હોય તો તે ઔદાર્ય દાખવે; આપણે સિંહમાં શક્તિ, શાંતિ ને ગર્વનું આરોપણ કર્યું છે એટલે તેના સહચારી ગુણ ઔદાર્યનું પણ આરોપણ કરીએ છીએ.

આ ઉપરથી આરોપણવૃત્તિનો પ્રકાર સ્પષ્ટ થાય છે.

૧. આપણા સ્વભાવ કે મનોદશાને લીધે આપણું જે સ્વરૂપ થતું હોય તેના જેવું સ્વરૂપ જ્યારે કોઇ વસ્તુનું–જ્ઞાનના વિષયનું–દેખાય ત્યારે આપણે તેનામાં પણ તેવાંજ સ્વભાવ કે મનોદશા છે એમ માનીએ છીએ.[૧]

બહાર રહેલી, અનેક પ્રકૃતિમાંથી ઇંદ્રિય દ્વારા પ્રાપ્ત કરેલા સંસ્કારોને એકઠા કરી, એકત્રિત કરી, ગોઠવી આપણી ચિત્તવૃત્તિ એકતાનતા આપે છે અને તેને સૃષ્ટિના જ્ઞાન તરીકે આપણને મનાવે છે. આ જ્ઞાનમાંજ અસ્તિત્વ ધરાવતી સૃષ્ટિની રચનામાં આ આરોપણવૃત્તિ ઘણોજ અગત્યનો ભાગ ભજવે છે.

આ આરોપણવૃત્તિથી એક માણસે ચંદ્રને શાંતિ ને સુખનો દાતા, અમી વર્ષનાર ને પ્રણયનાથ બનાવ્યો. આ આરોપણ થયું કે તે માણસ પર ચંદ્ર જાદુઇ અસર કરવા માંડશે. શાંતિ મેળવવા તે ચંદ્રની પૂજા કરશે, તે આકાશમાં ક્યારે ઉગે કે શાંતિ મળે એમ ધારીને જોયા કરશે અને તેને ઉગ્યો જોઇ, ક્રોધ કે શુષ્કતા વીસરી જઇ ઉત્સાહમાં આવશે.

પણ કોઇક માણસ એવો પણ જડે કે જેને ચંદ્ર આવી અસર ન પણ કરે. કોઇક એવા પણ જડશે કે ચંદ્રિકાને 'પટાંતથી વારવાની' ક્રિયા આરંભશે. એનું કારણ એકજ છે કે સામાન્ય માણસો જે રીતે સ્વરૂપ જોઇ સ્વભાવનું આરોપણ કરે છે તે રીતે આ માણસ કરી શકતો નથી. એટલે-

૨.(અ) આરોપણ કરનાર મનુષ્યનાં સ્વભાવ કે મનોદશાથી ઉદ્ભવતું તેનું સ્વરૂપ એવું હોય કે જ્યારેજ્યારે એ સ્વભાવ કે મનોદશા પ્રગટે ત્યારે એજ સ્વરૂપ પ્રગટે; અને (આ)એ સ્વરૂપ અને આરોપ્ય

(૧) આ આરોપણવૃત્તિએ અર્વાચીન જર્મન તત્ત્વવેત્તાઓનું ઘણું ધ્યાન ખેંચ્યું છે. એ વૃત્તિનું નામ લીપ્સ (Lipps) અને વંટ (Wundt) Einfillung એટલે બાજાંતરક્રિયા 'feeling into' આપે છે. અને માટે અંગ્રેજમાં empathy શબ્દ વપરાય છે. Beauty and Ugliness: Vernon & Anstruther-Thomson.

વૈવિધ્ય ને સમૃદ્ધિ હોવાં જોઇએ કે બંનેને એક પ્રસંગે એક મનોદશા તો સરખી આવેજ.

આથી સમૃદ્ધ સ્વભાવના માણસજ કલાકાર થઇ શકે છે.

(ખા) જો કલાકારે સામાન્ય માનવતાની મૌલિક મનોદશાનું આરોપણ કર્યું હશે તો વધારે સચોટતા સંધાશે.

કારણ કે આવી મનોદશા બધાજ માણસની થઇ શકે છે. પ્રેમ કે ઝનુન વગેરે મૌલિક મનોદશા સહેલાઈથી સચોટ રીતે વર્ણવી શકાય છે તેનું આજ કારણ. દાખલા તરીકે ડાહ્યાભાઇની ઉપર આપેલી લીટીઓ જેને પતિપૂજા અતિ પ્રિય હોય તેના પરજ પુરેપુરી અસર કરી શકે. જો સ્વતંત્ર મગજની સ્ત્રી હોય, કે પતિની પૂજામાંજ પ્રેમનો સમાવેશ છે એમ સ્ત્રીપુરુષ ન માનતાં હોય તો આ મનોદશાનું આરોપણ સચોટ અસર કરતું નથી. આજથી પંદર વર્ષ પર ગુજરાતી સ્ત્રીઓને આ ટુંક જેવી પ્રિય હતી તેવી પ્રિય અત્યારે નથી એનું પણ આજ કારણ.


૪ એક મનોદશાથી કલાકારનું બાહ્ય સ્વરૂપ થાય તેવુંજ સ્વરૂપ નિરીક્ષકનું તે મનોદશાથી થતું હોય તોજ અસર થાય; નહીં તો એ મનોદશા અને એ સ્વરૂપ વચ્ચેનો સંબંધ અવિભાજ્ય અને મૌલિક જોઇએ.

જેટલે અંશે કલાકાર ને નિરીક્ષક કે કથનકાર ને સાંભળનાર સમાનધર્મી હોય, અથવા જેટલે અંશે મનોદશા અને સ્વરૂપ વચ્ચેનો સંબંધ માનવતાના સામાન્ય સ્વભાવ પર રચાયો હોય તેટલે અંશે અસર થાય. ઉપરના દૃષ્ટાંતમાં પત્ની પગે લાગ્યાથી જે સૌમ્ય ન થઇ શકે તેને ઉપરની લીટી કે અસર ન કરે. સાહિત્યકારનાં કથન જેટલે અંશે સ્વાભાવિક હોય તેટલે અંશે બધાને અસર કરે.

૫ એક મનોદશાથી નિરીક્ષકનું થતું સ્વરૂપ અને કૃતિનું કે વર્ણવેલી વસ્તુનું સ્વરૂપ જેટલે અંશે એકસરખાં તેટલેજ અંશે અસર થાય.

ઉપરના દૃષ્ટાંતમાં ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે ને તેનાથી ઘણોજ નાનો છે એમ જેને અખર હોય અને જો તેની કલ્પના જાગ્રત પેદા ન કરી શકે તો તેને એ લીટીઓની અસર નજ થાય.

ત્રીજા, ચોથા ને પાંચમા નિયમો સામાન્ય ભાષામાં દર્શાવવા આપણે અણુગ્રાહ્યપણે કહીએ છીએ કે આ વસ્તુ સ્વાભાવિક છે ને આ કૃત્રિમ છે; પણ સ્વાભાવિકતાના જેટલા પ્રકાર હોય છે અને તેનો અર્થ જુદીજુદી વખતે



પુસ્તક ૫] આષાઢ ૧૯૮૦ [અંક ૪

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે તેની સંસ્કૃતિની મહત્વાકાંક્ષા વધી ગઈ છે તે સામગ્રીઓથી સમૃદ્ધ બન્યુ છે

એના પુરુષત્વમા ત્યાગ છે ઉત્સાહ છે ઉંચી વ્યાવહારિકતા ને ઉંચી અભિલાષા છે. એમા વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ છે મુલ્કદીપણું છે અને નિષ્ઠુરતા છે આવના શીખતા છે અને સેવાધર્મનો પ્રેમ છે અને ભગીરથ તપથી માનવતા વિકસાવવાની હોંસ છે

એના સ્ત્રીત્વમા કુલની સુકુમારતા છે ને છતા સતીની અડગતા છે એમા રસિકતા છે ને સરસ ઘનિ છે કાવ્યમયતા છે. ને છતા વ્યાવહારિક બુદ્ધિ સનેજ છે ધર્માંધતા નથી છતાં અદ્ભુત હૃદયની શક્તિ છે એમા પુરુષના સમાન થવાની હોંસ છે છતા પુરુષને પડકેજ ઉભા રહેવાનુ ડહાપણ છે, નવાનકા ઉખ્યારો છે છતા દુઃખ સહન કરવાની હીંમત છે અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની ખોટ ભાગવા માટી છે

ગામેગામમા નવયુગનુ ચેતન પ્રસરી રહ્યું છે—ઠેકઠેર નવા સંસ્કારનો સંચાર થાય છે

ભાષેઅભાષે બધા એક ને અવિભક્ત ગુજરાતના અંગ બને છે અને જેમ અમેરિકાની એકતાનતા પરથીજ આમા પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આમાની સાખી દે છે કાર્તવીર્ય ને પરશુરામની આ ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજય ધ્વજ લાંબા ઉભી છે અને આર્યત્વના સનાતન તત્વો. મહત્વાકાંક્ષા ને જીવતા સ્વમાન ને સ્વાશ્રય બુદ્ધિ સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા તપ શક્તિ ને સંયમ પિતૃભક્તિ ને છત્રધારા રાજ્યભક્તિની સર્વાંગસેવા અને પ્રેમ-નિર્મલ ને નિરંકુશ—આ પુરાણા નવ—આર્યાવર્તની પ્રેરણાથી હરો દિશામા મંડરશે

—'ગુજરાત-એક સાંસ્કારિક વ્યક્તિ'માંથી



લીલાદેવીએ હસીને છેડામાં ગોસેલી કટારી બતાવી.

—રાજમિત્ર

ઉત્તરજ્ય વાળતા. આ પ્રસંગે તેમણેજ પત્ર લખવાની શરુઆત કરી. પરંતુ આ પત્રનો જવાબ વાંચવા તેમનો રથૂલ દેહ રહ્યો નહીં તેથી ઘણો અફસોસ થાય છે.

જન્મ અને કેળવણી

મણિભાઇનો જન્મ સં. ૧૯૨૪ ના કર્તિક વદી ૮ ના રોજ કાઠીઆવાડમાં લાઠીથી ત્રણ ગાઉ દૂર આવેલા ચાંવડ ગામમાં થયો હતો. તેઓ જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર; તેમના પિતાનું નામ રતનજી મુકુંદજી; માતાનું નામ મોતીબાઈ છે કે જેઓની ઉંમર હાલ ૯૨–૯૩ વરસની છે અને જે હયાત છે. મણિભાઇના મોટા ત્રણ ભાઇઓમાંથી હાલ એકજ–રા. હરજીવનભાઇ હયાત છે. સૌથી મોટા ગૌરીશંકરભાઇ આજથી નવ વર્ષ અગાઉ સ્વર્ગવાસી થયા છે. તેઓ એક કુશલ વૈદ્ય અને હરિકથાકાર હતા. સ્વ. ડાક્ટર ત્રિભુવનદાસના પ્રસિદ્ધ પુસ્તક 'શરીર અને વૈદકશાસ્ત્રની રચનામાં તેઓ મુખ્ય સહાયક હતા. બીજા ભાઇ માધવજીભાઇ–પ્રો. હરિલાલ ભટ્ટના પિતા–બે ત્રણ વર્ષ અગાઉજ મરણ પામ્યા છે. તેઓ ગુજરાતી શિક્ષક હતા અને કેળવણી ખાતામાં આણું જીવન ગાળી પેન્શનર તરીકે જુનાગઢમાં રહેતા હતા. ત્રીજા રા. હરજીવનભાઇ અને સૌથી નાના મણિભાઇ. તેમને બે બહેનો હતાં. એક બાલવિધવા દયાબહેન હાલ હયાત છે; બીજાં પ્રાણીબહેન –રા. ભગવાનલાલ ગિરિજાશંકરનાં માતુશ્રી– આજથી ત્રીસબત્રીસ વર્ષ અગાઉ સ્વર્ગવાસી થએલાં છે.

મણિભાઇના કુટુંબની સ્થિતિ સાધારણ હતી. મણિભાઇની બાળવયમાંજ તેમના પિતા મરણ પામ્યા હતા એટલે ગુજરાતી અભ્યાસ રા. માધવજીભાઇ પાસે માંગરોળમાં આરંભાયો હતો અને અંગ્રેજી અભ્યાસ તેમણે ગોંડળ તથા રાજકોટમાં રહી કર્યો હતો. મેટ્રીકની પરીક્ષા રાજકોટ હાઇસ્કુલમાંથી આપી હતી. તે વખતે તેમના સહાધ્યાયીઓ અને મિત્રોમાં રા. પ્રભાશંકર દલપતરામ પટ્ટણી અને રા. હરિલાલ ઝીણા ભટ્ટ હતા. શ્રી. મોહનલાલ કરમચંદ ગાંધી એક વીરણ પાઠ્ય હતા, પરંતુ વિદ્યાર્થી તરીકે તેમને મણિભાઇ સાથે પીછાન હતી.

રાજકોટ હાઇસ્કુલમાં એ વખતે હેડમાસ્તર શ્રી. દોરાબજી એદલજી ગીમી હતા. મણિભાઇ ઉપર તેમનો ખાસ પક્ષપાત હતો. ભાવનગર હાઇસ્કુલના હેડમાસ્તરનો હોદ્દો જ્યારે સ્વ. જમશેદજી ઉનવાળાએ છોડયો (ઇ. સ. ૧૯૦૫) ત્યારે તેમને માન આપવા એકત્રિત થએલા મેલાવડામાં રા. મણિભાઇએ ભાષણ કરતાં કહ્યું હતું કે: "મારા વિદ્યાર્થિજીવનમાં અને બે મહાન્ હેડમાસ્તરો સબંધી સાંભળેલું– એક ગીમી સાહેબ અને બીજા ઉનવાળા. બંને ખરેખર મહાન્ શિક્ષકો છે એમ મારો અનુભવ થએલો છે." મુંબાઇમાં ઇ. સ. ૧૯૦૯–૧૦ ની સાલમાં મણિભાઇના એક ભાષણ પ્રસંગે ગીમી સાહેબ પ્રમુખપદે હતા ત્યારે મણિભાઇએ કહ્યું હતું કે: "સૂર્યને દેખી જેમ કમળ ખીલે તેમ ગીમી સાહેબને જોતાં મને થાય છે." ગીમી સાહેબે પોતાના અંગ્રેજ લેખોનો સંગ્રહ મણિભાઇને આપ્યો હતો. ભાવનગરના મહારાજા સાહેબના આગ્રહથી તે છપાવી આપવા મણિભાઇની ધારણા હતી, પણ તે સફલ થઇ નહોતી.

મણિભાઇએ કોલેજનો અભ્યાસ મુંબાઇમાં રહી એલ્ફીન્સ્ટન કોલેજમાં કર્યો હતો. સ્વ. ભગવાનલાલ ઇંદ્રજીની વગથી મણિભાઇ, પ્રભાશંકરભાઇ પટ્ટણી અને હરિલાલ ઝીણા ભટ્ટને ગોકલદાસ તેજપાલ બોર્ડીંગમાં સ્થાન મળ્યું હતું. એ સમયે અમારી જ્ઞાતિના રીવાજ

ઝમરણમાં છે. એ મંદિરોને અંગે ભાવનગરથી દૂરદૂર અથે બેઠાદ રહેવું પડ્યું હતું ત્યારે ભણિભાઇએ જે ગાકરી કરી હતી અને સંભાળ લીધી હતી તે કદી વીસરી શકાય તેવી નથી. દિવસ રાત પથારી પાસે પોતે બેસી રહે. ઉજાગરો કરવાનો હોય માટે ત્યજી પણ નહીં. વખતસર દવા આપે. નાની પુત્રી તો માણસને રોપે, પરંતુ હૃદય અને બાપુ એ બે બાળકોને તો પોતેજ અનેક રીતે રીઝવી ખુશી રાખે. એ દિવસોમાં પણ પોતાનો અભ્યાસ તો ચાલુજ હોય. એ મંદિરોમાં ટેનીસનની કવિતાઓમાંથી Idylls નું ભાષાંતર કરી મંદિરોની પથારી પાસે બેસી બાળીને નિરંતર સંભળાવતા અને કરણ વિભાગો આવતાં આંસુ ગાળતા ભણિભાઇ અને અત્યારે પ્રત્યક્ષ થાય છે.

ભણિભાઇ સામાન્ય રીતે ભડ અથવા વીર પુરુષ કહી શકાય તેવા હતા. સત્યારંભ વિપત્તિઓમાં તેમને કદી ત્યાગ થયો જણયો નથી; પરંતુ બાળીના મંદિરો કે કોઇ બાળકના મરણના પ્રસંગે તો એમનું હૃદય કોમળ બની જતું ખરેખર કોમળજ હતું, પરંતુ અવસરે તે આવે પ્રસંગેજ પ્રત્યક્ષ થતું. બાળીના એક મંદિરાદ વખતે ભણિભાઇએ કવિતા કરી:—

કુસુમ માર્ગ કરમાય,
આવ્યું દૈવું પરમાય,
× × ×
, સખે શું કરું

૫. સ. ૧૯૧૮ સંવત, ૧૯૭૪ ના આરંભ વરી એકમના રોજ સૌ. નર્મદાબાઇની સુવાવડમાં અચાનક બનુવી થવાથી સ્વર્ગવાસી થયાં. ભણિભાઇને માથે અસહ્ય દુઃખ આવી પડ્યું, પરંતુ ધીર્યો તે મરદ કહું. આ બનાવ પછીથી તેમનું ધ્યાન ધર્મ કામમાં વધારે જોડાયું. એમનાજેવા ભાવાર્થીવાનાં ધાર્મીક ત્યાર પછી જે હોય તે, બનવું જોઇએ ત્યારે બાજી લેતા. એ એમજ કહેતા કે: "મારું સુખ તો બધું ચાલ્યું ગયું, મારે જીવન કેટલું બધું dependent પરવશ છે?" રાત્રે ઉંઘ ન આવતી અને કહેતા કે: "ન સમજી શકાય તેવી અંતરમાં મુંઝવણો થયા કરે છે, કોઈ વસ્તુમાં ચિત્ત લાગતું નથી."

વ્યાવહારિક જીવનઃ

૧. વડોદરા—ભણિભાઇનું વ્યાવહારિક જીવન તેઓ બી. એ. પાસ થયા પછીથીજ એકદમ ચાર્જની ઉગરે ઇ. સ. ૧૮૮૯ માં શરૂ થયું તા. ૪-૨-૮૯ ને રોજ સુરત સરકારી હાઇસ્કુલમાં આસીસ્ટંટ માસ્તર તરીકે તેઓ દર્યે કાશીરામ શેલકરામને બદલે નીમાયા. પગાર ૨. ૭૫ હતો.

સુરતમાં બેએક માસ કામ કર્યા પછી વડોદરામાં તા. ૧૫-૬-૯૦ ના રોજ કલાભવનમાં સાહિત્યશાસ્ત્રના અધ્યાપક તથા સિદ્ધાન્ત પદ્ધતિશાળા (ટ્રેનીંગ કોલેજ)ના મુખ્ય ગુરુ (હેડમાસ્તર) તરીકે તેઓ નીમાયા. તે વખતમાં વડોદરામાં કલાભવનની સ્થાપના થતી હતી અને તેના મુખ્ય સૂકાની ગાયકવાડ સાહેબ હતા. તેમની સાથે આ વખતથીજ એમને પરિચય થયો અને તે ગાઢ સ્નેહમાં પરિણમ્યો. આ બંને અસાધારણ વિદ્વત્તાભર્યા પુરુષોના સમાગમથી ગુજરાતને અનેક રીતે લાભ થયો છે. ભણિભાઇમાં શિક્ષણશાસ્ત્રીની જે યોગ્યતા આવી, તે લાંબા સંબંધ તેમણે જે વાંચ્યું અને વિચાર્યું તે સર્વ પ્રસંગ ગાયકવાડ સાહેબના યોગ વિના આવવા અસંભવિત હતા. જે નાના ગ્રેજ્યુએટો એ સંસ્થામાં એ વખતે કામ કરતા તેમાં ભણિભાઇ પોતાની યોગ્યતાથી તુરત આગળ આવી શક્યા અને તેમની શિક્ષણના નિદાનની

"અરે મારા માણેકચોક, મારા તો દેવાળા ઘર, છંદગી કેરા આધાર બહાર આપ કર્યાં ગયા? અણાણુંણી હુંજ નાર, અમુ કેરી ફુટે માર, દુઃખ છે અપાર કાં લગાર ન આવી દયા? જે ગુલાબી ચણોગાર પ્રણામ કરું ઘનેર વિરોગનો ગારી ગાર કેમ અળગા થયા? અરે હાય કંપે કાય નથી આપ દીલમોંહી શોક કર સંન્યાસીને કૈં ન આવી ગયા."[1]

'દેવયાની' અને 'વસંત-વિજય'ના લેખકને એક વખત દલપતશૈલી ઉપર કેટલો ગોદ હતો અને એ શૈલી કેટલી એમને સુલભ હતી એ જણાવવા પુરતું જ આ ઉદાહરણ આપ્યું છે. બાકી આ લીટીઓ રચતી વખતે ગણિબાની ઉમર બાવીસેક વર્ષની હતી.



ગણિબેન રત્નજી ભટ્ટ (ઈ. ૧૯૨૦)

ભાવનગરમા આવ્યા પછીથી તેઓ વિધવા વસ્ત્રો ત્યાંજ રહ્યા. લગભગ પગીમ વર્ષ સુધી ગાળ્યાં. (શાળાપ્રવેશ લીધા પછીથી ભાવનગરની નોકરી તા. ૨૫-૪-૧૯૦૦ ને રોજ છોડી હતી અને ૧૮-૧૦-૧૯૦૦ ને રોજ ફરીથી તેજ જગોએ નીમાયા હતા. અમદાવાદ ગીરાસ મંડળમાં રહેવા નિમાર કરેલો પણ પગાર ઓછો હોવાથી રજા નહીં. પીલાયત જવા નિમાર કર્યો હતો એમ પણ ઉપરથી જણાય છે) ઓ વર્ષોમાં અનેક બનાવો બોવા બન્યા કે જેમના જ્ઞાનનો પ્રવાહ બાજુ જુદી દિશામાં વહેવા માંડ્યો કેટલાક પ્રસંગો બોવા બન્યા કેમણે બેમની અતિ વિષમ કસોટી કરી. બે બધું સહન કરતાં બેમનું સાહિત્ય-જીવન ખિલવિલ થવા લાગ્યું.

ખ્રીસ્તીધર્મ

ગણિબાએ ભાવનગરમાં દાખલ થયા બાદ ખ્રીસ્તીધર્મ તરફ વળ્યા હતા ભાવનગરમાં બે અઠવાડિયે વખતો આવે ઈ. સ. ૧૯૦૦ની શરુઆતમાં તેમણે ખ્રીસ્તીધર્મ બાપ્તેસ્મ રીતે સ્વીકાર્યો. બે સ્વીકારથી બેમના ઉપર મતિ અને સ્નેહીમંડળ તરફથી ધીક્કાર વરસવામાં તો બાકી રહી નહીં, પણ બાઇબલપ્રચાર-કાર્યમાં, અઠવાડીક અને માસિકોમાં પણ સખત આક્ષેપો કર્યા. પોતાના વિષય ચર્ચનાર 'વિદ્યાકલ્પતરુ'માં પણ 'ખ્રીસ્તીઆ' એ નામના રોગની ચર્ચા કરતાં પ્રજાના જાતિના બે ઉત્કર્ષ

1 બરી ગોદ્યસ્ત આપેલા ગુલાબસિંહનું કુલ સ્મશાન માણેકચોક રતનજી બાપુદેવ. સં. ૧૯૩૮.

માટે અસુખનો વ્યક્ત થાય છે ને હોઠ પર હાસ્ય ફરકી રહે છે.]

નવીનચંદ્ર

ઉપાધિ? દુનીયામાં મારે કોઇ જાતની ઉપાધિ નથી. બલકું આજે તો એક નવીન વાતજ કહેવાની છે.

[બેરીસ્ટર આવું હાસ્ય કરી બધારે ઉત્સુક બને છે.

વિનાયકરાય

નવીનચંદ્ર! હું માનું છું કે તમને તમારા જીવનમાં પૂર્ણ સંતોષ ને આનંદ છે. વળી એક ધીકતી બેંકના ડાયરેકટર તરીકે...

[નવીનચંદ્ર ડાયરેકટર માટે કંટાળો બતાવે છે]

નવીનચંદ્ર

ઉંહુ! બેંકના ડાયરેકટર! એ તો મારા પિતાશ્રી બહુ કહી ગયા એટલે હું ડાયરેકટર રહું છું. નહીં, વિનાયકરાય! મારાજ જીવન સંબંધી આજે તો હું તમારી પાસેથી અભિનંદન ઇચ્છું છું.

વિનાયકરાય

કેમ પેલી તમારી નવી યોજના (સ્કીમ) માટે? હા. નવીનચંદ્ર! તમને ફતેહ મળશે તો ખરી, પણ બેકદર ન રહેતા.

નવીનચંદ્ર

મારી નવી યોજના બરોબર પાર ઉતરી ગઇ છે. બેંક માટે બહુ ફાયદામાંજ ઉતર્યું છે...પણ વિનાયકરાય, ધંધા સંબંધી હું તમને કંઈ કહેવા નથી આવ્યો. ફરી વિચાર દોડાવો. એવી વાત છે કે જે મારાજ સંબંધની છે. મારેજ લગતી વાત–નવીનચંદ્રના જીવન વિષયની વાત–એક બેંકના ડાયરેકટર તરીકે નહીં...

વિનાયકરાય

પણ તમારે તમારી વાત કહેવા. તમે મને બહુ આતુર બનાવો છો. જલ્દી કહેવા.

નવીનચંદ્ર

હું થોડાજ વખતમાં પરણવા ધારું છું.

[વિનાયકની આંખોમાં આનંદનું તેજ ચમકે છે.]

વિનાયકરાય

હું આ સાંભળી બહુજ રાજી થયો છું. હું માની લઉં છું કે, નવીન! તમારી પસંદગી બેગમજ હશે અને તેને માટે કંઈ પણ કહેવા જેવું નહીંજ હોય. હું તમને અભિનંદન આપું છું.

નવીનચંદ્ર

મેં શોધેલી સુંદરી અખિલ જગતમાં સર્વોત્તમ છે.

(નવીન ઉત્સાહથી બોલી આવે છે.)

વિનાયકરાય

બહુજ સારું. આવો નવીનચંદ્ર! નીરાંતે બેસો ને વિસ્તારથી સર્વ વાત કહેવા. [વિનાયક ખુરશી પર બેસે છે ને નવીન પણ ખુરશી પર બેસે છે. વિનાયક ખુરશીમાં ઢળીને બેસે છે.] નવીન! આ વાત સાંભળી મને કેટલો આનંદ થયો છે તે શું કહું? તમારા જીવનની સર્વ જરૂરીઆતોમાં છેલ્લી અને પહેલી જરૂરીઆત આ હતી. ખાસ કરીને તમારે નવીનચંદ્ર! એક સુશીલ સ્ત્રી...

[નવીનચંદ્ર મીઠું હાસ્ય કરે છે.]

નવીનચંદ્ર

વિનાયકરાય! હું કંઈ મારી સ્ત્રીને તમારા હાથમાં સોંપવા નથી માગતો. હું કામાં હું ભાવના ને કલ્પનાના પ્રદેશમાંથી હવે પાછો ફર્યો છું અને તેજ મારા જીવનમાં મુકવા ઇચ્છું છું. મારી આશાઓ જીવનમાં સાચી કરવા માગું છું.

વિનાયકરાય

હા, પણ હજી એવી ને એવી બીજી આશાઓ જીવનમાં રચાયાજ કરશે.

નવીનચંદ્ર

પણ તે હવે કલ્પનાએજ નહીં, પણ સાચુ સ્વરૂપ ધરતી જગે માગ ઉરનમા આદર્શરૂપ જનમી

વિનાયકરાય

એમ?

(વિનાયક ગંભીર બને છે)

નવીનચંદ્ર

હું નહોતો ધારતો કે દુનીઆમા સુંદરતા મધુરતા ને લાવણ્યના મધે પવિત્ર ઉદારતા પણ એક સ્થાને વસતી હશે [નવીન હાસ્ય કરી આશ્ચર્ય સાથે દૃષ્ટિ બતાવે છે] વિનાયકરાય મે એકજ સ્ત્રીને અવગુણરહિત પ્રેમ જોઇ છે મારા જીવનમા કદી ન અનુભવેલા ન કલ્પેલા ન જોએલા ભાવોને તેણે ઉત્પન્ન કર્યા તેના શીવાય સર્વ શુષ્ક ને વ્યર્થ છે—હા વ્યર્થ સુધી હું તને જાણતા પામ્યો ન હતો ત્યાં સુધી સર્વ ભોગ્ય ન અપવિત્ર હતુ હોમ હું હવે સમજી શકું છું

[વિનાયક નવીનચંદ્રના કથનની અંદર ઉંડે ઉંડે મુખારકબાનીમા નવો અર્થ કરી માન દર્શાવે છે]

વિનાયકરાય

નવીન! તમારા ભાવોને હું વધાવુ છુ તેમાં સત્યના પણ જોઇ શકું છું એક વાર ત માટે તમને અભિનંદન આપુ તો કે ખોટું નથી પણ વારુ, તે સ્ત્રી કોણ છે તે જાણી શકું ખરો કે?

નવીનચંદ્ર

વિનાયકરાય! તમે તેને પીછાનતા હશો [નવીનચંદ્રના મુખમા નિશ્ચયતા જણાય છે કે વિનાયક જાણતા હશે] તેનું નામ પ્રમીલા

[નવીનચંદ્રે આટલા શબ્દો કહી તેમ વિનાયક જોઇએ એટલી વાર થોભી રહ્યો વિનાયક વિચાર કરે છે ત્યાં ભાવી સ્મરણ શક્તિને તાજી કરે છે "પ્રમીલા પ્રમીલા" એમ વિનાયક બબડાય છે]

[વનિતાવિશ્રામની દાસી પ્રમીલાને કોઈ બીજે સ્થળે લઈ નવીનચંદ્ર વિનયકને યાદ કરવામા મદદ આપે છે વિનાયક આટલુ કહેવુ હતુ એમ જાણી નવીનચંદ્ર ચાલ્યો જાય છે]

વિનયકરાય

પ્રમીલા! વનિતાવિશ્રામની મેકરી?

નવીનચંદ્ર

વિનાયકરાય તમને વનિતાવિશ્રામ બાબત વ્યર્થ અણગમો છે તમને પક્ષપાત છે હું કહું છું કે પ્રમીલા એક પવિત્ર પ્રેમાળ પ્રમદા છે

[વિનયક પોતાના અભિપ્રાયમા તથા અણગમો રાખે છે]

વિનાયકરાય

નવીન હું કબુલ કરું છું કે વનિતા વિશ્રામની સત્તરયા તથા તેના કાર્યકર્તાઓ સરકારી ને સુધરેલ છે અને તે વનિતાઓ સ્ત્રીજાતિમા અપ્રતિમ ને વંદનીય છે પણ મને પહેલા જ આશ્ચર્ય લાગ્યુ, કે જે હું નવોનો માનતો કે તમે વિશ્રામમા વનિતા શોધવા જશો ને વિવાહ કરશો [વિનાયકના મુખમા કટાક્ષ સમજાય છે તે આવુ દર્શાવે છે] તમે આટલા અવળા વાનરી બનશો તો નહીંજ હો

નવીનચંદ્ર

વિનાયકરાય! મારા આદર્શ, મારી ભાવના ને મારી કલ્પનાને અનુરૂપ સ્ત્રી જો મળી હોય તો હું તો તરતજ સ્ત્રી તરીકે કબુલ કરવા રાજી થનાર વ્યક્તિ છું [નવીનચંદ્રના અવાજ મા મક્કમતા દેખાય છે] પછી તે સ્ત્રી

વિશ્રામ કે આશ્રમ, શહેર કે જંગલ ગમે ત્યાંની હોય.

નવીનચંદ્ર જરા ઉશ્કેરાય છે.]

વિનાયકરાય

સત્ય છે નવીનચંદ્ર !...[વિનાયક ધીરે કહે છે] તમે પોતેજ પસંદ કરનારા છો. તે વાતમાં બીજા શાને આવે? બીજાને શી જરૂર હોય? તમારા મતમાં, કર્તવ્યમાં ને ઇચ્છાઓમાં કોઇ દા માટે માથું મારે? મારું હૃદય એજ ઇચ્છે છે કે તમે સર્વ રીતે સુખી થાઓ.

નવીનચંદ્ર

તેમાં કૈં શંકા ન રાખો. અત્યાર પહેલાં મેં જોઈ તપાસ કરી પુરતી ખાત્રી કરી છે... [એક ક્ષણ નવીનચંદ્ર વાત કરતાં અટકે છે ને તરતજ ફરી વધારે ગંભીર બની આગળ ચલાવે છે] હું માનું છું કે દરેક માણસને એક વાર જીવનમાં પોતાની ભાવના, કલ્પના તથા આશાને પરિપૂર્ણ કરવા પ્રસંગ મળે છે. મને પણ તેમજ થયું છે. એથી મારું સર્વ જીવન ફેરવાઇ ગયું છે. હું તમને એક વાત કહેવા ઇચ્છું છું. પહેલાં જીવનની અનુપયોગિતા લાગતાં પોતાની તેજી તરંગમાલા કદી સાચી નજ હશે એમ માની બેઠેલા યુવકને ખબર પડે છે કે જીવનમાં કમાઇ ધન, તથા યશ મેળવવાં તે ઉપરાંત બીજી કેંક અવનવી ઉંડી વસ્તુ પણ હોય છે...કલ્પનામાં વિહાર કરી રહેલા તે યુવકને સર્વ દિશામા પોતાને અનુકૂલ ને પસંદ પડે તેવી આશા નિરર્થક લાગે છે. તે હતાશ થઇ રહેતો છે, પણ એક એવો વખત આવે છે કે તેનો કલ્પનાવિહારી આત્મા–તોરી તરંગી વિચાર ધરાતનો આત્મા–સનેજ થાય છે. બુઝાઇ ગયેલો આશાદીપ ફરી પ્રકટ થાય છે. ઉંડા અંધકારમાંથી તેને તારકાઓનો ઝાંખો શો પ્રકાશ મળે છે...[નવીનચંદ્ર અટકે છે. પોતાના હૃદયના પ્યારા ભાવ કહી દેતાં વિચારે છે ને વિનાયક સામી દૃષ્ટિ કરે છે. વિનાયકની સ્નેહભરી આંખો નવીનને નિઃશંક રીતે આગળ જણાવવા સુચવે છે. નવીન આગળ ચલાવે છે] એકજ ઇચ્છા ને એકજ આશા ફલીભૂત થાય છે. પોતાની ખરી સ્થિતિનું વર્ણન કરવા તે અશક્ત છે, પણ એક અનુભવી તેના આત્માને ઓળખી શકે ખરો કે નહીં?

[નવીનચંદ્ર ફરી અટકે છે ને પ્રશ્નના પ્રત્યુત્તર માટે વિનાયક સામે જુએ છે. વિનાયક આનંદથી સામે જોઇ રહે છે ને નવીનચંદ્રને શાંત જોઈ કહે છે.]

વિનાયકરાય

હું તે યુવક અથવા નવીનચંદની વાત પુરી સમજી શકું છું.

નવીનચંદ્ર

દુનીઆમાં જે સારું છે, જે ઉત્તમ છે, જે સુંદર છે, જે પવિત્ર છે તે સર્વ તેને તે સ્ત્રીમાં દેખાય છે.

વિનાયકરાય

અથવા તો જગતનો સાર, સૌંદર્ય ને સ્નેહ તે સુંદરી પ્રમીલાજ છે. કેમ બરું ને નવીન?

નવીનચંદ્ર

વિનાયક! તમે બહુજ જાણી શકો છો. તે પ્રમીલાને પામવા હું મારા પ્રાણની પણ પરવા નથી ધરતો.... [નવીનનાં નેત્રો સ્થિર થઇ જાય છે. નિશ્ચયનાં નુર ઝળકે છે. વિનાયક નવીનનો હાથ પકડે છે ને નવીન સામે તાકી રહે છે. પોતે કરેલી–જણાવેલી અડગ પ્રતિજ્ઞા માં પોતે હદ કરી એમ નવીન સમજે છે ને નીચું જુએ છે] પણ વિનાયકરાય! આ બધું શા માટે? તમે પ્રમીલાને પ્રત્યક્ષ જોઇ સર્વ

નવીનચંદ્ર અને તમે પરણવાનાં છો. નવીનચંદ્ર જેવા પતિ મેળવવાના ભાગ્ય માટે હું તમને અભિનંદન આપું છું

[પ્રમીલાના ફીકા વદન પર શરમ તથા આનંદની લાલી ચઢી આવે છે.]

પ્રમીલા

નવીનચંદ્ર તો કાયમ મારી પ્રશંસા કર્યા કરે છે.

વિનાયકરાય

પાત્ર વસ્તુની પ્રશંસા યોગ્યજ કહેવાય... [નવીનચંદ્ર પ્રમીલા તરફ જુએ છે. પ્રમીલાનાં નયનોમાં મસ્તી જણાય છે. વિનાયક વિવેક કરે છે ને પ્રમીલાને બેસવા ખુરસી આપે છે. પછી બેસે છે. વિનાયક પુછપરછ કરે છે] પ્રમીલા, તું સદ્ગત પુષ્પ છુ કે પુરતી પીછાન માટે તમારા સ્થાન તથા માતપિતાનું નામ કહેશો ? તમારો જન્મ કર્યા, થયો હતો ?

[વિનાયકના વાણી માંથી તીક્ષ્ણ બાણો શાંતિની પ્રમીલા તરફ ફેંકે છે પ્રમીલા ફીકી પડી જાય છે ને જરા ધ્રુજી જાય છે. પ્રમીલા ‘કે પણ’ જવાબ આપે તે પહેલાં ટેલીફોનની ઘંટડી વાગે છે. વિનાયક ટેલીફોન હાથમાં લે છે. કે સાંભળી ‘નવીનચ કે’ તમને બોલાવે છે.’ એમ કહી નવીનચંદ્રના હાથમાં મુકે છે નવીનચંદ્ર હાથમાં ટેલીફોન લે છે. અત્યારે સ્વસ્થ કરવા માટે જરા ખીલવ્યા છે. ટેલીફોન સાંભળતાં તેના મુખ પર ખેદ ને ઉદાસ વિચાર આવી જાય છે.]

નવીનચંદ્ર

હલ્લો—હલ્લો—ઓહ રાઇટ. હું એકદમ આવું છું. [નવીનચંદ્ર ટેલીફોન પડતો મુકે છે ને વિનાયક તથા પ્રમીલા તરફ ફરે છે.]

જરા બોડી મીનીટ્સ માટે જવું ઓફીસમાં મારી તાત્કાલિક જરૂર પડવાથી બોલાવે છે. મોટર બહાર છે. પ્રમીલા! હું દમણાંજ પાછો આવું છું.

[એક જબ્બર બોંકનો ડાયરેક્ટર પોતાની ટોપી માથે ઓઢી લે છે અને પ્રમીલા તરફ પ્રેમ-ભરી દૃષ્ટિ કરી ચાલ્યો જાય છે.]

[નવીનચંદ્રના ગયા પછી રૂમ્બરમાં થોડી મીનીટ શાંતિ ફેલાઇ રહે છે. વિનાયક ધીરે ધીરે દૃષ્ટિ ફેરવતાં ફેરવતાં પ્રમીલા સામે જુએ છે ને તે ધીરે રાક કરે છે.]

વિનાયકરાય

પ્રમીલા !...[પ્રમીલા વિનાયક તરફ જુએ છે. વિનાયક આગળ ચલાવે છે] પ્રમીલા, નવીનચંદ્ર આવે ત્યાં સુધીમાં હું તમને એક સમજણની વાત કહું.....નવીનચંદ્ર તો અત્યારે એક બોંકના ડાયરેક્ટર છે. તોપણ કામ ધંધાની હાડમારી છે તો પછી બોંકમાં બીજા નોકરોની શી સ્થિતિ ? મહેનત, વૈતરુ ને માયાજીક પુરતો પણ પગાર નથી મળતો... [પ્રમીલા વિનાયકનું કથન જરા પણ નથી સમજી શકતી તેથી કુતૂહલે વિનાયકની વાત સાંભળે છે] સારા કુટુંબનો એક માણસ બોંકમાં ક્લેરકની નોકરી કરે છે. રીત પ્રમાણે તેને પગાર બહુજ ટુંકો ને ઓછો મળે છે. તેમાંથી તે માણસ પોતાની માં તથા એક પુત્રીનું પાલન પોષણ કરે છે...[અહીં વિનાયક જરા અટકે છે ને પ્રમીલા પર દૃષ્ટિ કરે છે. પ્રમીલા હજુ શાંત છે, પણ એકધ્યાનથી વિનાયકની વાત સાંભળી રહી છે. વિનાયક આગળ વધે છે] વખત જતાં બહુજ પૈસાની તંગી પડે છે. મેં કહ્યું કે તે માણસ બોંકનો ક્લેરક છે. તે માણસ સમજુ છે. તેના હાથથી હજારો રુપીઆની લેવડદેવડ થાય છે. પોતાની આર્થિક તંગ સ્થિતિ માટે તે મનમાંજ શોચે છે ને વખત વીતાડે છે... [વિનાયક ફરી પ્રમીલા સામે

ઉંડી ઉતરી ગએલી આંખો ઉઘાડે છે. વિનાયક દૃષ્ટિ દ્વારા હીમત ને આશ્વાસન આપે છે. પ્રમીલા બેફામની જેમ અચાનક ખુરસી પરથી ઉભી થાય છે ને ચકરી ખાતાં ટેબલનો ખુણો પકડી લે છે.] પ્રમીલા! પ્રમીલા!

[પ્રમીલા વિનાયક તરફ ફાટી આંખે જોઇ રહે છે.]

પ્રમીલા

વિનાયકરાય, તમે મને પીછાની ગયા છો.

વિનાયકરાય

હા, પ્રમીલા.

[પ્રમીલાનો સુર મુજરો કરાય છે. પ્રમીલા શીક્ષાસ મારી જાય છે. વિનાયક સ્થિર દૃષ્ટિએ પ્રમીલા સામે જોઇ રહે છે. પ્રમીલાનો સુર વધારે ઘાટો થઇ જાય છે તે નિઃશ્વાસ નાંખે છે ને મક્કમતા ખોવાની હોય તેમ બેસવા જાય છે.]

પ્રમીલા

વિનાયકરાય, તમે શું કહેવા માંગો છો? હું જ પહેલાંની લલિતા અને અત્યારની પ્રમીલા છું.

વિનાયકરાય

તમને મળેલી બધુ મહીનાની શિક્ષા બીજો તમારા બનાર પતિ બનેલ છે? અને તમે તેની સાથે પરણો તે પહેલાં તે કહેવા ઇચ્છો છો બરાં કે?

[પ્રમીલા ઠપકા રૂપે વિનાયકની સામે જુએ છે.]

પ્રમીલા

વિનાયકરાય, તમારો પ્રશ્ન વ્યાજબી છે. હું તેનો તરછોડી કે ઉડાવી નહી દઉં, પણ એ બાબત તમારે જાણવાની કે બાસ. [પ્રમીલાનો અવાજ ગુસ્સાથી જાય છે] જરૂર નથી. નવીનચંદ્ર આવે ત્યાં સુધી હું અહાર ઓફીસમાં રાહ જોઇશ...[પ્રમીલા જરા અટકે છે] વિનાયકરાય, જે બાબત અમારા એનાજ સંબંધની છે તે જાણવાનો તમારો શો હક? તેમાં તમે કેમ માથું મારી શકો?

[પ્રમીલા ઠપકાથી બારણા તરફ જાય છે, વિનાયક ઉભો થઈ આડો ફરે છે.]

વિનાયકરાય

પ્રમીલા, શાંતિથી બેસી હું કહું તે સાંભળો. આવું વર્તન નહીં ચાલે.

[વિનાયકના કહેવામાં હુકમ હતો. પ્રમીલા અટકે છે.]

પ્રમીલા

વિનાયકરાય, કેવું વર્તન? જે બાબતમાં તમને હક નથી તે કરણ કથનીની વાત વધારે લંબાવવા હું ના પાડું છું.

વિનાયકરાય

નહીં પ્રમીલા, તમે ભુલો છો. નવીનચંદ્ર મારા અંગત સ્નેહી છે, નામાંકિત પુરૂષ છે અને એક બેંકના ડાયરેકટર તરીકે પણ મારે તેમને સમજાવવું જોઇએ. હું તેમનો ધારાનો સલાહકાર હોવાનો પણ હક ધરાવું છું. માટે તે એક સ્ત્રી કે જે...

પ્રમીલા

બસ કરો, વિનાયકરાય!...[પ્રમીલા નાખુશી ને કંટાળો બતાવી કહે છે]—તમે શું એમ ધારો છો કે હું દિનરાત બસોમાંજ ગાળી પહેલાંની વાત ભુલી જતી હશે? તમે કેમ ધારી શકો છો કે હું તે નથી યાદ લાવતી?...[પ્રમીલાના માથા પર કોધની લાલી ચઢી આવે છે. તેનો ગુસ્સો બહાર પડવા નેત્રને રાતાં ચોળ કરી મુકે છે] મારે માથે થઇ ગએલી બેશરમી હું વીસારી દઉં તેવી સ્ત્રી મને કેમ ધારી બેસો છો? તમને શો હક છે? હું કહું છું કે જેને શુદ્ધ પ્રેમથી હું ચાહું છું તેને છેતરું એવી હું નાલાયક સ્ત્રી નથી. તમે સમજ ભુલ કરો છો, વિનાયકરાય!

[પ્રમીલા ગમે ત્યારથી બારણા પાસે ઉભા રહે છે]

પ્રમીલા

નહીં; કદાપી નહીં.

[વિનાયક ગુંચવાય છે.]

વિનાયકરાય

પ્રમીલા, હું ફરી કહું છું કે તમે નવીનચંદ્રને વીસારી મુકો. તેને બદલે...

[પ્રમીલાને ડોળનો ઉકાળો આવે છે ને ક્રુદ્ધતે મુદ્રે તે ચોકારી ઉઠે છે.]

પ્રમીલા

અરે, તમારા હૃદયમાં પૈસા શીવાય બીજી વાતજ વસતી નથી? નિષ્ઠુર આત્માને દયા ને માયા ક્યાંથી હોય? નીરસને શી રસની જાણ? નવીનને વીસરી જવાનું કહેતાં તમે તમારા ક્રૂર હૃદયનો ભાસ કરાવો છો! વણી તેમ કરવા જતાં મારા નહીં, પણ નવીનચંદ્રના જીવનની નિરાશા છે. તમે નવીનચંદ્રને ઓળખો છો? તેને એક ડાયરેક્ટર તરીકે જાહેર જીવનમાં નહી, પણ તેના ખરા હૃદયને પીછાનો છો? તમે તેના આત્માને ઓળખ્યો છે?

વિનાયકરાય

હું તેને બાળપણથી જાણું છું.

પ્રમીલા

નવીનચંદ્ર એક ભાવવાહી ને કલ્પનાની સૃષ્ટિમાં વિહરતો આશાવાદી આત્મા છે. સમજો છો? વિનાયકરાય, સફળ થવાનીજ વખને, ચંતની અણીએ આશા નિરાશામાં ફરી જાય ત્યારે નવીનચંદ્ર જેવાના આત્માને શું થાય? વિનાયકરાય, કલ્પી શકો છો? આદર્શની શોધમાં ભટકતા ભવાટવીમાંના પંચભૂતધર ભૂતાત્માના ભવિષ્યને જોઇ શકો છો? અત્યાર સુધીની નવીનચંદ્રની જીવનનૌકા હવે કેવી થઇ ગઇ છે તે વિચારી શકો છો? વિનાયકરાય, નવીનચંદ્રની પહેલાંની અસ્થિર નીરસ જીંદગીમાંજ તેને રાખી તમે સંતોષ ધારી શકો છો? તેના અગર આત્માને દુભાવી તેનો નાશ કરવાનું પાતક વહોરી શકો છો?... [પ્રમીલાના પ્રશ્નમાં અડગતા ને મક્કમતા જોઇ વિનાયક વિચાર કરતોજ રહે છે. વિનાયક ચંચલચિત્ત થઇ જાય છે. પ્રમીલા આગળ વધે છે) વિનાયકરાય, મેં પુષ્કળ વિચાર કર્યો છે. અમારાં ભાવિ જીવન તપાસ્યાં છે. આ વિવાહ નથી તો હું કે નવીનચંદ્ર નથી! નવીનચંદ્રનું એકલપેટું જીવન અકારું ને નીરસ શું તમે નથી જોઇ શકયા? મારા તરફથી નવીનચંદ્ર નિરાશ થાય તો તેમને માટે આ દુનીઆજ નથી!

વિનાયકરાય

તો પછી તમે નવીનને શા માટે સર્વ ખુલાસો ન કહો?

પ્રમીલા

હું એજ વાત પર આવું છું. હું તેમને એ વાત કહી દુભાવું, દુઃખાવું, નિરાશ બનાવું ને તેમની આશા ધુળમાં મેળવું? તેમના આત્માના ચુરેચુરા કરી નાખું એમ તમે સલાહ આપો છો? તે એમના જીવનનું જોખમ છે... [પ્રમીલાનો બેધડક એકરાર તથા આત્મનિશ્ચય જોઇ વિનાયક વિચારતો ઉભો રહે છે. ચેંબરમાં તે થોડાંક પગલાં આમતેમ ચાલે છે. એકાએક ફેં દઢ થઇ જાય છે ને પ્રમીલા સામે આવે છે] પાછલી જુલી, ભાવિ જીવનને સ્વર્ગસમાન સુખી બનાવવું એજ અમારા પ્રેમનું, વિવાહનું ધ્યેય છે.

વિનાયકરાય

પણ પ્રમીલા, નવીનચંદ્ર તમને જેવી સ્ત્રી ચાહે છે તેવી સ્ત્રી તમે નથી એમ નવીનચંદ્રને ખબર તો પડવીજ જોઇએ.

પ્રમીલા

વિનાયકરાય, તમને હું એજ પ્રશ્ન

વિનાયકરાય

નવીનચંદ્ર! બીજી વાત કરવા પહેલાં પ્રમીલા તમને કંઈક કહેવા ઇચ્છે છે.

(નવીન ચમકે છે. પ્રમીલા પાસે આવે છે. તેના પગ ધ્રુજે છે. તેનો સુંદર ચહેરો ચહેરો પુણી જેવો ઉજ્જડ થઈ ગયો છે. બહુજ શ્રમ, દબાણ ને મુંઝારા સાથે પ્રમીલા શરુ કરે છે.)

પ્રમીલા

નવીન! હા, મારે એક વાત કહેવાની છે. તે પહેલાં હું કહી દઉં છું કે...[પ્રમીલા અટકે છે] હું તમને પરણવા યોગ્ય નથી... આઠ વર્ષ પહેલાં મારી સોળ વર્ષની ઉંમરે બેંકમાં દગો કરવા માટે મને કોર્ટની શિક્ષા થઇ હતી. તમારે યોગ્ય પત્ની હું હઉં કે કેમ તે વિચારો.

[નવીન નથી માનતા તે પ્રમીલાનો હાથ પકડે છે.]

નવીનચંદ્ર

શું?...કોર્ટની શિક્ષા?...શાને માટે? બેંકમાં દગો કરવા માટે?...ના ના. પ્રમીલા! તું નહી હોય! તું બુલે છે. પ્રમીલા એવી ન હોય!

[પ્રમીલા રડતી આંખો નવીન તરફ ફેરવે છે]

પ્રમીલા

ના. પ્રમીલા નહીં પણ લલિતા...

નવીનચંદ્ર

અરે પ્રમીલા કે લલિતા, પણ તું? નહીં, એ ભુલ થઇ હશે. તું નિરપરાધી હશેરા. પ્રમીલા! કહે કહે કે તું નિર્દોષ હતી.

પ્રમીલા

ના ના. નવીનચંદ્ર! હું દોષિત હતી. મારો ગુનો હતો.

[નવીનચંદ્ર ખુરશીમાં ફસડાઈ પડે છે મુઠીઓ વાળી માથે હાથ મુકી નીરાશ થઈ રહે છે]

નવીનચંદ્ર

હા! પ્રભુ! શું આ સત્ય છે?

[પ્રમીલા નવીન સામે જોઈ રહે છે. નવીન નીચું જોઈ બેઠો છે. પ્રમીલા સામે જોતો નથી. પ્રમીલા સ્થિર બને છે. તે વિનાયક તરફ વળે છે.]

પ્રમીલા

વિનાયકરાય, મેં સત્ય જાહેર કર્યું છે. [પ્રમીલાના સુરમાં દૃઢતા ને નિર્દોષતા આબેહુબ ચિત્રિત જણાય છે], તમે પરિણામ જાણો છો...વિનાયકરાય, હું જાઉં છું...બેશ! હવે હું જઉં છું.

[પ્રમીલા સ્થિર પગલે બારણા તરફ જાય છે. ને પહેલાં નવીન ઉભો થાય છે ને પ્રમીલાની સન્મુખ આવી ઉભો રહે છે.]

નવીનચંદ્ર

પ્રમીલા! ઉભી રહે. આ બધુ શું સાચું છે?

પ્રમીલા

મારી આ ભુલ અક્ષમ્ય છે.

નવીનચંદ્ર

નહીં. કહે પ્રમીલા! સમજ કે હું તારી સ્થિતિમાં હઉં તો તુ મને ચાહે ખરી કે? [પ્રમીલા વિચારે છે ને મૌન ધારણ કરે છે.] પ્રમીલા! બોલ, તું મને તારી સ્થિતિમાં ચાહે ખરી કે?

પ્રમીલા

નવીનચંદ્ર, મને માફ કરો. મારું મન મુઝાય છે. મને જવા દો.

[નવીન દૃઢ બની રહે છે.]

નવીનચંદ્ર

પ્રમીલા! મને મારો જવાબ મળવોજ જોઇએ.

પ્રમીલા

નવીન! તમે સમજી શકો છો તો શાને પુછો છો?



શરીરમહિમાનું સ્તોત્ર

લેખક:
ર. 'વિનોદકાંત'

ચિત્રકાર:
ચ. કલાનિધિ

ઓ શરીર! ત્રિલોકમાં તું સરખો મારો મિત્ર નથી, ત્રિકાલમાં તારા સમો શક્તિ સાધી નથી, ત્રિગુણના અનુભવ તે કરાવ્યા છે તેવા બીજાએ કરાવ્યા નથી.

અઠ્ઠાવીસ વર્ષ! પ્યારે એ આત્માં ને ગયા તેની મોટને અસર પણ પડી? અને છતાં, કષ્ટોના અનુભવ એટલા બધાનમાં આપણે લીધા. એ આપણ સદ્વ્યવહારની પ્રૌઢપણ કટલી બેગણ ને બેનમુન હતી! આવેશની એકેક લહરી આપણ જોડને કેવું અયનવું વાંકસા-વતી? સુખદુઃખની ઘરમાળે એ વર્ષોમાં શાં શાં ગૂઢમ બંધનથી આપણને નથી બાંધ્યાં!

આવી અલૌકિક વિભૂતિઓ ધારનારનું સ્વરૂપ પણ, વર્ણવિતાં વાચસ્પતિ પણ થાકે તેવું પરમ મોહક છે. મારે એના વર્ણનનો પ્રયાસ પણ કરવો એ નિર્બ્યાભિમાનનું જ પ્રદર્શન છે, છતાં આ ક્ષુદ્ર લેખિનીને પણ કેટલીક એવી એની લાલચોને વશ થવાની ટેવ છે.

અને તારી એકેએક આશાને ઉલ્લાસથી પુરીને મેં એ આનાઓ પાણી છે. એમાં વધુ કરવું એ વાત મારી પાગર શક્તિઓથી પર હતી.

તારી આટઆટલી ખુબીઓ છતાં, મારા મિત્ર! મેં દુર્બુદ્ધિએ કેટલી શ્રધ્ધી વાર તારું અમોલું મોહરું બનાવવાની બેદરકારી બતાવી છે? આનરની માફક વાગીને તને ઠુંમણ મારવા છે, અંદર સભાનાં દોળાંની ગોઠવીમા તારાં લાડકાં સંપાવ્યાં છે ને રોજરોજ પેલી નવ-રસની ટ્રેન પકડવા કેટલીએ વાર વીસપારેની ઠાંટણા વારો પરથી જીવને જોખમે પણ તને કહાવ્યું છે. આ બોર ને ચણબોરી પાપોનુ કર્યું કાળે કયે તીર્થે જઈને ધોવું?

એક છેલ્લી વાત:

કેટલાક તારી દુર્બલતાને રડે છે ને સબળા કરવાના ઉપાયો સુચવ્યા કરે છે. એ બાબત-ની મેં જરાયે ચિન્તા નથી કરી એટલી ખિતા તેમને છે. અને તથીગત સુધારવાની એ ભલા-મણો એકદમ બે કે જેવી તેવી નથી મારે કેલોરિ ખોરાક પીવું; ચહામાં કુશન બોઇલ્સ એમાણવાં; આનંકનિબદ્ધવાળાને બટાવવા; સુવપ્રુપપટ્ટી કે વસંતમાલતી લેવી. બોમ-બગરના સુવિખ્યાત સ્વામીજીનો મત પૂછવો; માથેરાનના લોખંડી પાણીનો લાભ લેવો; છેવટ કૈં નહીં તો બદુચરાજીની બાધા રાખવી કે રોજ ઉઠીને મૃત્યુંજયનો પાઠ કરવો—આ બધાયની વણમાગી, વણખરચાળ સલાહો મારે કાને વાયુની લહરેલહર પર આવીજ આવે છે.

પણ શરીર! આપણા સદ્વિચારના એક ક્ષુધા બોદની એ ક્ષુદ્ર જીવોને શી અસર હોય? આપણો સંબંધ માધારણ માટીના માનવી જોડેનો નથી કે નબળામ તેમાં નડતરરૂપ થાય. આનું એ સસ્તા સલાહકારોને શું ભાન? કોણે એ કોણ મને, કે માંદગીમાં દીલું પડયું હોય છતાં હું આખું મુંબાઇ રખડી શકું, કે નસનસમાં લોહી મુડદાલ પડયું હોય છતાં કસાટોના અખંડ ઉતારા કરતો હું લેખો સુધાર્યા કે પુરા તપારવા કરું, એ કઇ શક્તિના પ્રભાવે બનતું?...મને તો તેનું એકજ કારણ જડે છે: તારા તરફની મારી બેદર ચાદનાથી પ્રેરાઇને તેં મને જેવી કપરી કસોટીને વખતે પણ મારી મેવા દીલોજાનીથી ઉઠાવી છે ને દાણને કાંઠે પહોંચવા સુધી પણ તેમજ ઉઠાવશે એમાં કશો સંદેહ નથી.


'દાણને કાંઠે' એ કરણાર્દ્ર શબ્દોથી પ્રેરા-યલી કલ્પના એક અનિવાર્ય, અપૂર્વ દિવસનું ઉજ્જ્વળ મેઘધનુ ચિત્ર આલેખે છે.

* * *

નિર્જન વેરાન. બળબળ વહેતી નદી. બન્ને અનંતના સુધી સીમાઓ વિસ્તારતી વગડાની નીરસ અને નિષ્પક્ષીની વિશાલતા. ચોમેરથી સ્વચ્છંદે ઘુમતા વાયુના વેગીલા સુસવાટ.

નદીતીરે તારી છેલ્લી શય્યાને વીંટળાઈ કરે આજ ગુંથીના બંધુજનો બેઠા છે. તેમનો પહેરવેશ પવિત્રતાનું વાતાવરણ સરજે છે; તેમનો કોલાહલ કંટાળો આણે છે; તેમાં કોઇ કોઇની બનાવટી ગંભીરતા દયા ઉપજાવે છે.

પણ શય્યા તો એમણે કલા ને કાળજીથી રચી છે. એક લાકડું આડું કે અણસરખું નથી રાખ્યું; એક તણખલું અસ્વચ્છ કે લાંબુંટુકું ન રહે એ જોયું છે; એક અમળ વાંકો કે ચુંધો રહેવા દીધો નથી...



છેલ્લો મેળાપ

લેખક:
ર.ા. શાંતિનાથ કૃપાશંકર મહેતા

ચિત્રકાર:
ર.ા. છોટાલાલ અંબાશંકર જોશી

—ooo—

રૂપેરા ચીયરાની અંદર પણ તેનું ભવ્ય કપાલ તેજ મારી રહ્યું હતું. ચંદ્રમાની શીતલતાએ તેના અંગેઅંગમાં પ્રવેશ કર્યો હતો. કામદેવનાં બાણ તેને સ્પર્શ્યાં હશે કે કેમ, પણ બીજાના હૃદયમા તે ઉત્પન્ન કરાવે તેવું તેનું રૂપ હતું. તેના મોઢા ઉપર પડેલી દુઃખની રેખાઓ તેના દુઃખની યાદ આપતી હતી.

ભુખ અને થાકથી થાકેલો તે ધર્મશાળામાં બેઠો હતો. પથ્થરના ચુલા ઉપર બેઠોબેઠો તે રોટલા શેકતો હતો. તેનું ધ્યાન રોટલામાં બરાબર રીતે ન હતું. લગભે હાથ દઇને તે વિચાર કરવા બેઠા. મઇ જેવા અનુપસિંહની આંખમાંથી ઇદદ આંસુ પડવા લાગ્યાં. તેને મહારાજનો પૂર્વ પ્રેમ સાંભર્યો. સાથે રમેલા, સાથે જમેલા, સાથે બેસીનેજ મલ્યા વાશે મંત્રણા કરેલી. બંને નાનપણના મિત્રો. પ્રજાને શી રીતે ઉંચે ચઢાવવી તેના વિચારોમાં તેમણે ઉજાગરા કરેલા. આજે તેમાંનું કશુંજ નહીં. તેજ મહારાજની અવકૃપાથી આજે તે બાબારીની અવસ્થામાં હતો. સેનાપતિની આંખમાં આંસુની ધાર હતી.

સામેના રસ્તા ઉપર ધુળ ઉડતી હતી. એક ઘોડેસ્વાર વેગથી આવતો હતો. તે ધર્મશાળા પાસે આવ્યો. અનુપસિંહે હાથ ધોયા. આવેલા સ્વારે તેને નમન કર્યું. બીસામાંથી તેણે એક લખોટો કાઢયો. અનુપસિંહે તે લઇ લીધો. તેનો આશ્ચર્ય થયું. સહજ વારમાં થએલો ફેરફાર તે બાપુથી શકયો નહીં. સહસા તે બોલી ઉઠયો: "મહારાજાને સમજ આવી?"

"હાજી, તેથી જ આપને તેઓ શોધે છે. આપના વિના તેમને ગમતું નથી. મંત્રીની દુષ્ટતાથી તેઓ બાહોશગાર થયા છે. આપના વિના તેમનું તંત્ર અસ્તવ્યસ્ત બની ગયું છે." સૈનિક બોલ્યો.

અનુપને લાગ્યું કે સૈનિક મશ્કરી કરે છે. જે રાજાએ પોતાનાં ઘરબાર લુંટયાં, જમીન લઇ લીધી અને છેવટે પોતાને દેશનીકાલ કર્યો તે રાજાનો વિશ્વાસ શો? પ્રજાની વચ્ચે જતાં તેને આટલું થયું

કરવા ધાર્યો. આવું રત્ન કચરામાં પડ્યું રહે એ તેને ઠીક જણાયું નહીં.

સૈનિક જુવાનીમાં પ્રવેશ કરવા માંડ્યો હતો. તેના મોઢા ઉપર હજી મૂછનો દોરો ફુટ્યો ન હતો. તેનું ગોળ બાદીલું મોં સૂર્યના પ્રકાશમાં વધારે તેજસ્વી લાગતું હતું. તેની આંખોનું નૂર સામાને આંજી દે તેવું હતું. તેનો દરેક બોલ સામાને મુગ્ધ કરે તેવો હતો. અનૂપસિંહથી ન રહેવાયું. તેણે તે જુવાનને પુછ્યું:

"તમે મહારાજાના સૈનિક હોવા છતાં મેં તમને આજેજ જોયા."

"એમજ છે. હું હમણાં નવોજ દાખલ થયો છું."

"અને પહેલાં શું કરતા હતા?"

"તીર ફેંકવાનું શીખતો હતો" કહી તેણે આંખનો મચકારો કર્યો. અનપને આથી નવાઇ લાગી. આની બોલવાની છટા, હાવભાવ અને આંખનો ચમકારો મુગ્ધ કરે એવાં હતાં.

"તમારી ફેરબાએ તમારું નામ શું પાડેલું વારુ?" ટોળ કરતાં કરતાં અનપે પુછ્યું.

"મારું નામ?" કહી સૈનિક જરા અટક્યો. પાછું સાંભર્યું હોય તેમ બોલ્યો: "મારું નામ મારી માએ પાડેલું—ફેરબાએ નહીં. તેમણે મારું નામ લાડમાં પદ્મસિંહ રાખ્યું છે."

"તમને હવે મહારાજની વર્તણૂક સારી લાગે છે?"

"જરા પણ નહીં. પણ શું કરું? આ પાપી પેટ જ તેની વેઠ કરાવે છે" કહી બીચારાએ પેટ ઉપર હાથ ફેરવ્યો.

"નહીં નહીં, તમે જુદું બોલો છો. તમારા બોલવાના ઉપરથી તો તેમ લાગતું નથી. તમે કોઇ હેતુ સાધવા આમ કર્યું લાગે છે." ચતુર અનૂપસિંહે શંકા લાવી પ્રશ્ન પુછ્યો.

"થાય ત્યાંસુધી કરીશું": કહીને જુવાન સૈનિક જવાબ બોલી ગયો. ધીરેધીરે સાંજે તેઓ અધે રસ્તે આવી પહોંચ્યા. પદ્મસિંહ મુખીને પોતાની ઓળખાણ આપી અનપ સાથે ઉતારામાં ગયો. બંને ત્યાં સુતા.

પદ્મસિંહ વીશે તેને ખુબ વિચાર આવ્યા. તે પોતાનો ખાટલો ખસડી પદ્મસિંહ પાસે લાવ્યો. તેણે નીખાલસ દીલે પુછ્યું:

"આટલા થોડા સહવાસથી પણ તમને હું જાણી શક્યો છું. મને બને કે કશાનો લાભ નથી, છતાં બનવા આતર પુછું છું કે મહારાજના આમાં કંઇ કાવતરું તો નથીને?"

"મહારાજ, ત્યારે આપે મને જુઠો માન્યો ને?"

"અનપસિંહને પાકા ખાતરી થઇ. તેને વધારે ચોકમાઇ કરવી હતી. કસોટી કર્યા વિના તે લાગમાં આવેલાને જવા દેવો નહોતો. તેણે આપાપાસ નજર નાંખી પુછ્યું:

"અને વખતે થાય તો તમે શું કરો?"

"બીજું શું કરું? મારા વચન ઉપર નિશ્ચલ રહું."

"કયું વચન?"

"એ કે તમને મારે કારાવાસમાં ન રહેવા દેવા. ક્ષત્રિયને તમે બનાવતા હશો. વચન આપવામાં તેમણે પોતાનાં માથાં ખોયાં છે."

અનૂપસિંહ તેનો વાંસો થાબડ્યો. એક રત્ન તેના હાથમાં આવ્યું જાણી તેની છાતી ઉછળવા લાગી. તેઓને થાક લાગ્યો હતો એટલે તેઓ ઉંઘી ગયા. અનપસિંહને સોહ કલ્યાણનાં સ્વપ્ન આવતાં હતાં.

૨

આ તરફ સેનાપતિને પકડવાથી લોકોમાં ઠેકાઠેર મચ્યો હતો. સૈનિકોનાં દીલ ઉંચાં થયાં હતાં. તેણે નાનપણથી અત્યાર સુધી સૈન્ય અને રૈયતની અપૂર્વ સેવા કરી હતી. એવાનો બદલો આવો મળે એ લોકોથી સંખાયું નહીં. રાજા કરણસિંહે જ્યારે પોતાની વિષય-લાલસાને છુટી મુકી દીધી ત્યારે અનૂપસિંહથી ન રહેવાયું. તેણે મહારાજાના કાનમાં ખુલ્લા શબ્દો મુકયા. નવા મંત્રીએ મહારાજાને કહ્યું: "વાઘને હાથ ચાટવા ન અપાય આખું શરીર લઇ જાય." સત્યવચની અનૂપનું ઘરબાર લુંટી તેને દેશનીકાલ કર્યો. લોકો હડતાળ પાડી બેઠા. લશ્કરના સીપાહીઓ અનૂપ પાછળ ગાંડા બની ગયા હતા. તેઓ રાજ્ય અને અનૂપને વફાદાર રહેવા માટે નાછનામાં આપવા મંડ્યા. લોકોની ઇચ્છા તૃપ્ત કરવા તેણે પોતાના ખાનગી માણસને રવાના કર્યો.

જ્યારે લોકોએ સાંભળ્યું કે, અનૂપસિંહ પાદરમાં જ બેઠા છે ત્યારે તેઓ ઘેલાઘેલા બની ગયા. લોકોનું પુર ઉલટયું. દર્શનપ્રેમી પ્રજા તેના દર્શનાર્થે દોડી. સૌ કોઇ તેના ચરણની રજ લેવા લાગ્યાં. બધાંની આંખમાં પ્રેમાશ્રુ હતાં, કારણ કે આજે તેમના હૃદયનો અધિષ્ઠાતા આવ્યો હતો. નિશ્ચલ મનના અનૂપસિંહની આંખમાંથી પણ આ દૃશ્ય જોઇ આંસુનું ટીપું ખર્યું. આ દૃશ્યમાં ભાગ લેવાને માટે તે પોતાના મિત્ર પદ્મસિંહને બોલે છે તો ત્યાં પદ્મસિંહ ન હતો.

થોડી વાર પછી મહારાજા આવ્યા. લોકો બધા માર્યા એક તરફ ખસી ગયા. અનૂપસિંહ તેના અન્નદાતાના ચરણમાં આળોટી પડ્યો. કરણદેવ અવાક્ બની ગયો. તેને જુની મિત્રતા સાંભરી. ક્ષણભર પશ્ચાત્તાપની ભઠ્ઠીમાં તેનું હૃદય બળવા લાગ્યું.

"મારા મિત્ર! મારા અવિચારીપણાએ તને બહુ દુઃખ દીધું." કરણદેવ ગળગળો બની ગયો. બધાં માણસો તેની તરફ અમીની નજરથી જોઇ રહ્યાં.

"મહારાજ, એવું કહી મને દુભવો નહીં. હું તો આપનો આજ્ઞાધારક સેવક જ છું. મારે દુઃખ શું? સુખ શું? આપના પ્રજા-પાલકપણાથી મને સુખ જ છે."

લોકોનું ટોળું હર્ષનાદ કરતું કરતું વીખ-રાઇ ગયું. અનૂપસિંહે સૈનિકોને જણાવી દીધું: "હું ઘણાં થોડા દિવસ મારે વતન જઇ આવીશ, ત્યાં સુધી તમે શાંતિથી રાજ્યની સેવા કરજો."

બધા રાજદરબારમાં આવ્યા. અનૂપસિંહને આજે ત્યાં જમવાનું હતું. જમીને આરામ લેવા માટે તે બીજા ઓરડામાં સુતો. રાત્રે ખુબ ઉંઘવા છતાં આજે તેની આંખોમાં ખુબ નીંદ ભરાઇ હતી.

૩

અનૂપસિંહ નિદ્રામાંથી ઉઠ્યો. જાગૃત થઇને જુએ છે તો પોતે રાજમહેલમાં નથી. પોતે અંધારી જેલમાં હતો. તેણે પોતાના પોંચા કરડયા. કરણદેવનો દુષ્ટ ઇરાદો તેને સમજાયો. આ દગા વાસ્તેજ તેને અહીં લાવવામાં આવ્યો છે જાણી તેનાં રોમેરોમમાં ઝાળ લાગી.

રૈયતને શાંત પાડવા અને સૈનિકોને ફંગવા ખાતર તેણે આ કારસ્થાન રચ્યું હતું. પ્રજાને દેખાડયા વિના છુટકો ન હતો તેટલોજ તેને વેર વાળ્યા વિના છુટકો ન હતો. બધો મામલો શાંત પડી ગયો. પોતે વેર વાળ્યું તેના ગર્વમાં તે મલકાતો હતો.

ગાંડા જેવો બની ગયો. તેના હૃદયને ભારે વ્યથા થવા લાગી. રડતી આંખોએ તે કયાં સુધી પડયો રહ્યો. "હવે તે મને શી રીતે મળે? મેં સર્વ આશા મુકી છે."

"ત્યારે તમને મેળવી આપું તો?"

"ના. મારા મિત્ર, હવે તને હું જરા પણ જોખમમાં નહીં નાખું. તું ગયા પછી મારું શું?" કહી તે પદ્મસિંહને ભેટી પડયો. બંને જણ આજે હૃદય ઠાલવીને રડયા.

થોડી વારે બાહ્યસૈનિકે પોતાના માથા ઉપરની પાઘડી ઉતારી નાખી. પોતાની સાથે આણેલું પોટલું છોડયું. શરીર ઉપરનાં બધાં વસ્ત્રો કાઢી નાખી નવાં વસ્ત્રો સજ્યાં. અનૂપસિંહ ગાંડાની માફક તેની તરફ જોઈ રહ્યો. તે ઉભો થઈ ગયો.

"કોણ મારી પદ્મા?"

"હા, મારા નાથ!"

બંને પ્રેમી ભેટયાં. અધરામૃતનું પાન કર્યા બાદ તેઓ ધરાયાં નહીં. તેઓ સ્વર્ગોદકનો સુખાનુભવ કરતાં હતાં.

પશ્ચિમ દિશામાંથી સૂર્ય ભગવાન્ પ્રસન્ન વદને જોઈ રહ્યા હતા. સંધ્યા ધીમેધીમે કુંકુમ પગલાંથી આવી આવકાર દઈ ગઈ. પવને મંદમંદ ગતિથી આવી શુભાશીર્વાદ વરસાવ્યા. પાસેના જંગલનો વેણુનાદ મુક્ત-કંઠે પશોગાન ગાઈ રહેયો હતો. બંને પ્રેમીનાં હૃદય પ્રેમના આવેશમાં જોરથી ધડકી રહ્યાં હતાં.

રાત પડી ગઈ. અંધારી રાત્રિ એટલે આગળ જવાનો વિચાર માંડી વાળ્યો. સાથે લાવેલાં ફળોઆરોનું ઓશીકું કરી રાત્રિ કાઢી. સવારે બંને ઉઠ્યાં. ઉઠીને જુએ છે તો પોતે આવ્યાં હતાં તે રસ્તા તરફ ધુળના ગોટેગોટા દેખાયા. બંને સાવધ થયાં. શસ્ત્ર સજી તેઓ તૈયાર થયાં. હવે નાસવું એ તેમને મન બીરના લાગી. બંને ફરીને ભેટયાં. છેલ્લા ચુમન કર્યાં. આજે તેમના મિલનનો છેલ્લો દિવસ હતો.

કરણદેવ અને તેના સવારો આવી પહોંચ્યા. કરણદેવની આંખમાંથી અગ્નિ ઝરતો હતો. તેનું વેર બેવડું થયું. ક્રોધથી તેણે જોરથી બૂમ મારી:

"દુષ્ટ! છેવટે મારા ઘરમાં જ ઘાડ પાડી! તેનું ફળ હવે તારે ભોગવ્યા વિના છુટકો નથી."

"મેં તમારું અનાજ ખાધું છે એટલે હું સામે આવવા ખુશી નથી, પણ એ તો ચોકકસ કે, આવું રત્ન તમારા જેવા પાપીને ત્યાં ન શોભે" કહી તેણે હથીઆર મુકી દીધાં. પદ્મએ પણ તેનું અનુકરણ કર્યું. કરણદેવે તેને બાંધી લીધો. પદ્મા તરફ જોઈને તે બોલ્યો:

"કુલટા! તું મારી પુત્રી થવાને યોગ્ય નથી."

"હા બાપુજી. છેવટે આ સ્થિતિ જ મને સારી લાગી." કહી તે ઘોડા ઉપર સવાર થઈ. બંદીવાન થયેલો અનૂપસિંહ અને બધું સૈન્ય રાજનગર તરફ ચાલ્યું.

શહેરના મધ્યભાગમાં બંનેને લાવવામાં આવ્યાં. લોકો આક્રંદ કરવા લાગ્યા. રાજાની આંખો લાલચોળ હતી. લોકોને ઉદ્દેશીને તેણે કહ્યું:

"આ પાપીએ મારો મોટો ગુનો કર્યો છે. મારી કુંવરીને ભોળવીને ભાતામાંથી લઈ જવી એ ભયંકર રાજદ્રોહ છે. આવા નરાધમનો આ દુનીઆમાં ન હોય એજ સારું છે. માટે આજ ક્ષણે મારા હાથે હું તેનો વધ કરું છું."

અનૂપસિંહનું મોં મલકયું. તેણે સ્મિત સાથે કરણ તરફ જોયું. લોકો તરફ તેણે નજર નાખી. છેલ્લા શબ્દો તેણે લોકસમૂહને સંભળાવ્યા:

"આજનો ધન્ય દિવસ છે કે, મહારાજાના હાથે આજ મારો વધ થાય છે. મને મારી પદ્મા વીશે ચિંતા નથી. પણ એ બંધ બનેલા

રાજાધિરાજ

'ગુજરાતનો નાથ'નું અનુસંધાન

લેખક :

ર. કનૈયાલાલ માણેકલાલ મુનશી,

બી. એ., એલએલ. બી., એડવોકેટ;

પ્રમુખ, સાહિત્યસંસદ.

નોંધ

જેણે મારી "પાટણની પ્રભુતા" કે "ગુજરાતનો નાથ" વાંચી હશે તેને આ વાર્તાનાં કેટલાંક પાત્રોની ઓળખાણ પડશે. જેણે એ વાર્તાઓ ન વાંચી હોય તેને માટે નીચે આપેલી ઓળખાણ બસ છે.

જયસિંહદેવ સોલંકી ... અણહીલવાડ પાટણનો રાજા અને ગુજરાતનો નાથ.
મીનળદેવી ... ... રાજમાતા.
મુંજાલ ... ... મહા અમાત્ય.
ઉદા ... ... મંત્રી અને ખંભાતનો સત્તાધીશ.
દાદાક ... ... મંત્રી : * કર્ણાવતીનો સત્તાધીશ.
શૈલ ... ... મંત્રી.
ત્રિભુવનપાલ ... ... રાજાનો ભત્રીજો ને † લાટનો દંડનાયક. ‡
કાશ્મીરાદેવી ... ... ત્રિભુવનપાલની પત્ની ને મીનળદેવીની ભત્રીજી.
કાક ... ... ત્રિભુવનપાલનો મિત્ર ને ભટરાજ.
મંજરી ... ... તેની પત્ની.
સજ્જન ... ... સોરઠનો દંડનાયક.
પરશુરામ ... ... તેનો પુત્ર.
રાખેંગાર ... ... જુનાગઢનો રાજા.
રાણકદેવી ... ... તેની રાણી.

* અમદાવાદ. † સાબરમતીથી દંભાવ સુધીનો પ્રદેશ. ‡ સુબો.

આંબડ પાસે રાત્રિવિદ્યા શીખે છે. એક સાંજે મણુથી આંબડ મંત્રીને સાથે કાકના ભવિષ્યનો વિચાર કરે છે. બીજી બાજુ રાજા જયસિંહદેવ યુદ્ધની તૈયારી કરે છે. પરણુવાની આશાવાળી સમર્થ દ્વારા કાક જાણે છે એ વાત કરવાસ્ત્રમાં પ્રસિદ્ધ થતાં રાજા ચાંદડને બોલાવી, ખાત્રી કરી, તેને કાકને લેવા નાગપુર મોકલે છે. બીજી બાજુ નાગપુરમાં દેશળદેવ રાજા થવાના વિચારોમાં તલ્લીન થઈ કાકુ નાયકને મળવા બોલાવે છે. ચાંદડ દેશળદેવને કાકને લઈને પંજાબી આવવા જયસિંહદેવનો સંદેશો કહે છે. દેશળદેવ ચાંદડને સાંકેતિક સ્થાને મળવાનું કહી પોતે રા' ની પાસે જાય છે અને કેટલીક ગુપ્તિત વાર્તાઓ કરે છે, જેથી પ્રીતવાઈ રા' દેશળને ઉદયપુર કરે છે. પતિમિયા દેવળી રાજા યુદ્ધનો હુકમ આપે છે. રા' સામંત ચાપુનાર અને ચન્દ્રસેન નાયકને બોલાવી યુદ્ધની તૈયારી કરવાનું કહે છે, એટલામાં જયસાલ મરાયાના સમાચાર આવે છે. રાણીના પ્રભાવથી જયસાલ જીવતો થાય છે. રાજા તથા રાણીને પોતાના ભાવિ વિનાશનું સૂચન થતાં રા' કાકને રાણી વગેરેનું રક્ષાકર્તવ્ય સોંપી મોતીઓના રક્ષણ માટે ચાલ્યો જાય છે. બીજી બાજુ જયસિંહદેવ મહારાજને દેવાપાલે લાટ જીતાના સમાચાર નિવેદન આપે છે. એટલામાં ચાંદડ દેશળદિશણને તેડી આવે છે પણ તે કાકને ન તેડી લાવ્યો હોવાથી રાજા તેને કાઢી મુકે છે. ત્યાર પછી દેશળ રાણે ગરાસદાર કરી રાજા જુદા તથા પરશુરામને બોલાવી ચઢાઈની તૈયારી કરવાનું કહે છે.

(હવે આગળ વાંચો.)

પ્રકરણ ૨૬ મું

—૩૦૨૮૮૦—

જેમાં સોમેશ્વર પોતાની યોજના ઘડે છે

જ્યારે સોમેશ્વર જયસિંહદેવ પાસેથી આવ્યો ત્યારે ગાંડા જેવો થઈ ગયો હતો.

જ્યારે ભૂમકરબ્રહ્મથી તે નીકળ્યો ત્યારે તેના હૈયાને મુંજાલના મનમાં શ્રદ્ધા હતી. પંચાળીમાં તે અનાથનો નાથ જેવો હતો; ત્યાં તેનો મહામતાપી ગુરુ પણ હતો. અને જ્યાં પોતે ભૂમકરબ્રહ્મની દયાની વાત જઈને કરશે કે તેની મદદે ઊભો મોટું પદવી ઐશ્વર્ય દયાના કરવામાં આવશે. અને તેનો મદદથી ગુરુ સાહ્ય આપ્યા વિના પોતાની પત્નીની અને પોતાના માનની ચારે બાજુ.

આ મદદથી તેણે અનેક દુઃખો વેઠ્યાં, ભૂખનો ઉપવાસ કર્યા. તેણે દેશને પગે મજૂરી કરી. ભૂખે મરતી બંજરો ને તેનાં ઝોકરાંના ભૂતકાળ માટે કે કે તેણે જાણ્યાં અને આખરે તે ચોમેરી આવી પહોંચ્યો.

ત્યાં આવ્યો ત્યારપછી જેમ તેમ કરી તે રાજાની સન્મુખ જઈ શક્યો, પણ આખરે તેના ગુરુનો પત્તો નહીં; તેના દેશની ભાનને દાદ નહીં; તે તેના રાજાને કરાવી લેવા માગ પણ પડ્યા નહીં. આ જયસિંહદેવ સોલંકી? આને માટે બધા પ્રાણ આપતા હતા? આને માટે બધા ચાવોમાંના વિક્રમાદિત્ય માનતા હતા? આને માટે કાક બહારવટિયા પોતાનાં તન, મન, ધન ને પત્ની બધું સમર્પણ કરવા જેવા હતા? તેનું માનું પ્રમાપણી ગયું હતું. તેને આ બધા પર વેર લેવાનું મનુન થઈ આવ્યું હતું. પણ તેનો દમનું અલ્પ હતું. એ મનુન નકામું હતું. તે પ્રાણ પડ્યો તો પણ આ પ્રબળ રાજ્યસત્તાનો કાકરો બને એમ નહોતો. બાકી પરમેશ્વરની મારફત જે પુરાતા હતા તે વિશ્વાસઘાત પ.પ દંભનપક્ષ બદીઓ બીજામાં નહોતા

'વિધવા'ના બે બોલ

લેખક

ના વિનાયક નારાયણ મહેતા

ચારૂ ૩૦

ના ગોવર્ધનકર

"મહારાય,

મારા ઉપર આપે કૃપાદૃષ્ટિ નાખી આપની ધર્મપત્નીએ કર્મનાગ પરલોકમહાલયને મેમ ગાકર ઉપર ભવાસાગરની ચીઠ્ઠી આવી તથી હું રસ્તામાં મરવા પામી નથી આવ મરવા કાનના છે તેજ વટથી દૂર થાય છે તેથી વિશેષ આપના ચુકાદાની હકીકત લખાવનાર હું આપના રાજ્યમાં પડી છું ને આપની રહમત મારા ઉપર ઊતરી કહેવા કરતાં નથી તેથી દુઃખ થાય છે

આ પ્રમાણેની ચીઠ્ઠી ૧૯૦૬ના માર્ચ મહીનામાં નામની લીપીમાં લખેલી ગુજરવાસિની બીના તરફથી મને મળી નિરાશા થઇ કે લખનાર ॥ પત્ર લખાવનાર પણ વિધવાજીના માનસ્થળમાં કોણ નથી આવતું ? આ પવિત્ર સ્થળમાં જેમનો વ્યભિચાર થાય છે તેનું વર્ણન મુખથાનું આ સ્થાન નથી રહેતા અને અગાના"—સ્થનિક—અપમ અને ૮ગમ—અપમ—આમ બે પ્રમાણીન અર્વાચીન અદાલતોથી મુક્ત બનેલા બનેલા બનતા ત્યાં મળે છે હું આ પરમણું॥ ગોવીસર દત્તો ને એક પ્રાતકાળે લાવા પુરોહિતમાન આવી પાસ આવ્યા ને કહ્યું કે આવી પ્રમાપની જે લેવી પ્રાચીન દરીતિવની કમીશીની પ્રમ હતી તેની પ્રમ ડોકટર ઉપર ભવામણની ચીઠ્ઠીની ૮૮૮ ૦ તેણે ચીઠ્ઠી લખી આપી ને લાજરો પ્રમાર કાઢના આરંભ પડયુ કે થોડા દિવસ ઉપર ૮૮૮મેલા બાળક મહિત એક એ કગાત્ર દાક્ષતમાં વિધ્યાયનની સહા ઉપર પડી હતી તેના બાજમા એ ચીઠ્ઠીની દરખીતાય મા આવત એનું બાલક મરી ગયુ ને તે બાદ ત્યારથી નાગી ગઇ પાછળથી અનુમ પડયુ કે તેને મીશન ધરમા લેવા માટે યજ્ઞેસી પણ આ આર્યસમાજીઓને રોકેલુ તે ક્યા ગઇ તે માનસ ન પડયુ પણ તે જતાજતા ઉર તા અદેશો દેતી ૨૬ એક વર્ષ બાદ કટલાક પત્રો આવ્યા તે ઉપરથી તેનો પુરો દારસા સમજાતા લેખનશૈલીથી ગુજરાતથી દેશસ્થાને લીધે સરસ ન હતી, ત્યાંનો સમજવા આવતા પડતા પણ એ દુઃખમરિતા જે હૃદય પરથી વહી હતી તેમા ગુજરતી વાચકવૃંદને રસચુપાન કરાવું એ ખ્યાલથી મે નીચેનું ભાષાંતર એકદમ કર્યું છે ને ઉપરાંત મુકત

કેટલીક વિધવા બાહ્મણોએ ત્યાંના કલેકટરની કૃપાદૃષ્ટિ ને સહાનુભૂતિવાળી જાનુને પત્ર લખેલા તે મારા વાંચવામાં આવેલા. મેં સાંભળ્યું છે તે પ્રમાણે મહાત્મા ગાંધીજીના વાંચવામાં પણ



હું રસ્તામાં પડી હતી. કેવા બાંધ મને કેદ ને હું તેની સાથે ગઈ.

એ પત્રો આવ્યા હતા અહીં નીચે લખ્યું છે તે કલ્પનાત્મક નથી, સત્યનો તાણો ને સત્યનો વાણો ને બન્યાં માંડી લંબાવી છે તે કચરેલા કેવાંના જોડીની.

" પ્રિય મહાશય,

ત્રીસ વર્ષથી વિશેષ તમે તમારી નજર પાછી ફેરવો. ગુજરાતના એક નાનકડા ગામડા ની હું વતની આ દુ:ખી દુનીયાના દુ:ખના ભોગમાં ઉમેરો કરવા જન્મી. મારા પિતા મામલતદાર હતા. હું ઉગી જાત-માં પેદા થઈ એટલું કહીશ તો ચાલશે. ઘરમાં અમે સુખી હતાં, પણ બાજી ઘેરાયું ને મારા પિતા ચાલતા થયા. આ વેળા ઘરમાં મારા ગોદા કાકાની વિધવા સ્ત્રી, મારી માતા ને હું એટલાંજ હતાં. મારી ઉમર આઠેક વર્ષની હશે. સમજ અચોટવાદ છે. મારી માતા છત્રીસ વર્ષની પણ નહતી. પિતા ગયા પછી એને પથી ઉપર રહેવાનો ગો હક હતો? પછી છવવું તે પ્રાયશ્ચિત્ત કરવા બાદ-કે કદાચ-કદાચ મારે બાદર તે અતિશય સુકુમાર ને સુંદર હતી.

પિતાપણી શીરકત તુરી પડતા તે કચડાઇ ગઇ કે પ્રેમ જે તેને નીરખ્યા બનતુ પડતુ મનહિમા ઉછળેથી છતા પણ અણધારે વાં પરગતુ કામેા કરવા પડયા કે જેથી દીનપણુ દાખવાય તેની કેમળ મનોદશ મતિ કરમાઇ તેા ગઇ હતી પણ આગ આમે જ્યારે તે જોતી-ભવિષ્યનેા ભાગેા તુરેા પણ કેમ કે નીરડીશ એમ જ્યારે તેને થતુ-ત્યારે એનું હાલ વિષ બોલુ પણ રૂપ અદ્દના અંધારાં જે દેખાય મન થતુ તે કુ હમણાં જોઉં છું એમ મન બાંધે છે એણે શા પાપ કર્યા કે એને આમ તપસ્વિની બનવુ પ ' માગ કાંઇ ચોથી વ પરણેના કે જેથી પુત્રસેાપ ને કેમાદગીરી પીતાઇ મા ન બન્ય ચિંતાએજ મીંગ સંપેાયેલા કેમકે મા ! મારી ભાગેજ બાંધ કર્મ હશે ને આજ વીશ વ. થયા તમને જોઇ ય ગામ બન્યુ પણ એક બનતના રીતા માગવા માટે એ કુમા રીતા થઇ ગયા હતા ન આગતુ ને પડેલુ દુ ખ જેમને કય તુ નડાતુ લગ્ન એ રીવાજ ન ગણિયા હતા કાંઇ મનતા મુંઝી પરણે પરણાવનાર ચિંતાની સખ્યપણે કેવાય ન કન્યાને કેવાજ હક નહીં મુજર પ્રજા મનમાંય મુદ્દિની ગણાય છે આમની મનને બતા કયા તુચ્છ થ ગઇ છે ' વિધવાને જરૂરહતી કેાઇ પુનરુદ્વાહમા ફસાવવા માગત નથી પણ મારા કાંઇ જોવા બાળ રાંક ઉપર રહેતા અનય જોવા મને તુ લાગ્ય થેા મારી માત ને તેા કેાઇ નહીં તેા ઇશ્વરનાર તુ એના દુ ખમાં હુ કડીબીઆ રૂપ હતી પણ બીચારી કાકીને કેમાગી ન્યાતમાં કન્યાની અછત હતી એને કેમાક નાયક જુવાનીઆ રહી જત પણ ઇદિ મનેાભાવ મુદ્દિમાંના ગુજ્જરબાંમીને તુ કચડવાજ ગણે છે '


ખેર દુ ખના દહાડા પણ વીત્યા કાળેએ મારેા કમને કરેા હતેા 'દેગાળી શુ સમજે ? નાના છે, લાડકવાયા છે લાડથેવા કરી મુકયાં છે દીયરજીએ ઘાકજ ન રાખી ને છેાકરીને ઉકેળનાજ ન આવડ કામ કરે કેા ' થાકતા હશે ? ન માદા મા ! શુ પડયા રહેવુ ' આપણે નેા રીવા માટના (વૈધવ્ય પ્રાપ્ત થયુ તેથી) આપણે મહેનતે પુરીએ નહીં મારી માતા હમેશ કહેવાત કરતી પડી રહે ત્યાર મન કાકા માટે મન કરે હરેક તિથે તહુવાર ને અનુસરતુ મને પડે રાંધે, બનાવે મનવે-જણે વધ્ય-પશુને પુષ્ટ કરતા ન હેાય ' હાય ! ભવિષ્યના ગર્ભ તરફ નજર કરતા અમજ વગે છે વધ્ય પશુ ને કેમ પુષ્ટ કરી આખર વધસ્થાનુજ તેમ ! તેમ ! હાય હાય ! મારાથી કહેવાનું ના નથી કે તેમજ ને તેજ કાળે અમાનાસે મારી માવજત થ પણ ઇદિની વેદિમા હુ હામાવવાને નરજાયની !

હુ નહુ કુરડા હતી કુરડી હુ તેા પુરે ખ્યાલ પણ હતેા 'બેાલ દહાડે દહાડે બીને છે એમ કેાઇ દહાડા કરીને મળકાવાળા શબ્દ કાને પડી કરતા મારા તેા બીચારી કચડાઇ ગએલી તેના મુખમાંથી એ મહેના શબ્દ નીકળે ' અરે નીકળત જ નથી જરાય રખેને નજર લાગે

મારે માટે મારુ ઘર બેાળાવુ મા કાકી કુટુબપાવર બધે ઘુમતા મારી ફોનિ પ્રસરાવતા મારા ગુણ ગાતા મારા કાકીની બધીજ ચીજ અનિયમ સારી એમની રસેાઇ સારી એમની લવણુ સારી, એમનેા કેાઠાર સારેા એમની બીનાડી પણ મેાં, બીબાઢ બીબાઢે કરે ને બનાવ્યા મેાં ન ઘને કે બધુ મટાડુ ઘરમા ન લાગી મુકે તે બધુ


હતી! એમ કાકી કહેતાં, તો પછી હું પોતીકી બત્રીછ—ના ના! નાની વહુ દેરાણીને પોતાની સંતતિ પોતાની કહેવાનો હક શો છે? હું તેમનીજ પુત્રી. એને તો બીજાં થશે, પોતાને કૈં એમાંનું છે? તેથી હું તો એમનીજ પુત્રી. કાકીજી તેજ થા! મારે આ કોઇ હતી નહીં. મારી માતા તે તો 'ભાભા' કહેવાતી. બેર! કાકીએ ગ્રહ જોવડાવ્યા—ગ્રહ સારા, પણ મંગળ ઠીક નથી. એની દશાનો પ્રતીકાર કરવા સામે પણ એવીજ દશા જોઇએ એવો વર ખોળાયો. ઘર સારું જોવાયું. નવમે વર્ષે—બાપ ગર્યે વર્ષ તો વીત્યું નથી એ અરસામાં—કન્યાદાન દેવામાં પુણ્ય છે એમ કહી પીત્રાઇ કાકાએ મને હોમી દીધી. એ રાત્રિ મને યાદ આવે છે. વૈશાખ મહીનો હતો. પ્રકૃતિ પ્રફુલ્લ હતી. હું પ્રફુલ્લ હતી. વધૂ-રત્નાંક તરફ લક્ષ જવાતી વઢેરી પણ 'મહમહાયિતા' થાય તે પહેલાં પ્રફુલ્લ હોય છે. લગ્ન થયાં ને એથેજ મહીને શીતળામાં મારા પતિ દેવલોક પામ્યા. હું નવ વર્ષની હતી, તે ૧૩ વર્ષના હતા. લગ્નવિધિ વખતે મારા પતિને જોયા—ત્યાર પહેલાં કે ત્યાર બાદ કદાપી નહીં જોએલા. લાકડે લાકડું ભવસાગરમાં પળભર એકઠું થયું ને પાછું જુદું પડ્યું. અરે નિષ્ઠુર દૈવ! અરે રૂઢિ રાક્ષસી! હું વિધવા બની. હું તો એટલી બધ્યાકુલ થઇ ગએલી કે મારાથી રડાયું નહીં. મારી કાકી કહે: "મેંજ અભાગણીએ મારા નસીબમાં ભળીને એનું નસીબ બગાડ્યું." મારી માતા તો એટલું રોઇ ને એટલું શાંત કલ્પાંત કર્યું કે એની આંખે જુવાનીમાં પડળ આવવા લાગ્યાં ને ૭ એક મહીનામાં તેને આંખ ચળવા માંડી. બેર! વર્ષ વીત્યું ને હું તો ઉચ્ચકુલમાં ગામડાંમાં ઉછરેલી ને મારો ઉભાવ કૈં દબાયો ન હતો એટલે મને 'ઓલ્યો' કહી સોકો પોકારતા. "જરા છેડો તો ઠીક રાખ. રખે માથું ઉઘડી જશે. જરાએ લાજ નથી?" મારી કાકીનો પક્ષપાત મારા ઉપર વધ્યો. મારી માતા માનતી કે તે તો બે દિનની મહેમાન છે તેથી તેણે મારા ઉપરથી બાહેર મમતા ઉઠાવી લીધી હતી. હું બીજી છોકરી માફક લુગડાં લત્તાં પહેરતી. એક ચુડો પહેરવા ન મળતો કે લાડકડો ચાંલ્લો કપાળે ન કરી શકતી. મારી સહીઅર કદી અજાણમાં કૈં બોલી ઉઠતી ને હું હાજર જવાબ આપતી ત્યારે ચટ વેણ નીકળતું કે "બજ્યું જાણતી નથી તું 'રાંડ' તે." કહેવાડે બધું થાય, બવાય, પહેરાય, ઓઢાય, પણ ટાંકણે મારે જાડું ખાવાનું ને સાદુ પહેરવાનું. ટાંકણાને દહાડે તપ! આથીજ રૂઢિ મને શીખવે છે કે: 'લાડો નહીં, તમારી તો આજ વલે છે.' દહાડા વીત્યા ને હું મુગ્ધા બાળા બની-ખાનપાનમાં કસર ન થએલી તેથી મારો ઘાટ ફાલ્યો. બાર વર્ષ થયાં. આ ગીડો અવસર! આ મનોહર ટાંકણું! યુવાવસ્થા ડોકીયું કરી રહી હતી. જ્યારે આંગણે રમવાનો અવસર આવ્યો, જ્યારે ગૌરવમાં મહાલવાનું આવવા લાગ્યું ને સાસરામાં મહેણાં ને વેણ સુણાવવામાં વાક્ચાતુર્ય વાપરવા વારો આવ્યો ત્યારે મને કહેવામાં આવ્યું: "દળાઇને ચાલ, તું તો રાંડીરાંડ છે" રાંડ શબ્દ મલીન શ્લેષ્મ થએલા ને પાનરને લગાડવામાં આવેલો તે મારી તપસ્વિની કાકી—મારી કનકલતિકા માતાને પણ! મારો તનમનાટ માયો સમાયો નહીં. કહલી જેવો સીધો મારો ઘાટ ઢળ્યો. હવે તેમાં ઉપર નીચાં દેખાયાં. મારા કૈંક ઘીંટણીમાળા કેશ મારી કમર લગી લટકતા. સીકાકાઇના અબુમાં એને ઘોઇ જ્યારે કોરા કરવા હું ખુલ્લા મુકતી

[બધુ માટે જુઓ પૃષ્ઠ ૨૭૯]



મોટા કાસોનું એક મનોહર બુગારખાનું.

—ચિત્રકાર



માર્ગેહાવ
વારસા પછી ઘર નું મા ીનું સમય ૬૬

મોંટેકાર્લો

(યુરોપના પત્રોનો ઉપસંહાર)

લેખક

રા. મણિલાલ હીરાચંદ

સભ્ય બે દિત્યમ્ સુ૮

૧

ઇંગ્લંડમાં આવે ઘણું જોયું, પણ ચક્ષુ જોયું નથી એવું એ નગરી એવી કે જે એમાં ઉતરવા પરાંત રહ્યો તેમણે જોવાનું ( ) જાણવું તે રહી જાય

આ દ્વીપની બે બાજુ બીજા બધુંય વર્ણન કેટલું પુરું તો આમ કહું

લંડન અમને ઘણુંજ અનાડી કામ એના પ્રમાણિક આકાશ અને અનંત સૃષ્ટિ

અમને કૈં ગમ્યાં નહીં. અને આ સ્વતંત્ર લોકો આપણને નિર્બળ રાખવા મથે છે અને આપણી અશક્તિ પર એમની મહત્તાના પાયા રચે છે એ વિચારે એમની મહત્તાની નીશાનીઓ જોતાંજોતાં શક્તિ, સુંદરતા કે મહત્તાને જોઈ થતો સ્વાભાવિક આનંદ અમને કદી થતો નહીં.

પણ લંડન હવે ઘણું થયું. એને આપણે પાછળજ મુકીએ તો કેમ?

એક સવારે દસેક વાગતાં અમે લંડનથી પારીસ ઉડવા હેંડલે-પેજના ઉડવાના સ્ટેશન તરફ રવાના થયાં. લંડન વહેલું છોડવું પડવાથી મારા નિષ્ફળ થએલા મનોરથોના આકારો મોટરને લીધે દોડતાં જણાતાં વૃક્ષોમાં જણાતા હોય એવું લાગતું. શું શું કરવાનું રહી ગયું તેની યાદીના મણકા તુટેલી માળા માફક વેરાઈ જતા હતા. ત્યાં રસ્તામાં એક કુતરું મોટર તળે આવી ગયું તેની હૃદયભેદક ચીસે મને જગાડી. મારો અહિંસાધર્મી આત્મા દુખાયો. પણ મોટર તો સુસવાટ કરતી ચાલીજ ગઈ અને ડ્રાયવરે એક વાર પાછું વાળીને જોયું એ નહીં.

એરોપ્લેનના સ્ટેશન આગળની બધી વિધિ પુરી કર્યા પછી અમે એરોપ્લેન તરફ જવા અમારા પગ ઉપાડ્યા. પણ તેટલામાં થએલી આતુરતાની કૈં સીમા! પુષ્પક વિમાનમાં બેસીને રામ ખરેખર આમજ ઉડ્યા હશે! પણ એમનું વિમાન આપી જરા વધારે ડાહ્યું હશે તેથી તે "વિમાનરાજ! આ માર્ગે, આમ" એવું કહેતામાંજ એમને જોઈએ ત્યાં જતું. અને આ તો યંત્રોથી ધમધમી રહે ને એને કાબુમાં રાખવાને તો કળા અને ગણ બને જોઈએ. ને તોએ એ તો પવન કે ધુમ્મસમાં અદ્રશ્યાઈ જાય ને અગ્નિથી બળી જાય. અરેરે! આપણે કલિયુગમાં જન્મ્યા ત્યારે કની!

વિમાનમાં ઉડતાં પહેલો લાર તો જાણે ધરણી ડોલતી હોય એવોજ થાય છે. તેમાં થોડું આશ્ચર્ય, થોડી ગભરામણ, થોડો આનંદ એવી એવી બધી વૃત્તિઓ ભળે છે. પણ થોડી વારે વિમાન ઉંચે ને ઉંચે ચઢતું જાય છે અને સ્થિર થઈને ઉડવા માંડે છે ત્યારે આસપાસની રચના જોવાની કુતૂહલવૃત્તિ પ્રધાન પદે હોય છે. કેદીઓ જેવા રાજમાર્ગો અને વાડીઓ જેવાં જંગલો જોઈ ત્યાં રમવા ઉતરી પડવાનું મન થાય છે. રમકડાં જેવી ગાયો ને ઘેટાં, કાર્ડબોર્ડ પર ચીતરી કાઢ્યાં હોય એવાં બેતરો, રમતમાં ઢગલીઓ કરી મુકી હોય તેવી ટેકરીઓ ને કીંડરગાર્ટનનાં બનાવેલાં હોય એવાં નાનાં લાગતાં ઘરો જોઈ બાલક થઈ એ બધાનો ઉપયોગ કરવાનું, તેને તોડવાનું ને ફરી ગોઠવવાનું મન થયા વિના રહેતું નથી. આ બધાંને બનાવનારો કોઈ હોય તો તે પણ મોટા કદનો ને પ્રમાણનો કોઈ બાળકજ હોવો જોઈએ.

પણ ઈંગ્લીશ ચેનલ પરથી ઉડતાં સૌથી સરસ તો દરીઓજ લાગે છે. તોફાની સાગરને બદલે જાણે ભુરા કાચનો સ્થિર અરીસો પથરાયો હોય ને મોટીમોટી સ્ટીમરોને બદલે છોકરાંને રમવાની સ્ટીમરો ચોકોથો અંતરે ગોઠવી હોય એવુંજ કૈં લાગતું. એની આસપાસ બને કીનારા દેખાતા અને રેતીમાં પથ્થરની કાળી ભાત પણ શ્વેત ચિત્રફલક પર કાળી આકૃતિઓ કલ્પનારની હોય તેવી અતિ રમ્ય લાગતી.

એકધારી ગતિએ જવા છતાં જાણે દરેક ચમકે જુદાજુદા પ્રદેશમાં વિચરતાં હોઈએ એમ લાગતું. ઘડીમાં અગ્નિના પ્રકાશથી પાવન થએલા માર્ગમાં વિહરતાં ને ઘડીમાં ઝંઝાવાતના પ્રદેશમાંથી પસાર થતાં હોઈ-

એ એવું સાગવું નેચ અરેબકો અનેક વકા કરી દીધા કરતો ખબેરબળે રમતો એક વિચાર આવ્યો. ધમધેર આકાશની વચ્ચે ગરિને નમરો ન્યમ ઉડવાનું હોય ને ઝગકની દીજગીનું દાન્યુ રૂપ જોવાનું હોય તો શું સવેદન થતું હશે? દીજગીન પ્રશ્ન પુછવાનું માદમ કરવાની દીમત કોઇ ને વખને આવે ખરી?

લાડનથી અમે સાર વાગે નીકળ્યા અને પેરીસમા અમે આઠ વાગે પહોચ્યાં કેવ આગગાડી કન્ચ અને ખાસીત મરદદ જુદી પડે છે ત્યા ઘડીઆળોના ટાઇમ પણ જુદા રાખે છે ઓ લગભગ એક કલાક ફરક હોય છે

. પેરીસમા અમે ૨૪ કલાક પરતીજ અમ હોટેલમા ફિતર્યો માત્ર ગાત રહી અમે સવા તો મોરેક્કો જવા નીકળવાના હતા

૨

મોરેક્કોનું એ એક અતિ સુદર શાસક્ષે ત્યાના રજવાડો સ્વચ્છ ને રોબીલા છે ત્યાની હોટેલો સુદર ને સગવડભરી છે ને ત્યનો બારો કે ન્યારોજ છે-બધો વિશ્વકમાએ આદશ શહેરનો મોડલજ કરી મુકયો હોયની!

પણ આ સુદરતાનો ન્યનાર સ્વગ વિશ્વકર્મા નથી, પણ મોં ક્લાક ઉપ દુ વીસ કરીને કાંઇ અઢીબસ વૃદ્ધ વખત જર્મનીમાથી દક્ષપાર થયેલા એક સ ગૃદરય છે એમણે બજા દેશોમા નશીસ અજમાવ વાના વિચારો કીધા પણ છેવટ મોનાકામા વસવાનુ એમણે વનારે સુયોગ્ય લાગ્યુ મોનાકોમા ગરીબી હતી મોનાકોની આબાદ નો પ્રદેશ સુદર હતો એમની શક્તિને બંધ બેસ વાનું આવી ત્યારે કયુ સ્થાન મળતે?

મોનાકોના રાજ્યકર્તાઓ આપાદી કુદરત ના વરદાને વણા અસખ્ય આનદાર્થના મહેલાતા, પણ કાનિકારીઓની ચળવળને પરિણામે આવી જુની આનદીમા (મરી ખઇએ પ્રવેશ કર્યો હત ત્યારે ત્યા ચારેબાજ ત્રીજે તો અનર ઐતિહાસિક સ્મરણોથી ભરપુર મોનાકોના બડક પરના મહેલમા—જ્યા એક વાર ફ્રેડર્ક ધ ગ્રેટ રહ્યુ હતુ ત્યા-સ્થાન વસાવી રહેવા મરકોના મહા ખજાની વચમા છુટ્ટી ગાળતો હતો. ત્યા એક નાનુ સરખુ કુમારખાનુ તો હતુ પણ નજીના નમા માણુસા કે મહેલ નમા ચાર્યો મો ક્લાકના રીસ્લાબાજ અગત્યના આ નાનકડા રાજ્યના રક્ષક કરવા નાખવાનો વિચાર થયો એમણે નાસ્ત સાથે પ્રીન્સેસની વાત કરી, મુલાકાત પાત કરી ને છેવટે તેને બાજુને પુછ્યા નહિ થાય એવા ઇશારા કર્યા પણ રજા કયની છ કે ૮૮૮ માજ રચવાજ આ કસા ને ત્રિંગુમે ત્યાના ટ્રેન્સન દર વર્ષે વધની અમુક રકમ કરાર પ્રમાણે આપવી પડે છે ૮ ૭૭૭ આ રકમ વધીને પચાસ લાખ ફ્રાક થશે

મોરેક્કોના એ આ મોનાકો નું મુખ્ય શહેર છે કુમારખાનાની રક્ષણ મોનકોના થન પણ પાડાથી મોટે કાને સ્વારે ન સ્વારે ત્યાન થતુ જ રજાના દરીબાકેનારો, સુદર બગીચા અને અજીબ રીત ગરવાથી ઉકરીઓ ને ખડોને વીર આ શહેરનું લક્ષિત્ય પણ મોટક બાગે છે પ્રવાસીઓ આ સ્થાની ખ્યાતિ સાભળી ત્યા આવે છે કેસ્કના ઉપર અદામા નાખીરેથી પ્રસન્ન થાય છે બજાર ૨ વે છે ને કેસ્માક તો વાપરાલ થઇને આપઘાત પણ કરે છે આપઘાત કરવા ની નવા મોરેક્કોવાસા નથી

વિનતિ કરે તો નુકશાનના પ્રમાણમા તારે કે નો પાડુ મળેજ છ ઉલટે કે નહીં તો ઘર સુધી પહોચવાની ગીડાટ અને વ્યવસ્થા તો મળેજ મમે તો તમે દુનીઆને છોડે રહેના હો તો પણ એ પૈસા ફીકા પડી દુરી ધનોમા ન આવવાની બધી આશા પડ છે ને ગોઠ જવને એ પૈસાથી રમે તો બાના બનસ્પતીની નજરમાથી ભાગ્યજ તે છટકે કે

અમે ત્યા ગયા ત્યારે જુગારનુ આ જાહ વાતાવરણ જોવાની અમારી આતુરતા બીજા નહતી પણ અદર ગયા પછી આ આતુરતા દબી નહીં મન જરા મનબધુ થવ ગમતને અતર એક પાડવ ગયુ ને કેમ જાણે મુનશીને પણ આડકા વિચાર મયા પણ અતિપ્રસગી બહેનને એ વાત ર ી નહીં અને ઉલટે અમે આર પણ ઘણ મુકયા વગર પછા આવ્યા એ ગામા ઓછા પાચ કાકરી આડા દાર ત્યા બેથી શકાતો નથી ત્યા રેસવની આસપાસ ોરેલા નરનારીના મુખ પરના ભાવો તો કોણ વર્ણવી શકે દરેક હૃદયમા આશા નિરાશાન ૨૨ આજના હોય છે ચિંતા અને ઉદ્વેગના બધી મોટ બુદ્ધિના અકુશની આસપાસ કરતી ક ૬ અતુરતા અને તૃષ્ણાનો ઠલવા સપાટા લઇ બારી બધાઓ એ બધાનું સપૂર્ણ પ ૬ એક રોચિના અનુભવમા મ આવી શકે ને તેઓ દૃષ્ટિ આગળથી અ ચિત્ર બનતાં વાર લાગે છે

મેરેકાનની અસલાસ ગીચીઓમા મેદરકારમ અને મોદરમોજમા ફરતા મળ્યા પછી પોતાના માદમ સુધી પોતાને સમુદની રમણીયતા જોવાજોતા ફરી હોય છ અને રાત અધકારમા સમુદ પર જમીન ચીજ વધારે નીખરી આવે અવાજ સાપડે છ

નામને સાંભળી વધારે આનદ તો આમ ફરવા જેવુ જ મળ્યો

આવાનુ ર ધામ। આદમના અજવાળા દુનિએ સુદર પડમા મતાએલી વિડબના જેવુ ન બનાવ્યુ હોત તે ર નિસ્તબ્ધતામા શ્રદ્ધાશીલ આપણા હૃદયુરતની મગજમા રહેવા વિચાર આ ર અને મેરેકાનો। વિખ્યાતિ તો અમ। અજવાળાપણાએજ આપી છ રમતના રેમય પથી નજરે ઉડી કરવાની તસ્દી ન લેતા કે અ મનો ત્ર આવેજ જવાબ આવ

* *

તા ૨ બીએ અમે અજવાળીયા ીકલ્પ જ પુરાપમ અમારી વિદુષીએ વિવિધ આનદ જોઇવા કતા ા। પરસ્પરના પરમ રાદ। સાજન્ય પમા હતી તેનુ પમદન પુ થતુ બધ દરેક પર અમે ફરી ફરી અપીગી દૃષ્ટિ નાખત પુ। જવાનુ અર વભરહ્યુ તો આવા સરસ મિત્રોનો સ્નેહ પામવો તેજ ક્ત

નોધ

અમાગ યુરોપના પ્રવાસને વગજગ એક વ ય પ્રવાસુ આદરેલ ો નવા પડના સ્મરણોન ૨ દિલાસાના ઉપયોગ કરવાની યોજના ક। તરીકે વધાર ઉમ હવે ઘરજગૂ પછા ફરેલા બધુ બાર મહીના પુના થાય ત પહેલ અમાગ પ્રવાસ સદ્ગ થય જોવા ન ક ર નૈ ાનિસ્પમા ચઢવા ય નથી આ તેની સાથે એ યોજનાઓનો ત્યાગ બ્યો નથી

પ્રવ સમા અમન એક ેવ પડી ગઇ હતી અમારા ત્રણેને જે કઈ નવા વિચ ર થય તે સર્વ ની જાય અમે બધા એસીને કરતા અને મગ

આસ્ક કાવ્યો જેમાં તૈયાર કરાવવા હશે તેમને નીચેના ભાવથી કરી આપીશુ પદ્યની ત્રણ લાઇનના ત્રણ પૈસા દર ત્રણ લાઇને ગદ્યની લાઇન મદ્દત

રીપેરીંગ ડીપાર્ટમેંટ.

કવિઓને—

અમારા રીપેરીંગ ડીપાર્ટમેંટમા દરેક જાતની કવિતા સુધારીને સાજામા સારી તદ્દન નવીન (નવા જેવી નહીં પણ નવીજ જમાનાને?) કરી આપવામા આવશે ગમે તેવી જુની, જુથેાવાણી કવિતા પણ ગાડ મગફા વજરની સીધી અને સરલ કરી આપીશુ

તત્રીસ્થાનેથી પાડી દેવી, અપ્રાપ્ય, જુનવાણી નકામી બ્યરા જેવી કવિતા ઓને પણ સરસમા સરસ અને મઠ ગણે ઉતરે તેવી રામલાલ—ઝાડુજાદુની દવા જેવી—અલંકારક કરી આપીશુ

તત્રીઓને —

તત્રીઓ પાસ આવેલી કવિતાઓ પણ અમે સુધારી આપીશુ અમે આશા રાખીએ છીએ કે હવ કોઇપણ કવિતાને કચરાની ગાય લીને સ્વાધીન થવા વખત આવશેજ નહીં દરેક છાપાવાળા, માસિકવાળા, પાક્ષિકવાળા પાક્ષાદિકવાળા, ત્રૈમાસિકવાળા છ માસિક વાળા તેમજ વાર્ષિક વાળાઓએ અમારી સાથે જોડવણ કરી લેવી અને તેવા સસ્તા દામ રાખ્યા કામ અમે કરી આપીશુ

સરતો —

અમારી કંપની બીનહરીફ હોઇ અને બાકી તેવી અપની ગ્રાહકો નાખી શકીએ છીએ, પરતુ ગુજરાતી આલમ ઉપર અનેરો ઉપકાર કરવાની અમારા હૃદયમા જબરજસ્ત ભાવના હોવાથી નીચેની જુજ સરતો રાખીએ છીએ

૧. એક વખત લીધેલો માલ પાછો રાખવામાં આવશે નહીં અને કદાચ રાખીએ તો પૈસા પાછા લેવામાં (દેવાનું અમે સમજતા થી) નહીં આવે.

૨. એક વખત વાંધ્યા પછી ફરીથી માલ બદલી આપતી વખતે અર્ધી કીંમત બદલી આપેલા માલની) લેવામાં આવશે.

ચિ થાઓઃ—

ગુજરાતી ભાષામાં ખુણે ખાંચરે પણ વે કોઇ પણ માણસ રહેશે ન જોઇએ–કવિ ના શીવાયનો.

ે જે કુંવારા રહી જશોઃ—

આવી સુંદર તક વારેવારે હાથ આવતી થી માટે સત્વર લાભ લો, જે જે વહેલું-મોડું કરતાં માર કુંવારા ન રહી જજો.

તમારા ઓર્ડર આજેજ નોંધાવો.

સર્ટીફીકેટોઃ—

અમારા માલની ખાત્રી બદલ સર્ટીફીકેટોને નાયબાના જેવો ધોધ અમારી કંપની ઉપર ચાલુ થઇ ગયો છે.

ઓર્ડર નોંધાવવાનું ઠેકાણુંઃ—

ધી યુનીવર્સલ કવિતા મેન્યુફેક્ચરીંગ

કંપની, ખંડેરાવ માર્કેટ–કોટ,

મુંબાઇ.

પ્રણય–પ્રીતિ

લેખકઃ

રા. મંજુલાલ દવે.

પ્રણયના એકજ અશ્રુબિંદુને અવિનાથી કરવાની તારી અપ્રતિમ વાંછના કાજ સારી ય તારી રાજવી સત્તા તેં નહાવત્ થવા દીધી–નહીં ? ઓ જહાંપનાહ !

માનવહૃદય પ્રતિ ઘૃણા આદરતો ને તેના સ્મરણ–આયાસને હસતો કાલ–તેને વાર્તે બાંધી બનાવી દીધો, સૌંદર્ય ને સારપ પ્રતિ તાટસ્થ્ય આદરતો ને તેના ભવ્ય-દિવ્ય મનોરથોને ફેંકતો મૃત્યુરૂપ મહાકાલ–તેનો ય તેં અમર સ્વરૂપ વડે મહી લીધો–નહીં ? ઓ શહેનશાહ !

એકાદી કો શાંતિમતી રાત્રિમાં તારા પ્રણયને દેર અજબ એ રસરહસ્ય પ્રસન્ન મન નટવર શું નર્તી રહ્યું, ને તાજ સમા અલૌકિક મૌન સમું સુસુંદર પ્રકટી રહ્યું.

નગરો ને રાજ્યો, છો સૌ ધૂસરવતાં થઇ રહ્યા, વર્ષો ને યુગો, છો સૌ અંધારપછાડામાં છવાઇ રહ્યા, કિંતુ આરસની આ તારી સૌંદર્યકલાલીલા ઓ શાહજહાં ! સદાસર્વદા એકજ નિજ પ્રણયરૂપ જપી રહેશે. એકજ નિજ નિશ્ચલ સ્મરણમાલ ધ્રુવ તારાઓને સુણવી રહેશેઃ

—ભવની ભાવટભરી ભુલભુલામણીમાં એજ એક અણમુલું તત્ત્વ સ્થળકાળના અંમર્યાદ મોજસંગે નિજ શાશ્વત વર્ણ, ઘાટ ને ફોરમ પ્રકારી રહેશેઃ અશ્રુપ્રીતિની એકજ એ બિંદુપ્રતિમા અખુટ ને અનંતે નિજ પ્રણયપારાવાર "જગત્યાં જગત્" સમક્ષ નિત્ય પ્રકાશી રહેશે.*

* ટાગોરને આધારે.

સ્વપ્નસંતોષ *

અનુવાદક

રા. ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા

સભ્ય, સાહિત્યસંસદ

ચિત્ર ૨

રા. ગોરધનકર

વરસાદ મુશળધાર વરસતા હતો પવન ફુંકાતા માતો માણે ચાલ્યા જતા મનુષ્યોના હૃદયમા કુદરતની પ્રચંડ શક્તિઓનો પ્રભાવ કાવતો હતો સાંજ પડી અંધારી અવસ્થા બામવતા એક દીન પુરુષ ફુંકાઇ મારતા પવન અને ધોધમાર વરસતા વરસાદની સામે એક ભાગીતુટી છત્રીથી પોતાના શરીરનુ રક્ષણ કરવા નિષ્ફળ યત્ન કરતા તાડોના રે ગામા ચાલ્યા જતો હતો જતા જતા ગજવામાંની પોતાની આ પા પુષ્કળ પૈસા હતા તેને હાથથી પકડી રાખતા અગત વાતો જતા હતો

છત્રી વરસાદમા નકામી જવી હતી પવનની મદદથી ઉન્માદ જવો વરસતા આ દીન પુરુષના શરીરને તરબોળ કરી નાખતો હતા અને તેની ગતિ આગળ થવાને તેના વાસાન અને છાતીને પણ પવાડતા હતે પણ આ દીન પુરુષને તેનુ ભાન નહતુ કારણ કે તે પોતાના સ્વપ્નમા જ મગ્ન થઇ ગયો હતો

અહા હુ પૈસાદાર હતા એક વખત પણ પૈસાદાર રહુ તે તો હુ શુ શુ કરત? જેવી મોટી રાક્ષસી મોટરકાર હત

તો એક તો તદ્દન ક્ષયરોગ વિનાનુ શરીર કયો અને બીજુ ધુણ્યુ અને પછી બીજુ?"

આ પ્રશ્ન ઉદ્ભવતા તેણે અનેકાનેક વસ્તુઓ યાદ કરી પણ પરિણામે તેને સંતોષ નહીં થયો

નહીં નહીં શુ એક ક્ષયનુ પણ એક સુખ આપ કરવુ એ અતિશય બહુ મુશ્કેલ છે?

આમ વિચાર કરતા કરતા તે ચાલ્યો જતો હતો તેવામા તેણે એક ભીખારીને જોયો ભીખારી દુઃખથને એક ખુણે ઠંડીથી કુદાતો હતા તેના ચહેરો

* આ ચિત્રવાળા ફ્રેંચ ભાષાની પરથી

ભયથી, દુઃખથી, ભુખમરાથી ભયાનક થઈ ગયો હતો. એક હાથ ધરીને તે આર્ત્તનાદે બોલ્યા કરતો હતોઃ "શેઠ સાહેબો, કોઈ દયા કરો, કોઈ દયા કરો !... ... દાતાર !" આ દયા યાચનો અવાજ બીજા ઘોંઘાટમાં પુરો સંભળાતો પણ નહોતો એટલો ધીમો હતો.

તેની પાસે તેવોજ કંગાલ એક કુતરો હતો. પોતાની પુંછડી હલાવતાં હલાવતાં ભસવાનો યત્ન કરતાં તે મુંજતો હતો. દીન પુરુષ અટક્યો. પોતાના પાળી જેવાજ કંગાલ દીન પુરુષને જોઇને કુતરાએ કેટલુ વધુ જોરથી ભસવા માંડયું અને પોતાનું નાક એ પુરુષને પગે ઘસ્યું.

દીન પુરુષે તે બીખારીની સામે, તેના ચીથરાં સામે, તેના તદ્દન ફાટી ગએલા જોડા સામે, ટાઢીથી મુંજતા તેના હાથ સામે, શૂન્યતાથી ભરપૂર તેના જર્જરિત ને દુઃખી વદન સામે અને ગળામાં 'આંધળો' એવા શબ્દવાળા ટીંગાડેલા કાગળના પાટીઆ સામે ધ્યાનપૂર્વક જોયું.

પોતાની પાસેજ કોઇ પુરુષ ઉભો છે એનું ભાન થતાં આંધળાએ પોતાની યાચના પુનઃ શરુ કરીઃ

"કોઇ દયા કરો, શેઠ સાહેબ, કોઇ આંધળા ઉપર દયા કરો, દાતાર !"

દીન પુરુષ ચાલતો અટકી ગયો. બીજા ચાલનારાઓએ પોતાની ગતિ ત્વરિત કરી. પાસેના ભવ્ય મકાનમાંથી, એક પૈસાદાર ને સૌંદર્યના મદથી છલકાતી સ્ત્રી અનેક પ્રકારનાં આભૂષણો અને વસ્ત્રાલંકારથી સજ્જિત થઈ નીકળી. ચાકરે પાછળ ઝલો ધરી રાખી હતી. કુતરાને બદલે પોતાને સ્પર્શ કરે એ ડરથી એ દ્રવ્યવાન સ્ત્રીએ પોતાનો અત્તરથી ભરપૂર રુમાલ નાક ઉપર દાબેલો હતો. મકાનથી ચાલીને તે પાસેજ તૈયાર ઉભેલી મોટરકારમાં બેસી ગઇ.

આંધળાએ પોતાની યાચના પાછી ઉચ્ચારીઃ

"કોઇ દયા કરો, શેઠ સાહેબ, આંધળા ઉપર દયા કરો, દાતાર !"

કોઇપણ મનુષ્યે તે પ્રત્યે ધ્યાન આપ્યું નહીં. અલ્પ સમય વીત્યા બાદ પેલા દીન મનુષ્યે પોતાના ગજવામાંથી થોડાક પૈસા કાઢી પેલા આંધળાને આપવા ધર્યા. આ દ્રષ્ટિ જોઇ કુતરાએ આનંદથી ભસવા માંડયું. આંધળાએ પોતાની મુંજતી આંગળીઓથી પૈસા લીધા અને કહ્યુંઃ

"શેઠજી, ગરીબ પર દયા કરી તે માટે પ્રભુ તમારું ભલું કરો !"

પોતાને "શેઠજી" ના ઉપનામથી સંબોધાતો જોઇ, દીન મનુષ્ય કહેવાજ જતો હતો કે, "ભાઇ, હું શેઠ નથી, પણ તારા જેવોજ ભીખારી છું."

પણ આ કરુણ તેણે દબાવી અને પૈસાદાર ગરીબ પ્રત્યે જેવા રીતે બોલે તેવીજ રીતે પોતે આ આંધળાને કહ્યુંઃ "મેં બહુ નથી આપ્યું. પણ તને તો ઠીક કામમાં આવશે. ઠેઠ ખરુંને ?"

"દાતાર ! તમે બહુ દયાળુ લાગો છો ! આવા વરસાદમાં મલળતા દહીને ગજવામાંથી પૈસા કાઢવા અને મારા જેવા આંધળાને આપવા કોણ નવરું હોય છે !.....પ્રભુ તમારું કલ્યાણ કરે.....આવી મોસમમાં અમારા જેવા અપંગનાં તો મોતજ છે છે...એમની દયા આનાર તો આપ જેવા દાનેશ્વરી કોકજ !"

દીન મનુષ્યના હૃદયમાં દયાના ઝરા ફૂટયા. ને બોલ્યોઃ "હશે, હશે !"

આ વધુ તીવ્ર દુઃખ સમયે પોતાની

દીનતા ભૂલી જઈને તે બોલ્યો। "તું જન્મથી ભીખારીપણું કેમ કોઇ દહાડે તો મારે
આંધળો છે?" સાથસુજ બેચરી પડે છે—અમને ત્રણત્રણ
"ના જી હું ધરમો થયો ગયો તેમનેમ દહાડાની ગણ કાજથી અત્યાર સુધીમા મ માત્ર



ચાલ્યા કરીએ પરંતુ કોઈ ન મરે પ્રભુ તમારું ભલું કરો

આખ જતી ગઇ દરપીતાજીના મોઢેથી કહ્યું કે ધરજાપાને લઈને આખ ગઇ—અમ બધા મોતીઆ થયા એમ એમણે તો કહ્યું પણ હું સમજતુ છુ એકલા ધરજાપાથી આનથી થતુ અને મીજા બહુ દુખ પડયા છે મે બહુ આસુ પાડયા છે

"ઓમા! ત્યારે તને બહુ દુખ પડયુ છે?

અરે શેઠ માડેલા શુ કહું? મે એક વરસમા આપણી મેરી ગુમાવી મારી છોકરી ગુમાવી બે ડાકરા ગુમાવ્યા—જેટલાને હું ચહતો હતો એટલા બધાય—જેટલા મને ચાહતા હતા એટલા બધાય હું પોતે પણ મરીજ જતો હતો પણ વળી બચ્યો ધીમેધીમે હું સારો થતો ગયો પણકામ કરી શકુ એવો નો નજ થઈ શક્યો પરિણામે શુ હોય? બે દિવસમા ચોપન્યુ છે તેમાં અડધો આ। પડેલા મરીજાદ બનકર મરીજાદ પડી આ કુદરતનો અપે જે આખ એમ થી ભીખારીપણ-દાડ પીગળાવી નાખે તેવુ દુ અઠ મે દિવસ ચાને એવુ લાખ લાખ

જેમજેમ આ કરુણ કથની સાંભળતો ગયો તેમતેમ પેલો દીન પુરુષ પોતાના ગજવામાંના પૈસા મણતો ગયો. બધા મળીને સાડા અગીયાર આના થયા—પોતાની આખી પુંજી આ સાડા અગીઆર આનામાંજ સમાઇ જતી હતી. તે બોલ્યોઃ

"ચાલ બુઢ્ઢા, ચાલ મારી સાથે. અહીં તો બહુ ગરદી છે. તને કોઇક જખ્માએથી મારું ખાવાનું અપાવું."

આંધળો આથી આનંદ પામતો પ્રફુલ્લિત થઇ ગયો તે લાગણીઓથી ધ્રુજતો બોલ્યોઃ

"મહેરબાન! તમે—આપ બહુ માયાળુ છો..."

"ચાલ!"

પોતાનાં કપડાં તેના કોટલાંજ ચીથરેહાલ અને ભીંજાઇ ગએલાં છે એ હકીકત આંધળો જાણી ન જાય એવી કાળજીથી તે દીન પુરુષે આંધળાનો હાથ પકડ્યો અને તેને દોરવ્યો. કુતરો પણ ધીમુંધીમું ભસતો, મનુષ્યોના ટોળામાંથી પાછળ ચાલ્યા આવતા બે માણસોને માટે રેડા પાડતો આગળ વધતો જતો હતો. આ પ્રમાણે થોડો વખત ચાલ્યા પછી એક જાગ્રુ રેસ્ટોરાં આવ્યું તેમાં પેલા દીન મનુષ્ય તે આંધળાને લઇ જઇને એક ખુરશી ઉપર બેસાડ્યો ને છોકરાને બોલાવીને ગરમાગરમ ખાવાનું મંગાવ્યું. આંધળો સ્વર્ગનાં સુખ અનુભવતો હોય તેમ ખાવા લાગ્યો. દીન મનુષ્ય વચમા વચમા કુતરાને પણ નાખતો જતો હતો અને આંધળાના મુખ ઉપર રમી રહેલા અપૂર્વ સંતોષને કોમળ દિલથી જોતો હતો.

આંધળો ખાઇ રહ્યો એટલે આ મંગાવી અને તે પણ પાઇ. બીલનું પુછ્યું. કુલ્લમા અગીયાર આના થયા. ગજવામા રહ્યા માત્ર બે પૈસા. આ પૈસાની પણ બે પાનપટ્ટી લઇ તેણે આંધળાના હાથમાં મુકી.

બંને પાછા રસ્તા ઉપર આવ્યા.

"અહીંથી કેટલે છેટે તું રહે છે?" દીન પુરુષે પુછ્યું.

"આપણે ક્યાં છીએ?"

"ચોટા આગળ."

"ત્યારે તો હું જરા છેટે રહું છું. નદીની પેલી પાર બધાં ખાલી મુંબઇ છે એમાં હું પડ્યો રહું છું."

"ચાલ, ઘોડે સુધી હું તારી સાથે આવું છું." દીન પુરુષ બોલ્યો.

આંધળો ઉપકાર માનતો જતો હતો. દીન પુરુષ જવાબ દેતોઃ "નારે...એમાં શું? એમાં કે નહીં."

કારણ જાણતો ન હતો છતાં પણ કોણ જાણે શાથી દીન પુરુષના હૃદયમાં કોઇ અદ્‌ભુત આનંદ ઉછળી રહ્યો હતો-જીવનમાં કોઇ દિવસ નહીં અનુભવેલો એવો દિવ્ય આનંદ તે આજ અનુભવી રહ્યો હતો. ચાલતાં ચાલતાં આવાં સુખમય સ્વપ્નો પોતે નીરખી રહ્યો હતો એથી દીન પુરુષ, પોતે માંદા માણસથી કંઇ આવું નથી, પોતાને તો ચુવાનું જ્યાન પણ નથી-તે ભુલી ગયો. પોતાનાં દુઃખ, પોતાનાં ચીથરેહાલ વસ્ત્રો અને પોતે પણ બીખારીજ છે એ વાતોનું તેને વિસ્મરણ થયું.

થોડીથોડી વારે તે પેલા આંધળાને સ્નેહભર્યો સાદે પુછતોઃ "હું ઉતાવળો તો નથી ચાલતો ને? તું થાકી તો નથી જતોને?"

આંધળો ઉપકારથી દબાતો, દીનતાથી પ્રત્યુત્તર આપતોઃ "ના રે ના, મહેરબાન."

પોતાને કોઇ પણ કારણ કે કોઇમ જે મોટાં નાગોથી સંભોગેલો નહીં તે નાનો સાનિધ્યને, આંધળાને પોતે જે સુખમય ઉત્પન

કર્યો હતો એથી અને પોતે લક્ષાધિપતિ દાનવીર છે એવી સ્વપ્નસૃષ્ટિથી અનેરા હર્ષનો ઉપભોગ કરતો દીન પુરુષ મદમદ હસ્યો

નદીની નજદીક આવતા તેની કડી પવનની લહરીઓ જણી લઈને આંધળો બોલ્યો શેઠજી, હવે હું મારો રસ્તો શોધી લઈશ મારો કુતરો સાથે છેને

"હા, હું પણ હવે જઈશ દીન પુરુષે ગંભીર અવાજે કર્યું

દીન પુરુષના હૃદયમાં એક વિચિત્ર વિચારે પ્રવેશ કર્યો હતો લક્ષાધિપતિ થવાના—અનન્ય સુખ અનુભવવાના જે ત્રિય સ્વપ્ન માટે તે દીવાનો થઈ જતો હતો જે સ્વપ્નની તે ચોવીશે કલાક ઝંખના કર્યા કરતો હતો તે સ્વપ્ન શું સાચું ન પડ્યું? શું આ પ્રસંગથી તેણે જીવનમાં એક વાર પણ ન પૂજ્ય સુખનો અનુભવ નહીં કર્યો? અકાળ દોવન ચોરાકની મીઠાશમાં ભીની વાનીઓ અને પ્રેમના જે ગાઢ સ્વપ્નો તણે હૃદયમાં જોઈવતા તેના કરતા પણ આ ઉંદરો કલાકમાં તેને વધુ સંતોષ નહોતો થયો? પોતે તેના જેવોજ ગરીબ કુખ ભરનો કુકો છે તે વીશે આંધળાને કયારે શક પડયો ન હતો પોતે પણ તેટલા કારણ પોતાને પૈસાદારજ ધારી હતોને! આ સમયે જેવો અવસરોચિત ભાવ તેને થયો તેવો ભાવ કોઇપણ બીજા પળે તેને મળશે ખરો?

પરંતુ આ ઉત્સાહ ઝાઝીવાર ટકયો નહીં સત્યતાનું ભાન તેને થયું તે પુનઃ બોલ્યો

"ભગત, હવે હું જઈશ

તેઓ પુલના મધ્ય ભાગે પહોંચ્યા હતા દીન પુરુષ અટકયો, તેણે પોતાના ગજવા તપાસ્યા એક પણ પણ નહીં જણી તેણે અંધળાનો હાથ સ્નેહથી દાબ્યો આંધળાએ ગદ્‌ગદિત કરી કહ્યું "ભેરુજી, ઘણો ઉપકાર થયો આપ આપનું નામ કહેશો? ભવા ભગવાનની પાસે આપને માટે હું દુવા માગતો રહીશ

'ના રે ના, કે જરૂર નથી ભેરુજી સંભાળજે—અટ દારદીઓથી ચાલો જા હું તો બહુ સુખી છું ચાલો—જે ગોપાળ'

આટલું કહીને તે જરા પાછો ગયો અટકયો અને પુલની નીચે ખળખળ વહેતા ઉંડા પાણીનો ઘેરો પડ જોઈ રહ્યો તે પુનઃ બોલ્યો 'જે ગોપાળ"

અને મક્કમ તે પુલના કઠેરા ઉપર ચઢીને કુદી પડ્યો

મેરા ધબાકો પછી ખુબો "દોડો! દોડો! મારા પાણીમાં પડ્યું સામે કીનારે નાઓ જલ્દ કરો!"

આમતેમ દોડતા મનુ પોતાના પકડાયા જોયા બાદ આંધળાએ પુછ્યું શું છે? શું થયું?"

જવાબમાં દોડતા આંધળાને ધક્કો મારીને આગળ જતા એક નાના છોકરાએ અટકયા વિના જવાબ વાળ્યો અરે કોઇ ભીખારીએ નદીમાં પડીને આપઘાત કર્યો!

કટાયેલા હૃદયે દીર્ઘ નિઃશ્વાસ નાખી આંધળો બોલ્યો પ્રભુ તેના આત્માને શાંતિ આપો! તેને એવી તો દીનત હતી

આંસુ ખોલી, પોતાના પુલગત આગળ આંસુઓની નીશાની કરીને બાકી જમીન પર ઠોકતો ઠોકતો આકાશ ભણી શૂન્ય દૃષ્ટિ ફેરવતો આંધળો આગળ ચાલ્યો



યોગેશ્વર શ્રીકૃષ્ણ

ભગવાન્ શ્રીકૃષ્ણનું યોગીશ્વરપણું

લેખક :

રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી

સભ્ય, સાહિત્યસંગ્રહ.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના મહાન્ ઉપદેશક ભગવાન્ શ્રીકૃષ્ણ કામદેવે પોતાના અનુયાયીઓની ભક્તિના જોરથી વિષ્ણુના અવતાર અને પૂર્ણ પુરુષોત્તમ થયા, પણ એમનું યોગીશ્વરપણું એ ભક્તિના પ્રવાહમાંજ તણાઇ ગયું. પરંતુ મહાભારતમાં શ્રીકૃષ્ણનું યોગીશ્વરપણું વધારે દેખાય છે. નારાયણાવતાર કે વિષ્ણુના અવતાર તરીકે કૃષ્ણને ઓળખાવનાર મહાભારતના ભાગો પાછલા વખતના છે એમ ઘણા મહાભારતના અભ્યાસી વિદ્વાનોનો મત છે. ભગવદ્‌ગીતામાંએ અંતે 'यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः' એમ અર્જુનને વીર પુરુષ અને કૃષ્ણને યોગીશ્વર કહ્યા છે. ભગવદ્‌ગીતામાં તથા મહાભારતના ઘણા ભાગોમાં કૃષ્ણનું યોગીપણું સ્વાભાવિક રીતે જણાઈ આવે છે. પણ એક વર્ગ શ્રીકૃષ્ણને સાક્ષાત્ પુરુષોત્તમ માને છે એટલે એમના યોગીપણામાં એમને કંઈ નવાઇ રહેતી નથી. અને બીજો વર્ગ યોગનેજ માનતો નથી એટલે કૃષ્ણચરિતના યોગિત્વસૂચક દાખલાઓમાં રસ લેતો નથી. આ રીતે એક વખત જેની પૂજા જ્ઞાની તથા યોગી તરીકે થતી હતી તેની પૂજા અત્યારે કેવળ ભક્તિભાજન ઇશ્વર તરીકેજ થાય છે. નવા જમાનાના નવા વિચારવાળાઓને પોતાના દેશના ગયા જમાનાના એક મહાન્ પુરુષ તરીકે શ્રીકૃષ્ણ માન્ય છે, પણ એ પુરુષવરનું ગોપીવલ્લભપણું જેટલું આ જમાનાને જણીતું છે તેટલું યોગીશ્વરપણું જણીતું નથી. મધ્વ, ચૈતન્ય, વલ્લભ વગેરે આચાર્યોએ તથા જયદેવ, નરસિંહ મહેતો, મીરાંબાઇ વગેરે અનેક ભક્ત કવિજનોએ જેવી રીતે ભક્તિદૃષ્ટિથી શ્રીકૃષ્ણચરિતનો અભ્યાસ કર્યો, એનો મહિમા ગાયો અને આ દેશનાં લાખો સ્ત્રીપુરુષોનાં હૃદયમાં કૃષ્ણભક્તિનો પ્રચાર કર્યો તેવી રીતે કોઇ યોગીઓએ યોગદૃષ્ટિથી શ્રીકૃષ્ણચરિત્રનો અભ્યાસ કે પ્રચાર કર્યો નથી.

વૈષ્ણવ સંપ્રદાયોના પહેલા આચાર્ય શ્રીરામાનુજ જો કે મોક્ષના સાધન તરીકે ભક્તિ અને પ્રપત્તિનો ઉપદેશ કરે છે, પણ એ મહાન્ આચાર્યે ઉપદેશેલી ભક્તિના સ્વરૂપમાં

યોગ એટલો બધો ભળી છે કે એમને યોગ ભક્તિને વારસો મળ્યો હશે એમ લાગે છે ગુપ્તસમયમા આ દેશમા ભક્તિધર્મના પ્રવાહ જોરથી વહેતો હતે એ વખતે વૈષ્ણવ અને શૈવ ધર્મ બહુ જોરમા હતા સ્થળે સ્થળે વૈષ્ણવ અને શૈવ મંદિરો ઉભા થતા હતા હજારો વૈષ્ણવ તથા શૈવ સાધુઓ આ દેશના દૂરદૂરના ભાગોમા તથા અન્ય દેશોમા પણ પોત પોતાના ધર્મ ના પ્રચાર કરતા હતા એ વખતના શૈવો તો યોગિ ભક્તો હતા પણ વૈષ્ણવો ? એ પણ યોગિ ભક્તો હોવા જોઇએ



શ્રીકૃષ્ણના પરમભક્ત ભક્તકવિ નરસિંહ મહેતા.

એ પ્રાચીન વખતમા—આજથી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા વૈષ્ણવો—ભાગવતો કયા ધર્મગ્રંથોમાથી એ વખતના વૈષ્ણવધર્મના સિદ્ધાંતો શીખતા હશે ? ૨ માનુજાદિ આચાર્યો તો પછી થયા, પણ મહાભારત ભાગવત-સાખ્ય યોગનું એ વખતના હીંદુઓના જીવનમા હતુ એમ અનેક જુના લેખોથી સાબીત થાય છે બધા નહીં તો કેટલાક પુરાણોએ એ વખતે વિદ્યમાન હશે કાંઇ તૈયાર થતા હતા કેટલાક એમ પણ કહે છે કે મહાભારત અને જુના પુરાણ—વિષ્ણુપુરાણ હરિવંશ વગેરેમાથી ગુપ્તસમયના વૈષ્ણવોના સિદ્ધાંતો શીખતા હશે અને પોતાના ગ્રંથમા ઉતારતા હશે અવતાર પ્રતિમા શાલીગ્રામ અક્ષર બ્રહ્મ તેજ ભક્તિમાર્ગનુ નવુ સાહિત્ય ઉપજાવતા હશે (આ બધાઓએ એ સમયથી જ ભક્તિ ભાગવતનુ તાત્ત્વીક સાહિત્ય ઉપજાવવા માંડ્યુ છે)


ગુપ્તસમયના વૈષ્ણવોએજ મહાભારતને કૃષ્ણવેદ કહ્યો હશે એ વખત હજી પુરાણો વીશે બહુ માન જાગ્યુ ન હતુ વેદથી ઉતરતે દરજ્જે પણ વેદ જેવી પ્રતિષ્ઠા હજી મહાભારતનેજ મળી હતી ગુપ્તકાલીન વૈષ્ણવોનો મુખ્ય આધાર મહાભારત પરજ હતો મહા

ભારતમાંએ ભગવદ્ગીતા તો વૈષ્ણવોનો આદિ ગ્રંથ.

ભગવાન વાસુદેવે પોતાના ઉપદેશમાં જ્ઞાન-માર્ગ, ભક્તિમાર્ગ, યોગમાર્ગ અને કર્મમાર્ગ ચારેનો અતિ ઉચ્ચ ભૂમિકા ઉપરથી સમન્વય કર્યો છે. પણ આ દેશની પ્રજાના જીવનમાં આ સમન્વય ઉતર્યો નહીં. પ્રજાએ તો જુદા-જુદા યુગમાં જુદા માર્ગે પ્રયાણ કર્યું. જ્ઞાન-માર્ગનું પરિશીલન તો ભગવદ્ગીતોપનિષદ્ રચાયું ત્યારેજ આર્યોએ લગભગ પુરું કર્યું હતું. બૃહદારણ્યક ઉપનિષદમાં ઉપદેશેલા 'નેતિ નેતિ' વાદમાં જ્ઞાનમાર્ગના ઉચ્ચતમ શિખર ઉપર આત્મબુદ્ધિ પ્રકાશે છે. એ ઔપનિષદ તત્ત્વજ્ઞાનથી ઉચ્ચતર કોટિનું તત્ત્વજ્ઞાન આ દેશમાં તો શું પણ કોઇ અન્ય દેશમાંએ માનવબુદ્ધિને હજી મળ્યું નથી. પણ ભગવદ્ગીતા રચાઇ તે વખતે તો જ્ઞાન-માર્ગના શિખર ઉપરથી આ દેશની બુદ્ધિ ઉતરવા માંડી હતી. બીજા પ્રદેશોમાં હજી પ્રખર બુદ્ધિનું રાજ્ય ચાલુ રહ્યું હતું, પણ જીવેશ્વર સંબંધમાં તો જ્ઞાને યોગને તથા ભક્તિને માર્ગ આપ્યો હતો. યોગમાર્ગમાં કદાચ ગુપ્તસમય પહેલાંજ આર્યોએ પરમ ઉન્નતિ પ્રાપ્ત કરી હશે. ભારતવર્ષની આ યોગારૂઢ અવસ્થા વખતે મહાભારતમાં શ્રીકૃષ્ણનું ચરિત્ર યોગીશ્વર તરીકે આલેખાયું લાગે છે. પાતંજલ યોગસૂત્ર પણ કદાચ આ અરસામાંજ લખાયું હશે. પછી ગુપ્તસમયમાં યોગમિશ્ર ભક્તિ અને છેવટ તો શુદ્ધ (પુષ્ટ) ભક્તિનું સામ્રાજ્ય જામ્યું તે છેક હાલના સમય સુધી ચાલુ રહ્યું. ભક્તિ-ખરી ભક્તિનું જોર હવે ઓછું પડી ગયું છે. હાલમાં લોકમાન્ય તિલક વગેરે અનેક વિદ્વાનો ગીતામાંથી કર્મયોગનું રહસ્ય ઉપદેશે છે. કર્મયોગ આપણા લોહીમાં કેટલો ઉતરશે તે તો પ્રભુ જાણે. પણ ગીતાનો ઉપદેશ જુદાજુદા યુગમાં જુદેજુદે રૂપે પલટાઇ ગયો છે અને એને અનુસરી ગીતાના ઉપદેશકનું ચરિત્ર પણ જુદેજુદે રૂપે કલ્પાયું છે. ભગવાન કૃષ્ણ પહેલાં વીર, પછી જ્ઞાની, પછી યોગીશ્વર, પછી વિષ્ણુના અવતાર અને છેવટ પૂર્ણ પુરુષોત્તમ મનાયા છે. (કૃષ્ણના કે કૃષ્ણભક્તિના વિરોધીઓએ આ મહાપુરુષને છેક મહાભારત (સભાપર્વ) ના વખતથી ગાળો દીધી છે. એ પ્રવાહ આજ સુધી ચાલુ છે. જુના કે નવા કૃષ્ણભક્તોનાં કૃત્યો કે વચનોનો આરોપ કૃષ્ણ ઉપર આવીને તેઓ અનીતિમાન્ ને વ્યભિચારી પણ કહેવાયા છે.)

આ યુગમાં ભક્તિનાં બંધનો તુટતાં જાય છે; ભણેલા વર્ગમાંથી તો લગભગ તુટી ગયાં છે. યોગની સાધક વૃત્તિ નથી; કુતૂહલવૃત્તિ છે. યોગનો મોહ છે. આ પરિસ્થિતિમાં યોગીશ્વર કૃષ્ણની યોગભક્તિનો અથવા કેવળ યોગમાર્ગનો આપણા લોકમાં ઉદય થાય એ કૈં સંભવિત લાગતું નથી. પણ યોગની ઘણી વાતો આ વિજ્ઞાનના જમાનામાં વિજ્ઞાનના ખોટા મોહથી ખોટી બનાઇ ગઇ છે. આપણી બુદ્ધિમાં વિજ્ઞાનના જોરદાર સંસ્કારો તો કૈં ઉતર્યા નથી, પણ આપણે યોગની, જીવની, પરલોકની, સૂક્ષ્મ આધ્યાત્મિક શક્તિઓના ચમત્કારોની બધી વાતોને એકદમ હસી કાઢી અને ફેંકી દીધી છે. આજે પશ્ચિમના અનેક વિજ્ઞાનશાસ્ત્રીઓ સર ઓલીવર લોજ, ભ્રાન્સ ક્રુક્સ, પ્રો. ફ્રેંચ અગોળશાસ્ત્રી ફ્લેમેરીઅન વગેરે આધ્યાત્મિક ચમત્કારોને યથાર્થ માને છે અને એ વાતો શાસ્ત્રીય રીતે શોધખોળ કરે છે. આપણો શાસ્ત્રીય શોધખોળનો

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૨૦]



[આવૃ. ૧૯૮૦

ઉત્તર ધ્રુવમાં સૂર્યોદય થયેલાં મહીનાઓ સુધી
ગ્રેની દ્વારા-ઉત્તર અરજ



આર્યજીવનની ઉષા*

(કેટલાક વિદ્વાનોની શોધને આધારે)

લેખક

રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,

બી. એ. એલએલ. બી. એડવોકેટ

પ્રમુખ સાહિત્યસભા

૧

પૃથ્વીની ચારે તરફ આજ જાતિ પ્રસરી તે પહેલાં તે એક પ્રદેશમાં રહેતી હતી ત્યાં તેનો નીરાંતે વસી ગઈ વ્યક્તિત્વ પામી સુરક્ષિત સરકારો બીજવવા શક્તિમાન થઈ અને તેણે દુનિયાની ભારી પ્રગતિનો પાયો નાખ્યો આ પ્રદેશ—આ અમર આમ નિવાસન કરી એવેસ્તા ઝોરાષ્ટ્રીઆના વેણેજુઓ—આર્યવર—ને નામે ઓળખે છે આ પ્રદેશ કયો હતો એ સવાલ શાસ્ત્રીય વિદ્વાનોની કલ્પનાશક્તિને લાંબા વખતથી કસી રહ્યો છે

આ અમર કથા હજારો વર્ષો પર થઈ ગયો હિમકાળના સપાટા ત્યાં હજુ આવ્યા ન હતા ત્યાં નદીઓ સુકાઈ ત્યાં નહોતો કઠોર કે ગરમીનો અસહ્ય ભુક્કો ત્યાં નહોતો દુનીઆની બીજી ભૂમિને ખેડવા જવાનો માર્ગ માત્ર આત્મસંયમ અને ઉદ્યોગશીલતા દ્વારા સહજે એવું ત્યાં સ્વારસ્ય હતું

આ પ્રદેશ ઓકસસને કાંઠે નહોતો કે ત્યાં તે વખતે દરીઓ હતો સમશીતોષ્ણ કે ઉત્તર યુરોપમાં નહોતો કારણ કે હિમકાળ પછીજ એ બંને જગાએ આવી ચડી આવે છે—તે પહેલાં નહીં પણ આર્યો તે પહેલાં એવા એક પ્રદેશમાં હતા કે જ્યાંથી નીકળી થોડા ઉત્તર યુરોપ અને થોડા મધ્યએશીઆમાં જઈ શકે કે જ્યાંથી નીકળી પાછળથી આવતા બીજા જનસમૂહો વચ્ચે આડા ન આવે હિમકાળ પહેલાના ઉત્તરધ્રુવની આસપાસ આવેલા ખડમાં આ પ્રદેશ હતા એ માન્યતા મને ખરી લાગે છે

ત્યાં વર્ષોમાં એક વખત પશ્ચિમમાંથી

* કનૈયાલાલાકૃત ઉદ્ભૂત

સૂર્ય ઉગી છ મહીના સુધી અસ્ત થયા વિના પોતાના અખંડ તેજે ભૂમિને તપાવતો. બે મહીના 'ઉત્તર અરણ્ય' ની 'સુંદર, તેજસ્વી ને દિવ્યરંગી' ઉષાનો અનેરો ઉત્તેજક મોહક વાતાવરણ પ્રસારતો અને બાકીના ચાર મહીના અંધકારમય વ્યોમને માથે સપ્તર્ષિનું તેજસ્વી મંડલ નિશ્ચલ તારાની પ્રદક્ષિણા કરતું. બારે માસ ત્યાં વસંતની બહાર રહેતી: અને પરિસ્થિતિની મહેરથી માનવવિકાસને બુદ્ધિ-પ્રધાન થવાનો પંથ સહેલો થઈ પડ્યો.

આ અદ્‌ભુત પ્રદેશ પૃથ્વીના બીજા પ્રદેશો-થી નોખો હતો; અને ચારે તરફથી એવી રીતે ઘેરાએલો હતો કે બીજા પ્રદેશોમાં વસતા માણસો જોટે જરા પણ સંસર્ગ સંભવેજ નહીં. ગંભીરીઆમાં આવેલા પર્વતો ને ગોળીનું રણ મોંગોલ જાતિથી તે પ્રદેશને અલગ રાખતાં. જ્યાં આ પર્વતો પુરા થતા ત્યાંથી તે હાલ ટેન્માર્ક છે ત્યાંસુધી એક અનંત કુંજનો વિસ્તાર હતો: તેની દક્ષિણે બાલકશ સરોવરથી કાળા સમુદ્ર સુધી એક દુસ્તર સમુદ્ર આવી રહ્યો હતો: અને ઉત્તર આફ્રીકા અને અરબસ્તાનની મેમોટીક વસ્તીથી શરુ થતા અને દક્ષિણ હીંદથી આસ્ટ્રેલીઆ સુધી પહોંચતા દ્રવિડ મહાખંડની વસ્તી જોડે કોઇ પણ પ્રકારનો સંબંધ અશક્ય હતો.

આ ભૌગોલિક ને આર્થિક કારણથી ત્યાં વસતા જનસમૂહને વ્યક્તિત્વ ઘણી જ સહેલાઇથી પ્રાપ્ત થયું લાગે છે. અને વ્યક્તિત્વની છાપ એવી ઉંડી અને પાકા રંગની પડી કે યુગોની પરંપરા વહી ગઇ છતાં, બીજા જનસમૂહો જોડે અનેક સૈકાનાં મિશ્રણ છતાં આર્યોનું વ્યક્તિત્વ નીરાળું ને સર્વોપરિ ત્યાં જોઇએ ત્યાં દેખાય છે. આ પ્રદેશ ફલદ્રૂપ તેમજ વિશાલ હતો: અને જંગલ, પર્વતો ને ખીણોથી ભરપૂર હતો. ક્યાંય પાસે સમુદ્ર હોય એમ લાગતું નથી.

૨

આ સુંદર ને સુરક્ષિત પ્રદેશમાં વસતાં સ્ત્રીપુરુષો ઉંચાં ને સશક્ત હતાં; સુગઠિત, સ્વેત ને સુકેશી હતાં. તેમનાં અણીઆળાં નાકમાં છટા હતી: તેમની આંખોમાં કાળી ને ભુરી ભભક ઓપતી; મરદોમાં શક્તિ ને તેજસ્વિતા હતી; સ્ત્રીઓમાં સૌંદર્ય ને છટા હતાં. આ ગાયોના ગ્રીક વંશજોએ હજારો વર્ષો પછી પથ્થરમાંથી સરજાવેલી મનુષ્યની શરીરરેખામાં આ અપૂર્વતા હજુ નજરે ચઢે છે.

તેઓ ગુફામાં, ઝાડની પાનની ઝુંપડીમાં ને બારણાંવાળા લાકડાંનાં નાનાં ઘરોમાં રહેતા. ઘણાખરા ખુલ્લામાં જ રહેતા. ગાયો, ઘેટાં ને કુતરાંનાં ટોળાં તેઓ પાળતા અને જંગલી ઘોડાં ગધેડાંને કાબમાં લેતાં શીખ્યા હતા. જ્યાં જ્યાં એમનાં ઢોરોને ચારો મળતો ત્યાં ત્યાં કુટુંબકબીલા સાથે તે વિચરતા.

એક ભૃગુ નામના આર્યે અગ્નિ ઉપજાવ્યો ને તેના સંરક્ષણ અર્થે રહેલા પુરુષો અથર્વણ નામથી ઓળખાયા.

આ આર્યોનું જીવન સાદું ને સરલ હતું. તે ઢોરનું માંસ અને વધુ ભાગે ફલ, કંદ અને દૂધ આવામાં લેતા. ખેતીથી તે તદ્દન અજાણ હતા. તે ઘણે ભાગે નગ્ન ફરતા, પણ ગ્રહસ્થાન ઉનનાં કપડાં કે જનવરનાં ચામડાં પહેરતા.

અગ્નિને પ્રતાપે એ સોનું, ચાંદી, તાંબુ ને ધાતુઓનો ઉપયોગ કરતા: અને યુદ્ધમાં કવચ, મનુષ્ય ને બાણ, ભાલા ને ઢાલ વાપરતા.

ટોળીઓમાં એવી તે નદી ઓળંગતા: અને ઝાડના થડમાંથી સળંગ કોરી કાઢેલી

ભાષાની બીજવણી એ એમના અદ્‌ભુત માનસિક વિકાસનું પહેલું પરિણામ હતું.

બોલવું એ આજે એટલું તો સરલ લાગે છે કે બીજાથી જ પોતાના ભાવ દર્શાવતાં માનવ પ્રાણીને શબ્દોમાં મનોદશા વ્યક્ત કરતાં કેટલી મહેનત પડી હશે, કેટલા યુગો નિષ્ફળ પ્રયત્નોમાં ગાળવા પડ્યા હશે તેના ખ્યાલ આણવો એ મુશ્કેલીનું કામ છે.

ભાવ અને વિષય દર્શાવવાની રીત; તે ને તે ભાવ અને વિષય માટે એક જ પ્રકારની રીત; આવી રીતોનો એક જ ભાવ કે વિષય જોડેનો સમબંધ; શબ્દનું ઉચ્ચારણ ને સ્પષ્ટીકરણ; શબ્દરચના મારફત બુદ્ધિનો આવિર્ભાવ; અને શબ્દરચનાનું બંધારણ અને વ્યાકરણના નિયમોની શરૂઆત—આ દરેક ભૂમિકા વચ્ચેના અંતરનું માપ યુગોની ગણતરીથી જ કાઢી શકાય એમ છે.

જ્યાં જ્યારે સેમીટીક અને દ્રવિડ જનસમૂહ માત્ર બીજોથી મનોદશા દેખાડવાની પ્રાથમિક સ્થિતિમાં હતો ત્યારે આર્યાવર્ત્તમાં આર્યોએ પરજ્ઞા અને ઉષાની પ્રશસ્તિ કરતા પ્રતાપી ભાષા અને સાહિત્યનો પાયો નાખ્યો. તેમણે એ જે પાયો નાખ્યો તે એવો મંગીન હતો કે હજારો વર્ષો પછી પણ, જ્યાં જ્યાં આર્ય ગયો ત્યાં ત્યાં—જુદી દુનીઆમાં, અલપઝલકારી જનસમૂહોના સંસર્ગમાં, સદીઓની પરાધીનતામાં પણ તે આ ભાષાની રચના અને સમૃદ્ધિ બજાવી શકયો. જ્યાં પણ આર્ય ગયો ત્યાં આ વાઙ્મયતાને સાથે લઈ ગયો, પોતે તે બોલતો ગયો ને બીજાને રસ લગાડતો ગયો. એણે જનવરને જંગલી, જંગલીને સુધરેલા, સુધરેલાને શિષ્ટ વચ્ચેનો ભેદ વાઙ્મયતા પરજ રચ્યો. એને પ્રતાપે શબ્દબ્રહ્મની પૂજા એ સર્વશ્રેષ્ઠ ધર્મ થઈ રહ્યો; એ પૂજાથી જ સમાજ, રાજ્યતંત્ર, જ્ઞાન આજે શક્ય થયાં છે. દરેક દેશમાં, દરેક યુગમાં આર્યોની વાઙ્મયતાના પરિપાકરૂપ—વિશ્વામિત્રો, પાણિનિઓ, કાલિદાસો, હોમરો, સોફોકલીસો, શેકસપીઅરો અને ગીટીજોએ દુનીઆમાં એ 'શબ્દબ્રહ્મ' ની સિદ્ધિ કરી આર્યાવર્ત્તનું અપૂર્વ વાતાવરણ અમર કર્યું.

૪

આર્યોએ આ સમયમાં સામાજિક સિદ્ધાંતો પણ બીજવ્યા હોય એમ લાગે છે. એમનો મુખ્ય તો એ હતો કે બાહ્યાભ્યંતર તમામ વ્યવહારમાં લોહીસંબંધે સાથે વળગી રહેલાં બાળક-સ્ત્રીપુરુષના દરેક ટોળામાં નાયક અને કેંદ્ર અને એકકો કર્તાહર્તા તે ટોળાનો વડીલ પુરુષ, તે કુટુંબનો કુલપિતા.

સંસારની ઘટના પિતૃમૂલક છે એ આર્યસંસ્કૃતિએ ઘણી જ સ્વાભાવિક માન્યતા બનાવી દીધી છે, પણ સેમીટીક ને દ્રવિડ જનસમૂહોનો સંસાર માતૃમૂલક હતો. આજે એવા સંસારે આફ્રીકાની અને હીંદમાં મદ્રાસ બાજુની કેટલીક જાતોમાં હજુ જોવામાં આવે છે. જનેતાનો સંબંધ તેજ સમપક્ષનો આધાર ગણાય છે. માતા કુટુંબની કર્તા હોય છે અને મામો પાસેમાં પાસેનો પુરુષ સંબંધી મનાય છે. જનવરની દૃષ્ટિએ તો આજ બંધારણ સ્વાભાવિક છે; અને પાશવ સ્થિતિમાંથી નીકળવાનો પ્રયાસ કરતા જનસમૂહને પિતૃમૂલક રચનાનો કૃત્રિમ બ્યાલ આકરો લાગેજ.

પણ આર્યાવર્ત્તમાં દ્વિભકાલની પૂર્વે આ બ્યાલ આપણા આર્યસમૂહના મનમાં મજબુત બેઠો હતો. તેઓએ પિતા, માતા, પુત્ર અને દુહિતાનાં સગપણ સ્વીકાર્યા હતાં; અને સમાજબલનું કેંદ્રસ્થાન પિતાનેજ આપ્યું હતું.

તે વખતે આ મંત્રોથી અનેક વિચારો ભાવનાઓ સરજાઈ અને સરયાઓ ઉભરી હતી અને ત્યારપછી જ્યાં જ્યાં આર્ય ગયા ત્યાં ત્યાં એમને આદિકાલ સમાજની રચના તેમણે કરી

પિતાને કુટુંબમાં આવવાથી એક પિતાના સંતાનોમાં એકનું ભાન વધ્યું અને જાતિ જીવન (tribal life) ની શરૂઆત થઈ જાતિ—એટલે એક પિતાના મનાતા પુત્રોના સમૂહમાં વ્યક્તિત્વ અને અગ્નિના આવ્યા બાદ ઘરમાં રક્ષક પુરુષ બનવાની સમજણ આવવાના અધિકારના સ્થાને બીજું નામ પિતાનું સ્થાન અમર રાખવાને હેતુથી ઘરમાંને પિતા સમ સાથી રાખવાની જરૂર જણાઈ અને કુટુંબની સંસ્થા ને પરિવારમય સંસ્કારના પાયા નખાવા લાગ્યા આ દાંપત્યજીવન કુટુંબની શરૂઆત એવી ત્રણ બાબતોથી બની હતી

આ મંત્રોના વિશ્વાસ આપવાના આર્યોના પિતૃઓ પણ બન્યા હશે બને ત્યારે જ અને પૂર્વજોની પૂજા શરૂ પૂજવા માંડી આવી અનુકૂળ સુખી કુટુંબનું સ્વપ્ન બુદ્ધિવાદિત એવા જ આજ પણ આપણી કેટલાકના—જે ગયેલી પુરુષ અને ત્યાં પૂર્વે કુટુંબ પોતાના પરિવાર આવી આ કુટુંબનુંની સંતાન અને આપેલા આવન સ્પષ્ટ કે કરનારો પૂજવાજોગ ત્યાંગિરિક કે સ્વાર્પણરિક અગ્નિના પ્રગટાવવા પહેલું અગ્નિદાનિક બન્યું છે અગ્નિમંત્રોના વિશ્વાસપોષક જાતિ રાષ્ટ્ર એવા અને પ્રમુખ પ્રપંચમાં પોષક કે

આર્યવંશના બધા રહેઠાણ વિસ્તારોમાં અગ્નિ ઉત્પત્તિ તરીકેની આરંભકારિક અગ્નિમંત્રોના કે બીજા રૂપમાં હોવા જોઈએ તેઓએ પોતાની જાતને આર્ય માનવાની અને પોતાના શક્તિસ્રોત અગ્નિમાં મર્યાદારૂપની રક્ષા કરી હોય એમ સ્પષ્ટ લાગે છે

૫

ગ્રામક અને જ્યારે નાગરિક અગ્નિકેન્દ્રિત માજમાં વહુમનું સ્થાન મોટું હોય છે અને આ વહુમનું રૂપ ; શ્રદ્ધાથી ઘરનાના માનવો પણ માથે માથે પડે છે

આનું આવું એક સત્ય અપરંપાર કુદરત જે અગ્નિ તેમની અગ્નિના આધાર હતો તે તેમના પુરુષ કુળો પર આધારિત હતા અગ્નિ અગ્નિના ચાલતી હતી તમામ અગ્નિમાં મહત્ત્વપૂર્ણ હતા અને તને ચલાવવું સ્વપ્ન જાણતા તમની પેઢીની કરમાઈ પતવી લાગે છે કે પહેલેથી નવું જરૂર ! આ ત્રણેના પરથી તેમાનું આરંભે હતા તમનું સ્થાન અર્થવર્ણમાં ઘણું મોટું કુટુંબ ના અગ્નિ જાણવી શરૂઆત થઈ હતી કે ક્રમ મંત્રોમાં થઈ શકતું નથી

આર્યવંશના આપણી કે ભાષાના વિશાલ જાતના બોલ્ડ ઉત્પન્ન થતી આ તેના બનાવતની નજરિયાના તમારવ્યો મોહિનીરી તમના આર્યવિકસિત અનંતરમ અંકલાઝાના આ કિરણો પડવા માંડ આકાશ નવા પછી હોવાથી વસેલું અને ચંદ્રનું હોવાથી છે ને નામે ઓળખાતું

અને આ ક્રમે જ આર્યવંશના આ તેના વંશજોએ આવા આ સરકારમય જીવનની શરૂઆત કરેલ અનેક સર્જાઓ જાણી



મોહનમાયા

(હાસ્યરસપ્રધાન ત્રિઅંકી નાટક)



લેખક:

પ્રોફેસર ખુશાલ તલકશી શાહ

બી. એ. બી. એસ. સી. બારીસ્ટર-એટ-લો,

સભ્ય, સાહિત્યસંગ્રહ.

ચિત્રકાર:

રા. શિવરાવ સળેકર,

એ. એમ.

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અંબાલાલ શેઠ...	...	અમદાવાદમાં રહેતા મુંબાઇના એક ગાંધીધીરજીમાં ગરકાવ થયલા વિધુર ધનાઢ્ય.
નરોત્તમદાસ	... ...	અંબાલાલ શેઠનો જમાઈ, મધુરીનો વર.
સારાભાઇ ...	... ...	અંબાલાલ શેઠનો તદ્દન યુરોપીઅન થઈ ગએલો પુત્ર.
મોહનદાસ	... ...	નરોત્તમદાસનો બાલમિત્ર.
જીવરાજ ...	... ...	અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ, નરોત્તમનો સહાધ્યાયી.
સરદાર હીરાસિંહ	...	પંજાબનો એક અગ્રેસર તાલુકદાર.

ઈશ્વર નાનાલાલ કવિ, રવીંદ્રનાથ ટાગોર, સી. એફ. એન્ડ્રુઝ, મોહનદાસ ગાંધી, અનુપરાય બોમીઓ.

સ્ત્રીવર્ગ

માયાવતી...	... ...	અંબાલાલશેઠની બહેન–કવિકલ્પિત ભામિની.
મધુરી	... ...	અંબાલાલશેઠની મોટી દીકરી, નરોત્તમની પત્ની.
પુષ્પા	... ...	તેની નાની બહેન.

નોકર, ચાકર ઇત્યાદિ.

આગલા પ્રવેશોનો ટુંક સાર

સાબરમતી રોડ અમદાવાદના બંગલામાં અનુભાભીઓ પ્રેસીડેન્ટ ગાંધીજી ટાગોર અને કવિ નાનાલાલની મૂર્તિઓ સુબંધે વિષય ચલાવી રહ્યો છે નેટવામાં જેનો પુત્ર મારામારી જ પરીક્ષામાં મેટ્રીમાં મનહર તરીકે ક્રમ કે છે તે આવી પહોંચે છે અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વનો કરી પોતાના તરફ કેવી ભક્તિ છે તે બતાવવા પ્રયાસ કરે છે, અને મધુરી અને નરોત્તમના જીવનચરિત્રની વાતચીત કરી પછી પોતાની બહેનના બંગલા ફુગ્રી, ગુપ્ત રહેવા ત્યાંથી ચાલ્યા જાય છે અમદાવાદ પુષ્પા માથે પ્રેમદેવના પોતાના તરફના સારા નરસા વિચારો માટે વાતચિત કરે છે ત્યા પ્રેક્ષકોથી કહાનીની માયાવની ખીલ્યાવની આવે છે વચમા પ્રવેશ આવતા પુષ્પા અમરાઈન ચાલી જાય છે અને પાછળથી નરોત્તમ પણ ઉપરોક્ત આવે છે અને માયાવની અને નરોત્તમ બંને અમદાવાદ સાથે પ્રવેશથી થતા પ્રેમદેવના કહાની બાબત રમઝટ કર્યા કરે છે છતા અમદાવાદ પોતાની કિંમતના ડાળ છોડતો નથી અટવામા ઇશ્વરલાલ પ્રેસ આવે છે ઇશ્વરલાલની જીવનકથા નરોત્તમ અમદાવાદ તથા માયાવતીની પ્રજાને ઓળખ પ્રેમ કરવા કહે છે અને ઇશ્વરલાલ સહિત ચાલ્યો જાય છે અટવામા ગાંધીજી તથા રવિબાબુના વિરોધી ફીરાસ્તક આવતા તેમની વચ્ચે કેટલોક વાદવિવાદ થતા અંતે તે બીજાઓ ચાલ્યો જાય છે પુષ્પા ન મધુરી હાજર વિના કરતા હોય છે ત્યા નરોત્તમ આવે છે પુષ્પા જાય છે અને નરોત્તમ મધુરીને પરસ્પરની પ્રમાણમાંથી કહ્યા કરવા પ્રયત્નો હોય છે પણ વિચારની વિરુદ્ધતા પડતા મધુરી નરોત્તમને તિરસ્કારી પુષ્પા સાથે કરવા ચાલી જાય છે એટલામા નરોત્તમનો મિત્ર નાટક વિદેશની યાત્રા કરતો આવે તેને મળે છે અને વર્તમાનમા નરોત્તમ તેને પોતાના જીવનની વાત કહેવા માંડે છે

(હવે આગળ વાંચો)

નરોત્તમ

[જગા બીજવાઇને] હા, હા તને કહું ને? આ ઓરમા ખૂન છે મારા સસરાને ભરાયું છે, એની બહેનને આવે છે, મારી ઉંમરને ચગાવે?

મોહન

ઓરેખર?

નરોત્તમ

મારા સસરાને ગાંધીજીનું ભૂત નડે છે મોહનાને નાનાલાલનુ પ્રેત વળે છે મારી ઉંમરને ટાગોરનો વાસા આવે છે—એના પાછળ પ્રેમદેવી બની છે

મોહન

પ્રેમદેવી? એને એ ઓળખે છે કે? તો ટાગોરને બહુ પ્રેમ વા પર અમેરીકામા ભણ્યો હતો અને ત્યારે એ ઓરેખર અનિજ વાળીએ અમેરીકન છોકરીઓ એના પાછળ ઘેલી બની હતી

નરોત્તમ

પણ મારી મધુરીએ એને નજરે ચડાવ્યા નથી છાપામા છબી જોઇ હોય તો પણ ભાગ્ય!

મોહન

તો પછી?

નરોત્તમ

પણ એ જે કે લખી ચુકી છે તે બધુ વાંચી ચુકી છે—ન દેખ નવલકથા કા પ નિત્ય સમે તે લખે બધુ એ સા વાંચી અભ્યાસ કરે છે આમળ તે એની કૃતિ પ્રેમી થતી હવે તેના પોતા પર કુરબાન થઇ છે દિવસ આખો એનો વિચાર કરે છે, અને રાત આખી એના સ્વપ્ના જુએ છે પરંતુ

ટાગોરે તેની બુદ્ધિ છીની, હવે તેનું મન હરવું લાગે છે. મધુએ કહીએ જોયો નથી, છતાં તેને દેવાંશી, ગદ્ગદભાવી, પરમજ્યોતિરૂપ પરમાત્મા તુલ્ય માને છે. એની પાસે મારી શી ગણતરી? પહેલાં મધુએ મારી અવગણના કરી, હવે મને તુચ્છકારે છે. હું તો નથી ધારતો કે હવે એ મારો ખ્યાલ પણ કરતી હોય, અને કરતી હશે તો મારી વિરુદ્ધ તોહ લાવવા મુકાબલો કરીને.

મોહન

[ગંભીર બની] રજનું ગજ નથી કરતો તું?

નરોત્તમ

તને એમ લાગે છે?

મોહન

મને તો તારી વાત પરથી એમજ લાગે છે કે તારી પત્નીને ક્ષણિક મોહ લાગ્યો છે, તે આપ મેળેજ નષ્ટ થશે. એક જાતની છોકરવાદી, બીજું શું?

નરોત્તમ

તું પણ મારા સસરાની માફક મને બાળવા લાગ્યો.

મોહન

[હસે છે] અજાણ્યે પણ મહાપુરુષોના બોધજ વિચાર હોય છે તેનો પુરાવો સમજ: मतां हि संदेहपदेषु वस्तुष्वंतःकरणमेव प्रमाणम्!

નરોત્તમ

મને તો મથુરીમાં નાદાનીમાત્ર–છોકરવાદી–રજ માત્ર પણ દેખાતી નથી. મારી સ્ત્રીને હું ચાહું છું તેટલું કોઇ સ્ત્રીને ચાહતો હશે, અને છતાં તેની જોડે સર્વદા ત્રાહિત તરીકે રહેવું? આપણાં વચ્ચે સાકળની એકેએક કડી તુટેલી લાગે, આપણા હૃદયના તાર તુટેલા લાગે. આપણને વિચારમાં, આશામાં, ઉમેદમાં, આદર્શ-માં કે પણ સામાન્ય ન હોય; ભાષા ભિન્ન, બુદ્ધિ-ભિન્ન, ઉદ્દેશ ભિન્ન ત્યાં સુખ કેમ સાંપડે? અને છતાં તું તો તેને માત્ર છોકરવાદી કહે છે! અફસોસ! મને તો એ ફાનીલ છરીના ઘોલે હૃદયવ્રણ સમ સાલે છે.

મોહન

મેં ધાર્યું તે કરતાં વધારે ગંભીર બાબત જણાય છે, અને હવે મને તારા પ્રતિ દીલસોજી થાય છે. પણ આમ નબળો થઇ જા મા! દુનીઆમાં કે પણ અશક્ય જેવી ચીજ નથી. ટાગોર કે એની સોડમાં નથી અને... ...

નરોત્તમ

હોય તો તો બન્ને દરજ્જે સહેલું! હું નથી ધારતો કે ટાગોર પોતે આવી ઘેલછાને ઉત્તેજન આપે. [મોહન હસે છે] તું હસ, હસે, પણ હું તો એને પરસ્ત્રીહૃદયનો ચોર નથી માનતો.

મોહન

આજકાલની આ જાતની લોકપ્રસિદ્ધિ એવા દરેક મહાપુરુષને વહાલી છે. એ જાતની ઘેલછાને ઉત્તેજે–જાણ્યે કે અજાણ્યે–તેથીજ તેઓ પુજ્યપ્રથ છે. અને ટાગોરને મેં અમેરીકામાં જોયો છે, ઇંગ્લંડમાં જોયો છે, ફ્રાન્સમાં જોયો છે, એને તો આવી ભક્તિ બીલકુલ અપ્રિય નથી.

નરોત્તમ

અસ્તુ. તો પછી એ બેદીં દાજ્યે હોય તો મારાથી એની જોડે વાસ્તવિક મુકાબલો કરી શકાય. જો હું હારું તો પણ આ અકળા-મણનો તો અંત આવે! પણ આ તો ખાલી પ્રેત સાથે લડવાનું, માયાવી મૂર્તિને ઉખેડવી–કેમ અને? છુટાછેડા નહીં થાય, પણ નાશી તો જવાશે.

મોહન

અ તો મોટી મુશ્કેલ કરેલાય નગી કોણ બનાય ? તને હું કહું છું કે તારી સ્ત્રીને ક્ષણક મોહ લાગેલો છે એ બહુ વાર નહીં ચને અમેરીકામ મ એક એવી ચી ગ્લેહ હતી ત।



નરોત્તમ

આ વસ્તુ હવે શું કહે છે ?

નરોત્તમ

મને કે આવડતું નથી

મોહન

કા ણ તું તારી સ્ત્રીનું ક ચમણ શકતો નથી આ પાડી નથી મ ત્ર ક ઈ એન પડેલા ઉંચ્ચ ત્પના મોહ હતા ત્યારે તેન બક્ષ જગત તમામ હોંકારમય લાગત પડીક મનના ત્રણવારા ધા નવ ત્રક મનન ક મનન પાલ્લન લાગત ર તમા મનન પાશ કમા પણ ક મનન રીતરીવાજમા પણ ધમનન પત્ની આ અર ના નાની લગની લ ી ત ક ર આ ર। મન મમ ગાની વૃત્ત અ મ ગ્રપત સુખ દવા તમની પન્ય નોખા ના। ના પમુખ આવી ર યા હતો હ ત્યારે ૫ છોકરીને મબળવા મેળાવા આ કુનાની માવા જાગી હતી અને ત્યા ર પ મનન આ—વા ત્ર। ક પગ કરતા હતા ત્ર પણ મેનજર મનજર [ન નમ માયુ ધુલાવ ઈ] અ ર ગોર ી—ના કાન નાકવાળાની પમ દહાડે મન ી તે પૈન દહાડે મુશ્કીલની એ સ ક ી ના દે પણ કમચ ર ક ઉપર અને આપણને પણ ત। અ ર ના આવજ્ઞા ાપ એને એ ત ન મુપરી નથી જ્યેન અપા ડે આવશે.

નરોત્તમ

અશક્ય. મેં પથ્થર એટલા દેવ કર્યા છે—એનું આ ભૂત ટાળવા માટે.

મોહન

તારી ચિકિત્સા ખોટી હોય તો પછી ઉપચાર પણ કેમ ઉંધા ન હોય?

નરોત્તમ

એમ કે? ભગવાન્ કરે ને તું મારે સ્થળે હોય તો બચ્યા પડે.

મોહન

ઓ; સાંભળ બચ્યાજે તને લાગ મળે તો ટાગોરને હાર મારવા પણ તું તૈયાર છે, નહીં વારું?

નરોત્તમ

બેશક.

મોહન

પણ એ તો અશક્ય.

નરોત્તમ

તો પછી?

મોહન

તો પછી એના સ્થૂલ દેહને મુકી સૂક્ષ્મ દેહને મહાત કર.

નરોત્તમ

સૂક્ષ્મ દેહ!

મોહન

હા—કે જેની મૂર્તિ ઘડી તારી પત્નીએ હૃદય મંદિરમાં જડી દીધી છે. એ મૂર્તિ ભાગી નાંખ—એનો પાયો ઉખેડી નાંખ.

નરોત્તમ

પણ તે કેમ થાય?

મોહન

બીસીમ નરોત્તમની ખાતરી કરી દે કે એનો આનેસો મહાપુરુષ વાસ્તવિક તો બીજા સામાન્ય મનુષ્યજંતુમાંનો એક છે—બલ્કે સામાન્યથી પણ વધારે ક્ષુદ્ર, ક્ષુલ્લક છે. બીજા તો બીચારા દુનીઆને સારીનરસી જેવી યથાશક્તિ તેમાં કલ્પાંત કર્યા વિના ગોટવાઇ જઇ ચુપચુપ જીવનયાત્રા કર્યા જાય છે; પણ વિધાતાએ આને અહીં તમ મોટો કર્યો એટલે જરાક એને દુઃખ થાય, લેશ પણ એને કલેશ થાય તો દુનિઆ આખી એના વિલાપથી ભડકા ઉઠે. પ્રીન્સ ઑફ વેલ્સ ઘોડેથી પડી ડાંખલી ભાગે તેમાં રૉઇટર જગેજગ તાર મોકલાવે, તેમ ટાગોરની આંગળી દુખે તો આખી દુનિઆ મુગ્ધાઓ પ્રલયકાળ આવ્યો સમજતી હશે. જેને જન્મથીજ સૂખસામગ્રીમાં મણા નથી રહી; જીવનમાર્ગમાં પદેપદ પુષ્પવૃષ્ટિ થઇ છે; તેને લોહીની—ખાસ કરીને શુદ્ર, બાયલા વર્ગની—દીલસોજી બહુજ ટેવ પડી જાય છે. મને ચોક્કસ ખબર નથી કે ટાગોરમાં આ દુર્ગુણ દાખલ થયો છે કે નહીં. પણ તું તારી સ્ત્રીની ખાત્રી કરી દે એટલે એની આત્મસ્થિતિ પૂરી નષ્ટ થાય.

નરોત્તમ

એ સૌ કહેવું સહેલું—કરવું અશક્ય છે.

મોહન

અશક્ય કેમ?

નરોત્તમ

મધુ એનું વાંકું એક વચન પણ નહીં માને

મોહન

ન માને શું? હું મનાવી દઉં.

નરોત્તમ

તું મનાવે?

મોહન

હા—અને તે પણ એક દિવસમાં. મેં ટાગોરને જોયો છે. હું એના સમાગમમાં આવ્યો છું. એનાં લખાણનાં વખાણ કરીશ, પણ એનું મનુષ્યત્વ—એટલે કે પામરત્વ—પણ સાથે સિદ્ધ કરી દઇશ...

નરોત્તમ

રાજારાજ!

મોહન

એનો હીરો તો અને ગાયનાનો કરશે એમ તમે બતાવી દીધું તારી વહુ પાસે કોણ બબન મારું નામ દીધું છે કે?

નરોત્તમ

અનેક વાર અહીં સૌ તને નામથી તો મારા સરોત્તમ મિત્ર તરીકે ઓળખતાં થઈ ગયાં છે (ફરવાજે મોટે ટકોરું સંભળાય છે) કોણ છે? (દરવાજા પાસ જાય છે પાછો કોઈનો પત્રવ્યવહારપત્રો તથા કાગળો આવે ન લઈ આવે) એ તારે આવું કંઈ પણ ધનોજ જણાવવ હોય તો જલદી કર એક બે દહાડામાં ગણેશ પોતે અહીં આવનાર છે

મોહન

પહેલા કાગળ વાંચી ને પછી આપણે ગોવિંદગુરુ બની અભિમન્યુને ભણવવાના કોર્સ રચીએ

નરોત્તમ

કાગળ તો માત્ર એકજ છે [કાગળ જોને છે એક દમ ગંભીરતો છે] આ શું? [ત્યાં એક નામાંકિત કાર્ડ દીકરો છે] આ પણ કોનું? વાંચે છે

" જાદવ,

[કવર પર સરનામું લખ્યું છે) તમ આવ્યા તેથી કંઈક આશ્વાસન છે પણ તમને આ રાજા ઉપરોધનો થશે તે સમજતું નથી

શ્રી

રણછોડનાથ કાકુર

ના અભિવંદન

[વળી ગુપ્તમંત્ર] આ તેનું? કવે શું કહે છે?

મોહન

પહેલા તો એમ કે તારી આંખ કાંઈ મગજ ના જોઈએ. [ને ફોટોગ્રાફ જુએ છે] છે તો ખરેખર મોહક માણસ! ભારતવર્ષના કવિગજ મનુષ્યકોટિમાં પણ કમી નથી [ફોટા પર ફોટોગ્રાફ કે કંઈ છે, તે એનો પોતાનો પહેલો છે તે માથે જટા પડે છે]

નરોત્તમ

એને નહીં મળે તો કોને મળશે

મોહન

[ગાયનું હમણાં જ ખાવ આવ્યો હોય તેમ તે ભરે, દે]

નરોત્તમ

એના કરતાં તો આપી દેવો—અને જોયાં તે બધી તમ બારે હું જતાવ આપીશ અને પછી લેવું કે પછી એ [મોમાંથી એક ફોટોગ્રાફ ધૂનમાંને ધૂનમાં ઉપાડ છે અને કરવામાં મારે છે]

મોહન

એ નહીં, એ નહીં એ તો મારો (હસે છે) તારી આ મનોજ્ઞ કલાકે ગણેશ પા! બનશે [વકીલ મુકે નથી કરતો કાવ્યું તેજ ક્ષણે તને એક નવા વિચાર સુઝે છે તેજ ક્ષણે તેજ વિચાર નરોત્તમને પણ થાય છે અને અકબરના વિચાર આ બંનેના પત્રકારમાં વંચી લે છે દયમણી માટું કમુદ કરે છે] એ કેમ?

નરોત્તમ

હા એજ યુક્તિ બનાવ

મોહન

દવે કે દવે નહીં? [પુનઃ દસ્તખત કરે છે] દેવી ગેરસમજ [ગણેશનો ફોટોગ્રાફ ઉઠાવી તાનાની કેમેરામાં નાખે છે] એને હું પાછી આપીશ-મીસીસ નરોત્તમને મારી ઓળખાણ પડશે પછી

[આ ફ્રેંચ નાટકનો વિરામ આજ આવતા અંકમાં]



રમાણી
મેરી લુઇ

સમ્રાટ્
નેપોલીયન

નેપોલીયનના પ્રેમપત્રો

ભાષાંતર કર્તા:
રા. દયાશંકર મ. ભટ્ટ

નેપોલીયન બોનાપાર્ટ કોર્સિકામાં જન્મ્યો. ભાગ્ય સાથે અને ભાગ્ય માટે બોનાપાર્ટોનો એ અવતાર છે. ૧૭૬૯ માં કોર્સિકાના એક નવીસની સૌથી પેટે તે જન્મ્યો હતો અને બાળપણના બોલાતી બહુભુત બહિની ઝાપ લાંબુ લશ્કર પર નેપલ્સ વિક્ષણમાંથી પલાર થતા કોર્સ પર પાછી હતી.

જ્યારે તે જન્મ્યો ત્યારની પહેલી ભાવપૂર્ણ હતો ત્યારે બાળકોને બોનાપાર્ટોની વિષયા કેવળ દુઃખની દેહે તે પ્રેમમાં પડેલા વેલસ્લાઈન તે નપોલે ફ્રાંસમાં અઢારમી વર્ષમાં આવેલાન પામ્યો હતો. નેપોલીયનના બહુભુત બહિનો તેને ભરાઈ હતી. ૧૭૯૬ માં ફ્રાન્સ ને દિવસે નેપોલીયન અને જોસેફાઈન પરણ્યાં. સામાન્ય લાગ દુનિયાના ઇતિહાસમાં અદ્વિતીય ગણાય એવા સમાટ બનવા જેટલા સમાટી થઈ. નેપોલીયને તેને બિરુદાવી અને ત્યારથી તે પોતાના જીવનના અંત સુધી નેપોલિયનની ભાગ્યદેવી બની રહી. નેપોલીયન જે સ્વભાવનો હતો અને સાત મુસાફીપણાની સાથે પ્રબળ બાંધવની ઉત્તેજિકા બહુપત્નીની રાણી તેના પરણ્યા પછીના પહેલા નીચે પ્રમાણે છે:

જોસેફાઈનને—મીલાનમાં.

છે તુ મન લગીરે લખતી નથી તુ મનતજ ખાનિ ચલાવીજ નથી તારા પત્રો મને ઠેકાણા વિના અને મુખદ્વ ૬ તનુ બળ્યા જ જાય એ આ અવણી ચકળ લીંટી મરખીએ નથી લખતી

બાદસાહેબ આજ દિવસ તમ તુ કરો છો? એક શ્રી અમલનુ કામ લઇ બેઠા છો ? નમાગ પ્રિયતમને પત્ર લખવા જોઇએ નવરાશ નથી મળતી ? અરે કોઇ પ્રેમ તમારા ગરીબ દીલના અનિયત મુકુમાર રનહના કોમલ પગ દુ પનલી મુલાકાત દે છે? એવા મળ નવા સનેહો થયે છે ? જ નથી પ્રા અને વિષમ રાત્રિ અને દિવસ મુચવી લ અને નવા પતિત પર મરોમ્ય લખવા નથી શેનો ? જોસેફાઇન જનજ ચેતજ આ મુદ્દે ગયે કમાલ તારી કલા દશ તને મન્મથ ઉિલો રહીશ

બદાદી બીજી વાત ત મ છે તા। સમ ચરના બાબાને કુ વિતનુ કુ મહેર માની કરીને ક્ષામા આપ પ્રા। બર્ગ। પત્ર લખજે ન આગ હૃદયના આનદ અને ભાવોથી ભરી નાખતાની પહી બધી મધુર વસ્તુએ ભજે

હવે તા હુ થોડાજ સમયમા તને મરે હૃદય નથી આપવાને ખાધુ। વિદુષકની નીચે હોય તેવી વિનાકના ચુબનાની પરપરથી મુગળાવવાન શક્તિમાન થઇશ

બોનાપાર્ટ

જોસેફાઇનને—મુનાઓ

મીલાન ૨૭ મી નવેમ્બર ૧૭

બધુ બધુ ત્રણ વાગે

મીલન આવ્યા તને બહુવની ઘમગમ આજ આવતુ જોયા વિના દોડતા ચુમ્મા તા। જોઇએ તુ ત્યા નહતી ઉિમ્બરોમા ભાગ લવા તુ ચાલ્યે ગઇ હતી ક્યારે તુ દોડતી દૂરે છે હવે તને તગ વદાના તે। વીલનની તીરે ઇકાર નથી ત તના તરફ મોકલે। તા આવ તગ મગજના અક્કેક ભેદના આરથ તા। તને મે મદમાટ બનાવે છે જય નથી ઉેચવતા હુ દુ દુનીઆના દુ ખ અને ચિતાની દયા બધા દુ જ દુ ખનો બાગ થઉ છુ ત અમ બૂત છે આ વા અકમાથી અમ્યાના ારા દઇ દનો

ત્રણ નથ સુધી હુ અહી હોઇશ અહા બનવુ નહીં જોઇએ ? ૬ મુખ તરે આવે બગડવનુ ૬ સારી દુનિઆ તને ખુશ કરી અત્યત મુશ થઇ મત તા। પતિ બહુ—બહુ દુખી છે

બોનાપાર્ટ

૧૭૯૬ મા બ્રસ ઇનનદ્રિઆની અદેરબાજીયો નાવર્ઓન કબ્જીના સરદાર થયા અમ વિજયની બધુ બધી ભરમ ચ ચ તમ આ નબરની ચઢતી મુહથી કુમનના વિનાશ પરા—હટલી ૫૮ આલ્પીઆના પ્રદેશ બોનાપાર્ટ રાજ્યાસિ હાસનના ડાલાન્યા બબૂકા લીધુ ચીઆના પડયુ મીલાનમા દરબાર ભરી પોતાની મહત્તા નબરા સમ ન કમ કવર્ન કરી તનુ શક કરી

૧૭૯૭ મા અ પ્રદેશ મીસર પર કબજો ત ૨૭ ા ફ્રેચ લશ્કર મીસરમા આવ્યુ ે। અને અલેકઝાડરીઆ વગા કબ્જામા હુમલા અ કુનીઆના ઘનિષ્ઠ સબ ધમા આવ્યા પછી સ્વ મ છ

૧૭૯૮ મા તે પોતા ફ્રાસ આવ્યા અને ત્યા પોતાના વિજયથી બરદા ની મદદથી રાજ્ય હથલાવી નાખ્યુ અને તે નવસનાક રાજ્યતત્રા। સર સત્તાધિકારી બ્યા હે સત્ર થ ન ય. ફ્રાસન સત્ર સત્તાધિકારીના હરણ-ની બીજના ક તપાસમાટ ૬૮

છે. એ એક ભવ્ય દરબારમાં બોસકાઉનનું ગૌરવ, બુદ્ધિ, શાંતિ અને મતીત્વ અપૂર્વ શોભા આપે છે.

૧૮૦૦ માં નેપોલીયને આલ્પ્સ પર્વત ઓળંગવાનું અદ્‌ભુત પરાક્રમ કરી મેરેંગોના રણક્ષેત્ર પર ઓસ્ટ્રીઅન સત્તાનો ફરીથી વિનાશ કર્યો. મેરેંગોનું યુદ્ધ એ નેપોલીઅનના નામ સાથે હંમેશને માટે જડાઇ રહ્યું છે. એ રણક્ષેત્ર પરથી લખેલો તેનો એક પત્ર લઇએ:

(મેરેંગોના યુદ્ધ દરમીઆન, ૧૮૦૦)

લોસેન, ૧૩ મી મે ૧૮૦૦.

ગઇ કાલનો લોસેન આવ્યો છું; કાલે જઇશ. મારી તંદુરસ્તી બેદરકારી તેવી છે. આ પ્રદેશ અતિ દુર્ગમ્યમાંનો છે, માત્ર દશ પંદર દિવસમાંજ તું હવે મળવા આવે એમાં કંઇ પણ અંતરાય હું જોતો નથી. પણ તારે મેલનેએ જણાવ્યા વિના છુપી રીતે મુસાફરી કરવી પડશે, કારણ કે મારી લીલચાલ કોઇનેએ જણાવવા હું ઇચ્છતો નથી. પ્લેઝાન્સીરે ખરું છું એમ તું કહી શકે છે. ગઇ કાલે મુજે (પહેલા કોન્સલનો સ્વારી કામદાર) આવ્યો છે તેને મોકલીશ. હોર્ટેન્સને મારા હજારો સ્નેહદાદ હો! બુઓના આઠ દિવસમાં અહીં આવશે. તે નીકળી ચુકયો છે.

બોનાપાર્ટ.

આ જાન્યદેવીના લાડકાંએ ચારે તરફ પોતાની સત્તા ફેલાવવા માંડી. હાંસને અદ્‌ભુત શક્તિ આપી. તેને છઠ્ઠી મુખી પહેલો કોન્સલ નીમવામાં આવ્યો. ૨ જી ડીસેંબર ૧૮૦૪ને દિવસે તે ફ્રેંચ મલ્કનો સમ્રાટ બન્યો. તેણે પોતાને હાથે જોસફાઇનને માથે સમ્રાજ્ઞીનો મુગટ પહેરાવ્યો. પછી તોંય ઇટલી પ્રત્યે પોતાના સામ્રાજ્યમા ભેળવ્યું. ફરીથી ઓસ્ટ્રીઆનો પરાજય કાઢયો.

૧૮૦૫ માં તેનો લખેલો પત્ર નીચ પ્રમાણે છે:

મુનીચ મધ્યે, મહારાણીશ્રીને.

૧૯ મી ડીસેંબર ૧૮૦૫.

મહારાણીજી! સ્ટ્રેસબર્ગથી ગયા પછી તમારો એક પણ પત્ર નથી. બેડન, સ્ટગાર્ટ, મ્યુનીચ વગેરે સ્થળેથી એક શબ્દ સરખોએ લખ્યા વિના તમે પસાર થયાં તે તમારી મૃદુતાને શોભે એવું કે પ્રશંસાને પાત્ર નથી. હું હજી ખુન છું. રશીઅનો ગયા છે. થોડે વખત લડાઇ બંધ રાખી છે. શાં પગલાં લેવાં તે થોડા દિવસમાં નક્કી કરીશ. તમારી મહત્તાના શિખર પરથી તમારી બનતે તમારા સેવકને ખાતર જરાક મોકલવા કૃપાવંત થશો.

નેપોલીઅન.

મહારાણીને—મેંચેન્સમાં. (૧૮૦૬)

૬ ઠ્ઠી નવેંબર રાતના ૬—૦.

તમારો પત્ર મળ્યો. સ્ત્રીઓ પ્રત્યેની મારી દીલઓથા ચીંતાયાં હોય એમ તેમાં જણાય છે. હા. સ્ત્રીઓ દરેકમાં માયું મારે તે હું ધિક્કારું છું. હું કોમળ, મધુર અને મનમોહના સ્ત્રીઓના પરિચયમાં આવ્યો છું: અને તેમને માટે મને ભાવ છે. તેઓએ મને બગાડયો હોય તો મારો વાંક નથી, તમારો છે. ઉપરાંત તમને જણાવું કે લાગણીવાળી કોરણ મેડમ ટી ફ્રેઝરેઉક તરફ મેં બહુ દયા દાખવી છે. જ્યારે મેં તેને તેના પતિનો પત્ર દેખાડયો ત્યારે તેણે મુખડાં ખાતાં, બગાસાં ખાધાં, સરલ ભાવે કહ્યું: "હા, ઓહ—આ એમનાજ હસ્તાક્ષર!" જ્યારે તે વાંચતી ત્યારે તેનો સ્વરોચ્ચાર હૃદયમાં ભોંસરો ભોંકાતો: મને તેને સારું દુઃખ થતું. જે તેને કહ્યું: "ડીક, જુઓ આમ! આ પત્રને અગ્નિને સ્વાહા કરો: તમારા પતિને શિક્ષા કરવાને હવે હું સમર્થ નથી." તેણે પત્ર બાળી નાંખ્યો અને તે બહુ સખી જણાઇ. ત્યારથી તેનો પણી ખુબ સતેજી ભલે થોડા જણાય છે. બે કલાક પછી તો તે હતો ન હતો થઇ. એટલે તમે સમજી શકશો કે હું કોમળ, મધુર

અને સરસ સુંદરીઓને ચહાઉં છું; પણ માત્ર કારણ એકજ છે કે તેઓ તમને ભળતાં છે.

નેપોલીઅન.

માદારાજીને—પેરીસમાં.

હેતી! તમારા ૨૯ મી જાન્યુઆરીના પત્રથી મને દુઃખ થયું છે—બહુજ દીલગીરી-ભર્યો પત્ર છે. જુઓ, શેરૂં ઘણું પણ ગાર્મિક નથું એ ઉણપ છે. તમે કહેશો કે "હું મારકાના સુખે મારા કીર્તિના કોટ રચું છું" પણ તે આપણાં જીવનને શોભે તેવું નથી: તમે કહો કે "મારા પતિનાં સુખથી કીર્તિ સંપાદન કરું છું" પણ તેઓ માતૃપ્રેમ નથી: તમે કહો કે "મારાં આત્મસન્માનના આનંદમાં મને કીર્તિ મળે છે." પ્રજાઓની જેમ તારો પતિ, તારાં છોકરાંઓની પોતી ઘણી કીર્તિ વિના તો નહીં સુખી થાય, પણ તેનાં તું આટલાં બધાંમાં ન કુંદે તો ચાલે. જોસફાઇન! તારૂં હૃદય સર્વોત્કૃષ્ટ છે, પણ બુદ્ધિ નહ છે. તું અદ્‌ભુત રીતે લાગણીઓ અનુભવી શકે છે, પણ તેટલું સારૂં તારાથી વિચારાતું નથી. મમ, બહુ થયું: હવે તકરાર બંધ કરું છું. તારી સ્થિતિમાં તું સંતોષ માને અને પ્રફુલ્લિત બને અને બબડતે, રડતેરડતે નહીં, પણ અંતરના ઉલ્લાસથી અને મુખના ભાન સાથે આનંદિત થાય એ ઇચ્છું છું.

સલામ પ્રિયે!

મારી આગલી જાણીનું નિરીક્ષણ કરવા ગાઢે રાત્રે કિંમતું છું.

નેપોલીઅન.

જોસફાઇનને.

રીલમીટ, ૭ મી જુલાઇ ૧૮૦૭.

મારો મિત્ર પ્રુશીઆનો રાજા ગઇ કાલે મારી સાથે જમ્યો. તેમના મળીને વધારે ખુશ્કાટ અપાવવા આપણે વખત તે મને પ્રેરતાં તેથી મારે બહુ ચોકસ રહેવું પડ્યું: પણ મેં તેમનું સન્માને જાળવ્યું અને મારી રાજનીતિ પણ રાખી. તે બહુ મુશીલ દેખાય છે, કુંટાણમાં કહી શકાય તેમ નથી એટલે વિગતવાર આગળ ઉપર કહીશ. જ્યારે આ કાગળ તમે વાંચતાં હશો ત્યારે તો પ્રુશીઆ અને રશીઆની સંધિ થઇ ગઇ હશે, અને જેરોમને ત્રણ કરોડની પ્રજાવાળા વેસ્ટફાલીઆનો રાજા સ્વીકારવામાં આવ્યો હશે. આ સમાચાર માત્ર તમારે માટેજ છે.

સલામ, પ્રિયસખી! તમને ચાહું છું: તમે સંતોષ અને આનંદમાં છો એમ જાણવાની ઇચ્છા છે.

નેપોલીઅન.

પણ જોસફાઇનને નેપોલીઅનથી કેમ ઓછાં ચલાં નહીં. દુશ્મનો ચારે તરફથી ઉભરાતા હતા અને સામ્રાજ્યને સારા પાયા પર રચવા માટે નેપોલીઅનને વંશજની જરૂર હતી. નેપોલીઅન મોટા અને મહત્વાકાંક્ષાનો અવતાર હતો. સત્તાના શોખીન એવા તેના હૃદયમાં પ્રેમને માટે સ્થાન નહોતું—હતું પણ બહુજ થોડું. તેના મુત્સદ્દી મગજે નિર્ણય કર્યો કે ઓસ્ટ્રીઆના સમ્રાટની કુંવરી મારીઆ લુઇસા સાથે ચિરસ્થાયી મૈત્રી.

નવેમ્બર ૧૮૦૯ માં જે સ્ત્રી તેની સાથે તેની કારકીર્દીની રાજ્યાતથી આડમ રીતે રહી હતી તેણે ફ્રાંસ ખાતર,—મુત્સદ્દીપણાને માટે—મહત્વાકાંક્ષાને ખાતર—ત્યાગવાનું ઘોર કર્મ કર્યું. મુત્સદ્દીઓમાં આવી વર્તણૂક સામાન્ય છે, અંતઃકરણ પણ થઇ શકે. જેમને હૃદયના બંધનોની પવિત્રતાને માન છે તેમને મન તો આ નેપોલીઅનની કારકીર્દિમાં કલંક રહેવાનું.

છતાં પણ એ જે હશે તે આશ્ચર્ય હતું તે તૂટ્યું નહીં અને ઓસ્ટ્રીઅનની કુંવરીને પરણ્યા પછી પણ જોસેફાઇન પર તેનો કેટલો પ્રેમ હતો તે

નપોલીઅનથી છુટા પડ્યા પછીના જોસેફાઈનના પત્ર

મને લાગે છે મારા આવા વર્તન પાછળ એ સુખ તમને મળે એજ મારે કારણે અકીર્તિ છે આ મનુષ્ય જગ તમારા સુખના બધા ભાગ આ કારણે તમારા સ્મરણોમાં હજીએ મુગ્ધ બન્યા છે મારા હૃદયે



જોસેફાઈન
નવે વીઅન બોનાપાર્ટની રાણી

આપના પ્રેમ બાબતમાં ચિંતા જરૂર કામની બીજું કંઈ નથી નામરદાઈ માગે મિત્રો આપને જરૂર્યા એવું પણ તેટલોજ આ રજક આપના

અને તમારા પત્રો વાંચી મારું હૃદય ભરાઈ આવ્યું છે. મારા પ્રેમની તમને ખાતરી આપવા મારો પુત્ર આવી રહ્યો છે. તેની સુખ્યાથી પત્ર પાઠવી રહ્યો છું અને તેમ કરવાની પરવાનગી માગું છું. કારણ એમાં એક પણ મારો શબ્દ ન હશે કે જેણે મારું હૃદય પણ આમ અશ્રુ સારવામાટે આકુલ કરતું કરી મારું બોલવાનું દર્દ મને પણ સતાવતું આવ તો હજારમેરા હૃદયે કેટલીક આવતા-કાલ ગિયો જીવન જોવી હોવા જ અને જુદાઈ સહેજ જેવો અંત આવે છે

મારા પત્રોના પત્રની અપને નાખવા કર્યા તોય તો મારી નિરાશાના પાત્ર નહિ દુઃખ વધ્યું છે તમારું પરિણામ થઈ નથી પણ કેટલી દુખદ વાગ્યાગીએથી એ પ્રસંગો હતો તે માત્ર દૂર જાવું છું કારણ કે આપના તરફના ભયંકર લાગીએ નહીં તેના કે તેનું અ પરિણામ હતું

આ મેઝનથી નીકળતા એક પત્ર આપને લખ્યા હતા ત્યાર પછી તો કેટલીએ વાર લખવાનો વિચાર નહીં કર્યો. તે પણ આપનું મિલન અકારણ હતું તે મને લખ્યું પત્ર લખી રહ્યા પછી આખરી ગણાય તો પણ

ઉપકાર માનું છું.

જોસફાઇન.

આખરે પત્ની આવી. નેપોલીયનની હાર થવા માંડી. ત્યારથી જોસફાઇન નીમકહલાલ મિત્ર બનીને રહી અને જે પતિને મદદ્યા સાબવામાં મદદ કરી હતી તેની સદ્દશાનાં સમરણો તેણે છેવટ સુધી કર્યા.

૧૮૦૭ માં જ્યારે નેપોલીયન પોલેંડ ગયો હતો ત્યારે તે એક યુવતીના મોહપાશમાં પડ્યો એમ કહેવાય છે. તે યુવતી એક વૃદ્ધ પોલીશ અમીરની છોકરી હતી. તે અઢાર વર્ષની હતી ને નેપોલીયનની પ્રીતિની પૂજક હતી. નેપોલીયન અને તેની વચ્ચે પત્રવ્યવહાર થયેલો. એની પણ કંઈક વાતો પત્રોમાંથી કેટલાક નીચે પ્રમાણે છે એમ કહેવાય છે

મેડેમ વૉલ્યુસ્કાને.

મેં માત્ર તમનેજ જોયાં છે. તારીજ માત્ર પ્રશંસા કરી છે, તારીજ માત્ર વાંચ્છના રાખું છું. હૃદયની પ્રબલ ઉત્કંઠાને શાંત કરવા તત્પર પ્રત્યુત્તર ઇચ્છતો—

નેપોલીયન.

પાછો તે બીજી પત્રિકા વાંચવે છે.

મેડેમ, મેં તમને નારાજ કર્યાં છે! આંખ તેમ પણ તેથી ઉલટું મારવાનો મને હક્ક હતો. કે બુલું છું! તમારી ઉન્મુકતા પટી છે ત્યારે મારી વધી છે. મારા આરામને તમે લક્ષ લીધો છે. (તમે મને બેચેન બનાવી મૂકયો છે) પણ આહ! તમારી પૂજા કરવા ઇચ્છતા આ દીન હૃદયને કેટલી લગીર આનંદ અને સુખ આપો. જ્યારે મેળવવો બહુ મુશ્કેલ છે? હું તમારી પાસે બે (પગના જવાબ) માગું છે!

નેપોલીયન.

ત્રીજી પત્રિકા.

એવી પણ ઘડી પળો હોય છે કે જ્યારે ઉત્કંઠાઓએ હૃદય પર ભાર લાગે છે. અને અત્યારે હું એજ અનુભવી રહ્યો છું. તમારા ચરણકમલમાં આળોટવા ઇચ્છતા, પણ ઉત્કંઠા અને પ્રબલતમાં પ્રબલ ઇચ્છાઓને નિષ્ફળ બનાવી મૂકે છે તેવી ઉપાધિઓના ભારથી અત્યંકારા આમોદ-મૂર્ચ્છિત હૃદયની વાંછનાઓ કેમ કરી સંતોષું!

આહ! કે—જો તમે કરી શકો.....પણ તમારા વિના બીજું કોણ આપણાને ફરી કરવા અંતરાય ખસેડી શકે તેમ નથી. આવો મિત્ર દુર્ગમ તમારો માર્ગ સરલ કરી આપશે.

હા, જરૂર, આવો, આવો! તમારા અભાવ મનોરાજ્ય કુલીભૂત કરીશ. તમે જ્યારે મારા હૃદયની દયા ખાશો ત્યારે તમારો દેશ અને પ્રિયતમ થશે

ન

અને અંતે:—

મેરી, મારી મધુરી મેરી! મને પડેલો વિચાર તારોજ હોય છે, અને પ્રથમ ઇચ્છા પણ તારા પુનર્દર્શનની છે. તું ફરી પાછી આવજે. નહીં આવે!

" તેમ કરવા તેં વચન આપ્યું છે. જો નહીં આવે તો ગરુડ તારી પાસે ઉડી આવશે. મિત્રે ભાખ્યું છે કે હું તને જન્મપ્રસંગે જોઇશ. તો આ સુમનગુચ્છ સ્વીકારવા કૃપા કરજે ને એને હૃદયોના રોગમાં અપવો ગુપ્ત સંબંધ દેખાડવા સાંકેતિક વસ્તુ બનાવજે. ભરી મેદની વચ્ચે પણ આપણે અન્યોન્યને સમજી શકીશું. જ્યારે મારો હાથ મારા હૃદય ઉપર ફરે ત્યારે જાણજે કે તેમાં તારા વિના અન્ય કોઇને સ્થાન નથી: અને પ્રસંગમાં તું સુમનગુચ્છને છાતીએ ચાંપજે. મને ચહા! મારી મધુરી મેરી! અને એ સુમનગુચ્છને લાયકી જણાએ દેજો મૃદુની મા!

ન.



[અંગ્રેજ ૮૮


[ફ્રાન્સ

અંક ૬

નેપોલિયન બોનાપાર્ટ



શરમાળ મુગ્ધા સાડલાનો છેડો આંગળીએ
એક તરફ ખેંચી ઉભી રહેતી.



લેખક
રા. અજ્ઞાત
ગામ :
શ્રીમાન પુરુષોત્તમ
સખ્ય સા. ઉત્કર્ષસભા

[નોંધ—આ વર્ષ ઉપર કાઠિયાવાડી ને અન્યત્ર નવી ભાષા ને રીતિ અમે અનુકરણ કરવા જે તે પર સખીની વર્ષા થતી નહીં હતી ત્યારે કાઠિયાવાડના જીવનના કાવ્યોદ્યાનની આ કુંજ હેઠળ કવીન્દ્ર કુમારી રમાએ પોતાની મધુર વાણી વડે કાવ્યના પ્રેમીઓને ઘણા વખત સુધી મુગ્ધ રાખ્યા હતા. એ વાત હાલ ભારી ઘણી જૂની થઈ ગઈ છે. આ કવિ-બાલાના ચંદ્ર ને સાથે-સાથી આવી ન હોવાથી કવિ અજ્ઞાત એ વાતનું નામ આપેલું છે.]

આમ તો ત્રણે ભાઈ સ્વભાવે મુગ્ધ આનંદી તોફાની જ અને તેમાં હજી નવી જ નવું બાલપણ અને ઊગતી જુવાનીની રમ્ય સંધિની ઓથે અમાને આ પુલપાટ કરીને હેરાન કરે એમાં શું નવાઈ ? પણ સૌની અદકાં બોબીન 'કયા ઠાકોર પધારો' એમ કહેવા વાપર બેસે તો અમે પણ ખુશામતે ઊભા રહી કુદરતની અપાર સુષ્ટિ જોવા દારુણ ને ઓહદમ બડબડાટ કરતા પડીએ ને જન્મો જન્મ' એ શબ્દને જુદીજુદી રીતે બોબીન 'પધારો' કહેવા દાઢીએ પડીઓ બોલાવે તો પણ અટકવા જવું ને અમે તો પ્રસન્નચિત્ત ખુબ્બો વસંતી ઝાડ પક્ષીઓના આનંદી કુજનોમાં કોઈ જતા. તે વખતે કુદરત સુંદર બાલપણ હતું ને કુદરત અજબ કેમ હતી

આજ બે વાતો વચ્ચે વર્ષો ગયા છે. નવપલ્લવ પર્યા રમકડાં તો મારા ઘરના કબાટમાં ભરવા છે પણ જન્મની સાથે એ રમકડાં માટે હું લડયો છું. મારેજ એમને હરાવ્યા છે ને પછી ચમત્કૃતિ કરે કલ્પના કરી છે તે બધું આજ નથી. અમારા બાલના બાલપણના સાક્ષી આ પણ નથી. આજે હું એકલાજ રહ્યા છું ને મીઠી ભર્યા ઘરોના અભાવે મારા ઘરની અગાસી ઉપર બેસીને સાંજ આકાશમાંથી ઊતરી ઊતરી અંધારપડદા ઉતરે છે તે જોયા કરું છું. કલ્પનાની પાંખ મને ઉપાડી બધાં યા મુકે છે ત્યારે બાલપણના હલ્લા બોલાની મનદીને અમારો નવનાદ યાદ આવે છે પણ હજી 'જન્મોજન્મ' પણ બાલના બધા વાતાવરણ સહિત હાજર થાય છે પણ આજ એ કુદરતમાંથી એક

બીજો અર્થ સંભળાય છે: 'જન્મોજન્મ આ ઘરમાંજ મા પાછાં આવશે ખરાં?...'

અને માતાની મૂર્તિ પાસેજ એક શરમાળ મુગ્ધા, નવી વયની લાજ કાઢી સાડલાનો એક છેડો એક આંગળીથી એક તરફ ખેંચી, મારી તરફ ઓટો રોષ દેખાડતી, સ્નેહભરેલી સાચી આંખો ફેરવતી ઉભી રહેતી તે દિવસ યાદ આવે છે. તે વાત આમ બની ગઇ:

અમારા ઘર પાસે જ શાસ્ત્રી ગંગાપ્રસાદ રહેતા. શાસ્ત્રીજી અનેક રીતે પ્રભુરનું માણસ હતા. સવારથી સાંજ સુધી તે કર્મકાંડમાં જ મશગુલ રહેતા. સવારે ઉઠે ત્યારે 'હરિ: ૐ' કરતા ને પોતાની ચાખડી પર ચઢી ફળીઆમાં આંટા મારે, ઉગતા સૂર્યને અર્ઘ્ય આપવા સ્નાનાદિ ક્રિયા કરે ને છેક બાર ઉપર બે વાગે નિતાહાર લે. જરાક આડે પડખે થાય, શાસ્ત્રીજી બેઠા થાય ત્યાં પાડોશમાંથી અનેક સ્ત્રીઓ હાજર થઇ હોય. ...શાસ્ત્રીજી પોતાની મધુર ભાષામાં 'શિવમાહાત્મ્ય' કે 'વિષ્ણુપુરાણ' વાંચે ને એ બધો સમાજ–જાણે ભૂતકાળનો એક માનવસંઘ વર્તમાનકાળની ધમાલો વચ્ચે જીવવા માટે છેલ્લો શ્વાસ ખેંચતો હોય તેવો– બે કલાક ભગવત્સ્મરણમાં તલ્લીન રહેતો.

શાસ્ત્રીજીનું શરીર સુદામા જેવું હતું તો ઘરમાં પણ તાંદુલની કોથળી જ મોટી સમૃદ્ધિ ગણાય તેમ હતું. શાસ્ત્રીજી પણ કાલની ફીકર નકરતાં આજનું આજ વાપરી નાંખતા ને કોણ જાણે કેમ હજી કાલની સવાર ન પડે ત્યાં કોઇ ને કોઇ ભાવિક જન ગીધાસામાન સાથે શાસ્ત્રીજીના દ્વાર પાસે આવું હોય.

તે શેરીમાં પણ શાસ્ત્રીજીની ભારે મર્યાદા જળવાતી. ને ઘણાં ઘણાં કોલેજમાંથી આવેલા નવા જુવાનો પણ તેમના સંસ્કૃતના જ્ઞાની ઉપના જ્ઞાનને વખાણતા ને માર્ગમાં મળે તો બે હાથ જોડવા ચુકતા નહીં.

છેવટ અમે જુદાં પડયાં ત્યારે મને સાંભરે છે કે કોઇ દિવસ નહીં ને તે દિવસ સાવિત્રી ભારે ગંભીર બની ગઇ હતી. તે મને છેવટ મળવા આવી ત્યારે મારા પગ પાસે નમી પડી ને–જરાક વિચિત્ર તો લાગશે પણ–જાણે કે હું એનો મોટો ચુકાદેવ હોઉં તેમ મારી પાસે એક પેસાની કાપડ પર કુંકુમભરેલા બે પગલાં કરાવ્યાં ને એક નાની સરખી છત્રી પણ માગી લીધી. ...મારું આ વર્તન ગમાર ભરેલું લાગશે, પણ નાના માણસને એકદમ નિર્મળ પ્રેમે તો કયર જેવા મજબુત કરી છે ને તેથી તે મજબુત બન્યા છે પણ મારા

જ્યોતિ જેવો એકજ શબ્દ આવ્યોઃ "મૂર્તો યથા મે જન્માન્તરેઽપિ ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગઃ"

એ દૃષ્ટિ જેવી હતી, પણ શબ્દો જીવન જીવનની શરૂઆત જેવા હતા.

* * *

સાવિત્રીની વાત થઈ રહી. આજ હવે બીજા ધંધાને અભાવે આકાશમાંથી ઉતરતા અંધારપછેડા હું જોયા કરું છું ત્યારે જન્મોજન્મ આ ઘર માગનાર માતાની મૂર્તિ પાસે સાવિત્રીનું-તે આવી ત્યારે જેવું હતું તેવું-શરમાળ મોં 'ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગઃ' કહેતું બહુ યાદ છે. પછી કલ્પનામાં બધાં જાદાંતુદાં દશ્યો ખડાં થઈ ચાલ્યા જાય છે ને છેવટે એ બધાંમાંથી જાગી હું મારા ખંડમાં જઈ સુતોસુતો જાગ્યા કરું છું!... એમ ને એમ આજે પંદર વર્ષ વહી ગયાં છે.

એક દિવસ આ પ્રમાણે હું મારી અગાશી-માં બેઠો હતો. વાંચનાર! ક્રોધ ન કરે તો હું ખાત્રી આપું હું કે આ બનેલી બીના છે, જોડી કાઢેલી વાર્તા નથી. હું બેઠો હતો ને મારી સામે ચીત્રનારનાં લીલાં ઝાડવાં ચમારે ને ચમારે ઝાંખાં થતાં હતાં. સૂર્યની લાલી ભળી ગઈ હતી ને આછા અંધાર પછેડાથી પૃથ્વી ઢંકાતી હતી. રાત્રિ પહેલાંની થોડીક પળો જેવી હોય છે કે જ્યારે ઝાંખા ઝાંખી પૃથ્વીમાં જુદા રંગનો ઘુમસ જેવો આછો અંધારપછેડો ચારે તરફ વીંટાઈ રહે છે. આ પળ જેવા હતી ને એ ઘડીમાં જ અનેક અર્થપૂર્ણ અગમ્ય ગાયાઓ ભરેલી હોય છે. હું બેઠો હતો ત્યાંથી થોડે દૂર-વાદળથી ઘણે નીચે પણ પૃથ્વીથી ઠીક ઠીક ઉંચે-આછું આછું વાદળું ફેલાયું લાગ્યું. મેં આંખ ચોળી ને ચોખ્ખું જોવા મહેનત કરી. આછા આસમાની રંગની એક મૂર્તિ-પવન જેવી પાતળી ને પાણી જેવી પારદર્શક, પણ પૃથ્વી જેવી ઘન-ત્યાં ઉભી હતી. આંખે ઝાંઝવાં બળે છે એમ ધારી મેં ફરી આંખ ચોળી. પેલી મૂર્તિ ત્યાંજ હતી, પણ આકાશ જેવી સ્પષ્ટ હતી ને અગ્નિ જેવી તેજસ્વી હતી. હું આંખ મીંચીને એ તરફ જોઈ રહ્યો ત્યાં મૂર્તિમાં-અહા! શું જોયું! સાવિત્રીના મોની સ્પષ્ટ રેખાઓ દેખાઈ. એ જ તોફાની આંખ, મસ્તીભરેલો પ્રેમ ને એમની સાથે વિરલ એવી શ્રદ્ધાની સ્પષ્ટ રેખાઓ!

હું બેઠો હતો ત્યાંજ સડક થઈ ગયો. જીવતાં જેને પૂજ્યાં હોય તેને મૃત્યુ પછી કેવા ડરથી આંપણે જોઈએ છીએ? પણ સાવિત્રી તો નિર્મલ હતી. એનાથી ડરવાનું શું!

એક પળમાં સાવિત્રી તરફથી સુગંધી પવન આવતો લાગ્યો. અજયથી પર અજયમી હું અનુભવું છું ત્યાં સાવિત્રીના મીઠા શબ્દો મેં સાંભળ્યાઃ "ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગઃ" હવે ખરેખર આ ભ્રમ છે એમ ધારી હું ઉઠ્યો, પણ ત્યાં "વહાલા પ્રિયતમ! હું તારી રાહ જોઉ છું.....ને ત્યાં...ગામમાં તપાસ કરજે!"

તેજ ક્ષણે આકાશમાં કંઈ હતું નહીં.

હું કલ્પનાના ભૂત પર હસતોહસતો ચાલ્યો ગયો.

* * *

બીજે દિવસે સવારે હું ઉઠ્યો ત્યારે રાત્રિની વાત તાજી હતી ને શબ્દો તો સ્પષ્ટ સાંભળ્યા હતા. આ નવાઇ શું? મેં એ

એમના શબને કલકત્તા લાવી કાલીઘાટ પર અગ્નિસંસ્કાર કર્યો. તે વખતે હાવડાના સ્ટેશન પર જે લોકોની ઠઠ મળી હતી તેવી કલકત્તામાં પહેલાં જવલ્લેજ દેખાઇ હશે. બંગાલના દરેક મનુષ્યને એમના જવાથી આઘાત લાગ્યો. ઘણાકોએ તો એ ખબર માનવાજ ના પાડી. ઘણાકો તો સમજ્યા જે એમનાથી બે દિવસ આગળ ગુજરેલા બીજા બંગાળી વીરલા સર આશુતોષ મૌખરી માટે એ વાત હશે. પણ અંતે ખબર તો સાચીજ હરી. શબ લઇને હાવડાથી લોકો યુનીવર્સીટી હોલમાં આવ્યા. અને જે હોલ માત્ર એકજ અઠવાડીઆ અગાઉ એ વીરે ગજવ્યો હતો લાંબ હજારો વિદ્યાર્થીઓએ એમનાં છેલ્લાં દર્શન કર્યાં ને છેલ્લા પ્રણામ કર્યા.

એ મહાપુરુષમાં આશ્ચર્યકારક શક્તિઓ હતી. મગજશક્તિમાં એમની બરોબરી બંગાળમાં શું, ભારતવર્ષમાં શું, પણ પૃથ્વીમાં પણ કોઇકજ કરી શકે. યુનીવર્સીટીમાં જુદાજુદા લગભગ બે ડજન વિષયો માટે ફેલોશીપોઓ છે તેમાં માત્ર એક (ફીઝીક્સ ને મીરીયાક ભાષાઓ) સીવાય દરેકના એ પ્રમુખ હતા; અને ને માત્ર નામનાજ નહીં. પ્રત્યેક વિષયમાં એમનું જ્ઞાન ઉંડું અને કોઇ સાધારણ પ્રોફેસરને પોસાડે તેવું હતું. ઈંગ્લીશ, બંગાળી, સંસ્કૃત, પાલી, અરબીક, ઇતિહાસ, ગણિત, કાયદાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર (Economics), ફીલસુફી, એ વિષયોમાં તો એમનું જ્ઞાન અગાધ ગણાય. અને એ બધું છતાંય એમને પોતાના જ્ઞાન સંબંધી જરાએ દંભ ન હતો. પ્રત્યેક વિષયમાં શીખાડવાની કે પુસ્તકોની ચર્ચા (Academic discussion) થાય ત્યારે બધું તે વિષયના વડા અધ્યાપક પર છોડતા, પણ કોઇ કોઇ વાર એકાદ એવી સૂચના કરતા અથવા અમુક લેખકનું નામ બતાવતા કે અમો વર્ષોના અભ્યાસીઓ ચકિત થઇ જતા.

પણ એમના સૌથી મોટા ગુણ એમની દીર્ઘદૃષ્ટિ તથા એમની કાર્યદક્ષતા (Organising power) ગણાય. ભારતમાતાના ભવિષ્ય માટે એ નિઃસંદેહ હતા. કોઇપણ કાર્ય ભારતવાસીઓથી ન બને એ તો એ માની શકતા જ નહીં. મરણના બે ચાર માસ અગાઉથી જ એમણે અમને ફ્રેન્ચ અને જર્મન ભાષાઓનો અભ્યાસક્રમ તૈયાર કરવા કહ્યો હતો, અને ત્યારે એમના કહેલા શબ્દો હજી મારા કાનમાં અથડાયા કરે છેઃ "યુરોપીઅનો ધારે છે જે આપણે એમની ભાષાઓ સારી રીતે ગ્રહણ કરી શકીએ નહીં; તમો એવો અભ્યાસક્રમ જોઇવો જેથી એઓની પણ ખાત્રી થાય જે આપણે ભારતવાસીઓ એમની પોતાની ભાષાઓ પણ શીખી શકીએ છીએ."

અર્વાચીન ઉચ્ચ સ્થાન એમના હૃદયમાં ભારતના ઇતિહાસ અને ભારતની ભાષાઓ માટે હતું. પોતાની માતૃભાષા માટે એમનો પ્રેમ અનહદ હતો. અને દેશી ભાષાઓની બીલવણી માટે હમેશાં એ કૃતસંકલ્પ રહેતા. અત્યારે આપણા દેશમાં માત્ર કલકત્તા જ એવી વિદ્યાપીઠ છે જ્યાં આપણા દેશની દરેક ભાષા શીખવવામાં આવે છે. વળી દરેક ભાષા માટેનાં પાઠ્ય પુસ્તકો પણ તૈયાર થાય છે. દેશી સાહિત્યમાંથી ઘણીના પ્રાચીન તથા અર્વાચીન લેખકોમાંથી ઉતારાઓ (Selections) ના સંગ્રહો તૈયાર કરવામાં આવે છે. બંગાલી, ઉડીઆ, આસામી તથા હીંદીનાં તો Selections નાં કેટલાંક પુસ્તકો પ્રગટ થઇ ચુકયાં છે અને ગુજરાતીનું પહેલું પુસ્તક આવતા માસ ચુપીમાં બહાર પડવાની

એવા મહાજ્ઞાની, મહાવીર, કર્મયોગીનું અવસાન શા માટે થયું હશે ! ઈશ્વરની લીલાને કોણ સમજી શકે ? એમનું કાર્ય આત્મ-વર્ષનું કાર્ય છે. મનુષ્યજાતિનાં ઉદ્ધારના સાધન-રૂપ છે. ઈશ્વરનું પોતાનું કાર્ય છે. આપણે એમને માટે શાંતિની પ્રાર્થના કરીશું અને ઈશ્વર પાસે એ માગી લઈશું કે એવા પુણ્યા-ત્મા જેમણે પોતાની શક્તિઓનો પુરેપુરો સદુપયોગ કર્યો, જેમણે પોતાનું જીવન પુરેપુરું સાર્થક કર્યું તે આત્માને વધુ શક્તિ, વધુ પ્રકાશ, વધુ જ્ઞાન આપી ચડેલો પાછો આપણે માટે પૃથ્વી પર મોકલી આપે. તથાસ્તુ.



સૂજનજ્યુનાં સ્વપ્ન

[અનુસંધાન પૃ ૪૦૦ થી]

પેલા ઝાડા નાકવાળો સુરેશ જ-અ-રાક વ્યક્તિ એમનો અરી વાત ને ! શરમાઈ ના જરો નહીં તો હું બીજું પણ કેક કહી દઉં

ને દિવસ માણેકઠારી પહિંબાની નજરે તમે બધા વાડીમાં જમવાના હતા ત્યારે તમે સુરેશ સાથે શું કરતા હતા ? પેલા હીંજળી પાળા પર બેસી તને બેઠા બેઠા ચકલાં જોતા હતા ને પાણીમાં સોળ કોકડનો પડછાયો દેખાયો ત્યારે તમે કેવા ચમક્યા હતા ? પણ એ સુરેશ છે એમ જણાયું ત્યાં તમે બધું સ્વપ્નું જ નથી એમ હાથથી પાણી હલાવવા મંડ્યા હતા સુનીપુછયું વાસલી અહીં શું કરે છે ? તમને સીધા જવાબ દેવાનું મન થયું પણ વળી તમારો તોફાની સ્વભાવ આ આ તો ' તમારે વીંધવાની કહીં તમે બીના હૃદય સુરેશ પર પાણીના ગોટા ઉડાવ્યા સુરેશ જવાને બદલે તમારી બાજુ પાળ પર આવીને બેસી ગયો પુછયું

" વામળી ' ના ! વિવાદ થવાનો છે ?

" અને શી ખબર ?

" અને મોગલાણ કહેતા હતા

" તે હશે, થવાનો હશે તો અમે પરણીશું " નજર જગા બેદરકારીથી પણ ખાડા આંખે સુરેશને જોતા જવાબ દીધો

" તું પરણીને શું કરીશ ?

" મારા વરના માથા પર આમ પાણી નાખીશ ' તમે ખોબો ભરીને સુરેશના માથા પર પાણી ઉલેચ્યું ને ઘર કરીને નાસી ગયા ને સુરેશ માથું ને કપડાં ખંખેરતો " ઉભી રહે ' આવું તોફાન કરે છે ? ' એમ કહેતો દોડ્યો તમને દોડતા પકડી પાડી તમને શી શિક્ષા કરવી એ વિચારમાં જરા એ ઢીલો પડ્યો તમારી હસતી આંખો કનેક્ષ તમને ઓળે ઝાડી દીધા ને તમે નાની નાની આંખી ભાખી કરતા કરી પાછા દોડી ગયા આ બધું યાદ કરી કે ભુલી ગયા ?

ને પછી થોડા દહાડા બાદ સુરેશ સાથે તમારો વિવાહ કરવામાં છે એમ કહ્યું ત્યારે શરમ નાકના ને ગુસ્સાથી તમારી આંખો ક્યાં ચમકતી હતી ? તે દહાડે માથા પર પાણી નાખી તમે એને વીંધ્યો હતો પણ તમે એને મનાવી શકશો એવી તમને ખાત્રી નહોતી ? પણ હવે તો એ આવે ત્યારે તમે નાસી જતા ને એ તમને ન જુએ ત્યારે જાને જાને તમ એને જોઈ લેતા થોડા ? કિસમી એણે તમારી સાથે બોલું ખાલું અડપલું શરૂ કર્યું હતું ત્યારે તમે અનુ ધ્યાન બેચવા કેટકેટલા પ્રયત્ન કરેલા ? તમારી પાસે એ બીજાનું બણ કેમનો ચલાવત ચાર

પછી ચટ તમને સુરેશનું નામ લઈ લઈને બહુજ બીજવતી પણ તેય તમને એ ગમતી તો જ ને સુરેશના કાગળમાં કે ન્યરકૃત ગ્લોક ? અંગ્રેજી કવિતા લખ્યા હોય ત્યારે તમે એ વહાલને ઘેર દાદી જાય નીતિશાસ્ત્રક ને અંગ્રેજી શબ્દકોષોના પાના કેવા ઉથલાવત ? ને તમે બને સાથે બેસી એનો અર્થ બેસાડવાની માથાકુટ કરતા પણ કોઈ આવી જાય ત્યારે ચોરી કરી હોય એમ તમે કાગળ સંતાડતા તમારા મોં પર શરમના રંગ પડતા ને આવનાર બધા હસતા હસતા ચાલી જતા

તમને વરસાદનાં ઝરા ઝીલવા બહુજ ગમતા એક દિવસ અગાશીમાં તમે વરસાદના

કેરાં ઝીલતાં ત્યારે સુરેશે પાછળ આવી "આ ઝીલેલાં અમૃત કોને દેશે વારસાંતી?" એમ પુછ્યું ત્યારે શરમ અને ગભરાટથી તમારા હાથ છુટી ગયા. એ છુટેલા હાથમાંથી જાણ વેરાઇ જાય પહેલાં તો સુરેશે તે ઝીલી લીધાં. ને પછી.....? કૈં નહીં. ... ... ને પછી તમે પરણ્યાં.

× × ×

જીવનમાં તમને સુખ મળ્યું હોય કે નિરાશાના ઝંઝાવાત તમારે ખમવા પડ્યા હોય, પણ કોઇ એકલી ઘડીમાં આ બધાં ચિત્રો ઘડી વાર તો તમારી રોજની દુનીઆથી દૂર તમને જરૂર લઇ જતાં હશે. સાદાં અને સુજનજીનાં છતાં જે શ્રદ્ધા અને આશાથી એ બધાં જીવનસ્તરનાં અમૃત અને છે તેટલો રસ પછીનાં ચિત્રોમાં કદી આવતો હશે?

૨. વિશ્વનાથ પી. વૈદ્યનાં પુસ્તકો.

આવૃત્તિ ૪ થી | **સરસ્વતીચંદ્રનું અવલોકન** | કીં. ૧૨ આના.

વેદાન્તશાસ્ત્ર વાર્તારૂપે } **અદ્વૈતામૃત** { કીંમત રૂા. ૧.

બધીતા બુકસેલરો પાસેથી મળશે.

ભાગ્યના ભેદ યાને વિધિના લેખ

ભૂમિ ઉપર વસતાં મનુષ્ય માત્રને ભાગ્યના ગુપ્ત ભેદ જાણવાને અને માહાન લાભો મેળવવાને જ્યોતિષશાસ્ત્ર વિના બીજો એક પણ ઉપાય નથી.

દીકના અસંખ્ય દેશબંધુઓનાં પ્રમાણપત્રો મેળવી જગજાહેર થયેલું લોકમાન્ય સ્થળ: જ્યાં અર્વાચીન તથા પ્રાચીન શાસ્ત્રોક્ત પદ્ધતિ મમાણે જ્યોતિષને લગતું સર્વ કાર્ય કરવામાં આવે છે.

મળો યા લખો: રેવાશંકર ભવાનીશંકર જ્યોતિષી.
શ્રી ભવિષ્યોદય જ્યોતિષ કાર્યાલય,
ભાવરીઆશેરી. સુરત.

ટપ્પા એક આનાની ટીકીટ મોકલી 'ભવિષ્યોદય' મંગાવી મનનો મુંઝવણ દૂર કરો.

દરિસિંહજી ગોહેલનું ભાષણ.

અનાદિ કાળથી ઈશ્વરે જગતનું સંરક્ષક તેજ ક્ષત્રિયમાં રાખેલું છે, પરંતુ કાળબળે તેનો શોચનીય ક્ષય થયો અને તેનું ચરિત્રબળ આજે આપણાથી અપ્રત્યક્ષ થયું. ઉપરનાં બે ભાષણો જે સમજવામાં આવે તો ક્ષત્રિયમાં ક્ષત્રિયત્વનું અનાદિકાલનું ઐક્યબળ લાવવા માટે તે પુરતાં છે, અને શુદ્ધ ક્ષત્રિય સ્ત્રીપુરુષનાં શરીરમાં આજ બળ જેમ અગ્રસ્થાને તેવાં છે પરંતુ આજકાલ કેટલાંક ભાષણો જેમ કાગળ પર છપાયલાં રહે છે તેમ ન રહે તો આશા છે કે વીરસન્નિધ જાતિ તે વાંચી તેનો સદુપયોગ કરી પોતાની જાતિવિષયક ભૂત કીર્તિને પુનઃ ઉજ્જ્વલ કરવા પ્રયત્ન કરશે.

કન્યા-કોપીબુક (નં. ૧ થી ૬): પ્રકાશક: રા. સુખલાલ નાથાલાલ શાહ બુકસેલર રીચીરોડ, અમદાવાદ. મૂલ્ય: દરેકનો રૂ. ૦-૨-૬.

મુળાક્ષરથી માંડી આગળ અને કન્યાઓને સામાન્ય શિક્ષણ મળે તેવી રીતે ત્રણ નંબર સુધી અને ચારપછી ચાર થી છ નંબર સુધીમાં કન્યાઓને કન્યા શિક્ષણ મળે તેવા રીતનાં પ્રાચીન સ્ત્રીવિષયક વાક્યો આપવામાં આવેલાં છે. કન્યાઓના શિક્ષણ માટે આ કોપીબુક ઉપયોગી લાગે તેવી છે.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગનો (સને ૧૯૨૩ ની સાલનો અહેવાલ વગેરે) રીપોર્ટ: પ્રકાશક: વકીલ રા. કાશીદાસ મોતીલાલ. ગાંધી. અમદાવાદ.

શ્રી બાલસુધારક જૈન બાલાશ્રમશાળાનો તૃતીય વાર્ષિક રીપોર્ટ: પ્રકાશક: શેઠસી રા. પ્રેમચંદ મગનલાલ. ભરુચ.

ચરોતર એજ્યુકેશન સોસાયટીનો (આઠમા વર્ષનો સન ૧૯૨૩-૨૪) નો અહેવાલ: પ્રકાશક: રા. ભોખાભાઈ કુબેરભાઈ પટેલ સેક્રેટરી, આણંદ.

શ્રી લાલન-નિકેતન-મઢડા અને તેની શાખા-પ્રશાખાઃ પ્રકાશક શાહ શિવજી દેવશી. મંત્રી-લાલન-નિકેતન-મઢડા.

જૈન સાહિત્યપરિષદ-સુરત પત્રિકા ૨ જી અને ૩ જી: લેખક: રા. ભુવનચંદ ઝવેરચંદ ઝવેરી, સુરત.



આ "ગુજરાત" પત્ર સાહિત્યપ્રકાશક કંપની લીમિટેડ માટે લાભશંકર પ્રભુરામ ભટ્ટે "શ્રી સાહિત્ય પ્રેસ"માં નં. ૨૨, એસ્પ્લનેડ રોડ, કોટ મધ્યે છાપ્યું અને નં. ૫૬, મેડોઝ સ્ટ્રીટમાં આવેલી શ્રી સાહિત્યપ્રકાશક કંપની લીમિટેડ તરફથી લાભશંકર પ્રભુરામ ભટ્ટે પ્રગટ કર્યું છે

રસવૃત્તિ જે ચિત્તમાં રસ પુષ્ટ છતાં ધર્મિનો મહિમા વધુ ન હોવાથી જે તુલના જેવું હોતું નથી પણ જ્ઞાનાત્મક ચિત્ત પ્રધાનપણે હોય છે અને તેજ રસ ઉદ્ભવે ત્યારે જ્ઞાનાત્મક કૃતિ તરીકે કોઈ પણ ચિત્ત વ્યક્ત થાય છે ત્યારે તેમાં શુદ્ધ અને નક્કર વાસ્તવિકતા જોવાની આશા પણ ઓછી છે ઇન્દ્રિયાધ પ્રકૃતિનું જ્ઞાન ચિત્તવૃત્તિના નિયમોથી મર્યાદિત અને તેને લગતોથી અવકૃત હોય છે તેને આપણે સત્ય કહીએ છીએ ત્યારે રસવૃત્તિનો મહિમા તેમાં વિદ્યમાન હોય છે ન્યાયે તે વૃત્તિના નિયમો તેને લાગુ પડે છે અને તેના લક્ષણો તેમાં ઉતરે છે પણ સુંદર વસ્તુ સત્ય થાય છે જેમ ઇન્દ્રિયોના સત્ય પરે સ્વાર્થની વૃત્તિઓમાં-જેને આપણે સત્ય કહીએ છીએ તેની પેઠે બુદ્ધિજ્ઞાનથી પર એવું પણ સત્ય સ્વરૂપ કરી દેખાતું નથી તેમ સરસ વસ્તુમાં માત્ર સરસ્કારજન્ય દેખાવો હોતા નથી સત્ય વસ્તુ અને તેના સરસ ચિત્રનો જે સંબંધ છે તે તો ઉપર વધુ ચર્ચેલા ઔચિત્યનો નિયમ બતાવે છે

સત્ય અને સરસ વચ્ચેના બે ધર્મની પરીક્ષા કરવાનું આ સ્થાન નથી પણ

ગુજરાતી સાહિત્ય



અંક ૧ લો.

સાહિત્ય-તેના સ્વરૂપ અને પ્રકાર રા કનૈયાલાલ માણેકલાલ મુ

પ્રકરણ ૧૦ મું (ચાલુ) રસવૃત્તિ ...
,, ૧૧ મું સાહિત્યમાં સચોટતા-કથનની સામગ્રી

પ્રવૃત્તિમાં અટવાઈ રહે નહીં

આ ઉપરથી એમનું તો સ્પષ્ટ થાય છે કે કોઈ પણ કલાના ક્ષેત્રમાં નક્કર સત્યને માટે સ્થાન નથી કેમકે પ્રધાનપણે પણ રસવૃત્તિથી દરપ્રેલ અનેક વિચાર અને ભાવના સર્વે છે ધનિદાસ એ સત્ય પ્રતીકતની થઈ નથી પણ માનવજીવનના સરસ વસીન ભાવનામય ચિત્રોનું સરસ કથન છે તત્ત્વજ્ઞાન માત્ર બુદ્ધિ અને મનથી માપ એવા વિષયોની વચ્ચે રસવૃત્તિએ રચેલ સાદી અને સહજ સમજણથી વિચારાતું કથન છે અને ધર્મ સત્ય અને નીતિને નામે વ્યવસ્થિત થયેલા સિદ્ધાંત સરસ રીતે, અને રસદ્વારા વ્યક્ત થયાથી જીવન એવું કથન છે

રસવૃત્તિની મહત્તા સર્વસંપ્રતિ કલા માટે પ્રાણ સમાન ગણાય છે એ સત્યાર્થી ચર્ચિતના સત્યાગ્રહ નામથી ઘણા સાહિત્ય સરસતા ગુણ વિવેચન

પ્રગટ કરે છે. જેમ કલ્પનાચિત્ર દોરવામાં આનંદ હતો તેમ કલાત્મક કૃતિ પ્રગટાવવામાં પણ પરમ આનંદ થાય છે. સૃજન એટલેજ આનંદ. એમાંજ જીવનમાં જાણ્યાતો આનંદ એકાગ્ર બની રહે છે. કવિ અપ્રતિમ કાવ્ય ઉચ્ચારે છે ને જેવો આનંદ પામે છે એવો આનંદ યોગીને પણ દુર્લભ છે. જે ભાવનાત્મક અપૂર્વતા એની રસવૃત્તિએ કલ્પનાચિત્રમાં આણી, તેવીજ અપૂર્વતા ઈંદ્રિયગ્રાહ્ય વિષય દ્વારા–પથ્થરમાં, નાદમાં, શબ્દમાં–તે મૂર્તિમાન્ કરવા માંડે છે.

દરેક કલાકારની રસવૃત્તિની મર્યાદા તેણે સ્વીકારેલું કથનનું સાધનજ ઉની કરે છે. સ્થાપત્ય મારફતે દર્શાવાતી રસવૃત્તિ બાંધકામની સામગ્રી, તડકો અને આંધડો, રંગ અને છાયાથી મર્યાદિત છે; શિલ્પકામ મારફતે દર્શાવાતી વૃત્તિને પથ્થરની કઠણતા, સ્વરૂપ ને નિશ્ચલતાની મર્યાદા સ્વીકારવી પડે છે; ચિત્રકલા મારફતે દર્શાવાતી વૃત્તિને રેખા, રંગ અને પટની કઠણ મર્યાદા સાચવવી પડે છે. સંગીતનું સાધન માત્ર નાદજ છે, એટલે તેનું કાર્યક્ષેત્ર સંકુચિત છે અને તેમાં સરસતા આણવી એ કઠણ કામ છે. પણ સાહિત્યનું સાધન માત્ર શબ્દોજ છે. તેને સ્વરૂપ નથી, તેને રંગ નથી, તેને રેખા નથી: તેમાં તેજ ને છાયા કશાય નથી; તેમાં નાદવૈચિત્ર્ય આવે એમ નથી. એનો સંબંધ ઈંદ્રિય સાથે નથી, પણ અપરોક્ષ રીતે બુદ્ધિના સાથે છે. એ સાધન બધાંથી સૂક્ષ્મ, બધાંથી ચપળ અને બધાં થકી વધારે સચોટ છે. માનવહૃદયના સૂક્ષ્મતમ તરંગો ઝીલીને અદૃશ્ય અવ્યક્તતાના હૃદયભેદક સંસ્કાર સુધી એ વ્યક્ત કરી શકે છે: અને રસવૃત્તિની પૂરેપુરી સમૃદ્ધિને દર્શાવી અપૂર્વતાની ઉંચામાં ઉની ભાવનાનું દર્શન શક્ય કરી શકે છે. આ અપૂર્વતા જેટલે અંશે સહજ થાય તેટલે અંશે કલાની કૃતિ સફલ થાય. આવી કૃતિ પ્રકૃતિ કરતાં ઉંચા પ્રકારની છે; કારણકે ભાવનાજન્ય અપૂર્વતાની આછી પાતળી રેખા એમાં વધારે છે. માનવકલ્પ-એકેકોનાં નરનારીમાં રહેલી અવ્યક્ત અને અપૂર્વતા મનુષ્યના ઇતિહાસમાં કોઈ પાત્રમાં હોય તેમ બનવામાં નથી.

એક રોસી જેવા કવિની અવ્યક્ત કરવાની રીત દૃષ્ટાંતરૂપે જઈએ. એનાજ શબ્દોમાં :—

"ગુલાબ દર્શન અને ચમકતાં સ્વપ્નાંઓએ તેના કલ્પના પોષી. વિશાલ પૃથ્વીનાં અને સર્વવ્યાપી આકાશનાં દરેક દૃશ્ય અને નાદ તેના હૃદયમાં સંગીતમય તરંગો માંડતાં. કેવી તત્વજ્ઞાનનાં ઝરણાં તેના તરસ્યા હોઠ પર પડતાં. અને પ્રત્યેક બનાવે ઇતિહાસના કે કથામાં જે જે મહત્તા, સુજનતા કે સૌંદર્ય અમર કર્યાં હતાં તે બધું સમજતો અને જાણતો."

રોસીની ભાવના રજૂ થવાની અદ્‌ભુત શક્તિ દરેક વસ્તુને આપતા ચમકી રહે છે દરેક વસ્તુને વસ્તુતા અને મોહક રૂપમાં. મોહક અંશમાંજ તે નીરક્ષવાને ટેવ છે. તેના મગજમાં આખી સૃષ્ટિનું ભાવનાત્મક સ્વરૂપ તરવરી રહે છે. કવિની સરસતાની ભાવના તેની દરેક અભિવ્યક્તિને પ્રેરી રહી છે. જેની દૃષ્ટિને રમણીય

ન તેવીજ એની સજીવ કલાકૃતિ જ નાની કે મોટી, કુદરતી સજીવ સરજતો ગતકડા. બેઉ અને ભાવનાઓ અતિમ કલ્પન અને સરસ એની કૃતિઓમા એક અખડ ઐક્યમા રચા કે એ અવસ્થમ 'ઓનકર' છે એને રાજ મૂકે ને અવરણા આ છે એટલે એની સૃષ્ટિ ખરી સૃષ્ટિથી સજીવ અને સજીવ સમગ્ર માનવજીવનને અમૂલ્ય અને ભાવનાપૂર્ણ કરી રહે છે

માત્ર આવી સૃષ્ટિને સર્જનારામા જ પરમ્યા માનુ પરમ જ્ઞાન રહ્યું એમ કેટલાક તત્ત્વજ્ઞોના માને છે

શેલીનુ એક અમર કાવ્ય તત્ત્વજ્ઞોના મત પ્રમાણે

ભૂતકાળમા રહેલા અસ્તિત્વના અને હેતુ વર્તમાની અને ભવિષ્યની અવસ્થાના વિરોધ જે ઉપરાંત સમા નિરંતર આવી રહ્યા જણાય છે ત આ કે કલાત્મક દ્રષ્ટાના સહેતુક સ્વપ્નામા વિલય પામે છે અમા બુદ્ધિ આપ અપૂર્ણ આ મજ્ઞાનની હાથ પડેલાય છે આ આ મજ્ઞાનની સાથ અમા નિત્ય આનદ રહેનો સોદ છે બધા વિરોધો નાશ પામે છે બધા સ્વરૂપો સમન્વય છે બાહ્ય પરિસ્થિતિ અને જ્ઞાતાની અસ્મત પૂર્ણ ક્રિયા વચ્ચ ગાઢ્યારિની એકતાનતા જે અજ્ઞેય તત્ત્વ રચ્યે છે ત તા આ સૃષ્ટિના સરજનાર સ્વપ્નું અને નિશ્ચિત તાદાત્મ્ય છે જે પરો આ તા ને દે છે તે કલાકાર અને બાકી બધુ છે અને તેને કૃતિમા રચવાન અની બધ પ્રેરણા કર છે તેથી કલા તેજ અને રાજ્યના જ્ઞાન છે પરન્તુ છે જ નથી પરમ તત્ત્વ જે કશી જ્ઞાનના વિષય થઈ શકતુ નથી છતા જ્ઞાનના વિષય થઈ શકે એવી[૨] સૃષ્ટિના હેતુ છે તેના રહસ્યની ખરી ચાવી આ ચમત્કાર કરવામા છે અને તેથી કલા તત્ત્વજ્ઞાનથી ચઢે છે કલાકાર જ્ઞાન વિલાસિત થઈ શકે પ તત્ત્વજ્ઞાનીને મન પામ કલા 'સત્યાનપ' છે કારણ કે સહેતુક કલા અને અહેતુક આવિર્ભાવ કલા મેળવવા અને તેટલામા કદી સાથે નહીં મળી અલા અર્થ જ્ઞાન કલ્પ્યુ અને રહિતોમા સતા વિનો એવા તત્ત્વ કલા કલ્પન ન નવ એકમા—અને બધામા ઐક્ય કરવા—અને રહે છે સ્વાનુ અર્થ ઘટાવ તેટલા જ ઉપર છે (૩)

આ અભિપ્રાયમા સત્ય રહ્યુ કે ન હોય પણ આપણુ તો નિશ્ચય કે સત્ય કલા એક સૃષ્ટિ સરજનારામા અનુપમ વસ્તુ પરમ આદર્શ છે અને તેજીવર આપણા સ્વ ગ, આપણા કલાકારના કલ્પનાની પ્રગતિ પામ્યા છે અને એમનો આપણા કલધર્મ' બધ ધર્મથી શ્રેષ્ઠ સમજ જીવન અનત ભાવ માટે પ્રેરી રહ્યા છે

પ્રકરણ ૧૨ મું

સાહિત્યમા સંયોજના—કથનની સામગ્રી

સંયોજના એ સાહિત્યનો મહત્ વ્યુ અને પ્રથમ વસ્તુ છે એ જોઈને ત્રિ આદિવાસીઓએ કામ આપ્યુ છે એ નવાઈની જે આપણે આપણા નિબધ

૧ Connected and unified action
૨ Ultimate Reality
૩ આ વિષયના વધારે સારા વિવેચન માટે History of Esthetic by Bosanquet જુઓ

શબ્દો ઉપરાંત કથનની બીજી સામગ્રી શબ્દચિત્રો પૂરી પાડે છે. શબ્દ વસ્તુનો નિર્દેશ કરે છે: પણ તેના ગુણ, સંબંધ કે સ્વરૂપનો ખ્યાલ આબેહૂબ રીતે આપી શકતા નથી. એ તો કલ્પનાજન્ય જુદીજુદી વસ્તુઓ વચ્ચે એવો સંબંધ બાંધે છે કે તેથી એક વસ્તુના કથન માટે અનેક સમભારી, સહચારી, કે સંબદ્ધ ચિત્રો શબ્દો વડે અપાઈ થઈ શકે છે. શબ્દચિત્રો બધી વસ્તુનો અસરકારક રીતે આપે તોજ તે સાહિત્યની સામગ્રીમાં ગણાય.

બધા અલંકારો શબ્દચિત્ર રચવા વપરાતાં પ્રગટે છે. એ શબ્દચિત્રોનું વર્ગીકરણ એ અલંકારનું શાસ્ત્ર.

માણસ માત્રને એકસો "નર" શબ્દ સંતોષ નથી લાવ્યો. ગોષાલ આર્યના સમયમાં તેની કલ્પના આગળ શક્તિનો આદર્શ બળદ હતો એટલે તેણે કલ્પનાચિત્ર આપ્યું: "નરપુંગવ": જ્યારે ચપલતા અને વિનાશક શક્તિની મૂર્તિનું ચિત્ર આલેખવાની જરૂર પડી ત્યારે તેણે ચિત્ર રચ્યું: "નરશાર્દૂલ": ત્રાસ પ્રભાવ અને સત્તાના રંગ પૂરવાની જરૂર જણાઈ ત્યારે સુધારો કર્યો: "નરસિંહ": જ્યારે તેમાં તેજ, ઔદાર્ય અને સમૃદ્ધિ દર્શાવવાની જરૂર જણાઈ ત્યારે ફરી ચિત્ર ચીતર્યું: "નરેંદ્ર."

આ ઉપરાંત શબ્દચિત્ર રચવા કથનમાં વાસ્તવિકતા જોઇએ. તેમજ અપૂર્વતાની આકાંક્ષા જોઇએ. ચિત્ર જો વાસ્તવિક ન હોય તો ભારે અસર કરી શકે નહીં: ચિત્ર જો આકર્ષક ન હોય તો ધ્યાન ખેંચે નહીં. શબ્દચિત્રોથી સંતોષ કેમ સધાય એ નક્કી કરવું સહેલ નથી: અને છતાં કેટલાક ઉપયોગી સિદ્ધાંતો નક્કી થઈ શકે છે.

શબ્દચિત્રનું સ્વરૂપ એવું જોઇએ કે કથનમાંથી વગર પ્રયત્ને—એટલે સ્વાભાવિક રીતે—તે તરી આવે. કથનને અનુરૂપ નહીં એવું ચિત્ર ગમે તેવું સારું હોય તો પણ કે આકર્ષક કરતું નથી.

શબ્દચિત્ર જેમ થોડાં વપરાય તેમ તેની સ્પષ્ટતા વધે છે: અને તેની છાપ પણ વધારે આબેહૂબ પડતી દેખાય છે. પણ ઘણી વખત શબ્દના કે શબ્દચિત્રના ભારોભારથી સંતોષના સાધવાના પ્રયત્નો સાહિત્યમાં જોવામાં આવે છે. કેસરાની સામગ્રીના પ્રકર્ષથી પ્રશંસા ભલે મળે, પણ સંતોષ તો સધાતો નથી. દરેક સાહિત્યક કારકાતના પ્રયાસોમાં સંતોષના સાધવા શબ્દાડંબર રચે છે, પણ તેનામા ખરા કલાકારની શક્તિ ખીલતાં, તે ગણ્યાગાંઠ્યા ચિત્રોજ સંતોષતા સાચે છે. શેકસપીઅર અને ભવભૂતિની કૃતિઓ આ નિયમનાં દૃષ્ટાંતરૂપ છે.

"કેટલાક લેખકો અર્થ વગરના શબ્દોનો સમુચ્ચય રચે છે: અને સામાન્ય રીતે કથન કરતાં એટલા ઠરે છે અને લપકાના દેખાવથી એટલા આકર્ષે છે કે દરેક વસ્તુને દેખરેખની વાકપટુતામાં જડી દે છે."[૧]

૧. કવીંટીલીઅન.

ગદ્યમાં સહજ શબ્દચિત્રોથી સંવેદના સાથવાની શક્તિ અર્વાચીનોમાં કાર્લાઇલમાં સંપૂર્ણ કલાએ પહોંચેલી દેખાય છે. મીરાંબાના શરીર ને શક્તિનું દુઃખ પણ સચોટ વસ્તુને નમુના તરીકે લઇએ.

"ઊંડી દેવી નીચે દેખાતાં કાળાં રોમસનસમાં નુકસાનથી શોભતો, બ્યસંત અને અસુદેખ તે ચાખ્યો આવ્યો. અગ્નિગર્ભ અને બહુરી ઉંડ એવો સમુચ્ચય તે હતો, જે ન ઊલવાય કે ન સળગતો ગઠકાવાય...પણ આખા કાંસને ધ્રુજારી ભરી દઈ શકે."[1]

સચોટ શબ્દચિત્રો વિના કાવ્ય સંભવતું નથી. કલ્પનાચિત્રો સરજવાની શક્તિ એ કવિસ્વભાવનું પ્રથમ લક્ષણ છે. અને તેથી મહાકવિઓની કૃતિઓ શબ્દચિત્રોથી ભરપૂર દેખાય છે. પણ પદ્યમાં કલ્પનાને વધારે સ્વાતંત્ર્ય હોવાથી તેમાં ચિત્રો જેવી સરલતાથી ઉપજતી શકાય છે, તેવી રીતે ગદ્યમાં સંભવતું નથી. ગદ્યમાં વાક્યવિકલ્પનું પ્રાબલ્ય વધારે હોય છે; અને પરિણામે વાસ્તવિક અને આબેહૂબ ચિત્રો ઉભા કરવા માટે વધારે મહેનત પડે છે. ગદ્યમાં અદ્‌ભુત શબ્દચિત્રો આપવાની શક્તિ ઉપર વક્તાનું સામર્થ્ય રહ્યું છે; અને વિશ્વવિખ્યાત વક્તાઓનાં ભાષણોનો પ્રભાવ તેમાં આલેખેલાં ચિત્રો પરજ રહ્યો હોય છે.

વક્તાઓએ રજૂ કરેલા શબ્દચિત્રના નમુના દાખલ બેરન હેલ્ટીઝલના મુકદમામા શેરીડનના અગ્રેજ ભાષણમાંથી દાખલો લઇએ.

"સુલ્તાન-હ-દૌલા જંગલી હરણનો પણ ચારિત્ર્યવાન્ હતો; અને પોતે યુદ્ધમાં શૂર હતો છતાં તેણે સાનુકૂલ આકાશ ને રસાળ જમીનને પરિણામે એના દેશને મળેલી સમૃદ્ધિ મહેનતથી સાચવી રાખી હતી. તેના મરણ પછી શું થયું છે તે જાણ્યા વિના કોઇ અજાણ્યો માણસ અચાનક પ્રાંતમાં ગયો હોત તો ઉજ્જડ ને સુકાં ખેતરો; બળીને રાખ થએલી સીમોતરી; નિર્જન ને ખંડીએર થએલાં ગામો; તૂટલાં ને છાપરાં વગરનાં મંદિરો; ભાંગેલા ને સુકાઇ ગએલા કૂવા—આ વિશાલ ને સર્વગ્રાહી વિનાશ જોઈ તે પ્રુછત કે, આ સુંદર ને સમૃદ્ધ દેશને કોણે ઉજ્જડ કર્યો છે? સર્વવ્યાપી વિગ્રહથી કયા રાક્ષસો ભાંડાએ—કયા વિનાશોલા પરદેશી શત્રુએ—કયા આંતર વિગ્રહોએ—કયા ધાર્મિક ઝનુન-કયા રાજ્યના કૌટુંબિક વિગ્રહે—કયા દંતકથામાંજ મળતા એવા રાક્ષસે ચારે તરફ ચિરી, મનુષ્ય તરફ દ્વેષ ને વેરથી ઘેરાઇ પ્રકૃતિ ને મનુષ્યસ્વભાવના વિકાસનું દરેક સ્વરૂપ, આનંદનાં દરેક સાધનો અને જીવન માટે જોઇતી ભૌતિક ને સાદી વસ્તુઓ પણ ગ્રસ્યું એવા પાશથી નિર્જીવ કરી મુકી છે?"

આ શબ્દચિત્ર જોઇએ તેનાથી વધારે ભભકભર્યું છે, પણ સચોટ છે. ઇમોસ્થનીસે આનું ચિત્ર થોડાક શબ્દોથી વધારે સચોટ બનાવ્યું હોત.

---

1. ફ્રેન્ચવિપ્લવ (French Revolution: Carlyle)



પુસ્તક ૫] ભાદ્રપદ ૧૯૮૦ [અંક ૬

ગુજરાતે સંસ્કારનો નવો યુગ આરંભ્યો છે તેની સંસ્કૃતિની અહંત્વાકાંક્ષા વધી ગઈ છે તે સામર્થ્યોથી સમૃદ્ધ બનેલ છે

એના પુરુષાતનમાં ભાગ છે ઉદ્યોગ છે દીર્ઘ વ્યાવહારિકતા ને ઊંચી અભિલાષા છે એમાં વ્યવસ્થાશક્તિ છે ને સ્વાતંત્ર્યપ્રેમ ૭ મુત્સદ્દીપણું છે અને નિશ્ચયતા છે ભાવના શીલતા છે અને શૌર્યાભિમાનનો પ્રેમ છે અને બાહ્યરૂપ તજી માનવતા વિકસાવવાની હોંસ છે

એના સ્ત્રીત્વમાં કુલની સુકુમારતા છે, ને છતાં સતીની અખંડતા છે એવા રસિકતા છે, ને સ્વરૂપ ચક્ષિ છે કાવ્યમયતા છે ને છતાં વ્યાવહારિક બુદ્ધિ સતેજ છે ધર્મ ઘેલા નથી, છતાં અદ્ભુત હૃદયની શક્તિ છે, એમાં પુરુષના સમાન ઘડવાની હોંસ છે, છતાં પુરુષને મહેણાં ઠપકા રહેવાનું ઠેકાણું છે નવાનવા ઠસ્કારો છે, છતાં દુઃખ સહન કરવાની હીંમત છે અને પુરુષો ને સ્ત્રીઓમાં વિશુદ્ધ પ્રેમની બંધન બાંધવા માટી છે

સામેરામમાં નવચૈતન્ય ચેતન મંત્રની રહ્યું છે—ઘરઘરમાં નવા સંસ્કારનો સંચાર થાય છે

નવરોગાનકારે બોધા એક ને અવિભક્ત ગુજરાતના ભાગ બને છે અને જેમ અંગ્રેજ પ્રજની એકતાનતા પરણીજ આત્મા પરખાય છે તેમ ગુજરાતી સંસ્કૃતિના પ્રતાપી આત્માની સાક્ષી દે છે કાર્તવીર્ય ને પરશુરામની બાં ભૂમિ આર્યસંસ્કૃતિનો વિજય ધ્વજ લઇ ઉભી છે અને આર્યત્વના સનાતન તત્વો અહંત્વ ગાંધા ને વીરતા, સ્વમાન ને સ્વાશ્રય બુદ્ધિ સ્વાતંત્ર્ય ને વ્યવસ્થા તપ શક્તિ ને સંયમ વિદ્યાભક્તિ ને ઉદ્યોગ રાજ્યભક્તિ સર્વોપરિસેવા અને પ્રેમ નિર્મલ ને નિરંકુશ આ પુરાણા તપ આર્યાવર્તની પ્રેરણાથી ઉભી હિંદમાં પ્રસરશે

—'ગુજરાત-નો સારસ્વારિક વ્યક્તિ'માંથી



ગુજરાત] [ભાદ્રપદ ૧૯૮૦

ઝાડની ડાળ પર ચઢતો હોય તેમ તેમની
પેઠે તેણે હાથની ઝુડ બેરખી



માહુન માયા

(હાસ્યરસપ્રધાન ત્રિઅંકી નાટક)



લેખક

વ્યાયામ ખુશાલ તવકરી શાહુ

સભ્ય સાહિત્યસભા

ચિત્રકાર

ગા શિવરામ મજીઠ

અ અમ

મુખ્ય પાત્રો

પુરુષવર્ગ

અ સાવાન ન૦	અમદાવાદમા રહેતા મુબાઇના એક ગાર્ડ વેનજ મા મરમાવ થયલા વિધુર ધનાઢ્ય
નરોત્તમદાસ	અબાલ્ન ન શેઠનો જમાઇ અધુરનિ વર
માણેકલાલ	અ સાવાન શેઠનો તદ્દન બુરાપીઅન થઇ ગએલા પુત્ર
મોહનદાસ	નરોત્તમદાસનો ભાવમિત્ર
જીવરાજ	અમદાવાદના સુપ્રસિદ્ધ વૈદ્યરાજ નરોત્તમન સહાધ્ય ી
સરદાર હીરાસિંહ	પંજાબનો એક અગ્રેસર તવકદાર
શીવામ નાનાવાન કરિ	ર્ચો નાથ દાગાર મી એફ એ ડબુઝ મોહનદાસ ગાધી અનુપરામ ભોગીલ

સ્ત્રીવર્ગ

માયાવતી	અબાબાવગઢની બહન-કવિકલાવેવી ભાભની
મનુડી	અબાલાનશેઠની મોટી દીકરી નરોત્તમની પત્ની
પુષ્પા	તેની નાની બહેન

નેમ ચાકર ઇત્યાદિ

આગલા પ્રવેશોનો ટૂંક સાર

ગાંધીમન્ન શેઠ અંબાલાલના બંગલામાં અનુભોમીઓ પ્રેક્ષકોને ગાંધીજી, ટાગોર અને કવિ નાનાલાલની પ્રતિમાઓ રાંગથી ચિત્રત બનાવી રહ્યા છે. મેઘલામાં શેઠનો પુત્ર સારાભાઈ જે પારીસમાં ઝવેરીની પેઢીમાં મેનેજર તરીકે કામ કરે છે તે આવી પહોંચે છે. અને પોતાની નાની બહેન પુષ્પા સાથે વાતો કરી પિતાની પોતાના તરફ કેવી પ્રીતિ છે તે જાણવા પ્રયાસ કરે છે, અને મધુરી અને નરોત્તમના પ્રવનકલહની વાતચીત કરી પછી પોતાની મહત્તાનાં બણગાં ફુંકી, ઘુમ રહેવા ત્યાંથી ચાલ્યો જાય છે. અંબાલાલ પુષ્પા સાથે પ્રેક્ષકોના પોતાના તરફના સારા નરસા વિચારો માટે વાતચિત કરે છે ત્યાં પ્રેક્ષકોથી કંટાળેલી માયાવતી બીજા રસ્તે આવે છે. વચમાં પ્રેક્ષકો આવતાં પુષ્પા ગભરાઈને ચાલી જાય છે, અને પાછળથી નરોત્તમ પણ ઉશ્કેરાઈને આવે છે અને માયાવતી અને નરોત્તમ બંને અંબાલાલ સાથે પ્રદર્શનિથી થતા પ્રેક્ષકોના કંટાળા બાબત રસભરી ચર્ચા કરે છે; છતાં અંબાલાલ પોતાની ઉદારતાનો ડોળ છોડતો નથી, એટલામાં ઇશ્વરલાલ વૈદ્ય આવે છે. ઇશ્વરલાલની ઓળખમાં નરોત્તમ અંબાલાલ તથા માયાવતીની પ્રણાલીઓને પ્રબળ રીતે દર્શાવિક કેરવે છે અને ઇશ્વરલાલ સહિત ચાલ્યો જાય છે. એટલામાં ગાંધીજી તથા રવિબાબુના વિરોધી હીરાસિંહ આવતાં તેમની વચ્ચે કેટલીક વાદવિવાદ થતાં અંતે તે બીજાઓને ચાલ્યો જાય છે. પુષ્પા મધુરી હાસ્ય-વિનોદ કરતાં હોય છે ત્યાં નરોત્તમ આવે છે. પુષ્પા જાય છે અને નરોત્તમ મધુરીને પરસ્પરની મનુષ્યપ્રેમિ દૃઢ કરવા સમજાવતો હોય છે, પણ વિચારની વિરુદ્ધતા પડતાં મધુરી નરોત્તમને તિરસ્કારી પુષ્પા સાથે ફરવા ચાલી જાય છે, એટલામાં નરોત્તમનો નુનો મિત્ર મોહન વિદેશની યાત્રા કરતો આવા તેને મળે છે અને વાતચીતમાં નરોત્તમ તેને પોતાના પ્રવનની વાત કહેવા માંડે છે. તેમાં મધુરી તથા ટાગોર સંબંધી કેટલીક વાતચિત ચાલે છે એટલામાં ટાગોરના પત્ર તથા ફોટો આવતાં નરોત્તમ બીજાય છે. છેવટે બે દનની યુક્તિથી બંને મધુરીને વશ કરવાની માર્મિક પેરવી કરે છે.

(હવે આગળ વાંચો)

નરોત્તમ

શાબાશ દોસ્ત! તું ટાગોર બનીને, પછી ચિંતા નહીં.

મોહન

પિતા કેવી? નાટક તો કોલેજમાં અને કલબોમાં મેં ઘણાંએ કર્યાં છે—ઘણાંએ પાઠ ભજવ્યા છે, પણ જગતાજાગતા માણસનાં રૂપ ધરવાનો આ પહેલોજ લહાવો થશે. (હસીમાં) તું જોજે તો ખરો કે ચાર ઘડીમા હું તારા હરીફને—એટલે કે મને પોતાને—પાને રવીંદ્રનાથ ટાગોરને—તારી પત્નીના ચિત્તમાંથી કેવો હટાવી દઉં છું. ચાર કલાકમાં જો તે મારાથી ત્રાસી ન ઉઠે તો મારું નામ મોહન નહીં.

નરોત્તમ

તો તો તેં મારા પર અથાગ ઉપકાર કર્યો ગણાશે. પણ જો એમ કરવું હોય તો તું કમળાં જા. એ લોકો બહાર ગયાં છે ત્યાંથી કમળાં આવતાં હશે. તું આવ્યો ત્યારે તને કાગળ કોણે કર્યો?

મોહન

કોઇએ નહીં. દરવાજા ખુલ્લા પડ્યા હતા, અને સેવક પાધરા કાગળ ઘર આપ્યા.

નરોત્તમ

એટલે તને કોઇએ જોયો નથી?

મોહન

ના, કોઇએ નહીં.

બની, લાકડી, પાયરી લઈ જાય છે.]

અંબાલાલ

ચાલો એ ક્રિયા પણ થઈ ગઇ !

પુષ્પા

[હિમત દાસથી] આરતે બાપા ! નરોત્તમભાઇ ઉભે છે.

અંબાલાલ

[ચક્રમ નિઃશ્વાસ સાથે] હીંદના સ્વરાજ્યાકાંક્ષી વીરો આપણા રસાયણશાસ્ત્રીઓમાંથી કાંઇ નહીં નીકળે.

મધુરી

એમને બીજી કઇ મહત્ત્વાકાંક્ષા છે! [ટેબલ પાસે જઇ ટપાલ તપાસે છે.] ટપાલ આવી ગઇ લાગે છે.

પુષ્પા

[આજે છેડેથી સારાભાઇનો કાગળ છે કે નહીં તે તપાસતી મધુરીનો પત્ર શોધી કાઢે છે.] મધુબહેન ! તમારો પત્ર છે. [તેને આપે છે.]

મધુરી

[કાગળ લઇ] કોણએ મારા પહેલાં તે ખોલ્યો લાગે છે. મારા વરનુંજ એ કારસ્તાન. મને એ કાગળ લખવા કે લેવાની છૂટ નથી આપતા. [પત્ર વાંચી] ઓહો !

માયાવતી

કેમ શું છે મધુ ?

મધુરી

કોનાકની તસ્વીર.

અંબાલાલ-પુષ્પા-માયાવતી

[સૌ મધુરીને ઘેરી વળે છે અને ચિત્ર જુએ છે.] અરેખર !

પુષ્પા

કેવો સોહામણો પુરુષ છે !

માયાવતી

અહા ! કેવી ભવ્યતા, ગૌરવ, સૌંદર્ય ! આંખમાં શું જાદુ ભર્યું છે !

અંબાલાલ

પણ આપણે ગયા રવિવારે કોનીકલમાં જોઇ હતી તેના જેવી સર્વાંશે આ જોઇ મને તો લાગતી નથી.

મધુરી

[તિરસ્કાર યુક્ત અવાજે] કોનીકલની ફોટોગ્રાફ આપવાની સામગ્રી પર કટાક્ષ કોને છે ?

અંબાલાલ

[હજુ જોઇજ નીહાળે છે.] છે તો ખરેખર મહાપુરુષ.

મધુરી

અંગે અંગ મેં ધાર્યું હતો તેવોજ. સાક્ષાત્ રતિપતિની નકલ છે.

અંબાલાલ

[નવી ચિંતામાં] પણ આ તસ્વીર તેં મંગાવી તેમાં તારો વર શું કહેશે ?

મધુરી

[તિરસ્કારથી] ઓ ! મારા વરની પરવા નહીં. એટ તો એ કે એમણે આપણા સૌથી પહેલાં ફોટોગ્રાફ જોયો લાગે છે, કારણ એમના વિના બીજું કોણ મારો પત્ર ખોલે ?

અંબાલાલ

મને તો આમાં તોફાનનું બીજ ભાસે છે. [નરોત્તમ અર્ધવસ્ત્ર અવસ્થામાં જતાં દેખે છે.]

પુષ્પા

રહેવા દો, બાપા ! નરોત્તમભાઇ જતા લાગે છે.

નરોત્તમ

[ઉપરથી ઉતરતા દેખાય તેમ આગળ આવી

મધુરી

[અચાનક ભુમ પાડે છે.] ઓ! [કોચ પાસે ઉભી હતી ત્યાં ધબ્બ દઇ ઢળી પડે છે.]

પુષ્પા-માયાવતી

[સાગટીજ] શું થયું બહેન?

મધુરી

[એક ક્ષણ પછી ઢળી વળી હોય તેમ] કૈ નહીં, સહજ જરા છાતીમાં ઓચીંતો દુખાવો થઇ આવ્યો.

માયાવતી

[મોહનદાસને] કવિરાજ! મારી આ ભત્રીજી મધુરી આપની અનન્ય કૃતિથી જેવી મોહ પામી ગઇ છે અને આપને આજ અહીં અભ્યાગત જોઇ જોઇતી સંતુષ્ટ થઇ છે કે એના આનંદનો ભાર એ પોતે પણ ઝીલી શકતી નથી.

મોહન

[નૈસર્ગિક સભ્યતામાં રોણ કથાયો હોય] અસ્તાએ પણ હું મી-[ઘુધારે છે] મધુરી કુમારીને દુઃખકર્તા બન્યો દેખી તો હું મને સદાનો હતભાગી ગમશઇશ.

મધુરી

ના જી. કવીશ્વર, એમ સમજશો મા. કોઇ બા કહે છે તેમ આપની ચરણરજ-અભ્યાસિકાને આનંદ-ગ્રીમિંજ બાપી છે. [તેના સામે અનિમિષ લોચને જોઇ રહે છે.]

મોહન

[ઓળખાણ કરવામાં ભારી એક પુષ્પાજ રહી ગઇ છે. તેના સામે જોઇ] મારા પણ સહજાત્ય કે.....

અંબાલાલ

[તેના મનનો વિચાર પારખી] આ મારી નાની દીકરી પુષ્પાકુમારી. મધુરી-મીસીસ નરોત્તમ-મોટી છે. [મોહન પુષ્પાને નમે છે; પુષ્પા પણ સવિનય નમસ્કાર કરે છે.] આપ આસન લોને મહાશય!

[મોહન પુષ્પાની તદ્દન કોચ પર બેસે છે. પુષ્પા પણ તેજ કોચ પર ચુપચુપ બેસી જાય છે. મધુરી મોહનને જમણે પાસે ખુરશી લઇ બેસે છે. માયાવતીએ પ્રયાસ તો કર્યો, પણ ન બન્યું એટલે પુષ્પાની ટાણી બાજુએ બેઠવાય છે. અંબાલાલ શેક સામે બેસે છે.]

મોહન

[એક પલ મૌન રહે છે. કંઇક સમજુતીની જરૂર જણાય છે.] વાયદાથી હું વહેલો આવી લાગ્યો તેનું કારણ આપને જણાવ્યું તેમ મને મારા પુરાણા મિત્રો, પરિચિત સ્થાન જોવાનો લોભ લાગ્યો હતો તેજ-પણ તેથી કંઇ આપને કોઇ રીતે હરકતકર્તા થવા નથી ઇચ્છતો. તમને જાણ્યા પીછાણ્યા વિના હું તમારી સભ્યતા પર આધાર રાખીને આવ્યો છું, પણ અમે કવિલોક નિસર્ગતઃ અદંભાવથી ભરપૂર તો પણ મેં આવા, આટલા સ્વાગતની પણ નહોતી ગણી.

મધુરી

[પુષ્પાને ઢબકોથી] કેવું મનહર બોલે છે!

અંબાલાલ

કવિવર! આપને મેં ઘમણાંજ જણાવ્યું તેમ આ ઘર આપનુંજ સમજો તો અમે સૌ કૃતાર્થ થઇશું.

મોહન

આપની આવી સભ્યતાનો માનવો મનાદર કેમ થાય? જો આપ પધાર્યા આવો તો મારે અહીં વર્ષો પર કુબેરની એક મોટી જાહલોબોલીયાની કોપ કરવી છે. એમાં એક નાટકકારની જરૂર કંઇક છે, અને તે મારે માટે પુસ્તક પ્રસિદ્ધ કુનાર

હવે જરૂ ખ્યાલ કરે છે બાપ કરી કૃ પા ।
હોરેલમા જાર રહીએ

અમાદાવાદ

હોરેલમા આશુજી ! આ રૂ જને આપ
હોરેલમા રહો તો તા અમારી અધોગતિ
આપને કારેલ
લી ગમ રહે
અમે આપનુ નામ
માત્ર પણ નહી
કરીએ

મોહન

આપની માયા
અપરંપાર પણ
રહસ્ય

આયાવતી

નહો હો
મંદિર જ અમને
આપવા દયાનનો
લોભ હતો તે તો
દુરો થયો પણ
આપની પાનરી
ફૂ અમર થકરો
અવશ્ય કયાના
કોઇ જે ત હોરેલ
મા જઇ રહીએ તો
કેમ પુ। થાય ?

મોહન

વાર લાગે
પણ કહો તો,
અપમાની કરવાની નથી મનોભાવ સ્પષ્ટ
કરવાનું જરૂર જેવુ છે કે ?

મધુરી

દાજી આર કહો છો તેવુ એક બરાબર
આવ્યુ , વચમા આવ્યુ છે ખરુ, અને તે મે
આપવી રાખ્યુ છે પણ આપનીજ હસ્તલિખિત
એ નોધપોથી હરી જાય મે કરીએ મન્યુ
નહોત

અમાદાવાદ

મારી પુત્રાએ આપની સૌ વસ્તુઓ ચોકસ



મધુરી કે ચ પ ર ફની હતી ત્યા બળદ ઉ રે ખી જ

હરી એક અજાન્ય સમરણશાલ રચાપી દીધુ છે

મોહન

એ સમરણ ચિહ્ન કરાવવાની મારી
વૃત્તિ નથી માત્ર જો આગીસ નરેશ્વરમ્ જ્ય
આપશે તો હુ તેમાની થોડીજ જગ્યા ઉપયોગ

કરી જોથી ; પુનઃ એમને હવાલે કરીશ.

[આગળથી વૈદ્યરાજ જીવરાજ આવે છે.]

જીવરાજ

આજ તો આપનો બહુ અનુગ્રહ થયો છે અંબાલાલ શેઠ ! પ્રયોગ પણ સફલ નીવડ્યો છે. હવે કુશલ લહરશે. [બાજુએ દાગોરને—મોહન-દાસને—પહેલીવાર બારીકીથી જોતો હોય તેમ] અહો ! આ કોણ ? મહાશય રવિશાળુ ?

મોહન

[સ્વગત] આ બીજો બલા ! કોણ છે ? [મોટેથી] હાજી ! એજ ગરીબ...

જીવરાજ

[મોહન સાથે હસ્ત ગોલાવે છે અને તેમ નંબારથી સમજાવે છે] કવિરાજ ! મારા જેવા રંક વૈદ્યની અલ્પતમ સેવા આપના નગરમાં આટલું સ્થાન રાખી રહી હશે એવી આશા કેમ રખાય ? સામાન્યતઃ મોટા માણસ-ની બદશકિત અતિ નાની હોય છે. મારા મિત્ર નરોત્તમે મને કહ્યું ત્યારથી મારું કામમાં-થી પણ ચિત્ત ઉઠી ગયું હતું.

મોહન

[હવે સમજ્યો—હાજી . તરત તો વાદળ વીખરાયું] તમને વીસરે ? ડાકતર ! એ અનેજ કેમ ?

[બહાર બારણે નરોત્તમ આવે છે.]

માયાવતી

[આસ્તેથી મધુરીને] મધુરી ! તારો વર આવ્યો. જોજે, એ કંઈ કાચું ન કાપે.

મધુરી

[હસતાં] ઓ પ્રભો !

માયાવતી

મને દુઃખ આપું તેવું કરી વાત વણસાડે નહીં તોપણ સંતોષ.

[મધુરી સાન કરી નરોત્તમને પોતા પાસે બોલાવે છે. ને તેને હાથેથી ભલામણ દેતી જણાય છે. એ ત્રણે જણ વાત કરે છે તે દરમીઆન જીવરાજ અને મોહન પણ આસ્તેથી સમજુતી આપવે કરે છે.]

જીવરાજ

મને નરોત્તમે આપની તબીર કહી બતાવી છે.

મોહન

સમજ્યો.

જીવરાજ

હું તમારી દોસ્તીનાથી કંઈક કરું છું—બીચારા નરોત્તમનું સુખ સાધવાના પ્રસંગમાં. અને યથાશકિત સહાય પણ કરીશ.

નરોત્તમ

[ભલામણનો ઉત્તર વાળતો હોય તેમ. મોટેથી] એટલો પણ વિશ્વાસ નથી ? સામા-ન્ય સભ્યતા પણ વીસરી જવાશ ? ગમે તેવો શત્રુ અતિથિ થઇ આવે તો મારાથી અતિથિ-ધર્મ કેમ ચુકાય ?

અંબાલાલ

[મોહનને] આ, મારા જનમાતા—પ્રોફસર નગીનદાસ—અહીંની ગુજરાત પાઠશાળાના રસાયણશાસ્ત્રના અધ્યાપક.

મોહન

આપની પીછાનથી પરમાનંદ થયો, નગીન-ભાઇ ! [હસ્તમેલાપ અને તારામૈત્રક.]

નરોત્તમ

[કરગરીમાં] આપની બહુ મહેર છે કવિરાજ !

નરોત્તમ

તમે અને હું—આપણે બંને વચ્ચે માનવ-સૃષ્ટિ સરજ સવિભક્ત થઇ ગયા છે. આપને



આવજો

મધુરી ત ા વ અ ો ર અ ુ ન ય

ારી ં વિજાન મ રે
આધ્ય ્મિક , વિચ ર
મ નહીં ારુ

મધુરી

[પુ પાને અ રથી
આમ અમી ્ર તું મોહત
ત ા નની મ્યારે
રીજ ો ?

માદન

ય ્ ર ્ર રજા
આપો મ ા મે થ ા
છે ન ્ર ર છે

મધુરી પુષ્પા

[નમરીજ] ઓ
અ માવા ન

ન ્ર ્ર ને ્ર રી
સ્વર ્ર આનાથી
્ર ેમમા નહીં ્ર ્ય ય

ઇશ્વરરાજ

નહીં ્ર પડેનો ્ર ્ર
મારો મારે ઘર
ત્ય

મધુરી

[અ ્ર નેથી નરોત્તમને તમે ્ર કે ્ર ન
્ર અ રે ્ર ય !

નગોત્તમ

[તેજ મ ્ર સ્વરે] ા મ ટે મારુ ્ર યેજ
્ર રવા !

પુષ્પા

[્ર જ સ્વરે] ન મારીને ખુશ ્ર વા

નગોત્તમ

[મે થા મોહનને] ના બધુ અ
ઘર છોડી આપનાથી ્ર મ ય જવાય નહીં
રેલ્વે ્ર ને ા પણ નહીં અને ્ર ેરોપ્લેમા પણ
નહીં આ જ ા ઇશ્વરરાજ અમ ગજ ્ર ્ર ેમ ન
થવુ પડ

ઇશ્વરરાજ

અહીં ત ્ર ર ્ર નુ જોર છે અને ્ર ત્રિ
્ર જ સ્ત્રીઓની અવગા ્ર ર નહીં એ સે ્ર
ખાતે મારો ઘર ્ર ્ય રહીને પુ

મોહન

આટલી માયાથી આમંત્રણ થાય તે તુચ્છકારું તો મારા જેવો કર્મચાંડાલ કોણ?

નરોત્તમ

પધારો કવિરાજ, આપનો આવાસ પવિત્ર થયો.

માયાવતી

[આસ્તેથી મધુરીને] વાહ! આ વિવેક નરોત્તમને ક્યાંથી ચુક્યો?

મોહન

[વૈદ્યરાજ સાથે હસ્તમેલાપ કરી] ત્યારે શું ચાલે છે, વૈદ્યરાજ!

વૈદ્યરાજ

નમસ્કાર, મહાશય! [સૌને નમસ્કાર કરતો નથી. મોહનને લાગે નરોત્તમ જમણો ત્યાંથી જવા લાગે છે.]

પુષ્પા

[નરોત્તમને પ્રસારત કરી થોભાવે છે.] કેવી ઢબે જમવા બેસવું છે? અંગ્રેજી કે દેશી? હું તેવી ગોઠવણ કરાવું.

અંબાલાલ

દેશીતો.

નરોત્તમ

નાજી, ટાગોર કે ગાંધીજી નથી. એને તો અંગ્રેજજ વધારે માફક આવશે. અને આપણો તો ધર્મ છે કે આવા પનોતા પરોણાને પસંદ પડે તેમજ કરવું.

અંબાલાલ

[સખેદ] બહુ સારું, ત્યારે એમ કરો. [નરોત્તમ જાય છે.]

માયાવતી

ત્યારે તો સૌને વસ્ત્રાલંકાર પણ રીતસર બદલવાં પડશે.

મધુરી

હું કઈ સાડી પહેરું?

અંબાલાલ

સૌને ફાવે તેમ કરો, હું તો ખાદીનું પહેરણ પહેરી બેસવાનો.

માયાવતી

ખાદી! આજે!

પ્રથમાંક સમાપ્ત.

[આ રસિક નાટકનો બીજો ભાગ આવતા અંકમાં]

હૃદયોદ્ગાર કરણ રવ રેડતાં હશે! હશે. અમે આગળ ચાલ્યા.

મારી જોડે ચાલનાર વ્યક્તિએ જરા ઊભાં રહી મને પુછ્યું: "શું જોયું?"

"કંઈ નહીં, સંસારમાંના હર્ષ અને દુઃખનું ચિત્ર આ સ્થળે દેખાય છે." મેં કહ્યું.

"દુઃખ અને હર્ષનુંજ કે?" એણે પુનઃ પ્રશ્ન કર્યો.

"ત્યારે વિશેષ શાનું?" મેં પુછ્યું.

"ત્યાગનું" એણે કહી દીધું.

હું ચમક્યો. જે વસ્તુને શોધવા હું જંગલમાં જતો હતો તે વસ્તુને સંસારમાં જોઈ હું આશ્ચર્ય પામ્યો. તે અજાયબીને ઓછી ન જોતો જોતો હું વિચારોની તરંગાવલિમાં તણાયો.

"શું વિચાર કરો છો?" એણે ચલાવ્યું: "અબલાઓમાં ત્યાગ નથી જોતા કે શું?"

"અબલાઓમાં ત્યાગ! તમે કેવું બોલો છો! એ સંભવે પણ કેમ! જ્યારે સબલજનો ત્યાગ કરતાં ઈચ્છે છે ત્યારે અબલા ત્યાગ કરે! નહીંજ બને!" મેં કહી દીધું.

"આપું પુછો તો ત્યાગ એક અબલામાંજ છે. કહ્યું છે કે:—

"ત્યાની થળા છે પણ ત્યાગ...
"પવિત્ર એ સર્વ થીએ દીઠે, કથાં
"જેને કહીએ-'તત્વું' કરે તે
"બાળી અબોલી કુમળી વનિતા."

મારાં નેત્રો ને દૂર પહોંચી ગઈલી દિવ્ય મૂર્તિને જોવા લાગ્યાં. ને અબલા સબલા જણાઈ. તેના ત્યાગનો મહિમા પ્રત્યક્ષ દેખાયો. એટલામાં એક કવિની રચના યાદ આવતાં તે ગાતો ગાતો હું તે વ્યક્તિ જરા આગળ વધ્યો.

"ત્યાગી સર્વે અબલા બાળા
મત ને તાત, બંધુ
"હેતે હૈયે સતત ભરતી,
પીયુનો પ્રેમસિંધુ
"પાળોપોષા વિમળ મધુરાં,
બાલુડાં વંશ વેલા!
"આપું શું એ તપ તમ દીસે
બોલ બાળે તપારો."

ફરતાં ફરતાં અમે એક નિર્મળ નદી પાસે આવી પહોંચ્યા. તેનું શરીર શ્વેત હતું. તે મદાવેગે પ્રિય ઉદધીનો ગળાવા જતી હતી. તેમાં યુવાનીના તરંગો પ્રતિક્ષણે આવત હતા. તેની ગતિ ચપલ હોવા છતાં નવવધૂના ગંભીર ગમન જેવી હતી. જાણે ગંભીરાકર સાગરની પ્રિયા સાગરમનીજ * હોયને!

તે નદીના તટે એક આશ્રમ દેખાયો. જાણે પવિત્રતાજ આ સ્થળે તપ આચરવા આવી જેવું હોય! મેં મારા મિત્રને પુછ્યું: "આ આશ્રમ કોનો?"

"એક ત્યાગીનો." એણે હિમત કરી કહ્યું.

"ત્યાગીનો! એમણે શાનો ત્યાગ કર્યો છે?" મેં કુતૂહલપૂર્વક પ્રશ્ન કર્યો.

"એ સર્વસ્વત્યાગી છે. દુઃખમાં જેને તમે ત્યાગમાં નથી ઇચ્છતા તેનો એમણે ત્યાગ કર્યો છે."

"સ્વાર્થતાનો ત્યાગ! ધન્ય છે એવા વીર નરને! એમનું નામ?"

"મહાત્મા મોહન!"

"અહા! મનમોહક મોહન! કેવું સુંદર નામ ને કેવું સુંદર સ્થાન! ચાલો તે મહા ત્માનાં દર્શન કરીએ."

* સાગરની નદી.

"આ આશ્રમ અનુપમ છે!"

"અનુપમ કેમ ન હોય? પૂર્વે મહર્ષિ દધીચિએ આજ સ્થળે દેહનો ભોગ આપેલો."

"દેહનો ભોગ! કોને માટે!"

"દેવોના હિતાર્થે."

મારી ઇચ્છા હતી કે હું મહર્ષિ વીશે કંઈક પુછું, પણ ત્યાં કિશોરના એક જણે ઉત્સુકતા-પૂર્વક પુછ્યું: "બાપુ! એ મહર્ષિ કોણ હતા?"

બાપુએ કહ્યું: "પૂર્વે આ બળખળ વહેતી નદીના તટે મહર્ષિ દધીચિ પોતાની પત્ની સાથે આશ્રમ બાંધીને રહ્યા અને રાજ-કવિ કલાપીના કથનાનુસાર—

"ૐકારના રટનમાં દિન બધ વહ્યા'
એકાગ્રચિત્તથી ભર્જ પરિગ્રહ રાગ."

એમના દિવસો સુખમાં જવા લાગ્યા.

એક દિવસે પુરંદર જોડે સર્વ દેવો આવી પહોંચ્યા. એમણે મહર્ષિને જણાવ્યું કે: "મહર્ષે! વૃત્રાસુર નામના રાક્ષસથી ત્રસિત દેવોને આપના અસ્થિઓની જરૂર છે માટે કૃપા કરી તમારાં અસ્થિ આપો તો ઘણું લોકમાં ત્રસિત જનોનું ભલું થાય!" મહર્ષિએ હા કહી.


"યોગે યોગ્યો ત્યજી મનને દેવકાજે સુખેથી"

અને થોડીક વારમાં તો—

"આત્મા કેરા શરીરને સ્વર્ગધામે સધાવ્યો."

આટલું બોલતાં બોલતાં બાપુનાં નેત્રોમાં અશ્રુબિંદુ આવ્યાં અને તે વિશેષ બોલી શકયા નહીં.

અહા! 'ત્યાગ'! તે ક્ષણે મેં ત્યાગને દીઠો! ત્યાગીઓના ત્યાગને સંભારી રુદન કરતા એક ત્યાગીને જોયો! મને તે ત્યાગીનાં દર્શન માત્રથીજ જ્ઞાન થયું કે આવા ત્યાગીઓ સંસારમા પણ છે. હું જંગલમાં જઈ નવો ત્યાગ કયાંથી પ્રાપ્ત કરી શકત?



જોવાનું એને રહ્યું, કેવું કામ કરે છે એટલુંજ આપણે જોવાનું છે."

કારકુનનો લાંબો ચહેરો સહજવાર નિસ્તેજ હતો તે વધારે નિસ્તેજ બન્યો. એનું હૃદય ઉંડો નીઃશ્વાસ હતું. પંદર વર્ષનો હતો ત્યારથી તે કારકુન રહ્યો હતો. તેણે કાળાધોળાં કરીને તો નહીં, પણ અનેક અધિકારીઓ નીચે અનેક સ્વભાવ રાખીને શીરસ્તદારી મેળવી હતી. ઓટલે એનામાં પોતાનું તેજ કે પ્રભાવ પડે તેવી શક્તિ ન હતી. છતાં કુદરતી ગરીબ સ્વભાવ હોવાથી સારું કરવા તરફ વલણ રહેતું. સાહેબના દોડની સખ્તાઇ જોઇ એ વધારે નરમાશથી બોલ્યોઃ

"લૈયો બદ્રીનાથ સાં પચીસ વર્ષથી નોકરી કરે છે."

"એની ઉંમર કેવડી છે?"

"હશે આશરે સત્તાવન અઠ્ઠાવન."

"ત્યારે હવે એ કામને માટે નાલાયક છે!" સાહેબે જવાબ વાળ્યો. સાહેબના મગજમાં અત્યારે અધિકારનું તોફાન છવાયું છે એ ચતુર કારકુન સમજી ગયો અને તેથી બીજી વખત વાત કરી તે મૌન ધારી રહ્યો.

એવું બન્યું હતું કે રંગપુરના સ્ટેશનથી બેટે દૂર–આશરે બે ગાઉ માણસ–રેલવેની સડક જાહેર સડકને કાપીને જતી હતી. એટલા માટે ત્યાં એક માણસ રાખવામાં આવ્યો હતો. બદ્રીનાથ લૈયો આજે પચીસ વર્ષ થયાં, ઓનામ્બે જડ જજરજસ્ત લાકડાને આડું ઠસાવતો ને ગાડી બન્ધ ઓટલે ઉભું કરતો. પણ સુરતસુકથી બોડા વખત પહેલાં અકસ્માત બનતો રહી ગયો હતો. આજે રંગપુરના સ્ટેશન પર ડીવીઝનલ સુપ્રીટેન્ડંટ, ડીવીઝનલ ઇન્સપેક્ટર ને કારકુનો એજ વાત કરી રહ્યા હતા.

સ્ટેશન પર ગાડી આવી ને સાહેબ પોતાના ડબ્બામાં ગોઠવાઇને બેઠા. બેસતાં બેસતાં પણ એના તુમાખીજી સ્વભાવને આનંદ આવતો હોય તેમ વારંવાર તે એની એ વાત કરતા હતા.

"એ જગ્યાએ કોઇ અનુભવી અથવા બેવડે બપલ્લ માણસ નીમજો!"

એવા છેલ્લા શબ્દો ગાડીની સીમેટીમાં ડૂબી ગયા. બંને નીચલા અધિકારીઓએ સલામ કરી ને ગાડી રવાના થઇ ગઇ.

શીરસ્તદાર વિનાયકરાવ હમેશા સીધી સડકે બે બબ્બ માઇલ ફરવા જાતો. એની રુપાળી ઘોડાવાલી લાકડી, દક્ષિણી પાઘડી ને જુનો બનાવી રાખેલો રેશમી દુપટ્ટો આ રસ્તા પર નિયમિત છેલ્લાં દસ વર્ષ થયાં મુસાફરી કરતાં. બદ્રીનાથની ઓરડીએ જઇ તે બે ઘડી બેસે ને રાવસાહેબને આવેલા જોઇ લૈયો પણ પોતાની નાનીશી વાડીમાંથી બહાર નીકળી, થંડું પાણી ભરી પાસે મુકે. પછી બંને પરદેશીઓ - સુખદુઃખની વાતો કરે ને એમ દિવસ ચાલ્યા જાય.

આજે વિનાયકરાવનાં મંદ પગલાં એ તરફ વળતાં હતાં. ધીમેધીમે એ ત્યાં પહોંચ્યો ને લૈયાને ન જોઇ કંઇક આરામ પામી, પોતાના હમેશના ઓટલા પર બેઠો. ઉંડો વિચાર કરતો તે લૈયાની સુંદર કૃતિ જોઇ રહ્યો. લૈયાએ પોતાની ઓરડીની પાછળ વાડા જેવું કરી એમાં ગલ, ગલગોટા, કરેણ, કેળ ને જોપેપ વાવ્યાં હતાં. એક કારેલીનો માંડવો ને વાલોળને માંડવો પણ બનાવ્યો હતો. ઓરડીના દ્વા પાસે થોડાંક મરચીનાં રોપ, અજમો કોથમીર ને તુલસીનો કયારો હતા. તેમજ આગળના ભાગમાં બે ચાર નાનાંમોટા ઓટલા પર વેલની જુદીજુદી જાત ચડાવી



"સાહેબ હવે ઘરે જવાનો સમય થયો છે" બાજુ ઉપરનું ચિત્ર જુઓ

આવ્યા જેવું કરી લીધું હતું એટલે ચારે તરફ ચોકીદાર જેવી બાજીઓ બાંધી હતી અને બીજા બનાવી હતી ને નીચે જમીન પર પાણી ફુલ જેવી સરસ ગાદી કરી હતી એ જોવાની એક બહુ સારી આબરૂ બંધાઈ હતી વિનાયકના ભેયાનું ઘર અને તેનું કામ નિશાન બનેલ રહ્યા

એટલામાં ભેયાના ઘરમાંથી એક બાજુ જોરથી છોકરી બહાર નીકળી વિનાયકને જોઈ એ એકદમ પાછી અંદર ગઈ ને તેનો સ્વર સ્પષ્ટ સંભળાયો

"ભૈયા દાદા બહાર તાકેકે રહું"

"કેમ છે?" કહી ભૈયો બહાર આવ્યો

આવે આવડો મોટો થયો નથી હજી તેવડા વિનાયક પણ એકદમ બાજીઓ થયા આ તો દાદા હતા એટલે વિનાયક રાવ હશે એ ગામમાં બધાં નહોતું બહાર આવતાજ તેણે વિનાયકરાવને ઓળખ્યા

"ઓહો! પાની! છોકરી આ તો આપણા રાવસાહેબ છે કયા પરથી લાવ્યા ચાલો. ! જોઈ પોતાની હમેશની ટેવથી વિનાયક પાસે જઈ ઊભો એ બધું બીવાઈને બન્યા એના જેવા રાજીનો બધાં બનાવી દેવા લાગ્યા

વિનાયકનું ઘરનું ચીસ રહ્યું હતું

ભૈયાને આ જગ્યા પર કેટલો પ્યાર છે એનો પૂરો ખ્યાલ આજેજ તેને આવ્યો. આસપાસ બોરની વાડ હોય, બાવળનું ઝાડ હોય કે બોરડીનો છોડ હોય, પણ દરેકે દરેક ઝાડને કલાનિધાનમાં પોતાનો ભાગ આપતું કરી ભૈયાએ એ ઘડી હરી જવાનું મન થાય એવી સુંદર નાનીશી વાડી બનાવી હતી.

પણ આજે વળી તેણે એક નવું દૃશ્ય જોયું. ભૈયાએ વળી કોઇક વાડીવાળાની છોકરીને પુત્રી જેવા લાડથી બોલાવી. વિનાયકને આ દૃશ્ય નવીન લાગ્યું, કારણકે પાનીને આજેજ તેણે જોઇ.

"આ છોકરી કોની ભૈયાદાદા?" આજે વિનાયકરાવ 'ભૈયા' એમ ન કહી શક્યો.

"આ વાડીવાળાની છે. બીચારી આઠ દિવસ થયાં બકરી દોહી દે છે. એનું ઇશ્વર કલ્યાણ કરે!"

પાની ઠંડા પાણીનો ચળકતો લોટો લાવી હતી. નાની બાર વર્ષની છોકરીની આંખમાં કાજળ જેવું સુરેખ આવી રહ્યું હતું કે વિનાયકરાવની દૃષ્ટિ ત્યાં જ એ કલાનિધાન પર ચોંટી ગઇ!

"ભૈયાદાદા! હવે હું જાઉં છું હોં!"

"ટીલાણીને દોહી?"

ટીલાણી ભૈયાની બકરીનું નામ હતું. ભોળા વૃદ્ધ ભૈયાએ ટીલું જોઇને તેનું નામ ટીલાણી પાડ્યું હતું. એવાં નામ માણસનાં થતાં હોય તો માણસ પશુ કરતાં સારો લાગે! તેમજ કયા નામ નવા ગુણ આપે.

"હા ભૈયાદાદા!"

"ઠીક બા. કાલે વહેલી આવજે હોં!"

પાની ચાલી ગઇ. પણ થોડી વાર ન થઇ ત્યાં પાછી ફરી: "ભૈયાદાદા! ચાર દિવસ પછી દીવાળી છે તમારે લાપશી બરાવવી નથી?"

વૃદ્ધ ભૈયાને જીવનમાં આનંદની ચૂકો આવી લાગી. તે બરબોલ: "અરે! ટીકરી! મારે લાપશી શી!"

"એમ કેમ હોય? ભૈયાદાદા! બો જમશે, જુટશે ને તમે કે નહીં કરો?"

વિનાયકરાવે નિઃશ્વાસ મૂક્યો.

"ઠીક, લે થોડાક ઘઉં લેતી બા. પણ બહુ જગા ભરાતી નહીં હોં!"

"ના દાદા! હું તો હવે જાણ ભરું છું."

પાની ગઇ. કરુણાની નાની છોકરી ભૈયાને આટલી મમતાથી આવી રહી હતી તે વિનાયકે આજે જ જાણ્યું. એણે ધીમેથી પૂછ્યું:

"ભૈયાદાદા! આ નોકરી તો હવે તમે મૂકો!"

"હવે મારે કેટલાં વર્ષ કાઢવાં છે!" ભૈયાએ જવાબ વાળ્યો, "બહુબહુ તો પાંચ."

"એટલે જ કહું છું કે હવે ભજન કરો!"

"હવે આજ આટલી અવસ્થાએ કોને આશરે જાઉં? છોકરો પ્લેગમાં ગયો, છોકરાની વહુ ભાગી ગઇ. હવે એકનું પેટ છે તે ભગવાન દેહ ઢાંકે ત્યાં સુધી કામ કરવું ને ખાવું." બદરીનાથે જવાબ વાળ્યો. વિનાયકરાવનું અંતઃકરણ ભૈયાના જવાબથી વધારે ને વધારે નરમ બનતું હતું.

તે સાંજે ઉઠ્યો ત્યારે એને એવું લાગ્યું કે ભૈયાને એની વાડી પર માથી પણ વધારે પ્રેમ હતો.

બીજે દિવસે કારીક સુપ્રીન્ટેંડેંટ બરાબર નિયમસર ઑફીસમાં હાજર થયા હતા ને સામે પોતાનું શિર ઝુકાવીને વિનાયકરાવ ઉભો હતો.

"કેમ રાવ! તમે ભૈયા બદરીનાથની જગ્યા એ કોને દેવો છો? મેં જોયું એ ડોસો બધો વખત આખ્યાં મોદથામાં ગાળે છે!"

નાઈએ પોતાની બાદશાહિત માટે કારકુને અન્યાયની પમાડવાની શરૂઆત કરી ને વાત ના જેવી ખુની આબરૂ તે વિનાયક તરફ તાકી રહ્યો

વિનાયકના મનમાં ભાગ્યગડ ચાલતી હતી એક વખત તો બીમારીથી બેબાકળા કારકુન પણ દેખાયો, પણ તરતજ એના હાથપગ ધ્રુજવા લાગ્યા ને તેણે સાહેબ તરફ નજરો સલામ ભરી

ઉડી ગયા પોતે ભુલ કરી તે તે સમજી ગયો ફેરવી તોળવાની કવાયત તે પાવરધા દોરાથી તરત બોલ્યો "સાહેબ એ તો હું બીજા જ વિચારમા હતો એવા મદીનાથની જગ્યાએ મજુને જોઇવતા બીક પડશે

દા' અને બૈયાને ચાલીસ રૂપાકની નોટીસ આપી દો "

બહુ સારૂ ! શીરસ્તદાર વળીને સલામ ભરીને સદાર ચાલ્યો ગયો



આ નાની ઓરડી તે બૈરાંહઠના દરીદ્ર પાત્ર એ કહ્યુ ને સાબર જ્યા ચીજોના જ્યા આંચકા ૬ ૧ જ

વિનાયકરાવ ! ' ટીખાડા ઉદરે રમાડતેમ ટેને રમત શરૂ કરી 'નમે શુ કર્યુ !

વિનાયકે વિચાર કર્યો ને અરધા જુઠ્ઠમાન અપ્યો શુ સામા તે બોલ્યા એ નહીં મને !'

સાહેબે હોઠ કરડવા હે

હવેથી નુકશાની નિમકહલના તાનાનુ ન જમાવવા લાગી વિનાયકના હોમકોમ

પણ વિનાયકે જરૂ બૈયાને કુંક મારી બીજે દિવસ બૈયાને મદીનાથના હજુરમા લાવવા માટે એક દરપો તેણે મોકલ્યો રોસા દરજ્જર થયો સાહેબ પાનના ઓરડામા અધિકારીના રૂઆબથી હજી બેઠક વધુ ભોડો હતો

' તુમારા નામ મદીનાથ ' '

"જી હા."

"તુમ બડા ભુદ્દા હુઆ. સરકારકી ખુબ નોકરી કી. અબ તો આરામ ચાહીએ!"

"જી હા. ઘોળાં નોકરીમાંજ આવ્યાં!"

"અચ્છા."

અને સાહેબ અદ્રીનાથ તરફ જોઇ રહ્યો. અદ્રીનાથ એક ડગલું આગળ વધ્યો, "સાહેબ! હવે ઘરટે ઘડપણ શા માટે ભવ બગાડો છો? આજ હવે મને કોણ સંધરે?"

"ટોસા દીકરો છે ને?"

"જી ના. પ્રેગ....."અદ્રીનાથ વધારે બોલી શક્યો નહીં. "મારું ઝુપડું ને ઝાડવાં એ જ છોકરાં છે. હવે બેચાર છેલ્લાં વર્ષ ત્યાં ગાળવા દો!"

"A fool sentimentalist (મુર્ખ! રોતલ!)" સાહેબે ટોસાના શબ્દોને માનસશાસ્ત્રમાં જોખી જોયા.

"ઠીક. એ વીશે વિચાર કરીશું, જોશું. કમણાં જાઓ." સાહેબનું છેલ્લું બોખેલું વાક્ય આવ્યું. આ શબ્દ બોલે ત્યારે એની મુત્સદ્દીગીરીની ટોચ આવતી.

લૈયો અદ્રીનાથ ધીમે પગલે પોતાને ઝુંપડે ગયો. જે જમીન સાથે પચીસ વર્ષ બાળકના જેમ તે રમ્યો હતો તે જમીનને હવે થોડા દિવસ માટે છોડતાં એનું હૃદય હલબલ ધ્રુજતું હતું.

બીજે દિવસે વિનાયકરાવ ફરવા ગયો. અદ્રીનાથની નોકરીનો આ છેલ્લો દિવસ હતો. લૈયો ઓટલા પર જ વિનાયકરાવની રાહ જોતો હતો.

"કાં કે થયો અરજ?" એણે વિનાયકરાવને આતુરતાથી પુછ્યું.

"તમારે જવું પડશે!"

અદ્રીનાથ ગળગળો થઇ ગયો, પણ તે હીમતમાં આવીને બોલ્યો: "કાલે સવારે?"

"હા."

અને વિનાયકરાવ તરતજ લૈયાના પગમાં પડ્યો!

"અરે! અરે! રાવસાહેબ! આ શું?"

"લૈયાદાદા! અહીંથી પરભાર્યા કાલે માં ઘેર આવજો. મને તમારા છોકરા જેવો માન ત્યાં રહેજો."

"અરે રાવસાહેબ!" લૈયો રીકું હસ્યો "એ તમારી ઉદારતા છે, પણ હું આટલામાં જ આ જમીન પાસે રહીશ."

વિનાયકરાવે ધાર્યું કે બીજે દિવસે લૈયાદાદાને બરાબર સમજાવીશું. અને ઉઠ્યા ત્યાં લૈયો આંખમાં આંસુ સહિત વિનાયકરાવને ભેટી પડ્યો. બીસાડીનાં બે જણ બચ્ચાં એના વૃદ્ધ શરીર પાસે અટવાતાં હતાં.

"રાવસાહેબ! આ તમને જોયું છું કે વૃદ્ધ એટલું જ બોલી શક્યો ને પછી છુટા પડ્યા.

બીજે દિવસે સવારમાં દિવસ ન ઉગે. વિનાયકરાવ આવ્યો હતો. પાની પણ આ દોહી લેવા હાજર થઇ હતી. વિનાયક ઓટલા પર બેઠો, કારણ કે લૈયો હજી આવ્યો નહીં હતો. ચાંતે ચાકરને પા બારણું બખડાવ્યું, પણ બારણું તો ખુલ્લું જ

"લૈયાદાદા! એ લૈયાદાદા!" કહ્યું છોકરીનો આણુ સ્વર રીમમાં, એ હોવાથી બહુ સ્પષ્ટ અસર કરતો હતો.

"લૈયાદાદા! ચાલો ચાલો, ટીલડી ચો

લૈયાદાદાએ જોવાજ આવ્યો નહીં!

પાની વધારે મેરે સાદ બોલી ' અને આ તમારી દીવાળીની લાપસી, દાદા !

આ વખતે વિનાયકરાવ ઉઠીને ત્યાં આવ્યો ગુપડામાં બાઝ ને બાઝડ વૃદ્ધ બેંયાદાદા ઓઢીને નીરાતે ઉંઘતા હતા એના શરીરને ઘસીને બાંધાડીના બચ્ચા બેઠી રહ્યા હતા ને બકરીના બચ્ચા છેક એની બથારી પાસ બેસી કરુણ સ્વરથી બે બે કરતા હતા

વિનાયકરાવની આખમા આસુ આ ય ને ને અદર ગયો

પાની દાદાના શરીરને હલાવી કસતી હતી અબ ઘડી બેંયાદાદ ઉભી રહેજે પપ્પુ ' કહેતા ઉંગે એટલે છોકરી આનદમાં કસતી હતી વિનાયકે પમે જ્યા શરીર દબાવ્યુ ન મોઢેથી ચુમ પડી

' બેંયાદાદા !

ગુપડામાથી કોઇ ન કાઢે બાર બેંયાદાદા અબ સુતા રહ્યા

વિનાયકનો બીજો બોબરા બાર કાઢી ૧૫ મે તેની આખમાથી આસુ ખરતા ને પની તરફ ફરીને બોલ્યો

પાની બેટા ! બેંયાદાદા બોલશે નહીં અને માની શકાય કે ન માની શકાય પણ એ નાની છોકરીએ બેંયાદાદાના શરીર પાસે જે રુદન કર્યુ છે તે રુદન હજી જ્યારે આપરે છે ત્યારે મારા જીવનમા વીજળીના જેવા આચકા લાગે છે અનત સમય ને અગાધ આભડા ભેદી એ સ્વર હજી કરી અથડાયા કરશે

* *

બેંયાદાદાની વાડીના હવે કયારેય એવી સ્વચ્છતા નથી હોતા મેસતા ચકલીઓ બોબતી ને કોયલ અદર-બાર ને વેલાની અદર ચારી જતી એવા સૃષ્ટિ હવે ત્યા નથી કામ કરનાર આત્માને બદલે કામ કરતા શરીર ત્યા છે વીજળી મરી કાર્યમય જીવનને આદર્શ કામ કરનારને શુ કરે ? સસ્યા મક્તિના બાનગી જ ય જીવનને શુ કરે ? યત્રવાદ નિર્જીવ જડત્વને બદલે રસમય ચૈતન્ય શુ કરે ? આ યત્રવાદના એક વખત જબ્બર પક્ષ યત્ર જેવુજ રહેશે



વિદ્વાનોને અર્પણ

લેખક:

ર૦. 'વિનોદકાંત'

ચિત્રકાર:

ર૦. સુશીલ



એ આકૃતિ આપડી ડાબા હાથમાં છત્રી પાનાં ફેરવતી
ઉદાસીએ ચાર ... આંખેતી.

લોકો મને 'વેદીઓ દોર' કહે છે પણ હું આમાં આપી શકું છું કે મારામાં વેદીઓની ગોળંગુશક્તિ નથી તેમ દોરની વાગોળવાની, વેઠ કરવાની અથવા ઉપકાર ચઢાવવાની શક્તિ નથી. હું ઉપકારનો બદલો અપકારથી વાળનાર, આળસુનો પીર અને વેદોને માત્ર નામથી જ ઓળખનાર છું.

આ બધું દીવા જેવું સ્પષ્ટ છે, છતાં કોણ જોતું નથી. હું વેદીઓ લોકો ને સૌ મને. તેવો કહેતા હોય તો તો બધે સમજ્યા. આપણે મન વાળીએ કે બધી વાતનો વળી બાર શો ? વેદીઓ ન કહેવાયું હોય તો બહુ વાંધોવાંધ ન કરવું, ધર્મસંસારમાં ખરાખર ધ્યાન આપવું. સગાંસંબંધીઓ ગમે તેવાં મળ્યાં હોય-અડધ્યાણાં હોય, બહુ અક્કલવાળાં ન હોય, કે બહુ નીતિવાન ન હોય-તોએ એમની જોડે સારાસારી રાખવી ને જીંદગીના પ્રપંચોમાં સમદુઃખે તેમાં ભાગ લેવા ભાંડવો ...

આવા વિચાર ન તનત પછી બજારી સ્વ
ભાવવાળા માણસ પણ સુખ માની આરાધી
શકે

પણ જાને એ કેમ થયા૮ નથી જેણે
પણ લાકોના વાગ્બાણથી વીંધાવા જેવુ એ
થનો ધાર૮ સુખી માણસ કોટ ઘાના
જેવુ હશે૮ કે વાસ્તવ નમ વેચનો હશે૮

પ્રત નમ માનશો૮– નીમને એવુ
એવુજ કરવાનુ સુ૮ કે તડે અનતમ૦
સત્ કર્યાવવાને દુનર હાય કર કે તને
જાવાના અમુરે એ પણ નને નો કરો માગ
માં વદીઆપ૮ કે વાચકવ જરાય નહી
(જે વાત આ નીચેના પ્રક માં (ત કરશે)
મે ૩૮૦૦ મને નો એ માજરીન ૫૦ સ૦
ત જ્યુ છે અ૪ અપમાન આ ુ ન કર્યા૮
ેવ મમ તોકમનદ્ધ ત કર્યો પણ મનો
કરુ તેમ નથ અને તથીજ મનુષ્ય અતર
સ્વાતત્ર્ય અત સ્વરજવાના ૨ એ૮
અગત સ્વરજ૦ ખાતર ુ ૩ ૨ દુનિયા
માને નીકરપણે મદા બાગરો જ૮૮ છુ

પરે નાગી જયકર ત્રિના સાક્ષરો
એ પૃથ્વીના નક૮

' લેખમા ને વિચારો એ અજ સુધી વાચન
પુસ્તકો વિશે નો ખ્યાલ૩ એ બધા વખાણ
પુરે મોઢે કર્યો છે અને દુનીઆજ તેમની
હાજે હા જા ી છે પણ મરે આ દુનીઆ
અને તેન ખુશામતી લેખકો જેઉન બતારો
અપવુ છ૮ કે વાચન કેવી દુષ્ટ વસ્તુ છે
લેખકો ખૂનિને કેવા ભાગરૂપ તેમના
પુસ્તકો કેવ બધા મુશા ુકુમે મરે જ૮ ન
કાર છ

હુ પાતે વાચક લેખક કે વિજ્ઞાનક નથા
એટલે આ મતનું પ્રતિષા ન કરવ નુ અને વા
સુલભ થશે રમેનકો જ્યાર તન જ્યાર
કરના પણ મગજ્ઞ શકે છે તેમ

૭રીશ બની શકે ના એકલ પુસ્તકા
થી આ લીટી કવાતીની છે તમણે પણ
ન વિચાર એમ તો નથા કહી ન ુ કે
૭રીશ બસ હવ તો એક્લ પુસ્તકોથા૮–
મ હશે ન પુચવે છે કે તમને આ વાતની
મુ કેવીએ ની કે૮ મમ કની તમણે ત્રની
કે ત એવી શરત મકી કેમ૮ લીટી
નથની વખતે પ તાને જ આવના દબવેથી
ને ખ્યાલ રહે કે પછી જાક–ચચન વૃત્તિને
વીવ–એની તેમને પાતાને આવા નહોતી
૮ પણ ઉ કારણ તો એ કે પુસ્તકો કર૮
માણસનો સહવાસ ઘણે વધારે જરૂરી અને
તજક છે એ તેમને કાદવ૮ આપ્યા
૨મણ શકયા હતા

અરતુ બલ્કીનુ હાપણ બધા કવિઓને
માફારોમા નથી હોતુ એમની મનો૮ા૮
અગ્રી સાહિત્યરથી બહુ ગમ્ય હાય છે કે ન
જીવન છોડીને એવા મૃગજળીઆ જનની
જ તઓ મગમુન બને જ ૬૩૦ કે
ઋગ્વદ નુ નામ તેમને રોમાચ કરાવે છે
નિદ્ર સન કારનિણુની વાત બય કે
બધની બા ા અનેક તેજથી ચમકે છે
૨મનદના નાગાની વચા એમની ભુખનદ્ય
બૂલવી દે છે આવા મા માએ જીદ્ર ી શક
રત કે પ્રક દુઓ ી પ૮ પ્રજાપણના ઇના
અસુકપતુ ાસ્થા કર હોય છે કે ૭રીશ
બસ હવે તો એકલા પુસ્તકો થી "

એવા વિચારને ગક્ષરમ યની અનુમ ન
છતા આજે આપીને મત અનુ છે કે પુસ્તકો થી
ઉભરાતી ાતના મરની પ્રતિષ્ઠ બરાબર છે
જે દેશકાળના દુનીઆમથી ખરવરી ગયા ૨
૨મણ મનાને તો નેરાજોની કુનિજ્ઞેનો આનુ

મનગમ તગે જેમ વધુ રાખે। તેમ તમારું હૃદય, મન, આત્મા, રસિકતા—બધું એ પરવારવાનેજ પંથે વીચરે. એક અર્થમાં આભારી ને બાહ્યરો વાચક તો આ વાત ચોક્કસપણે માની કબુલ પણ કરી ગયો છે: "મારા દિવસો મુખેલાંની સોબતમાં પસાર થાય છે; તેમના વિચાર તે મારા, તેમની



ઘરમાં પણ તેઓ પ્રિયતમા બોપડીના પાશમાંથી છૂટા થતા નહીં

પાશાઓ તે મારી ... ..."* શી ઉક્તિ! જીવતાંજીવત પરલોક સેવવાનો કેવો ઉત્તમ પ્રયોગ! 'જીવને શ્વાસ તણી સગાઈ' ઉપર આ સૃષ્ટી તો આ લોકમાંજ રહેલું સાજગ છે એ સૃષ્ટિકાર ખલાના નિયમનો કેવો નિર્ણાજ ભાંગ!

અને એ સજ્જનને પંડિત તરીકે પંકાવાના લોભથી ખુબ વાંચ્યું અને અમર થવાની અભિલાષાથી ખુબ લખ્યું, તેનું પરિણામ શું? એટલુંજ કે આજે તેની ગેરહાજરે બે કવિતાઓ નીશાળીઆઓ ગોખે છે તે સીવાય તે કોઇને સાંભરતોએ નથી. મરેલા બનેડે જીવવામાં ચમત્કાર હશે; મરેલાના વિચાર આપણુ કરવામાં ખુશીઆરી હશે; બલાનો નિયમ તોડી તેનો બોદ્ધ વહોરવો એ પરાક્રમની નીશાની હશે; પણ—પણ, એ બધાના બદલામાં કીર્તિની ગાવડી જબરી બોટ બનવાનો વેપાર, આદિકાલથીજ અનંત ને અક્ષય કીર્તિના ઉપાસક એવા મનુષ્યાત્મા ને બોઢવાનું મન ન થાય તો કોઇથી તેને દોષ દેવાય તેમ નથી.

મરેલાં માણસોના વિચાર વાંચ્યા કરવા સામે અને તેમાં રચ્યાપચ્યા રહીને જીવન ગાળવા સામે મારો સૌથી મોટો વાંધો એ છે કે એ ટેવ માણ્ય વ્યક્તિત્વને વળસાડે છે. નાતદહાડો બોમના વિચારો વાગોળ્યા કરવાને લીધે મને નવો વિચાર ફેકુરતો નથી તેમ તાજગીની એક લાગણી અનુભવાતી નથી.

* My days amongst the dead are past..... —Southey.

મોળપણ વિષય વિચારવા જતુ કે તરત એન
ગી ગેબને શુ કરુ, ક્સપીઅર શુ સ્વપ્ન
જારી મથે રોનીનો મન કવો હતા એજ
અહુ મને સાભરવા માટ મારે ત જાણે મા જ
કે વિચારશક્તિજ ન હોય અને મરી
આપરને ધક્કા ખાય તે તા જુદો એક
ઢાખના ટાટ

મે સાતમરમ પર આધુનિક કળાવાદીના
ગુણદોષો વીશે એક વિદ્વત્તાપૂર્ણ નબધ
નિબધ લખેલો તમા મે પ્લગાથા માડીને
ક્રમન પૈસ્ટાલાઝી રુસા હર્બર્ટ સ્પેન્સર
મેટસ્મરી એ મડ હોમ્બ ન બાજા અગણિત
વિદ્વાનો ને વિદુષીઓના અભિપ્રાયો ઉતર્યા
હતા પણ મારા પરીક્ષકોને એ પડોલાઢની
કે કીમત જણાઇ નહીં એ નિષ્ણુરોએ મારી
મોવેરી મૂર્તિ પર ફેરવ્યા મોટા કે

બહુ આવણી પચતુ નથી તેમ બહુ વાચવથી
વિચારવુ નથી તમ કળાવણી પણ વધુ છે
ચાલતુ જાતુ પણ નવીન કે અપૂર્વ વિષય અકે
આપી શક્યા નથી અના પર ધ્યાન ખેચીએ ગ્રીક
બધિમ્બમા ક પ્રેમ વિષય હાથમા લ્યા
ત્યારે વોર

તે દિવસથી મારી ઉપલી કુટેવ ઓછી
થઇ અને બીજાના લખાણમા પણ હવે જ્યારે
જ્યારે કુ ટાચણ અવતરણે કે ઉતારાન
મરતીઓ જોઉ છુ ત્યારે અનેક દવાના
વિચારો મને આવે છે એ બાપડા લખ
કેવી ગોખણપટ્ટી કરી હશે કેટલી બધી
પોટબુકમા સભાળપૂર્વક પારકા અભિપ્રાયો
મોઢ્યા હશે તેણે એ બધાને કદાચ ત્રિવ
ાર ગોટ્યા હશે કદાચ લખનાર પછી
લેખ લખતી વખતે પોતે બધા વાચી જતો
હશે પોથી સરલ લાગે તે સુધીને જુદા
કાઢતો હશે એ કયા ગેડબ્યા રોબર્ટસે તેણે
ચોમાસામા દિવસની ભુખ ને રાતની ઉઘ
ખોતો હશે—અને આખરે ? આખરે તે એની
કૃતિ રચવે જે પાત્રિના અસહ્ય ભાર નીચે
આરડતી હશે જે ભાતુની તીક્ષ્ણતાથી જખ્મ
બની હશે—અને જે કારે કે ગેટે, બાર ગેટ
સ્પીઅર અગુહરિના નામો પાછળ છુપી
અપૂર્વતા કે પના, સર્જશક્તિ અથવા ચમ કૃ
તિથી છેકજ વચિત હશે

આ બાબતમા એક નવતર વધ્યા પાડ
વાનુ માન ચરમ લેખનને વ ઠે કુ ઉ
જ પાએ તે વખે છે 'મરી વતી વિચારવાનુ
કામ મારા પુસ્તકો કરે છે મને લેખી
કામા થાય છે કેટલો સુખી માણસ ! કરે
છે કે દુનીઆમા સ્થા આપક મત કોઇ
પણ કોપ તો કોઇથી દોરાયા વિના સ્વતત્રપણ
દરેક બાબતનો વિચાર કરવો એ છે પણ
લખે ચાલાકીથી વચતા માગ કઢવો છે તે
નથી પોતે વિચારતા કે નથી કોઇના વિચારથી
દોરાતો પોતાના પુસ્તક । જેવી પર તેમો કાબુ
રહી શકે તેમનજ એ કામ આપે છે એટલે
પોતાની તરફી મરી જાય અને વળી પુસ્તકમ
ગોટુ ક અકુશવણુ વિચારે તો તેને સીધા
ચાલવાનુ પેતે કમારી પણ શકે ખરેખર
આ સ લેખ કટલ સુખી માણસ !

એ ભાવના કમારના કોઇપણ હ સર
કાય નથી કરતો એટલી ચુપ ક આ
બોક મને વધુ બોલવા માટે સાલે છે કે એને
મારા બધુ સપ્રદાયો હસ્તીમ છે ને આ
એકજ બાપડાનો ઉદ્ધારક કોઇ નીકળતો નથી
આ દુનીઆમા આપણી વતી કેવી બધી
ચાલે ચીજ કરી શકે છે એ વિચારો મ બાપ
તમારી વધુ પસદ કરે બાપ તમારી ને કરી
પસદ કરે આલકર્તાઓ તમારે રહીકરવા ॥
મત તૈયર કરે ધર્મગુરુઓ તમને પરમેશ્વર

પસંદ કરી આપે: બહુએ રોજની તમારી રસોઈ બોટવે: આમ અને તે તમને મહેનતમાંથી મુક્ત કરવાની ચિંતા સારી આલમને થયા કરે છે. એ બધાંનું કામ સંસ્થાઓ ને સંઘબલને જોરે ઘણાં વર્ષોથી થોડે ને ઘણે છે. એકેકએકનું બળ ભેગું કરતાં તેજ તરફ વધારે ઢળે છે. આ સંજોગોમાં કોઈ ઉત્સાહી સંપ્રદાય-સ્થાપક બાંધે કે હરકોઈને પુસ્તકોને અપણી વતી વિચાર કરવાનું સોંપવું, ને તેની રીતસર સંસ્થા યોજે તો સ્વાતંત્ર્ય અને આત્મનિર્ણયને નામે યત્નપની રહેલો આ જમાનો પણ તેને હજારો અનુયાયીઓ પુરા પાડશે એ નિઃસંદેહ છે.

આ કાલનું ખરું વિદ્યાપીઠ તો પુસ્તકાલયજ છે એ મતલબની કાર્લાઇલની ઉક્તિ છે. મારે મને, આ કે કોઇ પણ કાલનું ખરું વિદ્યાપીઠ, જ્યાં સ્વભાવોનો પરિચય થાય, શક્તિઓ કેળવાય, લાયકાત મળે ને અનુભવો સંઘરી શકાય—એવા સંસારવ્યવહાર છે. સજીવ રીતે જીંદગી ગાળનારી હોય તો સજીવ માણસો પાસેથીજ ખરું જ્ઞાન મેળવાય. એ વર્ગને ગોખેલાં કંઠાપાઠોની મદદ નકામી નીવડે છે. અનુભવના રત્નાકરમાંથી જે મળે તે પંડીતાઇના જોખરાઓ કદી મળ્યું જણાયું છે? અંધારું, ધુળધમાસા ને જ્યાંત્યાંથકાં એજ પંડિતમગજ, ને પંડિતહૃદયની મીજકન હોય છે તેની કોણ ના કહી શકશે? અલબત, એ બધું ચીજોનું પણ સૃષ્ટિક્રમમાં સ્થાન છે એની ના નહીં. નહીં તો તો પ્લેટોના ગણરાજ્યમાં કવિઓના હાલ થયા હતા તેમ અત્યાર પહેલાંજ પંડિતો અને પુસ્તકપાનાંને આપણે દુનીઆમાંથી બાતલ કર્યાં હોત.

પાંડિત્યના પ્રેમીઓને એક બીજી ચેતવણી એ આપવાની કે પંડિત થયા એટલે હમેશાં માનજ મળશે એવી ભ્રમણામાં રખે રહેતા. પંડિતો અપમાન પામ્યાના દાખલા જોઇએ તેટલા મળે છે. વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે! એ ચૂતનો ઉચ્ચારનાર વિક્રમાદિત્ય નહોતો એમ બતાવવું અઘરું નથી. તાંત્રિકરાજાના નાદાન વર્તનથી પંડિત જગન્નાથને ઓછું આવેલું ને તેમણે એ દેશ છોડેલો; ભોજપ્રબંધકારના કહેવા પ્રમાણે કાલિદાસના આગમ્યથી પહેલાંના ભોજરાજાએ તેને સભાનીકાલ કર્યો હતો; ડાન્ટેને એના સમકાલીનોએ ફ્લોરેન્સમાંથી કાઢી મુકવાની વાત જાણીતી છે અને ગોતેન તો પ્લુટાર્કને આધારે એટલે સુધી કહે છે કે રોમમાં એક કાલે વિદ્વાન્ ગણાવું એ ગાળ આપ્યા બરાબર હતું; તેમજ રોમનો જ્યારે સૌથી ઓછા વિદ્વાનોથી હતા ત્યારેજ સૌથી વધારે બહાદુર ને દીમતવાન હતા. આથી સચોટ દાખલાતો પાંડિત્યની પામરતાના કયાં હોઇ શકે?

આજકાલ ભાતભાતનાં લખાણો ને ગ્રંથો મનને મુંઝવી નાંખે એટલી સંખ્યામાં ને એવી ઝડપથી બહાર પડે છે. તેમાં શું વાંચવું ને શું નહીં, કોનું કહ્યું માનવું ને કોની સામે પડવું, કોના આદેશને અનુસરવું ને કોને હૃદયાધાર કરી તેનુ રટણ રાતદિવસ કરવું—એ કશાની સમજ પડતી નથી. મુશ્કેલીમાંથી બચવાનો એક માત્ર ઉપાય મને તો એ દેખાય છે કે ચોપડી જેવી ચીજનું અસ્તિત્વજ નકારવું. નિજ વિચાર ને નિજાનંદમાં આપણે જેટલા વધારે મસ્ત રહીશું તેટલી મૌલિકતા ને પ્રતિભા આપણામાં વધારે વિકસવાની એ ચોકકસ ઉદાહરણથી આ વાત સાબીત કરવાની જરુર હોય તો કહીશ. કે

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૪૭૬]

રાજાધિરાજ

'ગુજરાતનો નાથ'નું અનુસંધાન

લેખક

કનૈયાલાલ બાળકૃષ્ણ મુનશી

બી એ, એલએલ બી બૅરિસ્ટર-ઍટ-લૉ

પ્રમુખ સાહિત્યસંસદ

નોંધ

જેણે મારી પ્રકાશની પ્રભુતા "ગુજરાતના નાથ" વાંચી હશે તેને આ વાર્તાના પ્રવાહ પાત્રો અને પ્રસંગો જોવા એ વાર્તાઓ ન વાંચી હોય તેને માટે નીચે એની ઓળખ આપી છે

જયસિંહદેવ સોલંકી	અણહીલવાડ પાટણનો રાજા અને ગુજરાતનો નાથ
મીનળદેવી	રાજમાતા
મુંજાલ	મહા અમાત્ય
ઉદા	મંત્રી અને કર્ણાટનો સત્તાધીશ
દાદાક	મંત્રી * કપર્દિનીનો સત્તાધીશ
શાંબ	મંત્રી
ત્રિભુવનપાલ	રાજાનો ભત્રીજો ને ભાટનો † દત્તકપુત્ર ‡
કાશ્મીરાદેવી	ત્રિભુવનપાલની પત્ની ને મીનળદેવીની ભત્રીજી
કાક	ત્રિભુવનપાલનો મિત્ર ને ભટરાજ
મંજરી	તેની પત્ની
સજ્જન	સોરઠનો દંડનાયક
પરશુરામ	તેનો પુત્ર
રા'એ ગ્રાહ	જુનાગઢનો રાજા
રાણકદેવી	તેની રાણી

* અમદાવાદ † કાળકામતીથી દમણ સુધીનો પ્રદેશ

આગલાં પ્રકરણોનો સાર

વિભાગ પહેલો

જયસિંહદેવે મોકલેલા ફરમાન મુજબ કાક ઉહાના કીકરા આક્રમણને ભૃગુકચ્છનું દુર્ગપાલત્વ સોંપી પાટણ તરફ જવા નીકળે છે. રાણી લીલાદેવીએ તેમજ રાણકદેવીએ પણ તેને તેડાવેલો છે. જતાં જતાં તેને જંત સાંધુ હેમચંદ્રસૂરિનો પરિચય થાય છે, અને પોતે તેની પાછળ એક ગુપ્તચર યોજે છે. આદુ આમ્રભટ મંત્રી ઉપર મુગ્ધ થઈને તેની ભાળ કાઢવાની ઘેલછામાં પોતાના ભવિષ્યના સાળા અને પાટણે લાટ લેવાની ગણીગણી રહેલાં રેવાપાલને કાકની ચેતવણી છતાં છંછેડે છે. કાકની ગેરહાજરીમાં બળવો ઉડાવવાની રેવાપાલ પેરવી રચતો હોય છે એટલામાં કાક જતે આવી કેદલીક રક્ષક પાછી પોતાનું કુટુંબ તેના રક્ષણમાં સોંપી જાય છે. મંત્રીના મોહમાં પડેલ આમ્રભટથી અવગણના પામીને તેમજ મંત્રીના પ્રભાવથી અંજાયા પછી હેમચંદ્રસૂરિ ખંભાત જાય છે. આ બાજુ રેવાપાલ ગઢના કોઠારના ગુપ્ત નાયક અને કાકભક્ત દેવાને ભોળવી કોઠાર ખાલી કરી આપવાનું તેની પાસે પળાવે છે-એવી રીતે કે કાક પાછો આવે તો રેવાપાલ અનાજ ભરી આપે.

વિભાગ બીજો

ભૃગુકચ્છથી પાટણ જતાં કાક લાટી આગળ ઉતરી પડે છે અને પોતાનો વેષ બીજાને પહેરાવે છે. એ વહાણને પ્રવાસ આગળ ચલાવી દે છે, કીનારે ઉભેલો વાગ્ભટ તેને કાક સમજી બચાવી લેવાની વેતરણી લઈ આવે છે. આ બાજુ કાક ખુનાગઢ જાય છે અને સાંધેલું તોડું કદી નહીં તુટવા દેવાની પ્રતિજ્ઞા લઈ પાછો ફરે છે. રસ્તામાં તે બાબરાભૂતને વશ કરી લે છે. પછી તે રાજગઢમાં રાણી લીલાદેવીને મળે છે અને જયસિંહનું મન દેવડી તરફ ન ખેંચાવાનું વચન આપે છે. પણ ત્યાંથી જયદેવ આગળ જઈ તેને ખુનાગઢ લેવાનું વચન આપી જયદેવ આવતાં રવાના થાય છે. પછી ઉદેા ત્યાં આવી ખુનાગઢ જેટે સાંધીની પેરવી બતાવે છે ત્યાં કાકને બદલે બેમાન લઈ વાગ્ભટ આવે છે, પણ કાક આવી બેદ કોડી નાંખે છે. ઉદેા જયદેવ તથા કાકને વિષ્ટિ માટે જવાનું કરે છે કાકને રક્ષવાનું વચન મુંજાલ લીલાદેવીને આપે છે. વાગ્ભટને બનાવવાથી સમર્થ કાક પર ઠેવે બરાય છે. આજ્ઞાભંગ માટે પરમાર એક નોકરને કેદ કરી પોતે ધારેલી જગામાં ઉતરવાની ફરજ પાડવા કાકને મળવા જાય છે, ત્યાં તેને કાક સાથે ચકમક ઝરે છે, પણ સમાધાન થાય છે. નોકરને છોડી દેવા મુંજાલ પરમારને કહે છે ને તેમ કરવા જયસિંહદેવ તેને સમજાવે છે. પ્રેમકુંવર ને સમર્થ લીલાદેવીનો ખંડ ચાકુરાજ છે ત્યાં કાક રાણીને મળવા આવે છે અને રાજાને વશ કરવાની યુક્તિ સુઝાડે છે. બીજે દિવસે પોતાની આજ્ઞાનો ભંગ કરનાર સૈનિકને કાક ધાયલ કરે છે એટલે જયસિંહદેવ તેને કેદ કરાવી, સાથે લઈ ચોટીલા રવાના થાય છે. ત્યાંથી કાક રાજાને ઘેરે બીજા ચોકીદાર તરફ જાય છે અને આ બાજુ રાજાનો ડોળી, એમાલનાયક અને તેના સૈનિકો વચ્ચે જબરું યુદ્ધ થાય છે. રાજા, પરમાર ને એમાલ રાજાને ધાયલ થાય છે. ત્યાં રાણી વગેરે આવે છે અને બેમાન રાજાને લઈ જાય છે. કાક લડવા પડયાનો વહેમ કોઈને પડે છે.

વિભાગ ત્રીજો

અરસ્યમાં રેવાપાલ લાટના સ્વાતંત્ર્યનો ઝુંડા ઉડાવે છે અને તેજ દિવસે નર્મદાની આરતીના ઉત્સવ પ્રસંગે આંબટ છુપાઈને મંત્રીને મારવે છે. મંત્રી રક્ષણને માટે આંબટ વગેરે સાથે નર્મદામાં જાય છે. તેરો ને સોમેશ્વર અનાજ લેવા ગામમાં જાય છે. પાછા ફરતાં જંગમાં ચોકીદારો મળતાં તેમને ઠોકરી નેરો અને તેની ઠેરી અનાજ લઈ આવે છે ને સોમેશ્વર નદીમાં ઝંપલાવે છે. મંત્રી આંબટ પાસે રાજાવેષ લે છે. એક સાંજે મણુકી આંબટ મંત્રી સાથે કાકના ભવિષ્યનો વિચાર કરે છે. બીજા બાજુ રાજા જયસિંહદેવ યુદ્ધની તૈયારી કરે છે. પરણવાની આશાવાળી સમર્થ દ્વારા કાક જીવે છે એ વાત દરબારગઢમાં પ્રસિદ્ધ થતાં રાજા વાહડને બોલાવી આજ્ઞા કરી, તેને કાકને ઝાટકવા ખુનાગઢ મોકલે છે. બીજા બાજુ

[illegible] ૫ [illegible] ૫ [illegible] ૫ [

મહેલમાં પેઠા.

"દેશળદેવજી! તમારી સાંઢણી તૈયાર છે કે?"

"હા જી. હમીર પાઘળ તૈયાર ઉભો છે."

"ચાર." તેઓ અંદર પેઠા.

"કોણ છે?" એક અનુચરે પુછ્યું.

"જયસિંદદેવ સોલંકી!" મહારાજે કહ્યું ને ક્ષેતક્ષેતામાં તેને ચીબી નાંખી.

અંદરના ખંડમાં ત્રણચાર જણ શસ્ત્ર સજ્જ તૈયાર ઉભા હતા.

"બાપુ! આ બધાને બહારવા કોઇએ."

"ફરકત નહીં. હું જાણું છું કે તમે ૧૫ નફામા છો." મહારાજે કટાક્ષથી કહ્યું ને ઘડી ફરી બારણાને કહ્યું: "દરવો કર!"

આખા ખંડ એક ઊડેથી બીજે છેડે બારણાએ દોડવા માંડ્યો ને બે જણને બાથમાં ઝડપ્યા. એક ગભરાટમાં નાસી ગયો. બીજો હજી સજ્જ આગળ આવ્યો, પણ મહારાજ૧ બારણાને એકે ઝપાટે તે કોણ જાણે ક્યાં જઈને પડ્યો. મહારાજ અંદરના ખંડમાં ગયા.

દેશળદેવને મહારાજ એક નિર્જન ખંડ પરથી બીજી નાની ઓરડીમાં ગયા.

"બાપુ! અહીંયાં રેવડી હશે." દેશળદેવે કહ્યું. આ ઓરડીમાં એક દીવેસનો દીવો ભીંત પર લટકતા પીતળના મેડીઆમાં બળતો હતો. તે દીવાની પાસે બીજા પર એક સ્ત્રી બેઠી હતી. તેની આંખે ગોબાસામાં અશ્રુઓની ભૂતિ હતી અને તેની આસપાસ ઘીના ૩ દિવા બળતા હતા. બીજું બાજુ કરી તે બાળા રુવતી હતી.

બીજી બાંત પડ્યે એક બારણા પર બે ટકોરાએ એકબીજાને વળગીને ઘા કરતા હતા. ત્રીજો બીજો ત્યારે નાસી ગયો હોય એમ લાગ્યું.

બારણામાં પેસી જયસિંદદેવ થોભ્યા. તેના હૃદયમાં ઘણકારા જોરથી થવા લાગ્યા. આ ઓરિત વિના તેના જીવનમાં 'સનાથ ઉણપ રહી હતી એવું' તેને આ પેલે લાગ્યું. તેને એને પગે પડવાનું, તેને બાથ ભરી હૃદય સાથે ચાંપવાનું મન થયું. જો પંદર વર્ષ પર જો તેને પરણ્યો હોત તો તેણે શું શું કરી નાંખ્યું હોત? દેશળદેવે બે ડગલાં આગળ આવી ગળું ખંખાર્યું.

"આ!" તેણે કહ્યું.

ખંડમાં શાંતિ હતી. પેલી સ્ત્રીએ ઉંચું જોયું ને પ્રીતથી મોટી આંખો નિર્નિમેષપણે દેશળદેવ તરફ ફેરવી પુછ્યું: "કોણ દેશળદેવ?"

"હા આ-આ-" દેશળદેવની જીભ મદ્ય મુગ્ધેલીએ ઉપડતી હતી. "જયસિંદદેવ..."

"કોણ સોલંકીને લાગ્યો છે?" કર્ણે અધાજે રાણુદેવીએ પુછ્યું, "બાપાશ બાલા! મામા જીવે છે કે-"

"દેવડી!" જયસિંદદેવે આગળ આવી કહ્યું. "હું હું-જયદેવ: આપણે ઝખે ગયો મળ્યા!" મહારાજનો અવાજ હોંશથી ધ્રુજતો હતો.


"ન મળ્યા હોત તો નભે તે હું બને રાખી માત."

"દેવડી! પંદર વર્ષ તું મળ્યા આજે મારું હૃદયનું માર્યું થયું." જરાક ઉતાવળથી મહારાજાએ કહ્યું.

"સોલંકી! હું તો રાખી રાખી છું, તમે શું ખોયો તો તેનું તમને ભાન નથી." દેવડીના અવાજમાં ઝેરને બિમલતા બને હતાં.

"ના, તું રાખી રાખી નથી, પણ અમારા સોલંકીની પરવારી છે."

[બાકી હતું તે બાદ!



[ગતાંક પૃ૦ ૩૫૨ થી અનુસંધાન]

તા ૧૬–૫–૫૦

આજે ૮૨વાભાભા ઉઠે અનત નાગ જોવા નીકળ્યા સવારે અગીઆર વાગે બોટ ચાલવા માંડી હતી

બપોરના બાર વાગતા ગપલની અતર કાઢવા હું ફરી ૮૨નાભા સાથે ચાલતી શહેરમા ૧૮ ચારે ત્યા પહોચ્યો એક નવો અનુભવ ૭ વા યા સુધી એક જણની દુકાનમા બેઠો માંડા ૮એ ત્યાથી ગપાત લઈને નીકળ્યા ટામામા સાતેક માણસ આવ્યા ત્યાર પા દેખાતી હતી બેતરગ ને ટેકરા ભરેલા અત સુર્યા આડાઅવળા કુદાકુદ કરતા અમે બોટમા પહોચ્યા રાત પડી ગઈ હતી ભુખ્યા રહેવુ પડ્યુ, રાત પ્રાપોર આગળ રહ્યા

તા ૨૦–૫ ૨૦

સવારના ઉઠી ત્યાર બોટ ચાલવા માંડી હતી બે કાઠે ભરેલુ જેવમનું ધોરેધારે વહેતુ પાણી અને બંને બાજુએ બોબાની હારો સામે બારેમાસ દેખાતા બરફના શિખરો, લીનાલ્બ બેતરો અો મેદનો વચ્ચે ધોરેધોરે જતી મારી બોટ—બે કલ્ક ગમે તેવા અશિક્ષિત હૃદયમાંએ આનદ આણવા પુરતુ હતુ સવારના ૬ ને બાળા બેબ । ઉપર લીનાનરી મા થોડુ ચાલ્યાં, પછી અમદાવાદથી આવેલા પપરો વાચ્યા જ યા પછી થોડા ગ પા માર્યો

બપોરના નજીક વાગે ૬ ને ૮૨લાભો ઉતર્યા ત્યાથી બેતરો ખુટાની અવતીપુરના ખડેરો જોવા ડાબમા એ જમીન તરફેથી બોટી કાઢેલા છે ભીતો પરના કોતરણીની મૂર્તિઓ જોતા ઘડીભર વિચાર થયો અસલ ના વખતની નીતિ હાલના કરતા વધારે સારી તા નહીજ હોય દેવમદિર જેવા લાગતા ખડેરમા જ્યારે આવા ચિત્રા હોય ત્યારે સામન્ય જનસમૂહની નૈતિક ભાવના કેવી હશે? એ ઘડીભર વિચારનો પ્રશ્ન થઈ પડે છે ત્યાથી જુના કાગળા, લોટ, નાનાનાના માળીના વામણા મળીના પાણીયો વગેરે અદરથી નીકળેલા મ માન જોયા અને બોટ આવવાની પાર હોવાથી હું ચીનારના ઝાડ ઉપર જઈ બેઠો

બોટ સામા કીનારા પર આવતી હતી

એટલે એક રીક્ષારો ભાડે કરી હું પેલે પાર ઉતરી. ત્યાં સુધીમાં બોટ આગળ ગઇ હતી. બોટ પાસે આવ્યાં છતાં પણ મેં ચાલ્યાજ કર્યું.

ચારે તરફ પરફનાં શિખરો ખુબ ચળકતાં હતાં. બોગડ ઉપર નાની પગથીમાં લીલોતરી. ઉપર ચાલવું ઘણુંજ મઝાનું લાગતું હતું. વચ્ચે એક ગામ આવ્યું. બોટ ધીમેધીમે ચાલતી હોવાથી થોડુંક છેટું પડી ગયું. બહુ આગળ જવાથી બોટ આવતાં બહુ વખત લાગશે ધારી હું એક બોતરમાં ઝાડ ઉપર જઇને બેઠી અને એક ડાળી સારી જોઇ તીરાંતે ગોઠવાઇને સુતી. ઉપર નીલું બુરું આકાશ, આંધી તરતી રૂપેરી વાદળીઓ, એક પાસ ચમકતાં બરફનાં શિખરોની હારો ને હારો અને સામે સાદા ડુંગરોની પંક્તિ, નીચે ઘુંટણભર ઉગેલું લીલું છમ ખેતર, સામે ધીરી વહેતી નદીનો પટ અને ઝાડ પર સુવાનું—એ બધું જોયું હતું કે જીવનમાં ઘણી વખત યાદ આવશે. વળી પાછું અહીંયાં પણ મન વિચારમાં ચઢયું. પહાડોનો ઝીણોઝીણો અવાજ મારા વિચારગીતમાં સુર પુરતો હતો.

આથી વધારે કૈં દુનીઆમાં હશે અરું? પણ આવી સુખમય લાગતી તોએ નકામી જીંદગી ગાળવાથી જીવન જીવ્યું કહેવાય ખરું? બીજી રીતેએ શી રીતે જીવાય? જીવનનો બીજો શો આદર્શ હોઇ શકે? જીવનને ઘણા લોકો બહુ કીમતી માને છે, પણ મને તેની કશીજ કીમત લાગતી નથી.

આવા સ્વર્ગમાં આવી સ્વતંત્રતા એકદમ મળશે એ ખ્યાલમાંએ નહોતું. અહીં નથી લોકોની પરવા કે બોટાનો ભય. અહીં માર્ગદર્શક થવાનો કે શીખામણ આપવાનો દાવો કોઇપણ કરી શકે તેમ નથી. સ્ત્રી તરીકેની બોટી શરમ અહીં નડે તેમ નથી પણ 'રસના તો ચટકા હોય, કુંડાં ન હોય.' આનોએ પાછો અંત તો આવવાનોજ છે.

તા. ૨૧-૫-૨૦


આજે પણ સવારે હું ઉઠી ત્યારે બોટ ચાલુ થઇ ગઇ હતી. આજે પણ એનીએજ કુદરત વચ્ચેહું હતી. દિવસ આજે પણ સ્વચ્છ હતો. આજે એક ચીનારનું ઝાડ જઇ કુદતા ઘેરાવાવાળું જોયું.

ચાર વાગતાને સુમારે એકદમ પવન છુટયો અને આકાશ પણ ઘોકુંઘોકું થવા લાગ્યું. આવા પવનમાં બોટ ચાલી શકે તેમ ન હોવાથી કીનારે નાંગરી. હું કલાક ફરી આવી. પાછળથી ફરી બોટ ચલાવવાનો પ્રયત્ન કર્યો,..પણ અડધો કલાક પછી તે પણ મુકી દેવો પડયો. એટલે આજે છલતાબાદને બદલે વચ્ચેજ પડી રહેવું પડયું.

અત્યારે તડકો ફરી નીકળ્યો છે, પણ પવન સુસવાટબંધ વાય છે. પાણીનો બોટ સાથે અથડાઇને અવાજ થાય છે. રાત્રિનો અંધકાર ધીરેધીરે આના પર પણ ફરી વળશે ... ...

સુંદરતા એ માનવીનો જન્મસિદ્ધ હક અને વારસો છે. પ્રકૃતિમાં સર્વત્ર સુંદરતા છે. માનવના સ્વભાવમાં એવી સુંદરતા હોય તો? પૃથ્વી અને કલ્પનાના સ્વર્ગ વચ્ચે અંતર આટલુંજ છે. માનવીના સ્વભાવ સરલ અને સુંદર હોય તો સ્વર્ગ બીજે જોવવા જેવાં નથી.

સત્ય અને આદર્શ ક્યાં જુદાં પડે છે તે કોઇ કહી શકશે? જીવન એ સત્ય છે કે આદર્શ? જીવન સત્ય અને અસત્ય બને છે. આદર્શરૂપ બનાવવાનું છે. પણ એ આદર્શો શા



તક્ષશિલાનું પ્રાચીન મંદિર-ખંડેર

આ ભાગ આજે ખંડેરોથી ભરેલો છે. ઉત્તરમાં બહુ નથી.

ઇતિહાસ એ કહે છે કે કુરુપાંડવોના સમયે તો ત્યાં ખૂબ મોટું વન હતું પણ આ વિનાશલીલાના માનસિક અને રાજકીય અત્યાચાર એ તો જ્યારના વહાણમાં બહુ ખાસ કરીને મહાભારત સમયમાં જોવાં જ ન મળે કારણ કે જ્યારે નીચા ગરજ વગે છે, ત્યારે એ સ્વાભાવિક હોવું જોઈએ એમ કોણ કહેવા બેસે છે પણ અને તેને બદલે આ અભિનવ ના બીજા કંઈ પ્રભુ કરવું હશે ? આજે ખાસિ બીજાને ગમે પ્રમાણે કરે કે ખાવી શકે એ અતિ મુદ્દા ખોટી ચર્ચાનો કારણે તો નથી જ કે કોઈ શકે પણ તે વિનાની મૂર્ખતાના કંઈ વિષય છે ? એમાંથી પડે તે આપણે આ ઉદ્દેશરૂપ ના જ પરમ કે આજે કંઈ વખતે ખુશી ના પડે ઇતિહાસકાર આપીજ રહ્યા કે અંત કરતા એમાં તમને જ વિજય થયો છે

ના ૩ જી

મીઠાની મીઠાશની પ્રતીતિ કરવા માટે મોઢામાં થોડું પાણી લઈ ઘણા ઘણા દરિયા જેવું ખારું અને મીઠું પાણી મળે છે ત્યારે અનુભવ થાય છે. મીઠાશનું પ્રમાણ કે વિસ્તાર ગમે તેટલો હોય પણ ખારાશ વિનાની મીઠાશ કે મીઠાશ વિનાની ખારાશ જોવા મળતી નથી.

પણ આપણા આ પ્રાચીન ઇતિહાસમાં કેટલીક અને કેવા વિષયો પર અભ્યાસ કરવો જોઈએ ? ઇતિહાસ કે વિસ્તારને ગમે માત્ર વિચારે ત્યારબાદ એવું લાગે કે આ આ અપૂર્ણ પ્રસંગો કરતાં ઘણાં વિષયોની આપણે અને

લાંબો વિચાર કરવાની શક્તિ નથી. પણ હું આશા તો રાખી શકું. ધીરેધીરે એ સૌએ સુધરશે અને વિકાસ અધુરો નહીં રહે.

ખરી રીતે મેં હજુ કશા મત બાંધ્યાજ નથી. અને અત્યારથી બાંધવા પણ ન જોઇએ. હજુ ઘણા અભ્યાસની, અવલોકનની, મનનની અને વિવિધતાની જરુર છે. આ બધી કસોટી-માંથી કસાયા પછીજ વિચારોએ મતોનું શુદ્ધ સુવર્ણરૂપ ધારવું જોઇએ. મતો બાંધ્યા પછી એના ઉપર અન્ય વિચારો ગ્રહણ કરવા કરતાં મતો બાંધ્યા પહેલાંજ સાંભળવા એ સારું છે.

તા. ૨૪–૫–૨૦

આજે રાત્રે સ્વપ્નામાં મી. એંડ્રુસ મળ્યા. સામાજિક સેવા મારે માટે શક્ય છે કે નહીં તે વીશે વાત થઇ. મેં મારાં કારણો દર્શાવ્યાં. બીજી વખત મળવાનું ઠરાવી તે છુટા પડ્યા.

હમણાંથી સ્વપ્નામાં હું ઘણી વ્યક્તિઓ જોઉં છું અને પછી આશ્ચર્ય થાય છે કે આવી બુદ્ધિપુરઃસર વાત હું સ્વપ્નામાં કેમ કરી શકું!

આજે કાલના દિવસની માફક આખી રાત વરસાદ પડ્યો હતો. ત્રણ દિવસથી આકાશ ઘેરાયલું રહે છે. તેમાં બે દિવસથી તો બહુજ કટાકો આપે છે. સૂર્ય દેવનાં દર્શન પણ દુર્લભ થઇ પડ્યાં છે. ઠંડી પણ બહુ લાગે છે. કશા પણ કામના અભાવે દિવસ કેમે કર્યો પસાર થતો નથી. મન મનોરાજ્યમાં કેટલાક તરંગો ઘુમે છે.... ...

વસ્તુમાત્રનો વિકાસ એ પરમ ધર્મ છે. જીવન આખું એજ જય છે. માત્ર કેટલા ધન્યપ્રસંગોજ એ સુભગ બને છે.

જ્ઞાન વધે છે તેમ મુંઝવાડો પણ વધે છે. અનુત્તર પ્રશ્નો ચિત્તમાં ઉદ્ભવ્યાજ જ કરે છે, પણ તે અનુત્તર રહેવા માટેજ. નગરવાસ જનો નાનીનાની વસ્તુઓમાં પણ સુંદરતા શોધે છે અને તેને કૃત્રિમ સ્વરૂપે ઘડાવી તેમ રસિકતાની પરાકાષ્ઠા માને છે. પણ સૌંદર્યના ઝરણો અરણ્યમાંજ વહી રહ્યાં છે; તેનું પાન કરવા કોઇ રહોણાકોયો પ્રવાસીએ નથી આવતો. સૌંદર્યના ભંડાર ગિરિશિખરો તે ઉંડીઉંડી ખીણોમાં ભરાઇ રહ્યા છે, તેના તરફ દૃષ્ટિપાત કરવાનોએ કોઇને સમય નથી મળતો. નાની પુષ્પકલિકાને પ્રફુલ્લિત કરી ખોટ નગરમાં નથી. વનપુષ્પોની લક્ષ્મીસ્વરૂપ અનેક સૌરભભર્યાં કુસુમો જગતથી અજ્ઞાનજ કરમાઇ જાય છે. નગરમાં સુંદરીઓના સૌંદર્યની રક્ષણો ચાલે છે. કૃત્રિમ સાધનોથી એ પ્રયત્નો વધ્યાજ જાય છે. ગ્રામ્ય-ગૌરીના સ્વાભાવિક લાલિત્યને જોનારું કોઇ નથી. જગત્ એક વિચિત્ર પદાર્થ છે. પોતે પોતાનું પ્રદર્શન ન કર્યું હોય તો અમોલ ભંડારો ભર્યા છતાં જગત્ તેની કીંમત કરતું નથી.....

સૌંદર્ય એ માત્ર આકારમાંજ નથી, વર્ણ-માંએ તે નથી, પણ ખરું સૌંદર્ય ભાવમાં વસેલું છે.

પક્ષીસમુદાયનું આ ધીરું ભંપૂરું ગાયન તે કોને માટે? પ્રકૃતિનું આ સ્વાભાવિક સૌંદર્ય તે કોને કાજે?

[આ મનોહર પ્રવાસવર્ણનનો દ્વિતીય ભાગ આવતા અંકમાં.]

રસિકતા*

લેખક

ગ૦ મનહરરામ હરિશ્વરરામ મહેતા

બી એ ભટ્ટ સાહિત્યમ સહ

કોઇ દેશના ઉત્કર્ષનો આધાર તેના સાહિત્ય પર છે સાહિત્યના પ્રકાશનો આધાર તેના વિદ્વજ્જનની રસિકતા પર છે એટલા વાક્યે રસિકતા શું છે, તે કેવી રીતે અને કેટને સુધી કેળવાય અને તેનો આત્યંતિક અર્થ ધ્યેય-શો હોવો જોઇએ તે સબંધી આપણે વિચાર કરીશું

કવિની કૃતિમાં રસ હોય તેનો આસ્વાદ લઇ આનંદ પ્રાપ્ત કરવાની શક્તિ તે રસિકતા અથવા તો કવિની કૃતિ એટલે કવિતા, ચિત્ર મૂર્તિ, ગાયન કે રસાપસકામ સરસ છે કે નીરસ છે-સારું કે નરસું છે-તે પારખવાની શક્તિ તે રસિકતા

આ ગુણ સર્વમાં હોતો નથી રસાદના સબંધમાં આપણે જોઇએ છીએ કે કેટલાક લોક સ્વાભાવિક હોય છે, તે પ્રમાણે રસિકતાના મૂળ ધર્મો પણ પ્રમાણભેદ ધરાવતા હજી જોવામાં આવે છે કે તે ઉત્તમ કોટિનાથી પણ દબાઇ નથી ઘણાઓની કર્ણેન્દ્રિય એવી હોય છે કે સંગીતના સ્વરભેદ તેઓ પીછાની શકતા નથી તેમ ઘણાઓની દૃષ્ટિ એવી હોય છે કે તેઓ રંગની છાયાઓ તો દૂર પણ ન રંગના ભેદ પણ જોઇ શકતા નથી

આમ છતાં પણ આ ગુણ જેઓમાં હોય છે તેઓમાં તો તે પ્રકૃતિજન્ય હોય છે બાળકો બાલસહજ રીતે છે કે કેટલાક મનુષ્યો વિના સૃષ્ટિના સુંદર દેખાવો વગેરે જોઇ આનંદ પામે છે વાર્તાઓમાં રસ લે છે અને તાલ સંગીત સાંભળી નાચવા મંડી જાય છે

આ ગુણની તીવ્રતા પણ સર્વમાં સમાન હોતી નથી કવિઓની કૃતિનો આસ્વાદ જેટલો મહિનાથ કે રવીંદ્રનાથ લઇ શકે તેટલો કદાચ તમે ન લઇ શકો અને તમે લઇ શકો તેટલો કદાચ હું ન લઇ શકું જ્ઞાનસંબંધી વાતો હોય તો પ્રાગ્સંસ્કારબળ એવી જોગવાઇ પીછાન કરી શકે તેવી બીજી ન કરી શકે

* આનંદસરના ભરાએલી સાતમી ગુજરાતી સાહિત્યપરિષદ સમક્ષ રજુ કરાયેલો લેખ

અને બીજો કરી શકે એટલી બીજો ન કરી શકે: કોઇ માત્ર સાદાં ગાયનોથી તૃપ્ત થતો હોય તેને સર્વ નીરસ લાગે.

વળી આસ્વાદની તીવ્રતા ઉચ્ચ પ્રકારની હોય છતાં તે એકદેશીય, કે અપૂર્ણ હોઇ શકે. આ વાત નીચેના ઉદાહરણથી સ્પષ્ટ થશે. બાદશાહ પાસે એક અત્તારીનું નવું અત્તર લઇને આવ્યો. બે પરીક્ષકોએ પરીક્ષા કરી: એકે કહ્યું કે ગુલાબ, કીનો, મોગરો અને જુઇ એમ ચાર અત્તર એકઠાં કરી આ નવું અત્તર બનાવવામાં આવ્યું છે; બીજાએ કહ્યું કે ચાર અત્તર તો ખરાં, પણ જુઇ નહીં પણ બદામ છે. અત્તારીને પુછતાં તેણે જણાવ્યું કે ચાર નહીં પણ ગુલાબ, કીનો, મોગરો, વરુ અને બદામ એમ પાંચ અત્તરનું મિશ્રણ છે. આ ઉપરથી સહજ સમજાશે કે બંનેની પ્રાગેન્દ્રિય ઘણી તીવ્ર પણ એકદેશીય–અપૂર્ણ. જેનામાં તે સંપૂર્ણ હોય તે પાંચેપાંચ પારખી શકે. આજ પ્રમાણે રસિકતાના સંબંધમાં પણ સમજવું.

આ આપણે સામાન્ય ભેદ ગણ્યા. પણ તે ઉપરાંત દેશ, કાલ, સંસ્કાર, અવસ્થા વગેરે કારણોને લીધે વિશેષ ભેદ ઉત્પન્ન થાય છે. ઓરેજી અને દેશી સંગીત વચ્ચેનો ભેદ આ પ્રકારનો છે. ઓરેજી સંગીત આપણને ન રુચે કે આપણું સંગીત ઓરેજોને ન રુચે માટે બંને નીરસ એવું કે નહીં. આપણે પોપટીઆ નાટકની પ્રશંસા કરીએ છીએ, રોમન લોકો પણ તેમજ કરતા હતા, પણ ચીનાઓ અને હબશીઓની રસિકતા કંઇ અન્યજ પ્રકારની છે. ઓક લોકોએ મનુષ્યની મૂર્તિ ઘડવાની કલાને સંપૂર્ણતાના શિખરે ચઢાવી આનંદ માન્યો ત્યારે મુસલમાન લોકોએ તેનું ખંડન કરીને તૃપ્તિ મેળવી. આપણામાં એક વખતનાં લોહપ્રશસ્ત આંખનાં, અંજન અને રોંઘાનાં સિંદુર રચ્યાં અને નાક પર ચશ્માં અને બાલનાં જુલ્ફાં આવ્યાં. યુવકોને શૃંગાર ગમે છે અને વૃદ્ધાપણ અને જ્ઞાનની વાતોમાં ડાયલું લાગે છે, જ્યારે પીઢ માણસોની રુચિ તેથી ઉલટી હોય છે. વળી કોઇને કવિતા ગમે છે, કોઇને નાટક ગમે છે અને કોઇને નવલકથા. પરજ વિશેષ ભાવ હોય છે. કોઇ વળી સાહિત્યના શોખીન નથી હોતા, પણ માત્ર સંગીત-નાજ શોખી હોય છે અને કોઇ વળી માત્ર ચિત્રબાંધ રસ લે છે. કોઇને સાદું પ્રિય હોય છે ને કોઇને અલંકૃત પ્રિય હોય છે; કોઇને એક રંગ તરફ પક્ષપાત હોય છે અને કોઇને બીજા રંગ તરફ પક્ષપાત હોય છે. આ પ્રમાણે દેશ, કાલ આદિ કારણોને લઇને રુચિવૈવિધ્ય ઉત્પન્ન થાય છે.

ઉત્તમ રસિકને માટે તીવ્ર અને સંપૂર્ણ એટલે ઉચ્ચ આસ્વાદની જેટલી આવશ્યકતા છે તેટલીજ આવશ્યકતા આ શક્તિને અંકુશમાં રાખી તેને વાસ્તવિક ઉપયોગમાં લેવાને માટેની ઉચ્ચ બુદ્ધિની છે. રસિક જ્યારે પરીક્ષા કરવા બેસે ત્યારે પ્રથમ તો એણે પોતાનું હૃદય ગુણ-પક્ષપાતરહિત રાખવું જોઇએ કે જેથી કરીને કોઇ પણ કૃતિને વિના કારણે અન્યાય ન થાય, કોઇ પણ અંકુર ઉગતોજ દગ્ધ ન થાય. કોઇ મહારથના બાહ્યાવરણને લઇને ગુપ્ત હોવાના કારણે અવિષ્કૃત ન થાય. અમુક લેખકનું માટે નિર્માલ્ય, ઉછરતા લેખકનું માટે કચરા જેવું, નવીન ચિત્રકારનું માટે દગ વગરનું–આ પ્રકારની ભ્રમણાથી તેણે મુક્ત રહેવું જોઇએ. રુચિભેદ તેના લક્ષણહાર ન રહેવા જોઇએ, કલાકારની વૃત્તિ સમજવી જોઇએ અને કોને ઉદ્દેશીને કૃતિની રચના થઇ છે તે તેણે ધ્યાનમાં

નાખવું જોઇએ કલાકારની ધારણા શી હતી અને તે તેણે કેવી રીતે સિદ્ધ કરી તે તેણે પીછાનવું જોઇએ કૃતિમાં પ્રાણ છે કે નહીં અને તેના અવયવો પ્રમાણસર રોગરહિત અને બળવાન છે કે નહીં તેની તેણે પરીક્ષા કરવી જોઇએ પાત્રોની અવાસ્તવિકતા—બનાવટી કૃતિમાં અને મૈલીનો આડંબર તેણે પકડી પાડવા જોઇએ આ પ્રકારના કાર્યને માટે દિવ્ય બુદ્ધિની રસિકતા કહી આપણે તેને સહજ સમજાશે

આ ઉપર કહ્યા શક્તિઓને પોષી પ્રગટ કરવા માટે અભ્યાસથી કેળવણીની પરમ આવશ્યકતા છે અભ્યાસનો અભાવ થવી પ્રથમ સ્ફુરણામાં સ્પષ્ટપણે તરી આવે છે તરતજ ગાઇ ગયા રાગની ફરમાશ જે ઘડી પ્રથમ જોરામાં આવે છે એ આવડતના અનવસ્થાનુજ પરિણામ છે સુધારો જે ઇન્દ્રિયોકાના આ શક્તિ કેળવાય છે તે અવા પ્રકારની છે કે તે અભ્યાસથી સીધુ થવાને બદલે ઉત્તરોત્તર વધુ પામતી જાય છે નજરના પ્રવીણો અભ્યાસથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભેદ પારખતા થાય છે તે એટલે સુધી કે દરેક અગાઉ જોયેલ વસ્તુ તેઓ આગળી કાઢે છે તેજ પ્રમાણે નાકમીઓ પણ બાબતની કરી શકે જે ગંધોમાં રસના અને સ્પર્શકારોને બધાના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભા પારખી શકે છે આવી સ્થિતિએ પહોંચવાને વાસ્તે તેઓને કેટલો ઉદ્યમ અને કેટલો અભ્યાસ કરવે પડયો હશે આ બધા અનુભવ કરવા પડયો હશે તે સહજ ધ્યાનમાં આવશે તજ પ્રમાણે ઉત્તમ રસિક થવાને માટે દરેકની કૃતિઓ જોવી જોઇએ સમજવી જોઇએ સરખાવવી જોઇએ એકની એક અનેક વખતે અને દિલ્હુએ ઉપયોગવી જોઇએ આ બધાએ કરતાં કોણ જોગ પરીક્ષક થવાય તોજ ઉત્તમ કૃતિની સરસતાના સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વોની લેજ્જત લેવાય તોજ તેના દરેકદરેક અંગમાં રહેલા રસિક તત્ત્વનો ઉપયોગ થઇ શકે તો જ ઉત્તમ કૃતિના માલિક થવાના ક્રમ ક્રમાનુસારે અજાણ્યા ન જતા તેના ગુણદોષની યોગ્ય પરીક્ષા થાય અને વિશ્વાસપૂર્વક અભિપ્રાય આપી શકાય

આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે ઉત્તમ રસિક થવાને માટે દિવ્ય આશીર્વાદ એ દિવ્ય મુદ્દે આવશ્યક છે એ તરજ નહીં પણ તેને અભ્યાસ અને અનુભવથી કેળવવા એ પ્રમાણે કરવું હોય તો જ કલાની કૃતિમાંના રસનું યોગ્ય રીતે ગ્રહણ થાય ગુણદોષનું યોગ્ય પરીક્ષણ થાય અને સત્ય અને ગ્રહણીય અભિપ્રાય આપી શકાય

ત્યારે કદાચ એ પૂછશે કે આ નિયમોએ હું પહેલું પગથીયું ક્યાંથી ગ્રહણ કરું કલાની કૃતિનો હું મારે પરીક્ષા કરવી મારે શું અભિપ્રાય બાંધવા કે ઉચ્ચારવા નહીં ? હું મારી શક્તિને વિકાસ નિમિત્તે કંઇ પણ નેટની કસરત કરું તેપણ રામજાતિ જેવા બનવાને થઇ શકું ખરો ? હું ગમે તેવા પ્રયત્નો કરું છતાં સુરેન્દ્રનાથ જેવો વક્તા બની શકું ખરો ? પોપટ બનું ગમે તેટલે ઓપ ચઢાવીએ તોપણ તેનામાં હીરા જેવા ઝગઝગાટ આવે ખરો ? એમ બને ન બને તો શું મારે મારે કૈં ઉપાયજ નથી ? શું એવું કોઇ પ્રમાણ નથી કે જેથી કલાની કૃતિનું માપ લઇ શકાય ? એવો કોઇ માર્ગ નથી કે જે વડે કલાની કૃતિનું તોલ કરી શકાય ? શું એવો કોઇ સિદ્ધાન્ત નથી કે જે વડે જુદાજુદા અભિપ્રાયોનું સમાધાન કરી નિશ્ચિત નિર્ણય પર આવી શકાય ?

આના ઉત્તરમાં કહેવાનું કે એક એવું માપ, એવો કાંટો, એવો સિદ્ધાંત છે કે જે વડે કલાની કૃતિની પરીક્ષા થઇ શકે. લોકગત એમ કહે છે કે સાકર મીઠી છે તો તે સત્ય છે, ને કોઇ એવો નીકળે કે જેને સાકર મીઠી ન લાગે તો તે સ્વાદશૂન્ય કે સ્વાદભ્રષ્ટ. એ ન્યાયે જે કૃતિઓની સમસ્ત જગત પ્રાચીન કાલથી પ્રશંસા કરતું આવ્યું છે તે સરસ હોવીજ જોઇએ; અને તેથી એવી કૃતિઓ તપાસતાં આપણને જે પ્રમાણ, જે કાંટો, જે સિદ્ધાંત હાથ આવે તે સત્ય—એમાં કે શંકાસ્પદ હોવાજ નહીં. આ પ્રમાણે વેદ, મહાભારત, રામાયણ, ઇલીઅડ, પેરેડાઇઝ લોસ્ટ, તેમજ શેકસપીઅર, ડેન્ટી, પ્લેટો, ઍરીસ્ટોટલ વગેરે મહાન્ લેખકોની ઉત્તમ કૃતિઓ. ઉપરાંત તાજમહેલ સરખી આરામગાહો, કૈલવાડા વગેરે સ્થલનાં મંદિરો, એલીફન્ટાની ગુફામાંનાં તથા યુરોપી ચિત્રકારોનાં જગપ્રસિદ્ધ ચિત્રો, લોકપ્રશસ્ત મૂર્તિઓ, ગાયનો વગેરે કૃતિઓનું અવલોકન કરતાં આપણે આ સિદ્ધાંત પર આવીએ છીએ તે જોઇએ.

આ આધિ, વ્યાધિ અને ઉપાધિયુક્ત જગતથી અને તેના નૈતિક શાસનથી ત્રાસ પામી પ્રભુની પરમ કૃપાલુ અને ન્યાયાસક્ત વૃત્તિ પર શ્રદ્ધા રાખતો મનુષ્ય જ્યારથી સમજણો થયો ત્યારથી એમ માનતો આવ્યો છે કે એક અજાણ્યે સ્થલે એક એવું જગત છે કે જે સર્વાંશે પરિપૂર્ણ છે. ત્યાં સતત શાંતિ, નિર્મળ સુખ અને અખંડ આનંદ લુટવાનો છે. આ ભૂમિને સ્વર્ગભૂમિ, સ્વર્ગ, અમરભૂમિ, પ્રભુભૂમિ, દિવ્યભૂમિ, વૈકુંઠ, કૈલાસ, બેહીસ્ત, હેવન વગેરે નામથી ઓળખવામાં આવે છે. ત્યાંના કાલને સત્યયુગ, કૃતયુગ, ગોલ્ડન એજ વગેરે નામથી જણાવવામાં આવે છે. આ ભૂમિનું નૈતિક-શાસન પણ સંતોષકારક છે. પ્રાકૃત સૃષ્ટિમાં સાધુ અગ્નિથી બળે છે, પણ પેલી દિવ્ય સૃષ્ટિમાં તપ્ત લોખંડના સ્તંભને બાઝતાં કે ઉકળતા તેલની કઢામાં નખાતાં છતાં તેને ઉની આંચ આવતી નથી. આ ભૂમિનું હું વર્ણન કરું તેના કરતાં જગન્માન્ય કવિઓએ કરેલાં વર્ણન ટાંકું તો વધારે યોગ્ય થશે. વાલ્મીકિ કહે છે:

"સહુ તુષ્ટ, પુષ્ટ, મહૃષ્ટ ધાર્મિક મુદિત એના રાજ્યમાં,
દુર્ભિક્ષ, ભય વર્જિત સદા નિશ્ચિંત સર્વ સમાજનાં;
રોગો રહિત સહુ પુરુષ કદી નવ પુત્રમૃત્યુ દેખવા,
સૌભાગ્ય ભોગવતી અખંડ વસે સતી સુપતિવ્રતા.
જળ, અનલ કે વાયુ પ્રબળ કો લોકને પીડતા નહીં,
ભગતા ન કોઇ ક્ષુધાર્ત કે તસ્કર ન કો વસતા તહીં:
એ નગર ને વળી રાષ્ટ્ર છે સંપૂર્ણ શુભ ધનધાન્યથી,
કૃતયુગ રામા વસતા સહુ સુખમાં સદા આનંદથી."

કાલિદાસ મેઘદૂતમાં આ ભૂમિનું અદ્‌ભુત દર્શન કરાવે છે. એમાંથી બે કડીઓ તો ટાંક્યા વગર નથીજ રહેવાતું:

"જ્યાં માતેલા ભમુકર તણું ચૂંદથી ગાઢ રેતાં,
આરે વૃક્ષો સકળ ઋતુમાં પુષ્પ નાનાં ખીલેલાં;
હંસશ્રેણી તણી ઝમકતી મેખલાથી યુવાની,
આવે છે ત્યાં કમલિની કરાં પદ્મ નિત્યે વિકાસી.

દેખા સુખો કરી કરી કલા ધારી નાચે મયૂરો,
જ્યાં જ્યોત્સ્નાથી તમ રળી જતાં રૂપ લાગે મદોંમ
આનંદાશ્રુ વગર નયને આંસુ લોપે ન બીજું.
બીજે તાપ સ્મર જીવ નથી જે ગામે પ્રેમી હોતાં.
જ્યાં છે માત્ર પ્રણયસ્થલે રમણામાં વિલાસા.
યક્ષોને જ્યાં નથી વય બીજું માત્ર તારુણ્ય એક"

તુલસીદાસજી આ ભૂમિને નીચેના સ્વરૂપમાં જુએ છે:

દૈહિક દૈવિક ભૌતિક તાપા
રામરાજ નહિં કાહુહિ વ્યાપા

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૫૧૮]

"બાપુને ત્યાં"

લેખક
ના. નરોત્તમ કૃષ્ણદાસ શાહ
બી એ
ચિત્રકાર
ના. કલાનિધિ

મધ્યરાત્રિ થવા આવી હતી. સમસ્ત શહેરમાં સન્નાટાનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. શહેરમાં રોજ ફરતા પહેરેગીરો સિવાય અત્યારની આવેલ જણાતી ન હતી તેમજ કોઈ ઘરમાં બળતા રાત દિવા આવે તેથી વધુ પ્રકાશ નહોતો રસ્તા પર પડતો ન હતો.

આવે સમયે પુરાતન કુટુંબકુટિરના નજીક ભાગ પર એક મનુષ્યની ચાલતી જતો હતો તેણે શરીરે ગળાથી પગ સુધી પહેરેલ તેની ખાસ જાતની કથા ધરણ કરેલી હતી તેમજ પગમાં પાવડી પહેરેલી હતી ને શીયાર તેની પાસ મુસાફરીના કોઈ સાધન હોય એમ જણાતું ન હતું. કેવી શરીરનું રક્ષણ કરવા સારુ તેણે કામળી રાખી ન હતી તેમજ ઉદર પોષણાર્થ ભિક્ષાપાત્રનો બોજો પણ લીધો ન હતો આટલું બધા તેના ધુળવાળા પગ પરથી તેમજ ઉત્પન્ન થયેલા શરીર પરથી તે લાંબેથી દૂરગામ કરી આવતો હોય એમ જણાતો હતો

આમથી તેમ નજર ન ખસતા તેણે કુટુંબ પુરતા દેટલ એ રાજમાર્ગ વળાવ્યા રાજગૃહ આગળ આવી ન પહોંચ્યા થોડોક પરંતુ રાજાના સુશોભિત મહેલ પર એક ઊંડી દૃષ્ટિ નાખી તેણે આગળ ચલાવ્યું ધનાઢ્યોથી વસાએલા ભવ્ય ચોક આગળ તે આવ્યો પરંતુ તેમના ગગનચુંબી આવાસે બનાવેલા અટારીઓથી ઢંકાએલા તેમના જરૂખા ઓ અને અઢાર પૈસો ખર્ચી રચાવેલા તેમનાં મનોહર બાગબગીચાઓ તથા ફી ભવતો—એ સર્વમાં પોતાને કંઈ પણ લાભ હોય એમ તને ન જણાયું તે તો એ મધુ અવલોકતો આગળ ચાલ્યો ત્યાં રોશનીથી ઝગમગી રહેલું, ગાયન અને વાદનથી ગાજી રહેલું, નગર મહાજન મુખ્યોનો અને પુરતિઓથી આનંદમય થએલું એક સુંદર મકાન આવ્યું.

તે મકાન આગળ તે થોડી વાર ઉભો રહ્યો અને માંહા મચી રહેલા પોલાહલ પર તેણે એક દૃષ્ટિ નાખી; પરંતુ તે પણ તેને અરુચિકર જણાયું અને એક દીર્ઘ નિઃશ્વાસ નાખી તેણે આગળ ચલાવ્યું.

તરતજ તેણે તેનો માર્ગ બદલ્યો. મોટા રાજમાર્ગો છોડી નાની ગલીકુંચીઓ તેણે તપાસવા માંડી. શું તે આ પ્રમાણે પોતાને યોગ્ય કોઈ ઉતારો શોધતો હતો કે શું તે પોતાનો કોઇ રાજકીય, આર્થિક કે ભૌગિક ઉદ્દેશ સાધવા સારુ આમ ફરતો હતો? અથવા તો શું વેષ ધારણ કરી નગરચર્યા જોવા સારુ નીકળ્યો હતો? ના. ઉતારાની તેને જરૂર ન હતી, કારણ તેને મન તો "सर्वा भूमितलं दिशोपि वसनम्" હતું. રાજકીય, આર્થિક અને ભૌગિક ઉદ્દેશ પણ તેને ન હતા, કારણ સંસારને તો તેણે કયારનીએ તિલાંજલિ આપી હતી. નગરચર્યા જોવાની તેને ખાસ ઇચ્છા ન હતી, કારણ એવાં નગરો તેણે સારી રીતે અવલોકયાં હતાં, અને હવ તો તે તરફ તેને એવો અણગમો આવ્યો હતો કે જો તે નગરોથી દૂર રહી શકત તો જંગલ! શાંત નિવાસસ્થાન કદી પણ છોડત નહીં.

જારે શું તે આમ નિષ્પ્રયોજન ફરતો હતો? ના. તેની મુખમુદ્રા પરથી જણાતું હતું કે તે કોઇ અગત્યના કામસર નીકળ્યો હશે, અને તે કામ પણ કુંદનપુરના રાજમાર્ગ પર નહીં. પરંતુ તેની ગલીકુંચીઓમાં હતું. તેના સ્વચ્છ અને મુક્ત લત્તાઓમાં નહીં, પરંતુ ગીચ અને ગલીચ ભાગોમાં હતું. સંસાર તો તેણે ત્યજેલો હતો, પરંતુ સમાજને તેણે છોડ્યો ન હતો; અને જે સમાજ તેને જોવાનો હતો, જેના સુખદુઃખનો તે ભાગીદાર હતો, જેનાં દુઃખનું નિવારણ કરવાનું કામ તેણે હાથ ધર્યું હતું તે સમાજ કંઈ ધનાઢયોના મહેલોમાં વસતો ન હતો, પરંતુ ગરીબોની ઝુંપડીમાં રહેતો હતો.

તે સાધુ ચાલતોચાલતો એક નાના ઘર આગળ આવી ઉભો રહ્યો. રાજાનો મહેલ, ધનાઢયોના આવાસો અને પોતા આનંદમગ્ન થએલા મકાનની માફક આ ઘર ઉપર પણ તેણે દૃષ્ટિ નાંખી. પરંતુ અહીંઆં તેણે એવું તે શું જોયું કે ત્યાંની માફક અહીંઆંથી ચાલ્યા જવાનું મન તેને ન થયું? ઘર બહુ નીચું હતું અને તેના પ્રથમ માળની બારી આગળ લાકડાના કઠેરા ઉપર હાથ મૂકી તેના ઉપર પોતાનું માથું ટેકવી એક સ્ત્રીને તે વિચારમગ્ન ઉભેલી જોઇ. આટલી રાત સુધી આ સ્ત્રીના કોની વાટ જોતી ઉભી હશે? શું તેને નિદ્રા ન આવતી હશે! કે પછી આવે તો પણ એ નિદ્રાના સદયોગી વિના મુક્ત જવું પસંદ ન પડવાથી તેની વાટ જોતી તે ઉભી હશે? ગમે તે હો, પરંતુ તે સાધુને એ સ્ત્રીના મુખ ઉપર દુઃખની છાયા જણાઇ તેનું શરીર કષ્ટથી કૃશ થએલું જણાયું, અને એ દરદીના દુઃખની તપાસ કરનારી પોતાને કંઇક આનંદ થશે એમ તેને લાગ્યું.

એક પળ તેણે એમ વિચાર્યું અને બીજી પળે તો તેના યોગબળે તે એ સ્ત્રીની પાસે આવી ઉભો રહ્યો. એ સ્થળ તે સ્ત્રીનું શયનગૃહ હતું અને તે શયનગૃહની સમૃદ્ધિમા એક ખાટલો, એક નાનું પણ સ્વચ્છ બીછાનું, એક પાણીનો કોટો, દીવાલ પર ટાંગેલી એક તસવીર અને એક ઝાંખો દીવા સીવાય બીજું કંઈ પણ ન હતું. એ સર્વ રાચરચીલા પર નજર નાંખી તે એ યુવતિ તરફ ફર્યો. પરંતુ તેને પાછળથી જોતાં તેના મુખમંડ પર તે

સન્યાસીની આખ ઠરી રહી દુનીઆની કૃત્રિમ રોશની એ કૃત્રિમતાની ક્ષુદ્રતામા તેના મનોહર મુખડા ને દીપાવવાને ન હતી, તોપણ પૂર્ણિમાના ચદ્રના કિરણો તની નાનીશી આર્ગિના પ્રવેશ કરી અત્યારે તેના રાગ પર પથરાઇ રહ્યા હતા અને શોકથી ઘેરાએલા પણ તેના મુખચંદ્રને પ્રકાશિત કરી રહ્યા હતા તેના મુખનુ માધુર્ય તેની આકૃતિની મનોહરતા, તેના શરીરની ચપલતા અને તેના અવયવોની સમતોલતા તેના સૌદર્યને પરાકાષ્ટામા એવી સ્થપાવ્યુ હતુ કે તેને જોતા તે સાધુને લાગ્યુ કે શું એ માનવાન પેટ અવતરેલી દુનીયા બનતા હતી કે સ્વર્ગની અપ્સરા ? અહીંને હાથે ઘડાએલુ હાડમાસનુ પૂતળું કે સ્વર્ગ યોકને રીઝવવા માટે સરજાએલુ નદનવનનુ પારિજાત ? આ પ્રમાણે વિચાર કરતા તે સાધુએ તેના ભાલ ઉપર ધીમેથી હાથ મુક્યો અને તેને વિચાર-નિદ્રામાથી જગાડી



તેજ પડીએ ફડફડાટ કર્યા, માનુષભાવ વેરાયા અને સ્ત્રોતસ્વાની કરી પાગ ન ફુટે તેવી સ્થિતિ થઇ

સફાળી તે જાગી અને આશ્ચર્યચકિત નયનોથી એ સન્યાસી તરફ જોઇ રહી આ તે શું સ્વપ્ન હતુ કે સત્ય ? જ્યારે આખુ જગત ઉંચનુ હશે ત્યારે તેની પાસે એકાએક આ કોણ આવ્યો હશે ? અને તે શાને માટે ? શુ જગતમા તેની ચિંતા કરનાર કોઇ હશે ? કે તેની હૃદયદ્રાવક પ્રાર્થનાઓ સાભળી સંસારમા ભુલા પડેલા માર્ગમા તેને માર્ગ દર્શાવવા પ્રભુએ કોઇ માર્ગદર્શક મોકલ્યો હશે ? તેણે એ સન્યાસીને નખથી શીખ સુધી નીહાળીને જોયો તેનો તેજસ્વી આકાર તેનુ શાત અને આભપાસ તેજ પ્રસારતું વદન ક્રમશ તેની આંખ નજર અને તેનો હૃદયનો સદેશ તે બે ઘડી સહાયો બેઠ રહી અને

તેને લાગ્યું કે આ કોઇ ગરીબનો બેટી હશે.

"બેટા!" તે સંન્યાસી બોલ્યો, "આટલી રાત સુધી તું કોની તપશ્ચર્યા કરતી બેઠી છે?"

"મહારાજ! અમ સ્ત્રીજાતિને તે મોની તપશ્ચર્યા કરવાની હોય? મારા નાથ કદાચ દાસીને મંદિર પધારે તેમની વાટ જોતી બેઠી છું."

"તે ક્યારે આવશે?"

"તે કંઈ કહેવાય નહીં. તેમની મરજી પડે તો આવે, નહીંતર ન આવે."

"તે ક્યાં ગયા છે?"

"મહારાજ! એ અહીં રહેતા નથી. મારા જેવી તેમને તો કેટલીય છે!"

"તારે ત્યાં એ ક્યારે આવે છે?"

"તેમનો નિયમ નથી. દશપંદર દિવસે મહિનામાં ચાર આવે–તેમની મરજી પડે તો."

આ સાંભળી બે સંન્યાસીનું હૃદય બે ક્ષણના માટે દયાથી બરાબર ભરાઈ ગયું. પ્રભુએ આવેલ નિરાધારના નમુનો સરજ્યો તે શું આવા નિર્જન સ્થાનમાં સડવા માટે? સડતા સભાસ્થાનને શોભાવવા સરજાએલી સુંદરી શું કુદનપુરની બેટી ગલીચ ગલીમાં તેનું નોધારું જીવન વ્યતીત કરે! સરોવરમાં તરવા માટે અને ચંદ્ર આથે ખેલ કરવા પોતાને હાથે ઉત્પન્ન કરેલા આ કમલને અકાલે કરમાતું જોઈ શું પ્રભુનો આત્મા દુભાતો ન હશે? જેવા તે શું પાપો જોઈને કર્યા હશે કે જેને માટે આવું દુષ્કર પ્રાયશ્ચિત્ત હશે? તેના મોહાની જેકેજોક ઉખા કેવી લેના નિરૂપમાપપત્નીની ખાલી પુરે છે! અને શું એ મોહાની ઉખા તેના આત્માનું પ્રતિબિંબ ન હશે? ખાસ, તેનું હૃદય તપાસી જોવાને બે શું તે બાળબંદરીયો, છાણથી કે પડી સંસારના મોહપાશથી પોતાનો માર્ગ ભૂલી તો નથી, અને હજુ પણ તે પ્રભુના માર્ગ તરફ વળી શકે તેમ છે કે નહીં!

"બેટા! પ્રભુએ તને એક અનુપમ સુંદરી બનાવી તે આમ દુઃખી થવા સારુ? તારે તો સંસારને ઉત્કૃષ્ટ કરી પ્રભુને રીઝવવો જોઇએ. સંસારના કેટલ પામર જીવોના વ્યક્ત દેહમાં તું ચેતન આત્મા મુકી શકે તેમ છે; કેટલને તેમના ભુલેલા માર્ગમાં માર્ગદર્શક થવાનો તારામાં પ્રભાવ છે; કેટલ દુઃખી હૃદયને તારી વાણીની સુધાથી તું શાંતિ બક્ષી શકે તેમ છે; કેટલ ગરીબોની ઝુંપડીમાં પ્રેમ અને પવિત્રતાના સંદેશ તું પહોંચાડી શકે તેમ છે; છતાં તુંજ કેમ આમ દુઃખમાં, દરિદ્રતામાં અને અશાંતિમાં સડયા કરે છે? શું તારી કથા તું મને કહેશે?" સંન્યાસીએ પુછ્યું.

"મહારાજ! મારા જેવા પામર જીવની કથા સાંભળવાથી શો લાભ?" લક્ષ્મણાએ કહ્યું.

"વધુ નહીં તો એટલો તો ખરો કે આપણું દુઃખ બીજાને કહેવાથી તે અર્ધું ઓછું થાય." સંન્યાસી બોલ્યા.

"મહારાજ! મારી કથા હું કોઇને કહેતી નથી, પરંતુ તમારામાં કોણ જાણે મને કયાંથી શ્રદ્ધા મોટી છે અને તેથી તમે મારા પરમ પિતા હો તેવા લાગો છો એટલે મારી કથની હું તમને કહું છું:

"આ કુદનપુરનરેશના વિલાસપુર નામના એક ખંડીઆ રાજ્યના દીવાનની હું પુત્રી થાઉં છું. મારું નામ શોભનાકુમારી છે અને નામ પ્રમાણે હું બહેનોથી એટલી બધી રૂપવતી હતી કે નાનપણથીજ મારા રૂપની બધાનિ મોહનગર કેસાર હતી હતી અને બધા મને રમવાની અભિલાષા રાખીજ બારતા. બાપના લાડમા ઉછરતી હું બાર વર્ષની થઇ, યૌવનની સાથે કુમારીના માનામાં બીજી હતી અને બાપાનના દાસીઓ તરફથી મારા રૂપ

સારુ માણુ આવવા લાગ્યુ આ બધામાંથી મેને પોતાની કન્યા આપવી તેના વિચારમા ન । બાપુ પણ શુ કુદનપુરના નરેશને એ કન્યા આપી તેની મદદ્રતાની પોતા તરફ વધ તમ કરવુ ? કે પછી રત્નદ્વીપના સ્વતત્ર અને બાપક રાજ્યાધિપ સાથે સબધ બાધવો કે જેથી જરિતમા જ્યારે કુદનપુરન નરેશ સમે સ્વતત્રતાનો ઝુડો ઉગવવાનો પ્રસગ આવે ત્યારે તેની મદદ કામ લાગે ? કે બાજુની મોટમની નગરીમા પોતાની કુવરી દેવી કે જ્યા પોતેતેની બાદેાબાથી અનુ તત્ર ઉભુ કરી શકે કે જે તત્ર પાતાને તના રાજદ્વારી કરાવાદારામા કામ લાગી શકે ? આ પ્રમાણે તેમનો વિચાર ચાલતા હતો ત્યા એક સમરે આ કુદનપુરના સનનો પુરાન સેનાધિપતિ મદનકુમાર મારા આપન રાજ્યમ અડબી લારા આગો અને નિયમ પ્રમાણે ઉતારો તેનુ અમારા મહેલમાજ લીધ

એક દિવસ સધ્યાનો સમય હતો સુપરેના અસ્તાચલ પર ગમન કરવાની તૈયારી કરતા હતા સધ્યે સમયના આહ્લાદક વાયુ મદમદ વતો હતો સે સમયે એ સેનાધિપતિ અમારા મહેલની પાસ આવતા અમારા કરવા નીકળ્યો હતો તે એક પુષ્પ મડપમા એક બાક પર એક કુમારા પાસે પવનની લહેરોમા મુક્ત થયો હતો હુ પણ કે નીકરતી ત્યા જ ચાલી અને આમપાસની ~ ~ી બુધ્ધાવેલી એ બાક આગળ સદેજ દુર રહી મદરેવના રખાલવા હાલ કિલ્લો કરતા મુદ્દે વચ્ચ થઈ તેના પગથિયા પર આઠ આઠા પડતા હતા અને એ કિલ્લો ~ ~ે હતુ એ બીજેનુ વાતાવરણ હુ અહ ~ને જોઈ રહી પાસના કુવારામાથી પડતા અમના ગાત છાંટા મારા શરીર પર પડી મારા હૃદયના ગાઢ નવીન રસ જાગ્યા હા ૫ ભગવાન કુસુમાયુધ પણ પોતાના સુતના પુત્રની કુમકે આ ૫ અને પુષ્પમડપથી ગતગત ના અને રગપરગી કુસમાની હોળીઓ મારા પર વરસાવવા લાગ્યા આ મ ન મૂર્છિની અમારની હુ ગી પર સુધી ત્યા ઉભી રહી તે। મન ભાન ન રહ્યુ પણ થોડી વારે ત કુમાર ભાગ્યો અને મન પાસ ઉતરી જેતા તેન અભય તો ન હુ પણ પુરુષન સુલભ સ્વભાવથી ન બેા ય

આ પુષ્પમડપમા આ નવીન હુ પ્રવત કરાયો આવી ?

આ પ્રશ્ન સાભળી હુ મુજવણ ૫ અ પ્રશ્ન સાથે જે અ મા તેણે મારા પર ફેકા તેનુ તજ મારાથી બની શકાયુ નહીં અને મારુ માણુ નીચુ નમતી હુ જમીન તરફ જોઇ રહી પરતુ ત્યા ઉભા રહેવ ની હીમત મારામા હતી તો એ બંનનો ઉત્તર આપવાની પણ આવી

ગ તમ । આ પુષ્પવત વાસે હ ~ બીજેથી નીચુ મ , રાખીને ~ હુ જોતી

હ મન અ પુષ્પવતા સમે છે એ સુજ નહીં પરતુ ત આ જગતના કૃત્રિમ બાગની નહા પરતુ નૈસર્ગિક નદનવનની અને તથીજ વિચાર કરે છુ કે અહીંયા એ કાણે ! કુમાર બોલ્યુ

કુમાર એ કારણે એ પુષ્પવતા આ મ ામા નવીન હશે તા શુ એમ નથી બન વનુ કે બેજ નવીન આગીએ એ મહેલની અંદરથી જ આ નવીન સત એ છુ હશે ?" એ કહ્યુ

આવી વત એક ~ ીના પ્રથમ પ્રણયની સજનશક્તિની અદર રહે પણ એ કે કિ એ બાજા એ કારણની નજીકમાં આ ત ।

આકર્ષવાને શક્તિમાન થયો હોય તો તે તેનું અહોભાગ્ય માનશે. પરંતુ કુંવરી! એટલાથી એ લતા પર એ માળીનો અધિકાર ખરો કે?" કુમારે પુછ્યું.

"આ સવાલે તો હદ કરી. મેં કરી નીચું જોયું. મારે ગાલે શરમના શેરડા પડ્યા અને કુમારને શો ઉત્તર આપવો તેની મુંઝવણમાં હું પડી કુમાર તો ઉત્તરની રાહ જોતા મદ-ભરી દૃષ્ટિથી મારી તરફ જોઈ રહ્યા અને મારામાં એ દૃષ્ટિને તરછોડવાની તાકાત ન રહી તેમજ તેના પાશમાંથી છૂટી ત્યાંથી ચાલ્યા જવાનો માર્ગ પણ મને ન સુઝ્યો. યોગિરાજ! આ માયાગ્રિત તરફ તમને કદાચ દ્વન્દ્વનું આવતું હશે, પરંતુ જે માયાથી તમે અલગ રહી શક્યા છો તે માયામાં અમે દંપેશનાં રચ્યાં-પચ્યાં રહીએ છીએ. અમારી ચિત્તવૃત્તિ તમે કળી શક્યા નહીં અને તેમાં પણ જે આભા ક્વામાં અમે ઉછરીએ છીએ, વીચરીએ છીએ અને રમમાણ રહીએ છીએ તે આભા-ક્વાજ અમને સુલભ વિચારોથી દૂર કરે છે, અને દુનીઆના જદ્દુઆ પ્રવાહમાં અમને પકડે છે. નહીંતર મહારાજ! એ પ્રસંગ પર વિચાર કરો. એક પામ મનોહર પુષ્પમંડપ. તેમાં ઉડતા પ્રવાસના શાંત શીકરો, પુષ્પો માંથે તેમજ અમારા વદનકમલ સાથે ખેલ કરતા સૂર્યનારાયણનાં સંધ્યાસમયના પૂર્વનાં આછાં કિરણો, અને બીજી બાજુ નૈસર્ગિકતાથી ઉન્મત્ત થએલા સૌંદર્યના સ્ત્રિ ઉપાસકો! આવા સંયોગો તેની જદ્દુઆ અસર કોના પર નથી કરતા! અને અમે પણ તે પ્રસંગે ભાન ભુલ્યાં દેખાઈએ તો શું એ અપરાધ ક્ષમ્ય નથી! મને નીચું મોં કરી દૂં પણ જવાબ આપ્યા વિના શરમીંદી ઉભેલી જોઈ એ કુમાર ઉઠ્યા અને આવા પ્રસંગોમાં જે ટેવાઈ ગએલો હોયની બોલ્યોઃ

"સુંદરી! શરમાઓ છો શાને? તમારું હૃદય શું હું કળી શકતો નથી? પ્રેમીજનનો જવાબ ભલે શબ્દથી ન વળે, તોપણ તેના ગાલ પર પડતા શરમના શેરડા, કુલાતાં નસકોરાં અને તેજથી ચમકતી આંખો એ શાનું સૂચન કરે છે? માટે અંતર-ને વધુ છુપાવ્યે શો ફાયદો? આમ આવો અને જુઓ કે આપણા સંયોગથી આ ઉદ્યાન કેવો દીપી રહ્યો છે?"

"એમ કહી તેણે એક હાથ મારા ગળામાં નાખ્યો અને બીજો હાથ મારા ખભા ઉપર મુકી મને તેની પાસે બાંક ઉપર બેસાડી. પ્રણયવિદ્યામાં એ પારંગત હતો એટલે ધીમેધીમે તેનો જદ્દુ મારા પર સંપૂર્ણ જામ્યો. કેટલીએ મધુરી વાતો તેણે મારી સાથે કરી, સંસારસુખનાં કેટલાંએ મનોહર સ્વપ્ન તેણે મારી આંખ આગળ ખડાં કર્યાં. કુંદનપુરના સૌથી વડા રાજ્યાધિકારીની પત્ની-પદે અને કદાચ જો તેનો શક્ત અપુત્ર મરણ પામે તો એ મહારાજ્યની સમ્રાજ્ઞીપદે રમમાણની ઉજ્જ્વલ ભવિષ્ય મારી આશાસૃષ્ટિમાં મુકાયું. અને એ સર્વ વાતની આતરીના પોતાના નવી શીક્ષા તરીકે તેણે મારું માથું સહેજ પાસે ખેંચ્યું અને મારા ગુલાબી ગાલ પર એક ચુંબન દીધું. બસ થઈ ચુક્યું. મહારાજ! તેજ ઘડીએ હૃદયદ્વાર દેવાયાં. પ્રાણપોપટ લેવાયા અને જોતીઆની કળી પણ ન ફુટે તેવા મધિ ગુંથાઈ. માત્ર એક વાત રહી ગઈ અને તે એ કે એ મધિની જાગીરગીરીમાં અમારાં દિવસ મજાનાં જતાં. નેવા પણ કીમતી જાગીરગીરી માગવાની અમને યાદ પણ ન આવી અને વળી યાદ કરવા જેવું પણ ન જણાય.

"બીજે જ દિવસે જનાધિપતિ તરફથી માગું આવ્યું પરંતુ મા। બાપુએ તેની માગણી ના કબુલ કરી કુંદનપુરના સેનાધિપતિનું અપમાન કરવું અહેતુ ન હતું પરંતુ રાજાનો નિશ્ચય ગજેન્દ્રોપના ગજાધિપ સાથે મારો સંબંધ બાંધવાનો થઈ ચુકયા હતો અને તે કરે તેમ ન હતો મારા બાપુનો એકનિષ્ઠપણે અને ટેકીનો સ્વભાવ . મારી રીતે જાણતી હતી અને જ્યાં સુધી બસર પડી કે તેમનો નિશ્ચય થઈ ચુકયા છે ત્યારે તો હું ચલથી ઉઠી મારી ઉદાસીન મુખમુદ્રા પરથી અને એકાંતમાં મારા આસુડાંથી ભીંજેલી આંખો પરથી મારા બાપુ માન મનોભાવ કળી ગયા પરંતુ તેથી તો તે વધુ ગુસ્સે થયા તેમના ક્ષત્રિયાભિમાનને ઠેસ લાગી કારણ કે તેમનો સ્વભાવ હતો અને તેથી ક્ષણવારમાં જ મારા મારવા દેતા નહીં અને પોતાની કન્યાનો સંબંધ બાંધવો એ પણ રાજાઓને અનેક રાજ્યવ્યવહારોની જ બાબત હોવાથી તેમણે મારી માતાને પણ એ વિષય પર તેમની આગળ એક શબ્દ પણ ઉચ્ચારવા દીધો નહીં અને મને તો પાસે ઉભા રહેવા પણ ન દીધી

'એવામાં એક દિવસ રાત કાળમાં કુમાર અને મળ્યો હું તો શરમની મારી મારે મોં પણ ઉંચું ન કરી શકી અને અપમાન પામેલો કુમાર કેક કહો આપણે એમ ધારી પાછલી મોજ ઓતરતી નિશ્ચેતન ઉભી રહી

"કુંવરી!" પ્રફુલ્લવદને કુમાર બોલ્યો "આમ ઉદાસીન શા માટે?"

'કુમાર ઉપાય ન થાકે તો શું કરું? બાપુનો નિશ્ચય તો છટલેજ છે"

'બાપુનો નિશ્ચય! અને તે છટલેજ હોય પણ આપણો પણ એ છેલ્લોજ છે એ વાત યાદ રાખજો" કુમારે કહ્યું

પણ તેથી શું? મેં કહ્યું

નથી શું? સુંદરી આપણા પૂર્વજોનો ઇતિહાસ તો જરા યાદ લાવો ઓખાને અનિરુદ્ધ મળ્યો કે તેના બાપુએ પરણાવી ન હતી, રુકિમણીને કૃષ્ણ સાથે પરણાવ્યા તેના પિતા કે શક્તિમાન્ ન હતા અને સુભદ્રાને અર્જુન કે વસુદેવની સંમતિથી પરણ્યા ન હતા એ વીરાંગનાઓનો ઇતિહાસ અમર થયો લેવા તમારે કરવાની જરૂર નથી? અને શું એ ક્ષત્રિય વીરોનું રુધિર મારી નસોમાં નથી વહેતું? માટે ધીમંત થઈને આજે તો હું પ્રસ્થાન કરી જઉંછું પરંતુ આવતી કાલ રાત્રે ૯ વાગે તમે આ જગ્યાએજ મારી વાટ જોતા રહેજો આપણા તમારા જેવી દશા કરવા કરી જવાનું સામર્થ્ય છે અને તે પણ આવા બીજા રાજાના સહકારથી નહીં પરંતુ જનરામ અને જાદુરાજના અમોઘ બળના માથી' કુમારે કહ્યું

'હું તેના બોલ પર એક હાથ મૂકી તેના મુખચંદ્ર તરફ હૃદયપિયાસુ નજરથી જોઈ રહી બોલી કુમાર જરૂર આવજો'

'કુંવરી! વીરોનો બોલ એકજ હોય' કુમારે કહ્યું

'બીજે દિવસ અમાવાસ્યાએ એક પહોર રાત્રે બાપુના ગજાની હદ ઓળંગી ગયા. એ કયાંથી આવ્યો હતો તે કંઈ બસર ન પડી પરંતુ રાજમહેલના પાછળના ભાગમાંથી તે બહાર નીકળ્યો અને બાપુની ગતિયા છુપો। રાજમહેલના બધાની નજરમાં તે ન પડયો નગરનો કોટ તે કેવી રીતે કુદી ગયો

હરિલાલ હર્ષદરાય ધ્રુવ
તથા
ભીમરાવ ભોળાનાથ

સ્મરણમુકુર
લેખાંક ૨૪ મો

લેખક:
રા. નરસિંહરાવ ભોળાનાથ
બી. એ., સી. એસ.

ભોળ" વિકાસી મુખ રાં તટેછે!
ચોપાસ શી પંક્તિ તમિસ્રની છે!
તો યે ન કવે બડે પ્રભોની
ના ઝંખવાયે શુચિ કલ્પનાજ્યોતી!!!

(ધ. ધ. ધ્રુવ)

જે આજ દિવ્ય સહુ વાસની કહાં તું પીધા!
રાગે ભર્યો મધુર તે સુર આપી જીધા
પ્હેલી વશી સુતનુ નારદકંઠ રાજે,
આવી પછી સુરસમાન જ લોકમાંજે;
તે કહાં દીસે મધુરવાદિનિ રમ્યવીણા?

(ભીમરાવ ભોળાનાથ)

આ બે નમૂના બંને કવિની કવિતાના સ્વરૂપનું નિદર્શન સચોટ કરેછે: કિટ્સના લાઇટની દીવાદાંડીના વર્ણનનો પ્રથમ શ્લોક એ જડ દીવાદાંડીનું વર્ણન કરેછે, તે સાથે આપણે કામ નથી; આપણે તેમાં ધ. ધ. ધ્રુવની કવિતરચનાનું સૂચન ગૂઢરૂપે જોઈ શકિયે છિયે; અર્થની અવિશદતા તે તમિસ્રા, સમુદ્રના અડબચડા મોજા -તે કેમની અડબચડી પદરચના,—' રખલનપ્રતિપદાક્ષે રવા છન્દે જાણીયે' એમ જે'નું પોતે જ સ્વરૂપકથન કરેલું છે તેવી પદરચના: છતાં, "ના ઝંખવાયે (કવિતાની) કલ્પોતિ": કેવી કેમની કવિત્વકૃતિયો હતી. કેમણે પોતે આપેલી નીચેની પંક્તિયોમાં તેનું નિદર્શન (અજાણતાં જ) પ્રગટ કર્યું છે:

અદ્રિ નથી રસ પાળે ન્હેર બાંધી વહાવ્યો,
નથી ગગનથી ભાવે ગ્રોડવો પ્રપ્રવ્યો
સદ્રષ્ટિ વહી સ્વચ્છન્દે। મંજરી ખીલી જેમ,
જ્યાં જ્યાં ઉઘડી કલાએ આકૃતિ ખીલી તેમ!

ભીમરાવની કાવ્યકૃતિયો માટે નાનાની વીણાને કરેલું કેમનું સંબોધન અક્ષરશ: પ્રતિબિમ્બરૂપે ઉપરના શ્લોકમાં જોવામળે.

બન્ને હું ૬. ધ્રુવ અને ભીમરાવ બનેમાં ગુણ તેમ જ દોષ એક નમૂનાના હતા અવિશ્રદ્ધા, જ્ઞાતિ માધુર્ય અકૃત્રિમતા, પ્રજ્ઞાવિકાસનો રવ-ઇચ્છ અનાદર સંસ્કૃતકાવ્યોની સંસ્કૃતિનું પાન કર્યાથી પોતાની રચનામા તે સંસ્કૃતિની દીપ્તિનું દર્શન-ચમત્કારાદિ સ્વરૂપ સમાનતા આવનારા અંશ હતા બન્ને બનેમા બેદરકારી પણ હતા હું ૬. ધ્રુવની પેઠે ભીમરાવ આવેશમા ઉદ્‌ગાર તણાયા જતા નહોતા પરિણામ એ થયુ કે હું ૬. ધ્રુવની કૃતિઓમા કદંગી રચના † દોષ ઉત્પન્ન કરવે હેવા ઉદ્‌ગાર, ઇત્યાદિ પ્રગટ થાયછે. ત્યારે ભીમરાવમા મધ્યમ, સુરસ સલીલ ગતિ પદલાલિત્યમા મનોરમતા, છન્દાદિ લક્ષણો રચવે ત્યારે જાણ્યાની અપેક્ષિતપણાને દાખી દેછ

પણ પરીક્ષા અને સરખામણીનો અહિ પ્રસગ નથી —આપણુ પણ જોયુ તે એટલા માટે કે આ બને કવિને સાથેમાંજ આ પ્રકમા કેમ જોડવા તેનુ એક કારણ જણાય બીજા કારણો પણ છે બને ગુજરાતી કવિતાના મધ્યયુગ અને નવીનયુગના વચમા રહેવા, પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિનું સુભગ મિશ્રણ પ્રગટ કરતી કાન્યકલાના આચાર્ય રૂપ, હતા બને સંસ્કૃત અને અંગ્રેજી કાન્ય સાહિત્યના સમેમ અભ્યાસનો પરિપાક પોતાની કાવ્યકૃતિયોમા દર્શાવનારા હતા, બે કે હું ધ્રુવમા માધુર્ય, અને વાણિ ય કરતાં કહ ગાપણુ ને અવિશ્રદ્ધતા વધારે હતા, અને ભીમરાવમા અવિશ્રદ્ધતા ઓછી અને કહ્યાપણુ, કરતાપણુ અધિ વિરલ, અને માધુર્ય અને લાલિત્ય તો બરપૂર હતાં હવે બનેના રમણીય પદ્યાવિષ્ટન નોધિયુ

હરિલાલ ધ્રુવ

હરિલાલ ક્યાંના વતનીઓ નહોતા. વડોદરા કરતા એકબે વર્ષ આગળ હતા પરતુ એક ચિત્ર વડોદરા મનમા છપાયેલુ હજી તાજરે છે લાખા પરેલની પોળમા વર્ગને (બાડિયાની બારીને રસ્તે પોતાને ઘેરથી રકૂલમા જતા) રોજ નજરે પડે કમ વાગ્યાની વચ્ચે વડોદરા મકાનની મેડીની બારીમા ઊભેલા હું એક ઊંચા દપકટપક કદા પગના જાગી, કમરની ઉપરનો ભાગ દાતજ નહિ ને માત્ર નીચેના બે પગ ચપચપ ચાર હાથમા કુસ્તીની ચાકડી ભમણા આમગ, તાડો ગણવા માટ હોય એમ, પણ માત્ર ટકને લીધજ જમણો હાથ ઊંચો રાખીને તેવો પકડીને ઘેરદી-હેવી તરણ મૂર્તિ જાણે હું જ્યારે અને તેથી વડોદરા પર ઉપર કાઈક અનુરાગ, કાંઇક ઊંડાણ વગેરેથી જ્યજ કાઇક વડોદરા કરતા અધિકાના વધના વિદ્યાર્થી નહીકે માનવૃત્તિ હેવા મિત્રભાવ હૃદયમા રકુરિત થતા એ મૂર્તિ ને હરિલાલ ધ્રુવ

વાઘરકૃપામા હરિલાલ જોડે હું બે પક્ષમાં આકસ્મિક યોગે આવ્યો હોમરૂલે અન્ન મિત્રોની સાથે મળીને એક સભા સ્થાપી હતી હેનુ નામ આગળ ઉપર ' જ્ઞાનચક્રોદયા સભા પાડયુ હતુ એ સભામાં વડને દાખલ કરો હતો સભા આડિયામાં પોતાની પોતાના કે કવિક મળતી હતી મેમ્બરો પાચમાત જ હતા, એમ સમજ્યુ છે કોઇ કોઇ વાર બોલાતા

† પોતાના કાવ્યોના સમકને કુલવિચાર નામ આપીને પ્રસિદ્ધિમા મૂકનારી નવદેશભગમાં ૬ ૬ ધ્રુવ સુહાનુભૂતિ વિભાગે ન 'કુમાર' સાપ્તાહી વિસ્તારિક કરતા તે વાત વરસ પ્રસ્થ બેવડે ભીમરાવે આપેલ પ્રસ્તાવના અંક પત્રમા જણાવી પણ છે—'કુમારપદ નહીં, કુમારપદ,—વગેર પણ યા માટે નહિ'

રાવ હરિ દેશમુખના બે પુત્રો, મોરેશ્વર દેશમુખ અને લક્ષ્મણરાવ દેશમુખ, સભામાં હાજર રહેતા હતા. હવે એક પ્રસંગે—મહેં અંગ્રેજીમાં એક નિબંધ વાંચ્યો હતો;—એ એક પાનાંનો નિબન્ધ! ચોથા પાંચમા ધોરણના વિદ્યાર્થીના આ પરાક્રમ (?)નાં વખાણ દેશમુખ ભાઈઓએ, હરિલાલે, વગેરેએ ઊભા થઈને બોલીને કર્યાં, તે પ્રસંગ સાંભરતાં મહને બહુ જ હસવું આવેછે. 'નિબંધ' માં કશો પણ માલ નહોતો.

આ સભા પાછળથી હાઈસ્કૂલમાં બળી. તે સમયે એકવાર હરિલાલના અંગતમિત્ર કેશવલાલ મોતીલાલ વકીલે 'જ્ઞાનચંદ્રોદયા' શબ્દ ઉપર શ્લેષયુક્ત રમત કરી તેથી હમે છક થઈ ગયા હતા; હવે નિરાંત લાગી હસવું આવેછે. એ મીટિંગમાં બહારના કેટલાક પુરુષો આવ્યા હતા અને સંખ્યા પંદરેકની થઈ હતી. ઉત્સાહ હમારા બધાનો એ સમયમાં પુષ્કળ હતો. દેશાભિમાનનો પવન પણ બધાના મગજમાં નહાના નહાના વંટોળિયા રમાડતો હતો. એક એ મંડળમાંનો મિત્ર મહને એક વાર કહેઃ "જ્યારે હરિલાલ તલવાર લઈને બહાર નીકળી પડશે, કેશવલાલ (વકીલ) યુદ્ધમાં ઊતરશે, લલ્લુભાઈ (એક લલ્લુભાઈ મહીપતરામ હતા તે) તલવાર લઈને ઊતરશે, ડાહ્યાભાઈ (ડાહ્યાભાઈ દેસાસરી) સમશેર લઈને ઘૂમશે, ત્યારે હું પણ રણમાં રમવાને જઈશ." —આ મતલબનું વાક્ય સાંભળીને હું કાંઈક વિલક્ષણ ભાવ અનુભવવા લાગ્યો. કયા રણસંગ્રામમાં? કયારે?—ઇત્યાદિ અનિશ્ચિતતા, અસ્પષ્ટતા, મહને ચૂંચવવા લાગી. પણ મહને પણ હેનો રંગ લાગ્યો, અને એક કાગળમાં પંદરવીસ પંક્તિનું લાંબું, ભપકદાર, છટાદાર, અંગ્રેજી વાક્ય લખી નાંખ્યું—ને હેમાં આડંબર, દેશાભિમાનના ઊભરા, ઇત્યાદિ ભરીને, તે વાક્ય વાંચીવાંચીને હું ખુશ થવા લાગ્યો. હવે કોણ કહેશે કે "નરસિંહરાવ દેશભક્તિ શબ્દથી પણ ભડકી ઊઠેછે!"? *

આ સભાને અંગે—અંગે નહિ, પણ કાંઈક હેના આકર્ષકતરાં સંબન્ધમાં—હરિલાલે એક ખુદ્રો કાઢયોઃ દરેક મેમ્બરે બીજા મેમ્બરોની જોડે મિત્રતાસંબન્ધ શો છે તે દર્શાવવાને વર્ગ પાડવા; ફરસ્ટ કલાસ, સેકંડ કલાસ, અને થર્ડ કલાસ friend (મિત્ર). એમ. થર્ડ કલાસ મિત્ર હોય તે પોતા મિત્રને ઘેર આવે ત્યારે હેની પત્ની બોલેચાલે નહિ, પણ હાજર રહી શકે; સેકંડ કલાસ મિત્ર હોય તે મિત્રના દેખતાં તહેની પત્ની જોડે વાતચીત કરી શકે; અને ફરસ્ટ કલાસ ફ્રેંડ મિત્રની ગેરહાજરીમાં પણ તહેની પત્ની જોડે વાતચીત કરી શકે. આ રમતથી મહારા મનમાં તો હસવું જ આવતું હતું, અને વળી આ યોજનાને પરિણામે માંહિ માંહિ અસંતોષ ઉત્પન્ન થયા તે જુદું. એક જણ મહને આવીને કહેવા લાગ્યોઃ "જુવો, નરસંહરાવ, મહેં હરિલાલને ફરસ્ટ કલાસ ફ્રેંડમાં મૂકયા, અને હેમણે મહને સેંકડ કલાસમાં જ મૂકયો!" આ વળી વધારે રમૂજ ઊપજાવે હેવી સ્થિતિ હતી. એ યોજના પછી કયાં સુધી રહી તે યાદ નથી આવતું.

પણ બીજો ખુદ્રો વળી હરિલાલે કાઢયો હતોઃ દરેક મેમ્બરે બીજાને પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) લખી આપવું, તો જ તે સભાનો મેમ્બર થાય. નવા મેમ્બર માટે તો ઠીક, પણ જે મેમ્બરો

* મહારા ઉપર મૂકાતા આ આક્ષેપ સબંધે એ મૂકનારે આપેલો, તે હું જાણું છું, અને કહું છું.

ઉત્તર આપવાનું કાંઈ સ્થાન નથી. રા. રેતુથી આક્ષેપ.

પ્રથમથી જ હતા તેમને પણ આમ અચિંતિતપણે જ હરિલાલે કેશવલાલ મોતીલાલ વકીલને સંબોધિત આપેલ માંદગીના વાંચી સંભળાવ્યું "My friend, Mr Keshavlal Motilal Vakil—and who will be a Vakil soon," વગેરે (કેશવલાલની અને વકીલ તરીકે કામ કરતા તેમના પિતા વકીલનો ધંધો કરતા હતા તેથી અને એ વકીલની પરીક્ષા પોતે આપી આવ્યા હતા પરિણામ જાહેર થવાનું બાકી હતું – આ વાત બાજુમાંથી ઉપરના ખંડમાં રહસ્ય સમજાઈ ગઈ — અને અરે વાચનખંડનું પ્રવેશ દ્વાર હરિલાલની નજીકને વિશે આ પ્રસંગે પણ કેશવલાલ વકીલની પરીક્ષામાં પાસ થયા)

આ પ્રસંગે સૃષ્ટિ દૃશ્યો અપાતા હતા તે દરમ્યાન કે બીજા કોઈ પ્રસંગે તે બાદ નથી આવતું પણ એકવાર સભામાં નાટકનાં કલાકો માટે ઉપલબ્ધ થઈ વાદવિવાદ ક્લેશમાં આવ્યો, હરિલાલ બહુ ઉશ્કેરાઈ ગયા, અને કોધાવેશ, અરેખરા અશ્રુ, કેમની આપમાનથી અરઘર ભરવા લાગ્યા આ દયાજનક સ્થિતિથી હું ગભરાઈ ગયો

સમય આવ્યો હરિલાલ એલિફન્સ્ટન કોલેજમાં ભણવાને મુંબાઈ ગયા. કાલક્રમે હું મેટ્રિક ક્લાસમાં આવ્યો આ વર્ષમાં હરિલાલ મને બહુ તોફાની મારકણા માણસની મારવા નામ નહિ લખુ જરૂર નથી મને ચાબખી મારવાને કુમળી મારી નીચ ચારે વાય સિવાય હરિલાલના વર્તનો કદાચ મહદ્દેશના આવા કારણ પર હરિલાલની



હરિલાલ હર્ષદરાય ધ્રુવ

હેઠળીઓ કરવાનું નિર્લજ્જ કામ શરૂ કર્યું આ અનાકૃત આડખલાને રોકનાર કોઈ નહોતું હું નજરાઈથી બે નિરાશા બેચેનીમાં તથ્ય જે બનતો હતો કોઈ પણ કૃતિમાં સાક્ષાત્ સામેલ નહોતો રહેતો પરંતુ સાથે રહેતો ખરો

હાનું પરિણામ "Battle of Kirkee (ખડકી)"–ખડકીના યુદ્ધમાં આવ્યું. બાડિયા-માંથી લાખા પટેલની પોત્યમાં જવાના ટૂંકા રસ્તા-ની બારીની બારી આગળ હમે ન્હાના પોકુંમાં બેઠા; છરાદો તોફાનનો; કેશવલાલ વકીલ ત્યાં થઈને જાય એટલે હેને ઠોકવો !–(શ્રી મૂળશંકરી આજ હસુંહું–પસ્તાઉંહું). રહામા પક્ષને પણ આ વાતની ખબર પડી ગઈ હતી. એક 'ગજનન ફોજદાર' એમ ઉપહાસનામ પાડેલો બાણિયો હમારામાંથી ફૂટ્યો હતો એમ વ્હેમ છે, અને રહામા પક્ષે પણ હમને ઠોકવાની તૈયારી રાખી હતી–એ બાબત પછીથી મ્હને ખબર મળી.–એક મ્હારી કલાસના મિત્રે મ્હને કહ્યું–કે મ્હને પણ હમને બધાને મારવા માટે એ લોકોએ બોલાવેલા, પણ મ્હેં ના કહી,–તમે હો ત્યાં હું મારવામાં ભાગ લઉં ? કેશવલાલને બદલે હેમનો ન્હાનો ભાઈ, દસ વરસનો બાળક, હમારી આગળથી જતો હતો (scout) ચારરૂપે મોકલ્યો હશે):–પાછળ ગુમ રહેલું દળ હતું તે હમને ખબર નહિં. મુકુંદરામ નિત્યારામ મહેતા હમારા મંડળમાં હતો; હેણે બૂમ પાડી: "કોણ જાયછે ? "–"કોણ તે માણસ!–કેમ છે ?" ઉત્તર મળ્યો. મુકુંદરામે છોકરાને હાથ ઝાલીને ઊભો રાખ્યો, ને બોલ્યા!–"કેમ, દુલ્હેરાય! હાને મારું ?"–કહીને મારવા જાયછે એટલે તો બૂમ પડી, અને બોકોની ગલીમાંથી ગુમ દળ આવ્યું, બાકડીઓ ઊડી, દડિયો ફેંકાઈ; દુલ્હેરાય તો "વીંછી કરડ્યો" કહીને ન્હાશી ગયો; માર મુકુંદરામને અને ભગવાન-લાલ બાદશાહને સખત પડ્યો–બંનેનાં માથાં ફૂટ્યાં. મ્હને કોઈએ હાથ ના અડકાડ્યો–હું મધ્યમાં ઊભો હતો છતાં. યુદ્ધ અટક્યું. હાલાભાઈ દેરાસરી આગળ આવ્યા; હમને ઉપદેશરૂપે ધમકાવ્યો. લાગ્યા; મ્હને કહે: તમે હાવા લોકોની સોબતમાં દોરાઓછો તે સારું કહેવાય ?–યુદ્ધ શમ્યું. મુકુંદ અને ભગવાન-લાલને કપાળમાં વાગેલું હેતો રૂ દાબીને ઉપચાર કર્યો (દુલ્હેરાયના ઘરમાં જઈને). હું ઘેર રાત્રે મોડો પહોંચ્યો. બરી હકીકત કહી; મ્હારા પિતાએ એક શબ્દ પણ ઠપકાનો કહ્યો નહિં; (એ જ મ્હને સજા);–દાઝ્યા ઉપર ડામ દેવો નહિં એ ન્યાયે. બીજે દહાડે ફોજદારી-માં ફરિયાદો નોંધાઈ; ઇત્યાદિ વાત થઈ–પછી પતી ગયું. મહીતરામભાઈએ 'જ્ઞાનસુધા'માં એક લેખ-માં પ્રસંગ કાઢીને આ યુદ્ધનો રૂપાન્તરે ઉલ્લેખ કર્યો,–ઇત્યાદિ ઇત્યાદિ. આ યુદ્ધના મૂળ પુરુષ હરિલાલ તો રણસંગ્રામમાં આવ્યા નહોતા; હેમના મિત્રો જ સેનાપતિ થઈને આવ્યા હતા.

આ પછી કેટલીક મુદત સુધી હમારે અબોલા રહ્યા–હરિલાલ અને હેમના મિત્રોને અને મ્હારે. વખત જતે તે મસાઈ ગયું.

હરિલાલમાં sense of humour (રમૂજ-ની સમજશક્તિ) કાંઈક અલ્પ હશે. મિત્રોના વર્ગ, સટિર્ફિકેટો, વગેરે ઉપર કરેલા ઉલ્લેખથી તે જણાશે. આ વિશે બીજું દૃષ્ટાન્ત: હું એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયો; હરિલાલ બી. એ. ક્લાસમાં હતા. લાયબ્રેરીમાં વાંચવાના મેજ ઉપર મ્હેં એક છાપેલું ચોપાનિયું દીઠું; હરિલાલે પોતાના પિતાને મળેલાં સર્ટિફિકેટોનો સંગ્રહ છપાવેલો હેમાં હતો. હેમાં એક અંગ્રેજ અમલદારે આપેલા સર્ટિફિકેટમાં દુર્વાસાને વિશે "he is a rare animal" એમ અતિ-સ્પષ્ટ રીતે આ ઉપહાસજનક વચન હતું, છતાં તે પણ હેમાં દાખલ કર્યું, તે ગમે તો પ્રમાણિકપણાનું દૃષ્ટા, કે ગમે તો sense of humour ની ખામી. હું ધારું એ રમૂજ-ની મહત્ત્વશક્તિની ખામી જ. એ જ ખામીને

ધીર–તમણે પોતાના બે પુત્રોના નામ મદારા તથા મદાર બન્ધુના નામે નામ પાડ્યા તે સાથે ઉપનામો પણ તેજ લીધા એ પુત્રોના ઉપવીતની કંકોત્રીમા કે કજામા "નરસિંહ રાવ કૈલાસ નનુભાઈ તથા કૃષ્ણરાવ ઉર્ફે મનુ ભાઈ", એમ હમે પણ મનુભાઈનો પુત્રપણે

હરિલાલ આમ હમારા નામ અને ઉપનામ પોતે પોતાની લીધા" હરિલાલ હજરજવાબી ચાપરી કહ્યું 'નામોને માટે વળી copyright, કોપીરાઈટ હોય કે ?" વળી એક દૃષ્ટાન્ત આપ્યું પ્રતાપચન્દ્ર અજમુદર અમદાવાદમા ઈ સ. ૧૮૭૮-૭૯ માં કે તે અરસામા પ્લેગ પ્રથમ આવ્યા તદ્વારે હેમના વક્તવ્યથી જનમડળ ઉપર અસાધારણ ભાવ પડી હતી એ પછી હરિલાલ અને હેમના મિત્રમડળે પોતાના નામને 'ચન્દ્ર ઉપપદ લગાડવાનુ શરૂ કર્યું હતું હરિલાલ તે હરિચન્દ્ર કેશવ લાલ મોતીલાલ તે કેશવચન્દ્ર મોતીચન્દ્ર ઇત્યાદિ હરિચન્દ્ર હરદત્તચન્દ્ર એમ લેવાનુ કર્યું એટલું બાકી હમે એકવાર માણેકલાલીના પૂલ ઉપર ફરી આવીને હાલની પોતપોતાની કેશવ લાલ કે મોહક રહેવા હતુ તદ્દા આવ્યા પરમા પ્રાર્થના કરવાને ટોકુ બેકુ તરત જ આજ્ઞા મા હરિલાલ તથા કેશવલાલે પાઘડીઓ કાઢી નાખી ઊંચાકે માથે બે। ભમાણી દલપી પ્રતાપચન્દ્રની નકલ કરી 'હમે તો પાઘડી ઓ। માદીશું એમ કાઠિયે મારીરૂપ વચન બે લીને પાઘડીઓ ઊતારી તે વખત લાગ્યુ કે આ કૃત્રિમના હાસ્ય સ્વરૂપનુ એ લોકોને જ્ઞાન થયુ હશે કે ના થયેલુ

હરિલાલમા સગીતને વિશે આવી હતી અમે સકતા નહિ તેમ સમજતા પણ નહિ પરતુ એ ઉમરના પોતે બનવુના એક પ્રસગે હેમણે કોક સભામા કહ્યું મ્હને આવડતુ નથી આવડતુ તેવી આજ્ઞા મદારા મિત્ર ડાહ્યાભાઈ માગે" બાકી મહીપતરામભાઈ તો એક વાર એમ બે વક્તા કે 'હરિલાલ ગર્ભસકરા થા મારે નહિ ' એ કવિ છે કની! કવિ હોય તે આજ જ મકે એ સૂત્ર વસ્તુસ્થિતિનુ પ્રતિનિધિત્વ નથી આપતુ the poet sings એ રૂપકગર્ભ વચનથી ભમ થ ને મહીપતરામભાઈ બોલ્યા

કોલેજના જીવન પછી વિદ્યાર્થી નવા જીવનમા પ્રવેશ કરેછે જૂનો વિદ્યાર્થી મરી જઈ જૂદા જ લોકમા પ્રાપ્ત કરેછ નવુથી આ જીવન અને પરજીવન વચ્ચ જ ભદ પડે છે-ભદ પડે છે ના અનુસધન થવછે- તે ક્રમ કોલેજજીવન અને દુનિયદારીના જીવન વચ્ચ આવછે એમણે પ્રજાકલ્યા સ્વધર્મનિમિત્તનો નિમ્નપ્રકારે દહિલામ એ વચન આ પ્રમાણને રૂપાન્તર લગ્ન પાડી સકાય એ રીતે હરિલાલ અને તે પણ મિત્રપ્રાપ્તિમા પડ્યા એ ગાયકવાડી રાજ્યમા નોકરીમા જતા જ્યાની પદવી સુધી ચઢ્યા હું અમેજ રાજ્યમા નોકરીમા પડ્યો હેમણે ગુજરાતી ભાષા તથા સસ્કિતની અનાવિધ સેવા ઉપરાંત થી વિદ્વત્તાથી કરી એ સેવાને અગે ચદ્ર નામનુ માસિક એ કાઢવા લાગ્યા હેમાના બેત્રોક પ્રસગે જોવવા જેવા છે –

એ મસિકના પૂઠા ઉપર કે અન્યત્ર જાહેર અખર એ મસિક કોની પાસેથી મળશે એ કે હેવા બાબતની હતી તેમા અધિષ્ઠાતા નનુભાઈ દ્વિવેદીનું નામ લખતા તે પૂર્વે "વેદમૂર્તિ" એમ લખેલુ હતુ અધિ ષ્ઠાતા મારોદરા નાગરમાં વેદિક વર્ગના હતા હરિલાલ ગૃહસ્થ વર્ગના હતા નાગરોમા (વડનગરા તેમ જ મારોદરા નાગરોમાં) ગૃહસ્થ અને ભિક્ષુક એમ વિભાગ છે ગૃહસ્થો

ભિક્ષુકોને ઊતરતી પંક્તિના ગણેછે અને કાંઈક રમૂજમિશ્ર તિરસ્કારદૃષ્ટિથી જુવેછે, એ વાત જણીતી છે. કાંઈક હાવા ભાવથી જ આ 'વેદમૂર્તિ' વિશેષણ મકાયલું હતું. એ વિશેષણ મકવાનું બીજું કાંઈ પ્રયોજન જ નહોતું.

'ચન્દ્ર' માસિકમાં હરિલાલના લેખોમાં, અને ખાસ કરીને કાવ્યોમાં ઉદ્‌ગાર ચિહ્નો અકારણ ખડકાતાં હતાં; !!!, !?!, ?!?, ઇત્યાદિ વિવિધરૂપ વિચિત્રતાઓ ભેતી હતી. તે વિશે "ચન્દ્રનાં ચમત્કારચિહ્ન" કરીને મેં એક આખો ઉપહાસ ભરેલી ચર્ચા લખી હતી. તેનો ઉત્તર પણ હેમણે લખી પ્રગટ કર્યો હતો: "આ ચન્દ્રનાં ચિહ્ન કે જમાનાનાં ચિહ્ન?" એમ મથાળું બાંધવામાં હતું. આ પરસ્પર ચર્ચામાં હૃદયના કરુણા ઉમારા બેમાંથી એકેનાં નહોતાં; મતભેદ અને રમૂજ એ જ સૂરનાં બે ગાન હતાં.

હરિલાલે પોતાની પત્નીનાં કેટલાંક કાવ્યો એ માસિકમાં પ્રગટ કર્યાં હતાં. કાવ્યોના કવિત્વગુણ નહિં પણ, પતિની પ્રેમભક્તિ, એ જ એ પ્રસિદ્ધિનું મૂળ હતું. એ વાંચીને "એક આદર્શપત્નીનો કવિ" એ મથાળાનો ઉપહાસલેખ મેં પ્રગટ કર્યો. એ લેખ લખતી વખતે મારી કલમ કાંઈ અંશત નેજવારી ઢાલીમાં ઓળાઈ હતી. છતાં હરિલાલે મનમાં અણુમાત્ર કલુષભાવ રાખ્યો નહોતો. હેમણે મને ક્ષમાથી જ શરમાવી નાંખ્યો.

હેમનું હૃદય પરિપૂર્ણ નિખાલસ, ઉદાર, નિષ્કપટ હતું તે વાતનો અનુભવ મને થયોછે, પણે વર્ષો અમદાવાદના રેલવે સ્ટેશન ઉપર અમે અમૂંઝાયા મળી ગયા, તે વખતનું હેમનું ઉલ્લાસભર્યું ચિત્ર મારી નજર આગળ ખડું થાયછે: ગાડીવિલા મોતિથી હેમનું ઘર મારું આવ્યું, હૃદયના ઉમળકાથી હાથ મેળવવો. મુખચર્યામાં સદ્‌ભાવયુક્ત ઉમિરાની દીપ્તિ, વાણીમાં સ્નેહની મધુરતા અને ક્ષેમ, સાદા-દરિયા પાઘડી સાડોદરિયા વકતાથી ગોઠવાયલી તે સાથે ઠોકાનું ડગમગવું;—આ સર્વ ચિત્ર રેખાવાણી હરિલાલની સ્નેહ અને ઉત્સાહભરી મૂર્તિ મ્હારી કલ્પનાના ફલકમાં અત્યારે આલેખાયછે, અને હૃદય આર્દ્ર થાયછે.—એ હરિચન્દ્રનું તે પછી અદર્શન થયું, તે મ્હારે સંબન્ધે તો અદર્શન જ રહ્યું.

ભીમરાવ ભોળાનાથ

મ્હારા પોતાના જ ભાઈના સંપર્કો તો સ્વાભાવિક રીતે અનેક હોય; તો તેમાંથી શું નોંધું ને શું ના નોંધું? બહુ પ્રસંગો તેથી જ નોંધ વંચી થશે. મ્હારા કરતાં આઠ વર્ષ ઉમરમાં ભીમરાવ મ્હોટા હતા; એટલે મિત્રતા સાદ્યન્ત સમભવની બહુ અપેક્ષા ના રખાય. છતાં હું મેટ્રિક ક્લાસમાં હતો તે વખતથી પોતાની કાવ્યાદિક રચનાઓ મને એકલો સાથે બેસાડીને એ વાંચી સંભળાવતા હતા. "પૃથુરાજ રાસા" હેમણે પૂરું રચેલું નહિં, આરમ્ભનો સર્ગ તૈયાર થયેલો તેમાંથી મને કેટલોક વાંચી સંભળાવેલા હજુ યાદ આવેછે. 'પૃથુરાજરાસા' તે શું તેનો મને તે વખતે ખ્યાલ પણ નહોતો.

"બે હસ્ત અદ્રિ બની બે બાર મૃણ્મયી
બલાય રમ મૂર્તિ જે પાતા ખડાંપી,
અંગાર ભદ્રપદના કરમાંદિ બોલા,
પરોઢ જ તે અરવારી નિખર્યા . મરોડ"

(પૃ. ૩૨. સર્ગ ૧, કડી ૬.

એ કેટલું હેમણે મને સમજાવેલો તે યાદ આવ્યું, તે વખતે હેમની 'રસમા યોજના' ની કાલિદાસ જેવી શક્તિનું સ્મરણ થાયછે.



ભીમરાવ ૬ બાળાનાથ

મુકુર લેખમાં હું કરી ગયેલો છું. એ વાતની પૂર્તિ અહિં કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. કાંબ્રેલા મ્હારા તાબામાં તાળાંકૂંચીમાં રૂહેતાં હતાં. ભીમભાઈની ગરબીઓ વંચાવાનો વારો હજી આવ્યો નહોતો. હેમને એ રચનામાં કેટલાક શબ્દોમાં ફેરફાર કરવા હતા. મ્હારી કને એ હેમની ગરબીઓ ખાનગી રીતે હેમણે માગી લીધી; મ્હેં આપી, હેમણે સુધારા કર્યા; મ્હેં પાછી મૂકી દીધી. કોઇયે વાત જાણી નહિં. આ નિષ્પાપ પાપ માટે મ્હને તે પછી બહુ વખત હૃદયદંશ થયેલો. પણ હું બાળક હતો; સખત કાયદા પ્રમાણે નહિં, પણ વ્યવહારદૃષ્ટિયે બાળક હતો; અને એ સુધારા ભીમભાઇયે રીતસર પૂરવણીરૂપે તંત્રીઓને મોકલ્યા હોત તો મોકલી શકાત:—આટલું વિચારીને હું મ્હારી જાતને થોડીક ક્ષમા આપું છું.

મેઘદૂતનું ભાષાન્તર ભીમરાવ લખતા હતા તે મ્હને વખતો વખત વંચાવેલું. તે વખતે હું બાળક જ હતો. પરંતુ એ પ્રગટ થયું, હેના ઉપર સખત ટીકાના પ્રહાર એક માસિકમાં થયા, તે વખતે હું બી. એ. થતનો પાસ થયેલો હતો, અને મ્હે એ પ્રહારની રદ્દામે મેઘદૂતના અવલોકનરૂપે સાંગો પચાવનો લેખ લખ્યો. તે પછી ભીમભાઇયે મેઘદૂતમાં સુધારા કરવાનું કામ મ્હને સોંપ્યું. મ્હેં તે કરીને એક પ્રત—સુધારેલી—હેમને મોકલી. બાહ્યાભાસે બહુ સુધારા હતા; તેથી ભીમભાઈ જરાક નિરાશ થયા, ને મ્હને લખ્યું કે આ તો બધું બદલી નાંખ્યા જેવું! વસ્તુતઃ તેમ નહોતું.

મ્હારા ઉપર ભીમભાઇનો વિશ્વાસ—સાહિત્યવિષયક પ્રવૃત્તિ માટે—રહેનું પ્રમાણ હેમનો એક પત્ર જોતાં જણાયછે. હું મેટ્રિક પાસ થઈને કૉલેજમાં દાખલ થયાને ૭ મહિના જ્હોતા થયા, તે વખતે પોતાની બગડતર માંદગીની વખતે મ્હારા ઉપર નીચે પ્રમાણે પત્ર લખી રાખેલો હતો:—

"ચિ. મનુભાઈ

આટલું મારું લખેલું માન્ય રાખશો એવી ઉમેદથી લખું છું કે પ્રથમ મેઘદૂત છપાશેા; તેના ટીકામાં કાંઈ વધારો કરવાનો હોય તે કરશો. પછી દેવલદેવીનું નાટક અને ત્યાર પછી ગરબીઓ—આપની કવિતા જોવી છે તે તથા મારી બીજી નોટબુકમાં તમને વંચાવ્યા હતા તે કૂચા શ્લોક છે તે છપાવજો. ગરબીઓ ઘણી લાંબી લાગે તો તેમાંથી જેટલું કઢાવી નંખાય એવું હોય તે કઢાવી નાંખશો. તે ગરબીઓમાં બાળલગ્ન-નિષેધક સભાને વાસ્તે કરેલી ગરબીઓ પાંચ—તે પણ ઓછી અનુક્રમે છપાવજો. મેઘદૂતની કીંમત કરનાર થોડા મળશે. તા. ૯ મી જુન ૧૮૭૯ શુક્રવાર."*

† આ વિશ્વાસ માટે, બીજા બીજા પ્રસંગોમાં બીજ હતાં. હમારા ઘરની અગાશી ઉપરની ચાવડીમાં ભીમભાઈ, હેમના એક બે મિત્ર, જોડાભટ્ટ નામે શાસ્ત્રી પુરાણી (હમાગ કુટુંબના આશ્રિત જેવા) બેસતા તે વખતે સંસ્કૃત સાહિત્ય સંબન્ધે જોડાભટ્ટ અનેક વાતો કરતા, હેમાં હું સમજું ના સમજું પણ રસથી સાંભળવા જેટલો ભાગ લેતો હતો; ભીમરાવે પોતાની કાવ્યકૃતિયો મ્હને વખતો વખત વંચાવેલી; હું કૉલેજમાં દાખલ થયો કે તરત સ્કોલરશિપની પરીક્ષા માટે મેઘદૂતનો અભ્યાસ કરતો હતો તે વખતે ભીમભાઈ કનેથી મેઘદૂતની વલ્લભસનકૃત પ્રસિદ્ધિ હેમણે મને આપી હતી; કુટુંબમાં હેમનાથી મ્હાનો હું જ; —ઇત્યાદિ બીજો ગણાવી શકાશે.

ઈ. સ. ૧૮૮૬ માં "કુસુમમાળા" નામથી મ્હારો કાવ્યસંગ્રહ મ્હેં પ્રગટ કર્યો. તેની પ્રત ભીમભાઈને મ્હેં મોકલી તેનો સ્વીકાર કરનારા પત્રમાં ભીમભાઇયે શુદ્ધહૃદયથી,

* કુસુમાંજલિ (ભીમરાવનાં કાવ્યો) મસ્તાવના, હેમના પુત્રે લખેલી પૃ. ૧ માંથી હવાલે.

† આ પત્ર લખ્યા પછી તો ભીમરાવ બેાદ વર્ષ રહ્યા હતા. માંદગીમાંથી બચ્યા, પછી હરોગમાં તેવાયા પરંતુ મૂળ મારી બેઠેલી માંદગીએ બોદ વર્ષે હેમનો અંત આણ્યો.

ઇચ્છિ ભાવનો ભારો પણ લાવ્યા વિના, મને લખ્યું—'You have outdone me' (તમે મારા કરતા ચડી ગયાછો) એ "કુસુમમાળા" માનુ નવલકીસમય નામનુ કાવ્ય-કોયડા જેવું કેમ?—હેમને બહુ જ પ્રિય લાગતું હતુ નનુભાઈ પોતુ કાવ્ય માટે કે— "એક મહા નદ રવગ ભીરે ઘૂમતો —હેમને કવિ એ કાવ્યમા રવગ ભાર ઘૂમતો અથવે પડતો હતો

ભીમરાવની મુખાકૃતિ તથા શરીર બ સાધારણ સૌન્દર્ય વાળા હોવાથી હ કવિકુલમા હેમનુ નામ છાપ ઓએ Lady of the Lake પાડ્યુ હતુ હેમની કાવ્યકૃતિમા ૮ સુધડતા અને લાવણ્ય હતા તે હેમના શરીર સૌન્દર્ય નુ જ પ્રતિબિમ્બ હોય એમ હેમને જોનારને લાગતું હતુ સુધડતા પણ હેમની નાબૂદ રેખાઓને પ્રતિરૂપ ગુણ ભાસી રહી હતી બ ચ પીવામા, ખોરવા ચાલવામા સર્વ જીવન વ્યાપારમા સુધડતા એ હેમનું લક્ષણ હતુ એક હમારી કોઈની દીકરીનો વર બનવા આવતા ત્યારે હોમ્બના સગડ હોવા તો મરતો કે એ કૃતિની અસુધડતાથી કંટાળીને, ભીમભાઈ હેના ઉપર ચીડાતા હતા

પોતાના ગુરુ મહા પ્રભાવીને બ્રહ્મ બ્રાહ્મણ મૂકતા હેમને આવડું નહે તુ તો પણ વિના મગજમા કેવી રીત ગૌરવ અને રસિકતા માચવીને વર્તવુ તે સૂક્ષ્મ રીતે એ જાણતા, રહેતા જે એ) ઉતરણો વાદ આવેલે પ્રોફેસરમા ઈયાન સર ટી. આબરગેવની આદિમમા કલકની જગા ભીમરાવને મળેલી હતી તે જગાએ અજ્ઞાન મૂકી એ રજા એ દરમ્યાન એકવાર હ મુબાઈથી અમદાવાદ (કાયમની રહેમ) અને પ્રોફેસર ભીમભાઈને મળવાને ગિરનો મહારાજ સ્વ ઝરત મામલતદારી અદાલતોના મહેતાની ઓફીસના મેદાનમા એકવાર મારે મહારી મુખાકૃતી જોઇવજ્ઞ ભીમભાઈએ કરેલી તે વખતે મહારાજ, ભીમભાઈ અને હુ ત્રણ જણા જેવા હતા તે વખતનુ ભીમ ભાઇનુ નૈસાગ્ર રાજદરબારી છતા મુખ સૌજન્યયુક્ત ચલનવલન મારા હૃદયમા પ્રતિબિમ્બાયલ થયેલુ સૌન્દર્યસ્વરૂપનુ દર્શન કરાવેછે બીજો એક પ્રસગે મુબાઈમા ગાયકવા આવેલા ત્યારે કોઇ હોટેલવાલાને ત્યા ઉપર પાર્ટી આપેલી ત્યારે ભીમ ભાઇ મને લઈ ગોવા નિમત્રણથી જ તે પ્રસગે ઘૂમવાની કૃતિ કર્યો વિના, છતા મરત ગતિયો, સ્થળે સ્થળે રાજવિક સુધડતાવા ગતિયો કુદરત અમુક ચૂકરયો જોરો અ મને મળવતા હતા તે ચિત્ર પણ હમના મુખોલ્લ પ્રતિબિમ્બરૂપે મારા સ્મરણમ છપાઈ રહ્યું છે એ પાર્ટીમા મારો એક કોલેજનો સહાધ્યાયી અને મિત્ર મુબાઈનો રેવરી નતનો મને કહે છે —"I see it are moving in his circles" હુ કશુ બોલ્યો નહિ હરયો

ભીમભાઇ ની એ મધુર મૂર્તિ નિરતર રમણમ રહેતા હુ જ હેમના અવમાન વખતે હુ કોલ્હાપુર જિલ્લામા ફરજ આપેલ તપાસમા જેવરે લાઇનથી જતુ હતુ ભી સ ૧૮૮૯ ની સાલ તે વખતે હાલના જેટલી મારી રેલવે લાઇનોનાં સમાચાર મહેતા મને તાર મળવાની સાથે હુ ગેઝેટમ પત્ર રસ્તા ૩૦ ૪૦ માઇલ ઠામોમા વચારી પાસોરોડ રેલવેનથી રેલવે રસ્તે ઉતરીને મુબાઈ પહોચ અમદાવાદ પણ હુ મોડો પહોચ. ભીમભાઈનું અવસાન અર્ધ ચૂક્યુ હતું શરીર અગ્નિમાર્ગે ને અર્ધ આત્મા અમરધામમા પ્રયાણ કરી ગયા હતો. મરમા હુ જેટો અને મારી બહેને કહ્યું "નનુભાઇ! મારા ભીમભાઈ ને મહે તો બોલાવો" કરીને ત્રીસ્વભાવસુલભ રુદન કર્યું હાલે પ્રત્યક્ષે પુરુષને પણ એ નથી લાગેલ હુ સદ્ભ રહ્યો પણ હુ માનુ છે કે મહે ભીમભાઈને જોયા નથી ત્યા છે કે કવિતામાની પણ પ્રતિધ્વનિ રહી અને એ ઉત્તર કાલમે કે "ભીમભાઇને મહે જોવા નથી."



વાળની સુંદરતા અને વધારો કરવા માટે

કામીનીઆ ઓઈલનો ઉપયોગ કરો

વાળની ખુબસુરતી વધારવામાં, સુંદર, લીસા અને ચળકતા બનાવવામાં, ગમે તેવી ફેશનમાં રાખવામાં, અને વાળનો વધારો કરવામાં કામીનીઆ ઓઈલ ઘણીજ કીંમતી મદદ આપે છે. મગજને પન ઘણી ઠંડક આપે છે. સુગંધમાં ઘણુંજ મધુર છે. એક વખત વાપરી આતો કરી જુઓ.

કીંમત બા. ૧ નો રુ. ૧–૦–૦, ૩ બાટલીના રુ. ૨–૧૦–૦; પોસ્ટેજ પકીંગ જુદું.

ખરીદતી વખતે કામીનીઆ ઓઈલજ માંગજો અને લેજો. બીજું લેતા ના.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું. નં. ૧૫૫, જુમામસીદ, ડેરેક નં. ૫, મુંબઇ ૨.

વધુ પૈસા ખરચતા પહેલાં નમુનો વાપરી જુઓ
તમારું પસંદગી પામેલું પરફ્યુમ

ઓટો દીલ બહાર (રજસ્ટર્ડ)



મધુર, મનોહર, સ્વીટ અને લાસ્ટીંગ ફક્ત થોડાં ટીપાં (few drops) રુમાલ પર નાંખો અને મોરમ ચમેલી અને મોગરાનાં ફુલોની સાથે સરખાવી જુઓ, પછીજ મોટી શીશી ખરીદજો. તમારા વહાલાઓને પણ ઓટો દીલ બહારનીજ ભેટ કરજો, તેઓ પણ ખુશ થશે.

બીજા મોટામાં પૈસા ખરચતા પહેલાં ઓટો દીલ બહારની ખાત્રી કરજો. બાટલીની કી. રુ. ૨-૦-૦, ૧-૪-૦, ૦-૧૨-૦ નમુનો બે આના, સુગંધી કાર્ડ એક આનો, પોસ્ટેજ પેકીંગ જુદું.

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કું.,
નં. ૧૫૫, જુમામસીદ ડેરેક નં. ૫, મુંબઇ ૨.

☞ નમુના માટે આ નીચેની કુપન ભરીને મોકલો.

નમુના માટે કુપન

એંગ્લો ઈંડીઅન ડ્રગ એંડ કેમીકલ કંપનીઃ નં. ૧૫૫, જુમા મસજીદ ડેરેક નં. ૫, મુંબઇ ૨.

ખત એક શીશી નમુનાની ઓટો દીલબહાર (રજસ્ટર્ડ)ની નીચેને ઠેકાણે મોકલી આપજો. ટપાલ ખર્ચ માટે એક આનાનો સ્ટાંપ બીડેલ છે. (સ્ટાંપ બહાર બીડવો).

નામ

ઠેકાણું



લેખક

ર. શંકરપ્રસાદ ઝગનવાય નાનજી

મધ્ય સાહિત્યમમ.

આત્મનિવેદન નવલ અને પ્રકાશક ર. નૃસિંહલાલ ભગવાનલાલ વિભાકર, મુબઇ, મૂલ્ય રુ ૨ ૮-૦

ગુજરાતના આધુનિક સાહિત્યકારોમા ર વિભાકર પણ એક છે એમના આ આત્મ નિવેદનમા એમણે એમનો નાટકો શીખવના લગભગ સર્વ ગદ્યપદ્યોનો અને કેટલાક (બ તારરૂપે અને અમત) કાવ્યોનો સમાવેશ કર્યો છે છપ્પા અને આડત્રીસ વર્ષોના આ દળદાર ગ્રથને ગુજરાતને અરપે કરવા માટે ર વિભાકરને અમે અભિનદન આપીએ છીએ

ર વિભાકરની સાહિત્યસેવા સર્વતોમુખી છે એક વર્તમાનપત્રથી માડી મુબાઇના દૈનિક પત્રના લેખો લખનાર તરીકે ગુજરાતના જુદાજુદા સામયિકોના લેખક તરીકે, એક નાટક કાર, કવિ કે વક્તા તરીકે એ ગુજરાતમા સારી પેઠે પ્રસિદ્ધિ પામેલા છે આ પુસ્તકને પહેલવહી જ વાર વાચી જનાને એમની મનન અને મહન વાણીનો પુન પરિચય થયા વગર રહેશે નહીં

પ્રસ્તુત પુસ્તકને ચાર ખડમા વહેચ્યુ છે સાહિત્ય અને કલા સામાજિક, રાજપ્રકરણ અને પ્રકીર્ણ પુસ્તકની ભૂમિકા માટે વા નમ્ર ભાવે રા વિભાકરે મહેતાએ લખી છે અને એ વાચી જતા આખા લેખસ ગ્રહના સ્વરૂપ અને આત્માને ઓળખવાનુ દૃષ્ટિબિંદુ અક્ષેપમા રપષ્ટ થાય છે પ્રસ્તાવનામાં ર વિભાકરે એમની આ સાહિત્યસેવાઓની પ્રેરણાઓનુ સુદર સ્પષ્ટ કર્યુ છે

ર વિભાકર પ્રવાહી અને ભભકદાર ગદ્યના સફલ લેખક છે અને એમના ગુજરાતી ને એમના વક્તિત્વે આપેલો મોટો એ મજબૂતાઈથી રોભાવી શકે છે વિવિધ સાહિત્યો

અને લોકજીવનનું એમનું સતત પરિશીલન સારા ગુજરાતીમાં ઉતરી શકયું છે અને એને ભાષુવાન કરી રહ્યું છે. એમનામાં ઉત્તમ સાહિત્યકારના સદંશો છે અને એ સદંશોએ જુદે જુદે અનેક ક્ષેત્રો કરતાં એક બે મર્યાદિત ક્ષેત્રો પસંદ કરી એનાં બીજ રોપી છોડ-ઉછેર ચાલુ રાખ્યા હોત તો આપણા સાહિત્ય-માં એમને હાથે એક સુંદર અને સત્ત્વશાલી વૃક્ષાવલિની ઘટા રચાઇ રહી હોત. એમ થયું હોત તો ગુજરાત એનાં ઇષ્ટ ફલો વેદી એમનો મીઠો આસ્વાદ વિશેષ રસિકતાથી લેત. શક્તિઓને મર્યાદાઓ હોય છે અને એ મર્યાદાઓ પોતાનું બલ વાપરી નાંખે તે પહેલાં ઉંડાણથી આલેખને. સરવાનો પ્રયોગ સફલ નીવડી શકતોજ નથી. આ વિદ્વાન્ લેખકની કૃતિઓ આવી રીતે વિસ્તારની વ્યા-પકતાઓ દર્શાવી શકી છે, પણ તેના અંગ-વિકાસમાં તો જોઇએ તેવી ઉંડાણ અને વ્યાપકતાની ન્યૂનતાઓ રહી ગઇ છે, એ એમના આ પુસ્તકમાંના અનેક લેખો વાંચનારને જણાયા વગર નહીં રહે.

આપણી અધઃપતનને પાગેલી રંગભૂમિનો પુનરુદ્ધાર કરવા એમણે એક વખત કેડ બાંધી: રસિક વર્ગને એમણે સંતોષ પણ આપ્યો, પણ પ્રેક્ષકવર્ગની કુટેવોથી ટેવાયલી હલકી રસવૃત્તિથી કંટાળીને કે કેમ એમણે એ પ્રયાસ છોડી દીધો. આપણી રંગભૂમિ-ઓના ચાલકો ઓવા શિષ્ટ લેખકના પ્રયાસોને બજવી બતાવવા અશક્તિમાન્ ભલે હોય કે રહે, પણ એમની કૃતિઓ જેવી અનેક કૃતિઓ આપણા સાહિત્યની વૃદ્ધિમાં તો જરૂરની દલીલ. કહે કે એમાંનાં સૂચ લાવનારાં પેલાં "નાટકી ગાયનો" ને આપણે કહી દઇશું કે કૃપા કરી તમે હવે સદાનાં સીધાવી જાઓ! ભાઇ વિઠ્ઠાકર જેવા રસિક લેખકને હાથે સંગીત અને કાવ્યના સાચા અંશો આપણા નાટકોમાં ઉતરે એટલું તો અમે ઇચ્છીએજ. એમનાં નાટકોમાંના આ કાવ્ય અને સંગીતના વિભાગ શીઘ્રાય. ગ્રંથવિસ્તારને અમે સહૃદયતાથી વધાણીએ છીએ. રંગભૂમિના પુનરુદ્ધારમાં ખાસ કરવા જેવી એ વસ્તુ છે કે ઉત્તમ કૃતિઓ રચીરચી આપણા શિક્ષિત વર્ગનો સંતોષ લેવો અને એમને હાથે એમના પ્રયોગો કરાવવા. આમવર્ગને આવા અનેક પ્રયોગોથી સુધારી શકાશે. અને માત્ર કમાવાની દૃષ્ટિએજ આપણી રંગભૂમિની ભ્રષ્ટતા ચાલુ રાખવા ઇચ્છતા વ્યાપારીઓનાં સ્થાન તો એ વ્યાપારમાં યોગ્ય અને રસિક રહી પ્રેક્ષકોને રસિક કરી રાખી શકે એવા વિદ્વાન્ અને સંસ્કારી વ્યાપારીઓ લેવાં રહ્યાં. વ્યાપારપ્રધાન ગુજરાતમાં આવા પ્રકારના વ્યાપારીનીઓ ખોટ નથી, એ સાહિત્ય, કલા આદિનાં આપણાં કેટલાક ક્ષેત્રો સાક્ષી પુરે છે. પણ રંગભૂમિનું અખંડ ક્ષેત્ર સર કરવા હજુ કોઇ સંસ્કારી ગુજરાતી કેમ નથી નીકળતો એ આપણી સાહિત્યપ્રવૃત્તિઓનો એક મહાપ્રશ્ન થઇ પડયો છે.

અંતમાં રા. વિઠ્ઠાકરને અમે મિત્રભાવે એક સૂચના કરીએ છીએ: આ સંગ્રહમાં દૈનિક પત્રોને ઉદ્દેશીને જેવા લેખો છે તે બાતલ કરવા જોઇતા હતા: વીજળીના પંખાની પેરે પલેપલે ફરતા અને ક્ષણિક જીવન છતાં પંચત્વ પામતા વિચારોને આ શિષ્ટ પુસ્તકમાં સ્થાયિ સ્થાન નહોતું ઘણું જોઇતું. બાકી એક પુસ્તકમાંથી પ્રૌઢાવસ્થાને પહોંચેલા વિદ્વાન્ લેખકની આ વિવિધરંગી અને ભભક-

આવી સાનીયો રથયેલ્થન અદાયલા "આત્મ નવેલન" ને આપણી ગત પ્રચીલીના વિચારમથન તરીકે અમે મહાર્ય આવકાર આપીએ છીએ

નવલ થરી—લેખક ને નાગરદાસ પ પટેલ, પ્રકાશક ગ અબાદાસ બ મનલાલ પટેલ રામોલ, નડીઆદ પ્રથમ, કીંમત રુ ૨-૮-૦

સાહિત્યકુજ ગ્રથમાળાનુ આ ઉત્તમ પુસ્તક ઘણા વખતથી અમારી પાસે પડેલુ છે આપણુ અલ્પ કારસાહિત્યની કૃતિઓ આપણે ત્યાં વિરલ છે, એ સાહિત્યનો—પ્રાચીન અને અર્વાચીન બનેનો—સકલ અભ્યાસ કરી ન નાગરદાસે ગુજરાતને એક વિરલ અને ઉત્તમ પ્રકારની સાહિત્યકૃતિ નજર કરી એની યથાર્થ સેવા કરી છે એમ અમે બેધડક કહી શકીએ છીએ ને નાગરદાસ એમની આ કૃતિ માટે અસ્કુન ત્રજ અને આપણા પ્રાચીનઅર્વાચીન સાહિત્યનો કેવો તલ્લખર્શી અભ્યાસ કરી સુદર અપદુરો રચી એવા રસિક ગ્રન્થિની મધ પુરુષ છે એ આ પુસ્તક અથથી ઇતિ સુધી વાચી જતા વાચકની ખાતરી થશે અને રાને પ્રાસાદિક ભાષાનો ઉપયોગ કરી વ્યાખ્યાઓમા ગેય થે છે અને દષ્ટાતો તરીકે આપણા પ્રાચીનઅર્વાચીન શિષ્ટ લેખકોના ઉચિત અવતરણો આપ્યા છે આપણુ સાહિત્યના આ અગને આરભદશામા વિકસાવનાર લેખકોને આપણે આ પુસ્તકમા એક વાર ફરી માનપુર્વક મળીએ છીએ ગુજરાતી ભાષા અને સાહિત્યના આ અનેકમુખ વિકાસના યુગમા આવા પુસ્તકની કટલી બધી જરુર હતી એ જોતા રા નાગરદાસને અમે હુકી કે અભિનદન આપ્યા વગર રહી શકતા નથી અમે ઇચ્છીએ છીએ કે આપણા સામાન્ય સાહિત્યરાસક વગ શાળા અને મહાવિદ્યાલયના વિદ્યાર્થીવર્ગ આવા કીમતી પુસ્તકનો લાભ લે સદુપયોગ કરે અને સરકારી તેમજ રાષ્ટ્રીય શિક્ષણસસ્થાઓ એને પાઠ્ય પુસ્તક તરીકે સાજકાર રીતે સ્વીકારે

સ્વીકાર

નવાં ગીત (બાળકો માટે) લેખક રા ત્રિભોવન ગૌરીશકર વ્યાસ, નવજીવન પ્રકાશન મદિર, અમદાવાદ મૂલ્ય રૂ ૦ ૩ ૦

બાળકો ક્રમબદ્ધ વાચીને સમજી લે અવા આ સગ્રહ તૈયાર કરવામા આવ્યો છે કવિના આત્મા અમા પ્રસાદપુરી સકલનાથી ઉભરી રહ્યા છે આવી સુદર રચના આ રા વ્યાસને ખાસ અભિનદન ઘટે છે

કુતબ્રિકા ક્રમ લેખક અને પ્રકાશક શ્રી દેવમદિર રા નાથાની કાંતની રસિક અને બોધ કથા પ્રસ્તારના ભાષ મૂલ્ય ૦ ૬-૦-૦

રસિક રીતે બોધક પદ્ધતિથી કથામેદુ આ પુસ્તક બાળ વાચન રસ્યુ કરે છે

સમારસ્વપ્ન અનુવાદક અને પ્રકાશક રા હીરાલાલ કસ્તુરચદ ઝવેરી સુરત મૂલ્ય રૂ ૧ ૦-૦

આ પુસ્તક પ્રો ભોગીલાલ ઈચ્છારામ દી મુનશીના અનુવાદ છે પ્રો ભોગીલ સસ્કૃત સાહિત્ય-અલકારમાથી કેટલાક રત્નો ક્રમાનુસાર-પ્રારને અર્પણરૂપ કર્યા છે આખીય વર્ણ અતિ સુદર અને મનોહર છે

જયદ્રથ-અનુવાદક પ્રો આનદની દલપત રાવ ત્રિવેદી, પ્રકાશક શ્રી ગોપાલદાસ ચ તરફથી રા વેણીશકર વદ્યાશકર પરીખ ર ચોરવાડ મૂલ્ય રૂ ૦-૮-૦

પ્રો આનદની ભરતને મીસર કમાની ના

બંગાલીના ભાષાંતર પછી આ 'અમૃત' બંગાલીમાંથી ત્રીજું ભાષાંતર પ્રસિદ્ધ કર્યું છે. એમની ભાષાંતરકૃતિઓ અસલનું સાર અને સરલ પ્રતિબિંબ ઝીલી શકે છે. હવે હસ્તામલક હાર્દિક એકત્વને વિકસાવવા ગુરુ નાનકે આ નાનકડીમાં આપેલી બારતવારણીઓને સદીઓ પહેલાં એ આમૂલ્ય વારસો આપ્યો છે. સૌ. ભાનુમતી બહેને એને ગુજરાતીમાં લાવી ગુજરાત પર ઉપકાર કર્યો છે.

તત્ત્વામૃતઃ ભા. ૧ લો. લેખકઃ અને પ્રકાશકઃ રા. નાનુદાસ પુરુષોત્તમ સાંગાણી, ચાકળા બીલ્ડીંગ, ઝવેરીબજાર, મુંબાઇ મૂલ્યઃ ૨. ૨–૮–૦.

રા. સાંગાણી એક અદ્‌ભુત લેખક જણાય છે. સાચા સનાતનીને યાજ્ય સનાતન સદ્વિષ્ણુતાને બદલે એમનામાં રહેલી અસહિષ્ણુતા ઘડીએ ને ઘડીએ છછેડાઈ પડે છે અને ઉત્તમ લેખકની ભૂમિકા પરથી એમને રોજ લાવી મૂકે છે. અમે સમજી શકતા નથી કે આધુનિક વ્યક્તિઓમાં નરોત્તમ જેવા ગાંધીજીને ઉતારી પાડવા લેખક મિથ્યા કૂદાકૂદ શા માટે મારતા હશે? સનાતન ધર્મની સેવામાં તત્ત્વના અમૃતને બદલે આવું ઝેર ન આવી ગયું હોત એમ અમે ઇચ્છીએ છીએ. ચતુરાઈથી 'સનાતન'ના મોદક નાકે શું સત્યગવેષિણીની સેવા થઈ શકે?

ભયંકર ભુજંગઃ લેખક અને પ્રકાશકઃ રા. બીબાભાઇ પુરુષોત્તમ વ્યાસ, 'આલ' કાર્યાલય–ગોધરા ૪. મૂલ્યઃ રૂ. ૧–૮–૦.

આ એક નાનકડી હીકડીક નવલકથા છે.

નવજીવન, કેળવણી અંક ૪. સંપાદકઃ રા. કાલિદાસ વ. દવે. પ્રકાશકઃ ગુજરાત વિદ્યાપીઠ.

શિક્ષણની ઇપ્સિતતા અને રાષ્ટ્રીય કેળવણીના આદર્શ રજૂ કરતા બે મનનીય લેખો. શિક્ષણ સાધીઓ અને કેળવણીકારોને અગત્યની સૂચનાઓ રજૂ કરે છે અને કેટલાક સમયથી સમાજમાં રાષ્ટ્રીય શિક્ષણની અભીપ્સા દિશાપી મૂંઝવણ રહેલા પ્રશ્નોના ઉકેલ પણ કરી આપે છે.

અખિલ ભારતવર્ષીય ગ્રામોદ્યોગસંઘ–મારવનું લગ્નસમિતિનું નિવેદન.

ગુજરાતી સ્ત્રીકેળવણીમંડળનું બીજા વર્ષનું (સન ૧૯૨૩–૨૪ નું) નિવેદનઃ પ્રકાશકઃ મંત્રીઓ–ગુજરાતી સ્ત્રીકેળવણીમંડળ અમદાવાદ.

શેઠ ઉજમસી પીતાંબરદાસે આયુર્વેદીય પાઠશાળાનું (સં. ૧૯૭૯–૮૦ સન ૧૯૨૩–૨૪ નું) નિવેદન. પ્રકાશકઃ રા. સુમંત મહેતા, મંત્રી–વ્યવસ્થાપકમંડલ પાટણ.

શ્રી દક્ષિણામૂર્તિ (ત્રૈમાસિક) પુ. ૧ લું, અંક ૨ જો. તંત્રી રા. નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ, ભાવનગર.

શિક્ષણવિષયક અને અન્ય ઉપયોગી અને આવશ્યક ત્રૈમાસિકનું આમે અંતઃકરણપૂર્વક સ્વાગત કરીએ છીએ. સરકાર અને લોક એ બંનેના હાથના સતત દ્વંદ્વયુદ્ધમાં કચડાતા અને વિકસતા આ મહત્ત્વના મદ્દામાંતને માટે 'સત્યં વદ ધર્મં ચર' એ સૂત્રાનુસાર આપણને સંબોધવાનું છે. શ્રી દક્ષિણામૂર્તિ આ કર્તવ્ય સારી પેઠે બજાવી લેશે એમ અમે ઇચ્છીએ છીએ.

તરંગવતી (એક સાધ્વીની આદર્શભૂત આત્મકથા): અનુવાદકઃ રા. નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ, પ્રકાશકઃ રા. અમૃતલાલ કેશવલાલ પ્રા. મોદી, દાગજીપટેલની પોળ, અમદાવાદ. મૂલ્ય રૂ. ૦–૧૨–૦.

વિવિધ કૃતિમાળા મણકાઃ ૬ ઠ્ઠી ૪ લેખક તથા પ્રકાશકઃ રા. વલ્લભદાસ મોતીચંદ રતનસી નાગોરી, ડાયમોમેઠ એંડ કોહ્‌ન મેડલીસ્ટ, ધ્રાંગધ્રા–જામનગર. મૂલ્યઃ પ્રત્યેક મણકાના રૂ. ૦–૪–૦ એકતીસે મફત.

તલવાર યુગ પછીની કૃતઃ પ્રકાશકઃ ગોહીલવાડ રાજપુત સભા, ભાવનગર.

ભારતીઆ કોમની અવનતિઃ તેનાં કારણોની ઉડતી તપાસ–પ્રકાશકઃ રા. ગોવર્ધનદાસ પ્રાગજી, મૂલ્યઃ ફ્રી. ૦–૪–૦.

ગયેતર એજ્યુકેશન સોસાયટીનો અઠમા વર્ષનો ૧૯૨૩–૩૪ નો અહેવાલ. પ્રકાશકઃ રા. ભાખાભાઇ કેશવજીભાઇ પટેલ, મંત્રી. ગયેતર એજ્યુકેશન સોસાયટી વ્યારા(સુ).

વિદ્વાનોને અર્પણ

[અનુસંધાન પૃ૪ ૪૭૪ થી]

મહાપુરુષો વાલ્મીકિ, હોમર એ લોકોએ એક પણ પુસ્તક વાંચ્યાનું કાંઈની જણાતા નથી એવા આત્મપ્રભાવ કરીથી જગતમા પ્રગટાવતા હોય તો એક દૂરદર્શી વિજેતાએ આગલા વખતમા એલેકઝાંડ્રીઆ ખાતે કરેલું તેમ આપણા એકેએક પુસ્તકાલયને આત્મનાવલંબને સ્વાધીન કરવાનો પ્રબંધ થવો જોઇએ એવી અવસ્થા નવા ગ્રંથો નવાતા બંધ થતે નહીં, પણ દર કાંઇની પુનેમે આ ગ્રંથકુટાસાનીનો પણ જોકવવું થાય તો કુક વખતમાજ અવનવું ને ઉદ્ધારક પરિણામ આવ્યા વિના રહે નહીં

અશક્યતાથી એ પ્રયોગ થઇ શકે તો 'અક્ષમ ગાડે ન વિદ્યા પાઠ' એ કહેવાનું દાબ પૂરાવવા આપણે અક્ષ પાડીએ છીએ તેમ બદલે તે આખી સાર્થ થશે અને કાગળ પેન્સીલની કરેલું પરંતવતા મરના સ્મરણ શક્તિ પુ કળ કેળવાશે બીજું કેટલીક વાસના ઓ, રોગીલી મનોદશા ને અકીમલપટા પણ દુનીઆમાથી ટળશે આની સાબીતીમા થોડા દૃષ્ટાંત રજુ કરીએ

પુસ્તકોના માણસોના મન રોજિંદા થઇ ગયાના કે એ વૈદ્યકાએ તેમને ગંભીર હાનિ કરવાના વિષયો જગતનાં કેવાક સૌથી અદ્ભુત લેખકે પુરા પાડે છે મહાકવિ શીક્ષરને અતિવાચનને પરિણામે અપાયો નોતર્યો ક્રમેન્યુઅલ કાન્ટ વીશે એમ કહેવાય છે કે મનન વાચન ને વિચારટેવને લીધે એ એટલો સચારૂપ થઇ ગયો હતો કે વર્ગમા એ શીખવતો હોય ત્યારે વિદ્યાર્થી વચ્ચે થઇ પૃષ્ઠ તો દિવસો સુધી કાન્ટ બાબતનો તૂટેલો તાર સાંધી શકતો નહીં પણ કદિને પ્રીતસુખ એવા નથી થઇ જતા વાર્તાનવેરે। પણ કોઇ વાર અક્ષરપુરુષોની જ છાયામા જરૂરનાં છે જોજ ખીઆ 'ન્નેજે ઓનિહાસિક વાતા રોમોન્સ' લખવાના સાધન જેવા કરવા સે કડા ઇતાલીઅન ચોપડી ઓ વાંચી ન એ વાચનના ભારે વાર્તાને એન્ના ચગદી ન એ તેની સૌથી ઓછી વાકિય કૃતિ બની

તમે કદાચ ધારતા હશો કે ભૂત ભયમા ને ધન્દેશોમાજ એ મહામારીનો ઉપદ્રવ ચાલતો હશે પણ તેમ નથી બીજી ઘણીખરી તેમ આમા પણ આપણે રવદેશગૌરવ અણીશુદ્ધ રહી શકે તેમ છે તેનો સૌથી મારા હાલના સમકાલીન સાહિત્યમાથી મળે તેમ છે પણ તે અહીં રજુ કરીને હું સાક્ષર નિવા સાથેના મારા મીઠા મધ બનવા નથી. જોખમમા નાખવા તૈયાર નથી તેથી પ્રમાણ મા આવાત એવા એક સાહિત્યરોગીને હું ઓળખું છું તેની વાત કહીનેજ સતોષ ધરીશ


આમ એ આગળપણના સ્નેહી થાય સમ જણા થયા ત્યારથીજ તેમને એવી આદત પડી કે જુની સુથાએવી મેલી કે ફાટેલી ગમે તેવી પણ ચોપડી તેમણે જોઇ એટલે એ ઉપાડીને દયા ઉપજાવે તેવા પૂજ્યભાવથી તેને તપાસવી મે કેટલીએ વાર તેમને એવી માનસપુજામા મગ્ન જોયા છે સ્વયસાક્ષના ભેટ એમના મરખા કીસ્મુકને મન વસે નહીં એવસે રાત કે દિવસના ગમે તે વખતે આનગી કે બનદેર લાઇબ્રેરીમા, કોઇ બુકસેલરને ત્યા કે જુની ચોપડીવાળા વટોરાની દુકાને, એ નાની નિર્બલ નાજુક આકૃતિ વીજરાયેલા વાળે, મેલાંઘેલાં વેષે

હલ્લુ છેક ચોયરું ન થએલી છત્રી હાથે લટકાવીને, ચોપડી ડાબા હાથમાં ઉઘાડી ધરીને બીજે હાથે તેનાં પાનાં ફેરવતી, કેટલીએ વાર માગ્યા મીનજર અનુસાર મારી અદેખાઇ, દયા કે અચરજ આકર્ષતી. અને ઘરમાં પણ સવારે ચા પીને, પછી જમીને, સાંજે ફરવા જતાં ને ઉપર મોડી મધરાત સુધી તેઓ પ્રિયતમા ચોપડીના પાશમાંથી છુટા થતા નહીં. દુષ્યંત, મજનુ, રોમીઓ એ ત્રણેને તેઓ પ્રિયાભક્તિનો અનુકરણીય આદર્શ પુરો પાડે તેવા હતા.

એક વાર એમને બહારગામ જવાનું હતું. ઘેરથી નીકળવાનો વખત બરાબર થયો ત્યારેજ તેમનાં બહારગામથી સ્વજનોએ તેમના અભ્યાસ-ખંડમાં અબર મોકલી ... હવે ચાલો. એ આવ્યા—હવાઇ તરંગોમાં રંગતા, આકાશે પીઠ માંડતા, જડતાની મૂર્તિ જેવા ને તત્ત્વતાનો કોપટ સજ્જડ કોબડો ઉકેલવાની મથામણમાં લપડો.

એ આવ્યા, ગાડીને પગથીએ એક પગ મુકયો ને—પાછું એમનું મન ચરવા ગયું. એમના એમજ તેઓ ત્યાં થંભ્યા; થોડી વારે કેટલે બોંબારો આવો એટલે સહેજ જાગ્યા અને ગાડીવાન પર રાતી આંખ તાકીને તેને તપ-ાવ્યો: "ચલાવ, જોઇ શું રહ્યો છે?".....

—વેદીઆદેરોને હું કેટલામાં લેખવું છું તેના આટલા સવિસ્તર ને નીખાલસ કથન પછી દુનિયા મને તે ગાળ દેવાનું બંધ કરે તો સારું—એ આશા વધુ પડતી ગણાશે?



રાજાધિરાજ

[અનુસંધાન પૃષ્ઠ ૪૭૮ થી.]

"ના—ના—ના—" દેવડી બાઈ વેદના થતી હોય તેમ બોલી, "સોલંકી! હું તો રાજને વરી છું."

"ના" જયસિંહદેવે કહ્યું, "રા તો કયારનો જમને ઘેર ગયો."

"ના નથી ગયા" ખાત્રીથી ગણીએ કહ્યું જયસિંહદેવ ચમકયા "તે કેમ બનવું?"

"મે! મને ખબર છે મારો રા'—મારો પ્રાણ દગો આ દુનીયા છોડી ગયો નથી સોલંકી તમે મીથ્યાવો. આ દેહે મારે બીજા કોઇનું કામ નથી."

જયસિંહદેવે જીદમા હોઇ બીજા આ સ્ત્રીની વર્તણુક કરવાની રીતથી તેનો મોહ થયો તેનું ધ્યાન જે શીક્ષા પણ કપાળા હોવાથી શબ્દ ઝરતા હતા તે પણ હરી રહ્યું

"દેવડી! આજ દેહે તો મારી કરવી છે તારે માટે જુનાગઢ ઘેર્યું તારે માટે બેગાર મરો ને તુ હવે આમ કહે ને ચાલ! રાણક! તું તો પાટણની પરાણીજ શોભે"

"મારે તમારા પાટણનું શું કામ? મારો મોરલજ મારે માટે તો નીમાયો છે"

"ના, નથી નીમાયો ઉઠ" જયસિંહદેવે બારો પાડી કહ્યું વખણા વાત કરવાનો વખત નથી મહારી સાહમી તૈયર છે પહર વાનું આજે મારુ બળશે બેગાર તને પહર વર્ષ થઇ ગયો. આજે હુ પાછો લઇ જઉં છું"

"સોલંકી! સોલંકી! મને લઇ જવામા ૭ નથી" ચિત્કારથી રાણકે કહ્યું હું બળનો અત્યાર છુ મહારા બળી મરશો

"તારે માટે હુ બધવા તૈયાર છુ ચાલ ઉઠ!" કહી જયસિંહદેવ પાસે આવ્યા

રાણક આંખો ખસીને દુની થઇ ગઇ "હુ—હુ મને અડકશો નહીં" તોડો કરગરીને કહ્યુ

"કેમ શુ છે?"

"મને—મોરલના ધણીની સ્ત્રીને—તેના શરીરને કેમ અડકાય?"

"ચાલે ચાલ મારી સાથે" મહારાજે અધીકારથી હુકમ કર્યો

"રા' ને તેના દીકરા કતા આ મોલમાથી મને કોણ લઇ જવાની હીમત કરશે?" જરકે સમ્રાટથી બોલાઇ ગયું

"કોણ? હુ જયસિંહદેવ—મોર નો તારા રાનો ને તારો ધણી" ચાલ જયસિંહદેવે મોટે અવાજે કહ્યું

મહારાજનો અવાજ સાભળી મહાના કુવરો બહાર ને એકદમ પધારીમા બે। થઇ તેમણે આખો ચોળવા માડી

મા મા માનાએ પધારીમા કુબા થઇ પુછ્યુ શુ છે? આ કોણ છે?"

જયસિંહદેવ આ છોકરા તરફ કર ઇથી જોઇ રહ્યા

"આ તા। દેવનો ને તગ બાપનો કાન —સાવકો!

'બબ ર સાવકો" માનાએ શુભ મરી 'મા—મા—એ કયાથી? બાપા કયા?"

'પુછ મોલકી!' છે ત્યારી આવું લડેલા રાણકે કહ્યું 'બાપુડા! આપણુ પુણ્ય પરવાયું"

'શુ બાપા મરાવ્યા?' છોકરાએ પથરી નીચેથી એક નાની તરવાર લેતા પુછ્યુ

'હા છોકરા' મહારાજે જવાબ આપ્યો, તારો બાપ મરાયો તારી મા મરી લોડે પરણ્યો ને તારા બાપથી અધિક જયસિંહદેવ તને જુનાગઢની ગાદીએ બેસાડશે

"અરરર!" રાણુકદેવીએ કાને હાથ દીધા. "બોલતાં તમારી જીભે ડામ નથી પડતા!"

"મારો બાપ! મારો બાપ! મારી સતી માતાને—" કહી માનો તરવાર કાઢી જયસિંહદેવ તરફ દોડ્યો. મહારાજે રમતની માફક પોતાની તરવારથી કુંવરની તરવાર દૂર ફેંકી દીધી.

"જેવો બાપ તેવો ઝેરીલો દીકરો છે." જયસિંહદેવે કહ્યું, "રાણુક! હવે વિલંબ થાય છે. ચાલ, જોઇએ તો છોકરા સાથે લઇ લે"

"પાપી! મારા છોકરા વગર હું નાતરે બાનું!" દેવડીની આંખોમાં ક્રોધ આવ્યો.

"સારે છોકરા વગર આવ" જયસિંહદેવ અડધો ગુસ્સામાં, અડધો હાંસીમાં કાંપી રહ્યો હતો. તેને એમ પણ થતું હતું કે જો વધારે વાર થશે તો જરૂર મુંજાલ મહેતા ને લીલાદેવી આવી પહોંચશે.

"બા ઉઠો!" દેશળદેવ વચ્ચે બોલવા ગયા.

"ભાણા!" તિરસ્કારથી રાણુકે કહ્યું, "મારા દેહથી અપવિત્ર થઇ રહ્યો હતો તે. તારું તો મોઢું કાળું કર. રોલંબો! દુખીઆને દુઃખી શા માટે કરો છો? તમે પણ જાઓ."

"હું તારા વિના નથી જવાનો રાણુક! રાણુક! તું તો મારું જીવન છે. તારે જોઇએ તે માંગ, જોઇએ તે રાહત કર—પણ અમારે તારા વિના હું અહીંઆંથી જવાનો નથી."

"મારી માને લઇ જાય શું?" માનાએ ખુમ મારી.

એટલામાં નાનો કુંવર જે દૂર ઉભોઉભો જોઇ રહ્યો હતો તે એકદમ પાછળથી આવ્યો ને તેણે માનાની પડેલી તરવાર ઉંચકી જયસિંહદેવના પગ પર પાછળથી ઘા કર્યો. જયસિંહદેવે વેદનાથી બરાડો માર્યો ને વેદનાના ઝનુનમાં પોતાના હાથમાંની નાગી તરવાર કુંવરને ઘોંચી દીધી. તેણે હોઠ પીસ્યા ને દુઃખ શમાવવા પ્રયત્ન કર્યો. રાણુકે આંખે હાથ દીધા. માનાએ રડવા માંડ્યું. એક હૃદયભેદક ચીસ પાડી કુંવર ખોળા પર પડ્યો ને તેના પ્રાણ ગયા.

તરત જયસિંહદેવને પોતાના અવિચારી સાહસનો પશ્ચાત્તાપ થયો. પુત્રનું લોહી વહેતું હતું ને કે રાણુક માનવાની હતી? પણ પશ્ચાત્તાપ કરવાનો કે શુભ થાય તો તેને માટે ક્ષમા માગવાનો તેનો સ્વભાવ ન હતો. તે ઉલટો ક્રુદ્ધ બરાબો. તેણે નીચા વળી ઘા માર્યો ને ક્રૂર બની તે રાણુક તરફ ફર્યો.

"આ તારા છોકરા—"

"મા—મા—" રડતે રાગે માનાએ કહ્યું.

"દીકરા!" રાણુકે શાંતિથી કહ્યું, "મરતાં મા ને સંભારીએ. કુલની કીર્તિ લાજે."

અશાંતિથી જયસિંહદેવ છોડાયા. તેનો ઉગ્ર સ્વભાવ હાથથી ગયો. તે ઝનુનમાં આગળ વધ્યા. "હું થાકી ગયો છું. ચાલ નહીં તો ઉપાડી જઇશ" તેમણે કહ્યું ને તે આગળ વધ્યા.

"દુષ્ટ!" કહી માનો, મહારાજ આગળ આવે તે પહેલાં ક્રુદ્ધો તે જેમ ઝાડની ડાળ પર ચઢનો હોય તેમ તેમની ડોકે તેણે હાથની ઝુંડ ભેરવી.

છોકરો જબરો હતો, એટલે જોરથી વળગી રહ્યો. જયસિંહદેવને હાથે ઘા હતા, પગે સખત ઘા પડ્યા હતા એટલે ઝુંડ ભેરવી તેને કરડવા પ્રયત્ન કરતા છોકરાનાં તોફાન તે ઘણા સશક્ત છતાં એકદમ શમાવી શક્યા નહીં. તેમની પાઘડી પડી ગઇ, તેમણે તરવાર ફેંકી દીધી ને બે હાથે માનાનું કરડવા આવતું મુખ મહા મહેનતે દૂર રાખ્યું.

"રાણુક! તારા છોકરાને આઘો બોલાવ!" મહારાજે ગુસ્સાગાં બુમ મારી, પણ રાણુક કૈં બોલી નહીં. દેશળદેવ પાસે આવી

કાપને હૃદયે ઝાકરાને ઊંચકવા નિષ્ફળ મહેનત કરી રહ્યા જયસિંહદેવે છોકરાને છુટો કરવા બીજો પ્રયત્ન કર્યો, પણ તે સફળ થાય તે પહેલા તો એ પ્રયત્નના બદલામાં તેને શેર કરવું પડ્યું એકદમ તેનું ફાડ માનાના મોમાં આવ્યું ને તેણે જોરથી દાંત પેસાડ્યા બીજા આગળ જયસિંહદેવને ઘા પડ્યો હતો એટલે તેની વેદનાનો પાર ન રહ્યો

"ઓ!—" કહી તેમણે મુઠ્ઠ મારી અને માનાને છુટો કરવા પોતાના જમણા શરીરમાં એવા જોરથી ઘચકો આપ્યો કે માનો એકદમ છુટો થયો ને આવેશના જોરથી પાસેની ભીંત પર જઈ અફળાયો માનાનું માથું ભીંત સાથે અફળાવું-ભયંકર અવાજ થયો તેનું માથું ભાગી ગયું ને તે બોચ પર બેભાન બની પડ્યો

મહીપાલે પાઘડી ને તરવાર વધ લીધા ને શ્વાસ ખાધો

"રણધુક! દેવે ચાલે છે કે નહીં?" પોતે કરેલા વિનાશ તરફ કૃતઘ્નતાથી જોઈ તેણે પુછ્યું

દેવડીનું મુખ મલિન થઈ ગયું હતું તે ઉંચી થઈ ગઈ ને બોલી "મેં શું કર્યું? મારા છોકરા મુઆ—મારો ધણી હજુ હયાત છે"


જયસિંહદેવે હોઠ કરડ્યા આ ઠંડી રીતે મદદ કરવાની એક અવિચારી ઊર્મિ આવી

"આવ છે કે નહીં?" કહીને હાથ પહોળા કરી તે તેને પકડવા આગળ આવ્યા

"મુઓ!" દેવડીએ ક્રોધમાં હાથ આગળ ધર્યો ને એકદમ ટટાર થઈ ગઈ તેના મોં પર તેજ પ્રસરી રહ્યું તેની આંખો એકદમ ચમકી આ ફેરફારે જોઈ જયસિંહદેવ અચાંઈ ઉભા બનો શ્યામ રુધાતે હોય તેમ રાણુકે ચારે તરફ જોયું ને તેણે કારમી ચીસ પાડી

"મારા રા—માગા નાથ—મારા ધણી!" તેણે ફાટે ગળે બોલવા માંડ્યું "વહી બમા! બમા બમા! તેણે ગળે હાથ મુક્યો "જય અંબે! જય અંબે! બમા મારા રા ને—" તેનો અવાજ તુટ્યો ઓ મારા રા—રે" તેણે છાતી ફાટ ચીસ પાડી ને ટુંકા ભર ગડી પડી ને બોચ પર પડી ગઈ

પ્રકરણ ૬૬ મું



જેમાં રાણુકને રાજા મહેલ છોડે છે

જયસિંહદેવને આંખે અંધારા આવ્યા જાણે એકાદ તેજ પત્થર મારી ગયો હોય એમ લાગ્યું તે કયા હતો તે તેને સમજાયું નહીં તે શા શું કરતો હતો તે તેને યાદ રહ્યું નહીં વાતાવરણ અપવિત્ર તેજથી ઠામ થયું તેની ને રાણુક વચ્ચે જાણે તેજ કુંજને ઝેરના હોય એવો પુરુષ આદાને ઉભેરો તણો તન એ ગયા બગાગની તેની મુખરેખા હતી તેના હાથમાં ખડ્ગ હતું તેની આંખમાં વિજય હતો તેના મે પર હાસ્ય વિસ્ફારનું હાસ્ય હતું અમાપ આતર તેની આ તેજસ્વી મૂર્તિ વચ્ચે વિસ્તરતું

જયસિંહદેવ બેચાર પગલાં પાછળ ફર્યો ને કપાળ પર હાથ ફેરવ્યો

તેજ જાણે રહ્યું અંધકાર ઓસરી ગયો એક ક્ષીણ દીવેલના દીવાના આછા પ્રકાશમાં બે મરેલા કુંવરો, બેભાન દેવડી ને ખુલ્લામાં હાથમાં મોં ઘાલી ઘુંટતો દેશળદેવ તેણે જોયા પછળ અંધારા ઓરડામાં બાજરો ઓઠો હતો. તેને બધું ભાન આવ્યું

"બાજરા! બાજરા! ઉંચક આ કીડાને તેણે બોલે ઘાટે હુકમ કર્યા તેણે દેશળદેવને જોઈ બાલ મારી "ઓ"

આભરાએ કુદી રાણુકને ઉંચકી લીધી ને દેશળદેવે ઉભા થઇ ચાલવા માંડ્યું. વિરોધી ભાવોથી ને ભય, ક્રોધ ને કામથી ચીરાતા જયસિંહદેવ પાછું જોયા વિના ચાલ્યા ગયા.

"દેશળદેવજી! સાંઢણી ક્યાં છે?" જયસિંહદેવે પુછ્યું.

"આપુ–આપુ–આ તરફ–" કહી દેશળદેવ એક આરણેથી બહાર નીકળ્યો.

બહાર સાંઢણી લઇ હમીર ઉભો હતો.

"આભરા! ચઢીજા" મહારાજે હુકમ કર્યો. તરત આભરો રાણુકને લઇ સાંઢણી પર ચઢ્યો. મહારાજ તેની પાછળ ચઢવા જતા હતા તે દેશળદેવે રોકયા.

"આપુ!"

"કેમ?"

"આપુ, હું આવું?"

"ક્યાં?"

"ચદવાણુ!"

"મારે તમારું કામ નથી" તોછડાઇથી જયસિંહદેવે કહ્યું.

"પણ આપુ—"

"શું છે?"

"પેલું આજ્ઞાપત્ર–"

"કયું?" જરાક વિસ્મૃતિ થવાથી જયસિંહદેવે પુછ્યું.

"અને જુનાગઢ આપવાનું—"

"જયસિંહદેવનો પીત્તો ઉછળી આવ્યો. "કુતરા! મામાને માર્યો, મામીને વેચી ને હવે જુનાગઢ લઇ મને ગરદન મારવો છે? દુષ્ટ!—"

"આપુ! તમારું વચન"

"પિશાચ!" જયસિંહદેવે ગર્જના કરી. "તારી સાથે વચન! આજ રાતનાં બધાં ઘોર કર્મનું પાપ તારે માથે છે."

"મારે લીધે તો—" હાથ જોડતાં દેશળદેવ બોલ્યો.

"હા, તારેજ લીધે આજે મારે આ બધું કરવું પડ્યું. પાપી! તારે હવે પૃથ્વી ભારે ભરવા દેવી ન જોઇએ. લે આ તારો શીરપાવ–" કહી મહારાજે દાંત કચકચાવી એકે ઝપાટે તેનું શિર ઉરાડી દીધું ને તે સાંઢણી પર ચઢી બેઠા. "હમીર! મોટે દરવાજે હાંક" સાંઢણી ચાલી એટલે મહારાજે દેશળદેવ તરફ જોયું ને બબડ્યા: "સારામાં સારું કામ તો મેં આજ કર્યું"

હમીરે પણ જોયું કે અત્યારે આજ્ઞાંકિત થવામાંજ મુર્દો હતો એટલે તેણે સાંઢણી હાંકી મુકી.

દૂરથી યુદ્ધનો ધોંધાટ આવતો હતો, બાકીનું જુનાગઢ સ્મશાન સમું શાંત હતું અને સુની શેરીમાં માત્ર સાંઢણીના ઘાસઘાજ, સંભળાતા.

તે મોટે દરવાજે પહોંચ્યા ત્યારે ત્યાં પટણી ચૌનિકોની ચોકી હતી. તેના નાયકે તરત ઘુમ મારી: "કોણ છે?"

"નાયક કોણ છે?" મહારાજે પુછ્યું.

"કેમ?" કહી નાયક આગળ આવ્યો.

"કોણ જેમો નાયક?"

"કોણ અભાગતા?" ચકિત થંઇ જોગા નાયકે કહ્યું. તેણે આગળ બેઠેલા આભરા ને તેના હાથમાં પડેલા શરીર તરફ ગભરાતાં ગભરાતાં જોયું.

"ચુપ, આમ આવ."

જેમો મહારાજની પાસે ગયો.

"જેમા, હું જરૂરને કામે જાઉં છું. હમણાં કોઇને કહેતો નહીં. ભોંગાર મરાયો. હવે આ યુદ્ધ શમશે. એ શમે ત્યારે મુંજાલ મહેતાને કહેજે કે હું વંથળી ગયો છું. મારી ફીકર કરે નહીં."

રસિકતા

—o—

[અનુસંધાન પૃષ્ઠ ૪૮૬ થી.]

સબ નર કરહિં પરસ્પર પ્રીતિ
ચલહિં સ્વધર્મ નિરત શ્રુતિનીતિ.
એહિ બિધિ ભયઉ ધર્મ જગમાંહીં
પૂરિરહા સપનેહું અઘ નાહીં
રામભક્તિરત નર અરુ નારી
સકલ પરમ ગતિ કે અધિકારી
અલ્પમૃત્યુ નહિં કવનિહુ પીરા
સબ સુંદર સબ નિરુજસરીરા.
નહિં દરિદ્ર કોઉ દુખી ન દીના
નહિં કોઉ અબુધ ન લક્ષણહીના.

× × × ×

કુલહિં કુલહિં સદા તરુ કાનન
રહહિં એક સંગ ગજ પંચાનન
ખગ મૃગ વૈર સહજ બિસરાઈ
સબનિ પરસ્પર પ્રીતિ બઢાઈ.

× × × ×

લતા વિટપ માગે ફલહર્ષીં
મનભાવેતે ધેનુ પય સ્રવહીં
રહિસિંપન્ન સદા રહુ ધરની
ત્રેતા ભઈ સતયુગકી કરની.

× × × ×

આ પ્રકારનાં કથનો જગતના દરેક મહાન્ કવિઓની કૃતિઓમાં જોવામાં આવે છે. પ્રખ્યાત અંગ્રેજ કવિ કીટ્સનું એક કાવ્ય ઉતારીશું:

"રાગ અને રંગના ગાનાર ઓ કવિગણો! તમે અવનિ પર તમારા આત્માઓ મૂકી ગયા છો. તમારે સ્વર્ગમાં પણ શું આત્મા છે? એ નવીન પ્રદેશોમાં પણ તમે બીજું જીવન ગાળી રહ્યા છો? હા, અને સ્વર્ગવાસી આત્માઓ સૂર્ય-ચંદ્રના લોક સાથે સંદેશ ચલાવે છે. ત્યાં અદ્ભુત ઝરણોના કલરવ વચ્ચે, ગર્જનાઓના નાદ ઝીણા સુણતા, સુરતરુઓના અને તમારા અપ્સરપરસના ગુંજનમાં તમે એ ચંદ્રનાં કિરણોથી ચરાતા તે નંદનવનમાં આનંદમગ્ન રહો છો. ત્યાં મોટામોટાં બ્લ્યુ-બેલ ફુલોની છત્રછાયા છે; ઉંચીનાં ફુલોમાં ગુલાબની સુગંધ છે; અને મુક ગુલાબમાં એવો પરિમલ મહેકે છે કે પૃથ્વી પર તો અલભ્યજ છે. ત્યાં બુલબુલ પક્ષી અથડીમાં તે માદક ગતિ ગાતું નથી. મધુરાં દૈવી સત્યો, તત્વજ્ઞાનનાં સરલ વહેતાં સંગીત અને સ્વર્ગ તથા તેનાં રહસ્યોની વાતોને સોનેરી કલ્પિતરેલો પોતાનાં ગતિમાં ગાય છે.

આમ તમે સ્વર્ગમાં દિવસો નિર્ગમો છો અને પૃથ્વી પર પણ તમે પાછા ફરતા રહો છો. તમે અહીં મુકી ગયેલા આત્મભાવથી, તમે નિત્ય નવલ, નિત્યપ્રફુલ્લ જીવન પરલોકમાં ગાળો છો, તે શોધીને પામવાનો માર્ગ અમને જડે છે."

ગુજરાતી કવિઓની વાણીમાં પણ આ ભૂમિના "વસે સુખ જેમાં સદૈવ-આનાથી કંઈ અધિક કહીએ આજ ત્યાં હોય કૈવ" એવા ઉલ્લેખ ઓછા નથી. "બીજ પડ્યા છે નથી મૃતિકા ત્યાં" "એ દ્વીપ અલૌકિક રસ ભરીયો."

આવાં આવાં કેટલાંએ વચનોથી ગુજરાતી વાચક અજાણ્યો નહીં હોય.

આ અમર ભૂમિમાં પહોંચી સતત શાંત, નીરોગી સુખ અને અખંડ જ્ઞાનંદ-પરમાનંદ ભોગવવાની મનુષ્ય આશા રાખે છે. તે સમજે છે કે પ્રભુએ પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે તેને ત્રણ શક્તિઓ આપી છે: બુદ્ધિ, ક્રિયાશક્તિ અને લાગણી. આ પ્રત્યેક ત્રિશક્તિને સિદ્ધ કરનાર તે "Knower" (જ્ઞાનયોગી), "Doer" (કર્મયોગી) અને "Sayer" (કથનકાર-કલાકાર-કવિ-ભક્તિયોગી). આ ત્રણેમાં પ્રત્યેકના ગુણ ગૌણાંશે તો રહેજ છે, પણ તેનો પોતાનો ગુણ પ્રધાનાંશે હોય છે. જ્ઞાનયોગી બુદ્ધિને કેળવી અજ્ઞાનનો પડ ભેદી જ્ઞાનદ્વારા પ્રભુના સત્ય સ્વરૂપનું દર્શન કરે છે; કર્મયોગી નિષ્કામ કર્તવ્ય કરતો કામાસક્તિનાં

અંતમાં આપણે મહાન્ કવિ મીલ્ટનના શબ્દોમાં પ્રભુ પ્રત્યે એવી પ્રાર્થના કરીશું કે ગુજરાતમાં તે એવા કલાકારો ઉત્પન્ન કરે કે જે:—

...આપણી મહાન કલ્પનાને વિશુદ્ધ આનંદનાં અખંડ ગાન સંભળાવે—એવાં ગાન કે જે પવિત્ર ગર્જન અને ગંભીર આનંદધ્વનિથી તે ઘવલરંગી સિંહાસનના અધિષ્ઠિત સન્મુખ આસપાસ ઝળહળતા પ્રકાશના દિવ્ય ગોળ પોતાનાં મોટાં મોતીકાંઠાં રણવાદ્યોથી, ઉસ્તાદોના સાથ પોતાની અમર સિતારોની સુવર્ણતંત્રીથી અને વિજયગુંજ ધારતાં ન્યાયી સત્વો પવિત્ર ને ભક્તિમય સ્તોત્રોથી નિરંતર ગાયા કરે છે;—ગોઠલા સારુ ગાયા કરે છે કે એમના સવાદી સુરો સુણીને આપણે તે મધુરા સ્વરોનો પ્રત્યુત્તર પૂરો પરથી પાઠવી શકીએ.× × × × × અને કુંક સમયમાં પ્રભુ પોતાના દૈવી ન્યુય સાથે આપણને ભેળવે, તેની સાથે રાખે, સ્વર્ગલોક સાથે આપણે એકતાનતા સાધી રાકીએ અને પ્રભાતના અમર પ્રકાશ સુધી તેનાં ગીત ગજવ્યા કરીએ.

૪૦ વરસની જુની અને અનુભવી દુકાન
સારાં અને ટકાઉ ઘડીઆળો મેળવવાનું
માનીતું મથક



પધારો અને ખાત્રી કરો.

અમારે ત્યાં હમેશાં દરેક જાતનાં ઘરીયાનાં તથા હાથે બાંધવાનાં નીકલ, ચાંદી તથા સોનાના અપ-ટુ-ડેટ ફેશનના જુદા જુદા શેપના કલોકસ તથા ટાઇમપીસ વગેરે પણ ઘણાજ કીફાયત ભાવથી મળશે.

રીપેરીંગ કામ પણ બાહોશ કારીગરોના હાથે જાતે અમારી દેખરેખ હેઠળ કરી આપવામાં આવશે.
મોટાં કલોકસ માટે ઓર્ડર સાથે ૨૦ ટકા મોકલવું.

મોહનદાસ કમળશી
મંબાદેવી પોલીસની બાજુમાં, મુંબાઈ નં. ૨.

Telephone 5625.
Telegrams Clock Tower

"બાપુને ત્યાં"

[અનુસંધાન પૃ૪ ૪૯૫ થી]

બીજી બેચાર પત્નીઓ હતી પરંતુ જ્યાંમુખી રાજ્યસભા ઝુલાવવાની હતી, રણક્ષેત્રમાં વીરદાક ગજાવવાની હતી અને નિરંતર રાજ્યખટપટ માં મગ્ન રહેવાનું હતું ત્યાં સુધી મદનકુમાર વિષયવશ પડ્યા ન હતા પરંતુ એ બધું ગયું અને દિવસે દિવસે તેમની વિષયવાસના વધની ગઇ અને મનોવૃત્તિ સ્વચ્છંદી થતી ગઇ સ્વચ્છંદી વિષયવાસનાને અને પવિત્ર પ્રેમને જમીન અને આસમાન જેટલું અંતર છે અને તેથી કુમારનો મારા તરફનો અવિચળ પ્રેમ દિવસેદિવસે ઓછો થવા લાગ્યો.

"મહારાજ! મનુષ્ય પર દુઃખ આવે તે ત્રિવેણીએ નથી આવતું પરંતુ આપત્તિના ધની બાદલ તની હેલીઓજ આવે છે આ અરસામાજ આપ મને બાતુડા આ સંસારના સ્વપ્ના જોયા વિના એક પછી એક અને આશુ આવતી મુકી દેવને દ્વાર ચાલ્યા ગયા, બપને જે અધિ મને અને કુમારને થોડી ઘણી પણ એક ગણી શકતા તે આમ અકાળે તુટી કુમાર ધીમેધીમે મારો રંગમહેલ ત્યજવા લાગ્યા અને કટાક્ષ નયના અવકારવતી અને મોહિનીકુમારી વગેરેના મહેલે પડાપાયગ રહેવા લાગ્યા પરંતુ તેટલાથીએ તે સંતોષ પામ્યા નહીં તેમના વિષય-અશ્વની લગામ છુટી હતી અને રાણીઓના રણવાસમા નેને હાથમા રાખવાની તેમની શક્તિ ન હતી તેમને જોગવવાને જે તા હતા નારીના ઢેર રમવાને જોઇતી હતી રાસ લીલાઓ અને નાચવાને જોઇતા હતા રમના આરા બાગરો, પરંતુ અમે રાણીઓ એ બધુ કયાંથી લાવીએ?

"મહારાજ! અહીં આવતા માર્ગમા પૈકુ ઠેકાણીવાળુ મકાન તમે જોયું? એ મકાનમા એક વાર મારો આવાસ હતો પરંતુ વિધિની નિષ્ઠુરતાથી એ આવાસ છોડી મારે અહીં આવી રહેવું પડ્યું છે જ્યા એક વાર મારા સંસારનું ઉપવન મઘમઘી રહ્યું હતું ત્યા આજે વિપત્તિની દુઃખમય ગંધ ફેલાઇ રહી છે, જ્યા એક વાર રુમઝુમ કરતા મારા સાતુડા ના ઝાંઝરોનો રણકાર ગાજી રહ્યો હતો ત્યા આજે નાચનારીઓના પગની ઘુઘરીઓ વાગી રહી છે જ્યા મે એક વાર પ્રેમરમની પ્યાલી ઓ પીધી છે અને પાઇ છે ત્યા આજે અદિરા પાનની કેફમહેફિલ થઇ રહી છે વધુ તો શું કહું પણ મહારાજ! જ્યા મે એક વાર દેવ પુજ્યા છે ત્યા આજે રાક્ષણીઓના પગમા શિર ઝુકાવાય છે!

એ સઘું આ મારી આગળ ઉભીઉભી હું રોજ જોયા કરું છું અને એ મકાનમાની રોશની બુઝાયા પછીજ હું સુઇ જતું છું દશ પદર દિવસને અંતરે લહેર આવે તો એ રોશની શાંત થયા પછી કુમાર દાસીનું આંગણું પાવન કરવા પધારે છે અને અત્યાર સુધી હું તપશ્ચર્યા પણ તેમનીજ કરતી એવું છું મહારાજ! પેલી ભીંત પર ટંગેલી તસ્વીર જુઓ એ મારી તથા કુમારની અમારા સંસારના પ્રભાત કાલની સુંદર પ્રતિમા છે એ પ્રતિમા જુઓ અને આ મારા જીવનની મધ્યરાત્રિની જીર્ણ આકૃતિ જુઓ. કયા એ મદભરેલી પુષ્પ કળમાની કોમળ પુષ્પલતા અને કયા આ જીર્ણ પર્ણ કૃટિમાની સુકી વેલડીયા' કયા ગઇ એ ગાલની ગુલાબી, આંખની ખુમારી અને મુખની તેજસ્વિતા' યોગિરાજ! આ બધું હવે નથી સહેવાતું મારા સંસારનું નાવ કારકરીએ વટાણીએ ચડ્યું છે.

દ્વે જો તેને ઉગારે તો તમ જેવા કોઇ મહાત્માજ !"

"બાલા ! તારી કરુણરસ કથા મે સાંભળી અને જગતના મારા અનુભવમાં આ એક વધારો થયો. તું મને ઓળખી શકે તેમ નથી, પરંતુ હું તને તેમજ સારા જગતને ઓળખું છું. હું એનો દૂત છું કે જેણે તને તેમજ આખા જગતને સર્જ્યું છે—જેણે તમને અંધકાર અને પ્રકાશ બંને આપ્યાં છે, જેણે તમારે માટે આ સુખોપભોગો તેમજ દુઃખના ત્રાનલો ઉત્પન્ન કર્યા છે. હું એવા પ્રદેશમાંથી આવું છું કે જ્યાં આવાં દુઃખ, દરિદ્રતા અને ઉપાધિનું નામ પણ નથી અને એ દિવ્ય દેશનો પ્રેમ અને શાંતિનો સંદેશ તારા જેવાં કુદરતનાં બાલુડાંમાં પહોંચાડવા હું આમ ભટકું છું. માટે બોલ તારે માટે હું કઈ પણ કરી શકું તેમ છું ?" સંન્યાસીએ કહ્યું.

"મહારાજ ! એક કામ કરશો ?"

"શું ?"

"મને મારા બાપુને ત્યાં લઇ જાઓ." લીલાબાએ કહ્યું.

"બાપુને ત્યાં !" એમ ઉચ્ચારી એ સંન્યાસી સહેજ વિચારમાં પડ્યો, પરંતુ તરતજ બોલ્યોઃ "હા. જા, આજથી ત્રીજમે દિવસે તને તારા બાપુને ત્યાં મુકી દઇશ."

"જરૂર ?"

"જરૂર."

આટલું બોલી એ સંન્યાસી નીચે ઉતર્યો અને તેને માર્ગે ચાલ્યો ગયો.

૩

ત્રીજમા દિવસની સંધ્યાનો સમય થવા આવ્યો.

પેલો સંન્યાસી આજે પેલી લલનાના શયનગૃહમાં એકચિત્તથી પ્રભુની પ્રાર્થના કરી રહ્યો હતો, કારણ આજે તેને એક મહત્ કાર્ય કરવાનું હતું. "મને મારા બાપુને ત્યાં લઇ જાઓ !" એટલુંજ એ લલનાએ એ યોગિરાજ પાસે માગ્યું હતું, પરંતુ એ યોગિરાજને તો એ લલનાને તેણે માગ્યું તેના કરતાં કેટલાએ ગણું આપવાનું હતું. જગતની મહાન્ વિભૂતિઓ આપણા આત્માના કલ્યાણ માટે કેટલાએ પ્રયત્ન કરી રહી છે, પરંતુ આપણી ચર્મચક્ષુઓ તે જોઇ શકતી નથી, આપણી ટુંકી બુદ્ધિ તે સમજી શકતી નથી અને માત્ર દેહનુંજ સુખ ઇચ્છનારી આપણી વાસનાઓ તે ગ્રાહ્ય કરી શકતી નથી. એ યોગિરાજે એ લલનાને ત્રીસ દિવસથી તેના શાંત આશ્રય નીચે લાવી હતી અને અત્યારે તેના સર્વ તાપ મટાડી તેના આત્માને જગતના મહાન્ આત્મા સાથે એકાકાર કરાવી દેવાની તૈયારી કરતો હતો, પરંતુ તે સ્થૂલ શરીર તરફ લક્ષ આપનાર એ લલનાને "તેના બાપુના ઘરથી" કે પછી પેલા "રોશનીવાળા મકાનથી" ઉંચી દૃષ્ટિ કરાવવાનું કાર્ય એ સંતની વિભૂતિ માટે પણ દુષ્કર થઇ પડ્યું હતું.

સૂર્યને અસ્તંગત થવાનો સમય થતાં તે તેની સભાક્ષમાંથી ઉઠ્યો અને પેલી યુવતિ પાસે આવી તેના ભાલ પર હાથ મુકી શાંત સ્વરે બોલ્યોઃ "વિલાસપુરની રાજકુંવરી ! તને મેં આપેલા કાલને પાળવાનો સમય નજદીક આવ્યો છે. છેલ્લા ત્રીસ દિવસથી તારા આત્માના કલ્યાણ સારુ મેં પ્રાર્થના કરી છે અને મારા અને આ સમગ્ર જગતના પિતાએ મારી પ્રાર્થના સાંભળી છે. તેં તારા બાપુને ત્યાં મને મુકવાનું કહ્યું હતું અને આજ સાંજ પૂર્વે હું તને તારા સાચા બાપુને ત્યાં—વિલાસપુરના દુન્યવી બાપુને ત્યાં નહીં

૫૨ તુ આ ત્રણે ભુવનના સ્વામીને બાપુને ત્યાં મુકી દઇશ"

"ગીતા" સાંભળી ને યુવતિએ સાંભળ્યા પરંતુ સાંભળતી તે સમય થઇ ગઇ છેલ્લા ત્રીસ દિવસ થયા તો તે વિલાસપુરના સ્વપ્ના જોતી હતી તેના બાપુના મહેલ, તેના સુંદર રૂપવનો અને નાનપણમા જોયલેલા તાન ક્રીડાભવનોમા ફરી મહાલવાને તેનો જીવ તલસી રહ્યો હતો તેના બાપુ તેના અપરાધ માફ કરે તેને મારી આપશે અને દુ:ખથી દાઝલી તેની દીકરીને આશ્રય આપશે, એમ તેને હાશતુ હતુ તેની પુત્રીવત્સલ માતા તેને છાતીસરી ચાંપી તના ખોળામા તનુ માથુ વધ તેના તાપ સમાવશે અમ તે માનતી હતી, નાનપણમા પોતે રમાડેલી તની નાની બહેનત બાતુડા હુગે તને પોતાના બાતડા ગણી રમાડી સતોષ માનીશ એમ તે ઇચ્છતી હતી અને છેવટ તેના સૌભાગ્ય નાશ સુધરે અન તેનો સુનો પ્રેમ ફરીથી ઉદ્દીપિત થાય તા એક વાર આ સસારમા ભોગવેલુ સ્વર્ગ ફરી તેને તા ઉતરે એવી વાસના તેના હૃદયમા રહી ગઇ હતી તેને બદલે આ યોગિરાજ તો કોઇ નવીન સ્વપ્ન અને નવીન સૃષ્ટિ બતાવતો હતો ત્રણ ભુવન નો બાપુ તે હું એમ મળી જતો હશે? શ એ બાપુ ગાંડો તો નથી થઇ ગયો? અથવા તા આ બધો દભ તો ન હોય?

"મહારાજ!" થોડી વારે તે બોલી "આપના બોલવાનો અર્થ હુ કૈં સમજી શકી નહીં આપ અને કયા ઘણ બનવા ધારો છો?"

"બાળા, મે તને નહીં કહ્યું કે જોયે તને, મારી આ આ જગત્ સમસ્તને સરજ્યા છે તેનો હુ દૂત છું. તારા બાપુ કયા? આ વિશ્વમા તારો પિતા કોણ? તારો પતિ કોણ? અને તારો પુત્ર કોણ? આ સસારની રગ ભૂમિ પર આપણે અપણો ભાગ ભજવવાને આવીએ છીએ અને આ જગના સૂત્રધારના નચાવ્યા નાચીએ છીએ અને રમાડ્યા રમીએ છીએ જગત્ નાથે તારે શી સેવા ધારી? દુનીયા તો સ્વાર્થી છે અને સ્વાર્થ આગળ સગપણ ની કીંમત આ મનુષ્યને નથી તારા જીવનની કહાણી તને કે પણ બોધ આપી શકતી નથી તુ મદનકુમારને સ્વપ્નમાંથી પરખી નથી તારા બાપ તારા પર ગુસ્સે શા માટે થયા? મારવુ તારા બાપુને તારા વડ તેનો સ્વાર્થ સાધવાનો હતો રત્નદીપના મહારાજા સાથે તને પરણાવી એવા મહારાજા સાથે પોતાનો સબધ બાધી કુદનપુરના નરેશ સામે તેની કુમક મેળવવાની તેની ઇચ્છા હતી અને એ ઇચ્છા તુ પુરી થઇ નહીં તેથી તારા બાપુએ તારા સબધ છોડયો બીજી બાજુ મદનકુમાર સાથેનો તારો સબધ તે એ કુમાર સાહ્યે કે તારા બાપુની રાજ્યતૃષ્ણા તથા એક ચાલુક્યરાજની સત્તાવીનુ પ૦ છાડ્યુ તે શુ આ પણકુટિમા નિર્જીવ જીવન અતીત કરવા કયા ગયો કુમારનો અવિચળ પ્રેમ? કયા ગયુ તારુ સસારનુ સ્વપ્ન અને કુણ્ણ કનેપાનુ રૂદાવન? આ સસારજ આવો જાતનો છે બધા બાબુઓ ત્યા દુ:ખો દરિદ્રતા અને દુષ્ટતા અને એ બધુ છોડવુ પણ તમને વસમુ લાગે છે બાળા! જગતના કોઇ ઉત્કૃષ્ટ આત્માના કલ્યાણાર્થે અમ આ અવતારમા રખડીએ છીએ કોઇ કોઇવો જગતમા એવા અવતરે છે કે જેમના આત્મા પવિત્ર હોય છે જેઓમા કુદરતી રીતેજ પાપબુદ્ધિ હોતી નથી અને જેઓનો જન્મ દુનીયા મા૬ જગતમા સુવાસ અને સૌદર્ય વધારવા માટેજ હોય છે પરંતુ એ કોવો જગતના

રમાડવા રમે છે, વિલાસપુરના વિલાસ અને કુંદનપુરનાં કુંદનમાં મોહ પાગી બનય છે, મદનકુમાર અને મોહિનીરાણી જોવાની ગુંથેલી જાળમાં ફસાય છે અને ફૂલની માફક બધાયા સુંઘાયા પછી લોકના પગ નીચે છુંદાય છે. આવા જીવો તરફ કુદરતનો પક્ષપાત હોય છે અને પૂર્વજન્મના ઋણાનુબંધને લીધેજ તેમને આ જડ પૃથ્વી પર જન્મ આપવામાં આવે છે. બાકી તેમને માટે આ દુનીઆનું રાજ્ય નથી. જે દુનીઆના તે અધિકારી છે તે દુનીઆમાં શાંતિનું સામ્રાજ્ય છે. જીવનની નિઃસ્વાર્થતા છે અને સુખની પરિસીમા છે. એ દુનીઆના દિવ્ય અધિકારી આ સંસારમાં બહુ જીવતા નથી, કારણ તેમનો પિતા તેમનાથી ઝાઝો વિયોગ સહી શકતો નથી. દુનીઆનાં મોહવશ પ્રાણીઓ તો એમજ સમજે છે કે સારાં માણસ બહુ જીવતાં નથી, પરંતુ તેમને કયાં ખબર છે કે એમને તો સંસારનાં બંધનથી મુક્તિ જલદી મળે છે? પ્રભુની કૃપાથી તને એ દુનીઆનો અધિકાર પ્રાપ્ત થયો છે તે તું સ્વીકારશે કે જગતનાં અંધ મનુષ્યોની માફક તરછોડશે?"

"મહારાજ! એ વાત ખરી, પરંતુ એ દુનીઆ કોણે દીઠી છે? ચુલામાંથી નીકળી ઓલામાં ન પડાય તેની ખાત્રી શી?" શોભનાએ કહ્યું.

"તો તું તારા બાપુને ત્યાં જઈ શું કરીશ?"

"મહારાજ! મારો સંસાર તો સમાપ્ત થયો છે, પરંતુ મારા બાપુની લીલી વાડી વીલસતી હશે તો એના રુડા સંસારને જોઈને પણ મારી આંખડી ઠારીશ."

આ શબ્દો સાંભળી એ સાધુનું હૃદય ભરાઈ આવ્યું અને તેની આંખમાંથી આંસુનું એક બિંદુ પડ્યું. જગતના મોહવશ પ્રાણીની મૃગજળમાં પણ કેટલી આસ્થા!

"ઓ વાસનાની પુતળી!" બબડી ચહાવી એ સંન્યાસી બોલ્યો, "સંસારના અનુભવથી હજુ પણ ધરાઈ ન હોય તો બંધ કર તારાં ચર્મચક્ષુ અને આ દિવ્યદૃષ્ટિ વડે જો કે ક્યાં વીલસે છે તારા બાપુની લીલી વાડી."

એ પ્રમાણે બોલી પોતાની સાથે રાખેલો એક દંડ તેણે હાથમાં લીધો અને મદારીની માફક હવામાં ફેરવી, વિલાસપુર ભણી નજર કરી તે બોલ્યોઃ "ઓ હવાનાં ઘેરાં વાદળો! તમે જરા હટી જાઓ, અને મારી દીકરી અને વિલાસપુરની ભાગોળ વચ્ચેનો અંતરાય કાઢી નાખો એટલે એ એના બાપુનો સંસાર જોઈ શકે."

તરતજ એ યુવતિની નજર આગળ વિલાસપુરની ભાગોળ અને તેની ચતુઃસીમા ખડી થઈ. પણ કયાં હતાં તેના બાપુના ગગનચુંબી રાજમહેલો અને વિલાસપુરનાં વિલાસભવનો? કયાં હતી તેના બાપુની લીલી કુટુંબવાડી અને વિલાસપુરની પુષ્પ-વાટિકાઓ? કયાં હતી તેની પુત્રીવત્સલ માતા અને બાલપણમાં હાથે રમાડેલી નાની બહેની? એ બધુ જોતાં અને જુનાં સ્મરણો તાજાં થતાં બીચારી શોભનાની આંખમાં આંસુ આવી ગયાં અને આ બધું શાથી થયું તે જાણવા એ સાધુ સામે તે દીન વદને જોઈ રહી.

"બેટા!" તેને બન્ને હાથ મુકી તે બોલ્યો, "તું શોચ શાને માટે કરે છે? તમારાં વિલાસપુરો અને કુંદનપુરોની ઉલટ આજ દશા છે. તમે તમારા ભોગવિલાસ અને ધન-દોલત અવિચલ છે એમ સમજો છો, પરંતુ વિધિની એક ફુંક આગળ પણ ટકી શકવાની

તેમનામા શક્તિ છે ખરી કે ? કર્ણાવતીના મુસલમાન મહાગજા તારા બાપુના વિલાસપુર પર ચઢી આવ્યા અને તારા બાપુ મોહમયી નગરીના રાજાની મદદ માંથે મામા થયા તો પણ હાર્યા અને તેના રાજ્યનું બેદાન મેદાન થઇ ગયુ તારા બાપુ અને તેની સમગ્ર સેનાએ કેસરીઆં કર્યાં, તારી માતા અને વિનાસપુરની સર્વ યુવતિઓએ જોહાર કર્યા અને વિલાસપુરના મહેલોના બડીગેર થયા અને બેનરોનાં પાંજર થયા કર્ણાવતીપુરે આજે આ પ્રમાણે વિનાસપુરને જડમુળથી ઉખેડી નાખ્યુ, કારે મોહમયીને ઉખેડશે અને લઈ જે રત્નદ્વીપ અને કુંદનપુરને ઉખેડી ન શકે તો પણ થોડા સમયમા તેમની પાસે દાસત્વ તો સ્વીકારાવશેજ. બોલ, આથી વિશેષ કેં જોવુ છે અને જાણવુ છે ?"

"મહારાજ! સંસાર ગમે તેવો દુષ્કર હોય તો પણ તે છોડવાની કંઈ થતી નથી મારા સૌભાગ્યનાથને છોડી હું કયા જાઉં? શું તેમનુ હૃદય પાછુ મારા તરફ વળી શકવાનો સંભવ નથી? અને તેમ થાય તો આ સંસારમા મારે રાની અપેક્ષા રહે?"

આ શબ્દો સાભળી એ યોગીએ પોતાના કપાળે હાથ મુકયો અને તેની આંખમાથી એક બીજુ આસુંનું ટીપુ પડયુ મનુષ્યની મોહ મુગ્ધતા તે શું આટલી હદ સુધી જતી હશે?

"એ મારા પ્રાણી! સંસારમા એવુ તે શું ભર્યું છે કે તેને છોડતાં આમ તો વિચાર આવે છે? તને ખબર નથી પરંતુ મે તો તારાથી આપણે સુંદર લાગતા સંસારને લાત મારી છે આ કુંદનપુરથી પણ શ્રેષ્ઠતર રાજ્યનો હું રાજકુમાર હતો આપણુ આત વિના આ સંસારનો તાપ મારાથી દૂર રાખવાને અહર્નિશ પ્રયત્ન કરી રહ્યા હતા, તારથી પણ અધિક રૂપવતી, ચંદ્રના તેજને કમળની પ્રફુલ્લતાને અને ગુલાબની સુવાસીને શરમાવે તેવી રાજકન્યાનો હું સ્વામી હતો, અને ઈંદ્રસમ દીપતા અને તેની શુકલપક્ષની કલા સમ રોજ વધુ અને વધુ ખીલતા બાલક રાજકુમારનો હું પિતા હતો તારા જેવા બીજા પ્રાણીઓના દુઃખ જોઈ મને જ્ઞાન પ્રાપ્ત થયુ અને જણાયુ કે એ રાજ્યલક્ષ્મી, એ માનવિતા અને એ પત્નીપુત્ર એ સર્વ મોહાના પુતળા છે અને તેમનાથી વીંટળાએલા રહેવુ તે જગતમા આપની કર્તવ્યદિશા ભુલવા સમ આ જ્ઞાન પ્રાપ્ત થતાજ મારી સમ ની પ્રિયતમાને ભરનિદ્રા એકલી અને અધૂરી છોડી તા પારણામા ગેલ કરતા તેના બાળુડાને છેવટનુ એક ચુબન પણ આપ્યા વિના ચોરીજે કલાક મારી ચિતા કલાર માતપિતાને કહ્યા વિના અને પ્રાણથી પણ અધિક મારા પ્રિયમિત્રને મળવાની પણ રાહ જોયા વિના હું મારો સંસાર છોડી નીકળ્યો છુ અને જગતના દુઃખી પ્રાણીઓમા પ્રેમ, શાંતિ અને કર્તવ્યતાના દિવ્ય સંદેશા પહોંચાડ તો તમારા કુંદનપુરો અને વિલાસપુરોમા ભટકુ છુ આ મારા ત્યાગ માટે જો અને પછી વિચાર કર કે તારે કેં આવો ત્યાગ કરવાનો છે? આ માયાના બંધનમાથી ન છૂટતા મે જરા પણ પાછુ વળીને જોયુ નથી જ્યારે આખા જગતે તને તિરસ્કારી ત્યારે બાપુએ તને દૂર રાખી અને તારા પિયુજને તને તેના હૃદયપર પરથી હડસેલી તો પણ એ જગતમા એ બાપુમા અને એ પિયુજન મા તારી વસના રહી ગઇ માટે હજુ પણ વિચાર કર ને કહે કે આ સંસારના બંધન કાપી જવા હું લાઇ જાઉં ત્યાં આવીશ?"

"મહારાજ! તમે મને કયા લાઇ જશો?"

"હજુએ પણ ન સમજી? તારા, મારા અને આખા જગતના બાપુએ તારે માટે જે સૃષ્ટિ તૈયાર રાખી છે તે સૃષ્ટિ પણ જોઇ લે કે જેથી આ સંસારમાં જરા પણ વાસના રહી ન જાય."

આમ કહી એ સંન્યાસીએ ફરીથી તેનો દંડ ઉંચકયો અને પહેલાની માફક હવામાં ફેરવા બોલ્યોઃ "ઓ! હવાનાં વેરાં વાદળો! તમે જરા હટી જાઓ અને આ ભુગ આકાશનો પડદો ઉઘાડી નાખો કે જેથી મારી દીકરી પ્રભુની દિવ્ય સૃષ્ટિ જોઇ શકે."

તરતજ ભુરા આકાશે તેના પડદા બોલી દીધા અને જે સૃષ્ટિ કોઇ પવિત્ર વિભૂતિને તેની મરણ પથારી આગળ નજરે પડે છે— પછી તેને વૈકુંઠવાસ કહો કે ઇંદ્રની અમરાપુરી કહો—ને એ યુવતિની નજર આગળ ખડી થઇ. આશ્ચર્યચકિત વદને તે એ જોઇ રહી, અને તેની ઝગ્રાસુ આંખ એક પછી એક દૃશ્ય નીહાળવા લાગી.

"મહારાજ! જેને જગત અમરાપુરી કહે છે તે તો આ નહીં? તેમા પેલું લત્તાદેવીનું લીલું થઇ રહેલું અને પુષ્પવાટિકાઓથી ખીલી રહેલું શું દેખાય છે? નંદનવન? અને પેલી ગંગાનાં પીણુ જેવી સફેદ ધોધમાં વહેતી શું સુરગંગા? પેલાં હવામાં ઉડતા મનોહર રત્નજડિત રાજભવનો કોનાં? અહાહા! મહારાજ! આ દિવ્યદેશના વસનારા તે કોણ હશે? અરે! પેલો સુશોભિત મંડપ તે શાને માટે તૈયાર કરવામાં આવ્યો હશે? અને આ બધું અસંખ્ય લાવલશ્કર તે કોના સ્વાગત માટે ઉભરાય છે? અને મહારાજ! પેલું કોણ? બાલપણમાં મારે હાથે રમાડેલી મારી બહેની અને મારા મરણમાં ઝુલેલાં મારાં બાલુડાં! અને મહારાજ! આપની મંગલમયી મૂર્તિ પણ ત્યાંજ જણાય છે ને! અને તે પણ આવા ઉત્કૃષ્ટ સ્થાને? અહોહો! પ્રભુ! આપ આ સૃષ્ટિકારના દૂત કે એ સૃષ્ટિનાજ અધિષ્ઠાતા?"

"એ દિવ્યસ્થાનના અધિકારને પામેલી મારી બાલિકા, જોયું આ તારા બાપુનું રાજ્ય? એ સૃષ્ટિમાં વસવાના અધિકારને પામનાર તો વિશ્વની કોઇ પાપરહિત દિવ્યવિભૂતિઓજ છે. તારી બહેની અને તારાં બાલુડાં બાલપણમાં મરી ગયાં એટલે સંસારનાં પાપથી કલુષિત ન થયાં અને તેથી એ સ્થાન પામ્યાં. આ અસંખ્ય લાવલશ્કર કુદરતના એક નવીન બાલુડાને એ દિવ્ય સૃષ્ટિમાં સ્વાગત આપવા સારુ ઉભરાઇ રહ્યું છે અને આ વખતનો ઉત્સવ ખાસ વિશેષ છે, કારણ એ બાલુડાને પોતાના ઘરમાં આવકાર આપવા તેના બાપુ પોતેજ ઉંબરમાં ઉભા રહ્યા છે. માટે બોલ, મારી સાથે આવીશ?" સંન્યાસીએ પુછ્યું.

"અહોહો! મહારાજ! આનો લાભ તે કોનાં? મારા બાપુની આ દિવ્ય સૃષ્ટિમાં વસવાનો તો શું પરંતુ તેના પાદપંકજની સેવા કરવાનો પણ આપકાર પ્રાપ્ત થાય તો ઘણો."

એ પ્રમાણે બોલી હર્ષનાં અશ્રુઓ સાથે એ યુવતિ યોગિરાજને ગળે વળગી પડી. પોતાની બાલકીને પોતાની ગોદમાં લેતાં એ યોગિરાજની આંખમાં પણ આંસુ આવી ગયાં.

તરતજ શોભનાનું મૃત શરીર જમીન પર પડ્યુ અને તેનો આત્મા યોગિરાજની સાથે લુપ્ત થઇ ગયો.

સૂર્યનારાયણ તરતજ અસ્તાચલ પર ગયા, પરંતુ તે પૂર્વે તો એ યુવતિનો આત્મા તેના "બાપુને ત્યાં" પહોંચી ગયો હતો.

साहित्यसंग्रह

द्वितीय पाणिनि उत्सव तथा श्रीकृष्णजन्म तीनों दृश्यांक

કરવા તરફ ચાલુ મહેનત કરવી પડશે. "ગુજરાતી સાહિત્ય"ની સંપૂર્ણ નોંધ તૈયાર કરવાનું કામ ઘણું કઠણ છે; અને પ્રયાસ પહેલો છે એટલે પરિણામ પણ ઘણી રીતે સંતોષકારક નહીં નીવડે. પણ એ બીજા વધારે સંતોષકારક ને સંપૂર્ણ પુસ્તક માટે અધુરું પણ ઉપયોગી વસ્તુ પુરું પાડ્યા વિના રહેશે નહીં. એવા કોઇ સંપૂર્ણ પુસ્તકની આવશ્યકતા અવર્ણનીય છે. જ્યારે એવા કોઇ પુસ્તક વડે પ્રાચીન સાહિત્ય જે પાટણ સ્થપાયું ત્યારથી કે તે પહેલાંથી, અને અદ્યાપિ આજે અનેક સદીઓ સુધી ઓકવારું વહી રહ્યું છે તેનું સર્વદેશીય સંશોધન અને દિગ્દર્શન થશે ત્યારેજ ગુજરાતી સંસ્કારના આત્માનું રહસ્ય આપણે પારખી શકીશું અને આપણી સંસ્કૃતિના ભાવી વિકાસનું સ્વરૂપ અને લક્ષ્ય નક્કી શકીશું. એવા પુસ્તક માટે હજુ કેટલો વખત વાટ જોવી પડશે?

આવું પુસ્તક ઉપયોગી ઇતિહાસ પુરો પાડે એ તો એક વાત; પણ એની બીજી કીમત તો એ છે કે તે વર્તમાન અને ભાવિ સાહિત્યના પ્રવાહોનું મૂલ બની રહેવાનું ભૂતકાલમાંજ અપૂર્વ સાહિત્ય જડે છે એમ નથી; ભૂતકાલના આદર્શો સાચવ્યેજ સાહિત્ય અપૂર્વ થાય છે એમ પણ નથી; પણ ભૂતસાહિત્યની સામગ્રીના નવા ઉપયોગથીજ નવું સાહિત્ય સમૃદ્ધ અને સરસ બને છે. નવા સંસ્કાર જૂના સંસ્કારોના બેનર પર અને ચાલ્યા આવતા સંસ્કારના સાતત્ય પર રચાય તોજ સમૃદ્ધ અને સબલ થાય છે; અને તેનો શબ્દદેહ-સાહિત્ય—પણ પુરોગામી સાહિત્ય પર રચાય તોજ સમૃદ્ધ, સચોટ અને સરસ થાય છે. આટલુંજ નહીં પણ જેમ પિતૃભક્તિ વિના જીવનમાં ઔચિત્ય ને પ્રભાવ નથી, પ્રાચીનના તરફ પૂજ્યભાવ વિના સંસ્કૃતિમાં શક્તિ હોતી નથી, તેમ જુના સાહિત્ય તરફ, પ્રેમ ન હોય તો નવા સાહિત્યમાં પ્રભાવ શક્ય નથી. આ કારણોથી જુના સાહિત્યને પૂજ્યભાવથી સંધરી તેનો અભ્યાસ લોકપ્રિય કર્યા વિના નવા સાહિત્યનો પાયો ચણાવાનો નથી.

પણ દરેક વસ્તુ મર્યાદામાંજ શોભે છે. આ પૂજ્યભાવને પણ મર્યાદા હોય છે. પણ આપણા દેશમાં પ્રાચીન સાહિત્ય તરફનો પૂજ્યભાવ ઘણી વખત પોતાની મર્યાદામાં રહેતો નથી અને જુના સાહિત્યના આદર્શ અને પદ્ધતિના ચોકઠામાં નવું સાહિત્ય બેસાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ ક્રિયા આપણે ત્યાં એકલા સાહિત્યમાંજ જોવામાં નથી આવતી, પણ જીવનનાં બધાં ક્ષેત્રોમાં જોવામાં આવે છે.

પૂર્વજો તરફ પૂજ્યભાવ એ સંસ્કારનું એક અગત્યનું અંગ છે, પણ એ પૂજ્યભાવને અનુભવનાર ઘણી વખત જુની પ્રણાલિકાનો ભક્ત થઇ જાય છે. એનું મગજ અસલી જીવન, આદર્શ અને પદ્ધતિમાં મચ્યું રહે છે; અને તેથી તેની અસહિષ્ણુતાનો પાર રહેતો નથી. તે વર્તમાનને પ્રાચીન કાટલે તોળે છે, પ્રાચીન ઘરટીએ દળવા માગે છે; પ્રાચીનોને અપરિચિત એવી દરેક રીતિને તે ત્યાજ્ય ગણે છે; અને ચલ સૃષ્ટિને નિશ્ચલ પ્રણાલિકામાં રોધવા ઇચ્છે છે. પ્રગતિને તે તિરસ્કારે છે; વિકાસની તેને પરવા નથી; પ્રવર્તમાન સંયોગોના બલનો તેને વિચાર નથી; અને વર્તમાનનો પ્રાણ ભલે જાય પણ તેને જુની પ્રણાલિકાના પિંજરમાં પુરી દેવામાંજ તે કૃતાર્થ માને છે. વીંધરેથી વિદુનની માફક આમ વીંધરેલો પૂજ્યભાવ વિનાશ કરે છે.

આ આદર્શોને પૂજ્યભાવ અને ભય કરી પ્રગતિકારક વચ્ચે વર્ગોજ ફેર રહ્યો હોય છે પ્રાચીનોને માટે પૂજ્યભાવ એટલે તેમની શક્તિ અને આદર્શ માટે—તેમના સંયોગો જોતા માત્ર પ્રાચીન પ્રગતિકારની ભક્તિ એટલે પ્રાચીનોની શક્તિ અને આદર્શ પર અપૂર્ણતાનું આરોપણ પૂજ્યભાવ એટલે કટ્ટર પ્રગતિકારક એટલે અંધશ્રદ્ધા પૂજ્યભાવ એટલે અસ્મિતા અને સ્વમાન વિનાનું એક જાત પ્રગતિમાર્ગ એટલે આપણી અલ્પતા કે અધમતા પુરવાર કરવાનું એક સાધન જે પૂજ્યભાવ રાખે તે પ્રાચીનના ધર્મ તેમ નાણે તેમનો સમય અને સંયોગો સમજવા માટે એ જે જીવન જીવ્યો હતો અને જે તેને પોતાને મળી રહ્યું છે તેનું સરખામણ કરવાનો પ્રયત્ન આદરે પણ જ્યારે તે પ્રગતિકારક બને છે ત્યારે તે માત્ર પ્રાચીનો પાછળ ચેલો બની તેમના બધા પોતાના સંયોગોનો વિચાર કરવો વીસરી જાય છે પુરાણી પ્રગતિકારને તે સ્વત સિદ્ધ ધોરણ માને છે અને તેનાથી વિરુદ્ધ દરેક વસ્તુના તે ના કરે છે વર્તમાન જીવનને ભૂતકાળના સંયોગો નથી અને પરિણામે તે સંયોગોથી બનતી પ્રેરણા નથી બદલ જીવન પર રચાયેલી વ્યક્તિઓ નવું જીવન ઘડવામાં થોડોઘણો ભાગ લે છે નવું ઘડવામાં ખરો ભાગ તો વર્તમાનના સંયોગો ને ચક્ર ભજવે છે આ બધા ભૂલો તે તદ્દન વીસરી જાય છે તે વીસરી જાય છે કે દરેક જીવંત વ્યક્તિને મનુષ્યને, રાષ્ટ્રને સમાજને, સંસ્કૃતિને કે સાહિત્યને ટકવા માટે પોતાના સંયોગોને અનુકૂળ થવું પડે છે અને આ સાનુકૂળતા આપવામાં પ્રગતિભક્તિ ઘણી વાર તો અંતરાય આવે છે

પ્રાચીનોના તરફના પૂજ્યભાવથી આપણે જેમણે સાહિત્યનો અભ્યાસ કર્યો હોય તેમને દેખાતે જરૂરનો નીતિ ને આદર્શ સમજવા ને પ્રયત્ન કરે છે તેમાં વર્ણવેલા સંયોગોમાં સીદાએ દર્શાવેલી માનવતા જોઈ તેની પોતાની માનવતા વિકાસ પામે છે અને તે માનવતા પોતાના પૂર્વજોની છે એ માન્યતાથી તે ગર્વ ધારે ને પોતાના નવા સંયોગો માથે સાનુકૂલતા આણવા કે મુશ્કેલી આવી ન પડે તો તે ન ગમે તે પુરાણી પ્રાચીન સંયોગોનું અનુકરણ શોધી તે મુશ્કેલી દૂર કરવા તે યત્ન કરે છે

પણ પ્રગતિકારકોને અહંથી સંતોષ થતો નથી તેનો તે સિદ્ધાંત છે કે પ્રાચીનોના સાહિત્ય કે કલ્પનામાં ફેરફાર થાય નહીં તેમના વચનો લોપાય નહીં તેમના વીરોની અપૂર્ણતા વીશે શંકા થાય નહીં તેમની નીતિમાં કલંક જોવાય નહીં, ને જોવાય તો કહેવાય નહીં તેમના આદર્શો આદરણીય ન ગણે નહીં તે બધા પૂજ્ય નહીં એમની કાળને સંસ્કૃતિની પરાકાષ્ઠા લેખવી, એમની વીગ ને વીરાંગનાને દેવદેવી ગણવા, એમણે જીવનને આદર્શ માનવું અને એમણે જીવનની લેખંડી પ્રગતિકા પર્યંત આપણા જીવનના બીબા ઉતારવા—આ સિદ્ધાંતો તેને પ્રાણથી પણ અધિક પ્રિય છે દુનીઆની સર્વદેશીય પ્રગતિ જોતા અને દુનીઆની શોધ પરથી પ્રાચીનોની કીંમત કરતા એથી વધારે હાસ્યજનક દાવો બીજો રહ્યો નથી અને છતાં એ દાવો દરેક પક્ષને દરેક કોમે થયો છે અને કોઈ ને કોઈ સ્વરૂપે આપણી પાસે તે કાયમ રાખવાનો પ્રયત્ન થયાજ કરે છે

આ પ્રગતિકારકો કે પ્રાચીનો પાસેથી કંઈ નથી એમ કહેવા અમો તેમને માનતા હતા એ કારણથી

તે મૂલ્ય નથી મનાતી. પ્રાચીનો તો પોતાના સંયોગો પ્રમાણે જીવી ગયા; તે કંઈ ભાવી પ્રજાની આરસી સામે રાખી તેમાં સારા દેખાવા જીવ્યા નહોતા. પ્રણાલિકા એટલે તો પ્રાચીનોના જીવનનાં સ્મરણો પર અર્વાચીનોએ રચેલું ઘોરણ. આવાં ઘોરણો સંસ્કારનું સાતત્ય સાચવવા ઉપજાવવામાં આવે છે અને ઉગતી પ્રજાની કેળવણી માટે તથા તેમના સંસ્કારો સ્વજાતીય રહે એ માટે એ ઘોરણો ઘણાંજ ઉપયોગી છે. સંસ્કારની અસ્મિતા જાળવવા પણ કોઇ વખત એ ઉપયોગી થઇ પડે છે. પણ બાલ્યાવસ્થામાં સંસ્કારોગે આ ઘોરણો એક વખત ઘડાય કે પછી એ ઘોરણનો મનુષ્યને ઝાઝો ખપ રહેતો નથી. પછી તો ઘડાયેલા સંસ્કારોમાંથી નવા સંયોગો સાથે યુદ્ધમાં ઉતરવાનું બળ નીતરે છે.

આ જીવનમાં પ્રાચીન જીવનનાં લક્ષણો થોડાંઘણાં રહ્યાં છે, એટલે જુના આદર્શોનો ઉપયોગ પણ થોડોઘણો થવાનો. રામ, ભીષ્મ કે કૃષ્ણ કે સંસ્મરણો આપણા સંસ્કાર ઘડવામાં કંઈક મદદ કરે છે; પણ માત્ર એ સંસ્મરણો પરથી રચાયેલા આદર્શોનો ઉપયોગ કરવો તે હાલના સમરાંગણમાં ગદાયુદ્ધનો ઉપયોગ કરવા જેવું થઇ પડે. હુણ ને ગુર્જર, મુસલમાન અને અંગ્રેજ સંસ્કારનો આપણા જીવનમાં સંચાર થયો છે. પરદેશી ને પરસરકારી સત્તાની જુસરી આપણા પર પડી છે. વરાળ ને વીજળીએ સમય ને રણના અંતરનો નાશ કરી વસુધાને કુટુંબની માફક સાંકળી દીધી છે. દેશદેશ ને સમયસમયના સંસ્કારોના વિનિમયથી માનવજીવનનો પ્રવાહ ઓતપ્રોત થવા મથે છે. વિદ્યાના વિકાસથી વિનાશ અને વ્યવસ્થા બંને સૂઝેલાં થઇ પડ્યા છે. અને યુદ્ધ, ખ્રીસ્ત ને મહમદની ભાવનાઓ, અને તેમાં પણ ગ્રીક ગ્રીકોનો સૌંદર્યશોખ, રોમની વ્યવસ્થાશક્તિ, અર્વાચીન યુરોપનું લોકશાસન; સ્ત્રીસ્વાતંત્ર્ય ને ભાવવૈવિધ્યના સંસ્કારો સૃષ્ટિભરમાં પૂર જોશથી પ્રસરી રહ્યા છે. આવા જીવનને પુરાણા જીવન પરથી ઉપજાવેલાં ઘોરણો લગાડવાં એના જેવો નિષ્ફલ ને વિવેકહીણો પ્રયત્ન બીજો કયો હોઇ શકે?

પણ પ્રણાલિકાવાદનો તંતુ માનવમગજમાં ઘણોજ ઉંડુ ઘર ઘાલી બેઠો છે. એ ગમે તે અવસ્થામાં હાવી ઉઠે છે ને અનેકરૂપે બહાર પડે છે. એ તદ્દન નાબુદ થઇ શકતો નથી ને એના વગર ચલાવી લેવું અશક્ય છે. કેટલીક વાર એની જરૂર પણ પડે છે, પણ ઘણી વાર એ વિકાસને રૂંધી નાંખે છે. એ વાદનો આધાર એક નિયમ પર રહેલો છે. એક વસ્તુ હસ્તીમાં આવી એટલે તેને હસ્તીમાં રાખવીજ જોઇએ એવો ભ્રમ સામાન્ય મનુષ્યના મગજમાં ઉભો થાય છે. અને જેમ એ ભ્રમ ચાલુ રહે છે તેમ એ વસ્તુની હસ્તી વિના ચલાવી લેવું અશક્ય થઇ પડે છે. એની હસ્તીની આસપાસ સંસ્કારો પેદા થાય છે અને એ વસ્તુ પ્રમાણેજ બધી વસ્તુઓ ઘડાવી જોઇએ એવો ખ્યાલ સર્વમાન્ય થતો જાય છે. જે વસ્તુ આજે નવીન કે અજાણ લાગે છે તે કાયે વાસ્તવિક લાગે છે; વર્ષો થી વર્ષો યોગ્ય લાગે છે; પાંચ વર્ષ રહીને પવિત્ર લાગે છે; પચાસ વર્ષ રહીને તે સનાતન ને સૃષ્ટિના આધારરૂપ લાગે છે; હજાર વર્ષે તે લગભગ બ્રહ્મપદને પામે છે. અને તેનાથી વિરુદ્ધ કંઈ કલ્પી શકાતું નથી, તેના વિના બ્રહ્માંડ પડી જશે એવો ભાસ થાય છે. બે ચાર હજાર વર્ષે એ વસ્તુની શી કંમિત થાય છે એ તો આ પ્રણાલિકાગ્રસ્ત દેશમાં જે જન્મ્યો હોય તેજ સમજી શકે. આ

પ્રકારના ભ્રમથી પેદા થતી મનોદશા પ્રભુવિકાર વાદનું મૂલ છે

કોઇ વખત કોઇક રૂપષ્ટવક્તા પ્રગટે છે અને પ્રભુવિકારવાદના અધિકારના મૂલનું સંશોધન આરંભે છે આ ભ્રમ શા માટે? એક વસ્તુ હસ્તીમા આવી તેણે શા માટે સદા હસ્તીમા રહેવુ જ જોઇએ? લાખો વખત એક વસ્તુ ટકી માટે બધાએ શાસ્ત્રકારોએ ને પ્રભાવે શા માટે ઘડાવા જવુ? પ્રકૃતિના સ્વભાવ વિકાસ છે, છતા નિત્ય પ્રભુવિકારને ધોરણ શા માટે માનવી? એક બીજ એક જમાના માટે મારી હોય છતા જમાનો પલટાતા ને શા સારુ મારી લેખાવી જોઇએ? હુ બદલાયો મારો ભાગ બદલાયા મમાર ને સમય બદલાયો છતા શા સારુ પુરાણા ધોરણ પર મારે જીવન ઘડવુ? એ પ્રાચીનો તેમના સમોગ્રો પ્રમાણે જીવી ગયા તો મારે શા માટે મારા સમકાલીનો પ્રમાણે ન જીવવુ? આમ પ્રશ્નકારપક્ષને પ્રબોધવાને એકજ પ્રકારનો જવાબ આવે છે કોઇ કુળનાર બીકણ હોય તો તે નેને ડરે છે લોભીઓ હોય તો લાંચ આપે છે, જે નિર્બલ હોય તો કચરી નાખે છે જે તે ન ડરે, ન લલચાય કે ન કચરાય તો પ્રભુવિકારવાદ નથી પડતો ને પોતે ખુશ મતી કાયરતા માફક તે રૂપકલ્પનાની નથી પ્રભુવિકા શોધી કાઢી પોતાની મતા રૂપષ્ટ કરે છે

આ દેશના મનુષ્યો ના મનમા પ્રભુવિકારવાદના મનુષ્યો એવા જન્મ થઇ પડયા છે કે જીવનનું કોઇપણ ક્ષેત્ર એવુ નથી જણતુ કે જેમા એ વાદ સાંકળી થઇ જોડો ન હોય આપણે ત્યાના સંસ્કૃતિ ધર્મ, સંસાર કલા ને સાહિત્ય-સર્વને યુગોના યુગો સુધી નિશ્ચેતન પ્રભુવિકારની મૂખપાથી બાંધી રાખવામાજ મહત્ત્વ સમજ્યુ છે આ વિષય એટલો વિશાળ છે કે, તેને વિસ્તારથી અત્યારે ચર્ચવ એમ નથી તેમ પ્રભુવિકારવાદના સર્વદેશીય પ્રતાપની તપાસ કરવાનુ પણ આ સ્થાન નથી આ પ્રસંગે તો કવા ને સાહિત્યના ક્ષેત્રમા આ વાદ કયે સ્વરૂપે વગરે છે અને તેને કલાકારે કે સાહિત્યકારે કેવુ અન્સાન આપવુ જોઇએ તેનુ આછ વિવેચન કરી વીરમીશ

આપણા દેશના પ્રભુવિકારવાદ કવાના ક્ષેત્રમા એવી નિશ્ચેતનતા અણી મુકી છે કે કબીર ચરણ સુધી એકજ પ્રમાણના આદર્શ થી બધી કૃતિઓ ઘડાઇ છે જે વિકાસ જે પરિવર્તન ને યુગેયુગે સ્વાભાવિકતા આણવાના જે પ્રયત્નો બીજા દેશોના જણાય છે તેનુ નામ કે નીશાન અહીંઆ જડતુ નથી અનુસ્થાન વીતરાગની પ્રતિમા નો ઘાટઘાટ પુરો પાર છે જૈનાદ મતના પ્રચાર પછી અને પ્રસર કરી તથાગતની મૂર્તિ સ્થાપવા માટે મથુરાની પ્રતિમા ઘડવાનુ શરુ થયુ પહેલા યુગની પ્રતિમામા સ્વાભાવિકતા અને સજીવતા આણવાના પ્રયત્નો દેખાય છે ધીમેધીમે પ્રભુવિકારવાદના આપણા તત્ત્વોએ જોર કર્યું અને પરિણામે દરેક શિલ્પી અપૂર્ણ ને શાંત વીતરાગની પ્રતિમા કરવાને બદલે શાંતિને વીતરાગતાની જે પ્રભુવિકારી પરંપરા કોતરવામા સ્વીકારાની હતી તેજ માફક સાચવી રાખવામા સુધારો અને આખરે એમ બનાયુ કે પ્રતિમા એને સજીવ સ્વાભાવિકતા ને કલાત્મક કૃતિ નહીં પણ નિશ્ચેત પ્રભુવિકારો નીપજેલું, અમુક રીતે લેવુ, અમુક માપન, અમુક મુદ્રાનું અંગોપાંગવિને અરવાભાવિક પ્રમાણ કેવુ મોટું, આંખો ને મુદ્રા કેવી હોવી જોઇએ ને નિશ્ચેતન થઇ રહ્યા અને કલાને પ્રાણમજીવતાઓ નીકળી ગયા સદીઓ સુધી યુરુષ પ્રભુવિકારના ભોગ થઇ પડેલા શિલ્પી

ઓએ કલાવિધીન, અને કૃત્રિમ પ્રતિમાથી આપણાં મંદિરો ભરી દીધાં છે. આ દેશને નશીબે જે એમાં પાકયું તે પ્રણાલિકાગ્રસ્ત થઇ રહ્યું ને એનાથી દૂર ગયું તે સ્વાભાવિક ને સજીવ થવા લાગ્યું. હીંદી શિલ્પીઓ જ્યારે હીંદ છોડી જવા ગયા ત્યારે તેમને કલાનો પ્રાણ પાછો હાથ લાગ્યો અને ઐતિહાસિકત્વ પથ્થરનાં પુતળાં મટી સ્વાભાવિક માનવની પ્રતિમાના ગૌરવમાં શોભવા લાગ્યા.

આ ક્રિયા સહેલામાં સમજાય એવી છે. કોઇએ એક પ્રતિમા ઘડી ને તે પુજાઇ. તે પ્રતિમા થઇ એટલે તેજ પ્રમાણે બધી પ્રતિમાને ઘડવાનો અધિકાર મનાઇ ચુકયો. કોઇ શિલ્પની મગદુર ન રહી કે કૃત્રિમ પદ્ધતીને સ્વાભાવિક કરે કે સજીવ મુખને હસતું કરે; અને તો પછી સ્વતંત્ર રીતે સૌંદર્ય સરજવાની તો હોંશતજ શી ચાલે? સો વર્ષે દરેક અંગ ને દરેક મરોડમાં રહસ્ય, શાસ્ત્રતા, માન વગેરેનું કલ્પનાએ આરોપણ કર્યું. એ મરોડમાં ફેર કરનાર પર રૌરવ નરકમાં સડવાનો શાપ ઝઝુમી રહ્યો, ને પરિણામે બુદ્ધ ભગવાન્ માણસ મટી પથ્થર થયા.[1]

તેજ પ્રમાણે સાહિત્યમાં પણ પ્રણાલિકાવાદે વિનાશ કર્યો છે ગ્રીકોએ જ્યારે નાટક કરવા માંડયાં તે પહેલાં હીંદમાં નાટયકલાની શરુઆત થઇ. તે કલાની પરાકાષ્ઠારૂપ કાલિદાસ થયા ને તેમણે અપૂર્વ નાટકો લખ્યાં. એ અપૂર્વ થયાં કે તરત પ્રણાલિકાવાદ આખી નાટયકલા પર ચઢી બેઠો. નાયક આવો જોઇએ, નાયિકા આવી જોઇએ, વિદૂષક હોવોજ જોઇએ; રાજાનો કંચુકી પણ જોઇએ, શરુઆત સૂત્રધારથી થવી જોઇએ; અંતે બધું સુખાકાર થવું જ જોઇએ. સદીઓ પછી સદીઓ ગઇ, યુરોપમાં સજીવ ને જવલંત નાટયકલા અદ્‌ભુત ભૂમિકાએ પહોંચી, છતાં આ દેશમાં મગદુર નથી કે કોઇ સામાન્ય રીતે પણ ચાર અંકી નાટક લખે—કે સૂત્રધાર ના તંબુરા વગર નાટક શરુ કરે—કે વિદૂષકની હાજરી વિના, કે સુખાકારી અંત સીવાય કોઇ નાટક રંગભૂમિ પર દેખાડી શકે! પ્રણાલિકાવાદ ભયંકર રાક્ષસની માફક રંગ-ભૂમિનો અધિષ્ઠાતા બની કલાને સ્વેચ્છાન થવા દેતોજ નથી.

આપણા સંસ્કૃત સાહિત્યમાં પ્રણાલિકાવાદે વૈવિધ્યનો વિનાશ કર્યો છે. ઋતુનું, પુરુષનું, નગરનું કે યુદ્ધનું વર્ણન વસ્તુ જોતા કોઇ લક્ષણતું નથી, પણ કાવ્યની પ્રણાલિકાએ સ્વીકારેલા અલંકારોથીજ થયા કરે છે. કલ્પના પણ પ્રણાલિકાથી મર્યાદિત રહે છે. રસની જમાવટ પણ શાસ્ત્રોકત ગોઠવણી હોય તેજ રીતે થયા કરે છે. તેજ પ્રમાણે આપણા મધ્યકાલનું સાહિત્ય એક ભારાવુ વાંસો ને એક લાવણ્યસમય વાંસો; પછી બધુંજ લગભગ તેનું તે. બધા એકજ રીતે આવ્યા જાય છે. બધી કૃતિઓ એકજ પ્રણાલિકાએ રચેલાં સ્વાતંત્ર્ય, જીવ ને વૈવિધ્ય વિનાનાં બીબાં. અર્વાચીન યુગમાં કેટલ યુરોપીય સંસ્કારો-ની પ્રેરણાથી ને કેટલ સ્વાતંત્ર્યના શોખથી નર્મદ, નરસિંહરાવ કે કલાપી પ્રણાલિકાવાદને બીસારી નવીન પદ્ધતિ પર કાવ્ય રચે છે. નાનાલાલ જેવા કેટલક નવા સ્વરૂપની વૈવિધ્ય આણવા મહેનત કરે છે. પણ તેમના બુરસા-

[1] કેટલ્ક નેમજ બીજા વિદ્વાનોએ આ પ્રણાલિકાવાદમાં રહેલું રહસ્ય શોધવાના પ્રયત્નો કર્યા છે તે સ્તુત્ય છે; ઘણા ઉપયોગી છે અને આપણા સ્વાભિમાનને પોષે એવા છે, પણ પ્રણાલિકાવાદનું રહસ્ય ગમે તેવું ઉંચું હોય પણ તેથી પ્રણાલિકાએ આણેલી નિસ્તેજતા બીજરી રાખવા યોગ્ય નથી.

ની આસ્થા વ્યાપક થાય ત પડેલા તો પાછા પ્રભુવિમાનુ સમાન્ય બનતા રહે છે

આ પ્રભુવિકાસ વાદ તરીકે પ્રચલતો નથી તે બુદ્ધજી સ્વરૂપ ને જોઈ વધે વીચરે છે તે જોઈએ યાગે (૧) ધર્મનો (૨) નીતિનો (૩) ક્રિયા અને (૪) ભક્તના આધાર પરથી પોતાની મતા પ્રમાણે પ્રભુ છે આ ચારે સ્વરૂપ જુદાજુદા વીચારીશ

જ દશામા ધર્મ જોવામા ઘણો સામાન્ય અર્થ છે તે રીતે પણ અભિપ્રાયને ધર્મનુ સ્વરૂપ આપવુ જોઈએ છે કરેક નથી વસ્તુ ધર્મ વિરુદ્ધ થાય છે તેનાથી ધાર્મિક માણસો દુખાઇ જાય છે તેનાથી ધર્મનુ અપમાન ન થઈ જાય ધર્મ સબંધી મા અગત વિચાર ઘણાને અણગમતુ લાગ પણ તે જમાણે ધર્મનો આત્મા ધર્મમા રહેવી કુરીતી વસ્તુ માન્ય બનવાજ જોઈએ માણસ ભાવના વિના રહી શકતુ નથી અને પ્રચલિત ધર્મ મતોયો તમા જ ભાવના આધાર છે ત જાનપણથી ત સ્વીકારી લે છે અને આખા માની તે મતોનો સ્વીકારે છે મારે મત જુદા સંપ્રદાયો સંખ્યા છે કોઈ મને વહાલા નથી કોઈ અણગમતુ નથી હુ ધર્મના સંપ્રદાય માનને ભાવના સબંધી રાખવાના દાવાને લખું છુ એ દાવાઓએ અધિકારના અને ધાર્મિક અભિપ્રાયોના જમાનામા ઘણી ભાવનાઓ જાયવી રાખ્યા છે તે સમય તો ભાવના જોઈ પ્રસાદવા હોય તેજો ધર્મસંપ્રદાયની ભક્તિ રાખ્યા વિના છુટકો ન તો અમારી જરૂરીયાત અધિકારી ભાવના પ્રેરવિત કરવા માણસોને ભગવ લવા પ્રત્ન કરે વખત છે તેમનો બહારોતર ધર્મ હોવાથી તે ભાવના નિર્દોષ કરવાનો અધિકાર પણ તેમને ન કરો જોઇ એ જ્ઞાન-શુદ્ધ સ્વરૂપ

દાવાના સંબંધો ધર્મ સાથેની શંકા છે અને દરેક ધર્મના આગેવાન વર્ગ આકર્ષક થઈ ચુક છે આપ્યા વિના ત્યાગની મિઠાશ થઇ શકે છે વૈષ્ણવ થયા વિના પ્રેમભક્તિ આનંદની પ્રાપ્તિ થઈ શકે છે પ્રાણ થયા વિના મુક્તિ અને મોક્ષના ગપ્પા ને પ્રસારી રહ્યા છે જૈનમા। મતના ભગવાન પ્રભુ મતોનુ પ્રાપ્ય સ્થાન ભૂતકાળમા કપોળ કલ્પીત વસ્તુઓના સંગ્રહસ્થાનમા છે

પણ ઘણા લોકો જે ધર્મના સંપ્રદાયો પ્રભુવિક શીખવે છે તેમા સત્ય માને છે ઘણુ હજુ ધર્મમા રહેવી ભાવના જ રાખતા નથી અને દરેક ની ભક્તિ જોઈતેજ આનંદ માને છે પ્રભુવિકાસવાદ આવ લોકોની મદદ લઈ કરવા અને સદિયને વશ કરવા મથે છે આપુ પુછો તો આ લેખનુ રજન કરનારી કલ્પનાત્મક દ્રાક્ષ સાથ પરમાકૃપુજ સુખ જોતુ લક્ષ્ય છે આવા ધર્મસંપ્રદાયોના અનુયાયી ઓએ શાસ્ત્ર આંખે ઉઘાડવુ જોઈએ તે મને નમ્રતાનુ નથી ખરા કલાકારને મન તો આજ ભવ દરેક ભાવના આગળ અને અંત દ્રષ્ટિનો આનંદ તેની રસિકતા પર છે-આજ છુટે ને દેહ તને મુક્ત લાગવી છે રસિક નરસિંહ ને મીરા ભક્તકવિ મહાત્મા છે ખરા પણ ધ્યા ધ્યા ધ્યા

ને ચમકાવે છે–ધાર્મિકને જીવનને સુકવી, રોકી પરલોક માટે લાયક બની રહેવું છે. એક જીવન જોઈ નાચે છે–બીજો જીવનને ઝેર બરોબર સમજે છે. કલાકારને ભાવના–અવિચ્છિન્ન ને શુદ્ધ–પૂજ્ય છે, ધાર્મિકને તેના દાબડાની કીંમત વધારે છે. એટલે કલાકારને ધાર્મિકોના લીપ્સાના વિષય-પ્રેરણાદક—ની જરા પણ પરવા રહેતી નથી અને શ્રદ્ધાળુ ધાર્મિકોને કલાકારની દુંદકી રમતની પરવા રાખવી નિરર્થક છે.

પણ કોઇક વખત અર્વાચીન સાહિત્યક ધાર્મિક વિષયને કલાની કૃતિમાં શુંથી ધર્મમાં રહેલી ભાવના સ્ફુટ કરવા માટે છે ત્યારે પ્રણાલિકાવાદીઓ ત્રાસી જતા દેખાય છે. તેઓ માને છે કે એ રત્ન જે દાબડામાંથી જુદું કરવામાં આવશે તો હવામાં ઉડી જશે. ધર્મમાં જેને શ્રદ્ધા છે તે તો કોઇ એમ માનેજ નહીં, કે ધર્મમાં રહેલી ભાવના એવી ચંચળ છે કે તેના દાબડામાંથી જુદી કરતાં તરત તે અદૃષ્ટ થઇ જાય. પણ એમ કાઈ માને તોપણ અર્વાચીન જમાનાના ધર્મગુરુઓની સત્તા ઘણે અંશે સાહિત્યોના હાથમાં ગઇ છે; અને આસપાસના જડ પદાર્થોમાંથી ભાવનાને જો તે જુદી ન પાડે, તેને શુદ્ધ સ્વરૂપે રજુ ન કરે તો એ સત્તાનો તેમને અધિકારજ નથી એમ કહેવું પડે. જો ધર્મમાં ઉચ્ચ ભાવના હશે તો તે સ્ફુટ કરવાથી જતી રહેવાની નથી; જો નહીં હોય તો આવી દાબડા પરથી વહેમી શ્રદ્ધા ઉડે તેમાં વધારે સારું.

પ્રણાલિકાવાદ ઘણી વખત નીતિનું સ્વરૂપ સદા હાજર થઇ જાય છે. તે કહે છે કે દરેક કલાત્મક કૃતિ નીતિપોષક જોઇએ. દરેક સ્ત્રી સારી છે, દરેક પુરુષ નીતિમાન્ ને દરેક પ્રસંગ નીતિથી નીભાવતો જોઇએ, નહીં તો લોકો બગડી જાય. નીતિપોષક એટલે! નીતિ માને કેવી! આ જમાનામાં મનાતી નીતિને કે ગયા જમાનામાંમનાતી નીતિને? ભારતકાલની નીતિને કે વેદકાલમાં મનાની નીતિને? દરેક દશકે ધોરણક નિયમો બદલાય છે, દરેક યુગે નીતિ બદલાય છે, દરેક દેશમાં નીતિનાં ધોરણો જુદાંજુદાં હોય છે. સમાજ બદલાય છે, પ્રણાલિકા ઘડાય છે ને ભાંગે છે, નીતિના કાનુનો ફેરવાય છે, બીસરાય છે. ઘણી ખરી બાબતોમાં સામાજિક પ્રણાલિકાનું નામ નીતિ. પચાશ વર્ષ પહેલાં ચાર સ્ત્રીઓ કરવી એ નીતિ ગણાતી-આજે તે અનીતિ ગણાય છે. આજે સ્ત્રીને તમાચો મારવો અનીતિ નથી ગણાતું–પચાસ વર્ષ તે કૃત્ય જરુર અનીતિમાન્ ગણાવાનું.

જે નીતિમાં સનાતન ભાવના રહી હોય છે તેનું ઉલ્લંઘન સાહિત્યક કરી શકતો નથી; કારણ કે ભાવનાત્મક અપૂર્વતાની સેવા વિના સાહિત્ય શક્ય નથી. પણ ભાવનાત્મક અપૂર્વતાના ઉપાસક, સૌંદર્ય ને રસના અધિષ્ઠાતા સાહિત્યકને ભાવનાવીહોણી ચંચળ સામાજિક પ્રણાલિકા સાથે શો સંબંધ? એ પ્રણાલિકા સંતોષવા તેણે કલાના ઉચ્ચ આદર્શો શા માટે વીસારવા? જો ભાવના શુદ્ધ સ્વરૂપે કલાત્મક કૃતિમાં કે સાહિત્યમાં મટવા લાયક લાગે તો તેણે શા સારુ પ્રણાલિકાવાદીઓને ખાત આપી ચિરસ્થાયી ભાવનાને ક્ષણભંગુર પ્રણાલિકાના બીબામાં ઉતારવી?

'પણ પછી અમારું શું, અમારા સમાજનું શું, અમારા સંસ્કારોનું શું?' ભાવના કે, અપૂર્વતા, સૌંદર્ય કે રસથી કોઇ અજાણ. સમાજ કે સંસ્કાર બધે એ અજાણ છે. જ્યાંજ્યાં મરમ સાહિત્ય પ્રગટ્યું છે ત્યાંથી તેણે માનવહૃદયને વિશુદ્ધ ને આદર્શમય કર્યું છે. એવું વિશુદ્ધ ને આદર્શ દાબડાથી બનાવ્યું બન્યું છે? દુનીઆમાં કેટલા પ્રબ

ને દુઃખ દેખાય છે સામાજિક પ્રણાલિકાઓએ શતાબ્દિઓ થયા મહેનત કરી, પણ બેમાંથી એક પણ ઓછાં થયા હોય, કે તેમનુ જોર ઘટ્યુ હોય તેમ દેખાતુ નથી માત્ર એ પર પ્રણાલિકાની પીછેહઠી ઢાકી આપણે સ્વાભિમાન ને આત્મસંતોષમાં અંધ બની ફરીએ છીએ વાસ્તવિક રીતે જોતા જો દુઃખ કે પાપ ઓછા કરી શકે તો માત્ર ભાવનાજ ભાવનાથી દુઃખ સહેવાય છે કે દૂર કરાય છે ભાવનાથીજ અધમતામાંથી બચી શકાય છે ભાવનાદૃષ્ટિએ કરેલુ કૃત્ય કદી પાપ થતુ નથી ભાવનામય કર્તવ્ય કે જીવનથી કદી કંટાળ આવતુ નથી અને જ્યારે સાહિત્યનો સર્વદેશીય વિકાસ ભાવનાનુ રાજ્ય ચારે તરફ પ્રસાર્યો ત્યારેજ પ્રણાલિકાએ ઢાકી રાખેલા દુઃખો ને કલંકો અદૃશ્ય થશે

હજારો વર્ષના નીતિના આડંબર છતા અનીતિના રોગો દૂર થયા નહીં એ રોગોને ઢાંકયા, સંતાડયા પણ કોઇ નાબૂદ કરી શકયુ નહીં ગઇ સદીમા યુરોપમા સાહિત્યકોએ નીતિના આડંબરનો ઠીકાસ ગણ્યા વિના એ રોગોના ભયંકર ચિત્રો સાહિત્યમા અમર કરવા માંડયા કોઇ કહેશે કે તેથી એ રોગો વધ્યા છે કે કોઇ વધારે દુઃખી થયુ છે?

પ્રણાલિકાવાદનુ બીજુ સ્વરૂપ પ્રતિષ્ઠા તેની ખમણી બહાર પાડે છે "આ કલાને પ્રતિષ્ઠિત વર્ગ સ્વીકારશે નહીં આવી પ્રતિભાવાળા બહિરે પ્રતિષ્ઠિત વર્ગ જશે નહીં આ સાહિત્યને પ્રતિષ્ઠિત વર્ગ વાંચશે નહીં"—આથી કૈં ત્રિભુવન તુટવાનુ નથી પણ જો કલાકાર કે સાહિત્યક અધિકારભ્રષ્ટ થઇ પોતાના અંતરાત્મા નો દ્રોહ કરી પ્રતિષ્ઠાની લાલસા રાખી કૃતિ પ્રગટાવશે તો જરૂર ત્રિભુવન તુટવાનુજ આત્મમંથન ને અંતઃકરણનો એ પ્રસંગ જરૂર જો પ્રતિષ્ઠાને પ્રિય કરશે તો સાહિત્યમાંથી રસ ને પ્રેરણા જશે, જીવનમાંથી ભાવના ને અપૂર્વતા જશે અને ભૂતકાલનું ગૌરવ ને ભાવિની આશા અજ્ઞાતસંધ્યા રૂપી જશે સાહિત્યકને પ્રતિષ્ઠા સાથે સંબંધ નથી તે આત્મનિષ્ઠ કુમાર છે તેની સમૃદ્ધિ ભૂત વર્તમાન ને ભવિની ભાવના છે તેનુ સામ્રાજ્ય ઉચ્ચાત્મિલથી ભાવનામય આદ્યાક્ષર્યા ને ઉમાહુયેના હૃદયો પર છે પ્રતિષ્ઠા શુ છે? એ તો માત્ર અરસિક ને સ્વાર્થી માણસોએ રચેલા ચૂનની શોભા—જે ધનાઢય બનીને વેચી શકે જે સત્તાધારી આપી કે ખુચવી શકે જે અન્યાયી અને જુલ્મીને, બીન પકડાયેલા ગુનેગાર અને વિવેકભ્રષ્ટ હોઇને પણ દોલતથી ગૌરવાન્વિત કરે જેને સ્વાર્થ સાધવો હોય જે 'મહત્તાને બદલે સ્વીકારાના બે ટાંકા રૂપીઆ રૂપી કુત્તેહનો આકાંક્ષી હોય તે ભલે પ્રતિષ્ઠાના ફરમાન સ્વીકારે સાહિત્યક જો તે સ્વીકારે તો આત્મદ્રોહી જો તેનાથી ઠરે તો કર્તવ્યભ્રષ્ટ અને જો તે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે તો પણ તે તો રહે તેનો તેજ—સાહિત્યકનો સાહિત્યકજ ગેરી મત્રી થો, કયાંપી રાજા હતો પણ તે રહ્યા કવિના કવિજ

પણ પ્રણાલિકાવાદ ચોથુ સ્વરૂપ પણ લે છે—ભલતુ કે પણ નવીનતા જણાય કે તેને સત્યનુ જાણે જ ડાલમડોલ થતું દેખાય છે ને એ જાહોજલાલને બચાવવા તે પાપ છે આ વિનાશક ઉત્ક્રાંતિનું રહસ્ય પારખવા એ સિદ્ધાંતો વીસરવા જોઇએ નહીં એક સાહિત્યમા નમ્ર સત્ય માટે સ્થાન નથી બીજો પ્રણાલિકાઓ સત્ય પર રચાઇ હોતી નથી, અને પ્રણાલિકાવાદનુ આ સ્વરૂપ માત્ર નવીનતા ને વૈવિધ્ય ગમવા માટેજ તેવું બીધેલુ હોય છે

સાહિત્યમાત્રમાં નગ્નસત્ય માટે સ્થાન હોતું નથી. સાહિત્ય—સરસ અને સચોટ—રસવૃત્તિઓ ચીતરેલા કલ્પનાચિત્રમાંથી પ્રગટે છે.

"રસવૃત્તિ જે ચિત્રમાં રંગ પુરે છે તે ઇંદ્રિયોએ અનુભવેલી વસ્તુના જેવું હોતું જ નથી, પણ જુદું હોય છે. એ પ્રકૃતિનું વાસ્તવિક ચિત્ર નથી દોરતી, પણ ભાવનાત્મક ચિત્ર ઉપજાવે છે. અને તેજ પ્રમાણે જ્યારે કલાત્મક કૃતિ તરીકે કોઈ પણ ચિત્ર વ્યક્ત થાય છે ત્યારે તેમાં શુદ્ધ અને નગ્ન વાસ્તવિકતા જોવાની આશા પણ ખોટી છે. ઇંદ્રિયગ્રાહ્ય પ્રકૃતિનું જ્ઞાન ચિત્તવૃત્તિના નિયમોથી મર્યાદિત અને તેનાં લક્ષણોથી અલંકૃત હોય છે. તેને આપણે સત્ય કહીએ છીએ. જ્યારે રસવૃત્તિની મદદથી તેનું ચિત્ર દોરાય છે ત્યારે તે વૃત્તિના નિયમો તેને લાગુ પડે છે અને તેનાં લક્ષણો તેમાં ઉમેરાય છે; પરિણામે વસ્તુ સરસ થાય છે. જેમ ઇંદ્રિયે ગ્રહેલા સંસ્કારો પર રચાએલી વસ્તુરેખામાં—જેને આપણે સત્ય કહીએ છીએ તેની રેખામાં—ઇંદ્રિયજ્ઞાનથી પર એવું પરમ સત્ય સ્વરૂપ કદી દેખાતું નથી તેમ સરસ વસ્તુમાં માત્ર સંસ્કારજન્ય દેખાવો દેખાતી નથી. સત્ય વસ્તુ અને તેના સરસ ચિત્રનો જે સંબંધ છે તે તો ઉપર વર્ણવેલો ઔચિત્યનો નિયમ જાણે છે.

સત્ય અને સરસ વચ્ચેના વિરોધની પરીક્ષા કરવાનું આ સ્થાન નથી. પણ જે જે સરસતાનાં ક્ષેત્ર છે—કલાનાં અને સાહિત્યનાં, કલ્પનાનાં અને ભાવનાનાં—જે જીવનમાં આપી રહેલાં છે અને જીવનને ઉર્ધ્વગામી કરે છે, જેનાથી મનુષ્ય ક્ષુદ્ર વાસ્તવિકતામાંથી વિમુક્ત બની મુખ, સ્વાતંત્ર્ય અને આનંદ અનુભવે છે તે બધાં ક્ષેત્રોમાં નગ્ન—એટલે ઇંદ્રિયગ્રાહ્ય સંસ્કારોએ રચેલા એવા—સત્યને માટે સ્થાન નથી. મનુષ્યની અપૂર્ણતા જોઈ અને ઇંદ્રિયથી પર એવા જ્ઞાનની અસંભવિતતા લક્ષ્યમાં લઈ જેમ ક્ષેત્ર સંબંધે એક ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુની વાસ્તવિક, શુદ્ધ, આનંદનીપજાવી કુનીઓ અને બીજી રસવૃત્તિઓ રચેલી ભાવનાત્મક, આનંદપૂર્ણ અને સરસ સૃષ્ટિ. જે આ સૃષ્ટિમાંથી માનવને બચાવવાનો દાવો કરે છે તે શું કરવા માંગે છે તેનું તેને ભાન નથી; નહીં તો તે રસ, ભાવ અને અપૂર્ણતાના અંશોનો વિનાશ કરી અધમતા પ્રવર્તાવવાની આસુરી પ્રવૃત્તિમાં મચ્યો રહે નહીં.

આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થશે કે કોઈ પણ કલાના ક્ષેત્રમાં નગ્ન સત્યને માટે સ્થાન નથી. ઉંચા પ્રકારનું વિજ્ઞાન પણ રસવૃત્તિથી સ્પષ્ટ અને સંવાદી બનેલાં વિચાર અને ભાવના રૂપે છે. ઇતિહાસ એ સત્ય હકીકતની યાદી નથી, પણ માનવજીવનના સરસ પ્રસંગોનાં ભાવનાત્મક ચિત્રોનું સરસ કથન છે. તત્ત્વજ્ઞાન માત્ર ઇંદ્રિય અને મનથી ગ્રાહ્ય એવા નિયમોની વચ્ચે રસવૃત્તિએ રચેલા સંવાદી અને સજીવ સંબંધોરૂપી વિચારોનું કથન છે. અને ધર્મ, સત્ય અને નીતિને નામે પ્રચલિત થએલા સિદ્ધાંતો સરસ રીતે, અપૂર્ણ સ્વરૂપે વ્યક્ત થએલી ભાવનાઓનું કથન છે." [૧]

જ્યારે પ્રણાલિકાવાદ સત્યને નામે સાહિત્યને દબાવવા માગે ત્યારે તેમાં કેટલું સત્ય હોઈ શકે એ પણ જોવું જરૂરનું છે. સાહિત્યક પોતાની દૃષ્ટિએ સત્ય જોવા માંગે છે. પ્રણાલિકાવાદી કહે છે કે, "ના, મારી નજરે જે સત્ય દેખાય તેનો સ્વીકાર કર." હવે ખરી હકીકત જોઇએ તો એમ છે કે જો કોઇ સત્ય નજર જોઇ શકે તો તે પ્રણાલિકાવાદી. તે પ્રાચીનોના જીવન ને આદર્શ પરથી પ્રણાલિકા રચે છે. ખરી રીતે જોતાં પ્રાચીન ઇતિહાસના બનાવો વીશે મતભેદ હોઇ શકે નહીં, પણ કોઇ પણ પ્રાચીનો એવા નથી થયા કે જેમનાં જીવન, ચારિત્ર્ય ને આદર્શ વીશે કદી એકમત થયો હોય. સીઝર પોતે પોતાનો ઇતિહાસ લખી ગયો છતાં ઇતિહાસકારો તેનાં ચારિત્ર્ય ને વ્યક્તિત્વ વીશે સંમત નથી થયા. શીવાજી અને

૧ "ગુજરાત"—આષાઢ ૧૯૮૦. "ગુજરાતી સાહિત્ય"—સાહિત્યઃ—તેનાં સ્વરૂપ અને પ્રકારઃ પ્રકરણ ૧૦ મું પૃષ્ઠ ૪૯.

નેપોલીઅન અર્વાચીન છે અને તેમને વીશે અનેક સમકાલીન લેખકો જાતમાહીતીથી લખી ગયા છે, છતા એ સાહિત્યકૃતિ તેમના ચારિત્ર્ય ને સ્વભાવને એક દૃષ્ટિબિંદુથી જોવાને અસમર્થ નીવડયા છે જ્યા પાષાણદાર ઇતિહાસની પણ આવી વસ્તુ સ્થિતિ છે ત્યા બીચારો પ્રણાલિકાવાદી એક રુચિકર ધોરણ લઇ 'સત્ય' શોધવા બેસે છે અને કહે છે કે " પ્રાચીનો આવા હતા અને તેથી બધાએ એણે શોધેલા સત્યને વળગી રહેવું ' આ દાવો જેવો મહેનાઇથી થાય છે તેવોજ મહેનાઇથી નિષ્ફળતા શક્ય ખરી રીતે જોતાં કોઇપણ યુગ બીજાનું પુરેપુરુ સત્ય બીજો યુગ જોઇ શકતો નથી અને બીજા યુગોના સાહિત્યકો તે સત્યને પોતાની મર્યાદિત દૃષ્ટિથી અને તેટલું જોવાને માત્ર પ્રયત્ન કરે છે એટલે પરિણામે દરેક જણ જુદુજુદુ, જુએ છે પ્રણાલિકાવાદીનુ સત્ય એક તો આમ આધુરુ અને તેની દૃષ્ટિ અંધ શ્રદ્ધાથી મિશ્રિત હોઇને એનુ સત્ય બધા જુએ તેનાથી પણ વિકૃત છે આવી સ્થિતિમા પ્રણાલિકાવાદી જ્યારે સત્ય સાધ્યવતા આવે ત્યારે મને બાલ્યપણની દુકા યાદ આવે છે –

" આદાને તો કીડી ખ ચે
બહેરો કહે કે અમળમ બોલે
આંધળો કહે કે જોવા જાઇએ
લુલો કહે કે દોડતા જાઇએ

સજ્જનોઓ અને મહાશયો! ધર્મ, નીતિ પ્રતિષ્ઠા કે સત્ય ગમે તે સ્વરૂપે આવે તો પણ પ્રણાલિકાવાદની અવગણના કર્યા વિના સાહિત્યનો ઉદ્ધાર કે વિકાસ નથી આ વિચારો કેટલકને સખત લાગશે, પણ મને ને નિહાલ રૂપ છે આ અભિપ્રાયો સંસદના છે એમ હું નથી કહેવા માગતો એ હુ સ્પષ્ટ કરવા માગુ છુ

અત્યારે ગુજરાતી સાહિત્ય વૈવિધ્ય ને સમૃદ્ધિ પામતુ જાય છે નવીન લેખકોના મગજોમા નવનવરંગો ઉડી રહ્યા છે નવી રસવૃત્તિ નવેનવે સ્વરૂપે મહાર પડવા મથે છે આ વખતે પ્રણાલિકાવાદ પણ પોતાની પુરાણી પ્રણાલિકાને કોઇ પણ સ્વરૂપે સ્વીકારાવવાની તજવીજ કરશે અને નવીનતાનો વિનાશ કરી, ઉછરતા જિજ્ઞાસુહૃદયો અંતરોને ઝરવામા પ્રવૃત્ત થશે આવા અંતરોને મારુ દૃષ્ટિબિંદુ કંઇક ઉપયોગી નીવડશે એમ માની મે આ વિષય આજે છેડયો છે જેના હૃદયમા 'કવન કાર' થવાનો ઉન્માદ હોય જેના મગજમા રસવૃત્તિ નવી સૃષ્ટિ સરજવની રહી હોય તેણે તો પ્રણાલિકાધર્મ ત્યાગી પોતાનો 'સ્વધર્મ' જ વિચારવો જોઇએ કલાત્મક કૃતિ સદા પ્રગટે છે અંતરમાંથી બહારના બધથી કદાપિ નહીં ને ઉત્તમ સાહિત્યસેવકને તો એકજ સ્વધર્મ માન્ય જોઇએ તે ધર્મ તે તેના હૃદયના શતદલની નિવાસિની 'શુકના બ્રહ્મવિચારસાર પરમા ને આદ્યા એવી સરસ્વતીનો દરેક કવન ને પ્રેરણાદાની ને પ્રેરતી પોષણી ને ઉદ્ધારતી જગજ્જનની સર્વે તેનાજ હૃદયમા રહેલી કવન ની ભાવનાને સ્વાત્મારૂપ કરી તેને તો એકજ પ્રાર્થના કરવી ઘટે છે —

અપૂર્ણતા ની પરમ ભાવના તારેજ કરવિદ્ધ સત્ય મારે જોવુ છે–તે પ્રેરેલી ભાવના મારે દર્શાવની છે–તે વ્યક્ત કરેલી અપૂર્ણતા મારે સરજવી છે તુજ મારો ધર્મ નીતિ, પ્રતિષ્ઠા ને સત્ય તુ દેખાડે તે નિયમ, તુ ન દેખાડે તે મિથ્યાદર્શન તનજ વ્યક્ત કરવાનુ બળ દે તારા વિના બીજુ કે પણ વ્યક્ત કરતા અટકાવી લે માતા–પ્રિયતમા–ને પ્રેરિકા નહીં સખી કરી પ્રભુ બીજો ગુરુ–નહીં સ્વીકારે કદીએ બીજી સત્તા પડાવા તો પણ તારી પ્રાર્થના કરતા ઉદ્ધારીશ તોય તારે બારે "

સાહિત્યસભાનો દ્વિતીય વાર્ષિક ઉત્સવ
તથા શ્રીકૃષ્ણજયંતી

—૩૩૨૮૮—

સાહિત્યસભાના દ્વિતીય વાર્ષિક ઉત્સવ તથા શ્રીકૃષ્ણજયંતી નિમિત્તે સભાના સભ્યો તથા સભાના કાર્યમાં રસ લેતા બીજા સદ્‌ગૃહસ્થો તથા સરકારીઓની એક સભા ગઇ કાલે વઢવાણ શહેરે તા. ૨૪ મી ઓગસ્ટ ૧૯૨૪ ને રોજ સેટ ઝેવીઅર્સ બોર્ડીંગના મકાનમાં રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીના પ્રમુખપણે મળી હતી.

સભામાં સભાના સભ્યો ઉપરાંત રા. નરસિંહરાવ દીવેટીઆ, રા. વિશ્વનાથ પી. ભટ્ટ, રા. વીરજલાલ કાન્તાજીભાઇ નણુઆરી, રા. ચંપકલાલ મહેતા, રા. કૃષ્ણકુમાર વિદ્યાકર, રા. ગિરિજાશંકર વિદ્યાર્થી, રા. નટવરલાલ ઇચ્છારામ, રા. મણિલાલ તેલીવાળા વગેરે સભ્યોનો તથા સરકારીઓ મળી આશરે ૧૦૦–૧૨૫ માણસો હાજર હતા.

પ્રારંભમાં બાલુભાઇ વિદ્યાર્થીના 'કેતારો અમર હો ઝવેર ચંદિયા' અને જય જય ગરવી ગુજરાત ના બોલ ગીતથી થઇ હતી.

પ્રમુખ સાહેબ તરફથી ગુજરાતના પ્રેમિકવિ વલ્લિતજીને ટુંકા કરવા નમસ્કાર થતાં તેઓએ પ્રસંગને અનુસરતું પ્રેમરસથી ભરપૂર કાવ્ય પોતાના કાનુડાની મુરલી વાગેરહી"નું ગીત મધુરા સાથ લલકાર્યું હતું.

ત્યાર બાદ સભાના મંત્રી રા. મનહરરામ હરિહરરામ મહેતાએ મંત્રીઓ તરફથી સભાનો વાર્ષિક અહેવાલ નીચે મુજબ વાંચી સંભળાવ્યો હતો —

મહેરબાન પ્રમુખસાહેબ તથા સભ્યો અને સરકારીઓ,

સાહિત્યસભા તા વાર્ષિક ઉત્સવ તથા શ્રીકૃષ્ણજયંતી નિમિત્ત જેમ આપણે જન્માષ્ટમીના પ્રસંગપર ગઇ સાલ મળ્યા હતા તેમ આજે આપણે અહીં મળ્યા છીએ પણ સભા સ્થપાયાને આજે અહીં વર્ષ થઇ ગયા આ સમય ઐક્ય ભરેલ સભ્યોના જીવનકાળમાં બહુ અલ્પ છે અને એટલા અલ્પકાળમાં સભાને કાર્યની મેળી આપણી એ અપારતર્વિક ગણુય તેથી આપની સન્મુખ મંત્રીની અત્યાર સુધીની જે પ્રવૃત્તિ રજુ કરવામાં આવશે તેને આપને અસંતોષકારક લાગે તો તે અધિકારીમંડલ તમારા સહકારી મંડળોના ઉત્સાહ અને ઉન્નતની સ્થિતિમાં લાવવા નહીં પણ આરંભેલા કાર્યની કઠિનતાને લીધે તથા અલ્પ સમયમાં ઘણી કરાવેલા કામમાં આવતી ન્યૂનતાની સામે રખાવામાં આવતી સાવચેતીને લીધે છે એમ ગણી ક્ષંતવ્ય લેખશો.

મંત્રીઓમાં સ્થાપક સભાસદો ઉપરાંત ૬ નવા સભ્યો સભામાં દાખલ થયા હતા તે આપ જાણો છો. આ વર્ષમાં પણ આપને જણાવીને હર્ષ થશે કે ચાર નવા સભ્યો —

૧ રા. બીકાભાઇ રાજ
૨ રા. અમૃતલાલ ભુલાભાઇરામ જાની
૩ રા. કેશવપ્રસાદ ઉમેદશંકર દેશાઇ,
૪ રા. મણિલાલ ભોગીલાલ વ્યાસ,

દાખલ થયા છે. એમ થતાં સભ્યોની એકંદર સંખ્યા ૩૬ ની થઇ છે જે અહેવાલના અંતમાં આપેલી યાદી પરથી જણાશે. ગતવર્ષે નવા સભ્યોને આવકાર આપતાં અમે જણાવ્યું હતું તેમ એમના પ્રવેશથી વિશ્વાસુ કાર્યકરોની સંખ્યામાં તેમજ સંસદની પ્રતિષ્ઠામાં અભિવૃદ્ધિ થઇ છે એ જણાવતાં અમને આનંદ થાય છે, પણ એથી વધારે આનંદ તો આ વર્ષના નવીન સભ્યોના પ્રવેશથી થયો છે. એક પ્રાસાદિક લેખિકા તરીકેની સૌ. લીલાવતીની કીર્તિ ગુજરાતમાં પ્રસિદ્ધ છે. એમના પ્રવેશથી માત્ર સંસદના મારિકમાં નવીનતા આવી છે એમ નથી, પણ એમની ઉચ્ચ રસિકતા, સૂક્ષ્મબુદ્ધિ અને કાર્યકુશલતાને લીધે સંસદની પ્રવૃત્તિના દરેક અંગમાં એમણે અનેરો રંગ અને અવિરત ઉત્સાહ પુર્યો છે. રા. અંબાલાલ સુલાખીરામ જની અને રા. મણિલાલ બકોરભાઇ વ્યાસ સરખા વિદ્વાનો જેઓ પ્રાચીન ગુજરાતીના અઠંગ અભ્યાસી તરીકે પ્રસિદ્ધ છે તેમના સહકારથી આપણી સાહિત્યપ્રવૃત્તિ વધારે સંગીન થશે એમ અમે આશા રાખીએ છીએ. અને ભાઇ કેશવપ્રસાદ છોટાલાલ દેશાઇ જેમને "સ્ત્રીબોધ"ના સહતંત્રી તરીકે આપ બહુ સારી રીતે જાણતા હશો તેમના સંબંધમાં વિશેષ કહેવાની અમને જરૂર લાગતી નથી, પણ એટલું તો કહ્યા વગર ચાલતું નથી કે એમની રસિકતાએ સંસદમાં નવીન રસ પ્રેર્યો છે.

"ગુજરાત" માસિકના અત્યાર સુધીમાં ૨૯ અંક નિયમિત રીતે પ્રગટ થઇ ગયા છે અને એનો વિસ્તાર ધીરેધીરે વધતો જાય છે. ગુજ૨ માસિકોમાં એણે પોતાના વ્યક્તિત્વનું પ્રતિપાદન કરી પોતાનું સ્થાન સ્થાપિત કર્યું છે, એટલું જ નહીં પણ એના વડે સાહિત્ય-ક્ષેત્રમાં એક નવા બીજનું આરોપણ કરવા સંસદ શક્તિમાન્ થઇ છે એમ કહીશું તો અતિશયોક્તિ નહીં કહેવાય.

"ગુજરાત"નું કામ હરીફામ પડતાં સંસદે જોડણીનો પ્રશ્ન હાથ ધર્યો હતો અને તેનો કેવી રીતે નીકાલ કર્યો તે આપ સર્વ જાણો છો. પણ ગત સાહિત્યપરિષદમાં ગુજરાતી જોડણી એકસરખી કરવા સંબંધી ચર્ચા ચાલેલી અને એ બાબત યોગ્ય પગલાં લેવા એક કમીટી પણ નીમાઇ છે. થોડો છુટછાટ મુકે આખા ગુજરાતને માટે જો એ પ્રશ્નનો નીકાલ થતો હોય તો સંસદના નિયમો અચલ છે એમ સંસદ માનતી નથી એમ કહીએ તો ખોટું નહીં.

પણ સંસદનું હાલનું કહુથી મહત્વનું કાર્ય તો સાહિત્યનો ઇતિહાસ છે. એ કાર્યના સંબંધમાં એક વિશેષ તંત્રીમંડલની યોજના કરી છે. આ તંત્રીમંડલ ગુજરાતના વિદ્વાનોની સહાયતાથી આ કામ સફલ કરવા ધારે છે અને મને જણાવતાં આનંદ થાય છે કે જે વિદ્વાનોની તંત્રીમંડલ તરફથી સહાયની માંગણી કરવામાં આવી છે તેઓએ તેનો સહર્ષ સ્વીકાર કર્યો છે. આ ગ્રંથને "ગુજરાતી સાહિત્ય" એવું નામ આપવામાં આવ્યું છે. તેના ૬૭ ખંડ કરવામાં આવ્યા છે અને એમાંથી પહેલો, પાંચમો અને છઠ્ઠો ખંડ હાલ હાથમાં લેવામાં આવ્યા છે. આ સંબંધી હકીકત વખતોવખત "ગુજરાત"માં પ્રસિદ્ધ થયે જાય છે એટલે અત્રે તેની પુનરુક્તિ કરી આપનો વખત લેવા માંગતા નથી. પણ આ સંબંધમાં

એક ખરીદ બહુમતી થી આપણે કહેવાની ઇચ્છા છે કે પૈસા સંબંધી છે. દરિદ્રાવસ્થા ના કામ જેમજેમ આગળ વધતુ જાય છે તેમતેમ પૈસાની મોટી રકમની જરૂર પડશે એમ અધિકારીમંડળને લાગતુ જાય છે અને તે ઉપરથી તેઓએ એ સંબંધી જાહેર પ્રજા પાસેથી મદદ માગવાનું ઠરાવ્યુ છે તેથી સભાના સર્વ સભ્યોને અમારી આમ વિનંતિ છે કે આ કાર્ય આપણે હર્ષ આગ્રહપુર્વક ઉપાડી લેવાનુ છે

પ્રથમથી પ્રસિદ્ધ કરવાની યોજનાના સંબંધમાં આપ જાણો છો કે ગરવે વર સદ્‌ગત વસુદ્યતરામના નિબંધોનુ પુસ્તક એક મણકા તરીકે પ્રસિદ્ધ કરવામા આવ્યુ હતું ત્યારબાદ અત્યાર સુધીમા રા મુનશીના ગુજરાત એક સારસ્વાતિક ચરિત્ર, "યુદ્ધ પરાજય અને અવિભક્તાત્મા", "કોનો વાક" તથા પૃથિવી-વલ્લભ પુસ્તકો બહાર પડવામા આવ્યા છે આ દિશામા તમારા અધિકારીમંડળની પ્રવૃત્તિ ચાલુ છે અને તેથી પુસ્તકપ્રકાશનનું કાર્ય યથાયોગ્ય થયેજ જશે

આ ઉપરાંત એક નવું કાર્ય તમારા અધિકારીમંડળને સોંપવામાં આવ્યું છે—એવા વિશ્વાસથી કે એ મુખ્ય કાર્યમા આપ સર્વ યોગ્ય સહાય આપ્યા વગર નહીંજ રહો તમારા તરફથી તમારા અધિકારીમંડળની સમતિ લઇ આપણા પ્રમુખે ભાવનગરમા ભરાએલી આદિત્યપરિષદને પોતાનું હવે પછીનુ અધિવેશન અત્રે ભરવાનુ નિમંત્રણ મોકલ્યુ હતુ અને આપ સર્વ જાણો છો કે એ નિમંત્રણનો સ્વીકાર પણ થઇ ચુકયો છે એ સંબંધમા યોગ્ય સમયે જાહેર સભા બોલાવી પરિષદના નિયમાનુસાર અધિવેશન ભરવની આવશ્યક યોજના કરવામાં આવશે પણ આપને એટલી ચેતવણી આપવાની અમને અગત્ય લાગે છે કે પરિષદના અધિવેશનને માનોપાત્ર બનાવવી કરવાનો ભાર તો આપણેજ શિર રહેશે

તમારા અધિકારીમંડળ મારા ગમાણે લગભગ રોજ મળે છે અને તે વખતે હાજર રહેતા અમ છતમહી સભ્યો અને બીજા વિદ્વાનોના અભિપ્રાય તથા સલાહનો લાભ મેળવે

અંતમા પ્રથમ આપણે સાહિત્યપ્રકાશક કવિ ના ઉપકાર માનવાનો છે એની છુટે હાથે કલમમા આવતી પૈસાની મદદ વગર આપણાથી કામ ચલાવાય એમ નથી ત્યારબાદ રા ન૨ વિઠલદાસ, રા કેશવલાલ રા આનંદશંકર ર કુમારપાળ દેસાઈ રા મ ક ઠાકોર આદિ જે ગુર્જર વિદ્વાનો સભાની નિરિપ પ્રવૃત્તિમા સહાય કરે છે તેમનો ઉપકાર માનવાનો છે તેમજ રા વિજયરાય વૈદ્ય રા ધૂમકેતુ રા વર્મા આદિ જે બીજા સભ્યો અને સભારીઓ જેમના સભાની ઉન્નતિને માટે નિરિપ પ્રકારે સહાય કરે છે તેમનો પણ ઉપકાર માનવાનો છે એ સર્વના અંત કરણપૂર્વકના સહકાર વિના સભાનુ કામ જે કે સારામા સારો છે તે પણ મુશ્કેલ થઇ પડે

ઉપરીવારે આપણા પ્રમુખ રા મુનશી જેમના આ સભાના પ્રાણ છે તે આપણે માટે કાંઇ કરીએ એટલે ઓછુ એમના સંબંધમા તો વિશેષ શું કહેવાનુ હોય! માત્ર એમના અતિ ન કહીએ તોજ એટલે

છેવટે આપ સર્વેએ અમારા નિમંત્રણનો માન આપી અને પધારી આ ઉત્સવપ્રસંગના અમારા આનંદમાં જે વૃદ્ધિ કરી છે તે બદલ આપનો ઉપકાર માની અમે આશા રાખીએ છીએ કે અત્યાર સુધી આપે મંડળ તરફ જે સદ્‌વૃત્તિ દાખવી છે તે કાયમ રાખી આપના મનોરથમાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરશો.

ત્યારબાદ પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં રા. મુનશીએ આ પ્રસંગને માટે તૈયાર કરેલા પોતાના 'પ્રણાલિકાવાદ'ના લેખમાંનો કેટલોક અગત્યનો ભાગ વાંચી સંભળાવ્યો હતો.*

ભાષણ પુરું થતાં પ્રમુખે વિવેચનો કરવા નિમંત્રણ આપતાં કેટલાક વક્તાઓએ નીચે પ્રમાણે ભાષણ કર્યાં હતાં.

રા. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ

ભાઈ મુનશીનું પ્રણાલિકાવાદનું ભાષણ, હવારામે જેમ ગાયું કે 'રમારમણ સમાપે કદી નહીં જડે'—તેમ પ્રણાલિકાની સમાપ્ત કરીએ નહીં જવાના નિશ્ચયનું સૂચક છે. સદ્‌ભાગ્યે હું પણ પ્રણાલિકાવાદનો પ્રબક નથી કેટલે તેમના બધા વિચારોને મળતો આવું છું.

સંસદનો હું સભ્ય નથી, રંગભૂમિ સામે બેસી તેનાર પ્રેક્ષક નથી, પરંતુ પડદા પાછળથી તેનાર દ્રષ્ટા છું; અને તેથી મને અનેક લાભ થયા છે. આ બધા લાભ તે ભાઈ મુનશીના ગાઢ સ્નેહનું પરિણામ છે. સંસદનું વય માત્ર અઠી વર્ષનું થયું છે; તેમાં બાલ-સંસદે 'જન્મતાં સૂર્યને સાહ્યો' તેમ જે સંગીત કાર્ય પ્રજા સમક્ષ મૂકયું છે તે ખરેખર પ્રશંસનીય છે. "ગુજરાત" માસિકને નિયમિત રીતે ચલાવવા ઉપરાંત તેણે "ગુજરાતી સાહિત્ય"ના ઇતિહાસ લખવાનું મહાન કાર્ય ઉપાડયું છે. તે કાર્ય ધણુંજ જવાબદારીભર્યું છે. હું ઈચ્છું છું કે આવા શુભ અને મહત્વના કાર્યમાં સંસદને વિજય મળો! આવા ને આવા મેલાવડાઓ પ્રતિવર્ષ ભરાશે તો આપણ વધવાનો ઉત્સાહ મળશે.

રા. વિશ્વનાથ મણિરામ વૈદ્ય

રા. નરસિંહરાવ કરતાં સંસદથી હું અધિક દૂર છું એટલે વધારે સારી રીતે સંસદના ગુણદોષ જોઈ શકું. સંસદની અઠી વર્ષની કારકીર્દિમાં મને તો ધણુંજ સંગીન કાર્ય જણાયું છે અને સંતોષ થયો છે: અને હું આશા રાખું છું કે આ પ્રમાણે ચાલતાં એ ભવિષ્યમાં ઘણું ઉપયોગી કામ કરી બતાવશે.

ભાઈ મુનશીના પ્રણાલિકાવાદના સંબંધમાં જણાવવાનું કે પ્રણાલિકાવાદ ધર્મ અને તત્વજ્ઞાનમાંથી દૂર થઈ શકે એમ નથી. એ કંઈ માલધારી નથી કે હાથીને પગે કચરાઈ જઈ શકે. તે બાહ્ય એવો છે કે જેમજેમ તેને તમે દૂર કરવા જશો તેમતેમ તે તમારી વધારે ને વધારે પાસે આવશે. તેને તિરસ્કારી ને કાઢવા કરતાં પાસે રાખી 'ક્ષીરનીર' ન્યાયે તેમાંથી યોગ્ય લાગે તેટલું ગ્રહણ કરવું એજ વધુ યોગ્ય ગણાશે.

સાહિત્યસંસદમાં વિદ્વાનોનો સમૂહ થયેલો જોય છે તે આનંદની વાત છે. સંસદે હાથોટી "ગુજરાતી સાહિત્ય"ના ઇતિહાસ લખવાની પ્રવૃત્તિ બહુ ભારે છે. તેમાં તેને વિજય મળો એવી મારી ઈચ્છા છે.

રા. નૃસિંહદાસ ભગવાનદાસ વિભાકર

કેટલાકને સંસદના કાર્યમાં અપૂર્ણતા જણાશે, ગુજરાતમાં અપૂર્ણતા વર્તાશે, પણ માનવજીવનમાંજ અપૂર્ણતા છે તો ત્યાં પણ કેમ ન સંભવે? મારે જણાવવું જોઈએ કે, રા. મુનશીના ઉત્સાહને લઈને આપણે બધા આજે જેઓસર્વ કેટલેકના હોદ્દામાં એકત્ર થયા છીએ.

પ્રણાલિકાવાદ વીશે મારે કહેવું જોઈએ કે પ્રણાલિકા ભલે હમ થાય, પરંતુ આપણે આપણા ગાનીન આદર્શો તો જતા ન જ કરવા જોઈએ.

* આ ભાષણ આખું આગળ આપવામાં આવેલું છે.

સભા તા. ઇતિહાસ સંબંધમાં કુ. બલવંતરાય કે. ઠાકોરે અધ્યક્ષના પદ તરીકે બોલવાનું કાર્ય પાર પાડવા તત્પર થવા માટે મુનશીને સહેજ રોકવા આપ્યું તો મેં કહ્યું કે સાહિત્યના ઇતિહાસ માત્ર અસ્તાવનામાંજ પુરા ન થાય

રા. ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા


મારી તબીયતના કારણોથી હું સંમેલનને વધારે ઉપયોગી નથી થઈ શકતો પરંતુ તેની બધી પ્રવૃત્તિઓથી અજાણ્યા નથી બહાર વિદ્વાનોની સૂચનાના જવાબરૂપે મારે હેતુ એ છે કે પ્રસ્તાવનારૂપ પ્રકરણોની પરંપરા હવાની આપણા સાહિત્યમાં નથી તો આપણે પણ થાય તો નાખ્યા તેટલું પુરું બાકી મુનશી તો સ્પષ્ટ બોલી કહે છે કે "અમે આવા છીએ અમારી પાસે અમારામાં સારા માઠા તત્ત્વ આપણું છે આથી વધારે જો તમારાથી થાય તો ઠીક " અમારાથી બનતું અમે કરીએ છીએ"

આ સભા ગુજરાતી સાહિત્યપરિષદ સંબંધમાં મારે જણાવવું જોઈએ કે આપણે મતભેદોને દૂર કરી તેને વધારે મજબૂત, યશસ્વી અને ફલદાયી બનાવવા પ્રયત્ન કરવા એ આપણી ફરજ છે. રા. મનઃસુખરામ ભટ્ટ બોલતા કહ્યું હતું કે તેઓ આજની સાહિત્યપરિષદને કેમ સફળ કરવી તે બાબત વિચાર કરવા અહીં બહોળી સંખ્યામાં ભેગા થયા છે તે સમય આપણે આપણી જવાબદારી સમજી અકત્ર થઈ યોગ્ય પ્રયત્નો કરીએ એજ ઇચ્છવું રહ્યું

રા. ગિરિજાશંકર ભગવાનજી ત્રિવેદી

હું કંઈ અક્ષર નથી પરંતુ મિત્રોએ જે બે અક્ષર બોલવા માટે રા. મુનશીએ આજ્ઞા કરી છે તે તો પાળીશ માટે અન્ય કંઈ કહેવાનું નથી માત્ર અનુરોધ કરીશ કે સાહિત્ય એવા પ્રકારનું કેમ ન કરે કે આજકાલ મુંબાઇના બજારમાં ચલાવવું નવરાત્રિના ગરબા પણ બોલી બોલાવવા શુદ્ધ સાહિત્ય દેવી નીકળે થાય? પ્રેમાનંદની કવિત્વશક્તિ જોઇ ગયા બોલ્યા વગે તેવા પ્રયત્ન જરૂર ગુજરાત કરશે એવી આશા છે

- અંતમાં પધારેલા મહેમાનોનો આભાર માનવા બાદ ચા અને નાસ્તો બાદ સભા વીખરાઇ હતી



સાહિત્યસંસદ

અધિકારીમંડલ અને સભાસદો

પ્રમુખ

રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,
બી. એ., એલ. એલ.બી., એડવોકેટ.
"ગુજરાતનો નાથ" ઇત્યાદિના કર્તા.

મંત્રીઓ

રા. મનહરરામ હરિહરરામ મહેતા, બી. એ.
"વાલ્મીકિરામાયણ–બાલકાંડ" ના કર્તા.

„ મણિલાલ ડાહ્યાભાઇ નાણાવટી,
બી. એ., એલ.એલ. બી., સોલીસીટર.

„ લાભશંકર પ્રભુરામ ભટ્ટ

ઉપમંત્રી

„ વિજયરાય કલ્યાણરાય બી. એ.

સભાસદો

પ્રો. ખુરશાહ તલકશી શાહ, બી. એ, બી. એસ. સી. (લંડન) બારીસ્ટર-એટ-લૉ, મુંબઇ યુનીવર્સીટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર; "દુનીઆ ઝુકતી હૈ", "ઇંડીઅન એડમીનીસ્ટ્રેશન" આદિના કર્તા.

પ્રો. એચ. વ્ય. સો. તારાપોરવાળા, પીએચ. ડી., કલકત્તા યુનીવર્સીટીના સંસ્કૃતના પ્રોફેસર.

મુનિશ્રી વિદ્યાવિજયજી,
"સુરિ ને સમ્રાટ્" ના કર્તા.

રૉ. ઇંદુલાલ કનૈયાલાલ યાજ્ઞિક, "નવજીવન અને સત્ય" તથા "યુગધર્મ" ના ભૂતપૂર્વ તંત્રી અને હાલ પ્રકાશક.

„ મનસુખલાલ આત્મારામ ભારતર બી. એ., એલ.એલ. બી.

શ્રીમાન્ પુરુષોત્તમ મથુરદાસ ગોકુલદાસ, ચિત્રકાર.

રા. ચંદ્રશંકર નગીનશંકર પંડ્યા, બી. એ., એલ.એલ. બી. "રત્નાંકુર" તથા "પાંચ પ્રેમકથાઓ" ના કર્તા.

ગ ૬૮ ભગવાનજી મહાશંકર મુખ (લલિત)
• લલિતના કાર્યો આદિના કર્તા
અને મુંબાઇ ના દ્વિવ મહાવિદ્યાલયના અધ્યાપક

પ્રો છોગાલાલ બાનકુંવર પુરાણી એમ એ બી એસ સી દયાનંદ અંગ્લો વર્નાકયુલર કૉલેજ ના ભૂતપૂર્વ અધ્યાપક અને ભરૂચ કેળવણી મંડલની શાખાના આચાર્ય તથા રાષ્ટ્રીય પાઠશાળા ના કર્તા

પ્રો ચંદ્રશંકર અમૃતલાલ મુખ
એમ એ બી એસ સી
મોટા આસીસ્ટંટ પ્રોફેસર

ગ રાજરત્નભાઇ હરિવાલ પડ્યા બી એ એમ એલ બી, બાર્ટ્સ્ટર એટ લા
, પ્રહ્લાદ ચંદ્રશેખર દીવાનજી, એમ એ એલ એલ બી એમ
, મોહનલાલ હરીચંદ દેસાઇ બી એ એલ એલ બી જૈન કાવ્યદોહન
' જૈન રાસમાળા આદિના કર્તા
, હરિલાલ માણેકલાલ દેસાઇ બી એ
' એક પ્રોજ્યુએટની આત્મકથા
' દક્ષદૈયની રસમય વાતો
આદિના કર્તા

ધનસુખલાલ કુબેરજીલાલ મહેતા એલ એલ બી, ભરુચ અને મિત્રમંડલ ના કર્તા
,, શંકરપ્રસાદ છગનલાલ રાવળ
' રમારામનું જીવનચારિત્ર ના કર્તા
, ગોકુળદાસ દ્વારકાદાસ રાયચુરા
' ગરાસ' ના કર્તા

રા ગોરધનભાઇ ઉમેદભાઇ પંડ્યા ચિત્રકાર
,, બહુભા લાલભા ઉમેદસંડીઆ બી એ
' રસગીતો ના કર્તા
ઈ પ્રસાદ 'તારીફ કર ખુ. (ભરત-દુકાર)
હરિનારાયણ ગિરિધરભાઇ આચાર્ય બી એ
ચમનલાલ ગિરિધરભાઇ ગજ્જાવા
શેઠ પુરુષોત્તમ વિશ્રામ મામજી
સુવર્ણમાળા ના કર્તા
રા ચંદુલાલ મણિલાલ ભાટ (પંચાલ વિનોદ), વિનયા કુમારિકા, "ટહુકાર આદિના કર્તા
સુમતિ ટહુકાર મહેતા એમ બી બુગધમ ના કર્તા
દામોદર વનરામ શાસ્ત્રી વૈષ્ણવ ધર્મ તથા શૈવ ધર્મના ઇતિહાસ ના કર્તા તથા આયુર્વેદ વિજ્ઞાન' ના કર્તા
પ્રો ચંદ્રશંકર ગોવિંદલાલ શાસ્ત્રી એમ એ બી એસ સી
ગજાનન વિષ્ણુનાથ પાઠક
સૈ લીલાવતી બેન
રા અંબાશંકર ભુવાણી (મ ભાવી બોમ્બે અનકવિતાસ તથા અખા ભકતનું જીવન અને કવન' આદિના કર્તા
કેશવલાલ છ ત્રાલાલ દેસાઇ
ભોગીબોય ના સહકર્તા અને ગૃહજીવનની સુંદરતા ના કર્તા
રા મણિલાલ ભટોરભાઇ વ્યાસ
' વિશ્વપ્રપંચ ના પ્રગટ કરનાર
વગેરે

છુટક અંકો વેચવાના છે.

સત્વરે ગ્રાહક થાઓ.

ગુજરાત

થોડાજ અંકો બાકી છે

સરસ સાહિત્ય અને અનનવાં વિવિધરંગી મનોહર ચિત્રોથી "ગુજરાત" ગુજરાતની સેવા કરી રહ્યું છે એ જનસમાજથી અજાણ્યું નથી.

એ "ગુજરાત"ના અત્યાર સુધીમાં બહાર પડેલાં પુસ્તકોમાંથી નીચેના અંકો કીંમતના બાકીના અંકો વેચવાના છે.

પુસ્તક	અંક	માસ	સંવત
૧	૧	ચૈત્ર	૧૯૬૮
,,	૨	વૈશાખ	,,
૨	૧	આશ્વિન	,,
,,	૨	કાર્તિક	૧૯૬૯
૪	૩	માગશીર્ષ	૧૯૮૦
,,	૪	પોષ	,,

આ કીંમતના પહેલા બીજા તથા ચોથા પુસ્તકના બધા અંકો તથા પુસ્તક ત્રીજાનો અને પાંચમાનો આખો સટ તૈયાર છે.

આ અમૂલ્ય લાભ લેવાની ઇચ્છનારાઓએ સત્વર નીચેને સરનામે લખી જણાવવું.

"ગુજરાત" કાર્યાલય.
C/o. સાહિત્ય પ્રેસ,
૬૨, બોરાબાગ લેન,
ગોડાજી સ્ટ્રીટ પાસે, મુંબઈ.

વ્યવસ્થાપક, "ગુજરાત કાર્યાલય"